# એક

"મહાકાળીના મંદિરે.." રિક્ષા ઊભી રહેતાં રુબીએ રિક્ષા ડ્રાઇવરને કહ્યું.

હાજીપરાના બસ સ્ટેન્ડે બસની રાહ જોતી રુબી ઊભી હતી. બસનાં એંધાણ ન દેખાતાં રિક્ષા ઊભી રખાવી. ડ્રાઇવરને સૂચના આપી બેસી ગઇ.

"દૂધેશ્વરવાળા?" ડ્રાઇવરે પૂછયું.

"હા."

રિક્ષા ડ્રાઇવર ઘડીભર એની સામે જોઈ રહ્યો. આસપાસ મુસ્લિમ વિસ્તાર હતો. છોકરી એને મુસ્લિમ લાગી. એક મુસ્લિમ છોકરી મહાકાળીના મંદિરે જઇ રહી હતી અને એણે રિક્ષાનું ભાડું પણ ન પૂછયું. એથી એને આશ્ચર્ય થયું. રિક્ષાવાળાએ એની રોજની ટેવ પ્રમાણે મીટર ઑન કર્યું.

છ વાગ્યે ઘેરથી નીકળી રિક્ષાવાળો ચાર બસ સ્ટેન્ડ અને રસ્તાની બંને બાજુ નજર નાખતો આવી રહ્યો હતો. હાજીપરાના બસસ્ટેન્ડે એને પહેલો મુસાફર મળી જતાં શુભ શરૂઆતના અને સારા દિવસની આશાના આનંદ સાથે રિક્ષા ચાલુ કરી એકિસલેટર પર પગ દબાવી સ્પીડ વધારી.

રિક્ષાની ઝડપથી પણ વધુ ઝડપે એના મનમાં વિચારો દોડી રહ્યા. એક મુસ્લિમ છોકરી અને મહાકાળીનું મંદિર એના મગજમાં કંઇ ઊતરતું નહોતું. ઘડીભર તો પૂછવાનું મન થઇ ગયું, "ખરેખર, દૂધેશ્વરવાળા કાળકામાતાના મંદિરે તમારે જવું છે?"

પણ એવો કોઈ સવાલ કરવાની એણે હિંમત ન કરી. 'પેસેન્જર કહે ત્યાં લઈ જવાની મારી ફરજ છે' એમ વિચારી કંઇ પૂછવું યોગ્ય ન લાગ્યું. અવાર નવાર મિરરમાં ડોકિયું કરી એ છોકરીના હાવભાવ જોઈ લેતો. કોઈ કારણસર છોકરી બહુ અસ્વસ્થ લાગતી હતી. મુખ પર શોકની છાયા છવાયેલી હતી.

'કદાચ ઊંઘમાં હશે.' રાત આખી જાગી હોય એવું એને લાગ્યું.

મહાકાળીના મંદિરે પહોંચતાં એણે રિક્ષા ઊભી રાખી. મીટરમાં જોયું. સોળ રૂપિયા થતા હતા. એ કંઈ બોલે એ પહેલાં પર્સમાંથી વીસની નોટ કાઢી રિક્ષાવાળાને આપી. ચાર રૂપિયા પાછા આપવા રિક્ષાવાળાએ ખિસ્સામાં હાથ નાખ્યો. રિક્ષાવાળો પૈસા કાઢે એ પહેલાં રુબીએ કહ્યું, "કીપ ધ ચેન્જ." એકદમ કંઇ ખ્યાલ આવતાં ગુજરાતીમાં બોલી, "પરચૂરણ રાખી લો."

રિક્ષાવાળાને છોકરીનું વર્તન જરા વિચિત્ર લાગ્યું.

દર્શન કરીને પાછી આવે તો એક ભાડું મળી જાય એ આશાએ કંઈ પણ બોલ્યા વિના મંદિરના દરવાજે એક બાજુ રિક્ષા ઊભી રાખી. રવિવાર હતો પણ હજુ ભક્તોની ખાસ અવરજવર નહોતી. ફૂલ અને નાળિયેરની બેચાર દુકાનો ખૂલી ગઈ હતી. રુબી એક દુકાને ઊભી રહી ગઇ.

"દસનો હાર અને એક નાળિયેર." વીસની નોટ આપી રુબીએ કહ્યું.

દુકાનદારે હરખથી એક સરસ હાર અને બેચાર વાર હલાવી ચકાસીને એક સારું જોઇને પાણીથી ભરપૂર નાળિયેર એક પ્લાસ્ટિકની બેગમાં આપ્યાં. એ બેગ લઇ રુબી ચાલવા માંડી. "બહેન, આ બે રૂપિયા."

"મંદિરમાં નાખી દેજો," રુબી બોલી.

સડસડાટ મંદિરનાં પગથિયાં ચડી મહાકાળીમા સામે ઊભી રહી. બે હાથ જોડી વંદન કરી મનોમન બોલી, "હે મહાકાળીમા, મને તારું રૂપ ધારણ કરવાની શકિત આપવા માટે તારો ખૂબ ખૂબ આભાર. આજે મેં તારું રૂપ ધારણ કરી એક રાક્ષસનો વધ કર્યો. હા, એ મારો બાપ હતો પણ આજે એ બાપ મટી એક રાક્ષસ બન્યો હતો. હું એ સહી ન શકી. એણે ભાન ભૂલી મારી લાજ લૂંટવા પ્રયત્ન કર્યો. એ નશામાં હતો. એણે બહુ પીધેલો હતો. એ ભાનમાં નહોતો. બધી વાત સાચી પણ એણે પોતાની દીકરીની ઇજ્જત લૂંટવાનો પ્રયાસ કર્યો એ જ એનો મોટો ગુનો. માડી, મને તારી યાદ આવી ગઈ અને હું મહાકાળી બની ગઇ. તેં જ મને યોગ્ય સમયે હિંમત આપી. સરિતાએ કહેલી તારી વાત મને યાદ આવી ગઈ. મેં પાપ કર્યું હોય તો મને માફ કરજે, હે દેવી. તું સંસારના સૌની દેવી છે. હું મુસલમાન છું, પણ આ ધરતીનું બાળક છું, તારું પણ બાળક છું. હે દેવી, મારા અપકૃત્ય માટે મને માફ કરજે. મેં ધાર્યું હોત તો એને ધક્કો મારી હું ભાગી છૂટી હોત. પણ જે

પુરુષ પોતાની સગી દીકરી પર બળાત્કાર કરવા તૈયાર થાય એ બીજાને છોડતો હશે? એ વિચાર આવતાં મારે એ નરાધમને જીવતો નહોતો છોડવો. જીવતો રહે તો કાલે કોઈ બીજી છોકરીની લાજ લૂંટવા તૈયાર થાય. એટલે તો તારું રૂપ મારામાં પ્રવેશ્યું અને મેં જે કરવું જોઈતું હતું તે કરી નાખ્યું." બોલતાં બોલતાં એ રડી પડી. એની બંને આંખોમાં આંસુ ઊભરાયાં.

એકાએક કંઈ ભાન થતાં એ સાવધ થઈ ગઈ. પર્સમાંથી નેપકીન કાઢી આંસુ લૂછી નાખ્યાં. મહાકાળીનો પ્રસાદ લઈ મંદિર આસપાસ ચાર ફેરા ફરી એ બહાર આવી. પેલો રિક્ષાવાળો હજુ ઊભો હતો. એની પાસે જઈ બોલી, "તમને કોઈ મુસાફર ભટકાયો લાગતો નથી."

"ના બહેન, આટલી વહેલી સવારે અહીં બહુ ઓછા લોકો આવે છે. બાર વાગ્યા પછી જ અહીં ગિરદી થાય છે. આપને રિક્ષા જોઈએ?"

"હા, ચાલો. સ્ટેશને લઈ લો."

રુબી બેસી ગઈ. બેગમાંથી નાળિયેરનો ટુકડો કાઢી ડ્રાઈવર સામે ધરી પૂછયું, "પ્રસાદ લેશો?"

"હા, બહેન."

પ્રસાદ લઈ કહ્યું, "થેંકસ, બહેન."

"અંગ્રેજી જાણતા લાગો છો."

"એમ.એ. પાસ છું. સાંજે લૉ કરું છું. કયાંય નોકરી ન મળતાં એક શેઠ સાહેબની કૃપાથી બેંકમાંથી લોન લઈ આ રિક્ષા ખરીદી. ઘરડાં માબાપનું મોટું ઋણ છે. પેટે પાટા બાંધી મને ભણાવ્યો. એક અકસ્માતમાં મારા બાપુનો એક પગ કપાઈ ગયો. મગજ પર પણ ઘેરી અસર થઈ કંઈ કામ કરી શકે એમ નથી. એમનું ભરણપોષણ કરવું એ મારી ફરજ બની રહે છે."

"ફરજનો વિચાર કરો છો. બહુ સારા વિચાર છે."

એ ચૂપ થઈ ગઈ. વિચારવા લાગી, 'એક બાપે દીકરાને ભણાવવા જિંદગી ઘસી નાખી. એક બાપ દારૂના નશામાં પોતાની જ દીકરી પર અત્યાચાર કરવા તૈયાર થયો. કુદરતે શું ભાતભાતના માનવો ઘડ્યા છે! કોઈ રાજા, કોઈ રંક. કોઈ સજ્જન, કોઈ દુર્જન..' એની આંખો પાછી ભીની થઈ ગઈ. ડ્રાઈવર મિરરમાંથી એ જોઈ ગયો.

"બહેન. કંઈ યાદ આવી ગયું? તમારાં બાબાપુ છે?"

"મા તો વર્ષો પહેલાં મરી ગઈ હતી. બાપે મને મોટી કરી. શા માટે? એની આજે ખબર પડી. હું જુવાન થાઉ એની રાહ જોઈને એ કદાચ બેઠો હશે! આજે એના પર પ્રેમનો ધોધ વરસાવ્યો."

રુબી શું બોલી ગઈ એનું એને ભાન ન રહ્યું. ડ્રાઈવર એનો શો અર્થ કાઢશે એ કલ્પી ન શકી. એક અજાણી વ્યકિત પાસે દિલ ન ખોલાય એનું ભાન થયું. એ ગભરાઈ ગઈ. કોઈ ખોટો અર્થ તારવી કદાચ એ રિક્ષા પોલીસ ચોકીએ લઈ જશે તો?'

"મજાક સારી કરી જાણો છો," કહેતાં ડ્રાઈવર હસ્યો.

રુબીનો શ્વાસ હેઠો બેઠો. એની વાતને મજાક ગણી એણે હસી કાઢી હતી. એ પણ ખડખડાટ હસી. રિક્ષાવાળો સમજી ગયો કે પેલાં આંસુ પાછળ આ હાસ્ય ખોટું હાસ્ય હતું. કોઈ ભ્રમજાળ એ ઊભી કરી રહી હતી. પણ એના વાર્તાલાપે એનામાં થોડી હિંમત આપી. "એક સવાલ પૂછું, બહેન?"

"પૂછો."

"તમે મુસ્લિમ છો?"

"હા."

"તોપણ મહાકાળીના મંદિરે જાઓ છો?"

"મહાકાળી તમારા એકલાની મા છે?"

"એવું નથી. પણ મુસ્લિમ છોકરીને મહાકાળીના મંદિરે જતી મેં કદી જોઈ નથી. અને તે પણ આટલી વહેલી સવારે."

"મેં મહાકાળી માતાની બાધા રાખી હતી. બી.એ. માં પાસ થાઉ તો..."

"પણ હજુ બી.એ.નું પરિણામ તો આવ્યું નથી."

એ એકદમ સજાગ બની બોલી, "બે મહિના માટે મુંબઈ મામાને ઘેર જાઉ છું એટલે થયું કે મારી બાધા પૂરી કરીને જાઉ.."

"તમે આશાવાદી છો. બી.એ.માં જરૂર પાસ થવાનાં."

"તમે જ્યોતિષી છો?"

"ના, પણ મને ભગવાનમાં બહુ શ્રધ્ધા છે."

"તોપણ તમારા ભગવાને એમ.એ થયા પછી તમારી સામે ન જોયું.

અને આમ રિક્ષા ચલાવવાના દહાડા આવ્યા!”

“આમાં ખોટું શું છે? પૈસા કમાવા કોઈ કામ નાનું નથી કોઈ કામ મોટું નથી. નસીબમાં હશે તો ક્યારેક સારો દિવસ જરૂર આવશે!”

“બહુ આશાવાદી લાગો છો.”

“આવતી કાલે સારો દિવસ ઊગશે એ આશાએ આજનો દિવસ પસાર કરો તો જિંદગી સારી જિવાય.”

રુબીને છોકરો સમજુ લાગ્યો. વખાનો માર્યો રિક્ષા ચલાવતો હતો. બાકી ભાવનાશાળી હતો. એની ફિલોસોફી રુબીને ગમી ગઈ.

“શું નામ તમારું?”

“વિરલ પરીખ.”

“સરસ નામ છે. એટલું જ નહિ, નામ જેવા ગુણ છે.”

“થેંકસ! તમારું નામ?”

“રુબી. જો કે આખું નામ રુબીના વીરાણી છે.”

“તમારી અટક પરથી કોઈ અનુમાન ન કરી શકે કે તમે મુસ્લિમ હશો.”

“કેમ?”

“વીરાણી અટક સૌરાષ્ટ્રના લોકોમાં હોય છે, મુસલમાનમાં હોય છે એની મને ખબર નહિ.”

“આ જમાનામાં અટક પરથી કંઈ અનુમાન ન કરી શકાય. લોટિયા વહોરા જેમ કોઈ વખાના માર્યા મુસલમાની સલ્તનતમાં નોકરી માટે વટલાઈ ગયા હોય એવું બનવા જોગ છે.”

“તમને ઈતિહાસનું સારું જ્ઞાન લાગે છે. બોલચાલ પરથી પણ કોઈ કહી ન શકે કે તમે મુસ્લિમ હશો.”

“હવે એની બહુ ચર્ચા ન કરો. તમે હિંદુ છો અને હું મુસ્લિમ છું. બે કટ્ટા દુશ્મન. સાવધાની રાખવી પડે એવા દિવસો આવી ગયા છે.”

“તમે આટલું ભણ્યા પછી પણ એવું માનો છો?”

“હું તો એવું કંઈ નથી માનતી. મારી બધી બેસ્ટ ફ્રેન્ડ હિંદુ છે. લોકો ખોટા હિંદુ-મુસ્લિમ કહી એકબીજાનાં ગળાં કાપી રહ્યા છે! આ શહેરમાં હવે રહેવા જેવું રહ્યું જ નથી. લોકો ખતરનાક અને કાતિલ બની ગયા છે. પછી હિંદુ હોય

કે મુસલમાન! મને હતું કે મુંબઈ ખતરનાક છે. આ અમદાવાદ પણ પહેલા જેવું રહ્યું નથી. આઝાદી પછી સારા ભાવિની આશાએ મુસ્લિમો આ દેશને પોતાનો દેશ માની અહીં જ રહી ગયા. પણ ભાઈચારાની વાત સદંતર ભુલાઇ ગઇ અને ગાંધીની આ ભૂમિમાં જેટલી બદબો ફેલાથી ગઈ છે એટલી આખી દુનિયામાં કયાંય નહિ હોય."

"એટલે આ લોહિયાળ શહેર છોડી ભાગી જાઓ છો?"

"ના. કાયમ માટે નથી જતી."

એને લાગ્યું કે એ વધુપડતી ચર્ચા કરી રહી હતી.

"તમારી ઉચ્ચ ભાવના મને ગમી ગઈ છે. મુંબઈથી પાછાં ફરો ત્યારે મને જરૂર મળજો. બહુ આનંદ થશે. લો મારું કાર્ડ. રિક્ષાની જરૂર હોય તો પાડોશનો ફોન નંબર એમાં છે. પબ્લિક ફોન પરથી ફોન કરજો. હું આવી પહોંચીશ. જુઓ, તમારું સ્ટેશન આવી ગયું. એક પર્સ સિવાય તમારી પાસે કોઈ સામાન નથી એટલે કંઈ રહી જ્વાનો સવાલ નથી. સામાન હોય કે ન હોય પણ રિક્ષા ચાલુ કરતાં પહેલાં પાછળ ચેક કરવાની મારી ટેવ છે. કયારેક કોઈના ખિસ્સામાંથી કંઈક સરકી પડે એવું પણ બને છે," રિક્ષા ઊભી રાખતાં વિરલે કહ્યું. રુબીએ રિક્ષામાં બેઠાં બેઠાં જ પર્સ ખોલી વીસની નોટ કાઢી.

"લો." કહેતાં એણે વીસની નોટ વિરલને આપી.

"ભાડું માત્ર બાર રૂપિયા જ થાય છે. તમારા પહેલાંના ચાર મારી પાસે જમા છે. ઊભાં રહો, હું તમને બાર પાછા આપું."

"રહેવા દો હવે, ઘેર ઘરડાં માબાપ છે ને!"

"જાતમહેનતથી પ્રામાણિકતાથી જીવવાના કસમ લીધા છે."

"તમે કયાં અપ્રામાણિક બન્યા છો! આ તો હું રાજીખુસીથી તમને આપું છું. કીપ ધ ચેન્જ એન્ડ કીપ ધ સ્પિરિટ, યંગમેન! આવો ધ્યેય રાખશો તો જીવનમાં બહુ ખત્તાં ખાવાં પડશે. આ દુનિયામાં જીવવું પણ મુશ્કેલ થઈ પડશે. ઘરડાં માબાપની વાત તો ઠીક, તમને પણ ખાવાના સાંસા પડશે."

"તમારા જેવા સમજુ અને હમદર્દી લોકો હજુ ઘણા છે. ભગવાન નહિ તો કોઇ ઈન્સાન જરૂર મારી મદદે દોડી આવશે. એકે બાજુનો આરો નહિ હોય તો જીવવું ઝેર બની રહેશે ત્યારે જોયું જશે. તમારી મૂલાકાત કદી નહિ ભુલાય.

આવીને ફોન કરવાનું ન ભૂલતાં. તમારી સાથે વાતો કરવાની જિજ્ઞાસા વધી છે. નારાજ ના કરતાં. ખુદા હાફિજ."

"જય શ્રી કૃષ્ણ. મારું એક કામ કરશો?" કહી એણે બે હાથ જોડ્યા.

"જરૂર."

એક કવરમાં પાંચ હજાર મૂકી એના પર સરનામું કરી કહ્યું, "તમને સમય મળે ત્યારે આટલા પૈસા આ સરનામે પહોંચાડશો? સરિતાના ડેડી પાસેથી મેં ઉછીના લીધેલા. કાલ સમય ન મળતાં હું એને ઘેર જઈ શકી નહોતી. તમારા પર વિશ્વાસ બેઠો છે એટલે તમને આ કામ સોંપું છું."

"તમે નચિંત રહેજો. આજે જ પહોંચતા કરીશ."

"થેંકસ," કહી રુબી ચાલવા લાગી. છોકરાના વિચારો પર એને હસવું આવી ગયું. 'નીતિ, પ્રામાણિકતા, જાતમહેનત. કેવી ફિલોસૉફીભરી વાતો કરતો હતો! એમ.એ. થયા પછી બહુ ખત્તાં ખાધાં લાગે છે. કયાંય નોકરી ન મળતાં હતાશ થયો હશે! બાપે સદાચારના પાઠ ભણાવ્યા હશે એટલે સદાચારની વાતો કરતો લાગે છે.'

ફરી એની સામે જોઈ હસીને પૂંઠ ફેરવી એ સ્ટેશનનાં પગથિયાં ચડવા લાગી. વિરલ એને જતી જોઈ રહ્યો. કંઈક વિચારે ચડી ગયો. રુબી પ્રત્યે એક પ્રકારની ભાવના જાગી. એક અપ્રતિમ છાયા એના દિલમાં જડાઈ ગઈ. રુબીને પણ કોણ જાણે કેમ એને માટે દયા ઊપજી હતી. એણે પાછળ જોયું. હજુએ ત્યાં જ ઊભો હતો. રિક્ષાવાળો એના જ વિચારોમાં ડૂબી ગયો હોય એવું લાગ્યું. સ્ટેશનમાં પ્રવેશતાં એણે હાથ ઊંચો કરી બાય બાય કર્યું. એ પણ હાથ હલાવતો રહ્યો. રુબીએ કયાં જવું એ નિર્ણય હજુ લીધો નહોતો. વિરલને કહી તો દીધું કે એ મામાને ઘેર મુંબઈ જઈ રહી છે. ન કોઈ મામા મુંબઈમાં હતા કે ન કોઈને એ મુંબઈમાં ઓળખતી હતી. સ્ટેશન પર પહોંચી ચારે બાજુ નજર કરી. ચારે બાજુ પેસેન્જરોની ઠઠ જામી હતી. અમદાવાદ સ્ટેશને હંમેશ ગિરદી હોય છે. કઈ ટ્રેઈનનો સમય છે એ જોવા મોટા બુલેટીન બોર્ડની સામે ઊભી રહી ગઈ. એકાદ કલાકમાં જુદીજુદી દિશામાં છ સાત ટ્રેઈન જવાની હતી. કોઈ નિર્ણય લે એ પહેલાં કોઈના શબ્દો કાને પડ્યા.

"અરે રુબી, તું અહીં કયાંથી? કયાં જાય છે?"

એની સામે જોઈ બોલી, “મને જ ખબર નથી કે હું કયાં જઇ રહી છું.”

“તારો મશ્કરો સ્વભાવ ગમે છે. સવારના પહોરમાં જરા સીરિયસ થા.”

“આસુ, હું સીરિયસ છું. સાચે જ મને ખબર નથી કે હું કયાં જઈ રહી છું. તું કયાં જાય છે?”

“મારી મમ્મી બીમાર છે. હું દિલ્હી જાઉં છું.“

“હું તારી સાથે આવી શકું?”

“વ્હાય નોટ? યુ આર મોસ્ટ વેલકમ..” આસુએ કંઈ જ વિચાર્યા વિના કહ્યું. એને લાગ્યું કે રુબી મજાક કરી રહી હતી.

“એક મિનિટ, હું દિલ્હીની ટિકિટ લઈ આવું.” બે ડગલાં ચાલી હશે ત્યાં કંઈ યાદ આવતાં એને પૂછયું, “તેં ટિકિટ લીધી?”

“ના, ચાલ હું તારી સાથે આવું.” ટિકિટ બારી પાસે પુરુષોની લાઇન બહુ લાંબી હતી. સ્ત્રીઓની લાઇનમાં એક બે સ્ત્રીઓ હતી.

“હું તારી ટિકિટ પણ લાવું છું. જસ્ટ વેઇટ, હીઅર.”

આસુ ઊભો રહી ગયો. એને કંઇ સમજાયું નહિ. રુબી કેમ એની સાથે આવવા તૈયાર થઈ? એ કયાં જવા સ્ટેશને આવી હશે? અનો શો પ્લાન હશે?

એને જરા વિચિત્ર લાગ્યું. એની પાસે કોઈ બેગ નહોતી કે કોઈ સામાન નહોતો. કેટલાક સવાલો એના મનમાં ઊપસી આવ્યા.

‘પહેરેલે કપડે જ બહારગામ જવા નીકળી હશે? ઘેરથી ભાગીને આવી હશે? ઘરનાં લોકો સાથે ઝઘડીને આવી હશે?’

આમ તો રુબીને એ સારી રીતે ઓળખતો હતો. એની કૉલેજમાં એની સાથે ભણતી હતી. એક સારી છોકરી તરીકે એની છાપ હતી. કોઈ છોકરાઓ સાથે બહુ ભળતી નહિ. પણ સૌના મિત્ર બની રહેવાનો એનો સ્વભાવ હતો. એનો ખાસ પરિચય તો નાટકમાં સાથે ભાગ લેવાનું બનતાં થયેલો. કૉલેજના નાટકમાં બંનેની પસંદગી મુખ્ય પાત્ર તરીકે થયા પછી બંને એકબીજાની નજીક આવ્યાં હતાં. “ચાંદ સૂરજનાં સતામણાં” એ કૉમેડીમાં એ બે મુખ્ય પાત્રો હતાં. રોજ રિહર્સલમાં બંને મળતાં. પણ બેમાંથી કોઈ નાટક સિવાય બીજી કોઈ લપછપ કરતાં નહિ. ન કોઈ દિવસ એણે રુબીને બીજી કોઈ દૃષ્ટિએ જોઈ હતી કે ન રુબીએ એને બીજી કોઈ દૃષ્ટિએ જોયો હતો.

એક દિવસ રુબીએ જ ચોખવટ કરેલી, "આસુ, તારો મજાનો મિલનસાર સ્વભાવ મને ગમે છે. આપણે કાયમ માટે સારા મિત્રો બની શકીએ?"

"ઓફકોર્સ, જરૂર બની શકીએ."

એ દિવસ પછી આસુ અને રુબી બંને એકબીજાનાં સહૃદયી મિત્રો બની રહ્યાં. બંનેના વિષયો એક હતા એટલે બન્નેના ક્લાસ પણ એક હતા. વળી અવારનવાર લાયબ્રેરીમાં મળી જતાં અને થોડી ભણતરની વાતો કરતાં. પણ એ મુસ્લિમ હતી એનું એને સતત ભાન હતું. જો કે કૉલેજમાં એ એકલી મુસ્લિમ નહોતી. બીજી બેચાર મુસ્લિમ યુવતીઓ હતી. એ બધી મુસ્લિમનું લોહી લઈને ફરતી હતી. હિંદુઓને એ કટ્ટર દુશ્મન માનતી. એકબીજાનો પડછાયો પણ ન ભેગો થાય એટલી હદે એ યુવતીઓ વર્તતી. એ બધામાં રુબી જુદી તરી આવતી, વિચારોમાં જ નહિ, વર્તનમાં પણ.

એક સીધી સાદી રુબીની સાથે આવવાની હિંમત પર આસુ ચોંકી ઊઠ્યો. સ્ટેશન પર એક મિત્ર તરીકે 'હલો' કહેવા બોલાવી અને એણે શું પૂછી નાખ્યું? બે ટિકિટ લઈને આવતી રુબીને માપવા મથી રહ્યો.

આસુને એક ટિકિટ આપતાં એક બાજુ લઇ જઇને એણે પૂછયું, "તારી સાથે આવું એનો તને વાંધો નથી ને?"

"ના.. ના. મને શો વાંધો હોય? તારી કંપની મને ગમશે." આસુમાં એક પ્રકારની હિંમત આવી અને પૂછી નાખ્યું, "તું કેમ દિલ્હી જવા માગે છે? સાચું કહેજે ઘેરથી ભાગીને તો નથી આવી ને?"

"એવું કંઈક છે. ચાન્સ મળતાં હું તને મારી વાત કરીશ. પણ એક વાત કહું? તું મને સહકાર આપીશ?"

"મિત્ર તરીકે મારી ફરજ છે. બોલ, શી વાત છે?"

"કોઈ આફત આવે અને પૂછતાછ થાય તો મારી ઓળખાણ તારી પત્ની તરીકે આપી શ?" આસુ ચોંકી ઊઠ્યો. રુબીની વાત વિચિત્ર લાગી.

'શા માટે એ આવું નાટક કરતી હશે? કંઈ ગુનો કરીને આવી હશે?'

"ગભરાઈશ નહિ. આ તો એક ટેમ્પરરી સૉલ્યુશન છે. તું તો આપણા દેશના લોકોને ઓળખે છે. કોઈ મોવાલીઓ કે મફતિયા પોલીસવાળા કયારેક ખોટા હેરાન કરતા હોય છે! કોઇ મુશ્કેલીમાં ન મુકાઇએ એટલે કયારેક આવું

નાટક કરવું પડે છે. બેફિકર રહેજે, હું તને ફસાવવાની નથી. સાંભળ, કદાચ એવું નાટક ભજવવાની ઘડી ન પણ આવે. આ તો જસ્ટ સાવધાની માટે."

"પણ તું મુસ્લિમ અને હું કલકત્તાનો એક બ્રાહ્મણ. કોઇ આપણી વાત માને ખરું?"

"હું મુસ્લિમ નથી. હું સૌરાષ્ટ્રની ગુજરાતણ છું. વીરાણી અટક ગુજરાતીઓમાં હોય છે. તને બીક લાગતી હોય તો આપણે જુદાજુદા ડબ્બામાં બેસીએ. દિલ્હી સ્ટેશને મને મળજે."

"મને કોઈની કોઈ બીક નથી. તને આપત્તિમાં મદદ કરવામાં મને વાંધો નથી. પણ મારા જેવી સીધીસાદી વ્યકિતને કોઈ જાળમાં ફસાવી ના દેતી."

"ટ્રસ્ટ મી. દિલ્હી ઊતરી હું તને બધી ચોખવટ કરીશ. ચાલ, હવે ટ્રેઇનનો સમય થઈ ગયો છે. ચાર નંબરના પ્લેટફોર્મ પર ટ્રેઇન ઊભી છે. જલદી કર."

રુબી અને આસુ ચાર નંબરના પ્લેટફોર્મ પર પહોંચી એક ડબ્બામાં જગા દેખાતાં બંને એમાં ચડ્યાં. છેક છેલ્લે સામસામેની બે બર્થ ખાલી હતી. બંને બારી પાસે જઈને બેઠાં. "તું રજાઓ ગાળવા જાય છે?"

"ના. રજાઓમાં હૉસ્ટેલમાં રહી એમ.એ.ની તૈયારી કરવી હતી. પણ મમ્મીનો સંદેશો આવતાં જવું પડે એમ છે."

"શું થયું છે મમ્મીને?"

"એને ન્યુમોનિયા થયો હોવાનો ભય છે. ડૉકટર હજુ નિદાન કરી શક્યા નથી. પણ મમ્મી સીરિયસ છે એટલે મમ્મીએ જ મને ખાસ બોલાવ્યો છે. એને બીક છે કે કદાચ માંદગી જીવલેણ બની રહે."

આસુની આંખો ભીની થઈ ગઈ.

"એમ અપસેટ ન થા. એમને કંઇ નહિ થાય. હું એમની સેવા કરીશ."

"તું મારી મમ્મીની સેવા કરીશ?"

"કેમ, તારી મમ્મી એ મારી મમ્મી નહિ?"

આસુને એની વાત કંઈ સમજાઇ નહિ. કેવી વાત કરી રહી હતી? સાચી ભાવનાથી કહેતી હશે કે મનમાં કોઈ દુર્ભાવના હશે? ગમે તે હોય પણ આસુ મનોમન રુબીની ભાવનાને નમી પડ્યો.

"હું તારો ઉપકાર માનીશ." અને નજીક સરકી કહ્યું, "એક વાત કહું?"

"કહે."

"તું ત્યાં પણ કોઈને કહેતી નહિ કે તું મુસ્લિમ છે."

"સમજી ગઈ. ગુજરાતણ છું અને હવે ગુજરાતણ જ રહેવાની છું."

"સરસ." કહેતાં એ હાસ્ય રોકી ન શક્યો.

"કેમ હસે છે?"

"તું નાટક ભજવવામાં હોંશિયાર થઈ ગઈ લાગે છે!"

"તને એ બધું ગમે છે ને? તું જ પ્રેક્ટિકલ થવાની વાત કરતો હતો! દૂર રહીને પણ તારી પાસેથી ઘણું શીખી છું. હવે જરા કૉલેજની વાત કર. બી.એ.માં ફર્સ્ટ ક્લાસ આવશે ને?"

"મહેનત તો કરી છે. આઇ હૉપ સો! તું શી અપેક્ષા રાખે છે?"

"આપણો સેકન્ડ કલાસ સિકયોર છે. ફર્સ્ટ ક્લાસની તો અપેક્ષા નથી. કદાચ આવી જાય તો નવાઈ નહિ."

"પરીક્ષા પૂરી થયા પછી મમ્મીના સમાચાર આવ્યા. મમ્મીની ચિંતાને કારણે થોડો અપસેટ થઈ ગયો છું."

"મમ્મીની ચિંતા છોડી મન મક્કમ કર. એમ.એ.માં ફર્સ્ટ ક્લાસ લાવવા તનતોડ મહેનત કરજે. કેરિયર બદલાઈ જશે."

"એવી ઝંખના છે. અત્યારથી વાંચવાનું શરૂ કરી દીધું છે. લાંબી મુસાફરીમાં સમય ગુજારવા પુસ્તકો લાવ્યો છું. તું એમ.એ. કરવાની છે?"

"ખબર નહિ. પરિણામ પછી જોયું જશે. કદાચ નોકરી શોધવી પડે! ઓકે, તું તારું વાંચ. હું તને ડિસ્ટર્બ નહિ કરું. મને બહારની દુનિયા અને પ્રકૃતિમાં બહુ રસ છે. જો ને કેવી સરસ વનરાજી છે અને શહેરમાં ઢોરોને ખાવા ઘાસના સાંસા પડે છે."

"કુદરતની એ જ ક્રૂરતા છે. આપે છે ત્યાં ઢગલા બંધ બધું આપે છે અને નથી આપતી ત્યાં એક કણ પણ નથી આપતી. આ વિષમ સમતુલા માનવી કયાં સુધી જીરવી શકશે?"

"ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે ત્યાં સુધી."

"સાચી વાત કહી. તારો જઠરાગ્નિ કંઈ કહે છે?"

આસુ એનો કહેવાનો મર્મ સમજી ગયો.

"હા, આબુ અર્ધા કલાકનો હૉલ્ટ છે. ત્યાં કંઈક જમી લઈશું."

"ટ્રેઇનમાં ડાઇનિંગ કોચ છે. બે પ્લેટ અહીં જ મંગાવી લઇએ તો?"

"ગુડ આઇડિયા."

"કંટાળી ગયો હોય તો જો કુદરતની લીલા. ઘઉ પાકી ગયા છે. ખેતરો કેવાં લચી રહ્યાં છે?"

"માનવી વનસ્પતિ જેટલો પણ નમી શકતો નથી. કદાચ એનો અહમ એને રોકતો હશે."

"માનવીમાં માનવતા જ નથી રહી પછી નમવાની વાત કયાંથી આવે? માનવી ઘાતકી, દગાબાજ, નિષ્ઠુર, ચોર, નશાનો ભોગી, નિર્દય, આતંકવાદી બની ગયો છે. સારાનરસાનો ભેદ સદંતર ભૂલી ગયો છે."

"પોતાના સ્વાર્થ ખાતર ખરું શું ને ખોટું શું એનો ભેદ પારખવાની એની શકિત હણાઇ ગઇ છે."

"માનવી નરાધમ બને ત્યારે એને કંઈ જ ભાન રહેતું નથી."

આસુ એની સામે તાકી રહ્યો હતો. રુબીને એનો નરાધમ બાપ યાદ આવ્યો. 'આસુને એની વાત કહેવી?' એ સવાલે એને ગંભીર બનાવી દીધી.

'એને કહેવામાં કશો જ વાંધો નથી.એના પર વિશ્વાસ મૂકવો જોઈએ. એણે મારા પર બહુ વિશ્વાસ મૂકયો છે.'

એ હૈયું ખોલી બોલી, "આસુ, મારી સામે શું તાકી રહ્યો છે? હું તો તને સારી રીતે ઓળખું છું એટલે હું તારામાં વિશ્વાસ મૂકી શકું. પણ તું મને પૂરી ઓળખ્યા વિના મારામાં જે વિશ્વાસ મૂકી રહ્યો છે એનો મને આનંદ છે. આસુ, લોકો ભલે તને વેદિયો કહે. પણ હું તને સારી રીતે ઓળખું છું. તું મોસ્ટ પ્રેકિટકલ યંગમેન છે."

"રુબી , તું મને સારી રીતે ઓળખે છે?"

"હા, કૉલેજમાં તેં ઘણી વાર મારી પાસે દિલ ખોલ્યું હતું એ બધી વાતો હું કદી ભૂલી શકું એમ નથી."

"રુબી, મેં તારા સિવાય કદી કોઈ પાસે દિલ ખોલ્યું નથી. આઈ લાઇક યુ ઍઝ અ ફ્રેન્ડ!" કહેતાં આસુ એના મુખ પરના ભાવ માપી રહ્યો.

* * *

# બે

શરૂશરૂમાં આસુની છાપ કૉલેજમાં એક વેદ્દિયા તરીકે હતી. સૌ કોઈ એને પુસ્તકનો કીડો કહેતા. રુબીને પહેલાં એનો પરિચય નહોતો એટલે એ એના વિષે કંઇ રિમાર્ક કરી શકે એમ નહોતી. નાટકમાં સાથે કામ કરવાની તક મળતાં એનો પરિચય થયો ત્યારે શરૂશરૂમાં એને પણ એવું લાગતું. પરિચય વધતાં એ છાપ બદલાતી રહી.

'ચાંદ સૂરજનાં સતામણાં' નાટક બંનેને નજીક લાવ્યું હતું.

કૉલેજે એક ચેરીટી શો માટે તૈયાર કરેલું એ નાટક ભજવાઈ ગયું. ટાઉન હૉલમાં પ્રેક્ષકગણે તાલીઓના ગડગડાટથી વધાવી લીધું. વર્તમાનપત્રોએ વર્ષના શ્રેષ્ઠ નાટક તરીકે એની બહુ પ્રશંસા કરી. શહેરના લોકોની જિજ્ઞાસા એ નાટક જોવા વધી ગઈ. આચાર્ય રસિકભાઇ મહેતા ખુશ થઈ ગયા. એમણે નાટકના કન્વીનર અને સૌ પાત્રોને બોર્ડરૂમમાં બોલાવી સૌને અભિનંદન આપી વિનંતી કરી, "તમે સૌ સહમત થાઓ તો આપણે આ નાટકના બીજા ચાર શો ટાઉન હૉલમાં રાખીએ. કૉલેજને એથી ચાર લાખ મળે એવી શક્યતા છે. હું તમને સૌને વિનંતી કરું છું. દબાણ નહિ. ચારે નાટકમાં ભાગ લેનારને બે ટર્મની ફી માફ. શ્રેષ્ઠ ત્રણ પાત્રોને પાંચ પાંચ હજારનું ઈનામ."

સૌ પાત્રો એકબીજાની સામે જોઈ રહ્યા. બધાના વદન પર આનંદની લહર જોઇ આસુએ સૌ વતી કહ્યું, "કૉલેજને આટલો બધો ફાયદો થતો હોય તો અમે તૈયાર છીએ."

આચાર્ય ખુશ થઈ ગયા. એમણે સૌની સામે ઊડતી નજર નાખી સવાલ કર્યો, "આસુની વાત સાથે સૌ સંમત છે?"

"હા." બધાએ સૂર પૂરાવ્યો.

"સર, સૌના ક્લાસ પડશે એનું શું?" રુબીએ સૌ વતી સવાલ કર્યો.

"ગુડ કવેશ્ચન! સાત દિવસના દરેક પીરિયડની નોંધ તૈયાર કરાવી દરેક પાત્રને એ મળે એવી વ્યવસ્થા હું કરાવીશ,"

તાળીઓથી સૌએ આચાર્યની વાત વધાવી લીધી. સાત દિવસ પછી નાટકના ચાર શોની જાહેરાત થઇ. બોર્ડરૂમમાંથી બહાર આવતાં આસુએ રુબીને કહ્યું, "તેં સારો સવાલ કર્યો."

" મને ખબર છે ભણતરને ભોગે તું કશું કરે નહિ, " રુબીએ કહ્યું.

"ઓહ, તો તેં મારો વિચાર કરી એ સવાલ કરેલો?"

"તારો એકલાનો નહિ. બધાનો. અહીં ભણવા આવીએ છીએ, નાટકો કરવા નહિ. તું જ કહે અહીં શા માટે આવીએ છીએ?"

"તારી વાત તો સાચી છે. દિલ્હીથી અહીં ભણવા, સારી કેરિયર બનાવવા આવ્યો છું."

"દિલ્હીથી અહીં કેમ આવ્યો? એ વાત મેં તને એક બે વાર પૂછી છે અને હંમેશ તેં એ વાત ટાળી છે. આજ તું મારા એ સવાલનો જ્વાબ આપીશ?"

"ચાલ કેન્ટિનમાં બેસીએ. કોફી પીશું અને મારું હૈયું ખોલીશ. એમાં કદાચ તારા સવાલનો જ્વાબ મળી જશે."

રુબી એની સાથે કેન્ટિનમાં ગઇ. કેન્ટિનમાં બેચાર ટેબલ પર કોઈને કોઈ હતું. પણ ઘણા બધા ટેબલ ખાલી હતાં. બે કોફી લઈને બંને છેવાડાનું એક ટેબલ પસંદ કરી બેઠાં. કોફીના ઘૂંટડા સાથે આસુએ નાટ્યાત્મક રીતે જે વાતો કરી એમાંથી રુબીને આસુની ઘણી બધી માહિતી મળતી રહી.

**

આસુના પિતાજી હરિવંશ ચેટરજી દિલ્હીમાં ગાંધી વિધાલયમાં બંગાળીના શિક્ષક હતા. પ્રેમાળ અને આદર્શ શિક્ષક તરીકે એમની નામના સારી હતી. શાંતિનિકેતનમાં ભણેલા હોઇ ટાગોરના અનુયાયી બની રહેવા પ્રયત્ન કરતા હતા. દસ વર્ષની નોકરી પૂરી થતાં એમને એમનાં સપનાં સાકાર કરે એવો જૂનો મિત્ર મળી ગયો. એ વર્ષે એક નવા આચાર્ય એમની શાળામાં આવ્યા. ગુજરાતના જાણીતા કેળવણીકાર મનુભાઈ દેસાઈને જોઈ એમનું હૈયું નાચી ઊઠ્યું. બંનેએ શાંતિનિકેતનમાં સાથે શિક્ષણ લીધું હતું. જૂના મિત્ર મનુભાઈ દેસાઈને જોઇ એ ખુશ થઇ ગયા.

"હરિવંશ, આપણે આ શાળાને એક શ્રેષ્ઠ શિક્ષણસંસ્થા બનાવીશું." મનુભાઈએ અમનો આનંદ પ્રગટ કરતાં કહ્યું.

"મારો તમને એમાં પૂરો સહકાર હશે!" હરિવંશે વચન આપ્યું.

દસ વર્ષમાં એ જુગલ જોડીએ ગાંધી વિદ્યાલયને દિલ્હીની જ નહિ, સારા દેશની આદર્શ સ્કૂલ બનાવી. સરકારે મનુભાઈના કામની કદર કરી રાષ્ટ્રના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ આપ્યો. મનુભાઈએ એવોર્ડના અર્ધા ભાગીદાર તરીકે મિત્ર હરિવંશને જાહેરમાં નવાજ્યા. એક મિત્રની લાગણી અને ભાવનાથી તરબોળ થતાં હરિવંશના આનંદની સીમા ન રહી. એ પછી બંનેની મૈત્રી વધુ ગાઢ બની. એક બીજાને ત્યાં અવરજવર વધી ગઈ. એકબીજાના ઘેર ઘણીવાર જમવા જતા અને પરસ્પરના કુટુંબની ચર્ચા કરતા.

એક દિવસ હરિવંશને ઘેર જમ્યા પછી ચર્ચાનો વિષય આસુ બન્યો.

મનુભાઈ આસુની પ્રગતિથી પૂરા વાકેફ હતા. એ આચાર્ય હતા પણ દરેક વિદ્યાર્થીની પ્રગતિની પૂરી માહિતી રાખતા. કોઈ વિદ્યાર્થી ભણવામાં ધ્યાન ન આપે કે ખોટી લતે ચઢી જાય તો ઑફિસમાં બોલાવી શાંતિથી એને સમજાવતા અને સારા માર્ગે વાળવા પ્રયત્ન કરતા. ટાગોરની પધ્ધતિ એમણે અપનાવી હતી. એમનાં પત્ની વસુબહેન ઉપાચાર્ય હતાં. આ દંપતિએ શિક્ષણને જીવન સમર્પી દીધું હતું. પતિને એમની ધગસમાં પ્રોત્સાહન આપતાં અને સફળતાનો જસ પતિને આપતાં. કદી કોઈ મોટાઈ નહિ, કદી અભિમાન નહિ, કદી ઊંચા સાદે બોલવાનું નહિ. ઘરમાં કે સ્કૂલમાં બસ નમ્ર અને વિનયી રહી સાદાઈમાં પતિની છાયામાં પોતાની છાયા સમાવી દેવામાં ધન્યતા અનુભવતાં. હરિવંશને ઍવોર્ડના અર્ધા અધિકારી તરીકે નવાજવાનું સૂચન એમનું હતું. પણ બધાને એમ જ કહેતાં કે 'આ તો મનુભાઈનું સૂચન છે.' એમ કહી એમની મોટાઈની વાતો કરતાં થાકતાં નહિ. એમના સૂરમાં હંમેશ સૂર પૂરાવતાં. આસુ વિષે મનુભાઈને ઘણી વાતો કરી એમણે જ એની હોંશિયારીથી વાકેફ કર્યા હતા. "આસુ, મેટ્રિક પછી શો પ્લાન છે?"

"ગુરુદેવ, હજુ એક વર્ષ પછીનો સવાલ છે. વિચારીશું." આસુએ કહ્યું. આસુ મનુભાઈને ગુરુદેવ કહીને સંબોધતો.

"પણ કાંઈ વિચાર્યું હોય તો સારું."

"ડેડીની જેમ મારે પણ શિક્ષણનું ક્ષેત્ર લેવું છે."

"સરસ, કયો વિષય તને ગમે છે?"

"મારે કૉલેજમાંગુજરાતીના અધ્યાપક થવું છે."

"વસુબહેનને એ ગમશે. ગુજરાતી એમનો વિષય છે."

"હા, ગુજરાતીમાં એ બહુ હોંશિયાર છે. બંગાળીમાં પણ પાવરધો છે."

"ગુજરાતીમાં પાવરધો થાઉ તો બે ભાષાનો નિષ્ણાત બનું ને?" આસુએ કહ્યું.

"આઈડિયા સારો છે." હરિવંશે કહ્યું.

"તો એને અમદાવાદની કૉલેજમાં બી.એ., એમ.એ. કરવા મોકલીએ તો?" મનુભાઈએ કહ્યું.

" એની મરજી," હરિવંશે સંમતિ દર્શાવી.

"મને અમદાવાદનો ખ્યાલ નથી. તમને એનો વધારે ખ્યાલ છે."

"તારી ઈચ્છા હોય તો અમે કૉલેજ, હૉસ્ટેલની બધી વ્યવસ્થા કરીશું."

"થેંક્સ, ગુરુદેવ!"

"મેટ્રિકની પરીક્ષા આપ્યા પછી અમે વ્યવસ્થા કરીશું. તમે બંને ચિંતા ના કરતાં."

"તમે કેમ કંઈ બોલતાં નથી, તરુબહેન?"

"તમે એને અમારાથી જુદો પાડવાની વાત કરો છો એટલે મન જરા અસ્વસ્થ બની ગયું."

"અરે પગલી, લોકો દીકરાને ભણવા છેક અમેરિકા સુધી મોકલે છે. ગુજરાત તો કયાં દૂર છે?" હરિવંશે કહ્યું.

"અમે ગુજરાત છોડીને અહીં ન આવ્યાં?" વસુબહેન કહ્યું.

"ચારપાંચ વર્ષનો તો સવાલ છે! મારો દીકરો પ્રોફેસર થાય એ મને ગમે, " હરિવંશે આનંદ વ્યકત કરતાં કહ્યું.

એ દિવસે આસુના ભાવિનો નિર્ણય લેવાઇ ગયો. પણ મનુષ્ય ધારે છે કંઈ, કુદરત કરે છે કંઈ. ચર્ચાના એક મહિના પછી એક કરુણ ઘટના બની ગઈ.

હરિવંશ બસમાંથી ઊતરી સ્કૂલમાં જવા રોડ ક્રૉસ કરી રહ્યા હતા. એકાએક એક સ્કૂટરવાળો ફુલ સ્પીડમાં એમને ટક્કર મારી ભાગી ગયો.

તમ્મર ખાઈને એ નીચે પડ્યા. માથામાં ભયંકર ઈજા થઈ. તરત જ હૉસ્પિટલમાં દાખલ કર્યા. લોહી બહુ વહી ગયું હતું. એ ચાર દિવસ કૉમામાં રહ્યા. ભાનમાં આવ્યા નહિ. સૌને રડતા મૂકી એમણે સૌની વિદાય લીધી. આસુ અને તરુ પર જાણે પહાડ તૂટી પડ્યો. મનુભાઈ અને વસુબેન ખૂબ રડ્યાં. વિધિની વિચિત્રતા કોણ પામી શક્યું છે?

મનુભાઈ અને વસુબહેને આસુ અને તરુબહેનને આશ્વાસન આપી ધીરજથી પરિસ્થિતિને સમજવા સલાહ આપી. "અમે છીએ. તમારો આસુ અમારો આસુ છે. તમારી અને આસુની પૂરી જવાબદારી હવે અમારી છે."

વસુબહેનના ખોળામાં માથું મૂકી તરુબહેન રડતાં રહ્યાં.

"ઊભો થા. આંસુ લૂછી નાખ, આસુ. તરુબેનને હિંમત આપ અને સમજાવ. એમને જરા ધીરજ આપ," મનુભાઈએ આસુને સ્વસ્થ કર્યો.

આસુની બધી જવાબદારી એ બંનેએ ઉપાડી લીધી. સૌને બીક હતી કે પિતાના આઘાતને કારણે આસુ સારા માર્ક નહિ લાવે. પણ સૌના આશ્ચર્ય વચ્ચે એ બોર્ડમાં પહેલો નહિ પણ પાંચમા નંબરે પાસ થયો. ગુરુદેવે અમદાવાદની કૉલેજમાં અને હૉસ્ટેલમાં ઍડ્મિશનની વ્યવસ્થા કરી દીધી.

પિતાની ઓથ ગુમાવી પણ જિંદગીનો ક્રમ કોઈ બદલી શકતું નથી એ વસુબહેનનો મંત્ર જીવનમાં ઉતારી એણે ત્રણ વર્ષ કાઢી નાખ્યાં. વર્ષમાં બેત્રણ વાર દિલ્હી જતો. દિલ્હી જાય ત્યારે સૌને અમદાવાદની વાતો કરી મજાક કરતો. દીકરાની પ્રગતિ અને વસુબહેનના વાત્સલ્યથી મા ખુશ રહેતી.

* *

શાંત ચિત્તે સાભળી રહેલી રુબી બોલી, "આ તારી કહાણી છે. આસુ, જીવન પુષ્પોની સૂંવાળી પથારી નથી. જીવન કયારેક કેવા પલટા લે છે!"

"હા, રુબી. જ્યારે ડેડીના સાથની જરૂર હતી ત્યારે એમનો સથવારો ગુમાવ્યો. કેવી કમનસીબી! જીવનની પણ કેવી તાસીર છે. ગુરુદેવ અને વસુબહેનની પ્રેરણાએ જ જીવન જીવવાની શકિત આપી છે. અમદાવાદ આવવાનું કારણ હવે તને સમજાયું ને?"

"હા, આસુ. જીવન સામે ઝઝુમવાની તારી હિંમત દાદ માગી લે એવી છે. પણ અભ્યાસનો કીડો નાટકમાં ભાગ લેવા કેમ પ્રેરાયો?"

"ગુરુદેવે જ મને સલાહ આપેલી. જીવનમાં માત્ર ભણતરની જ જરૂર નથી. ઇતર પ્રવૃત્તિઓનો જીવનઘડતરમાં મોટો ફાળો છે. મનપસંદ બધી જ પ્રવૃત્તિઓમાં રસ લેવો જોઇએ. આધુનિક દુનિયામાં માનવી એક જ ક્ષેત્રે પારંગત કે નિષ્ણાત બને એટલું જ જરૂરી નથી. ખપપૂરતું બધાં ક્ષેત્રોનું જ્ઞાન મેળવવું જરૂરી છે. આ બધા વિચારો મારા મનમાં રેડ્યા. જીવન એક વિશાળ રંગભૂમિ છે. એમાં રંગલો નહિ પણ પ્રેક્ટિકલ મેન બનવાની બહુ જરૂર છે. ત્યારથી મારું મન ઇતર પ્રવૃત્તિ તરફ દોરાયું. વૉલીબૉલ, ટેનિસમાં તો હું પાવરધો બન્યો. પછી થયું કે 'નાટકમાં રસ લઉં તો?' અને પ્રો. મિસ્ત્રીસાહેબે પ્રેરણા આપી. હીઅર વી આર."

"તું છૂપો રુસ્તમ નીકળશે એની તો પ્રો. મિસ્ત્રીસાહેબે કલ્પના પણ નહિ કરી હોય!"

"રુબી, તું પણ કંઈ કમ નથી. જેટલી રૂપાળી છે એટલી જ ગુણવાન છે. તારા પર ભલભલા મોહી પડે એવી તારી મોહક કાયા છે. તારી નમણી આંખો, તારી મધુરી ચાલ, એ બધામાં તારી આગવી પ્રતિભા છે."

"બસ બસ, પાછો કવિ બની જઈશ."

"કવિ બનીશ તો તારા રૂપને ગુજરાતી કવિતા-ગઝલોમાં ગૂંથી લઈશ."

"મને કવિઓ નથી ગમતા."

"કેમ?"

"સાચું કહું? કવિઓ ઘેલા જ નહિ, પણ પાગલ હોય છે. પાગલ લોકો મને નથી ગમતા. પાગલોને સંભાળવાનું કામ અઘરું છે."

"છોડ એ બધી વાતો. તું કહે તારો શો ગોલ છે?"

"કોઈ ગોલ નક્કી નથી કર્યો. પણ સમાજમાં ચારે બાજુ દુષ્ટ લોકો વધી ગયા છે એમને પાઠ ભણાવવાની કોઈ નોકરી મળે તો મને ગમે."

"પોલીસ બને તો તું એ ધ્યેય હાંસલ કરી શકે."

"તારી સલાહ માટે આભાર. મારે એ વિષે વિચારવું પડશે."

"તું જે ક્ષેત્રે જઈશ એમાં સફળ થઈશ. તારામાં સમજ અને ધીરજ છે."

"કેવી રીતે ખબર પડી?"

"આટલી ધીરજથી મારી વાત સાંભળી એથી અનુમાન કરી શકું છું."

"ચાલ, હવે રિહર્સલનો ટાઇમ થઇ ગયો છે."

"મારી વાત તો જાણી લીધી પણ કોઈક દિવસ તારું હૈયું મારી પાસે ખોલવું પડશે," ઊભા થતાં આસુએ કહ્યું.

"સમય આવે એ પણ બનશે. ચાલ, હવે રિહર્સલનું મોડું થશે!"

બન્ને રિહર્સલ માટે ગયાં. મન મૂકી બધાં રિહર્સલ કરતાં રહ્યાં.

નાટક હિટ ગયું. ચાર ચાર શો હાઉસ ફુલ રહ્યા. પહેલું ઇનામ રુબીને, બીજુંઆસુને અને ત્રીજું દાદીમાનું પાત્ર ભજવનાર સુશીલા દાંડેકરને આપતાં આચાર્યે ગુણગાન ગાતાં કહ્યું, "મને ખૂબ આનંદ છે કે ત્રણ વિજેતાઓ ત્રણ જુદાજુદા રાજ્યના છે. ગુજરાત, બંગાળ અને મહારાષ્ટ્રનો કેવો સરસ સુમેળ સધાયો છે. લેટ અસ ગિવ ધેમ બિગ હેન્ડ."

સૌએ તાળીઓના ગડગડાટથી કલાકારોને વધાવી લીધાં. કૉલેજમાં સૌને હતું કે આસુ અને રુબીની જોડી હવે નવો વળાંક લેશે. પણ એવું કંઈ ન બન્યું. સૌની ધારણા ખોટી પડી. નાટક પછી એ બંને એકબીજા સાથે વધુ ભળવાને બદલે ખપ પૂરતી જ વાત કરતાં અને છૂટાં પડી જતાં.

એક દિવસ આસુએ રુબીને પૂછ્યું, "આજકાલ તું બહુ અતડી રહે છે, રુબી. વાત શી છે?"

"મારે તને તારા અભ્યાસમાં ડિસ્ટર્બ નથી કરવો. તું તારા ધ્યેયમાં સફળ થાય એ જરૂરી છે. કીપ ધ સ્પિરિટ."

"તો એમ વાત છે! બીગ થેંક્યુ ટુ માય વેલવિશર."

આસુને એક મિત્ર તરીકે રુબી ગમવા લાગી હતી. જો કે એ એક મુસ્લિમ છોકરી હતી એ હકીકત એના મનને સતત ખટકતી હતી. બહુ ભળવાથી ભૂલેચૂકે દિલ લાગી જતાં વાત આગળ વધે અને કોઈ પગલું ભરવાની હિંમત ન રહે તો એક નહિ બે જીવ દુઃખી થવાની એને સતત ભીતિ હતી.

રુબી હોંશિયાર હતી. એ પણ હકીકતથી વાકેફ હતી. એણે જો કે કદી આસુ વિષે એવું કંઈ વિચાર્યું નહોતું. એને એક મિત્ર બનાવવા ઝંખતી હતી. એના ગોલ વિષે જાણ્યા પછી એને ડિસ્ટર્બ કરવા માગતી નહોતી. બીજાનો વિચાર કરવાનું એના સ્વભાવમાં હતું.

પરીક્ષાઓ ચાલતી હતી એ અરસામાં એક દિવસ એણે પૂછેલું, "પરીક્ષા

પછી દિલ્હી જવાનો છે? દિલ્હી જાય એ પહેલાં એક દિવસ મળજે.”

“આ વેકેશનમાં દિલ્હી જવાનો નથી. એમ.એ. માટે અગાઉથી થોડી તૈયારી કરવાનો વિચાર છે.”

“સરસ, તો મળવાની કોઈ ઉતાવળ નથી. આઇ વિશ યુ બેસ્ટ લક.”

“બેસ્ટ લક ટુ યુ ઑલસો.”

પણ એ પછી એકબીજાને મળવાનો કોઈ અવસર ન આવ્યો.

**

ઘણા દિવસ પછી બંનેનું અચાનક સ્ટેશન પર ભેગા થઈ જવું, રુબીનું ખાલી હાથે બહારગામ જવું, સાથે આવવા તૈયાર થઈ જવું, નાટક ખેલવાની વાત કરવી આ બધાએ આસુના મનમાં ઘણા સવાલો ઊભા કર્યા.

‘મમ્મીની સેવા કરવા કેમ તૈયાર થઈ હશે?’

‘એનો કોઇ ખરાબ આશય હશે?’

‘મમ્મીની સારવારની પ્રેમાળ વાતો કેમ કરતી હશે!’

‘મારી નજીક આવવા માગતી હશે?’

ઘણા બધા સવાલોની મૂંઝવણ સામે બીજું મન કંઈક જુદું જ કહેતું.

‘ના, ના... એવી કોઈ શક્યતા જ નથી. રુબી એવી છોકરી નથી. એને કયાં ખબર હતી કે તું આજ દિલ્હી જવાનો છો! આ તો આકસ્મિક મૂલાકાત થઈ ગઈ હતી. એવી કોઈ કલ્પના પણ તારે ના કરવી જોઈએ.’

‘મુશ્કેલીમાં સાથે ઊભો રહે એ જ સાચો મિત્ર!’

વિચારો છોડી એણે એની આંખો રુબી પર સ્થિર કરી. એ કોઇ ગભરુ બાળા જેમ નિર્દોષ લાગતી હતી જુદી જાતના સવાલો એને મૂંઝવી રહ્યા.

‘રુબીને મારે ઘેર લઈ જાઉ છું એ સારું કરી રહ્યો છું?’

‘માને એની કેવી ઓળખાણ આપીશ?’

‘મા એને આવકારશે?’

‘અમદાવાદ કાયમ માટે છોડી દેશે?’

‘અમારા કુટુંબમાં ભળી જશે?’

‘ગુરુદેવ અને વસુબહેનને શું કહીશ?’

‘આડોશીપાડોશી શી વાતો કરશે?’

હાથમાં પુસ્તક હતું. કલાકથી એક પણ પાનું આગળ ફર્યું નહોતું. એ જોઈ રુબીએ એને ધ્યાનભંગ કર્યો. “શા વિચારે ચડી ગયો છે, આસુ?”

મનની વાત છુપાવી જુદો જ સવાલ કર્યો, “રુબી, તને મારે ઘેર ફાવશે?”

“સાચું કહેજે, તારી મૂંઝવણ શી છે? તને કોઈ બીજી બીક છે?”

“ના. ના. મારે ઘેર આવે અને મારી મમ્મીની તું સેવા કરે એ મને અને મારી મમ્મીને ગમશે. પણ હું તને પૂછું છું કે તને મારે ઘેર ફાવશે?”

“ન કેમ ફાવે? હું કંઈ મોટા મહેલમાં નથી ઊછરી. એક માનો પ્રેમ મળશે એથી વિશેષ શું જોઈએ? વળી હું કયાં તારે ઘેર કાયમ માટે રહેવાની છું? મમ્મીને સારું થશે એટલે હું મારે માર્ગે ચાલી જઈશ.”

“કેમ? તું કૉલેજમાં પાછી નથી આવવાની? એમ. એ. નથી કરવાની?”

“મને જ મારા પ્લાનની ખબર નથી તો પછી તને શો જ્વાબ આપું? મારો પ્લાન નક્કી થશે પછી યુ વિલ બી ધ ફર્સ્ટ મેન ટુ નો. ટ્રસ્ટ મી. મને લાગે છે કે આબુ આવતું લાગે છે. લંચ માટે જરા તપાસ કર.”

આસુ સમજી ગયો કે રુબીએ એની વાત ઉડાવી દીધી હતી.

“અરે હા, ભૂખ તો લાગી છે. આબુ જ આવ્યું છે.”

ટ્રેઇન ઊભી રહેતાં એ પ્લેટફૉર્મ પર ઊતરી ડાઈનિંગ કોચની તપાસમાં ગયો. બે પ્લેટનો ઑર્ડર આપી આવી ગયો.

“ટ્રેઇન ઊપડે એ પહેલાં બે પ્લેટ અહીં આવી જશે. હું પાણીની બે બૉટલ લઈ આવું.”

આસુ સામેના સ્ટૉલ પરથી બે બૉટલ લઈને આવ્યો. એની પાછળ જ બે પ્લેટ લઈને વેઇટર આવ્યો.

“સ્મેલ્સ ગુડ.” પ્લેટ લેતાં રુબીએ કહ્યું. ટ્રેઇન ઊપડતાં લંચ શરૂ કર્યું.

“સ્મેલ્સ ગુડ એન્ડ ટેસ્ટસ ઑલસો ગુડ.” આસુએ ટાપસી પૂરી.

“તેલ મસાલા નાખી સ્વાદિષ્ટ બનાવે. પણ ઘર જેવું પૌષ્ટિક નહિ.”

“ઘરના અને બહારના ખાણામાં આસમાન જમીનનો ફેર હોય છે. મારી મા રસોઈમાં પારંગત છે. એ સારી થઈ જાય પછી તને એ એના હાથની રસોઇ જમાડશે. અતિથિ એને ગમે છે. આગ્રહ કરીને જમાડવાની ટેવ છે.”

“ઘણા વર્ષે માના હાથની રસોઈ જમી હું ધન્ય થઈ જઈશ.”

"ત્રણ વર્ષથી હું તો બહારનું ખાવા ટેવાઈ ગયો છું. તને રસોઈ કરતાં આવડે છે?"

"મા ગુજરી ગઈ એ પછી એક બહેન રસોઈ અને ઘરકામ કરતાં. એ ઘણું બધું કામ મારી પાસે કરાવતાં. એ ઇચ્છતાં કે હું ઘરકામમાં હોંશિયાર થાઉ. મને પણ ઘરકામનો આનંદ હતો. એથી હું બધાં કામોમાં હોંશિયાર થઈ ગઈ છું."

"મા વિનાની જિંદગી એટલે ઓશિયાળું જીવન. કોઈની મા ન મરશો. મને મારી મા માટે બહુ પ્રેમ અને લાગણી છે."

"મા માટે કોને પ્રેમ અને લાગણી ન હોય?"

"હા, એટલે જ હું એને એકલી મૂકી અમદાવાદ આવવા નહોતો માગતો. મા પણ મને એનાથી અળગો કરવા નહોતી માગતી. ગુરુદેવ અને વસુબહેનનો આગ્રહ છે કે હું મારો ગોલ પૂરો કરું. "

"મનુભાઈ હજુ આચાર્ય તરીકે કામ કરે છે?"

"ના, ગયા વર્ષે રિટાયર્ડ થઈ ગયા. પણ સંચાલન મંડળમાં છે. આ વર્ષે એ લોકોએ એક કૉલેજ શરૂ કરી છે. હું સારા માર્કે પાસ થાઉ તો જૉબની ચિંતા નથી. એ લોકો દિલ્હીની કૉલેજમાં ગુજરાતી શરૂ કરવા માગે છે. ગુરુદેવ અને વસુબહેન બહુ મજાનાં છે. એમને મળીને તને પણ આનંદ થશે."

"સાચું કહું તો તારી વાતો સાંભળી ત્યારથી એમને મળવાની ઇચ્છા પ્રબળ બની છે. આમ અચાનક જીવન આવો વળાંક લેશે એની તો કલ્પના પણ નહોતી કરી. દિલ્હી ગમી જશે તો ત્યાં જ રહી જઈશ."

આસુના મુખ પરના બદલાયેલા ભાવ જોઈ ઉમેર્યું, "ચિંતા ન કરતો કે ગભરાતો નહિ. તારે ઘેર નહિ રહી જાઉ કે તને ભારરૂપ નહિ થાઉ..."

"મને કોઇ ચિંતા નથી. તને ગમે તે નિર્ણય તું લઇ શકે છે. તને હું મદદરૂપ થઇશ તો મને ગમશે. મારી મદદની જરૂર હોય તો જરાય અચકાતી નહિ."

"થેંક્સ, આસુ. તું મારો ખાસ મિત્ર છે."

આસુને પૂછવાનું મન થઈ ગયું. 'તું મને માત્ર મિત્ર જ બનાવવાની છે ?' પણ પૂછી ના શક્યો. એ પોતે જ મિત્ર બની રહેવા માગતો હતો પછી બીજાની શી વાત કરવી? આસુનું મન 'ટુ બી ઑર નૉટ ટુ બી' જેવી દશામાં

હતું. એને પોતાને પણ ખબર નહોતી કે એ શું ઇચ્છે છે!

એને ઊંડા વિચારમાં ગરકાવ જોઇ રુબી બોલી, ”મને લાગે છે કે તારું મન વાંચવામાં નથી લાગતું. આસુ, મમ્મીની ચિંતા ના કર. બધું ભૂલી બહાર જો. સરકી જતી સૃષ્ટિનું દર્શન નવી તાજગી આપે છે.”

‘રુબીને ખરેખર બહારની સૃષ્ટિમાં રસ હતો કે મનને જુદી દિશામાં રોકી રાખવા માગતી હતી?’ આસુ કંઈ સમજી ન શક્યો. એના મનમાં પણ ઘણા વિચારો ડોકાઈ રહ્યા હતા. ‘ટુ બી ઑર નૉટ ટુ બી’ના વિચારો ફગાવી એ બોલ્યો, “રુબી, સાચે જ મને બહારની સૃષ્ટિમાં અને પ્રકૃતિમાં બહુ રસ છે. પણ આજ મારા વિચારો મારી મમ્મીમાં અટવાઈ ગયા છે. એ કદી માંદી નથી પડી. કદી કોઈ પર આધાર નથી રાખ્યો. જિંદગીભર અવિરત કામ કરતી રહી છે. નોકર રાખવાનો પણ કદી વિચાર નથી કર્યો. મારા ડેડીનો એ જમણો હાથ હતી. એમનો એકેએક બોલ ઝીલી લેતી. આવી પત્ની મેળવી મારા ડેડી ધન્ય થઇ ગયા હતા. આજ એ પથારીવશ છે, લાચાર છે. એના વિચારોથી મારું મન ગમગીન છે.”

“ઉપરવાળો સારા લોકોની હંમેશ પરીક્ષા લેતો હોય છે. ઘેર પહોંચી મમ્મીને સાંત્વન આપીશું. આસુ, આપણે હજુ જીવનને કિનારે ઊભાં છીએ. અફાટ સાગર પાર કરવાનો છે. મમ્મી તો મધદરિયે ઊભાં છે. એમની પાસેથી જીવન વિષે ઘણું સમજવાનું છે. મમ્મીને પણ કોઈની હૂંફની જરૂર છે. એક ઉમર એવી આવે છે કે એકલતા મનને કોરી ખાય છે. મમ્મીની ઉમર થઈ છે. એ તને બહુ મિસ કરતાં લાગે છે. મન પર એનો જ સ્ટ્રેસ હશે. તું જઈશ પછી બધો સ્ટ્રેસ ઓછો થઈ જશે અને એ બહુ જલદી સારાં થઇ જશે.”

“વસુબહેનની મોટી હૂંફ છે, રુબી.”

“એ વાત ખરી. પણ સૌથી મોટી હૂંફ તારી ઝંખે છે. તું જોજે ને તને જોઈ જલદી સારાં થઇ જશે. હું પણ એમને મમતા અને હુંફ આપીશ.”

“રુબી, હું તારો જીવનભર ઋણી રહીશ.”

“પ્રકૃતિમાં જીવનનું અનોખું રહસ્ય છે. ગુજરાતની વનરાજી મનને એક પ્રકારની તાજગી અને ઠંડક આપે છે, જીવનની કોમળતાનો અનુભવ કરાવે છે. રાજસ્થાનની પહાડી ધરતી જીવનની સખ્તાઈ, નક્કરતા, કઠણાઈ અને

પરિસ્થિતિનો સામનો કરવા ધૈર્ય અને હિંમતની શી જરૂરિયાત છે તે સમજાવે છે. રાજસ્થાનનું વિશાળ રણ જીવનની વસમી વાટની ઝાંખી કરાવે છે."

આસુ બહાર નજર કરી બોલ્યો, "પ્રકૃતિમાં અને પહાડોમાં મને બહુ રસ છે. તારી વાત સાચી છે. જીવનનું દર્શન વિવિધ રીતે કરાવે છે. પેલા કવિની જેમ મને પણ 'બુકસ ઇન બ્રુકસ, સરમન્સ ઇન સ્ટોન્સ'નો અનુભવ થાય છે. ખાસ કરીને દરિયા કિનારે બેસું છું ત્યારે મારું મન પ્રફુલ્લિત બની જાય છે. રુબી, કુદરત કયારેક પ્રકૃતિમાં ખોબે ભરીને સૌંદર્ય પાથરી દે છે."

રુબીએ હસીને કહ્યું, "પ્રકૃતિમાં કે ..." એ વાકય પૂરું ન કરી શકી.

આસુ સામે જવાબની અપેક્ષા રાખતી તાકી રહી.

આસુએ નિર્મળ ભાવે એ વાકય પૂરું કર્યું, "પ્રકૃતિનું બીજું સ્વરૂપ એટલે સ્ત્રી. એવું કયાંક વાંચ્યું હતું. બન્ને માદક છે, મોહક છે. સાચવીને બંનેનું જતન કરવું પડે છે. એની કોમળતા હણાઈ ન જાય એ માટે પળે પળે સાવધ રહેવું પડે છે. વન હૅઝ ટુ બી વેરી વેરી કેરફુલ."

"ફિલોસૉફર બનતો જાય છે. કોઈના પ્રેમમાં તો નથી પડ્યો ને?"

"હજુ સુધી તો એવો ભાગ્યશાળી નથી."

"જેની સાથે નાતો બાંધે એને પૂરેપૂરી ઓળખ્યા વિના આંધળી દોટ મૂકી પ્રેમની જ્વાળામાં ઝંપલાવતો ના."

"જરૂર પડે તારી સલાહ લેવી પડશે. એ બાબતમાં ઠોઠ નિશાળિયો છું. સ્ત્રીઓને સાચા અર્થમાં ઓળખવી એ કંઈ સહેલું નથી. આપણી જ વાત કર. વર્ષોથી સાથે છીએ પણ હજુ હું તને સાચા અર્થમાં ઓળખી શક્યો નથી. ખબર નહિ એ ઘડી કયારે આવશે?"

"કદાચ એ પળ આવે એ પહેલાં હાથમાંથી સરકી જાય એવું પણ બને ને? કાલની કોને ખબર છે?"

"કાલની એટલી તો મને ખબર છે કે તારે મને કંઇક વાત કહેવાની છે!" હસીને આસુએ કહ્યું.

"હા... હા..." કહેતાં એ પણ હસી.

* * *

# ત્રણ

આબુથી ટ્રેઇન ઊપડી. મધ્યાહ્‌ન તપતો હતો. ગરમી બહુ હતી.

એકબે નવા પેસેન્જર આવ્યા. પણ છ સાત પેસેન્જર ઊતરી ગયાં હતાં એટલે પેસેન્જરની સંખ્યામાં એકંદરે ઘટાડો થયો હતો.

“મને લાગે છે કે ટ્રેઇન દિલ્હી પહોંચશે ત્યારે બહુ ઓછા પેસેન્જર હશે.”

“સારું ને. ગરમીની સિઝનમાં ઓછા લોકો હોય એ વધુ સારું. બફારો અને લોકોની ભીડ એટલે રોગચાળાને નિમંત્રણ...”

“મને માણસોની ભીડ જરાય પસંદ નથી. આ દેશની વસ્તી જે રીતે વધી રહી છે તે એક મોટી ચિંતાનો વિષય છે.”

“લોકોમાં સમજ નહિ કેળવાય ત્યાં સુધી કોઈ કશું કરી શકવાનું નથી.”

“એ સમજ કેળવવાનું કામ આપણા નેતાઓનું છે.”

“નેતાઓ ઘર ભરવામાંથી ઊંચા આવે ત્યારે લોકોનો વિચાર કરે ને?”

“રુબી, સમજાતું નથી કે આ દેશનું શું થવાનું છે?”

“તું રાજકારણમાં ઝંપલાવે તો કંઈક કરી શકે.”

“મારું એ ફિલ્ડ નથી. મને રાજકારણમાં રસ નથી. કાવાદાવા અને ગુંડાગીરીમાં પાવરધા લોકો જ એ ક્ષેત્રે ટકી શકે. મારા જેવા તો ઘડીના છઠ્ઠા ભાગમાં ફેંકાઈ જાય.”

“એ વિચાર ખોટો છે. આપણા દેશની એ જ કમનસીબી છે. ઘરડા લોકો ગાદી પચાવીને બેસી રહ્યા છે. બોલતાંબોલતાં હાંફી જાય છે. લાકડીને ટેકે ટેકે ચાલે છે. એક કલાક સીધા ઊભા રહેવાની તાકાત નથી. યાદશકિત ચાલી ગઈ છે. કાને બહેરાશ આવી ગઈ છે. આંખો ઊંડી ઊતરી ગઇ છે. પણ સત્તાનો મોહ છૂટતો નથી. આ લોકો દેશને કયાંથી આગળ લાવવાના છે?”

“એ બધું સાચું. પણ આજના યુવાનોને હાજી હા કરવાનું ફાવતું નથી.

એને સત્તા કે પૈસાની ભૂખ નથી. એટલે એ એ બધાથી દૂર રહેવા માગે છે, રુબી. આાપણા દેશની જવાત નથી, આખી દુનિયાનો આ એક મોટો કોયડો છે જે અણઉકલ્યો રહેવાનો છે!" નિરાશાના સૂર સાથે આસુએ કહ્યું.

"આસુ, કોઈકે તો પહેલ કરવી પડશે. તારા જેવા નેકીવાળા અને સાહસિકે સાહસ કરવું પડશે. હું તારી સેક્રેટરી બની તને સહકાર આપીશ."

"તારામાં પરિવર્તનની દષ્ટિ છે. તું ઝંપલાવ. હું તારી પડખે ઊભો રહીશ. હવે સ્ત્રીઓ રાજકારણમાં સારું કામ કરી આગળ વધી રહી છે."

"મારે બહુ વિચારવું પડે. મારે વિષે હું કંઇ જાણતી નથી. આવતી કાલ કેવી હશે એની મને ખબર નથી, પછી દુનિયાને હું કેવી રીતે સુધારી શકું?"

"ઊંચું નિશાન રાખી એક વાર યા હોમ કરીને ઝંપલાવીશ તો ફતેહ આગે જ રહેવાની છે," આસુએ હિંમત આપી.

રુબી કંઇ બોલે એ પહેલાં આંચકા સાથે ટ્રેઇન એકદમ ઊભી રહી ગઇ.

"હજુ જયપુરને તો અડધા કલાકની વાર છે. શું થયું?" આસુએ પૂછયું.

બીજા પેસેન્જર પણ ગભરાઈ ગયા. સૌ આવરાબાવરા બની એક બીજાની સામે જોઈ રહ્યા. બારીમાંથી ડોકિયું કરી કેટલાક પરિસ્થિતિનો તાગ મેળવવા લાગ્યા. બહાર ઘનઘોર અંધારું હતું. કોઇ સમયસૂચકતા વાપરી બોલ્યું, "અંદરથી સ્ટૉપર બંધ કરી દો. જેથી બહારનું અંદર આવી ન શકે."

એ સલાહ સાચી લાગતાં એક બે પેસેન્જરોએ બંને બાજુના દરવાજા અંદરથી બંધ કરી દીધા. "ધીરજ રાખો. કદાચ કોઇ ધાડપાડુઓ ટ્રેઇન લૂંટવા આવ્યા હોય. આ પ્રદેશમાં બહારવટિયાની મોટી ધાક છે."

"ચોર અને પ્રેમીઓને અંધારું પ્રિય હોય છે. એ લોકો અંધારાનો લાભ લેતા હોય છે," કોઈએ મજાક કરી

"કોઈ આતંકવાદીનું પરાક્રમ પણ હોઈ શકે!"

"ગોધરાકાંડ પછી એ લોકો નિર્દોષ પેસેન્જરને ટારગેટ બનાવે છે."

લગભગ બધાના પેટમાં ફાળ પડી. એક માજી બોલ્યાં, "ગભરાયે કાંઈ ન વળે. જે થવાનું હશે તે થશે. શાંતિથી બેસી ભગવાનને યાદ કરો."

"આપત્તિમાં સૌ ભગવાન યાદ આવે છે!" અનેક વાતો થતી રહી.

"હું નીચે ઊતરીને જોઉ કે હકીકત શી છે?" આસુ ઊભો થતાં બોલ્યો.

"એ જુવાનિયા. ચાંપલાશ કર્યા વિના તારી બાયડી પાસે બેસી રહે. અમારે અમારી જિંદગી હોડમાં નથી મૂકવી."

"બેસી રહે, આસુ. જીભાજોડી કરવાનો આ સમય નથી. ઉશ્કેરાટનું પરિણામ ખરાબ આવે છે."

આસુ ચૂપ બેસી રહ્યો. બધાના જીવ તાળવે પહોંચી ગયા હતા. સૌ સૌના ભગવાનને યાદ કરી ચૂપચાપ બેસી રહ્યાં. થોડી વારે ટ્રેઇન ઊપડી.

સૌના જીવ હેઠા બેઠા. સૌએ એક પ્રકારની શાંતિનો દમ ખેંચ્યો.

"શું થયું હશે?" ફરી પાછી ચર્ચા ચાલી. લોકો પોતપોતાના મતે તુક્કા કરતા રહ્યા. ટ્રેઇને સ્પીડ વધારી. જયપુર આવતાં કુતૂહલ પ્રેરિત પેસેન્જર નીચે ઊતર્યાં. છેલ્લા ડબ્બા પાસે ગિરદી હતી. બેચાર પોલીસ પણ આવી ગઈ હતી. એક બે પેસેન્જર માહિતી લઇ આવ્યા.

"બે પેસેન્જર વચ્ચે ઝપાઝપી થતાં એક લોહીલુહાણ થયો છે. હવે પોલીસ કેસ થશે અને ઊંડી તપાસ થશે. અહીં બેત્રણ કલાક બગડવાના." કોઇ અનુભવીએ તારણ કાઢ્યું. આસુએ નિસાસો નાખી કહ્યું, "કોઈ ટ્રેઈન આજકાલ સમયસર પહોંચતી જ નથી."

સ્ટેશન પર ફરતા ટી.સી.ને આસુએ બારીમાંથી પૂછ્યું,"સર, હાઉ લોંગ હૉલ્ટ વિલ બી હીઅર?"

"મિનિમમ વન અવર!" કહી ટી.સી. ચાલતો થયો.

કેટલાક પેસેન્જર સીટ પર આડા પડ્યા. કેટલાક પેસેન્જર નીચે ઊતરી સ્ટેશન પર આંટાફેરા મારવા લાગ્યા.

"રુબી, બહાર ખુશનુમા વાતાવરણ છે. હું જરા પગ છૂટો કરી આવું."

"ઓકે. જા. હું અહીં બેઠી છું."

"તું સૂઈ જા. તારી આંખોમાં ઘેન છે." રુબી આડી પડી. એની આંખો મીંચાઈ ગઈ. એની મા એને માથે હાથ ફેરવી રહી હોય એવું લાગ્યું.

"મા, મેં આજે જે કર્યું તે તારે વર્ષો પહેલાં કરવાની જરૂર હતી."

"હા, દીકરી પણ મારી હિંમત નહોતી. તું મને કયાં નથી ઓળખતી?"

રુબીનું મન ભૂતકાળમાં અટવાઈ ગયું.

**

ફરીદા બીબી સમીર સાથે નિકાહ પઢીને આવી ત્યારે લોકો કહેતા, "કાગડો દહીંથરું લઈ ગયો છે. કયાં ગોરી ગોરી રૂપવંતી ફરીદા અને કયાં મોઢા પર ચાઠાવાળો કદરૂપો સમીર! એના બાપના પૈસા પર છેતરાઈને આવી લાગે છે."

હકીકત જુદી હતી. બહુ ઓછા લોકો એ જાણતા હતા. ફરીદાના મામા કાસમ અને સમીરના ડેડી રહેમાન બે જિગરી મિત્રો હતા. વર્ષો પહેલાં બંને કંડલા બંદરે શિપયાર્ડમાં સાથે નોકરી કરતા હતા. નોકરી સાથે બંને દાણચોરીના ધંધામાં ભાગીદાર બન્યા અને સારું કમાયા. સારા એવા પૈસા કમાઈ જતાં બંનેએ નોકરી છોડી દીધી. ફરીદાના મામા ભાવનગર ચાલ્યા ગયા. સમીરના ડેડીએ અમદાવાદ આવી લાલ દરવાજે લોખંડના માલસામાનની દુકાન કરી. અમદાવાદમાં કંસ્ટ્રક્શનમાં તેજી આવતાં એ સારું કમાયા. જવાહરનગર પાસે ચાર માળનું ઘર ખરીદ્યું. જાહોજલાલી ફળી અને નસીબે દાદ દીધી. ફરીદા સુખમાં જાય એ આશાએ મામાએ ફરીદાને સમીર સાથે પરણાવી. સમીર બાપના પૈસા જોઈ છકી ગયો. મેટ્રિક સુધી માંડ ભણ્યો. પણ કોઈ તાલીમ ન લીધી. બાપને પૈસે લીલા લહેર કરતો.

ફરીદાને સમીર પહેલી જ નજરે નહોતો ગમ્યો. પણ પરણી ગયા પછી શું કરી શકે? મને કમને એને પતિ તરીકે સ્વીકારી લીધો. સમીર એની પાછળ ઘેલો બનતો ગયો. એના રૂપનો એ આશક હતો. સાથે સાથે એના રૂપનો દુશ્મન બન્યો. ફરીદા કોઈ સાથે હસીને વાત કરે તો વીફરે. એને બેચાર તમાચા ચોડી દે. ન કહેવાનાં વેણ કહે! થોડા દિવસમાં જ ફરીદા એનાથી ત્રાસી ગઈ પણ કોને ફરિયાદ કરે? રાતદિવસ સમીર એની આસપાસ ઘૂમ્યા કરે. એને બહુ પ્રેમ કરે છે એવો દેખાવ કરે.

પત્ની એને કંઈક કામ કરવા જવાનું કહે તો ઉછરે, "મારા બાપ પાસે ચાર પેઢી ચાલે એટલો મોટો ખજાનો છે. મારે કામ કરવાની શી જરૂર છે?"

"કોઈક પ્રકારની તાલીમ લો કે આગળ ભણશો તો કામ આવશે."

"તારે મને બહાર મોકલી અહીં તારા આશકો સાથે લીલા કરવી છે?"

"તમને આવું બોલતાં શરમ નથી આવતી?"

"તને લોકો સાથે ચેનચાળા કરવા બહુ ગમે છે, મને ખબર છે."

"તમે મને કયાં કોઈ સાથે વાત પણ કરવા દો છો?"

"મને ના બનાવ. પેલો હાજમ અહીં કેમ આંટા મારે છે? એ તારો શો સગલો થાય છે?"

"એ મારા મામાનો દીકરો છે."

"લોકોને સમજાવવા મામાનો દીકરો અને ઘરની ચાર દીવાલોમાં આશક. મને ઊંઠાં ના ભણાવ."

ફરીદાને એ વખતે એની જીભ કાપી નાખવાનું મન થતું. પણ ચૂપચાપ બધું સહી લેતી. દિવસે દિવસે સમીરની જોહુકમી અને મારપીટ વધતાં ગયાં.

સમીરના પિતા રહેમાનનું પણ નસીબ ફંટાયું. વર્ષો સુધી સહેલાઈથી પૈસા કમાવાની લત લાગી ગઈ હતી એટલે દુકાનનો ધંધો રહેમાનને વસમો લાગ્યો. વહેલા ઊઠવું, મોડે સુધી દુકાને બેસી રહેવું એ બધું આકરું લાગવા માંડ્યું. બપોરે કલાકો સુધી નવરા બેસી રહેવું પડતું. એમાં બાજુની દુકાનવાળાએ સટ્ટામાં રસ લેતો કર્યો. એમાં એ કુશળ નહોતો. ધીરે ધીરે વધુ કમાવાને બદલે હતું એ પણ ગુમાવી બેઠો. ચાર માળનું મકાન અને દુકાન ચાલ્યાં ગયાં. એ જ એરિયામાં ભાડે મકાન લેવું પડયું. એના આઘાતમાં એને હાર્ટ એટેક આવતાં એણે ફાની દુનિયામાંથી વિદાય લીધી.

ફરીદાએ એની સાસુને બહુ હિંમત આપી. પણ હતાશ થઈ એ હજ કરવા ચાલ્યાં ગયાં. કદી પાછાં ન ફર્યાં. સાસુની ખોટ સાલે એ પહેલાં રુબીનાનો જન્મ થયો. સદ્‌ભાગ્યે રુબીના એના બાપ પર ન ઊતરી. રુબીના ફરીદાની જ પ્રતિકૃતિ હતી. એના કરતાં પણ વધારે રૂપાળી હતી. એ રોજ અલ્લાહને આજીજી કરતી રહી, "હે અલ્લાહ, મારી દીકરીને તેં મારું રૂપ આપ્યું. પણ મારા જેવી કપરી જિંદગી ન આપતો. એને કાફરોથી બચાવજે."

સમીર પર હવે ઘરની બધી જવાબદારી આવી પડી. પૈસા કમાવાનો કદી વિચાર સરખો પણ નહોતો કર્યો. સારી નોકરી મળે એવું કંઈ ભણ્યો નહોતો. પહેલેથી જ ખરાબ મિત્રોની સોબતે ચડી ગયો હતો. એ મિત્રોના સંગમાં એક નવો રાહ અપનાવ્યો. ચરસ, ગાંજા જેવા નાર્કોટિકસ વેચવાની લતે ચડી ગયો. એમાં મહેનત વિના સારા પૈસા આવવા લાગ્યા. ફરીદાને પતિના ધંધાની ગંધ આવી જતાં એને સારા માર્ગે વાળવા એ પ્રયત્ન કરતી.

પણ એનું તો એ સાંભળતો જ નહિ. એક દિવસ જોરથી એનો હાથ પકડી બોલી, "આજે તમને હું બહાર નહિ જવા દઉ."

"હું નહિ જાઉ તો પૈસા કયાંથી આવશે? તારું શરીર વેચું? તું કહેતી હોય તો એ કરું."

એક આંચકા સાથે એનો હાથ તરછોડી એને ધક્કો મારી એ ચાલ્યો ગયો. જમીન પર પછડાઈ ફરીદા રડતી રહી. રુબીને લઈને કયાંક ભાગી જવાનું મન થયું. પણ કયાં જાય? એકલી હોત તો સાહસ કરત.

'મારી રુબીનાનું શું?' એ વિચારે કંઇ પગલું ન ભરી શકતી.

'મારી રુબીને હું ઇન્સાનિયતના પાઠ ભણાવીશ.'

રુબીને ખોળામાં લઈ કલાકો સુધી એની સામે તાકી રહે અને કહે, "બેટી, એક અચ્છી લડકી બનના. ખૂબ પઢના. એક અચ્છી ઓરત બનના. કાફરોસે બચકે રહના. અચ્છા લડકા ન મિલે તો શાદી નહિ કરના."

રુબી માના શબ્દો સમજે એ ઉમર નહોતી પણ મા સામે જોઈ એ હસતી.

"મેરી લડકી મેરી બાત સમજ ગઈ હૈ. વો કભી નહિ હારેગી."

એણે પતિને કંઇ પણ કહેવાનું છોડી રુબીને ઉછેરવામાં મન પરોવ્યું.

મોડી રાતે ઘેર આવતા પતિને જે જોઈએ એ જરાય આનાકાની વિના આપતી રહી. પણ અંદરઅંદર એનું મન બળતું રહ્યું. વિના કારણ પતિની મારપીટ ચાલુ રહી. એ પ્રતિકાર ન કરતી એનો ઊલટો અર્થ કરી એ કહેતો, "મારી ગેરહાજરીમાં જે લીલા કરે છે તે મારાથી અજાણ્યું નથી. હું ચૂપ રહું એટલે મારી સામે દલીલ કરવાનું છોડી દીધું છે. તું મારી પાસે નાટક કરે છે."

એક દિવસ એણે ફરીદાને બહુ મારી. રુબી એ વખતે દસ વર્ષની હતી. એ તો હેબતાઈ ગઈ. ગભરાઇને એક ખૂણામાં સંતાઈ ગઈ.

સમીર જતાં માને પૂછયું, "અમ્મા, તું કેમ એને મારતી નથી?"

"બેટી, તારે માટે બધું સહન કરું છું." એને બાથમાં લઇ કલાકો સુધી રડતી રહી. દીકરીની ચિંતા એના કાળજાને કોરી ખાતી રહી.

સમીરને પત્ની પર જરાય દયા ન આવતી. એક દિવસ મોડી રાત્રે ઘેર આવ્યો ત્યારે ફરીદા રુબીને સુવાડી રડતી બેઠી હતી. સમીર એની પાસે આવી બોલ્યો. "રડવાના ઢોંગ છોડી આવ મારી પાસે."

કપડાં ફગાવી એને પાસે ખેંચી. એ રડતી રહી. એનો વિચાર કર્યા વિના કે એના પર દયા દાખવવાને બદલે એના શરીરની ભૂખ સંતોષતો રહ્યો.

ફરીદા જીવનથી ત્રાસી ગઈ. સમીરના હવસનો ભોગ બનતી રહી. એને ખબર હતી કે કોઈક દર્દ એના શરીરમાં ઘર ઘાલીને બેઠું હતું. અવારનવાર લોહીની ઊલટીઓ થતી. એક દિવસ એણે રુબીને ખોળામાં લઈ કહ્યું, "બેટી, આ તારી મા હવે તારી પાસે નહિ હોય. તારા બાપે મારું બહુ લોહી પીધું છે. બાકી હતું એ બધું લોહી આજે વહી ગયું છે. હવે હું નહિ જીવું. તારી સંભાળ લેજે." અને એણે દેહ છોડ્યો.

રુબીને કંઈ સમજણ ન પડી. માની ફાટી ગયેલી આંખો સામે ટગર ટગર જોઈ માના બે હાથ પકડી પૂછ્યું, "મા, શું થયું છે તને? કેમ બોલતી નથી?"

રુબી રડતી રહી. બહુ રડતી રહી. સમીરની આંખમાં આંસુનું એક બૂંદ પણ ન આવ્યું,. એણે દીકરીને ઊંચા સાદે કહ્યું, "મા ગઈ એમાં આટલું બધું રડે છે શું? આ તારો બાપ હજુ જીવે છે!"

રુબીને હજુ દુનિયાદારીની સમજ નહોતી. એને સમજ હોત તો એ જરૂર કહી દેત, 'તમે ઘાતકી છો. તમે જ મારી માનો જાન લીધો છે. તમે એને ભરખી ગયા છો. તમે ક્રૂર અને નિર્દય છો.'

પણ રુબીમાં હજુ એવું કંઈ કહેવાની સમજ નહોતી એ કશું ન બોલી. એને એના બાપની બીક લાગી. 'કાફર બાપ મને કદાચ મારી નાખશે.'

સમીર ઊભો થઈને એની પાસે આવ્યો. એને બાથમાં લઈ એને વહાલ કરી બોલ્યો, "ચિંતા ન કર. હું તને મા અને બાપ બન્નેનો પ્રેમ આપીશ."

બાપ માટે રુબીનાને લાગણી જન્મી. દિવસેદિવસે બાપ પણ સુધરવા પ્રયત્ન કરવા લાગ્યો. દીકરીની સારી સંભાળ લેવા લાગ્યો. રુબીનાને એનું કંઈ કારણ સમજાય એમ નહોતું. બાપ તરફ પ્રેમ દાખવતી. બાપ એનું મન બહેકાવતો રહ્યો. પણ એ લાંબું ન ચાલ્યું. એકલતા અનુભવતો સમીર દારૂની લતે ચડી ગયો. નવાનવા મિત્રોની સોબત એને આડે માર્ગે વાળવા લાગી. ચરસ અને ગાંજો વેચતાં વેચતાં એ પોતે પણ એનો બંધાણી બની ગયો. પોલીસને વહેમ ન આવે એટલે એ જુવાન છોકરાઓ મારફત એક પાનના ગલ્લેથી એ બધી પ્રવૃત્તિ કરતો. એના સાગરીતોને એ ઘેર ન આવવા

દેતો. એને બીક હતી કે એની રૂપાળી દીકરી પર કોઇ નજર બગાડશે.

સમજણી થતાં રુબી બાપની પ્રવૃત્તિ જાણી ગઈ. દારૂની લતે ચડેલા બાપને ધિક્કારવા લાગી. બાપ પર ખૂબ ગુસ્સો આવતો. પણ શું કરી શકે?

સમીરની ઇચ્છા એને કૉલેજમાં મોકલવાની નહોતી પણ રુબીએ જિદ્દ કરી બાપની ઇચ્છા વિરુધ્ધ કૉલેજ શરૂ કરી. એક વાર લાલચોળ આંખો કરી એને ધમકાવી, "કૉલેજથી સીધી ઘેર આવજે. જો કોઈના લફરામાં પડી છે તો ઊભીને ઊભી ચીરી નાખીશ. કોઇ લફંગા પાસે તારા રૂપના ચેનચાળા કે નખરાં ન કરતી. સમજી?"

રુબીએ એનો કોઈ વળતો જ્વાબ ન આપ્યો. પણ જે રીતે એનો બાપ એની સામે જોઈ રહ્યો હતો તે નજર એ પારખી ગઈ. એને કહેવાનું મન થયું, 'તું મારો બાપ છે તો પણ જો તારી આ નશીલી આંખો નહિ સુધારે તો એક દિવસ ફોડી નાખીશ.'

રુબીને કોઈની બીક નહોતી પણ એના બાપની એને બહુ બીક રહેતી. ઘણી વાર એને બાથમાં લઈ પ્રેમનો ઢોંગ કરી, પોતાના શરીર સાથે એનું શરીર દબાવી કહેતો, "તારા સિવાય દીકરી હવે મારું કોણ છે? તું જ મારું સર્વસ્વ છે. તને બહુ પ્રેમ કરું છું. તારી મા મને નહોતી ગમતી કારણ કે એ મારું નહોતી માનતી. તું તો હું કહું એમ કરીશ ને?"

રુબીને એ વખતે બાપની આંખોમાં બાપનો પ્રેમ નહિ, હવસ દેખાતો. બાપને ધક્કો મારવાનું મન થઈ જતું. પણ એવું પગલું ભરી શકતી નહિ. કંઈ બોલ્યા વિના ધીરે રહીને સરકી જતી. કયારેક એને ઘર છોડી ભાગી જ્વાનું મન થતું. એને એક જ સહારો હતો. ઘરકામ કરવા આવતી બહેન હમીદાનો. એ એની બહુ કાળજી લેતાં. એને રસોઈ, ઘરકામ, કપડાં ધોવાં એ બધું આત્મીય બની શીખવતાં. માની હૂંફ પૂરી પાડતાં. એને સમીર પર જરાય વિશ્વાસ નહોતો. રોજ રાત્રે સમીર મોડો આવતો. ઘેર આવે ત્યારે પીધેલી દશામાં હોય. એક વાર હમીદાબીબીને બાથમાં લઈ એના પર બળાત્કાર કરવા પ્રયત્ન કર્યો. એ દિવસે તો એ બાઈ બહુ ચાલાકીથી છટકી ગઈ હતી.

રુબી પર દયા આવતી એટલે મને કમને એ કામ કરતી રહી હતી. પણ છેવટે સમીરના વર્તનથી એ ત્રાસી ગઈ. એણે કામ છોડી દેવાનું નક્કી કરી

રુબીને જુદી રીતે વાત કરી, “બેટા, હવે તું મોટી થઈ ગઈ છે. તારું ઘર હવે તું સંભાળી શકે એમ છે. અહીં પૂરું થતું નથી. અમે અમારે ગામ ચાલ્યાં જ્વાનાં છીએ. એક અઠવાડિયા પછી હું આવી શકીશ નહિ. તું ઘર સંભાળી લેજે.” બોલતાંબોલતાં એનું હૈયું ભરાઈ આવ્યું.

હમીદાની વાત સાંભળી રુબી ઢીલી પડી. એનો એક માત્ર સહારો હતી. રુબીએ ભારે હૈયે કહ્યું, “અમ્માજાન, તમને મારાં અમ્માજાન ગણું છું. તમે મારો ઉછેર કર્યો, એક માની ખોટ પૂરી પાડી. ઘણું બધું સહેતાં રહ્યાં છો. જિંદગી પણ હોડમાં મૂકી છે. હું તમારી છાયામાં નિર્ભર હતી. તમારો ઉપકાર હું જીવનભર નહિ ભૂલી શકું. મને ખબર છે તમે કેમ જતાં રહેવા માગો છો.”

રુબી આગળ કંઈ ન બોલી શકી. એ રડી પડી.

એનાં આંસું લૂછતાં હમીદા બોલી, “હા દીકરી, તેં મને હંમેશ એક મા જ ગણી છે એટલે કહું છું. સમીર તારો બાપ છે એની ના નહિ. પણ તારું શીયળ સાચવજે. પુરુષની એક એવી ભૂખ હોય છે કે એ કયારેક બધું ભૂલી જાય છે. નશામાં હોય છે ત્યારે તો એને કશું ભાન નથી રહેતું. જંગલી પ્રાણી જેમ એ તૂટી પડે છે. પછી સામે કોણ છે એનો વિચાર કરવાની સાન પણ નથી હોતી. તું એકલી ઘરમાં રહેવાની છે તો સાચવજે. અલ્લાહ તને બચાવે.”

“અમ્માજાન, તમે અહીં રહો એ મને ગમે. પણ તમારી બીકનું કારણ હું સમજી શકું છું. ખેર, તમે મારી જરાય ચિંતા ન કરતાં. હું હવે નાની નથી. હું મારું ફોડી લઈશ. કંઈ પણ કામ હોય તો મને બોલાવજો.”

બીજા અઠવાડિયે એમને નમીને એમના આશીર્વાદ લઈ વિદાય કર્યાં ત્યારે હૈયાફાટ રડી હતી. હજુએ આંસું સુકાયાં નહોતાં. ગભરાતી ગભરાતી દિવસો પસાર કરતી રહી. બાપની સામે જ્વાનું ટાળતી. એનું ખાવાનું એક થાળીમાં રસોડામાં મૂકી અંદરથી સાંકળ વાખી એની રૂમમાં જતી રહેતી. મોડે સુધી વાંચતી અને પછી સૂઈ જતી. સમીરને આ ગમતું નહિ.

એક દિવસ એ દારૂ પીને આવ્યો. એણે બારણું હચમચાવી નાખ્યું અને બૂમ પાડી, “આ તારો બાપ ભૂખે મરે છે અને તું આરામથી ઊંઘે છે?”

રુબીએ કંઈ જ્વાબ ન આપ્યો. ભર ઊંઘમાં હોય એમ પડી રહી. બીજે દિવસે સમીરે ઊધડો લીધો, “રાત્રે મેં તને કેટલી બૂમો પાડી, ખબર છે?”

"તમે ક્યારે આવ્યા અને કેટલી બૂમો પાડી એની મને કશી ખબર નથી. હું જાગતી હોઉં તો ન આવું એવું બને ખરું? મારા બાપની મને શી બીક હોય? તમારા પેલા સાગરીતોનો મને જરાકે વિશ્વાસ નથી."

"તારે એ લોકોથી ડરવાની જરૂર નથી. એ કોઈ આંખ પણ ઊંચી કરશે તો એમને જહન્નમમાં પહોંચાડી દઈશ, સમજી?"

રુબી ચૂપ રહી. નાસ્તો કરી કૉલેજ ચાલી ગઈ. પણ એને કોણ જાણે કેમ એના બાપનો ડર વધતો ગયો. દિલની વાત કોને કહેવી? કૉલેજમાં એની ખાસ બહેનપણી સરિતા હતી. હિંદુ હતી પણ એની સાથે સારો સદભાવ રાખતી. એની સાથે બેસી ઘણી વાતો કરતી. પણ કદી એના બાપના વર્તન કે વ્યવહારની વાત નહોતી કરી કે એની મા પર કેવો ત્રાસ ગુજાર્યો હતો એ વાત નહોતી કરી. કદાચ એ બધું જાણી એના પરનો વિશ્વાસ ઊઠી જાય એ બીક રહેતી હતી. સરિતા દર રવિવારે મહાકાળીના મંદિરે જતી. એને પણ એક બે વાર એની સાથે ભદ્રકાળી અને મહાકાળીના મંદિરે લઈ ગઈ. બી.એ.ની પરીક્ષાના થોડા દિવસ અગાઉ બંને મહાકાળીના મંદિરે ગયાં હતાં.

"તું માતાજી પાસે શું માગવાની છે?" સરિતાએ પૂછયું.

"માતાજી પાસે કંઈ માગવાનું હોય? તું શું માગવાની છે?"

"માતાજી, મને સારા માર્કે પાસ કરજો અને સારો વર આપજો."

રુબી હાસ્ય ન રોકી શકી. "અરે ગાંડી તેં જેવી મહેનત કરી હશે એવું ફળ મળશે. એમાં માતાજી શું કરી શકે?"

"સાંભળ. અમારા આ માતાજીનું બહુ સત છે. એમનું વરદાન કદી મિથ્યા નથી જતું. તું પણ કંઈક માગજે. શું માગીશ?"

"હિંમત. આ દુનિયામાં જીવવાની હિંમત અને કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવાની શકિત."

"એ તો તને જરૂર આપશે."

"એમની જીભ કેમ બહાર નીકળી ગઈ છે? પગ નીચે કોણ છે?"

"રાક્ષસોનો નાશ કરવા એમણે મહાકાળીનું રૂપ ધારણ કર્યું હતું. એનો ઇતિહાસ બહુ લાંબો છે"

"મને કહે ને?"

અને એણે મહાકાળી માતાની વિસ્તારથી વાત કરી હતી. એ વાત સાંભળીને એનામાં એક પ્રકારનાં હિંમત અને જોસ્સો આવી ગયાં. એ બોલી, “હવે હું રાક્ષસોનો સામનો કરી શકીશ. હે મહાકાળી મા મને શકિત આપજે.”

એ પછી અવારનાવાર સરિતા સાથે મહાકાળીના મંદિરે જ્વા લાગી. મહાકાળી માતામાં એને શ્રધ્ધા જાગી. એ મહાકાળી માએ હિંમત આપી હતી અને અબ્બાજાન સામે હુમલો કરતાં અચકાઇ નહોતી. એ મહાકાળીમાનો આભાર માનવા એ છેલ્લે મહાકાળીના મંદિરે ગઇ હતી.

સપનામાં એ મહાકાળી માતા સામે આવી ઊભાં રહેલાં દેખાયાં.

“બેટા, તેં કશું જ ખોટું નથી કર્યું. હિંમત રાખજે.”

“માડી, મારું રક્ષણ કરજો,” એનાથી મોટેથી બોલી જ્વાયું,

“રુબી, ઊંઘમાં બોલે છે? રક્ષણ કરવાની શી વાત કરી રહી છે? ઊઠ અને ફ્રેશ થા. ઊઠ, દિલ્હી આવવાની તૈયારી છે.” આસુએ એને જગાડી.

એ સફાળી બેઠી થઈ ગઈ. “આજ ઊંઘમાં મારી મા મને મળી હતી. મારી હિંમત માટે મને શાબાશી આપતી હતી.”

“કેવી હિંમત?”

“તારા ઘેર પહોંચતાં પહેલાં મારે તને મારી હિંમતની વાત કરવી છે. એ વાત તારી અને મારી વચ્ચે રહે એની તારે ખાતરી આપવી પડશે.”

“આઇ પ્રોમિસ યુ. ઇટ વિલ બી બિટવીન યુ ઍન્ડ મી. ટ્રસ્ટ મી.”

“કયાં વાત કરીશું? આસપાસ કોઈ ન હોય એવી જ્ગ્યા કયાં મળશે?”

“દિલ્હી સ્ટેશન પર એક બે સરસ કાફેટરિયા છે. થોડી વાર કાફેટરિયામાં બેસી વાતો કરીશું. તારે જે કહેવું હોય એ કહેજે. ત્યાં એકાંત ન મળે તો ઘેર પહોંચીને વાત કરજે. શી ઊતાવળ છે?”

“ઓ.કે.“

આસુને વાત સાંભળવાની ઉતાવળ નહોતી, પણ રુબીને વાત કહેવાની ઉતાવળ હતી. સ્ટેશન આવતાં બધાં પેસેન્જર ઊતરી જાય એની રાહ જોતી સૂનમૂન બેસી રહી.

* * *

# ચાર

સવારે સાત વાગ્યે કાફેટરિયામાં બહુ લોકો નહોતાં. એક બાજુ એકાંત ટેબલ જોઈ ત્યાં જઈને બેઠાં. વેઇટર આવતાં એણે રુબીને કહ્યું, "ફોન તો કરી દીધો પણ એ લોકોને લેવા આવતાં વાર થશે. બોલ કંઈ નાસ્તો કરવો છે કે ચા જ પીવી છે?"

"ચા જ પીશું."

આસુએ બે ચાનો ઑર્ડર આપ્યો. વેઇટર જતાં રુબીએ પૂછયું, "કોણ લેવા આવવાનું છે?"

"એ તો અમસ્તુ જ વેઇટરને કઈ શંકા ન જાય એટલે એક નાટક હતું."

"હું સમજી ગઈ."

"બોલ, શું કહેવું છે?"

"સાંભળ, ગઈ કાલે વહેલી પરોઢે લગભગ ચાર વાગ્યે ભયંકર ઘટના બની ગઈ. મારો બાપ સમીર બહુ દારૂ પીને લથડિયાં ખાતો ઘેર આવ્યો. બહુ પીધો હતો. ઘરમાં આવી એના ખાટલામાં શાંતિથી સૂઈ જવાને બદલે મારું બારણું ખખડાવ્યું. હું સફાળી બેઠી થઈ ગઈ. અર્ધ ઊંઘમાં હતી એટલે મને કંઈ ભાન ન રહ્યું. દરવાજો ખોલી એમને પૂછયું, 'અબ્બાજાન શું છે?'

'કશું જ નહિ. આ તારો બાપ ભૂખ્યો ટળવળે છે અને તું નિરાંતે ઊંઘે છે! આવ. મારી ભૂખની મને પડી નથી. મારા હાથપગ બહુ દુઃખે છે. જરા દબાવ. અને સાંભળ, આજથી હું ઘેર આવું ત્યારે મને ગરમ ખાવાનું પીરસવાનું. મને એકલા સૂવું ગમતું નથી. મારી સાથે સૂઈ જવાનું.' કહેતાં મારો હાથ પકડી મને ખેંચી. બે હાથ મારી કેડ આસપાસ વીંટાળી મને જોરથી દબાવી બબડ્યો, 'હું તારો બાપ છું. મારી બીક શેની? તું તો મારી વહાલી દીકરી છે.'

મારા હોઠ પર એમના હોઠ બીડી દીધા. હું ચૂપ રહી. મને ઢસડીને એમની

બેડમાં ખેંચી ગયા. મારું સ્કર્ટ ફાડી નાખ્યું. હું ગભરાઈ ગઈ. એમની દાનતની મને ગંધ આવી ગઈ. હું ભાન ભૂલી. એમને હડસેલી પથારીથી દૂર ફેંકી દીધા. એ ઊભા થઇ મને પકડવા દોડી આવ્યા. કશું જ વિચાર્યા વિના કિચનમાં બકરો વધેરવાનો ધારદાર છરો પડ્યો હતો એ લઈ બોલી, 'જ્ય મહાકાળી મા. આજમને શકિત આપજે.'

જેવા એ સામે આવ્યા કે મેં એ છરો એમના પેટમાં હુલાવી દીધો.

'ઓ અલ્લાહ..' કહેતાં એ જમીન પર ઢળી પડ્યા.

હું પહેરેલ કપડે ઘર છોડી નીકળવા જતી હતી. મારા પગે એક પોટલું અથડાયું. ઉપાડીને જોયું તો એમાં સો સોની નોટોનાં બંડલો હતાં. મારી પર્સમાં મૂકી પાછું વળીને જોયું કે એ જીવે છે કે મરી ગયો. પણ એની મને કાંઈ ખબર ન પડી. મારા ડેડી હતા એટલે મેં એમના પગ ચૂમી લીધા. 'જીવી જાય તો સુધરજે.. અલ્લાહને આજ યાદ કર્યા છે તો એક એની બીક રાખી કંઈક સારું કરજે. મરી જાય તો મને માફ કરજે. મારી પાસે બીજો કોઈ માર્ગ નહોતો. અમ્માજાન મળે તો કહેજે તારી દીકરીએ તારું વેર વાળવાની હિંમત કરી બદલો લઈ લીધો છે. બાય. જન્મદાતા... આ ઘર.... આ ભૂમિ.... સૌને છેલ્લી સલામ... કદાચ અહીં કદી પાછી ન આવું એવું પણ બને. સલામ..."

મારું હૈયું ભરાઈ આવ્યું.ગળે ડૂમો ભરાઈ આવ્યો. રડવું હતું પણ રડી નહિ. વધુ વિચાર્યા વિના સાવધ થઈ દરવાજો બંધ કરી ચાલી નીકળી.

મહાકાળીના મંદિરે જઈ દર્શન કરી સ્ટેશને આવી અને સદ્ભાગ્યે તું મળી ગયો. આ છે મારી કથની. સમાજની દષ્ટિએ હું એક ખૂની છું."

એક ચિત્તે સાંભળી રહેલા આસુએ કહ્યું, "તું બહુ હિંમતવાળી કહેવાય. તેં જે કર્યું તે ખોટું કર્યું એમ નહિ કહું. પણ તારો બાપ પીધેલો હતો. એને એક ધક્કો મારી તું ત્યાંથી ભાગી છૂટી હોત તો એક હત્યા બચી જાત."

"શક્ય છે. પણ મેં જે કર્યું એ મારા મનથી નથી કર્યું. મહાકાળી માતાએ મારી કાયામાં પ્રવેશી એક નરાધમની હત્યા કરાવી છે. હું એને જીવતો છોડત તો કાલ કોઈ બીજી છોકરીની અવદશા કરત. એનો અંત જ ન આવે. કોઈએ તો મહાકાળી બનવું પડે છે. હું ખૂની છું. તને પોલીસની બીક લાગતી હોય તો તને હું મુશ્કેલીમાં મૂકવા નથી માગતી. મેં તારી હમદર્દી માટે મારું હૈયું નથી

ખોલ્યું. તને સત્ય કહેવાનો મેં નિરધાર કર્યો હતો એટલે તને સત્ય કહ્યું છે. હવે નિર્ણય તારે લેવાનો છે. તું મને આવકારી શકે છે કે ધિક્કારી શકે છે. તું જે કહે તે કરવા હું તૈયાર છું.”

આસુ મૂંઝાઈ ગયો. શું કરવું એ અંગે વિચારી રહ્યો.

‘મારી પર આશાનો દોર બાંધી દિલ્હી સુધી આવેલી એક મિત્રને કોઈ અજાણી ભોમકામાં એકલી ન છોડી દેવાય. કોઈ મવાલીના પંજામાં ફસાઈ જશે તો એની જિંદગી ભ્રષ્ટ થઈ જશે. માનવતા ખાતર પણ એને મદદ કરવી જોઈએ. ફ્રેન્ડ ઇન નીડ, ઇઝ અ ફ્રેન્ડ ઇન્ડીડ...’

થોડો વિચાર કરી એ બોલ્યો, “અહીં મારા સિવાય તારું કોઈ નથી. મારા પર વિશ્વાસ મૂકી તું મારી સાથે ચાલી આવી છે તો તને હું દ્રોહ નહિ દઉં. અત્યારે તો ચાલ મારી સાથે. કાલની વાત કાલે.”

રુબીની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં, “તારો ઉપકારકદી નહિ ભૂલું.”

“ચાલ. હવે તું મારી મિત્ર છે. રુબી, તારી ઓળખાણ હવે એક નિરાધાર યુવતીની બની રહેશે. ન કોઈ માબાપ છે, ન કોઈ સગું છે. રુબી” રુબી હસી.

રિક્ષા કરી બન્ને ઘેર આવ્યાં. ગાંધી હાઈસ્કૂલથી સાતેક કિલોમીટર દૂર સરદાર કૉલોનીમાં સાત નંબરનું ઘર હતું. રિક્ષાનું ભાડું ચૂકવી સીધો ઘરમાં ગયો. વસુબહેન એની મમ્મી પાસે બેઠાં હતાં. એની મમ્મી ભર ઊંઘમાં હતાં.

“આવી ગયો, ભાઈ?” વસુબહેને મીઠો આવકાર આપ્યો. એની પાછળ રુબીને આવતી જોઈ ખચકાઈ, કશું જ વિચાર્યા વિના કહ્યું, “આવો બહેન.”

“મમ્મીને હવે કેમ છે?” મમ્મીને ઊંઘતાં જોઈ આસુએ વસુબહેનને પૂછ્યું.

“બહુ દિવસે આજે શાંતિથી સૂતાં છે. તારી બહુ ચિંતા કરતાં હતાં. હમણાં ઊંઘવા દે. આવ, બહાર પલંગ પર બેસીએ.”

વસુબહેન, આસુ અને રુબી બહાર પલંગ પર બેઠાં.

“વસુબહેન, આ રુબી છે. અહીં એક ઈંટરવ્યુ આપવા આવી છે. ઈંટરવ્યુને હજુ એકાદ મહિનો બાકી છે. અમે બી.એ.માં એક જ કૉલેજમાં હતાં. એ ફ્રી હતી એટલે મમ્મીની સેવા કરવા સાથે લેતો આવ્યો છું. બહુ સારી અને સેવાભાવી છે. એની મા ગુજરી ગયા પાછી કોઈની પણ સેવા કરવાનું એને ગમે છે. રોજ સાંજના બે કલાક હૉસ્પિટલમાં વૉલન્ટરી સેવા કરવા જતી

હતી. મેં મારી મમ્મીની માંદગીની વાત કરી તો એ મારી સાથે આવવા તૈયાર થઈ ગઈ. મેં કંઇ ખોટું તો નથી કર્યું ને?"

"ના, ના. એમાં કંઈ જ ખોટું નથી. તારી મમ્મી આમ તો ખડતલ છે. પણ માંદગીને કારણે બહુ ઢીલાં પડી ગયાં છે. સવારસાંજ અમારી પૂનમ કચરાપોતાં કરી જાય છે. ટિફિન આપી જાય છે અને રાત્રે એમની સાથે સૂઈ જાય છે. હું રોજ સવારે અને સાંજે બેચાર કલાક આવી જાઉં છું. એમની સાથે વાતો કરી હૂંફ આપું છું. પણ કોઈ હંમેશ સાથે રહે એ સારું." રુબી સામે ફરી પૂછ્યું, "શું નામ છે તારું બહેન?

"રુબી વીરાણી."

"સોરાષ્ટ્ર બાજુનાં લાગો છો."

"મૂળ સોરાષ્ટ્રનાં. પણ માબાપ ધરતીકંપમાં ચાલ્યાં જતાં અમદાવાદ હૉસ્ટેલમાં રહી ભણી છું. આસુની વાત સાંભળી મને એની દયા આવી. કોઈની માની વાત સાંભળું છું ને મારું હૈયું પીગળી જાયછે. માની મમતા ગુમાવ્યા પછી માની મમતા જ્યાં મળે ત્યાં દોડી જાઉં છું. આસુ હૉસ્ટેલમાં રહી એમ.એ. માટે તૈયારી કરવાનો હતો. એકાએક દિલ્હી જવાની અને માની માંદગીની મને વાત કરી. એ સાંભળી મેં સામેથી આગ્રહ કરી એની સાથે આવવા જીદ કરી. એ જરા ગભરાતો હતો."

"એમાં ગભરાવાનું શું?"

"સમાજ છે ને! ખરીખોટી વાતો કરી જીવવું હરામ કરી દે છે."

"રુબી, જેનું દિલ સાફ હોય એણે સમાજથી કે કોઈથી ડરવું ના જોઈએ. તું છોકરી છે પણ હિંમત ઘણી છે. તારી હિંમતને બિરદાવું છું. તું અહીં રહેજે. અમે એકાવન નંબરમાં રહીએ છીએ. જરૂર પડે અમારે ઘેર દોડી આવજે."

"તમને માસી કહું?"

"તારે જે કહેવું હોય એ કહેજે. અમને બન્નેને બાળકો બહુ વહાલાં છે. જિંદગી આખી બાળકો વચ્ચે જ ગાળી છે. રિટાયર્ડ થયા પછી બહુ સૂનુંસૂનું લાગે છે. હવે બે બાળકો આવી ગયાં એટલે ગમશે," કહેતાં હસ્યાં.

"માસી અમે ક્યાં બાળકો છીએ!" રુબીએ આત્મીય બની કહ્યું.

"તમે ભલે ને મોટાં થઈ ગયાં પણ અમારે મન તો કાયમ અમારાં બાળકો

જ રહેવાનાં. એમ માનવામાં અને એમ ગણવામાં જ અમારો આનંદ છે.”

“આસુ કૉલેજમાં જ્યારે જ્યારે મળે ત્યારે તમારાં બંનેનાં વખાણ જ કરતો. હવે મને એનું કારણ સમજાય છે. તમારી છાયામાં જરૂર ગમશે.”

“દીકરી, આસુના ડેડી મનુભાઈનો જમણો હાથ હતા. એ ગયા પછી એમને એમ જ લાગે છે કે એમનો એક હાથ કપાઈ ગયો છે. એમના જીવનમાં બહુ નિરાશા ઘેરાઈ ગઈ છે. એમની એક જ ઈચ્છા છે કે આસુ એમ.એ. થઈ એના ડેડીની ખાલી જગા પૂરે.”

“એના ડેડીને તો મેં નથી જોયા. પણ એક વાત કહી શકું કે આસુ જેવો ખંતીલો અને ગુણિયલ યુવાન કૉલેજમાં મેં જોયો નથી. એક જ ધૂન લઈને બેઠો છે. ફર્સ્ટ કલાસ એમ.એ. થઈ એક આદર્શ શિક્ષક બનવું છે. તમે જ કહો. હજુ બી.એ.નું પરિણામ નથી આવ્યું અને અત્યારથી એમ.એ.ની તૈયારી કરવાની વાતો કરે છે... એને શું કહેવું વેદિયો કે મહત્ત્વાકાંક્ષી? જુઓને, કેવો સૂનમૂન બેસી રહ્યો છે. અહીં પણ કંઈક અભ્યાસના જ વિચારો કરતો હશે! અરે અંદર જઈને જો, મમ્મી જાગ્યાં છે? ઊંઘતાં હોય તો ઉઠાડીશ નહિ. ડૉક્ટર ઘેનની ગોળી આપતા લાગે છે.”

આસુ અંદર ગયો. તરુબહેન પડખું ફેરવી રહ્યાં હતાં. મમ્મીના પલંગ પર બેસી બોલ્યો, “મમ્મી, કેમ છે, હવે?”

“સારું છે, બેટા. તું કયારે આવ્યો?”

“જોયો ત્યારે.”

“હેમખેમ તો છે ને?”

વસુબહેન રુબીને લઈને અંદર આવ્યાં, “એ એકલો નથી આવ્યો. અમદાવાદથી તમારે માટે એક ગુજરાતી નર્સ લેતો આવ્યો છે.”

તરુબહેન રુબી સામે એક નજરે જોઈ રહ્યાં. ઊંચી અને ગોરીગોરી રુબીથી એ અંજાઈ ગયાં. રુબી નાગકન્યા જેવી લાગતી હતી.

“નમસ્તે, માજી તમારી સેવા કરવા આવી છું,” બે હાથ જોડી એમના પગ પાસે બેસતાં રુબી બોલી.

“આવ બેટા. સારું કર્યું.”

“મમ્મી, એ એકાદ મહિનો અહીં રહે તો તને વાંધો નથી ને?”

"મને શો વાંધો હોય? તું મારી ચાકરી કરવા લાવ્યો છે, પછી કેમ એવો સવાલ કરે છે?"

"તને પૂછવું પડે ને?"

"તું બધું મને પૂછીને કરવાનો છે?" મલકાઈને બોલ્યાં. બધાં હસી પડયાં.

"ઘણા દિવસે આજે તરુબહેન હસ્યાં," વસુબહેન બોલ્યાં.

"અમે માજીને હસતાં રાખીશું."

"તમારી કાળજી લેનાર એક નહિ બે જણ આવી ગયાં છે. હું જાઉં હવે?"

"હા, વસુબહેન. તમે આવો છો એમ રોજ આવતાં રહેજો. તમે આવો છો એ મને ગમે છે."

"હું આવવાની જ છું. ચાલો ત્યારે, સાંજે મળીશું."

વસુબહેન જતાં આસુએ મમ્મીના બે હાથ પકડી કહ્યું, "મમ્મી, હું જરા સ્નાન કરી આવું, "

"જા બેટા. મારી ચિંતા ના કરતો. લાંબી મુસાફરીને કારણે તમે બંને થાક્યાં હશો. થોડો આરામ કરો. "

"તું જા. માજી, હું તમારા પગ દબાવું?"

"ના બેટા. તું થોડો આરામ કર."

"માજી, આરામ કરવાની અમારી ઉંમર નથી," કહી એમના પગ પાસે બેસી તરુબહેનના પગ દબાવવા લાગી.

એ હાથનો સ્પર્શ થતાં તરુએ મમતાની લાગણી અનુભવી.

'થાકી ગયાં હો તો લાવો જરા પગ દબાવી દઉં,' હરિવંશ કહેતા. અને એ હાથનો સ્પર્શ થતાં એ મીઠી નિંદરમાં પોઢી જતાં. રુબીના હાથનો સ્પર્શ થતાં એમની આંખો મીંચાઈ ગઈ. રુબી પગ દબાવતી કલાકો સુધી બેસી રહી. તરુની આંખોના પરદા પર વીતેલાં વર્ષોના ભૂતકાળની છાયા પથરાઇ રહી.

* *

શારદા બંગાળના એક નાના ગામમાં ઊછરી હતી, એના બાપ ખેડૂત હતા. મા પતિને ખેતરના કામમાં મદદ કરતી. બેઉ સંસ્કારી હતાં. આશા રાખતાં દીકરાની. કમનસીબે દીકરાની આશા ધૂળમાં ભળી ગઇ અને ઘેર દીકરી જન્મી ત્યારથી માનું વલણ બદલાઈ ગયું. મને કમને શારદાને મોટી

કરી. ગામમાં સાત ચોપડી ભણાવી અને એને પરણાવી દેવા અધીરાં બન્યાં. સત્તર પૂરાં કરે એ પહેલાં માબાપે બાજુના ગામના વિમલબાબુ સાથે પરણાવી દીધી. વિમલબાબુ સાથે લગ્ન થતાં શારદાનું નસીબ ફરી ગયું. વિમલબાબુને શહેરમાં પોલીસ ખાતામાં નોકરી મળી.

"તમારાં પગલાં પુન્યશાળી લાગે છે!"

"તમારા નસીબની બલિહારી. મારાં પગલાંનો વિચાર ન કરશો. મારો જન્મ થતાં મારી મા અપસેટ થઈ હતી. ભગવાનને હજારો ગાળો દીધી હશે."

"એ ખોટું કહેવાય. હવે જમાનો બદલાઈ રહ્યો છે. દીકરો હોય કે દીકરી હોય સૌ પ્રભુના પયગંબર છે."

વિમલબાબુએ જીવનનું સાચું રહસ્ય સમજાવ્યું. પત્નીની વિનમ્રતા પર એ ખુશ થઈ ગયા. શારદાને સાચા દિલથી ચાહવા લાગ્યા. એમને ઘેર દીકરી જન્મી ત્યારે શારદાને જરાય દિલમાં દુઃખ ન થાય એ માટે એમણે પહેલેથી જ વાતાવરણ ઘડી કાઢ્યું હતું.

પતિપત્નીએ દીકરીને જીવનમાં આવકારી તરુલતા જેવું સુંદર નામ પાડ્યું. પણ લાડમાં એને તરુ કહેવા લાગ્યાં. તરુ થોડી શ્યામ હતી પણ બહુ દેખાવડી હતી. એની અણિયાળી ભ્રમરો અને મોટીમોટી આંખો એને બહુ આકર્ષક બનાવતાં. જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ એની અણિયાળી આંખો અને દેહલાલિત્ય ભલભલાને પણ લોભાવી દે એવાં બની રહ્યાં.

એક દિવસ પાડોશીએ મજાક કરી, "તમારી તરુ બહુ સારા નક્ષત્રમાં જન્મી લાગે છે."

"કેમ એમ કહો છો?"

"જરા સાચવજો. એની કામણગારી આંખો અને એનું સૌંદર્ય કોક દી તમને રડાવે ના!"

"એ અમારી દીકરી નથી, દીકરો છે."

"છૂટછાટની પણ હદ હોય. બહુ ચબાવલી છે. બહુ ચેનચાળા કરે છે. છોકરાઓ સાથે જાણે છોકરો હોય એમ બહુ છૂટથી ભળે છે. કોઇ માથાનો મળશે તો..."

"તો શું?"

"કોઈ ભોળવીને ભગાડી જશે કે કલંકનો ટીકો લગાડી જશે તો રાતદિવસ આંસુ સાર્યા કરશો."

"કોઈની શી તાકાત છે? એનો બાપ પોલીસ ખાતામાં નોકરી કરે છે." શારદા સીધો જવાબ આપી દેતી.

"એક વાર પગ લપસી ગયો કે કોઈ ઉપાડી ગયું પછી એ પોલીસવાળો હોય તોપણ એ શું કરવાનો છે? ઠીક છે. આવી છોકરીને બહુ બહુ તો મૅટ્રિક સુધી ભણાવાય. કૉલેજના દરવાજા ખખડાવવાની ભૂલ ન કરાય."

"મારી દીકરીને જેટલું ભણવું હશે એટલું હું એને ભણાવીશ. જો સારું ભણશે તો એને સારો છોકરો મળશે."

"તમારે શોધવો નહિ પડે. તમારી તરુ જ કોઈનો હાથ પકડી તમારી પાસે આવશે."

લોકોની આવી ટીકા શારદાને ગમે નહિ. શારદાને તરુ પર પૂરો વિશ્વાસ. તરુની સમજ અને હૉંશિયારી પર એ ખુશ હતી. પણ લોકોની ટીકાથી એ ઉશ્કેરાઈ જતી. એને તરુ પર ખીજ ચડતી. તરુ છોકરાઓ સાથે ભળી હસામશ્કરી કરે એ શારદાને બહુ ગમે નહિ. એ એને ધમકાવી દેતી.

"પણ, એથી થઈ શું ગયું?"

"કશું જ નથી થઈ જતું એ હું જાણું છું પણ લોકોની જીભે ઓછાં તાળાં દેવાય છે?"

તરુ કોઈ દલીલ ના કરતી એટલે શારદા ચૂપ થઈ જતી. કૉલેજમાંપણ સખીઓ તરુને માની જેમ સલાહ આપતી, "તરુ, બધા સાથે ચિબાવલાવેડા છોડી દે. કોઈ દેવદાસને પસંદ કરી એને પ્રેમની જાળમાં ફસાવી દે!"

"હું કોઈને મારી જાળમાં ફસાવવા નથી માગતી. એવા કોઈ વિચારથી હું કોઈ સાથે ભળતી નથી. ફ્રી માઈન્ડેડ છું એટલે સૌ સાથે હળું ભળું છું. એમાં ખોટું શું છે?"

"કોઈને દિલ આપી બેસીશ અને મનના મોરલાને બદલે કોઈ બીજા જોડે તારો બાપ પરણાવી દેશે તો? તારો દેવદાસ તારી પાછળ પાગલ થઈ જિંદગીભર તારો પીછો નહિ છોડે! પારોની શી દશા થઈ હતી ખબર છે ને?"

"પરિસ્થિતિને પહોંચી વળતાં મને આવડે છે."

"તારી કામણગારી આંખોના ઉલાળા જરા કાબૂમાં રાખીને હરતી ફરતી રહેજે. નહિતર કોઈ કાનુડો. કામણગારી તરુ ને કાન કાળા.." કોઈ મજાક કરે.

"કાળો હોય તો શું થઈ ગયું? દિલવાળો હશે ને?" બીજું કોઇ કહેતું.

સખીઓની મશ્કરીને એ હસી કાઢતી. કોઈની સાથે જીભાજોડી ના કરતી. છોકરાઓ એને જોઇને જાતજાતના ચેનચાળા કરતા.

"તારી અણિયાળી આંખો.." કોઇ ગાતું ગાતું પાસેથી પસાર થઈ જતું.

"બ્યુટી ટુ સી નોટ ટુ ટચ.." કોઇ બબડે.

તરુ સામે ઊભા રહી એક પણ શબ્દ બોલવાની કોઈની હિંમત નહોતી. સૌ એનાથી આમ તો ડરતા હતા. એ સડસડાટ જવાબ આપી દે કે ગાલ પર તમાચો ચોડી દે એવી હિંમતવાળી હતી.

તરુ ઘેર આવી માને કહેતી, "મા કોઈ ભણેલો, ગણેલો અને સંસ્કારી હોય એવો તારો જમાઈ શોધજે."

"તું ચિંતા ના કર. તારો બાપ મને રોજ કહે છે 'આપણી તરુ માટે પૈસો અને ઘર હોય એ નથી જોવાનું.' નમણો, શાણો અને હૉંશિયાર હોય એટલું જ નહિ સંસ્કારી હોય એવો  શોધવાનો છે."

શારદાદેવીને પતિની સમજ પર માન હતું. એક દિવસ શહેરની કૉલેજમાં ધમાલ થતાં પોલીસ આવી. તરુના બાપ વિમલબાબુ એ વખતે પોલીસ ઇન્સ્પેકટર હતા. એ કૉલેજમાં પહોંચી ગયા. બેચાર છોકરાઓને પકડ્યા. બીજા છોકરાઓને ધમાલનું કારણ પૂછયું. કોઈ કંઈ કહેવા તૈયાર નહોતું.

"કેમ ચૂપ છો? કોઈક તો મારી સાથે પોલીસ ચોકીએ ચાલો અને મને રિપોર્ટ લખાવો."

ઇન્સ્પેકટરની હાકલ સાંભળી એક છોકરો ટોળામાંથી આગળ આવી બોલ્યો, "ચાલો સાહેબ, હું આપની સાથે આવું છું."

પોલીસ ઇન્સ્પેકટર એ છોકરાની હિંમત પર વારી ગયા. એને એમની સાથે જીપમાં લઈ ગયા. એ છોકરાએ વિગતે બધી માહિતી લખાવી. રિપોર્ટ પૂરો થતાં એક નિઃશ્વાસ નાખી બોલ્યો, "સર, પૈસાદારના છોકરા કૉલેજમાં ભણવા નથી આવતા. ધિંગા મસ્તી કરવા અને છોકરીઓની મશ્કરી કરવા જ આવતા હોય છે. તમે કશું નથી કરી શકવાના. એમના બાપ પૈસાના જોરે

આ બધાને સાંજ સુધીમાં છોડાવી જશે. એવી ઓળખાણ લાવશે કે તમારા મોઢા સીવાઈ જશે અને તમારા હાથ લૂલા થઈ જશે."

પોલીસ ઇન્સ્પેક્ટર હસ્યા. છોકરાના છેલ્લા શબ્દો એમના માનસ પર ઘેરી અસર કરી ગયા. "હરિવંશ, કયાં રહે છે?"

" હનુમાન ગલીમાં"

"તારો બાપ શું કરે છે?"

"સરકારમાં કારકુન છે."

"વેરી ગુડ. તારી હિંમત અને સચ્ચાઈ દાદ માગી લે એવાં છે. કીપ ધ સ્પિરિટ. ફરી મળીશું."

હરિવંશને જતો એ જોઈ રહ્યા. છોકરો એમને ગમી ગયો. બેચાર દિવસમાં એમણે એના ઘરની, એના માબાપ અને એ છોકરા વિષે વધુ તપાસ કરી. સારા અને સજ્જન પણ સામાન્ય કુટુંબનો એ ગુણવાન છોકરો હતો. સ્વપ્નસેવી અને ઊંચા આદર્શો ધરાવતો આદર્શવાદી છોકરો હતો. એને વિષે પૂરતી તપાસ કરી શારદાદેવીને બધી વાત કરી. શારદાદેવીના હૈયે આનંદની કોઈ સીમા ન રહી. "ચાલો, આજે જ એને ઘેર જઈએ."

"ગમી તો મને પણ ગયો છે. પણ આમ અધીરી ન બન."

"એમ દિવસો પસાર કરશો તો હાથમાં આવેલો હીરો ગુમાવી બેસશો. એમ કરો. જેમ બને તેમ જલદી એને એક વાર અહીં બોલાવી આપણી તરુ સાથે ઓળખાણ કરાવીએ. એનો શો અભિપ્રાય છે એ જાણી લઈએ."

"સારું. કાલ એ છોકરાને આપણે ઘેર બોલાવીશું. પછી વિચારીશું."

ઇન્સ્પેક્ટર વિમલબાબુએ બીજે દિવસે હરિવંશને મળીને કહ્યું, "મારી પત્નીને તમારી વાત કરી તો તમારા પર એ ખુશ થઈ ગયાં. તમને મળવાની એમની બહુ ઇચ્છા છે. આજે કૉલેજ પછી મારે ઘેર આવી શકશો?"

"જરૂર. મને પણ એમને મળી આનંદ થશે."

"કેટલા વાગ્યે કૉલેજ પૂરી થશે?"

"અગિયાર વાગ્યે."

"હું તમને પિક અપ કરીશ." બરાબર અગિયાર વાગ્યે હરિવંશને પિક અપ કરી ઘેર લઈ ગયા. શારદાદેવીએ છોકરા સાથે થોડી વાતો કરી એને

ચકાસી જોયો. એની સાથેની વાતોએ એમને વધારે પ્રભાવિત કર્યાં. એમને છોકરો ગમી ગયો.

"હું આ કૉલેજ છોડી દેવાનો છું."

"કેમ, ભણવાનો વિચાર નથી?"

"ના, એવું નથી. હું ટાગોરની શાંતિનિકેતનમાં અભ્યાસ કરવા માગું છું. મને લાગે છે કે સાચું શિક્ષણ ત્યાં જ મળી રહે અને સાચું જીવન ત્યાં જ ઘડાય એવું મારું માનવું છે. આજકાલ આ બધી કૉલેજો અખાડા જેવી થઈ ગઈ છે."

એના છેલ્લા શબ્દો બન્ને પર અસર કરી ગયા. એને જમવાનો આગ્રહ કર્યો પણ એ જમવા ન રોકાયો. બહુ આગ્રહ કરીને ચા નાસ્તો કરાવ્યાં. એને વિદાય આપવા બન્ને દરવાજે આવ્યાં એ જ વખતે સામેથી તરુ આવી.

"તરુ, આ હરિવંશ છે. અહીંની કૉલેજમાં ભણે છે. બહુ હોંશિયાર અને આદર્શવાદી છે."

"હલ્લો," કહેતાં તરુએ એની સાથે શેકહૅન્ડ કરવા હાથ લાંબાવ્યો.

હરિવંશ સંકોચાયો. "તરુ બહુ ફ્રી છે. જલદી બધા સાથે ભળી જાય છે."

"ડેડી મારે માટે સાચું કહે છે. મને સજ્જન મિત્રો બહુ ગમે છે. આઈ વિલ એપ્રિશિઍટ યૉર કંપની."

હરિવંશે હસીને કહ્યું, "મને પણ સાફ હૃદયના મિત્રો બહુ ગમે છે. આઇ વિલ ઓલસો એપ્રિશિઍટ યૉર કંપની."

"આપની કૉલેજ પાસે જ વેસ્ટ બંગાલ કૉલેજમાં પહેલા વર્ષમાં છે," તરુના ડેડીએ કહ્યું.

"તો તો ઘણી વાર મળવાનું થશે. બાય નાઉ."

"આવજો," શારદાદેવીએ મલકાઈને કહ્યું.

"ચાલો હું તમને તમારે ઘેર ઊતારી દઉં."

"એવી તકલીફની જરૂર નથી. હું મારી મેળે પહોંચી જઈશ."

"ડેડી કહે છે તો શરમાઓ નહિ," તરુ બોલી.

હરિવંશ જીપમાં બેસી ગયો. જીપ જતાં શારદાબેને તરુને પૂછયું, "કેવો લાગે છે છોકરો?"

"છે તો મજાનો. પણ કેમ એવું પૂછે છે?"

"તને ગમતો હોય તો અમે એના ઘેર જઈ તારે માટે વાત કરીએ."

"કેમ બહુ ઉતાવળ છે મને પરણાવી દેવાની?"

"તારો સમય પાકી ગયો છે, દીકરી. સારું પાત્ર હાથમાંથી સરકી જાય એ પહેલાં નક્કી કરી દેવું સારું."

"પણ એ તૈયાર થવો જોઈએ ને!" ઠાવકાઈથી તરુએ કહ્યું.

"એકવાર એને મળીને એના વિચારો જાણી લઉ પછી તમે વાત કરજો."

"સારું, તારા ડેડીને કહીશ તને એનો ભેટો કરાવે."

"થેંક્સ, મમ્મી."

ચાર દિવસ પછી તરુના ડેડીએ એ બન્નેની મુલાકાત ગોઠવી. તરુને હરિવંશ ગમી ગયો. હરિવંશને પણ તરુના વિચાર, સ્વભાવ, વગેરે ગમી ગયાં. એકબીજાને ઘેર આવતાંજતાં રહ્યાં. બે કુટુંબ વચ્ચે સ્નેહની મીઠી ગાંઠ બંધાઈ. શાંતિનિકેતનમાં તાલીમ પૂરી થઇ એ જ વર્ષે દીકરાને પરણાવી દીધો. ખૂબ જ સાદાઇથી બન્નેનાં લગ્ન થયાં. પાંચ વર્ષ મમ્મી ડેડી સાથે રહી સંયુકત કુટુંબની સોડમ માણી. ડેડી મમ્મીનો સથવારો ગયા પછી દિલ્હી ગયાં. દિલ્હીમાં સુખને હિંડોળે હીંચતાં હતાં એ અરસામાં ઘરમાં આસુનો ઉમેરો થયો. સોનામાં સુગંધ ભળી. બન્નેના આનંદની કોઈ સીમા ન રહી. પતિપત્ની અને આસુનો મંગલ ત્રિકોણ બની રહ્યો. જિંદગી બહુ સારી જીવ્યાં. હરિવંશે એક આદર્શ શિક્ષક તરીકે અને એક સારા પતિ અને પિતા તરીકે ધન્યતા અનુભવી. પતિપત્નીનાં સાથે નિવૃત્ત જીવન ગુજારવાનાં સપનાં ભગવાને પૂરાં ન કર્યાં. હરિવંશે વિદાય લીધા પછી એકલતા અનુભવતી તરુ હિંમત હારી ગઇ. અવારનવાર માંદી પડી જતી.

"મારી આશાનો સૂરજ, મારો આસુ છે. એ ભણી રહે એટલે એને પરણાવી દઈશ. એના બાપનાં અધૂરાં કામો એ પૂરાં કરશે. એને ઘેર પારણું બંધાશે. હું પરીઓની વાતો કહીશ. હાલરડાં ગાઇશ."

તરુ સપનામાં હસી. " શું થયું, માજી?" રુબીએ પૂછયું.

એની સપનાની વણઝાર તૂટી ગઈ.

* * *

# પાંચ

સપનાની વણઝાર તુટી જતાં તરુ બેઠી થઈ.

રુબીને કહ્યું, “કંઇ નહિ બેટા, તું કયારની અહીં જ બેઠી છે?”

“હા. તમારા પગ દબાવતી હતી.”

“જરા પાણી આપ.”

રુબી કિચનમાં પાણી લેવા ગઈ.

પૂનમ કિચનમાં ટિફિન લઈને ઊભી હતી. આસુ સાથે વાતો કરતી હતી.

“આ રુબી છે. મમ્મીની સેવા કરવા આવી છે.”

“મને વસુબહેને એમની વાત કરી છે. હું તમારા ત્રણ જણનું ખાવાનું લાવી છું.”

“નમસ્તે બહેન.”

“નમસ્તે પૂનમ. કાલથી રસોઈ હું બનાવીશ. તને રાહત રહેશે.”

પૂનમ કશું બોલી નહિ, રુબી સામે જોઇ રહી. પાણીનો ગ્લાસ લઈ રુબી માજી પાસે ગઈ. તરુ રુબી સામે ટગર ટગર જોઈ રહી.

‘છોકરી છે તો સુંદર. મારી તો માત્ર આંખો કામણગારી હતી. આ તો બધી રીતે સુંદર છે. આસુ મારી સેવા કરવા લાવ્યો છે કે....’

આગળ કંઈ વિચારે એ પહેલાં રુબીએ પાસે આવી કહ્યું, “લો, માજી.”

પાણીનો ગ્લાસ આપી પૂછયું, “લીંબુંનું શરબત બનાવી લાવું?”

“તને ખબર છે લીંબું કયાં છે?”

“હું શોધી કાઢીશ. તમે ચિંતા ના કરશો. રસોડામાં જ કયાંક હશે!”

તરુએ જ્વાબ ન આપ્યો.

રુબીની હોંશિયારીની પરીક્ષા લેવાનો વિચાર આવી ગયો.

દસ મિનિટમાં લીંબુંનું શરબત લઈને રુબી આવી ગઈ.

"તું તો કમાલ છે. આટલી વારમાં બધું શોધી કાઢ્યું?"

"તમે બધું કેટલું વ્યવસ્થિત ગોઠવી રાખ્યું છે. અણઘડને પણ શોધતાં વાર ન લાગે."

તરુ હસી. એને ખબર પડી ગઈ કે રુબી એની પ્રશંસા કરી રહી હતી.

"દીકરી, ઘર એ ઑફિસ નથી કે બધું વ્યવસ્થિત ગોઠવેલું હોય. કામવાળી પૂનમ બહુ તાકીદવાળી છોકરી છે. વસુબહેને એને સારી ઘડી છે. તેર વર્ષની હતી ત્યારથી એમને ઘેર છે. હું તો બધાં કામો જાતે કરતી. પણ માંદગીને કારણે કંઈ કરી શકતી નથી. હવે હાથપગ ચાલતા નથી. ઓશિયાળી જિંદગી જીવવાની!" તરુના અવાજમાં હતાશાનો સૂર હતો.

"એમ હતાશ ન થાઓ, માજી. હું છું ને?"

"તું કેટલા દિવસ રહેવાની? મહિનો પૂરો થશે પછી તું તો જતી રહેવાની."

"તમે કહેશો તો લાંબો વખત રહીશ. દિલ્હીમાં નોકરી મળશે તો અહીં જ રહી જવાનો વિચાર છે. તમે પેઇંગ ગેસ્ટ રાખશો તો સોનામાં સુગંધ ભળશે. નોકરી કરી આવ્યા પછી તમારાં બધાં કામો કરીશ. તમને તકલીફ નહિ પડવા દઉં."

"તારે રહેવું હોય ત્યાં સુધી રહેજે. મને તારી કંપની ગમશે. આસુની વહુ આવે ત્યારની વાત ત્યારે."

'આસુની વહુ?' રુબી ચમકી.

'નાનપણથી જ આસુનાં લગ્ન નહિ કરી દીધાં હોય ને?' એક સવાલ મનમાં જાગ્યો. માજીને પૂછવાનું મન થયું, પણ પૂછી ના શકી.

"માજી, થોડા દિવસ હું તમારી સાથે જ છું. કંઈ પણ કામ હોય તો મને કહેજો. હું અહીં તમારી સામે જ સૂવાની છું."

"જેવી તારી મરજી. તને જ્યાં ફાવે ત્યાં સૂઈ શકે છે. હવે તું મહેમાન નથી. અમારા ઘરની જ એક વ્યક્તિ છે."

"આપ સૌની આત્મીયતા માટે આભારી છું."

"ગાંડી, સ્વજનોનો આભાર ન મનાય. સારું હવે કપડાં બદલી સૂઈ જા. જરા આરામ કર. ઉજાગરાનો થાક વર્તાય છે."

"માજી! તમે સૂઈ જાઓ પછી હું સૂઈ જઈશ."

રુબી ઊભી થઈ બહાર આવી.

"આસુ, તારા પાયજામાનો સેટ મને આપવો પડશે."

"નો પ્રોબ્લેમ."

આસુએ એનો પાયજામાનો સેટ આપ્યો એ બદલી એની પાસે આવી પૂછ્યું, "હાઉ આઈ લુક?"

"વન્ડરફૂલ. હવે સ્ત્રીઓ પણ રાત્રે પાયજામા પહેરે છે એટલે જરાકે સંકોચ ન અનુભવતી."

"માજીને ખબર નહિ પડે કે આ તારો છે!"

"ના. આ એણે કદી જોયો નથી. મેં અમદાવાદથી ખરીદેલો."

"એકબે દિવસમાં મારાં કપડાં મારે ખરીદવાં પડશે."

"મમ્મી પાસે એના યુવાનીના ઘણા ડ્રેસ અકબંધ પડ્યા છે. તને થાય તો ટ્રાય કરજે. હું મમ્મીને કહીશ કે તારી બેગ ટ્રેઈનમાં કોઈ ઉપાડી ગયું."

"એક સત્ય છૂપાવવા કેટલાં જૂઠાણાંનો આશરો લેવો પડે છે!"

"એ સિવાય બીજો કોઇ સહારો નથી. એનું નામ જ જિંદગી!"

"ગુડ નાઈટ. હું માજી પાસે સૂઈ જાઉં છું."

રુબી તરુની સામેના કોટ પર સૂતી. કશા જ વિચારો કર્યા વિના સૂઈ ગઈ. આગલી રાતનો ઉજાગરો હતો એટલે પડી એવી જ સૂઇ ગઈ.

* *

વહેલી વહેલી ઊઠી તૈયાર થઈ આસુને 'ગુડ મોર્નિંગ' કહી દૂધ ગરમ કરી માજી પાસે જઈ વંદન કરી કહ્યું, "આ દૂધ પી લો. કંઈ નાસ્તો લાવું?"

"ના, અત્યારે નહિ. તમે કરી લો."

નાસ્તો બનાવી આસુ સાથે નાસ્તો કરવા બેઠી.

"આસુ, અહીંથી લાયબ્રેરી કેટલી દૂર છે?"

"કેમ?"

"છાપાંઓમાં જાહેરખબર જોઈ નોકરી શોધવી પડશે ને?"

"નોકરીની બહુ ઉતાવળ છે?"

"એક દિવસ નોકરી તો કરવી જ પડશે. એની તપાસ કરવી છે."

"દસેક મિનિટના વૉકિંગ ડિસ્ટન્સે છે. ગુરુદેવને ઘેર પણ ગુજરાતી,

હિંદી, અંગ્રેજી, બંગાલી બધાં છાપાં આવે છે. એમને ઘેર જતી આવતી રહે તો એમનો વિશ્વાસ સંપાદન કરી શકે.”

“આઇડિયા તો સારો છે. તું મને એમનો ભેટો કરાવજે. નાસ્તો કરીને હમણાં જ જઈએ. તું એમને ફોન કર.”

“એમને ફોન કરવાના શિષ્ટાચારની જરૂર નથી. એમના ઘરના દરવાજા બધા માટે હંમેશ ખુલ્લા જ હોય છે.”

“પણ આરામ કરતા હોય કે...”

“એ સાત વાગ્યે તૈયાર થઈ જાય છે. કાં તો કોઈ મેગેઝિન વાંચતા હશે કે કંઈક લખતા હશે. એમને ક્રિયાશીલ લોકોની કંપની બહુ ગમે છે. ચાલ, એમને મળીને તું જ એમને વિષે તારણ કાઢજે.”

આસુ સાથે રુબી ગુરુદેવને ઘેર ગઈ. દરવાજે બેલ જોતાં બેલ માર્યો.

“પૂનમ જુઓ. કોઈ અજાણ્યું આવ્યું લાગે છે!” અંદરથી મનુભાઈએ બૂમ પાડી.

“હા, ગુરુદેવ. એક અજાણી વ્યક્તિ આપને મળવા માગે છે,” અંદર પ્રવેશતાં આસુએ કહ્યું.

“આવો આવો. રુબીને સાથે લાવ્યો છે? સારું કર્યું.”

રુબીને આશ્ચર્ય થયું. મનુભાઇ એનું નામ પણ જાણતા હતા. પાસે જઈ એણે બે હાથ જોડી વંદન કર્યા.

“બેસો, મને વસુબહેને કાલ તમારી વાત કરી હતી.”

“સારી કે ખરાબ?” વચ્ચે આસુ બોલ્યો.

“એક અજાણી છોકરીને તું છેક અમદાવાદથી અહીં ઘરમાં લઈ આવે પછી સારી વાત તો ન જ હોય ને?” મનુભાઈએ કહ્યું.

રુબી એ સાંભળી ડઘાઈ ગઈ. એને મનુભાઇ જુનવાણી પુરુષ લાગ્યા. એ ગભરાઈ ગઈ. શું બોલવું એ નક્કી ન કરી શકી.

“સાચી વાત છે, ગુરુદેવ. તમારે મન એ અજાણી છોકરી છે. પણ હું એને સારી રીતે ઓળખું છું.”

“ભલા કેવી વાત કરે છે? કોઈ કોઈને સારી રીતે ઓળખી શકતું નથી. અડતાલીસ વર્ષથી વસુબહેન અને હું સાથે રહ્યાં છીએ તોપણ હું એવો દાવો

નથી કરી શકતો કે હું વસુબહેનને સારી રીતે ઓળખું છું. અને તું બેત્રણ વર્ષમાં એવો દાવો કરતો થઈ ગયો! કમાલ છે! બન્ને એક બીજાના પ્રેમમાં તો નથી પડ્યાં ને?"

આસુ પાસે એનો જ્વાબ નહોતો. ગુરુદેવની વાત સમજાતી નહોતી.

'આડાઅવળા સવાલો પૂછી એના અને રુબીના સંબંધ વિષે જાણવા પ્રયાસ તો નહિ કરતા હોય?'

'રુબીને ઘેર લાવ્યો એનો અણગમો નહિ હોય?'

'રૂપાળી છોકરીને જોઈ એમના મનમાં કોઈ શંકા આશંકાઓ ઊભી નહિ થઈ હોય?' રુબી તો ચૂપચાપ આ બધું સાંભળી રહી હતી. ઘડીભર તો ઊભ ા થઈને ચાલી જ્વાનું મન થયું. બંનેને ચૂપ જોઇ વસુબહેન વહારે આવ્યાં, "તમે શું આમ મજાક કરી બંનેને બોલતાં બંધ કરી દીધાં?"

મનુભાઈ ખડખડાટ હસ્યા.

રુબી સામે જોઈ કહ્યું, "તારી ગંભીરતા તારી આંખોમાં સચ્ચાઈનો રણકો રજૂ કરે છે. રુબી, મેં મારી રીતે તમને બંનેને તાવી લીધાં. તમારી પ્રામાણિકતા અને ખેલદિલી બદલ ગર્વ અનુભવું છું."

રુબીના જીવમાં જીવ આવ્યો. મનુભાઈ સામે જોઈ બોલી, "હું તો ગભરાઈ ગઈ હતી... કે કયાં આવીને ફસાઈ ગઈ?"

"રુબી, મને વસુબહેને તારી ઘણી વાતો કરી છે."

"પણ વસુબેનને તો હું બહુ મળી નથી."

"સ્ત્રીઓની આંખો કશું જ કહ્યા કે પૂછયા વિના ઘણું બધું કળી જાય છે. વળી વસુબહેન વર્ષો સુધી બાળકોની વચ્ચે રહ્યાં છે. એમની આંખો સારુંનરસું પારખવા ટેવાઈ છે. રુબી, અમદાવાદમાં કેટલાં વર્ષ રહ્યાં છો?"

"લગભગ આખી જિંદગી."

"અહીં દિલ્હીમાં ગમશે?"

"જ્યાં નોકરી મળે ત્યાં ગમાવવું પડે. આપ પણ મૂળ તો અમદાવાદના ને? અહીં આપને કેવું ગોઠી ગયું છે!"

"અમદાવાદમાં રહેતા લોકોનાં મન અમદાવાદની સાંકડી ગલીઓ જેમ બહુ સાંકડાં હોય છે. મુંબઇ કે દિલ્હીમાં રહેતા લોકોની વાત જુદી છે."

"છોકરીએ એક દિવસ બીજાને ઘેર જવાનું છે એ શીખ એને માના ધાવણમાંથી મળે છે. આસપાસનાં સૌ કોઇ ઊઠતાંબેસતાં એનું ભાન કરાવતા રહે છે. ગમે તેવા વાતાવરણમાં ગોઠવાઈ જવાની કળા એ સારી રીતે શીખે તો જ સુલક્ષણી નાર બની શકે. આજના જમાનામાં છોકરીઓ એ સમજતી નથી એટલે તો છૂટાછેડાના કિસ્સા વધી રહ્યા છે. મારી મા મને બહુ નાની મૂકીને ચાલી ગઈ હતી. પણ એના ધાવણમાંથી મને બહુ સારા સંસ્કાર મળેલ છે. જો કે સંસાર સામે ઝઝૂમવા આપ અને વસુબહેન જેવાં વડીલો પાસેથી હજુ મારે ઘણું બધું શીખવાનું છે. આસુ પાસેથી આપ બંને વિષે ઘણું સાંભળવા મળેલ છે. આજ રૂબરૂ મળી હું ધન્ય થઈ ગઈ છું. એક નિરાધાર બાળાના આપને પ્રણામ..." રુબીએ બે હાથ જોડી પ્રણામ કર્યા.

મનુભાઈ, વસુબહેન અને આસુ એના વિચારોથી પ્રભાવિત થઈ ગયાં.

વસુબહેન બોલ્યાં, "રુબી, તારામાં સારા સંસ્કાર છે. જેના સંસ્કાર સારા એના વિચારો સારા, જેના વિચારો સારા, એનું જીવન સારું. તું જ્યાં જઈશ ત્યાં જરૂર સફળ થઈશ."

"રુબી, તારી વાતમાં તેં તારી જાતને નિરાધાર તરીકે કેમ ઓળખાવી એ કંઇ સમજાયું નહિ," મનુભાઈએ પૂછયું,

"જેને મા કે બાપ ન હોય તેને માટે બીજો કયો શબ્દ વપરાય?"

"સોરી ટુ હીઅર ધેટ. તારાં માબાપ માટે હવે કોઇ સવાલ નહિ કરું. એમને યાદ કરી તારું મન દુભાવવું નથી. જેને કોઈ સહારો નથી એને કયાંક કોકનો સહારો જરૂર મળી રહે છે."

"અમે તને મદદરૂપ થઈશું તો અમને આનંદ થશે." વસુબહેને કહ્યું.

"કોઈક સારી નોકરી કરવી છે. આસુએ કહ્યું કે આપને ઘેર ઘણાં છાપાં આવે છે. મને વાંચવા મળી શકશે? હું વાંચીને પાછાં આપી દઈશ."

"નો પ્રોબ્લેમ. કેવી નોકરી કરવી છે?"

"સમાજમાં અનીતિ, અત્યાચાર, ચરસ, ગાંજો, અફીણ જેવાં નાર્કોટિક્સની બદબો ફેલાવતા હોય એવા લોકોને આકરામાં આકરી સજા અપાવી શકું એવી કોઈ નોકરી મને મળી જાય તો મને ગમે."

"મૅજિસ્ટ્રેટ બને તો જ તું સજા ફટકારી શકે અને તારાં સપનાં સાકાર

થાય!" વસુબહેને કહ્યું.

"રુબી, આઈ એમ પ્રાઉડ ઑફ યૉર ડ્રીમ્સ. એ માટે બહુ ઝઝૂમવું પડશે એનો અંદાજ કાઢ્યો છે?"

"સમય આવે ઝાંસીની રાણી કે મહાકાળી બની શકું એમ છું. એક સ્ત્રી છું પણ ગમે તેવા સંજોગો સામે લડવાની મારામાં તાકાત છે."

રુબીના વદન પર ખુન્નસ પથરાઈ રહ્યું.

મનુભાઈ અને વસુબહેન એ જોઈ શકયાં.

"એની વાત સાચી છે. હું એનાં પરાક્રમોથી માહિતગાર છું. અનીતિ અને અત્યાચાર એ પળ પણ સહી શકે એમ નથી." આસુએ એની વાતમાં સૂર પુરાવ્યો.

"અરજીઓ કરતી રહે. રેફરન્સમાં અમારાં નામ લખજે. મનુભાઈએ સારા સજ્જનો અને સન્નારીઓ ઘડવામાં આખી જિંદગી ખર્ચી છે."

"તમારો એમાં મોટો હિસ્સો છે," મનુભાઈએ ઉમેર્યું.

"વાતોમાં અતિથિભાવના ભૂલી ગયાં. શું લેશો? ચા, કૉફી, કે ઠંડું?"

"વસુબહેન, અત્યારે કશાની ઇચ્છા નથી. આપના પ્રેમભાવમાં એ બધું જ આવી ગયું છે. અમે જઇએ, હવે. તમારો બહુ સમય લીધો," કહેતાં રુબી ઊભી થઈ.

"નજીક તો છીએ. મળતાં રહીશું, આપ બંનેને અમારા પ્રણામ," ઊભા થતાં આસુએ કહ્યું.

"આસુ, તરુબહેન ખાવાપીવાનું ટાળે છે. એ નિયમિત પૌષ્ટિક ખોરાક અને દૂધ કે ફ્રૂટસ લે એ જરૂરી છે. જરા કાળજી લેજે. અમારું ઘણીવાર નથી માનતાં. તારું જરૂર માનશે. પૂનમને મેં તારી વાત કરી છે." વસુબહેને કહ્યું.

"તમે જરાકે ચિંતા ન કરતાં. ગુરુદેવ, હું વસુબહેનને માસી કહેવાની છું."

"તારે જે કહેવું હોય એ કહેજે. બધાં મને વસુબહેન કહે છે."

"તમે મારાં વડીલ છો. મા જેવાં પ્રેમાળ છો. માજી પણ તમારાં બહુ વખાણ કરે છે. તમારે માટે બહુ માન અને પ્રેમ છે એ હું જોઈ શકી છું." રુબીએ ઉમેર્યું.

"અમને પણ એમનો સારો સહારો છે. કોઈની કદી લપછપ કરતાં નથી.

કેટલાક પાડોશીઓને બીજાની બહુ પંચાત હોય છે. લોકોના ઘર ભંગાય એમાં એ લોકો રાજી હોય છે.”

“સુધરેલા સમાજમાં અહીં પણ એવું છે?”

“કાગડા બધે કાળા હોય. માનવ સ્વભાવ બદલવો મુશ્કેલ છે. ટેક કેર!”

રુબી વસુબેનની વાત પરથી સાવધાન થઈ. બહાર નીકળી એણે આસુને પૂછયું, “આસુ કોઈ પૂછે તો મારે મારી શી ઓળખાણ આપવી?”

આસુ પણ ઊંડા વિચારમાં પડી ગયો. બીજાનો એણે કદી વિચાર સરખો નહોતો કર્યો. એણે પાછળ જોયું. વસુબહેન હજુ લોબીમાં જ ઊભાં હતાં. એમની પાસે દોડી જઈ એણે વસુબહેનને પૂછયું, “વસુબેન, રુબી વિષે કોઈ પૂછે તો એની શી ઓળખાણ આપું?”

“કહેજે કે વસુબહેનની ભાણી છે. અમદાવાદથી આવી છે. વસુબહેને મમ્મીની સેવા કરવા બોલાવી છે. ખોટું નથી. રુબીએ મને માસી કહી છે.”

“થેંક્સ.” કહી રુબીની પાસે આવી એ બોલ્યો, “તું વસુબહેનની ભાણી છે એમ કહેવાનું. વસુબહેને તને મમ્મીની સેવા કરવા બોલાવી છે.”

“સરસ. માસી ગ્રેટ છે.”

ઘરમાં પ્રવેશી આસુએ તરુને કહ્યું, “મમ્મી, આજથી રુબી કહે એમ જ કરવાનું. તને જે ખાવું હોય તે કહેજે. રુબી બનાવશે. તું નહિ કહે તો રુબી જે બનાવે તે જરાકે આનાકાની વિના ખાઈ લેવાનું. સમજી?”

તરુ દીકરા સામે જોઈ રહી. મુખ ફેરવી રુબી સામે જોયું.

“માજી, જલદી જલદી સારાં થઈ હરતાંફરતાં થવાનું છે. મારે તમારા હાથની રસમલાઈ ખાવાની છે. આસુ તમને યાદ કરી કહેતો, ‘રસમલાઈ તો મારી મમ્મીની’ ખરું છે?” તરુ મલકાઈ.

“અરે હા, મમ્મી. અમે વસુબહેનને ઘેર ગયાં હતાં. તરુનાં એ માસી થાય. વાતવાતમાં ઓળખાણ નીકળી. ઇટ્સ અ સ્મોલ વર્લ્ડ.”

“બોલો, આજે શું ખાવું છે?”

“ચા ને ટોસ્ટ જ આપ. સફરજન પડ્યાં છે તે કાપી લાવ.”

“એક ગ્લાસ ઓરેન્જ જ્યૂસ પણ પીવાનો છે.”

“સારું. તું કહે તેમ કરીશ. તમે શું ખાવાનાં છો?”

"અમારી ચિંતા નહિ કરવાની," આસુ બોલ્યો.

"કેમ નહિ કરવાની? રુબી મહેમાન છે. એની ચિંતા કરવી પડે.."

"એ હવે મહેમાન નથી. અમારી ચિંતા તું છોડી દે."

તરુ ચૂપ થઈ ગઈ. પૂછવાનું મન તો થઈ ગયું, 'સાચું કહે રુબીને અને તારે શો સંબંધ છે?'

પણ કશું પૂછી ન શકી. રુબી કિચનમાં ચાલી ગઈ.

પૂનમ કચરાંપોતાં કરવા આવી ગઇ હતી. એને જોઇ રુબીએ પૂછયું, "અરે પૂનમ, તું કયારે આવી?"

"તમે બા પાસે વાતો કરતાં હતાં ત્યારે. તમારાં કે આસુભાઈનાં કંઈ કપડાં ધોવાનાં છે?"

"મારાં કપડાંની તું ચિંતા ન કરતી. હું મારાં કપડાં તો ધોઈ નાખીશ. આસુને પૂછ એનાં કંઇ કપડાં હોય તો.."

કપડાં લઈ પૂનમ કપડાં ધોવા ગઈ. જલદી કપડાં ધોઈ રુબીને રસોઈમાં મદદ કરવા લાગી. રુબી એની સાથે વાતો કરી આત્મીયતા કેળવતી રહી.

"રસોઈ તૈયાર છે?" કહેતાં આસુ કિચનમાં આવ્યો.

"કેમ?"

"જલદી જમી લઈએ. જમીને આપણે થોડી ખરીદી કરી આવીએ."

"તને નથી લાગતું કે બેચાર દિવસ માજી પાસે મારે રહેવું જોઈએ."

"બપોરે તો બેચાર કલાક ઊંઘી જશે."

"હું તારી સાથે નીકળી પડીશ તો માજીના મનમાં કોઈ ખોટો ખ્યાલ નહિ બંધાય?"

"તારી મરજી. બાકી મારી મમ્મીનો સ્વભાવ બધા કરતાં જુદો છે. એ બાબતની તું જરાકે ચિંતા ન કરતી."

"હા બહેન. એમને કદી માઠું નથી લાગતું."

"આસુ જમવા બેસ. પૂનમ તું પણ અમારી સાથે જમ."

પૂનમે ના પાડી પણ રુબીએ આગ્રહ કરી એમની સાથે જમવા બેસાડી.

"એક મિનિટ. હું માજીને જમવાનું આપી આવું."

રુબી પ્લેટમાં ખાવાનું લઈ માજી પાસે ગઇ.

"માજી, ભાત અને દહીં લાવી છું. જમીને પછી આરામ કરો."

"તું લાવી છે તો જમવું પડશે."

"માજી, જમીને થોડી ખરીદી કરવા જઇએ?"

"જાઓ. એમાં મને પૂછવાનું ન હોય!"

માજીને જમાડી આસુ, રુબી અને પૂનમે જમી લીધું.

જમીને આસુ અને રુબી સોસાયટીના નાકે બસ સ્ટૅન્ડે આવ્યાં.

બસ સ્ટૅન્ડે એક કાકા ઊભા હતા. "કેમ ભાઇ આસુ તું કયારે આવ્યો?"

"બે દિવસથી. અમીચંદકાકા. મજામાં છો? હિતેનના શા સમાચાર છે?"

"ટોરોન્ટોમાં લીલાલહેર કરે છે. એને કયાં બાપની પડી છે!"

"કેમ એવું કહો છો? પૈસા તો નિયમિત મોકલે છે ને?"

"એમાં કદી મોડો નથી પડતો."

"તો પછી આરામથી જીવો અને ભગવાનની માળા જપો."

"પૈસાની તો મારી પાસે ખોટ નથી. પણ એકલા પૈસાની જીવનમાં જરૂર નથી. આ ઉંમરે કોઇની હૂંફની જરૂર છે. એકલતા માનવીને કોરી ખાય છે. ખરુંને બહેન?"

"હા, કાકા. ખરી વાત છે."

"આ બહેન..."

"એ વસુબહેનની ભાણી છે. અમદાવાદથી મારી સાથે આવી છે. મમ્મી બીમાર છે તે સેવા કરવા."

"નર્સ છે?"

"જે કહો તે. કાકા, પછી મળીશું. અમારી બસ આવતી લાગે છે." આસુએ વાત કાપી નાખી.

"બાય, અમીચંદકાકા." કહી બસ સ્ટૅન્ડે ઊભી રહેતાં બંને બેસી ગયાં.

બસમાં બેસી આસુએ રુબીને કહ્યું, "એ કાકા પંચાતિયા છે. જમીને રોજએકાદ કલાક ચાલવા નીકળી પડે છે. થાક લાગે તો બસ સ્ટૅન્ડના બાંકડે બેસી જાય છે. જેમળે એની સાથે ગામ આખાની લપ કરે છે. યંગ પીપલ હેટ હિમ."

"એવા લોકોને ઇગ્નોર કરવા જોઈએ. તું કે હું એમને સુધારી શકવાનાં

નથી.”

“કોઈનો પણ પીછો છોડતા નથી. આજ સોસાયટીમાં બધે જ વાત ફેલાઈ જવાની કે વસુબહેનની ભાણી તરુબહેનને ઘેર આસુ સાથે આવી છે. તરુબહેનને ઘેર જ રહે છે.”

“વસુબહેનની વાત સાચી છે. બધે જ કાગડા કાળા હોય છે. અમદાવાદ, મુંબઇ કે દિલ્હી જ્યાં જાઓ ત્યાં આવા લોકો ભટકાતા હોય છે.”

“સોસાયટીમાં રહેવાનું છે એટલે એમને ઇગ્નોર કેવી રીતે કરી શકો?”

“તું કહે તો હું એમને લોકોની ટીકા કરતા બંધ કરી દઉં.”

“ફરગેટ હિમ. એમનો દીકરો હિતેન બહુ સારો છે. કેનેડામાં શું કરે છે એની તો મને ખબર નથી. પણ ઉદાર દિલનો છે. અહીં આવે છે ત્યારે સ્કૂલમાં, મંદિરોમાં, સામાજિક સંસ્થાઓમાં પેસા છૂટે હાથે વેરે છે. બીજી બાજુ એનો બાપ બહુ કંજૂસ છે. હિતેન દર વર્ષે જૂન જુલાઈમાં કે દિવાળી પર આવે જ છે.”

“આ વખતે આવે તો એનો ભેટો કરાવજે. એવા સજ્જનને મળીને મને આનંદ થશે.”

“ઓ.કે. રુબી, સોસાયટીની દુનિયા કરતાં બહારની દુનિયા સારી છે. જેનો પરિચય ન હોય એને બીજાની પડી જ નથી હોતી. બાઇબલમાં સાચું જ કહ્યું છે, ‘ગૉડ સેવ મી ફ્રૉમ માય ફ્રેન્ડઝ.’ ખરું ને?”

“સાચો મિત્ર અણીને ટાણે મદદે આવે છે. તારો તાજો દાખલો છે..”

“વેલ… આ દિલ્હી છે. અહીં તને બધું અમદાવાદથી જુદું નથી લાગતું?”

વિશાળ રસ્તાઓ. રસ્તાઓની બંને બાજુ ઊંચાંઊંચાં મકાનો. એક મહાન નગરીની સાખ પૂરતાં હતાં. રસ્તાઓ પર વાહનોની દોડધામ હતી. રસ્તાઓ અમદાવાદ કે મુંબઈની જેમ માણસો અને વાહનોથી ઊભરાતા નહોતા. અમદાવાદ કે મુંબઈમાં શિસ્ત જેવું પણ નથી, અહીં થોડી શિસ્તનો આભાસ થતો હતો. બધી જ જાતની વિદેશી કાર અમદાવાદ કરતાં રસ્તા પર ઘણી બધી હતી.

“લાગે છે કે અહીં લોકો પાસે પૈસા બહુ હશે!”

“કેમ?”

“જો ને કેટલી બધી વિદેશી કાર જોવા મળે છે!”

"તું નવી દિલ્હીમાં છે એટલે. દેશની આ રાજધાની હોઈ અહીં ઘણી બધી વિદેશી કચેરીઓ છે. શિસ્ત અને શિષ્ટાચાર વધુ જોવા મળશે તો પાર્લામેન્ટમાં જાય તો અહીં પણ ખુરસીઓ ઊછળતી તને જોવા મળશે."

રુબી હાસ્ય ન રોકી શકી. એણે સૂર પૂરાવ્યો, "ગામ હોય ત્યાં ઉકરડો તો હોય જ."

"જૂની દિલ્હીમાં ફરે તો આખા દેશનો ગંદવાડ આ શહેરમાં જોવા મળે."

"એટલું બધું ગંદું છે?"

"માત્ર ગંદું જ નહિ, ગંદા, ગુંડા, ચોર, લૂંટારા, બદમાસ, નશાખોર, યુ નેમ ઇટ. મવાલીઓ બાજપક્ષીની જેમ ચારે બાજુ નજર ટાંપી બેઠા હોય છે."

"મેં ક્યાંક વાંચેલું, 'દિલ્હી પ્રદેશે, મથુરા પ્રદેશે નાર્યાઃ ચોરમ વિના ન પ્રસવન્તિ!' એ ખરું લાગે છે."

"એબ્સૉલ્યુટલી રાઇટ. તને નવી અને જૂની દિલ્હીમાં બધે ફેરવીશ. આજે તો તારી જરૂરી ખરીદી કરી ઘેર જઈએ."

"હા, માજી ઘેર એકલાં છે."

"એની ચિંતા ન કરતી. પૂનમ કે વસુબહેન આવી ગયાં હશે. ચિંતા પેલા ડોસાની કરવાની છે. કૂતરાના પેટમાં ખીર ટકે તો એના પેટમાં વાત ટકે!"

"ફરગેટ હિમ."

"ઓ.કે. ઊતર. અહીંનું એક ઉત્તમ બઝાર કૉનોટ પ્લેસ આવી ગયું."

બંને ઊતરી કૅનોટ પ્લેસમાં ગયાં. એ સુપર માર્કેટમાં બધું મળતું હતું.

આસુ એને રેડીમેઇડ લેડીઝ ડ્રેસની એક બે મોડર્ન દુકાને લઈ ગયો.

બેત્રણ દુકાને ફરતાં રુબીને દિલ્હીની ફૅશનનો ખ્યાલ આવી ગયો. અમદાવાદમાં કૉલેજમાં એણે ઘણી છોકરીઓને ફેશનેબલ ડ્રેસ પહેરીને આવતી જોઇ હતી. એ પણ કંઇ ઑર્થોડોક્સ કે જૂના જમાનાની નહોતી. એના ડ્રેસ પણ નવી ફૅશનના અને નવી ડિઝાઇનના હતા. પણ દિલ્હીની શોપના ડ્રેસના ભાવ જોઇ એ છક થઈ ગઈ.

"આસુ, અમેરિકા કે લંડન તો મેં જોયાં નથી એટલે એની વાત નથી કરતી. પણ આપણા લોકો દિલ્હીની સરખામણીમાં હજુ પછાત છે એવું આ બધું જોયા પછી અનુભવી રહી છું. ફૅશનને નામે કેટલું બધું મોઘું છે!"

"આ બધું તને બતાવવા અહીં લાવ્યો છું. નવી દિલ્હીના કૉસ્મોપોલિટન લોકોના ડ્રેસીસનો તને ખ્યાલ આવે એટલા માટે અહીં લાવ્યો હતો. ચાલ, હવે તને બીજા એકબે સ્ટોરમાં લઈ જાઉં. ત્યાં તને તારી પસંદગીના અને તેં જોયા એવા જ ડ્રેસ આનાથી અર્ધી કિંમતે મળશે."

શૉપિંગ સેન્ટરની બીજી બાજુ બંને ગયાં. એકબે સ્ટોરમાં રુબીને અમદાવાદના સ્ટોરની ઝાંખી થઈ.

"તને ખબર છે કે કૉલેજમાં હું જીન જ પહેરતી. હું જીન પહેરું તો માજીને વાંધો નથી ને?"

"તું ફ્રૉક પહેર, સ્કર્ટ પહેર, જીન પહેર કે સાડી પહેર. મમ્મી કશાનો વિરોધ કરે એવી નથી."

"મને જીન વધુ અનુકૂળ પડે છે."

રુબીએ બે જીન, બે સ્કર્ટ, બે ડ્રેસ અને બીજાં જરૂરી કપડાં ખરીદી પર્સમાંથી પૈસા કાઢી બિલ ચૂકવી દીધું.

"જોયું ને, એક જ એરિયામાં બે છેડે કેવો આસમાન જમીનનો ફેર છે?"

"કોઈ અજાણી વ્યકિત જરૂર છેતરાઈ જાય."

"દિલ્હીમાં શૉપિંગમાં બહુ કેરફુલ રહેવાની જરૂર છે. શોપ એવા ભાવ!"

"એક વસ્તુ મને ગમી. ફિક્સ રેટ હોય પછી છેતરાવાનો ભય ન રહે. અમદાવાદમાં રતનપોળમાં કે સી.જી. રોડ પર જાઓ બધે જ ભાવતાલ કરવા પડે છે."

"જો કે ત્યાં પણ અમૂક દુકાનોમાં ફિક્સ રેટ હોય છે ખરા."

"ચાલ, હવે ઘેર જઈશું?"

"દિલ્હીનો આઈસ્ક્રિમ ચાખવો છે?"

"આજે નહિ, ફરી કોઈક વાર. ચાલ જલદી ઘેર પહોંચી જઈએ."

બસ પકડી બન્ને ઘેર આવ્યાં. વસુબહેન માજી સાથે વાતો કરતાં હતાં.

"તરુ, આસુ માટે રુબી કેવી લાગે છે?"

રુબીના પગ થંભી ગયા.

* * *

# ૭

ચૂપકીથી સાંભળવાની જિજ્ઞાસા અવગણી રુબીએ પાસે જઈ કહ્યું, "નમસ્તે, માજી ,નમસ્તે માસી."

"આવી ગયાં?" વસુબહેને પ્રેમપૂર્વક કહ્યું.

"નમસ્તે. તરુ તારાં બહુ વખાણ કરતી હતી." વસુબહેને કહ્યું

"મેં એવું કશું કર્યું નથી જેમાજીને ઇમ્પ્રેશ કરી દે."

"એમની ચકોર આંખોએ તને માપી લીધી લાગે છે!"

"હું અહીં એમની સેવા કરવા આવી છું. મારે મારી ફરજ બજાવવી રહી. તમે ચા પીશો?"

"બેસ. એવી કોઈ ધમાલ કરવાની જરૂર નથી."

"ચાર વાગ્યા. ટી ટાઇમ છે. માજી માટે મોસંબીનો રસ કાઢી લાવું છું."

રુબી કિચનમાં ચાલી ગઈ. આસુને વસુબહેને કહ્યું, "રુબી, સિન્સીયર અને મહેનતુ લાગે છે. સેવાભાવી પણ એટલી જ છે. એને સારી નોકરી મળે એવું ઇચ્છીયે."

"આજે અરજી તૈયાર કરી કાલે બેચાર જગ્યાએ અરજી આપી આવવાનાં છીએ."

"વી વિશ હર ગુડ લક."

"એને અહીં નોકરી મળે અને આપણે ઘેર રહેવું હોય તો રહે. મને ગમશે." તરુએ કહ્યું.

"તારે એને સમજાવવી પડશે. રહેવા તો તૈયાર થશે. પણ મહેમાન તરીકે નહિ. પેઇંગ ગેસ્ટના પૈસા તું લે તો જ રહે એટલી સ્વમાની છે."

"એ બધું હું ફોડી લઇશ. એમાં તને સમજણ ન પડે." તરુએ કહ્યું.

"તરુને એને ઘરમાં રાખવાનો બહુ હરખ છે. જો કેવી મલકાય છે!"

"મમ્મીને કોઇ ગમી જાય પછી એની પાછળ બધું ન્યોચ્છાવર કરી દે એવો એનો સ્વભાવ છે."

"જે છે તે વહેંચીને ખાવામાં જ જીવનનો આનંદ છે. એક દિવસ આ બધું અહીં મૂકીને જજ્વાનું છે. કોઈ કશું સાથે લઈ જતું નથી પછી એની લાય લાય કરવાનો શો અર્થ?"

"તરુની વાત સાચી છે. શિક્ષકનો આત્મા હજુય આ ઘરમાં ગૂંજ્યા કરે છે. તરુએ પતિના સંસ્કાર પચાવ્યા છે, એટલું જ નહિ, જીવનભર એ જાળવી રાખશે."

"ગુરુદેવ અને આપની છાયાની પણ અસર ખરી ને!" આસુએ સૂર પુરાવ્યો.

"બધા કંઇ સારું ગ્રહણ કરતાં નથી. અહીં આવતી હતી ત્યારે અમીચંદ રસ્તામાં મળેલા. મને મારી ભાણી વિષે પૂછતા હતા. મેં સલાહ આપી કે બીજાની પંચાત છોડી ભગવાનનું નામ ભજો. કંઈ બોલ્યા વિના ચાલ્યા ગયા. એ ડોસાને ગામ આખાની પંચાત કરવાની ટેવ પડી ગઈ છે. મરશે ત્યાં સુધી એ સુધરવાનો નથી."

"બિચારા શું કરે? એકલા છે. બૈરી પણ એમનાથી ત્રાસીને દીકરા સાથે રહેવા ચાલી ગઈ. દીકરા સાથે બિચારી સુખી લાગે છે. દીકરો સારી કેર લે છે. એ લહેરી લાલા કેનેડામાં મહાલે છે. દુનિયા આખાનો વિચાર કરે છે. પણ બાપની અવદશા વિષે વિચારતો લાગતો નથી. માનસિક રીતે એ બિચારા પડી ભાગ્યા છે. કોઈ સાથે વાત કરવા કોઈ તો વિષય જોઈએ ને!"

"મને લાગે છે કે એ સાયકિક છે. પૈસો છે, બંગલો છે, બધી જાતનું સુખ છે. આ ઉંમરે બીજું જોઈએ પણ શું?" વસુબહેને કહ્યું.

"હૂંફ, માસી કોઇ આપ્તજનની હૂંફ!"

"બનવાજોગ છે. દીકરાના વિચિત્ર વલણ પાછળ જરૂર કંઇક ગુપ્ત કારણ હશે! એની મા પ્રત્યેની વધુ પડતી લાગણી બાપ પ્રત્યે અણગમો જન્માવતી હશે."

"ઘણી બધી સારી વાતો કરવા જેવી છે. કરશે તેવું ભોગવશે! ડોસાની આંતરડી કકળાવી એ સુખી નથી થવાનો! મૂકો એની લપ. રુબીના હાથની

ચા પીઓ." તરુએ વાત બદલી.

"ખાંડ મેં ઓછી નાખી છે. જેને વધારે જોઈએ તે લઈ લેજો," ત્રણ કપ ટેબલ પર મૂકતાં રુબીએ કહ્યું.

કિચનમાં દોડી જઈ પાછી આવી,"આ તમારો મોસંબીનો રસ, માજી. ચાખો, મીઠો છે?"

"તારા હાથનો સ્પર્શ થતાં મીઠો નહિ હોય તો પણ મીઠો થઈ જશે." તરુએ મલકાઈને કહ્યું.

"એક વાત ચોકકસ છે રુબી, તરુમાં તું નવજીવન લાવી રહી છે. એની હતાશા અને નિરાશાની જગ્યાએ તું અનોખો મલકાટ લાવી રહી છે."

"માજી હરતાંફરતાં થાય અને હસતાં રહે તો મને પણ આનંદ થશે! મારું અહીં આવવું હું સફળ માનીશ."

"બે બાળકોની હૂંફ મોટામાં મોટી દવા છે!" વસુબહેને કહ્યું.

"થોડા દિવસ રુબીને અમીચંદકાકાને ઘેર મોકલો. કાકાને પણ થોડી હૂંફ મળી રહેશે." આસુએ મજાક કરી.

"તને ભારે પડતી હોઉં તો મને વાંધો નથી!"

"બેટા, એમ અપસેટ ન થા. એ તો જરાક મજાક કરે છે."

"મને ખબર છે, માજી. તમે કેમ અપસેટ થઈ ગયાં?"

"મને એમ કે તને ખોટું લાગશે!"

"એવો વિચાર સરખો ના કરતાં. મને કોઈ બાબતમાં કશું ખોટું નથી લાગતું."

"થોડા દિવસ સાથે રહેશો પછી આવા કોઈ સવાલ ઊભા થશે જ નહિ." વસુબહેને પ્રેમથી કહ્યું.

"તમે બંને વાતો કરો. અમે અરજી તૈયાર કરીએ."

આસુ અને રુબી બીજા ખંડમાં ગયાં.

રુબી વર્તમાનપત્રો લઇને બેસી ગઇ. કેટલીક જાહેરખબરો વાંચી ટિક કરી. જુદા કાગળમાં વર્તમાનપત્રોમાંથી સરનામાં નોંધી લીધાં.

આસુએ એની પાસે જઈનેપૂછયું, "કયાંય નસીબ અજમાવવા જેવું લાગે છે?"

"થોડાંક સરનામાં નોંધ્યાં છે. તારો અભિપ્રાય મેળવી તું કહે ત્યાં અરજી આપવા વિચાર છે."

"લાવ, મને જોવા દે."

રુબીએ એ બધાં સરનામાં એને આપ્યાં. ચીવટથી એ વાંચીને એણે કહ્યું, "તારી પસંદગી પર મારે કંઈ જ કહેવા જેવું નથી. યુ આર વેરી સ્માર્ટ. રુબી ગમે તે ફીલ્ડમાં જઈશ તું જરૂર સફળ થઈશ."

"દિલ્હીંથી પરિચિત થવા મને ભોમિયાની જરૂર પડશે. તું ભોમિયો બનીશને?"

"આવો સવાલ કરવાનો હોય જ નહિ. જસ્ટ આસ્ક મી."

"તારી આત્મીયતા અને લાગણીનો બદલો હું કયા ભવે ચૂકવી શકીશ?"

"આત્મીયતા અને લાગણીનો બદલો વાળી શકાતો નથી. આ બધું તો જીવનમાં અનુભવવા જેવું છે. હૈયાના એકાદ ખૂણામાં એ જિંદગીભર સંઘરી રાખવાનું હોય છે. અવારનવાર એ બધું યાદ કરી એક પ્રકારની ધન્યતા અનુભવતા રહેવાનું. આત્મીયતા કે લાગણી બે પક્ષે હોય તો જ એ ચિરંજીવ બની રહે છે."

"આપણા સંબંધો ચિરંજીવ બની રહે એવી મારી અપેક્ષા છે, આસુ."

"ભાવિ તો કોણ કળી શક્યું છે?."

"એવું કેમ કહે છે? માનવી ધારે તે કરી શકે છે."

"નોટ ઑલવેઝ. મેન પ્રપોજીસ, ગૉડ ડિસ્પોઝીસ. જીવનમાં કયારેક વ્યવહારુ બનવું પડે છે."

"તું કયારેક ફિલોસોફીભરી વાતો બહુ કરે છે."

"સાવ સરળ વાત છે. ધાર કે તારાં ક્યાંક લગ્ન થઈ જાય કે મારાં ક્યાંક લગ્ન થઈ જાય અને આપણા પાર્ટનરને આપણા સંબંધો મંજૂર ન હોય તો કમને પણ એનો અંત લાવવો પડે છે. આપણા સંબંધો શુધ્ધ હોય, નિર્દોષ હોય, પણ સામી વ્યકિતને એ પસંદ ન હોય તો લાચાર બની નછૂટકે જીવનમાં ટર્ન લેવો પડે છે. એક વાર શંકાનું બીજ ઘર ઘાલી જાય પછી કુટુંબમાં ક્લેશ ઊભો થાય છે અને સુખી જીવન રોળાઈ જાય છે. એના કરતાં અંતરમાં

બધી યાદને સંઘરી છૂટા પડી જવું એ જ હિતાવહ છે.”

“હું વિશાળ દિલની છું, આસુ. મારા મનમાં મારા પાર્ટનર વિષે કદી શંકાનું બીજ નહિ રોપાય.”

“એ કહેવું સહેલું છે. પણ જીવનમાં ઉતારવું અઘરું છે. એક પછી એક એવા પ્રસંગો બનતા રહે છે કે જે મગજને કુંઠિત કરી દે છે અને સાનભાન ભૂલી જવાય છે.”

“સાચી વાત છે. કયારેક આપણે સૌ પરિસ્થિતિનો શિકાર બનતા હોઇએ છીએ.”

“નાઉ, યુ અન્ડરસ્ટૅન્ડ ધ ફેક્ટ. આપણે આડે પાટે ચડી ગયાં. તેં અરજી તૈયાર કરી દીધી?”

“હા. લે વાંચી જા.”

અરજી વાંચી એણે એક બે સુધારા સૂચવ્યા. રુબીને એ ગમી ગયા.

“રેફરન્સમાં મનુભાઈ અને વસુબહેનનાં નામ લખીએ?”

“એક જ ફેમિલીનાં બે નામ સારાં નહિ લાગે.”

“બીજું નામ કોનું લખીએ?”

“અમારી શાળાના એક જૂના શિક્ષક પરમાનંદભાઈ દવે શિક્ષણ ખાતામાં એજ્યુકેશન ઇન્સ્પેકટર તરીકે કામ કરે છે. કાલે સવારે એમને મળી એમની સંમતિ લઇ હા પાડશે તો એમનું નામ લખીશું. અરે હા, કાલે કોઈ કોમ્પ્યુટર પ્લેસમાં જઈ આ અરજી ટાઇપ કરી ડિસ્કમાં સેવ કરી દઈશું.”

“ગુડ આઇડિયા. હું માજીને દૂધ અને ખીચડી આપી આવું. તને ખીચડી ભાવશે?”

“ખીચડી કેમ ન ભાવે? રુબી, તારા હાથનું બધું જ ખાવાનું મને મીઠું લાગે છે. તું રસોઈ એટલી સરસ બનાવે છે કે કયારેક તારાં આંગળાં કરડી ખાવાનું મન થાય છે!.”

“લે કરડી ખા. પણ લોહી ન કાઢતો. આ બે હાથે મારે હજુ ઘણાં કામો કરવાનાં છે!” કહેતાં એણે ભોળા ભાવે બે હાથ લાંબા કર્યા.

આસુએ એના બે હાથ પકડી ચૂમી લીધા. હાથનો સ્પર્શ થતાં એણે ઝણઝણાટી અનુભવી. અંતરના તાર ઝણઝણી ઊઠ્યા. અંગેઅંગ

થનગની રહ્યાં. આખું શરીર ધ્રૂજવા લાગ્યું.

"આ શું, આસુ? કેમ ધ્રૂજી રહ્યો છે?" અનિમિષ નયને આસુ સામે જોઇ રુબી બોલી.

"કશું જ નહિ. આઇ ઍમ સૉરી ફૉર માય ઍટિટ્યુડ."

"તેં કશું નથી કર્યું. એક મિત્ર તરીકે હૃદયની લાગણી વ્યકત કરી છે."

"ના... ના. રુબી મારા હૈયે એકદમ કોઈ જુદા જ ભાવ જાગી ઊઠ્યા હતા. મેં પાપ કર્યું લાગે છે. મને માફ કર. મારો કોઈ જ બદઇરાદો નહોતો."

"સ્વસ્થ થા, આસુ. જે કંઇ તેં કર્યું એ યૌવનનો ઊભરો હતો. બે યુવાન હૈયાં સામસામે હોય ત્યારે એવું કંઈ ન થાય તો એ અનનેચરલ કહેવાય!"

"તને કોઈ વખત એવું થયું છે ખરું?"

"હા, એક વાર નહિ અનેક વાર. આપણા બન્નેના હૈયે પરસ્પર માટે ઊંડી લાગણી છે. હું એને હજુ પ્રેમનું નામ નહિ આપું. સ્ટવ પર મૂકેલા દૂધને જેમ ગરમી મળતાં ઊભરો આવે છે એમ એ પણ યૌવનનો ઊભરો કહીશ. એકાન્ત ખરાબ છે. સંજોગો કયારેક ભાન ભુલાવે છે."

"સાચી વાત છે, રુબી. આપણેસાથે રહેવાનાં છીએ. આવા સંજોગો ઘણા ઊભા થશે. તારે કે મારે સજાગ રહેવું પડશે. હા, પણ પ્લીઝ જરાય મિસઅન્ડરસ્ટૅન્ડિંગ ઊભી ન કરતી. બહુ જલદી દુર્ભાવ ખંખેરી નાખી મનને સ્વચ્છ કરી દેજે."

"ચાલો, આજે મનની કેટલીક વાતો સ્પષ્ટ થઈ એ સારું થયું. મનમાં લઈને ફર્યા કરવું અને મનને તંગ રાખવું એના કરતાં આમ સ્પષ્ટતા કરી લેવી એમાં જ આપણા શુધ્ધ સંબંધોની સિધ્ધિ છે."

"હા રુબી, આ બે હાથે તારે ઘણાં સારાં કામો કરવાનાં છે. એમાં મારો તને પૂરતો સહકાર હશે એની સાખ રૂપે મેં તારા હાથ ચૂમ્યા છે. ડોન્ટ મિસઅન્ડરસ્ટૅન્ડ મી, પ્લીઝ."

"હું સમજું છું. હવે પ્લીઝ, સોરી, થેંક્સ એ બધા ઔપચારિક શબ્દો છોડી દે."

"એ તો કદી નહિ છૂટે. મારા જીવનનો એ એક ભાગ છે."

"ઓ કે મિસ્ટર આસુ. માજીને જમાડી આવું પછી આપણે જમી લઇએ."

રુબી માજીને જમાડવા ગઈ.

"ખીચડી તેં બનાવી?" એક કોળિયો મોઢામાં મૂકી તરુએ પૂછયું.

"મીઠું વધારે છે?"

"ના, પરફેક્ટ છે. તમારે ઘેર આવી છૂટી બનાવતા?"

"હા. મને ઢીલી નથી ગમતી."

"આસુના ડેડીને પણ આવી છૂટી ખીચડી ગમતી. જો કે એમનામાં બહુ સારો ગુણ હતો. ખાવા બાબતમાં કદી પણ કચકચ ન કરતા. ભાણામાં જે પીરસો તે હાંસે હાંસે ખાઇ લેતા."

"આસુ એમનાં બહુ વખાણ કરતો રહે છે."

"હા, બેટા. બહુ શાંત સ્વભાવના હતા. ભાગ્યે જ ઉશ્કેરાઈ જાય. એક બાબતના બહુ આગ્રહી. કયાંય જવાનું હોય અને હું સમયસર તૈયાર ન થઈ જાઉ તો એ ગુસ્સે થઇ જતા."

"તો તમે એમનો ગુસ્સો જોયો છે ખરો!"

"હા, પણ બે મિનિટમાં શાંત થઈ જાય અને કહે 'આપણે ભણેલા ગણેલા જો સમયસર ન પહોંચીએ તો આપણામાં અને અભણમાં શો ફેર?' ચાલો, જલદી કરો."

"પુરુષો બહુ જલદી ગુસ્સે થઈ જતા હોય છે. તમે ગુસ્સાને ઓગાળી રસિક જીવન જીવ્યાં લાગો છો. તમે સાજાં થઈ જાઓ પછી તમારા સુખી દાંપત્યજીવનની કેટલીક રસીલી વાતો સંભળાવજો. હમણાં તો જમીને આરામ કરો."

રુબી જતાં તરુ હરિવંશ સાથેના સુખી દાંપત્યજીવનની યાદો વાગોળવા લાગી.

* *

પૂનમને રુબીનો સ્વભાવ ગમી ગયો. એનું કોઈ સ્વજન હોય એવું લાગવા માંડયું. એનું અધું કામ એ કરી લેતી. વસુબહેનની જેમ રુબી એને એક કામવાળી નહિ પણ પોતાની બહેન ગણવા લાગી.

"બહેન, એક વાત પૂછું?"

"પૂછ ને!"

"તમે અમદાવાદમાં આસુભાઈ સાથે રહેતાં હતાં?"

"કેમ એવું પૂછે છે?"

"અમસ્તુ જ. આસુભાઈ સાથે આવ્યાં એટલે!"

"ના, પૂનમ. આસુ અને હું એક કૉલેજમાં હતાં એટલે થોડી ઓળખાણ ખરી. પણ હું તો વસુબહેનની ભાણી છું. માજી માંદાં છે અને મારે રજાઓ છે એટલે હું એની સાથે આવી છું. એકાદ બે મહિનામાં પાછી જતી રહેવાની."

રુબીની વાત સાંભળી પૂનમને રુબી માટે માન ઊપજ્યું. એ જુદું જ ધારી બેઠી હતી. એણે કલ્પના કરી હતી કે આસુ રુબીની ફિયાન્સી હશે. એ તરત જ બોલી, "સોરી બહેન. મારી ગેરસમજ માટે."

"તું શું માની બેઠી હતી?"

"મને એમ કે તમે આસુભાઈનાં ગર્લ ફ્રેન્ડ હશો.."

"અંગ્રેજી ભણી છે?"

"છ ધોરણ ભણી ઊઠી ગઈ હતી. બે વર્ષ અંગ્રેજી ભણેલી. વસુબહેનને ઘેર રહી અંગ્રેજી લખતાંવાંચતાં શીખી. એમને ઘેર વર્ષોથી છું. એટલે થોડુંગણું સમજતી થઈ ગઈ છું. સૉરી બહેન. આખરે અમે કામવાળાં એટલે ઓછી બુધ્ધિનાં ને!"

"કોણે એવું કહ્યું?"

"મારો વર કહેતો હતો."

"તું પરણેલી છે?"

"હા બૂન. બાર વર્ષની હતી અને માએ મને પરણાવી દીધી હતી."

"તારો વર શું કરે છે?"

"મૂઓ. ખબર નહિ જીવે છે કે મરી ગયો. એની વાત જ ન પૂછો બહેન!"

"કેમ, એની સાથે નહોતી રહેતી?"

"ના બહેન, એ વાત લાંબી છે. કો'ક દિવસ કહીશ."

"કો'ક દિવસ શું કરવા? આજે જ કહે."

"મારો વર મારા કરતાં ચાળીસેક વર્ષ મોટો હતો."

"કેમ? નાતમાં છોકરાઓની કમી હતી તે એની સાથે પરણાવી?"

"ના એવું નહોતું. પણ મારી મા મારા બાપની ક્રિયા કરવા એની પાસેથી

હજારેક રૂપિયા લાવી હતી. વ્યાજ ચડાવી ચડાવી નવ દસ હજારનો આંકડો કર્યો. રોજ મારી મા પાસે ઉઘરાણી કરી ધમકી આપે. એક દિવસ મારી મા સાથે મારો સોદો કર્યો. મારી માએ મને એની સાથે પરણાવી દીધી. એ દિવસે હું ખૂબ રડી. પેલા ડોસલાને જોઉં અને એનું ખૂન કરવાનું મન થઈ જાય. પણ મારામાં એવી હિંમત નહોતી. કો'ક દિવસ મા પાસે જઈ રડીને મન હલકું કરતી. મા મારી અવદશા જોઈ પડી ભાંગી. એની સાથે મને પરણાવીને એ બહુ પસ્તાઈ. છેવટે કૂવામાં પડી આપઘાત કર્યો. હું બહુ રડી. પરણીને સાસરે ગઈ ત્યારે પણ એટલું નહોતી રડી. મારા નસીબને દોષ દઈ પરિસ્થિતિને અનુકૂળ થવા પ્રયત્ન કરતી રહી. પેલા ડોસલાને મારા શરીર સિવાય કશામાં રસ નહોતો. ધીરધારનો ધંધો કરતો એટલે આખો દિવસ નવરો જ હોય. એના મોટા ઘરમાં જ એક નાની રૂમમાં એની ઑફિસ. નવરો પડે એટલે ઘરમાં આવે. 'મારા પગ દબાવ. મારું માથું દબાવ. મને માલીસ કર. આ કર. તે કર. ખરું કહું તો એને મારા શરીરમાં જ રસ હતો. હું એની અવગણના કરું તો મને મારે."

"એ વખતે તારી ઉંમર કેટલી હતી?"

"તેર વર્ષની. બહેન, એ ઉંમરે એણે મને પ્રેગ્નન્ટ બનાવી. હું તો ધ્રૂજી ઊઠી. મને કંઇ જગતાગમ નહિ. છેલ્લા દિવસો સુધી એ મારા શરીરને ચૂંથતો રહ્યો. હું સહન ન કરી શકું અને આજીજી કરું તો કંઈ સાંભળે જ નહિ. એક દિવસ કંઈક લાવીને મને પીવડાવ્યું. સારું થયું બહેન કે એબૉર્શન થઈ ગયું. હું મા ન બની એ સારું થયું."

"મા ન બની એને તું સારું થયું એમ કહે છે?"

"હા, બહેન મારે એનાથી છુટકારો જોઈતો હતો એટલે સારું જ થયું. હું એકલી હોઉં તો મારી જાતને સંભાળી શકું. છોકરું લઈને કયાં જાત? એને એબૉર્શનની ખબર પડે એ પહેલાં ગામ છોડીને બસમાં ભુવનેશ્વર પહોંચી. પેટનો ખાડો પૂરવા સ્ટેશન પર ભીખ માગવા લાગી. મને બીક હતી કે મારો વર મૂઓ મને શોધીને પાછી એને ઘેર લઈ જશે. એ બીકને કારણે રાત્રે જ ભીખ માગતી. ચોથા દિવસે સ્ટેશન પર વસુબહેન સામે હાથ લંબાવ્યો.

બહેન મારી આંખોનું દર્દ પામી ગયાં હોય કે ગમે એમ પણ વસુબહેને

પાસે બોલાવી પૂછયું, "તારી ઉમર કેટલી છે?'

'તેર વર્ષ.'

'સ્કૂલે જવાની તારી આ ઉમર છે. ભીખ કેમ માગે છે?'

'વખાના માર્યા...' કહેતાં મારી આંખો ભીની થઈ ગઈ.

વસુબહેનનું દિલ પીગળી જતાં મને પૂછયું, 'તને કામ કરવું ગમે?'

'ગમે તે કામ કરવા તૈયાર છું, બહેન!'

'મારે ઘેર આવવું છે? ઘરનું કામ કરજે અને થોડું ભણજે.'

'હા બહેન, કોઇ ભગવાને જ તમને મારે વહારે મોકલ્યાં લાગે છે.'

વસુબહેન અને સાહેબ ભુવનેશ્વર કોઇ કૉન્ફરન્સમાં આવ્યાં હતાં એ દિવસે સ્ટેશન પર વસુબહેનનો ભેટો થવો એ મારા જીવનની એક ધન્ય ઘડી હતી. એમને મારા પર દયા આવી અને મને અહીં લાવ્યાં. એ દિવસથી હું એમની સાથે છું. બહેને મને એક દીકરી જેમ સાચવી છે. બહુ સુખી છું, બહેન. પેલા નખ્ખોદિયાના પંજામાંથી કાયમ માટે છૂટી એનો આનંદ છે."

"પેલા ભાઈનું શું થયું?"

"મને ખબર નથી, બહેન. બેચાર દહાડા દોડાદોડી કરી હશે. એને કયાં મારે માટે કોઈ લાગણી હતી! એવા નરાધમ પર દયા પણ ન આવે! સાહેબ અને બહેને માબાપથી પણ સારી રીતે મને રાખી મોટી કરી છે. જીવશે ત્યાં સુધી એમના પગ પૂજીશ. એમનો સદ્ભાવ ન હોત તો કયાંક નરકમાં સબડતી હોત. એમણે ઘણા લોકોને જીવનનો સાચો રાહ બતાવ્યો છે."

પૂનમની વાત સાંભળી રુબીના હૈયે ઊકળતા તેલના કડામાં જાણે કોઈએ વધુ તેલ ઉમેર્યું. એ ગુસ્સે થઈ ગઈ. ઉકળાટ બહાર ઠલવાઈ જાય એ પહેલાં વિચાર આવ્યો, 'ના, ના. બધા પુરુષો સરખા નથી હોતા. એક બાજુ મારો બાપ. પૂનમનો વર. બીજી બાજુ મનુભાઈ, આસુના બાપ. સજ્જનો પણ આ દુનિયામાં ઓછા નથી. ગીતામાં કહ્યું છે એમ યાતતાયીઓને હણવામાં પાપ નથી. એ યાતતાયીઓને ખૂણે ખૂણેથી શોધી ગધેડા પર બેસાડી સારાય બજારમાં ફેરવવા જોઈએ..'

એણે પૂનમને પૂછયું, "તને કદી લગ્ન કરવાનો વિચાર નથી આવતો?"

"કોક વાર આવે ખરો. કોઈને પરણું. સંસાર માંડું. મારી એક દુનિયા

સર્જું. એક બે બાળકો હોય. મારું નાનકડું સ્વર્ગ હોય. પણ...”

“કેમ અટકી ગઈ?”

“થાય છે એવાં કોઈ સપનાં જોવાનો કોઈ અર્થ નથી. જીવનમાં એવું સુખ ન લખાયું હોય તો પાછી જિંદગી રોળાઈ જાય. એના કરતાં જ્યાં છું ત્યાં બહુ સુખી છું. મારાં પાલક માબાપની સેવા કરતી રહીશ અને એમાં જ મારી જિંદગીનો આનંદ માણતી રહીશ.”

પૂનમની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. પૂંઠ ફેરવી આંસુ લૂછી ઊભી થઈ, “ચાલો બહેન. બહુ વાતો કરી. તમને ખોટાં દુખી કર્યાં. બહુ કામ કરવાનાં છે. તમને રસોઈમાં મદદ કરું?”

“તને રસોઇ આવડે છે?”

“સાહેબને ઘેર હું જ રસોઇ બનાવું છું. બેચાર દિવસ અહીં રસોઇ કરી પણ માજી માટે બહેને જ એમને ઘેરથી ટિફિનની વ્યવસ્થા કરી.”

“હવે થોડા દિવસ તને થોડી રાહત રહેશે.”

“બહેન, મને કામનો કદી કંટાળો નથી આવતો. કામ કરે એ જીતે. ઘરને એવું ચોખ્ખું રાખું છું કે ન પૂછો વાત. બહેન રોજ કહેછે જ્યાં ગંદવાડ હોય ત્યાં લક્ષ્મી ન આવે...”

“બહેનને ઘેર બહુ લક્ષ્મી છે?”

“જે દયાની મૂર્તિ હોય એના કોઠાર હંમેશ ખાલી જ હોય છે. સાહેબથી કોઇની લાચારી જોઇ શકાતી નથી. અજાણ્યાને પણ પૈસાની જરૂર હોય તો મદદ કરે છે. બહેન પણ કદી રોકતાં નથી. કહે છે જેના નસીબનું હોય તે લઇ જાય છે. ચાર હાથવાળો છે ને! કેવા સરસ વિચારો!”

“સારું જા તું તારાં કામ પતાવ, હું રસોઈ કરી દઉં છું.”

સામેથી આવતા આસુને પૂછ્યું, “આસુભાઈ, કપડા ધોવાનાં છે?”

“એક શર્ટ છે. મેં બાથરૂમમાં મૂક્યું છે.”

પૂનમ બાથરૂમ તરફ ગઈ. આસુ રુબી પાસે રસોડામાં ગયો.

“બહુ વાતો કરી પૂનમ સાથે?”

“તું ક્યાં હતો?”

“પાસેની રૂમમાં વાંચતો હતો. એકાએક મારી નજર પૂનમ પર પડી.

એની આંખમાં આંસુ જોતાં મારું ધ્યાન એની તરફ ગયું. મેં એની કોઈ વાત સાંભળી નથી. પણ તને પૂછું છું એ કેમ રડતી હતી?"

"એની કરમકહાણી મને કહેતાં એ રડી પડી."

"મને લાગતું નથી પૂનમે કદી કોઈ પાસે હૈયું ખોલ્યું હોય! પૂનમે પહેલવહેલાં તારી પાસે દિલ ખોલ્યું લાગે છે! હું પણ એના વિષે કંઈ જ જાણતો નથી. તારા પર બહુ જલદી એણે આત્મીયતા કેળવી દીધી."

"બિચારીનું દિલ બહુ ભરાઈ આવ્યું હતું."

"પૂનમ બહુ કપરું જીવન જીવી છે, ખરુંને?" આસુ રુબી સામે જોઈ રહ્યો એના જવાબની આશાએ!

"મારે એની વાત કોઈને ન કહેવી જોઇએ. પણ એના ભલા માટે તું જાણે એ જરૂરી છે. પ્લીઝ કદી કોઈને કહેતો નહિ."

રુબીએ ટૂંકમાં પૂનમની વાત કરી. વાત પૂરી થતાં રુબીની આંખો ભીની થઇ ગઈ. આસુનું હૈયું પણ પીગળી ગયું.

"રુબી, સંસારમાં બધું જ દુઃખ સ્ત્રીએ જ શા માટે સહન કરવું પડે છે?"

"પુરુષપ્રધાન સમાજ છે એટલે."

"તમારે સ્ત્રીઓએ હવે બંડ પોકારવાની જરૂર છે. પરણ્યા પછી ગમે તેટલું ભણેલી સ્ત્રી પણ કેમ પુરુષથી દબાઇ જાય છે?"

"એ સહનશીલતાની મૂર્તિ છે. પરિસ્થિતિને અનુકૂળ થવા પ્રયત્ન કરે છે. એ પુરુષ સામે ઊંચા અવાજે બોલી શકે પણ એ પતિની આમન્યા રાખે છે. ઊંડેઊંડે એને પ્રેમ કરે છે. સ્ત્રી એ ત્યાગમૂર્તિ છે. જીવનનું બલિદાન આપતી રહી છે. પતિ અને કુટુંબના સુખ માટે એ અપમાનો કે કટુવચનો ગળી જતી રહી છે. પણ હવે એ બધામાં પરિવર્તન આવી રહ્યું છે. એ અવાજ ઊંચો કરી સામનો કરતી થતી જાય છે. એને સ્વમાન વહાલું છે અને સ્ત્રી પુરુષના સરખા હક્ક છે એની પ્રતીતિ કરાવવા લાગી છે. પરસ્પર પ્રેમ કે આત્મીયતા કે મનમેળ વિનાના જીવન કરતાં અલગ થઈ જવું એ સમજ સ્ત્રીઓમાં વધતી જાય છે. રામાયણકાળમાં સીતાને અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડ્યું હતું. આજની સ્ત્રી પુરુષને અગ્નિપરીક્ષામાંથી પસાર થવા અનુરોધ કરી શકે એટલી હિંમતવાન અને હોંશિયાર બનતી રહી છે. આસુ,

એ દિશામાં હવે પરિવર્તન આવી રહ્યું છે એટલે તો છૂટાછેડાનું પ્રમાણ આજકાલ વધી રહ્યું છે.”

“એટલું જ કારણ નથી, રુબી. આજ સુધી પુરુષ સ્વૈરવિહારી હતો હવે સ્ત્રીઓ પણ સ્વૈરવિહારી બની રહી છે.”

“તારી એ વાત સાથે હું સહમત છું. પણ બધી જ સ્ત્રીઓ સ્વૈરવિહારી નથી હોતી. યુગો સુધી ઘરની ચાર દીવાલો વચ્ચે ભરાઈ રહેલી સ્ત્રીને જ્યારે બહાર આવવાની તક મળી છે ત્યારે કેટલીક સ્ત્રીઓ ખુલ્લે આમ સ્વૈરવિહારી બની રહી છે એ પણ એક રીતે ખોટું જ છે.”

“તું એક જુદી જ સ્ત્રી તરી આવે છે. તારી વિચારસરણી અને તારી જીવનદષ્ટિ તને એક આદર્શ પત્ની બનાવશે. દીવો લઇને તારી વિચારસરણીને પોષે એવું પાત્ર તારે શોધવું પડશે.”

“જરૂર પડશે તો તારી મદદે દોડી આવીશ.”

“ઓફકોર્સ. મારો સાથ તને હંમેશ મળી રહેશે.”

“કદાચ તારા સાથની જરૂર પણ ન પડે. હું તારી પાછળ પાગલ થઈ જાઊં તો તારું અપહરણ કરીને ભાગી જઇશ.”

“એ પહેલાં હું જ તારું અપહરણ કરું તો?”

“જોઈએ છે કોણ કોનું અપહરણ કરે છે?”

* * *

# સાત

"તરુબહેન, આસુ અને રુબી આવતાં તમારા મુખ પર તેજી અને મલકાટ આવી રહ્યાં છે. કોનો આભાર માનવો, રુબીનો કે આસુનો?" વસુબહેને પૂછ્યું.

"રુબીનો. મેં તો કંઈ જ કર્યું નથી. રુબીએ મમ્મીની પૂરી કાળજી લીધી છે." આસુએ જવાબ આપ્યો.

"એક દીકરી પોતાની મા માટે જે કરે એથી વિશેષ મેં કશું જ નથી કર્યું,“ રુબીએ નમ્રતાથી કહ્યું.

"તમે કેમ કંઇ બોલતાં નથી, તરુબહેન?"

"રામ રહીમ દોનો ખડે, કિસકો લાગું પાય? અવી મારી મનોદશા છે."

"કેમ એમ કહો છો?"

"રુબીનો જ બધો પ્રતાપ છે. પણ એનાં વખાણ કરું એ એને નથી ગમતું. એણે બધી રીતે મારી કેર લીધી છે. જ્યૂસ, દૂધ, ફળફળાદિ, ખીચડી, દહીભાત.. નિયમિત દવા... ટેબલેટ્સ... એક દર્દીની કેર માટે કરવું પડે તે બધું આજ સુધી કરતી રહી છે. પંડની દીકરી કે ઘરની વહુ પણ આટલી ચીવટ ન રાખે. વસુબહેન, ગયા જનમની બાકી લેણદેણ પૂરી કરવા આસુ સાથે આવી લાગે છે."

"બસ, બસ. તમે બહુ બોલી નાખ્યું. હું તો તમારી એક નર્સ છું. આસુ મને નર્સ તરીકે લાવ્યો હતો. મારી ફરજ પૂરી થશે એટલે હું મારે માર્ગે. તમે સૌએ જે પ્રેમભાવ અને મમતા આપ્યાં છે એ જ મારી મોટી મૂડી છે. એ યાદ મારા જીવનનું ભાથું બની રહેશે."

"તું અમારા જીવનનો એક ભાગ જ છે. તેં તો એકવીસ દિવસમાં અમને સૌને એકવીસ વર્ષનો પ્રેમ આપ્યો છે, ખરું ને આસુ?"

"હા, મમ્મી. રુબીનું ઋણ બહુ મોટું છે."

"જેઆત્મીયતાનો તમે બધાંએ અનુભવ કરાવ્યો છે એવી આત્મીયતા સદા રાખજો એથી વિશેષ મારી કોઈ અપેક્ષા નથી. હું આસુનો આભાર માનું છું કે એ મને અહીં લાવ્યો. મને એક મા અને એક માસી મળી ગયાં. માના પ્રેમથી વંચિત હતી એ માના પ્રેમનો મીઠો અનુભવ થયો. સાથે મા જેવાં માસીની પણ હૂંફ મળી."

રુબીની આંખમાં આંસુ આવી ગયાં. એ તરુબહેનના પગ પકડી રડવા લાગી. તરુબહેન પણ ઢીલાં પડી ગયાં. એમનું હૃદય ભરાઈ આવ્યું.

"તમે લોકો કેમ આજ આમ લાગણીશીલ બની ગયાં છો? જાણે રુબી આજે ચાલી જવાની ન હોય!"

"ના.. ના. એવું નથી. હું થોડા દિવસ પછી જવાનો છું એટલે બધાનાં મન ઊભરાઈ આવ્યાં લાગે છે."

"રુબી, આસુ ભલે જતો. એને હું નહિ રોકું. પણ તું જો અહીં નોકરી કરવાની હોય તો મારી સાથે રહેજે. મને એક દીકરીની હુંફ મળશે અને તને રહેવા ઘર મળશે."

"મને દિલ્હીમાં નોકરી મળે તો હું આ શહેરમાં જ રહેવાની છું. પણ તમને ભારરૂપ બનવા નથી માગતી."

"આટલા દિવસના પરિચય પછી તું મને ઓળખી શકી નથી."

"એવું નથી. તમે વધુ પડતાં પ્રેમાળ અને લાગણીશીલ છો. તમે જો મારી પાસેથી પેઈંગગેસ્ટના પૈસા લો તો હું તમારી સાથે જરૂર રહીશ. મને એક માની હૂંફ મળશે."

"પગલી. એક બાજુ મને મા કહે છે અને બીજી બાજુ પૈસા લેવાની વાત કરે છે. કેવી અજુગતિ વાત કરે છે!" તરુબહેનની આંખમાં જળજળિયાં આવી ગયાં.

"ચાલો, મૂકો આ ચર્ચા. બધાં બહુ લાગણીશીલ બની ગયાં છે. જ્યારે છૂટાં પડવાનું થાય ત્યારની વાત ત્યારે." વસુબહેને વાતનો ટર્ન લેતાં ઉમેર્યુ, "રુબી તારા હાથની ચા પાશે?"

"હમણાં જ બનાવી લાવું. માજીને પણ જ્યૂસ બાકી છે."

"હવે તો હું સારી થઈ ગઈ છું. કયાં સુધી જ્યૂસ પીવડાવીશ?"

"અહીં હોઈશ ત્યાં સુધી. રોજ સવારમાં સારા લોકોએ પણ જ્યૂસ પીવો જોઈએ. એટલું જ નહિ. એક ઍપલ પણ ખાવું જોઇએ. ઍપલ અ ડે, કીપ્સ ડૉક્ટર અવે," કહી રુબી કિચનમાં ચાલી ગઈ.

"આસુ, આ છોકરી વિના હવે તરુબહેન રહી નહિ શકે. એણે ખરેખર બહુ માયા લગાડી છે. કેવી સમજુ, હસમુખી, રમતિયાળ, પ્રેમાળ, આત્મીય, લાગણીશીલ...."

"એને માટે જેટલાં વિશેષણ વાપરીએ એટલાં ઓછાં પડે. હું એને બધી રીતે ઓળખું છું."

"તો પછી કોઇ એવો ઉકેલ કેમ નથી લાવતો કે જેથી એ કાયમ આ ઘરમાં જ રહી જાય..."

"તમે મારા મનની વાત કરી વસુબહેન. હું તો રુબીને વહુ તરીકે સ્વીકારવા તૈયાર છું. એના જેવી બીજી છોકરી મળવી મુશ્કેલ છે. આસુ, તારો શો મત છે?"

"મમ્મી એ વિષે મેં હજુ કંઇ વિચાર્યું નથી. બે વર્ષ સુધી લગ્નનો વિચાર જ નથી. હજુ કયાં ઉંમર વીતી ગઈ છે?"

"લગ્નની કયાં ઉતાવળ કરું છું. પણ તારો વિચાર હોય તો એને કાને વાત નાખીએ અને એનો શો વિચાર છે એ પણ જાણી લઈએ."

"ના. એવું કંઈ પૂછી એના મનનો ઉચાટ ના વધારતી. એને પણ લગ્નની જરાકે ઉતાવળ નથી. લીવ એવરિથિંગ ઑન ધ ડેસ્ટિની."

"તરુબહેન, આસુની વાત સાચી છે. અત્યારે તો રુબી આપણે ઘેર રહે એનો જ વિચાર કરો."

"રુબીને અહીં નોકરી મળશે તો આપણે ઘેર એ જરૂર રહેશે. એને પણ અહીં ગમે છે. આપણે એને એક સ્વજન તરીકે આવકારીએ અને એક સ્વજન તરીકે એને સલાહ કે માર્ગદર્શન આપતાં રહીએ. મને લાગે છે કે આપણે એનાં સ્વજન બની રહીશું તો એનું ભાવિ ઉજ્જ્વળ જ છે. અને જો આપણું ઘર એના નસીબમાં લખાયું હશે તો એ ઘડી વહેલી મોડી જરૂર આવશે," આસુએ એના મનનો પડઘો પાડ્યો.

"લો, રુબી ચા લાવી લાગે છે."

રુબી ચા અને જ્યૂસ લઇને આવી. વસુબહેનને ચા આપી અને તરુબેનને જ્યૂસ આપી સામે બેઠી.

"તું કંઇ લેવાની નથી?"

"મેં અને આસુએ હમણાં જ ચા પી લીધી. પૂનમ આવી છે. એને પરાણે ચા પીવા બેસાડી છે. બહુ શરમાળ છે. એની સાથે વાતો કરવી ગમે છે."

"પંદર વર્ષથી અમારે ઘેર છે. તેર વર્ષની હતી ત્યારે આવી હતી. એની ઉમર પણ પરણાવવા જેવી થઈ છે."

"કોઇ સારું પાત્ર મળે તો એને પરણાવી દેવી જોઇએ."

"અમે તો એને બહુ સમજાવી. ન પરણવાની હઠ લઈને બેઠી છે. બહુ કહીએ તો કહે છે કે તમને ભારરૂપ બનતી હોઉ તો હું કયાંક ચાલી જાઉ."

"એને જુદી રીતે કદાચ રુબી સમજાવી શકે," આસુએ કહ્યું.

"મારી વાત એ માને છે. હું પ્રયત્ન કરીશ. પણ તમે આ ઉમરે એના વિના એકલતા નહિ અનુભવો?" રુબીએ પૂછયું.

"એકલતા જરૂર અનુભવીશું. પણ અમારા સ્વાર્થ કરતાં એનાં અરમાનોનો અમે વધુ વિચાર કરીએ છીએ. દીકરી તો સાસરે જ શોભે. માબાપને જેટલો આનંદ દીકરીને મોટી કરવાનો, એને ભણાવી એનામાં સંસ્કાર રેડવાનો હોય છે એનાથી વિશેષ આનંદ એને સારે ઘેર વરાવવાનો હોય છે. કન્યાદાન જેવું મોટું કોઇ પૂન્ય નથી. એ બીજાને ઘેર જાય, બીજાનું ઘર શોભાવે, એની અને એના કુટુંબની સારી કાળજી લે અને સુખને ટોડલે બેસી સંસાર શોભાવે એ જોઇ દરેક માતપિતાનું હૈયું હરખાય છે.. અમને પણ એ જોવાનું મળે તો અમે ખુશ ખુશ થઈ જઈશું. અમને તો કોઈને કોઈ અમારા કામ માટે મળી રહેશે."

વસુબહેનને ગળગળા જોઈ સૌને પૂનમ માટેની એમની લાગણીનો સાક્ષાત્કાર થયો. પૂનમના કાને પણ આ શબ્દો પડતાં એનું હૈયું પુલકિત બન્યું. વસુબહેન પાસે દોડી જઈ એમના પગ પકડી લેવાનું મન થયું. પણ એ અચકાઈ. રુબી રસોડામાં કપ રકાબી મૂકવા આવતાં એના ખભા પર માથું ઢાળી પૂનમ રડી પડી.

“શું થયું, પૂનમ?”

“કંઇ નહિ, બહેન!” કહેતાં એણે સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો.

“સારું. તારે મને નહિ કહેવું હોય તો તને આગ્રહ નહિ કરું. પણ આપણે સરખી ઉંમરનાં છીએ. મારાથી તારે કશું છૂપાવવું ન જોઈએ. સુખની વાત કોઈને કહેવાથી સુખનો આનંદ બમણો થાય છે. દુખની વાત કોઈને કહેવાથી દુખ અર્ધું થઈ જાય છે.”

“મોટાંબહેનના શબ્દો મારા કાને પડતાં મારું દિલ ભરાઈ આવ્યું.”

“વસુબહેન પળેપળે તારા સુખનો વિચાર કરે છે. એમની સલાહ ખોટી નથી. પંદર વીસ વર્ષે એ નહિ હોય ત્યારે તારો વિચાર કોણ કરશે?”

“બહેન અને સાહેબ બહુ લાંબું જીવવાનાં છે.”

“આપણે ઇચ્છીએ કે બન્ને બહુ લાંબું જીવે. પણ તું જીવે એટલું તો એ નથી જ જીવવાનાં એ હકીકત છે. તારું યૌવન વેડફાઈ જાય એ એમને પણ ન જ ગમે ને!”

“એમના ગયા પછી હું મારો માર્ગ શોધી લઈશ. આ વિશાળ દુનિયામાં કોકનો આધાર તો મળી રહેશે.”

“રુબી, આધાર એક બાબત છે. હૂંફ અને કોઇ પોતીકું હોવું એ બીજી વાત છે. તું હોય. તારો વર હોય. એક બે બાળકો હોય. કોઇ ‘મા’ કહીને બોલાવતું હોય, ભેટતું હોય, કોઇ ઘરડાની લાકડી બની રહે એવું તું નથી ઇચ્છતી?”

“કયારેક એવું થાય છે. પણ મેં તમને પહેલાં કહ્યું હતું તેમ મારા નસીબમાં એવું સુખ લખાયું જ ન હોય તો?”

“એમ નિરાશાવાદી બનીએ એ ન ચાલે. ભગવાનમાં ભરોસો છે ને? એણે તને આતતાયીના પંજામાંથી છોડાવી. હવે તને એ સુખનો અનુભવ કરાવશે એવું વિચાર. સૌ સારાં વાનાં થશે.”

“તમારી સલાહ છે તો વસુબહેન કહેશે એમ કરીશ. ચાલો, મારાં કામ પતાવું.”

પૂનમ કચરાં પોતાં કરવા ચાલી ગઈ. રુબીને આનંદ થયો કે એણે એના મનમાં એક ફણગો મૂક્યો. એ રસોઈ બનાવવા બેસી ગઈ. રોટલી

વણતાંવણતાં એકબે વાર વેલણ થંભી ગયું. સામે આસુ ઊભો હતો એનું પણ ભાન ન રહ્યું.

'હું પૂનમને સલાહ આપું છું, પણ મારો વિચાર કરું છું? હું પણ યૌવનને ઉંબરે આવીને ઊભી છું. મારે પણ મારા જીવનનો રાહ નક્કી કરવો પડશે ને? થોડા દિવસ પછી આસુ તો અમદાવાદ જતો રહેવાનો! મારે માટે અમદાવાદ જવું એ જોખમ છે! મારે જલદીજલદી નોકરી શોધી લેવી જોઈએ. આજકાલ કરતાં બાવીસ દિવસ વીતી ગયા. મેં આજસુધી સિરીયસલી કંઇ વિચાર્યું જ નથી.'

આસુ સમજી ગયો કે રુબી કોઇ વિચારોમાં ડૂબી ગઈ હતી. એ ત્યાંથી ધીરે રહીને સરકી ગયો. એની રૂમમાં જઇ વાંચવા લાગ્યો.

રસોઇ પતાવી રુબી એને જમવા બોલાવવા આવી. જમતાં જમતાં રુબીએ પૂનમ સાથે થયેલી વાત કરી કહ્યું, "મને લાગે છે કે પૂનમ પીગળશે."

"આપણે વસુબહેનને પૂછીશું કે કોઈ એમના ધ્યાનમાં છે?"

"એમના હાથ નીચે ઘણા લોકો ભણી ગયા છે. એને લાયક કોઈક તો જરૂર મળી રહેશે. એ બહુ ભણી નથી, પણ બહુ સંસ્કારી અને સમજુ છે. દેખાવમાં પણ સારી છે. જરા બનીઠનીને તૈયાર થાય તો કોઈ કહે નહિ કે એ એક કામવાળી હશે."

"એમ કર, આજ એને તારો એકાદ ડ્રેસ આપ. એનો ફોટો પાડીએ."

"હું એને સમજાવીશ કે આસુ અમદાવાદ પાછો જાય એ પહેલાં આપણા ત્રણનો એક ફોટો પાડવો છે. અમારે તારું સંભારણું જોઈએ છે. એ ના નહિ પાડે. ઘરમાં જ ફ્લૅશથી લઈશું એટલે શરમાશે પણ નહિ."

"ગુડ આઇડિયા. ચાલ, જમી લઈએ."

"આજે માજીને આપણી સાથે જમવા બેસાડીએ. ધીરે ધીરે બધું ખાતાં થાય એ જરૂરી છે. તું છે ત્યાં સુધી આપણે સાથે જમીશું તો એમનું બધું દુઃખ ભૂલી જવાનાં."

"હા, તું ત્રણ થાળી પીરસ. હું મમ્મીને લઈને આવું છું."

રુબી કિચનમાં ગઈ. ડાઇનિંગ ટેબલ પર ટેબલ ક્લૉથ પાથરી ત્રણ પ્લેટ, ત્રણ બાઉલ, ત્રણ ગ્લાસ, ત્રણ ચમચા, વ્યવસ્થિત ગોઠવી દીધાં.

"ચાલ મમ્મી, આજે આપણે બધાં સાથે જમીએ. હવે તારે બેડમાં ખાવાની જરૂર નથી."

"સરસ, બેટા. હું પણ આજે એમ જ વિચારતી હતી. બિચારી રુબીને કેટલી બધી તકલીફ આપીએ છીએ. ચાલ, હું આવું છું."

આસુ અને તરુ ડાઈનિંગ ટેબલ પાસે આવતાં રુબીની ગોઠવણી પર ખુશ થઈ ગયાં.

"કેમ, આજે કોઈ સ્પેશિયલ દિવસ છે?"

"આજે તમે અમારી સાથે જમશો એ અમારે માટે સ્પેશિયલ દિવસ ન કહેવાય? આ દિવસની તો હું કેટલાય દિવસથી રાહ જોતી હતી. આજની ઘડી રે રળિયામણી..."

"આ ગીત તો હું ઘણી વાર ગાતી હતી. આસુના ડેડી એ સાંભળી ખુશ થઈ જતા અને કહેતા કે આજ મારી પ્રિય વાનગી બની લાગે છે.' ખબર છે એમની પ્રિય વાનગી કઈ હતી?"

"એક મિનિટ!"

રુબીએ બાઉલમાં રસમલાઈ મૂકતાં કહ્યું, "બોલો, આ એમની પ્રિય વાનગી હતી ને?"

રસમલાઈ જોઈ તરુ આશ્ચર્યમાં મૂકાઈ ગઈ.

"તને કયાંથી ખબર?"

"આ ઘરમાં આવે મને બાવીસ દિવસ થઈ ગયા. નવી વહુ પણ નવ દિવસ નવી હોય છે પછી એ ઘરની જવાબદારી ઉપાડી લે છે, સૌના ટેસ્ટ જાણી લે છે, સૌની પસંદ અને નાપસંદ જાણી લે છે. હું કંઈ ભોટ નથી. એક ભણેલી ગણેલી છોકરી છું, સમજ્યાં?" કહેતાં એકદમ ઊભી થઈ ગઈ.

તરુને લાગ્યું કે રુબીને કંઈક ખોટું લાગ્યું છે. એકદમ અપસેટ થઈ ગઈ.

એ જોઈ રુબી ખડખડાટ હસવા લાગી.

"જોયું ને. મને મજાક કરતાં પણ આવડે છે. રસમલાઈ કદાચ તમારા જેવી નહિ હોય પણ ચાખી જુઓ અને કંઈ ખામી હોય તો માજી મને કહો. મારે તમારા જેવી રસમલાઈ બનાવતાં શીખવું છે."

"એમ વાત છે? ઘડીભર તો હું ગભરાઈ ગઈ હતી."

"માજી, મને કદી ખોટું નથી લાગતું. આ તો હું મજાક કરતી હતી તમને હસાવવા."

"વેલ." કહેતાં એક ચમચીમાં રસમલાઈ લઈને ચાખી.

"વાહ, તું તો મને પણ ટપી ગઈ. આ બધું કયાંથી શીખી?"

"તમારી સિક્રેટ રેસિપી પરથી..."

"તો મારી નોટ પણ તારા હાથમાં આવી ગઈ?"

"કિચનમાં હોય એ બધું મારાથી અજાણ્યું રહેતું હશે? તમે અમારી સાથે જમવા બેસો તે દિવસે તમને સપ્રાઇઝ કરવાનું મેં નક્કી કર્યું હતું. આજે મેં જ આસુને તમને બોલાવવા મોકલ્યો હતો."

"મને ખબર હતી કે આસુને આવો વિચાર આવે નહિ. મમ્મી માટે પ્રેમ હોય પણ એ કેમ પ્રગટ કરવો એની ગતાગમ એને નથી. દિલનો ભોળો છે."

"હું કયાં કહું છું કે કાટ છે. હા, એને ભોળો નહિ કહું, જરા બિનપ્રેકિટકલ છે. એને માટે કયો શબ્દ વપરાય... મને યાદ કરવા દો.."

"મને ખબર છે તું કયો શબ્દ શોધે છે. ભોટ..." બધાં હસી પડ્યાં.

"રુબી, આજ ઘણા દિવસ પછી આ ઘરમાં રંગત આવી છે. એ હતા ત્યારે અમારા ઘરમાં આમ હસામશ્કરી બહુ થતી. આસુના ડેડી બહુ હસમુખા અને રમૂજી હતા. કાયમ કહેતા કે હસે એનું ઘર વસે. હાસ્ય એ નીરોગી જીવનની ચાવી છે."

"તો હું તમને સૌને રોજ હસાવીશ. જીવનમાં બહુ રડી છું એટલે અંતરનું દુઃખ ભૂલવા બહુ હસતી રહી છું."

"એ તો તારી મોટી મૂડી કહેવાય. આજ સુધી કેમ એ કળા છૂપી રાખી?" આસુએ પૂછયું.

"માજીનું દર્દ જોઇ મારું અંતર રડતું હતું. એવે ટાણે હસુ તો તમે બધાં મને મૂરખ જ કહો!"

"તારી સમજ બિલકુલ સાચી છે. હવે તારા એ સ્વરૂપનું અમને દર્શન કરાવજે. 'મેરા નામ જોકર' જૂનું મુવી હતું એમાં રાજ કપૂર એનું દર્દ ભૂલવા જોકર તરીકે લોકોને હસાવતો. દુનિયામાં એવા લાખો કવિઓ છે જેમણે પોતાનું દર્દ છુપાવી પ્રેમ અને આનંદનાં ગીતો ગાયાં છે."

"માજી, તમે પણ છૂપા રુસ્તમ લાગો છો. દુનિયા બહુ જોઈ લાગે છે."

"દુનિયા બહુ નથી જોઈ. પણ આસુના ડેડી પાસેથી હું ઘણું સાંભળતી રહેતી. રોજ સાંજે હિંચકે બેસી અલકમલકની વાતો કરી મારું મન બહેલાવતા રહેતા. આસુ નાનો હતો ત્યારે રોજ રાજકુમારી અને પરીઓની વાતો એને સંભળાવતા.."

"હા, મમ્મી. પેલી સોનબાઈની વાત તને યાદ છે ને? એવી જ સોનાના વાળવાળી રુબી છે."

"અને તું?"

"ચાલો હવે, જલદીજલદી જમી લો. પૂનમને વાસણો ધોવાનાં છે."

"અરે હા, એ તો હું ભૂલી ગઈ. પૂનમ હજુ અહીં જ છે."

એક પ્લેટ અને એક બાઉલ લાવી ટેબલ પર મૂકી રુબીએ પૂનમને બૂમ પાડી, "આવ પૂનમ આજે અમારી સાથે જમવા બેસ."

"ના, બહેન. તમે બધાં જમી લો. મને હજુ ભૂખ નથી. હું તો મોડું ખાવા ટેવાયેલી છું."

"ભૂખ ન હોય તો થોડું ખાજે. આજે તો અમારી સાથે બેસવાનું જ છે." રુબીએ આગ્રહ કર્યો.

"આવ પૂનમ, આવ. રુબી આગ્રહ કરે છે તો એને નારાજ ન કર," તરુબહેને કહ્યું.

પૂનમ માની ગઈ. હાથમાં કોળિયો લઈ બોલી, "આજે માજીને ખુશમિજાજમાં જોઈ ઘરમાં જાણે સોનાનો સૂરજ ઊગ્યો લાગે છે."

"હવે એ હંમેશ ખુશમિજાજમાં જ રહેવાનાં છે."

"સારું ને. એમને સદા હસતાં જ જોયાં હતાં. બીમાર પડ્યાં ત્યારથી એ બહુ ઢીલાં પડી ગયાં હતાં."

"એમનો દીકરો આવતાં એમનું બધું દુઃખ જતું રહ્યું. પૂનમ, જીવનમાં દરેકને એક પ્રકારની હૂંફ જોઈએ છે, પોતીકાની હૂંફ."

બધાં જ રુબીના કહેવાનો અર્થ સમજી ગયાં.

આજે ઘણા સમયે ઘરમાં આનંદની લહરો ફેલાઈ રહી હતી.

પૂનમ ચોકમાં વાસણો ધોવા ચાલી ગઈ. આસુ એની રૂમમાં ચાલ્યો

ગયો. રુબી કિચનમાં બધું વ્યવસ્થિત ગોઠવવા લાગી. તરુબહેન હજુ ડાઈનિંગ ટેબલની ખુરસી પર જ બેઠાં હતાં. બે હાથ એકબીજામાં ભરાવી સામે લટકતા ફોટા સામે મીટ માંડી જોઈ રહ્યાં હતાં.

દિલ્હીમાં આવ્યાં ત્યારે લજપતનગરમાં ભાડાના મકાનમાં રહેતાં હતાં એ વખતે એ ફોટો પડાવેલો. આગ્રહ કરીને એ જ હરિવંશને એક સ્ટુડિયોમાં લઈ ગયાં હતાં. બંગાળી ધોતી અને રેશમી ઝભ્ભામાં એમની પ્રતિભા ખીલી ઊઠી હતી. બંગાળી ઢબની સાડી પહેરીને એ પાસે ઊભાં હતાં. ફોટોગ્રાફરે ખુરસીમાં હરિવંશને બેસાડી બાજુમાં એમને ઊભા રહેવા કહ્યું.

"વેરી નાઈસ. બહુ સરસ જોડી લાગે છે. જરા મલકાઓ."

"સાહેબ, બહેનના મુખ પર સરસ મલકાટ છે. આપ સિરીયસ લાગો છો. જરા મુશ્કરાઓ તો ફોટો સરસ આવશે."

હરિવંશને મલકાવવા એ બોલેલાં, "તમારી તરુ તમારી પારો પેલી પારો જેમ બનીઠનીને ઊભી છે અને તમારા મુખ પર મલકાટ કેમ નથી?"

એ એકદમ હસી પડેલા.

"હં. બસ એવો જ મલકાટ બે મિનિટ જાળવી રાખજો."

વન... ટુ... કહીને ફોટોગ્રાફરે ચાંપ દબાવી દીધી.

ફોટો આવ્યો ત્યારે હરિવંશ ખુશ થઈ ગયા હતા.

"તમારે મને હસાવવો હોય તો પારોની વાત કરવી. હું તમારો દેવદાસ બનવાની કલ્પના કરું છું ને મને હસવું આવી જાય છે."

"હું તમને દેવદાસની પારો જેમ બહુ પ્રેમ કરું છું એટલે..."

તરુ હાસ્ય રોકી ન શકી.

"કેમ માજી, હજુ અહીં જ કેમ બેસી રહ્યાં છો? આમ હસો છો કેમ?"

"પેલો ફોટો જોઈ એમની યાદ આવી ગઈ. ઘણાં વર્ષો પહેલાંનો એ સેપિયા કલરમાં ફોટો છે. એ વખતે હજુ કલર ફોટોગ્રાફી આવી નહોતી."

"ડ્રોઈંગરૂમમાં તમારો ત્રણેનો સરસ કલર ફોટો છે!"

"એ તો આ ઘરમાં આવ્યા પછી દસ વર્ષે હું આગ્રહ કરીને એમને સ્ટુડિયોમાં લઈ ગઈ હતી. એ દિવસે આસુની બર્થ ડે હતી. આ ઘર ખરીદે પણ દશ વર્ષ થયેલાં."

તરુબહેન પાછાં એ યાદમાં ખોવાઈ ગયાં.

"મનુભાઈનો આગ્રહ છે કે આપણે એમની સોસાયટીમાં એમની પાસે ઘર લઈએ."

"સારી સલાહ છે."

"પણ એટલા પૈસા લાવવા કયાંથી?"

"જે લોકો ઘર ખરીદે છે એ લોકો શું કરે છે?"

"બેંકમાંથી લોન લે છે."

"તમે પણ લોન લો. ધીરેધીરે ભરાઈ જશે અને ઘરનું ઘર થઈ જશે."

"મને લોન લેવી પસંદ નથી. પૈસાની બચત થશે ત્યારે ખરીદીશું."

"એ બહાને બચત થશે અને ઘરનું ઘર થશે. મારા થોડા દાગીના છે તે વેચી નાખો."

"ના... ના. તમારા દાગીના વેચવાની જરૂર નથી. એમ તો મારી પાસે ડિપોઝિટથી પણ વધારે પૈસા બેંકમાં પડ્યા છે..."

"તો પછી શેની રાહ જુઓ છો?"

"પણ આપણા બે જણ માટે ત્રણ બેડરૂમનું મકાન મોટું નહિ પડે!"

"કાલ તમારે ઘેર છોકરાની વહુ અને એનાં છોકરાં નથી આવવાનાં? શિક્ષક થઇને ભવિષ્યનો કેમ વિચાર નથી કરતા?"

હરિવંશને ગળે વાત ઉતારી ત્રણ બેડરૂમનું વિશાળ ઘર ખરીદી લીધું. એ જ વર્ષે આસુ આવ્યો. ત્યારથી બંને એ ઘરને શુકનિયાળ માનતાં.

સુખી જીવનનાં ઘણાં વર્ષો પસાર કર્યાં...

"માજી, આરામ કરવો છે ને?"

"હા, બેટી જાઉં છું. આ ઘર ઘણી રીતે શુકનિયાળ છે. આસુના ડેડી સુખ જોઈને, સુખ માણીને ગયા છે. મને યાદ નથી અમે કોઈ દિવસ ઊંચા સાદે બોલ્યાં હોઈએ. મારો સ્વભાવ પહેલાં જરા જુદો હતો. વાતવાતમાં માઠું લાગી જાય કે રીસાઈ જાઉં. એમણે મને શિખામણ આપીને નહિ, સારું વર્તન દાખવીને મને ઘડી."

"એ કેવી રીતે."

"હું ખિજાઉં તો સામે એક શબ્દ પણ ન બોલે. બસ હસ્યા કરે. મને વધુ

ખીજ ચડે એમ એ વધુ હસે. પછી મને પણ હસવું આવી જાય. હું રિસાઉં તો મનાવવા ન આવે પણ એકલા એકલા ગીતો ગાય. ગીતો ગાઈ મને એમની પાસે બોલાવે. હું હારી જાઉં અને એમની સોડમાં સમાઈ જાઉં એટલે કહે 'તમારી હૂંફ વિના હરિનો વંશ કેમ વધે રે લોલ..' અને મારા માથામાં હાથ ફેરવે."

"તો ડેડી પણ રૉમેન્ટિક હતા!"

"હા, બહુ રૉમેન્ટિક. ઘરમાં જ રૉમેન્ટિક. બહાર કે સ્કૂલમાં તો એક આદર્શ શિક્ષક જ બની રહેતા. આજના શિક્ષકો જેમ કદી કોઈ પર નજર નથી બગાડી."

"તમને કેવી રીતે ખબર પડે?"

"બેટી, પત્નીની નજર પતિનું મન અને હૈયું પારખી જાય છે. ઘરમાં પુરુષના વ્યવહાર પરથી સ્ત્રીને પુરુષના આડવ્યવહારની ગંધ આવી જતી હોય છે. સાચો પ્રેમ આંખોમાં હંમેશ ડોકિયાં કરતો હોય છે."

"સાચી વાત છે, માજી. ચાલો હવે આરામ કરો."

"તું મને બહુ વહાલી લાગે છે." કહેતાં એના માથે હાથ મૂકી હાથ ફેરવતાં રહ્યાં.

"મા, બધું હેત એક જ દિવસે ના વર્ષાવતી," આસુએ પાસે આવી કહ્યું.

"રુબી. પૂનમનું કામ પતી ગયું છે."

રુબી પૂનમ પાસે ગઈ. "બહેન જાઉં હવે?"

"એક મિનિટ. હું એક ડ્રેસ લાવી છું. મને નાનો પડે છે. તું જરા ટ્રાય કરીશ?"

"ના, બહેન. તમારો ડ્રેસ હું નહિ પહેરું."

"હું કયાં તને કાયમ પહેરવાનું કહું છું. મારે જોવો છે કે એ ડ્રેસ કેવો લાગે છે. પ્લીઝ, મારું એટલું કહ્યું નહિ માને?"

"સારું તમને નાખુશ નહિ કરું, બસ."

એકસ્ટ્રા રૂમમાં જઈ એણે કપડાં બદલી ડ્રેસ પહેરી લીધો.

"વાહ, બહુ સુંદર લાગે છે!"

"કોણ, પૂનમ કે ડ્રેસ?"

પાછળથી આવી આસુ બોલ્યો.

"બંને." રુબીએ કહ્યું. સહેજ રહીને ઉમેર્યું, " આસુ, તારી પાસે કેમેરા હોય તો એક ફોટો પાડી લે. મારે પૂનમની યાદગીરી રાખવી છે."

"ના. બહેન, હું ફોટો નહિ પાડવા દઉં."

"કેમ તને શરમ આવે છે? મારી કસમ એક ફોટો પાડવા દે."

"હું કોઈને નહિ કહું, પૂનમ, રુબીનું માન રાખ."

"સારું, લો. જલદી પાડી લો."

આસુએ ત્રણેક ચાંપ દબાવી જુદાજુદા એંગલથી ત્રણ ફોટા પાડ્યા."

જલદી જલદી કપડાં બદલી પૂનમ ચાલી ગઈ.

"હવે, એકાદ ડ્રેસમાં એક બે તારા ફોટા પાડી લઉં. તું ડ્રેસ પહેરી લે."

"હું સાડી પહેરી લઉં. મારે જોવું છે કે સાડીમાં હું કેવી લાગું છું."

"ઓ.કે."

અર્ધા કલાકે રુબી તૈયાર થઈને આવી. એની સામેની ખુરસીમાં બેઠી.

આસુ એને જોઇ રહ્યો. જોઇ જ રહ્યો. કેમેરા એના હાથમાંથી સરકી ગયો. ફોટો પાડવાનું જાણે ભૂલી ગયો.

બબડવા લાગ્યો, "ચંદન સા બદન...."

અને કોઇ જુદી દુનિયામાં ખોવાઇ ગયો.

* * *

# આઠ

"કઇ દુનિયામાં ખોવાઇ ગયો છે?" રુબીએ આસુને પૂછયું.

આસુ પર એના શબ્દોની કોઈ અસર ન થઇ.

સામેની ખુરસીમાં સાડીમાં સજ્જ રુબી સામે જોઈ રહ્યો હતો. મરક મરક એ હસી રહી હતી. એના ગોરાગોરા ગાલ ગુલાબના ગોટા જેમ સોહી રહ્યા હતા. હોઠ પર લાલી હતી. હસતા મુખડાના બે હોઠની કળીઓ માદક બની ખીલી રહી હતી. આંખોમાં કામણ હતું. કપાળ પરનો ગુલાબી ચાંલ્લો ખુલ્લા આકાશમાં ચમકતા ચાંદ જેમ ચમકી રહ્યો હતો. નાઈલોનની સાડી સરકી ગઈ હતી. પારદર્શક બ્લાઉઝને પેલે પાર બે સ્તન ખીલેલા યૌવનની ચાડી ખાતાં હતાં. કેડ પરથી સાડલો સરકી જતાં પતલી કમર સૌંદર્યમાં ઉમેરો કરી રહી હતી અને સમગ્ર દેહ પર સૌંદર્ય નીતરી રહ્યું હતું. પગ પર પગ ચડાવી બેઠેલી રુબીના ખુલ્લા પગની મુલાયમ પાનીઓ ચમકી રહી હતી. જાણે કોઈ જલપરી સામે બેઠી હતી. મુગ્ધ બની કાલિદાસની શકુંતલા કે પુરુની ઉર્વશીને રુબીમાં શોધી રહ્યો હતો. આંખના પલકારા પણ અટકી ગયા હતા. ચાર નયનો એક બીજામાં સમાઈ ગયાં હતાં.. અંગેઅંગમાં સ્ફૂર્તિ પ્રસરી રહી હતી.

રુબીની પાસે જઈને બાથમાં લઈ ગોળગોળ ફેરવવા મન તલસી ઊઠ્યું.

એનાથી પૂછાઈ ગયું, "રુબી, આટલું બધું સૌંદર્ય કયા વાદળોની પાછળ છુપાવી રાખ્યું હતું? તારા આ રૂપની મેં કદી કલ્પના પણ નહોતી કરી. એક ઈચ્છા રોકી શકતો નથી."

"બોલ, શી ઈચ્છા છે?"

"એક... માત્ર એક કિસ કરું?"

"એમાં પૂછે છે શું? લે કરી લે." કોઇ નિર્દોષ બાલિકાની જેમ રુબીએ હોઠ

લંબાવ્યા.

આસુએ એની પાસે દોડી જઈ એને બાથમાં લઈ એના મુલાયમ હોઠ પર બે હોઠ બીડી દીધા.મુગ્ધ બની રસપાન કરતો રહ્યો, કરાવતો રહ્યો.

રુબીએ એને દૂર ન કર્યો. એ રોમાંચક સ્પર્શનો મધુરો આનંદ અનુભવી રહી હતી. અકલ્પિત પ્રેમનું રસપાન કરતી રહી. જાણે વાડને વળગેલી વેલ.

સમય વીતી રહ્યો હતો. હોઠ ભીંજાઈ રહ્યા હતા.

શબ્દો સીવાઈ ગયા હતા. કોઈ કંઈ બોલી શકે એમ નહોતું.

બંનેની આંખો ઢળી પડી હતી. બેમાંથી એકેને અલગ થવું નહોતું.

ચારે બાજુ પિન ડ્રૉપ સાયલૅન્સ હતું.

દીવાલ પરની ઘડિયાળ પણ અટકી ગઈ હતી.

એકાએક પવનના એક ઝટકે બારી ખૂલી ગઈ. ચાર હોઠ છૂટા પડી ગયા. કેટલો સમય પરસ્પર જકડી રહ્યાં એનો કોઈને અંદાજ નહોતો. છૂટા પડેલા હોઠ ફફડ્યા, "ધન્ય થઈ ગયો, રુબી. આ ઘડી મારા જીવનની એક ધન્ય ઘડી બની રહેશે. આ યાદને મારે હૈયે જકડી લીધી છે.જરા ઊભી રહે કેમેરાની આંખમાં ઝડપી લઉં."

રુબીએ ન તો સરકેલી સાડી સરખી કરી કે ન તો સ્વસ્થ થઈ.

"તારે ફ્રેશ થવું છે?"

"તારે આ ક્ષણ કેમેરામાં જડી લેવી છે, પછી સ્વસ્થ કે ફ્રેશ થવાની શી જરૂર છે? મારાં અસ્તવ્યસ્ત કપડાં તારા ને મારા અસ્તવ્યસ્ત મનનાં સાક્ષી બની રહેશે."

"સાચી વાત છે. પણ જરા સાડીનો છેડો સરખો કર."

રુબીએ છેડો સરખો કર્યો. આસુએ બેચાર નહિ, વિવિધ એંગલેથી એકવીસ ફોટા ખેંચ્યા."

"રોલ પૂરો થયો ને?"

"હા. રોલ પૂરો થયો. પણ મારા મનનો રોલ તો કદી પૂરો નહિ થાય..."

"હજુય અતૃપ્ત હોય તો હું તારી સામે જ ઊભી છું. અધૂરી તરસ છીપાવી લે. કાલ આવી ઘડી મળે કે ન મળે..."

"રુબી, કદી મારે હૈયે જે ભાવ નહોતા જાગ્યા એ ભાવ તેં મારા હૈયે અહીં

આવ્યા પછી જગવ્યા છે. તારી વાત સાચી છે. કદાચ આવી ઘડી નહિ મળે. કદાચ તું નહિ મળે. કદાચ કોઈ તને હરી જશે. પણ મારા હૈયે જડાઈ ગયેલી એક અપ્રતિમ છબી કોઈ કદી નહિ લઇ જઇ શકે, રુબી. આઇ લવ યુ ફ્રૉમ ધ ડીપ ઑફ માય હાર્ટ... ઇન વૉટ સેન્સ, આઇ ડોન્ટ નો..."

"તો પછી કોની રાહ જુએ છે? મારું હૈયું પણ ઢળતું ગયું છે. તું મને અપનાવવા તૈયાર હોય તો મન સાથે આજે તન પણ તને સમર્પી દઉં. જ્વાબ આપ..."

આસુ સ્વસ્થ થયો. કોઈ સપનામાંથી જાણે બહાર આવ્યો.

"મારા દિલની વાત કહું તો મારું દિલ તને ઝંખે છે. પ્રખર સહરાની તરસથી..."

"તો પછી શું આડે આવે છે?"

"એક સ્વપ્નસેવી મન જુદું કહે છે. મારાં સમણાં... મારી મહેચ્છા... એમ.એ. થઈ પ્રોફેસર થવાની લાલસા..."

"એ સમણાં તો કોઈ પણ રીતે પાર પાડી શકાય. તું માત્ર વચન આપ. હું બેચાર વર્ષ તારી રાહ જોઇ શકું એમ છું."

"રુબી, બેચાર વર્ષનો ગાળો બહુ લાંબો ગાળો છે. હું તને સ્વીકારવા ઝંખું છું. પણ વચન આપી શકતો નથી. કાલ કોણે દીઠી છે? કાલ તારું કે મારું જીવન કઈ દિશામાં ફંટાઈ જશે એની ન તને, ન મને ખબર છે."

"તું તારી જાતને છેતરી રહ્યો છે. એ માટે આ છેતરામણી ભૂમિ સર્જી રહ્યો છે."

"ના, એવું નથી. હું હકીકતની ઝાંખી કરાવું છું. હા, તને એટલું વચન આપી શકું કે બેચાર વર્ષ પછી તું અને હું આજની જેવી સ્થિતિમાં હોઈશું તો હું સામેથી તારો હાથ માગીશ. દુનિયાની કોઈ તાકાત વચ્ચે નહિ આવે. કોઈ પણ જાતના સંકોચ વિના હું તને મારા જીવનમાં હસતે વદને સ્વીકારી લઈશ અને મારી અર્ધાંગના બનાવીશ."

"વેલ, આસુ તારા આ શબ્દો પર મને શ્રધ્ધા છે, વિશ્વાસ છે તારી રાહ જોતી હું આ કાયાને તારે માટે જાળવી રાખીશ. મનમંદિરના પાંજરામાં દિલને પૂરી રાખીશ. આસુ, તને મારું આ વચન છે. ત્યાં સુધી આપણે બે સહૃદયી

મિત્રો બની  રહીશું. મન પર કાબૂ રાખી આજની ઘડી ભૂલી નિર્મળ જીવન જીવતાં શીખીશું.”

“થેંક્સ, માય ડીયર,” કહેતાં એના બરડે ધબ્બો મારી કહ્યું, “હવે જરા સ્વસ્થ થઈ આ સાડીમાં જ મમ્મી પાસે જઇ એના આશીર્વાદ લઇ આવ.”

“શું કહું?”

“દિલ્હીમાં સારી નોકરી મળે અને આપની સાથે રહેવાનું સદ્ભાગ્ય મળે એવા આશીર્વાદ આપો.”

રુબીને આસુનો વિચાર ગમી ગયો. એ માજી પાસે જઈને ઊભી રહી. માજી પડખું ફેરવી બેઠાં થતાં હતાં. “માજી, સાડીમાં કેવી લાગું છું?”

“બહુ સુંદર. વેરી બ્યુટિફૂલ! વાહ તું સાડીમાં બહુ સારી લાગે છે. સંગેમરમરની મૂર્તિ જોઇ લો. જા, આસુને બતાવી આવ. એ શું કહે છે?”

“એણે તો મને સાડીમાં જોઇ મારા ફોટા પાડી લીધા.”

“કંઈ કહ્યું નહિ?”

“શું કહે, માજી! એને તો અત્યારે એની સરસ્વતી દેવી સિવાય બીજા કશાનો વિચાર આવતો નથી. કહે છે કે મને મારાં પુસ્તકો સિવાય હમણાં કશામાં રસ નથી. બસ પુસ્તકિયો જીવ છે. એ નથી શંકર કે નથી ઈન્દ્ર!”

“સ્ત્રી એ દેવીનું રૂપ છે. એના સૌંદર્યની પ્રશંસા કરવી જોઈએ. સાચું કહેવામાં જરાકે અચકાવું ન જોઈએ. ખેર, રુબી બેટા, તારા સૌંદર્યની પ્રશંસા કરવા જેટલા શબ્દો વાપરું તેટલા ઓછા પડે. કોઇ નવરાશની પળે વિધાતાએ તને ઘડી હશે. કેવી નમણી લોભામણી તારી કાયા છે. તું હસે છે ત્યારે તારા ગાલમાં જો ખાડા પડે છે. તું બહુ ભાગ્યશાળી છે. મારા તને આશીર્વાદ છે દીકરી. તારું ભાવિ ઉજ્જ્વળ બની રહો. મારું ધાર્યું કરી શકીશ તો તને હું મારી વહુ બનાવી ધન્ય થઇશ.”

“એવાં મારાં સદ્ભાગ્ય હશે તો હું ધન્ય થઇ જઇશ. આસુ જેવો વર મળે અને તમારા જેવાં સાસુ મળે એનાથી ઉત્તમ સુખ બીજું કોઈ ન હોઈ શકે. હમણાં આસુને મારા વિષે કોઇ વાત ના કરતાં. એને એની કેરિયર બનાવવી છે. બનાવવા દો. એનાં સપનાં સાકાર થાય એ માટે આપણે સૌ પ્રાર્થીએ. આપણે કોઇ પ્રકારનું વિઘ્ન ન નાખીએ એવું હું પણ ઇચ્છું છું.”

"રુબી, તું બહુ સમજુ છે. નસીબમાં લખ્યું હોય એ જ થાય છે. પણ તું મારે હૈયેથી કદી ખસવાની નથી. તારી જાતનું ધ્યાન રાખજે. દુનિયાના લોકો બહુ ઈર્ષાળુ અને નફ્ફટ હોય છે. એમનાથી રૂપ જોયું નથી જતું, સહ્યું નથી જતું અને એ લૂંટવા શિકારીની જેમ ભટકે છે."

"માજી, જીવનનાં સત્યોને તમે બહુ સારી રીતે પચાવ્યાં છે."

"મારી મા બહુ ભણી નહોતી પણ દુનિયાની કાતીલ આંખો પારખવાની એનામાં ગૂઢ શકિત હતી. મને દુનિયાદારીની વાતો કરી મારું મન ઘડ્યું હતું. આસુના ડેડીએ એમાં સંસ્કારનું સિંચન કર્યું. સારા નરસાને ક્ષીર અને નીરની જેમ પારખી જુદા પાડવાની કળા શીખવી."

"સારા સંસ્કાર માબાપ પાસેથી જ મળે છે. મારે તમારી પાસેથી ઘણું શીખવાનું છે. સિવાય કે નસીબ મને તમારાથી દૂર લઇ જાય."

"ઉપરવાળાની લીલા અપરંપાર છે, કોઈ જ કળી શકતું નથી. એના હાથમાં આપણે બધાં રમકડાં છીએ. એ નચાવે એમ નાચવું પડે છે."

"તમે મહાકાળીમાની પૂજા કરતાં હતાં ને? એ મહાકાળીમામાં મને બહુ શ્રધ્ધા છે."

"હું પ્રાર્થના કરતી રહીશ કે તારી મનોકામના ફળો."

"થેંક્સ, માજી. હું સાડી બદલી કાઢું." કહેતાં રુબી સરકી ગઈ.

**

રુબીને મોડી રાત સુધી ઊંઘ ન આવી. એ પડખાં બદલતી રહી.

એની આંખ સામેથી આસુ ખસતો નહોતો. કૉલેજમાં તો કદી એને વિષે બહુ વિચારો નહોતા કર્યા. કયારેક એ મન પર સવાર થઈ જતો. પણ એ તો યુવાનીનો ઉન્માદ હતો એમ વિચારી વધુ ન વિચારતી. ઘણી રીતે આસુ એને ગમતો હતો. એને પતિ તરીકે કદી કલ્પ્યો નહોતો. પતિ તરીકે એની સામે જોયું પણ નહોતું. એને એક સહૃદયી મિત્ર ગણતી હતી. આજેમન જુદા વિચારો કરી રહ્યું હતું.

'છોકરો મજાનો છે. દિલનો સાફ છે. નમણો છે. પ્રતિભાશાળી છે. સારી કેરિયર બનાવવાનો છે. પછી બીજું શું જોઈએ?'

'રુબી એવા વિચારો ન કર. જે શકય નથી એની કલ્પના પણ ન કર.

નાહકના દુઃખી થવાનો પાયો ન નાખ. સમય આવે જોયું જશે.'

'મારામાં શી ખામી છે? હું આસુને ગમું એવી છું.'

'પણ.. તું એક મુસ્લિમ યુવતી છે. એ કદાચ ઇચ્છે તોપણ એનું કુટુંબ તને નહિ આવકારે. હિંદુ-મુસ્લિમની બે દીવાલો વચ્ચે તું ભીંસાઈ જવાની. આસુ એક મિત્રથી વિશેષ કશું જ નથી ઇચ્છતો. એટલું જ નહિ. સંબંધને એ કોઈ નામ આપવા તૈયાર નથી. કદાચ કદી તૈયાર નહિ થાય.'

'રુબી, તારે માટે માન છે. પ્રેમ છે, લાગણી છે, આત્મીયતા છે.. એથી વિશેષ શું જોઈએ?'

'આજે દિલ ખોલીને હૈયાની વાતનો એકરાર કર્યો! ખરેખર સાફ દિલનો છે. કોઈની સાથે છેતરપિંડી કરે એવો નથી. બહુ સ્માર્ટ છે, પણ બહુ ભોળો છે. જલદીથી કોઈની મોહજાળમાં ફસાઈ જાય એવો છે. આંધળો વિશ્વાસ મૂકી દે એવો સરળ સ્વભાવનો છે.'

'કોઈ એની નજીક આવશે. એને ભોળવી દેશે તો ભોળવાઈ જવાનો.'

'ના, ના. એમ તો મનનો મક્કમ છે! આજે જોયું ને! કેવી તક હતી! કેવું એકાન્ત હતું! કેવો ઉન્માદ હતો! કેવો પાગલ બની ગયો હતો! એણે ધાર્યું હોત તો તારા મનને ચલિત કરી શક્યો હોત..તારા ચારિત્ર્ય પર એક ડાઘ પાડી શક્યો હોત. પણએણે કોઈ અઘટિત પગલું ન ભર્યું.'

' રુબી, તેં ધાર્યું હોત તો તું એને ચલિત કરી શકી હોત. એવી પળ હતી કે બંને ભાન ભૂલ્યાં હતાં. એકબીજામાં સમાઈ જવાની ઝંખના બંનેમાં જાગી હતી. તારું સૌભાગ્ય ખંડાઈ ગયું હોત. પણ એવું કશું જ ન થયું. કારણ કે એ સમજુ છે. કોઈના જીવનને કલંકિત કરવાનું એ કલ્પી પણ નથી શકતો. એ કદી કોઈનું ખરાબ નથી ઇચ્છતો. એક સજ્જન છે.'

'સજ્જનો પણ કયારેક સંજોગોના ગુલામ બની જાય છે.'

'આસુ જુદી માટીનો ઘડાયેલો છે. એ વચન પાળે એવો છે. મારે એના વચન પર શંકા ન લાવવી જોઈએ. આસુ હું મનથી તો તને વરી ચૂકી છું. હા, હું એક મુસ્લિમ બાળા છું એ તો તું એકલો જ જાણે છે. એ હકીકત આપણા સંબંધમાં કાંટારૂપ ન બનાવતો! તને હું સારી રીતે ઓળખું છું. તને નાતજાત, હિંદુ-મુસ્લિમ, કાળાગોરા એવાં કોઇ બંધન નથી નડતાં. તું એ એક ઝિંદાદિલ

યુવાન છે. મારી છાપ તું ખોટી ના પાડતો. તારું વચન પાળજે. હું તારી રાહ જોતી રહીશ.”

રુબીએ પડખું ફેરવ્યું. સામે આસુ પડખાં ફેરવી રહ્યો હતો..

‘આસુ, ઊંઘ નથી આવતી? મને પણ ઊંઘ નથી આવતી. તારી પાસે આવી જાઉ?’ હસતાંહસતાં રુબીએ પૂછયું.

‘આવ રુબી, આવ આજે તારું સાન્નિધ્ય ઝંખું છું’.

રુબી એની બેડમાં દોડી ગઈ. આસુએ રુબીના હોઠ પર એના હોઠ બીડી દીધા. મુલાયમ શરીરના સ્પર્શે એને પાગલ બનાવી દીધો. ધીરે રહીને એના ગાલ પર અંગુલિઓ ફેરવવા લાગ્યો. સુંવાળા ગાલ પર એના હાથ પણ કોમળ બની ગયા.

‘તારા અંગે અંગમાં કોમળતા છે.’

‘કોમળતા જ હોય ને! પારસનો સ્પર્શ છે, આસુ. સુખનો સૂરજ ઊગી રહ્યો છે.”

‘તને ગમે છે?’

‘તને ગમતું હોય પછી મને કેમ ન ગમે? હું આજ તને મારું સર્વસ્વ સમર્પી દઉ છું. મને ખબર છે તારું તનમન અતૃપ્ત છે.. એટલે દોડી આવી છું. આ તન, આ મન બધાનો આજ તું માલિક છે. એન્જૉય ધ વે યુ વૉન્ટ.’

રુબીએ પાયજામો કાઢી ફગવી દીધો. એની લોભામણી કાયાએ આસુને પાગલ બનાવી દીધો. એણે બે હાથ એના ખુલ્લા શરીર આસપાસ વીંટાળી દીધા. એના હાથ ફરતા ફરતા આગળ વધી રહ્યા. બે હાથમાં ખીલી રહેલાં બે ગુલાબ સમાઇ ગયાં. નાજુક, કોમળ, શીતળ, મુલાયમ. બે ગુલાબ વચ્ચે માથું ઢાળી દીધું. એકાએક શીતળતાને બદલે અનેરી ઉષ્માનો અનુભવ કરી રહ્યો. છાતી પર જીભ ફેરવવા લાગ્યો. જીભ ફરતી રહી. ઉષ્મા વધતી રહી. કોઈ જાણે એને દઝાડી રહ્યું હોય એવું અનુભવ્યું. એ એકદમ બેઠો થઇ ગયો.

‘મેં આ શું કર્યું? રુબી? સોરી મારા વર્તન માટે. સપનામાં પણ આવું વિચારવું ન જોઇએ. હું આટલી હદે હલકટ ન બની શકું. રુબી માટે તો નહિ.’

‘આસુ, તારો વાંક નથી. હું જ પાગલ બની તારી પાસે દોડી આવી. પાપ મેં કર્યું છે. તારા મનને ચલિત મેં કર્યું છે.’

'તેં મને દોષિત ન ગણ્યો. વેલ, આ જ તારી ઉદારતા છે. તારી સમજ છે. તારી ખેલદિલી છે. તને લાગે છે ને કે મેં મારા હૈયાની વાત કરી હતી. મેં કોઈ ભ્રમજાળ ઊભી નહોતી કરી. તું મને ગમે છે. તારી છાયા મારા હૈયા પર જડાઈ ગઈ છે. પણ હું આજ તને કોઇ વચન આપી શકતો નથી. મારા જીવનમાં તારું સ્થાન પહેલું જ રહેશે, સદાને માટે. મને ખબર છે કે તને એક શંકા છે. એક મુસ્લિમ છોકરીને આસુ એના જીવનમાં નહિ આવકારે..' અને વિચારે વળાંક લીધો, 'રુબી, 'કોણ કહે છે કે તું મુસ્લિમ છે? કેટલું શુધ્ધ ગુજરાતી તું બોલે છે! તારી ભાષામાં ક્યાંય મુસ્લિમ શબ્દોની છાંટ નથી.'

'પણ કયાં સુધી એ જૂઠાણું છુપાવી શકીશ?'

'જીવનભર.. અને એ જૂઠાણું જાહેર થશે ત્યારે ઘણો સમય પસાર થઇ ગયો હશે, લાંબી જિંદગી પસાર થઈ ગઈ હશે. દુનિયા આખી બદલાઈ ગઈ હશે. નાતજાતના કોઇ વાડા નહિ હોય..'

'તો હિંમત કરીશ ને?.

'રુબી, મારું આંતરમન તારી પાછળ પાગલ છે. તું રૂપવાન છે... ગુણવાન છે... પ્રેમાળ છે... કાબેલ છે... બધી રીતે હોંશિયાર છે... આસમાનની પરી જેવી છે. તારા પરથી મારી નજર ખસતી જ નથી. તું મારી પાસે દોડી આવી. તેં જાતે જ અનુભવ્યું ને કે સપનામાં પણ હું તારો સંગ ઝંખું છું. તું મુસલમાન છે તો શું થઈ ગયું? દિલવાલી તો છે.'

કોઈ એને ભડકાવી રહ્યું, 'અરે પાગલ, રુબી ખૂની છે. એણે એના બાપને મારી નાખ્યો છે. કાલ ઊઠીને કંઈ બોલાચાલી થાય તો એ તારું ખૂન કરતાં પણ ના અચકાય! એ પ્રેમનું નાટક કરે છે. એને હૃદય, લાગણી કે પ્રેમ જેવું છે જ નહિ. વાતો મોટી મોટી કરે છે. પણ આચાર અને વિચાર વચ્ચે આસમાન જમીનનો ફેર છે. તું હજુ એને બરાબર ઓળખી શક્યો નથી. સ્ત્રીને ઓળખવી એ સહેલું નથી. આસુ તારે માટે એ યોગ્ય છે? વગર વિચારે એની કલ્પના કરવી છોડી દે."

'અરે, ભલા માણસ, આ તો કોઈ ઈર્ષાળુના શબ્દો છે. તું એ શબ્દોથી ભોળવાઈ ન જા. એ તને સાચા દિલથી ચાહે છે. પળે પળ તને ઝંખે છે. નાત જાતના ભેદ આ દેશમાં છે. અમેરિકા, કેનેડા કે લંડનમાં કયાં છે? સુખની

શોધમાં લોકો ક્યાં ક્યાં જતા હોય છે? રુબી નસીબમાં લખાઈ જ હોય તો એને લઈ આ સમાજથી દૂર ભાગી જજે. ભાવિને કોઈ કળી શકતું નથી એમ નસીબને પણ કોઈ બદલી શકતું નથી. ડેસ્ટિની પર બધું છોડી દે. જિંદગી કેવો વળાંક લે છે એ જોયા કરજે.'

આસુ આંખો ચોળતો બેઠો થયો. સામે કોઈ નહોતું.

* *

સવારે સૌ સાથે બ્રેકફાસ્ટ માટે બેઠાં. કાલના દિવસની ખુશી સૌના મુખ પર વરતાતી હતી.

નાસ્તો કરતાં આસુએ કહ્યું, "હમણાં પરમાનંદભાઈનો ફોન હતો. એક બે જગ્યાએથી રુબી માટે એમનો અભિપ્રાય પૂછવામાં આવ્યો છે."

"સરસ, હવે એને દિલ્હીમાં જ નોકરી મળી જવાની. તને કાયમી કંપની મળી રહેવાની."

"નોકરી તો દિલ્હીમાં મળશે. પણ મને એની કાયમી કંપની મળે એ તારા પર આધાર છે."

"રુબીને તેં પૂછયું છે?"

"હા. એ તારો વિચાર કરે છે. હમણાં તને કોઈ જવાત કરવાની ના પાડે છે. તારી કેરિયરની આડે એને નથી આવવું."

"મમ્મી, એક તું મારો વિચાર કરે છે. હવે મારો વિચાર કરનાર બે જણ થયાં. કેવું સરસ! રુબી, યુ રીયલી કેર ફોર મી?"

"એવો સવાલ પૂછાય નહિ. એની આંખો, એના મનોભાવ અને વ્યવહાર પરથી એના મનને નથી માપી શકતો?"

"મમ્મી તારા જેટલા હોંશિયાર બનતાં મને વાર લાગશે."

"એ દિવસની રાહ જોતી હું બેસી રહીશ, મિ. આસુકુમાર!"

"માત્ર બેસી રહે નહિ ચાલે. રસમલાઈ બનાવતાં રહેવું પડશે."

"તું કેટલા દિવસ રસમલાઈ ખાવા રહેવાનો છે?"

"કાલના દિવસ પછી તારા હાથની રસમલાઈ ખાવા અહીં લાંબું રહેવાનો મેં નિર્ણય કર્યો છે. કૉલેજો ખૂલશે ત્યારે જઈશ."

"ચાલો, મમ્મી ખુશ થાઓ. તમને દીકરાનો સથવારો પૂરા બે મહિના

મળશે.”

“મમ્મીનું નામ દઈ તમારા મનની વાત કરો છો, મિસ રુબીકુમારી!”

“હા.. હા.. “ કહી ઊભા થઈ એના બરડા પર ધપ્પો માર્યો.

બંને ભૂલી ગયાં કે સામે માજી બેઠાં હતાં.

આસુએ મા સામે જોઈ પૂછ્યું, “મમ્મી, તને હવે કેવું લાગે છે?”

“બહુ ફેર પડી ગયો છે. દીકરાની અને એક વહાલી દીકરીની હાજરીએ જ મારે મન મોટી હૂંફ છે. આંખ સામે તમે હો તો આ મા બધું દુઃખ ભૂલી જાય છે. તું વહેલો વહેલો ભણીને અમારી વચ્ચે આવી જાય એની રાહ જોઉ છું.”

“બે વર્ષ કાલ પૂરાં થઈ જશે. પછી રોજ તારી સામે જ હોઈશ.”

“એ બે વર્ષ કાઢવાં આકરાં પડશે, આસુ!”

“હું દર મહિને અહીં આવતો રહું તો તને ગમે?”

“હા દીકરા. પણ તારી કારકિર્દીની આડે નથી આવવું. રુબી અહીં નોકરી શોધે છે. અહીં મળે તો અમદાવાદ પાછી નથી જવાની?”

“એને અહીં દિલ્હીમાં નોકરી મળે તો અહીં જ કરવી છે.”

“તું એને નોકરી શોધવામાં મદદ કરતો રહેજે.”

પૂનમ આવતાં રુબી એની પાસે ચાલી ગઈ.

“બેટા, તું એને કેટલાં વર્ષથી ઓળખે છે?”

“બે વર્ષથી. અમે એક નાટકમાં સાથે ભાગ લીધો હતો ત્યારથી એકબીજાને વધુ ઓળખતાં થયાં.”

“છોકરી સારી લાગે છે. તને ગમે છે?”

“બહુ ભલી, પરગજુ અને વિશ્વાસુ છે. એક મિત્ર તરીકે વફાદાર છે.”

તરુએ પ્રસ્તાવના બાંધી મનની વાત કહી, “મને રુબી ગમવા લાગી છે. જો ને, જરાય અજાણ્યાપણું રાખ્યા વિના આપણા ઘરમાં કેટલી જલદી ભળી ગઇ છે! તું પરણીને વહુ લાવીશ તોપણ આટલી જલદી આપણા ઘરમાં ભળી નહિ જાય.”

“એ તો તું કેવી વહુ શોધે છે એના પર આધાર.”

“મારી શોધેલી છોકરી સાથે તું લગ્ન કરીશ?”

આસુએ જવાબ આપ્યો, “તું પસંદ કરીશ એને મળીશ. એની સાથે

ગોષ્ઠિ કરીશ. મનમેળ થઈ જશે અને મને ગમી જશે તો હું તને હા પાડીશ. નહિતર મારી પસંદગી પર તારે મહોર મારવી પડશે."

"સારું બેટા, લગ્ન એ જીવનભરનું એક બંધન છે. તું કહીશ એમ જ કરીશ. પણ બહુ વાર ન કરતો. મરતાં પહેલાં મારે દાદીમાનો પાઠ ભજવવો છે એ યાદ રાખજે. મારા દિલની વાત કહું તો રુબી જેવી છોકરી કયાંય ન મળે."

રુબીના કાને છેલ્લા શબ્દો પડતાં એના પગ પળભર થંભી ગયા.

"તું બહુ લાંબું જીવવાની છે. બહુ લાંબું." કહેતાં એણે મમ્મીના બે હાથ પોતાના હાથમાં લઈ લીધા.

"હા, માજી તમે બહુ લાંબું જીવવાનાં છો," પાસે આવી રુબીએ આસુના હાથ પર એના હાથ મૂકી દીધા.

બંનેનો પ્રેમ જોઈ તરુબહેનનું હૈયું નાચી ઊઠ્યું.

આસુ અને રુબી સાથે હોય ત્યારે બંનેખુશખુશાલ મૂડમાં રહેતાં.

રુબી તરુબહેનને ગમવા લાગી હતી. આસુને ગમવા લાગી હતી.

રુબી મનની કેટલીક વાતો ઊડાવી દેતી. બંને એ પરિસ્થિતિ જાણતાં હતાં. પણ બેમાંથી એકે મનની વાત સ્પષ્ટ કરવાનું સાહસ ન કરતાં.

આસુનું મન એ જાણતી હતી.

આસુ એનું મન જાણતો હતો.

છતાં ત્રણેના મનમાં એક જ સવાલ રમી રહ્યો હતોઃ

'ભાવિમાં શું લખાયું હશે?'

* * *

# નવ

"આજે હું એકલી જ એમ્બસી એરિયા બાજુ જવા ઇચ્છું છું. શાંતિપથના બસ સ્ટેન્ડે ઊતરી આસપાસ ફરી સાંજના પાછી આવીશ."

"ગુડ આઇડિયા. હવે દિલ્હીથી તું અજાણ નથી. ટેક કેર ઑફ યૉરસેલ્ફ."

"હું કંઇ નાની કીકી નથી. આઇ કેન ટેક કેર ઑફ માયસેલ્ફ. પચીસ દિવસ આ શહેરમાં થઈ ગયા છે."

"સોરી, સૂચનાઓ આપવાની ટેવ પડી ગઈ છે. અજાણ્યો અને આંધળો બેઉ બરાબર."

"થેંક્સ. સાંજે મળીશું."

રુબી ઘરેથી નીકળી સોસાયટીના નાકે બસ સ્ટેન્ડે ઊભી રહી. બસની વાટ જોતી હતી. થોડી વારે સોસાયટીમાંથી ટોયોટા કાર આવી એની પાસે ઊભી રહી ગઈ.

કાચ નીચો કરી ડ્રાઇવરે કહ્યું, "હાય, કેન આઇ ગીવ યુ રાઇડ?"

"નો, થેંક્સ. હું બસમાં પહોંચી જઇશ."

કારમાંથી બહાર નીકળી પાસે આવી કહ્યું, "તમે મને ઓળખતાં નથી. એટલે અજાણ્યા સાથે ન જવાની તમારી ભીતિ હું સમજી શકું છું. પણ હું તમને ઓળખું છું. તમારું નામ રુબી છે ને?"

"તમે મારું નામ ક્યાંથી જાણ્યું?"

"નામ જ નહિ. તમારા વિષે થોડું ઘણું જાણું છું. તમે અમદાવાદથી આવ્યાં છો. આસુને ઘેર રહો છો. વસુબેનની ભાણી છો. ખરું છે ને! હું તમારી સોસાયટીમાં જ એકસઠ નંબરમાં રહું છું."

"ઓહ! તો તમે અમીચંદકાકાના દીકરા હિતેન પારેખ છો?"

"હા. તમે પણ મારું નામ જાણો છો."

"નામ જ નહિ, તમારા વિષે ઘણું જાણું છું."

"સારું કે ખરાબ?"

"તમે કલ્પી શકો છો કે લોકો તમારી કેવી વાતો કરતા હશે! જેવાં કામ કરો એવી વાતો કરે!"

"આટલું બધું જાણો છો તો પછી કેમ અચકાઓ છો? ક્યાં જવું છે?"

"ચાણક્યપૂરીમાં વિવિધ એમ્બસી છે એ બાજુ જવું છે."

"હું પણ ઘેર કંટાળી ગયો હતો એટલે થોડું ફરવા નીકળી પડ્યો છું. તમારી કંપની મને ગમશે. ઈફ યુ ડોન્ટ માઈન્ડ."

રુબી આનાકાની વિના કારમાં બેસી ગઈ. વસુબહેને અને આસુએ એના વિષે સારી વાતો કરી હતી. ઉદાર દિલના એક સજ્જન તરીકે છાપ પાડી હતી.

"સરસ, મોડર્ન કાર છે."

"મને સારી કારનો શોખ છે."

"કેનેડાથી કયારે આવ્યા?"

"ગઈ કાલે સવારે. આખો દિવસ અને આખી રાત આરામ કર્યા પછી ઘરમાં કંટાળી ગયો."

"અહીં કેટલું રહેવાના છો?"

"એકાદ મહિનો તો ખરો. બેચાર પ્રોજેક્ટ છે. કામ પૂરાં થયે પાછા. તમે અહીં કેટલું રહેવાનાં છો?"

"નોકરી મળી જાય તો અહીં રહેવાની છું. અમદાવાદ પાછા નથી જવું."

"અમદાવાદમાં રહેવું વસમું થઈ ગયું છે. છાસવારે હિંદુ મુસ્લિમના ફટાકડા ફૂટે છે અને શાંતિ હણાઈ જાય છે. માનવતા તો જાણે વિસરાઈ ગઇ છે. ગાંધી અને ઉમાશંકર જીવતા હોત તો બંનેનાં અંતર ભડકે બળતાં હોત! એક અહિંસાની વાત કરતા અને એક માનવતાની વાત કરતા!"

"તમે કેનેડામાં રહીને પણ સારી ભાવના કેળવી છે!"

"વતનની સોડમ જતી હશે? અમેરિકા કે કેનેડા ધનપ્રાપ્તિ માટે છે, ઈંડિયા સંસ્કારપ્રાપ્તિ માટે છે. ધન અને સંસ્કારનો સમન્વય થાય તો જ માનવી માનવ બની શકે. નહિતર એ દાનવ જ રહેવાનો. નહિ પોતે જીવવાનો,

નહિ કોઇને જીવવા દેવાનો.”

“તમારી સાથે વાતો કરવાનું ગમે એમ છે.”

“તો મળતાં રહેજો. આપણે કયાં દૂર છીએ. અહીં કોઈ પર્ટિક્યુલર કામ માટે જાઓ છો?”

“ખાસ કામ નથી. કોઇ સારી નોકરીની શોધમાં છું. ક્યારેક કોઈ ઑફિસના બુલેટિન પર નોકરીની જાહેરાત હોય છે.”

“કૉમ્પ્યુટર આવડે છે?”

“ક્લાસ ભર્યા છે. બેઝિક જ્ઞાન છે. પ્રેક્ટિસ કરું તો પારંગત થઈ જાઉ. મને એમાં બહુ રસ છે. કેમ પૂછવું પડ્યું?”

“મારે બેચાર જગ્યાએ વ્યાખ્યાન આપવાનાં છે. હું સ્પીચ મારા મીની ટેપ રેકોર્ડર પર તૈયાર કરું છું. એ પરથી મારી સ્પીચ ટાઇપ કરવાની હોય છે. હું પાર્ટ ટાઇમ સારા ટાઇપિસ્ટની શોધમાં છું.”

“મને પ્રેકિટસ નથી. ટ્રાય કરવામાં વાંધો નથી. તમારી પાસે કૉમ્પ્યુટર છે?”

“મારી પાસે લેપટોપ છે. એક બે કલાક મારે ઘેર આવો કે તમારે ઘેર લેપટોપ લઈ જઇને ટાઇપ કરો. તમને જે રીતે અનુકૂળ હોય તે રીતે. મને વાંધો નથી.”

“શરૂઆતમાં એકાદ સ્પીચ હું તમારે ઘેર તમારા માર્ગદર્શન નીચે તૈયાર કરું. તમને મારું ટાઇપિંગ ગમે તો પછી તમે જ નક્કી કરજો. મને તમારું કામ કરતાં આનંદ થશે.”

“પંદર મિનિટની સ્પીચ હશે. એક સ્પીચના બસો રૂપિયા આપીશ. બરાબર છે?”

“ટુ મચ. હું એક મિત્ર તરીકે તમારું કામ કરીશ. પૈસાનું ન વિચારશો.”

“તમે કોઇ બેન્કના સી.ઈ.ઓ. છો?”

“હું કંઇ સમજી નહિ.”

“પૈસા વિના કામ કરવાની વાત કરો છો એટલે. એક સેવા સિવાય કોઇ પણ કામ મફતમાં કરશો તો લોકો તમને ફોલી ખાશે, સમજ્યાં?”

“તમારી વાત માનવા જેવી છે. પણ પહેલી સ્પીચ હું ફ્રી કરીશ પછી તમે

નક્કી કરજો. જે આપશો તે મને ગમશે.”

“ઓ.કે. ચાણક્યપુરીમાં આ શાંતિપથ છે. સામે કેનેડિયન એમ્બસીનું બસ સ્ટેન્ડ છે. અહીં ઊતરી જવું છે કે આગળ?”

“અહીં જ. થેંક્સ અ લોટ. હું અને આસુ સાંજે તમને મળવા આવીશું.”

“યુ આર મોસ્ટ વેલકમ. મારું કામ પતી ગયા પછી લગભગ ચાર વાગ્યે હું અહીંથી પસાર થવાનો છું. તમે ઊભાં હશો તો ઘર સુધી રાઇડ આપીશ. ટેક કેર. આ દિલ્હી છે. જરા કેરફુલ રહેજો.”

“કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળું એમ છું. થેંક્સ ફોર યૉર એડ્વાઇસ.”

રુબી કેનેડિયન એમ્બસી પાસે ઊતરી જતાં બાય કરી હિતેને કાર હંકારી મૂકી. રુબીએ ચારે બાજુ નજર નાખી. સામે દેખાતી કેનેડિયન એમ્બસીના દરવાજે પહોંચી. એને માહિતી મળી કે એમ્બસીમાં જવા માટે પરમિશન અને પાસ જરૂરી હતાં. બીજી બાજુ ઇમિગ્રેશન ઑફિસ હતી. તે દરવાજે મોટી લાઇન હતી. વિઝા માટે લોકો ઊભા હતા. દરેકના હાથમાં મોટી મોટી ફાઇલો હતી.

એણે એમ્બસીના દરવાજે ઊભેલા સિક્યુરિટી ગાર્ડને પૂછયું, “યહાં નોકરીકે લિયે કિસકો મિલના પડતા હૈ?”

“આપકી રેઝીમી યહાં બૉક્સમેં ડાલ દો ઔર પોસ્ટ કર દેના.”

રુબી “થેંક્સ” કહી ચાલવા લાગી. રૂબરૂ મળવાનો કોઇ અર્થ નહોતો એમ માની આસપાસ લટાર મારવા લાગી.

ચારે બાજુ વિવિધ એમ્બસીઝની ઑફિસો હતી. એ રસ્તા પર નેધરલેન્ડ, અફઘાનિસ્તાન, રશિયા, ફ્રાન્સ, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, યુગોસ્લાવિયા, જપાન, જર્મની, વગેરે દેશોની એમ્બસીનાં સાઇન બોર્ડ વાંચતી વાંચતી ચાલતી રહી. ન્યુ યોર્ક. પેરિસ કે લંડનમાં ફરતી હોય એવું અનુભવવા લાગી. વિવિધ દેશોની એમ્બસીની આલિશાન ઇમારતો જે તે દેશની ભવ્ય સંસ્કૃતિનાં દર્શન કરાવતી હતી. રુબી એની ભવ્યતાથી અંજાઈ ગઈ. આસપાસનો સઘળો વિસ્તાર એને ગમી ગયો. ચારે બાજુ એક પ્રકારની શાંતિ હતી. રસ્તા પર વાહનોની બહુ અવરજવર નહોતી. એક બે

એમ્બસી ભૂતિયા મહેલ જેવી લાગી. લગભગ બધી જ એમ્બસીની ચારે બાજુ ફરતા કોટ હતા. આગળ લોખંડી દરવાજા હતા. દરવાજે છ સાત બંદૂકધારી સિક્યોરિટી ગાર્ડ હતા. કયારેક તો કોઈ જેલનું દશ્ય ઊભું થતું હતું. ચારે બાજુ માનવોની અવરજ્વર ઓછી હતી. પણ લિમોઝિન કે મોંઘી કાર પવનના સૂસવાટા જેમ દોડે જતી હતી.

ચાલતી ચાલતી અમેરિકન એમ્બસી પાસે પહોંચી. ત્યાં એમ્બસીના દરવાજા બંધ હતા. એક નાનો ગેટ હતો. ત્યાંથી અંદર જ્વાતું. અંદર જનાર દરેક વ્યકિતની પૂરી તપાસ થતી. સ્ક્રિનિંગ થયા પછી એકાદ ફૉર્મ ભરવું પડતું. કામનું પ્રયોજન, કોને મળવાનું છે, વગેરેની પુછપરછ પછી જે તે ઑફિસરને ફોન કરી એની સંમતિ મેળવ્યા પછી અંદર જ્વા મંજૂરી મળતી.

મેઇન દરવાજાથી થોડે દૂર કાળા ઝંડા લઇ સો સવાસો લોકોનું ટોળું ઊભું હતું. એ લોકો અમેરિકા વિરુધ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. ચારે બાજુ પોલીસો ઊભા હતા. રુબીને એ બાજુ જ્વું યોગ્ય ન લાગ્યું. ક્યારે વાતાવરણ તંગ થઈ જાય અને અશાંતિ ફેલાઈ જાય એ નક્કી ન કહેવાય એમ વિચારી એ પાછી ફરી. સામેના પ્લેટફૉર્મ પર ચાલવા લાગી. કેનેડિયન એમ્બસી પાસેના બસ સ્ટેન્ડ પાસે આવી ઘડિયાળમાં જોયું. સાડા ત્રણ વાગ્યા હતા. એને એકદમ હિતેન યાદ આવી ગયો.

'કેવો મજાનો યુવાન છે! રંગીલો લાગે છે, રસીલો લાગે છે, ફ્રી માઇન્ડેડ લાગે છે. પહેલી જ મૂલાકાતે કેવી આત્મીયતા ઊભી કરી દીધી! પૈસા કમાય છે અને પૈસાની લહાણી કરી જાણે છે. આવા નફિકરા લોકો સમાજમાં બહુ જ ઓછા હોય છે. વસુબહેન અને આસુ પણ એની પ્રશંસા કરતાં હતાં. સામી વ્યકિતના કામની કદર કરવાની પણ એનામાં સમજ લાગે છે. મિત્ર બનાવવા જેવો ખરો.'

'રુબી, ઊંડા પાણીમાં ઊતરતાં પહેલાં સો ગળણે ગળીને પાણી પીજે. એ પરદેશમાં રહે છે. ત્યાં શું કામ કરતો હશે? એકલો હશે? અહીં આવીને પૈસા કેમ વેરતો હશે? આજકાલ અમેરિકા, લંડન કે કેનેડાથી દેશમાં આવનારા બધા જ ખોટો ડોળ કરતા હોય છે. બધા બે પ્રકારનું જીવન જીવતા હોય છે. હાથીના ચાવવાના અને બાતાવવાના દાંત જુદા હોય છે. એના ભભકાથી,

એની વાતચીતથી કે એના વર્તનથી એકદમ અંજાઇ ના જવું જોઈએ. દૂરથી ડુંગર રળિયામણા. તેલ જો, તેલની ધાર જો. પહેલાં એને મળ. એને ઓળખવા પ્રયત્ન કર. એનો સ્વભાવ જો. ક્યારેક દૂરથી દેખાતો હીરો નજીક જતાં કાચનો ટુકડો નીકળે છે.'

'એ ગમે તેવો હોય, મારે શું? મારે કયાં એની સાથે કોઈ સંબંધ બાંધવો છે? એ ક્યાં અહીં કાયમ રહેવાનો છે? એ ખેલાડી હોય તોપણ મારે શું? હું કોઈની જાળમાં ફસાઈ જાઉ એવી નથી! ઓળખાણ હોય તો ક્યારેક કામ આવે. આ દેશમાં ઓળખાણ વિના કંઈ કામ થતું નથી.'

એક બે કાર સડસડાટ પવનના સૂસવાટાની જેમ ચાલી ગઈ. એકબે કારના ડ્રાઈવરે કાર ધીમી પાડી કારના ખુલ્લા કાચમાંથી બહાર નજર કરી. કદાચ કોઇ લિફ્ટ માગે તો આપવાની ઉત્સુકતા એમના ચહેરા પર સ્પષ્ટ વરતાતી હતી. રુબી એ બધાને ઇગ્નૉર કરતી બસની રાહ જોતી રહી.

'બસની રાહ જુએ છે કે હિતેનની?'

'મળે તો ઠીક છે. એ આવે એ પહેલાં બસ આવી જશે તો જતી રહીશ.'

દૂરથી બસ આવતાં એ ઊભી થઈ. બસ નજીક આવી. પાટિયું વાંચી મનોમન હરખાઈ. એ બસ બીજા રૂટની હતી. બસ સ્ટેન્ડે એક મોટું પોસ્ટર હતું. એમાં મન પરોવ્યું. કોઈ નવી બંધાયેલી મોડર્ન હોટેલની જાહેરખબર હતી. આલિશાન મકાનના પટાંગણમાં એક સ્વિમિંગ પુલ હતો. સ્ત્રીપુરુષો સ્વિમિંગ કરી રહ્યાં હતાં. માત્ર બિકિનીમાં બેઠેલી અર્ધનગ્ન સ્ત્રીઓનું દશ્ય કામોત્તેજક હતું. અશ્લિલ કે જુગુપ્સાકારક દશ્યો જોઈ રુબી ઉશ્કેરાઈ જતી. જાહેરખબરોમાં મૉડેલ તરીકે કામ કરતી સ્ત્રીઓ અંગપ્રદર્શન કરે કે કામોત્તેજક પોઝ આપે એને એ ધિકકારતી.

પોઝ સામે ગુસ્સો ઠાલવી એણે નજર ફેરવી લીધી.

એકાએક હોર્ન વાગ્યું. રુબીએ પૂંઠ ફેરવી.

"ઓહ, તમે આવી ગયા?"

"ઘેર જ જવું છે ને?"

"હા, તમે ઘેર જાઓ છો?"

"હા." રુબી દરવાજો ખોલી બેસી ગઈ.

"કેવું લાગ્યું ચાણક્યપુરી?"

"મજાનો એરિયા છે. દુનિયા આખાની ભવ્યતાનાં દર્શન થાય છે."

"કંઈ લક લાગે એમ છે?"

"કોઈ ઑફિસમાં અંદર જવાયું નહિ. પછી લક અજમાવવાનો સવાલ જ ક્યાં ઊભો થાય?"

"અમેરિકામાં નવ અગિયારના વર્લ્ડ ટ્રેડના હુમલા પછી આખી દુનિયા ભયમાં જીવી રહી છે."

"દરિયામાં રહેવું અને મગરથી બીવું એ કેમ ચાલે?"

"સૌને જિંદગી વહાલી છે. બધા જ જિંદગીનું બહુ કાળજીથી જતન કરતા હોય છે."

"જીવન છે તો મરણ એક દિવસ આવવાનું જ છે. તો પછી એનો ડર રાખી જિંદગી ન જિવાય."

"કોઈ મરણથી નથી ડરતું. લોકો ડરે છે મરણ પહેલાં ભોગવવી પડતી યાતનાઓથી. માનવી માત્ર પટ પડતા અને પટ મરી જતા હોત તો મરણની જે ચિંતા હોય છે તે ન હોત, મિસ રુબી!"

"તમારું વાચન અને સમજ બહુ ઊંડાં લાગે છે. કહો યુનિવર્સિટીની કઈ ડિગ્રી ધરાવો છો?"

"એ માટે યુનિવર્સિટીની ડિગ્રી જરૂરી છે?" હિતેને સામો સવાલ કર્યો.

"ના. અમસ્તુ જ. આસુ કહેતો હતો કે તમે કેનેડા ભણવા ગયા હતા."

"ગયો હતો ભણવા માટે."

"તો પછી?"

"ભણવાનું હતું તેટલું ભણ્યો. આઈ મીન ટોરોન્ટો યુનિવર્સિટીમાંથી એમ.કોમ. કર્યું."

"ટંકશાળ પાડવાની કળા હાંસલ કરી લાગે છે!"

હિતેન સહેજ મલકાયો અને કારને એકદમ વળાંક આપ્યો.

"તમે કોઈ બીજો રસ્તો લઈ રહ્યા છો?"

"તમે આ બધા રસ્તાના અનુભવી છો?"

"ના. તમે એકદમ ટર્ન લીધો એટલે પુછાઈ ગયું."

"દરેક જગ્યાએ જવાના બે માર્ગ હોય છે. એક ટૂંકો અને એક લાંબો. ઘેર જતી વખતે અહીંથી વહેલા પહોંચાય. અત્યારે આ માર્ગ પર ટ્રાફિક ઓછો. જતી વખતે પેલા માર્ગ પર ટ્રાફિક ઓછો."

"લાંબા અને ટૂંકા એમ બે માર્ગની શી વાત કરતા હતા?"

"જીવનમાં પણ લાંબા અને ટૂંકા બે માર્ગ હોય છે. કોઈને રાતોરાત પૈસાદાર થઈ જવું કે ઊંચી પાયરી પર પહોંચી જવું ગમે છે તો કોઈને ધીરે ધીરે પ્રગતિ કરી સિધ્ધિને શિખરે પહોંચવું ગમે છે."

"તમને કયો માર્ગ વધારે પસંદ છે?"

"મને?" અને સહેજ થંભી ઉમેર્યું, "નો ચૉઇસ. જે પળે જે મળે તે માણી લેવું. આવતી કાલ કોઈએ દીઠી નથી અને વીતેલી પળ કદી પાછી આવવાની નથી. એકટ એકટ ઇન ધ લિવિંગ પ્રેઝન્ટ, હાર્ટ વિધિન એન્ડ ગૉડ ઓવરહેડ..."

"આ ઉંમરે જીવનને સારું ઘડ્યું છે. નચિંત રહેવા ટેવાયા લાગો છો. "

"ફક્કડ રામને શી ચિંતા હોય! ડેડી અહીં ઇંડિયામાં છે, મમ્મી કેનેડામાં છે. બેની કાળજી અને જરૂરિયાતો વચ્ચે જેટલું વહેંચાય એટલું વહેંચતા રહેવું છે. કમનસીબે બંને એકબીજાનો પડછાયો પણ સહી શકતાં નથી. અત્યારે તો હું એ બે વચ્ચે બ્રિજ સમાન છું. એ વળી એક અલગ કહાણી છે. અવકાશ મળશે તો કયારેક કહીશ. દરેકના જીવનની કોઈ ને કોઈ કહાણી હોય છે. પૈસો બહુ છે, પણ કમનસીબે પૈસાને જાળવનાર નથી. કાલની તો કોને ખબર છે? અત્યારે તો મનને બસ એવું કેળવ્યું છે કે રામકી ચિડિયા રામકા ખેત, ખા લો ચિડિયા ભર ભર પેટ... સત્તાવીશ થયાં છે.. હજુ કયાં ઉંમર વીતી ગઈ છે?"

"આશાવાદી લાગો છો."

"આશાવાદી નહિ. બહુ વાતોડિયો છું, ખરું ને?"

"એવું કહેવાનો મારો અર્થ નથી. સોરી, ખોટું ના લગાડશો"

"તમે ગમે તે, ગમે તે અર્થમાં કહો, મને ખોટું નહિ લાગે. મેં સ્વભાવ જ એવો ઘડ્યો છે. આપણે કયાં કાયમ માટે જિંદગી સાથે કાઢવાની છે? આ તો ઘડી બે ઘડીનો આપણો સંગ. વાતોમાં સમય જલદી કપાઇ ગયો. તમારું ઘર આવી ગયું. ચાલો, સાંજના મળીશું."

"હા, જરૂર મળીશું. થેંક્સ ફોર અ લિફ્ટ."

"યુ આર મોસ્ટ વેલકમ. એની ટાઇમ.." હસીને હિતેન ગયો.

એક અપ્રતિમ છાપ રુબીના માનસ પર મૂકતો ગયો.

ઘરમાં પ્રવેશી મલકાતી મલકાતી સીધી આસુ પાસે ગઈ.

"આસુ, આજ તો મજા આવી ગઈ."

"આજ બહુ મૂડમાં લાગે છે."

"બોલ, મને કોનો ભેટો થયો હશે?"

"તારા મુખ પરના ચળકાટ પરથી અનુમાન કરી શકું છું કે કોઈ રંગીલો જૂનો મિત્ર મળી ગયો હશે."

"બિલકુલ અનજાન. મારે મન પરફેક્ટલી સ્ટ્રેન્જર. બટ યુ નો હિમ..."

"મને ઓળખતું હોય અને તારે માટે બિલકુલ સ્ટ્રેન્જર હોય એવું કોણ હોઈ શકે? મારી તો કલ્પનામાં પણ આવતું નથી. તું જ કહે કોણ હતું?"

"અચાનક હિતેન પારેખની મૂલાકાત થઈ."

"વેરી ગુડ, કેવો લાગ્યો?"

"તું કહેતો હતો એમ હસમુખો, ઝિંદાદિલ, પરગજુ, મિતભાષી, મિલનસાર, સેવાભાવી, રંગીલો, ફૂટડો... જેટલાં વિશેષણો વાપરું એટલાં ઓછાં પડે."

"સાચી વાત છે. સોસાયટીમાં જ નહિ, એના પરિચયમાં આવનાર સૌનો એ જ અભિપ્રાય છે. તને ક્યાં ભટકાઈ ગયો?"

"બસ સ્ટેન્ડે ઊભી હતી ત્યાં એની કાર મારી પાસે ઊભી રાખી લિફ્ટ માટે મને આમંત્રણ આપ્યું. એક અજાણ્યા સાથે જવા હું તૈયાર નહોતી. એણે મારા વિષે એટલી લાંબી વાત કરી કે હું ચમકી ગઈ."

"એના બાપે એને તારો ઈતિહાસ કહ્યો હશે. વસુબેનની ભાણી.. મારી સાથે અમદાવાદમાં ભણે છે... માની સેવા કરવા આવી છે..."

"હા, એ બધું એ જાણતો હતો."

"એમ તો એ બહુ હોંશિયાર છે. ચાલાક છે. કેનેડામાં રહી બહુ ફ્રી થઈ ગયો છે. છાપાવાળા ઘૂસણિયા હોય છે. ટોરોન્ટોમાં ગુજરાતી વર્તમાનપત્ર ચલાવે છે."

"એ વાત તો નથી કરી. મને ચાણક્યપુરી સુધી લિફ્ટ આપી. થોડી

વાતો કરી મને પ્રભાવિત જરૂર કરી. પાછા ફરતાં પણ મળી ગયો. છેક દરવાજે ઉતારી."

"સરસ, તારો સમય અને બસભાડું બચી ગયાં અને એક નવી ઓળખાણ થઈ એ નફામાં."

"સાંજના આપણને બંનેને મળવા બોલાવ્યાં છે."

"તારી ઇચ્છા હશે તો જઈશું."

"સારું હું માજીને જ્યૂસ આપી આવું. સાંજના જમીને જઈશું."

"ચોક્કસ."

રુબી જ્યૂસ લઇને માજી પાસે ગઈ. માજી કોઈ ચોપડી વાંચતાં હતાં.

"શું વાંચો છો?"

" ચોખેર બાલી"

"શરદબાબુનાં બે ચાર પુસ્તકો મેં વાંચ્યાં છે. રસિક હોય છે."

"બંગાળનું જીવન એમની કથાઓમાં ધબકે છે."

"બંગાળનું જીવન સ્ત્રીઓ માટે શાપરૂપ છે, ખરું?"

"હા, બેટા. જાગીરદારોએ સ્ત્રીઓને કઠપૂતળીની જેમ આંગળીએ નચાવી છે. ભૂખ્યા વરુની જેમ સ્ત્રીઓનો શિકાર કરતા રહ્યા. કૂતરા જેવા હતા. ન જુએ દિવસ, ન જુએ રાત. એકથી ન ધરાય. વેરાઈટીના એ લોકો શોખીન."

"કોઈ માથાની ના મળે?"

"માથાની મળે ખરી. પણ કોણ સાહસ કરે? ગરીબીનો ભોગ બનનારની બધી જ શકિતઓ ક્ષીણ થઈ જાય છે. પ્રતિકાર કે લડવા માટે શકિત જોઈએ, બળ જોઈએ, હિંમત જોઈએ, જિંદગી હોડમાં મૂકવાની તૈયારી જોઈએ. એ બધું કયાંથી લાવવું? સૌ કોઈ મરવાને વાંકે જીવતાં હોય પછી એની અપેક્ષા શી રખાય?"

"સાચી વાત છે, માજી. પણ ખરું કહું તો એ બધા માટે જરૂર છે શિક્ષણની, સાહસની. હું હોઉ તો એવા લોકોને ઊભા ને ઊભા ચીરી નાખું."

"એનું નામ જ હિંમત. હવે બંગાળની સ્ત્રીઓમાં અન્યાય કે અત્યાચાર સામે ઝઝુમવાની હિંમત આવી રહી છે. બેટા, સ્ત્રીની મોટામાં મોટી મૂડી

એનું શીયળ છે. એના પર એના પતિ સિવાય કોઈનો હક્ક નથી. સ્વરક્ષણ માટે જાન આપી દેતાં પણ એણે ન અચકાવું જોઈએ. બંગાળના લેખકોએ આ જ મંત્ર સમાજને આપ્યો છે. એટલે તો એ બધી સામાજિક કૃતિઓ અમર થઈ ગઈ.”

“માજી, તમારું જ્ઞાન ઊંડું છે. જરા જ્યૂસ પી લો.”

રુબી માજીને જ્યૂસ આપી કિચનમાં ગઈ. ભાખરી અને શાક બનાવી બધાંએ જમી લીધું.

જમીને બંને હિતેનને ઘેર ગયાં. બેલ મારતાં હિતેને દરવાજો ખોલ્યો.

“વેલકમ... આવો આવો.”

હિતેન બંનેને ડ્રોઇંગરૂમમાં લઈ ગયો. રૂમમાં પ્રવેશતાં જ એરકન્ડિશનની શીતળતાનો અનુભવ થયો.

“બેસો. હું આવું છું. ફોન પર છું.”

હિતેન બીજી રૂમમાં ગયો.

ડ્રોઇંગરૂમની ભવ્યતા અને સાદાઈથી બંને અંજાઈ ગયાં.

થોડીવારે હિતેન આવી ગયો.

“સોરી, લોંગ ડિસ્ટન્સ હતો. બોલો, પહેલાં શું લેશો? ઠંડું, ગરમ, માદક?”

“કશું નહિ. અમે જમીને જ આવ્યાં.”

“હાઉ એબાઉટ સમ વાઈન, વ્હાઇટ ઑર રેડ?”

“થેંક્સ. અમે વાઈન નથી પીતાં...”

“જમ્યા પછી મોડરેટ વાઈન લેવાનું તો મેડિકલ સાયન્સ કહે છે. વાઈન એ આલ્કોહોલ નથી.”

“સાચી વાત છે. પણ જેની ટેવ નથી એ ટેવ નથી પાડવી. હમણાં બેસો. પછી કંઈક લઈશું.”

“ઓ.કે. બહુ આગ્રહ નહિ કરું.”

“તમારો ડ્રોઈંગરૂમ મજાનો છે. મને હતું કે કેનેડામાં રહ્યા પછી અહીંનો ઉનાળામાં તમને કેમ ફાવતું હશે?”

“ઘરમાં એરકન્ડિશન, કારમાં એરકન્ડિશન, કોઈની ઑફિસમાં જાઓ તો ત્યાં એરકન્ડિશન પછી કહો કેમ ન ફાવે?”

"એરકન્ડિશન ન હોય ત્યાં પંખાઓ હોય છે," વચ્ચે આસુ બોલ્યો.

"આસુ, ભણવાનું કેમ ચાલે છે?"

"એમ.એ.નાં બે વર્ષ બાકી છે."

"એમ.એ. કરી શો પ્લાન છે?"

"ડેડીનું ફીલ્ડ. મનુભાઈનું સારું એવું બેકઅપ છે!"

"સોરી આસુ. મનુભાઈ તારા જેવા ઇન્ટેલિજન્ટની કેરિયર બગાડી રહ્યા છે. રુબી, આસુ બહુ ઇન્ટેલિજન્ટ છે. એનું જ્ઞાન ખોટી દિશામાં વાળી રહ્યા છે. એ પતિપત્ની એક આદર્શનો ઝંડો લઈને બેઠાં છે. બધાંને એ દિશામાં વાળી રહ્યાં છે. એમ કંઇ દેશ સુધરી જવાનો નથી. આસુ, તું કૉમ્પ્યુટર લાઈન લઈ એમાં એક્સપર્ટ થઇ શકે. વેલ, યુ હેવ ટુ થિંક એબાઉટ યૉર ફ્યુચર. રુબી, તમારો શો પ્લાન છે?"

"બી.એ.ના પરિણામની રાહ જોઉં છું. નોકરીની તલાશ ચાલુ છે."

"હજુ ભણવાની ઉંમર છે. આગળ ભણવું નથી?"

"મારી મહેચ્છા પાર પડે એમ નથી. તમે મારી પરિસ્થિતિથી માહિતગાર નથી એટલે વધુ શું કહું?"

"પૈસાને ખાતર તમારું ભણતર અટકી જતું હોય તો એની વ્યવસ્થા હું કરી શકું એમ છું."

"થેંક્સ. એ એક જ કારણ નથી. ઘણાં કારણો છે. અનસોલ્વેબલ."

"ઓ.કે. હું તમારી પર્સનલ લાઇફ જાણતો નથી એટલે આગ્રહ નહિ કરું. મારું ટાઇપિંગ કરવાની તૈયારી છે ને?"

"એ કામ મને ગમશે."

"જસ્ટ અ મિનિટ. હું મારું લેપટૉપ અને ટાઇપિંગ મટીરિયલ લઈ આવું."

હિતેન બીજી રૂમમાંથી લેપટૉપ, ટેપરેકૉર્ડર અને કાગળો લઇને આવ્યો.

વાયર પ્લગ કરી એણે લેપટૉપ ચાલુ કર્યું. આઇ.બી.એમ. થિન પેડ હતું. માત્ર પાંચ પાઉંડનું હતું. સોળ ઇંચની કલર સ્ક્રીન હતી.

"તમારે બેઝિક ઇન્સ્ટ્રક્શન આપવી પડશે."

"હું ચાલુ કરીને એકવાર બધું તમને સમજાવીશ. જેને બેઝિક જ્ઞાન હોય એને તો અર્ધા કલાકમાં આવડી જાય. એકવાર વાપરતાં થઇ જશો પછી

મારે તમને પૂછવા આવવું પડશે. મારે માટે આ ઈમરજન્સી માટે છે. હું મારી સ્પીચ ડિક્ટેટ કરી ટાઈપ માટે આપું છું. મને કૉમ્પ્યુટર આવડે છે પણ ટાઈપિંગનો કંટાળો આવે છે."

વાતો કરતાં કરતાં કૉમ્પ્યુટર ચાલુ કરી પેજમેકર પ્રોગ્રામ ખોલી એ કેવી રીતે વાપરવો એની સૂચનાઓ આપી.

"લો, હવે આ ટેપમાંથી સાંભળી ટાઈપ કરો."

"જે ઝડપે ટેપ ચાલશે એ ઝડપે મારાથી ટાઈપ નહિ થાય."

"બિલકુલ સ્લો મોશન પર મૂકી છે. કોઈ વાક્ય રહી જાય તો પગેથી પેડલ દબાવશો તો ટેપ રિવાઈન્ડ થશે."

રુબીએ એક બે વાર પ્રેક્ટિશ કરી. ધીરે ધીરે એને ફાવી ગયું. આસુ બાજુમાં બેઠો બેઠો ઑબ્ઝર્વેશન કરતો રહ્યો. બે પાનાં ટાઈપ કરી, પ્રિન્ટ કરી હિતેનને આપ્યાં. હિતેન ઝડપથી વાંચી ગયો.

"એકબે શાબ્દિક ભૂલો છે. બેચાર સરસ ઉમેરા કર્યા છે. જોડણીનું જ્ઞાન પણ સારું છે. ગુજરાતીમાં એક્સ્પર્ટ લાગો છો."

"મને બીક હતી કે ટાઈપિંગમાં ઘણી ભૂલો હશે."

"ભૂલો હોય તો સુધારી શકાય. તમે ટાઈપિંગ સારું કરો છો."

"રુબીને ભાષા પર સારો કાબૂ છે," આસુએ કહ્યું.

"કાલ ફાઈનલ કોપી સાથે તમારું મહેનતાણું મળી રહેશે."

"ફર્સ્ટ ટાઈમ રહેવા દો."

"કેમ, કાલ ખાવાની જરૂર નહિ પડે?"

"એમ નથી. પણ પહેલો દિવસ ટ્રેઈનિંગમાં ગણાય!"

"તમે નવાં નિશાળિયાં હોત તો એને ટ્રેઈનિંગ ગણત. તમે ટાઈપિંગમાં હોંશિયાર છો. ભાષા પર સારો કાબૂ છે. જોડણીમાં પણ પ્રવીણ છો. મેં જોયું કે એકબે વાક્યો તમે સારી રીતે સુધારી સરસ ફેરફાર કર્યો છે. માત્ર એક જ દિવસના થોડા પરિચયમાં તમારી કેટલીક વિશિષ્ટતાથી ખુશ છું જો હું તમારો ઈન્ટરવ્યુ લેનાર હોઉ તો તમારી વાણીનું માધુર્ય, સેક્રેટરી તરીકેની તમારી પર્સનાલિટી, તમારી ટાઈપિંગની કળા, અને તમારો વિનય જોઈ તમને તરત જ નોકરી આપી દઉ. પણ આ દેશમાં સારા કામની કે સારા માણસની કદર

થતી નથી. તમારી બ્યુટી પરથી તમને જોબ આપનાર મળી રહે. પણ એની પાછળ કોઇ દુર્ભાવના હોઈ શકે. એ કાતીલ આંખો વચ્ચે કામ કરવું સારી વ્યકિત માટે મુશ્કેલ બની રહે. તમારાં ઘણાં ઉજ્જ્વળ પાસાં હોવા છતાં લાગવગ વિના આ દેશમાં નોકરી મેળવવી મુશ્કેલ છે.''

''તમારી ઓળખાણનો લાભ મળશે તો આનંદ થશે.''

''કેનેડા ત્રણ વર્ષ નોકરી કરવા જ્વાની ઇચ્છા હોય તો તમારું બી.એ.નું પરિણામ આવે પછી મને મળજો.''

''મારા જેવી ફ્રેશ બી.એ.ને અનુભવ વિના કેનેડાનાં સપનાં સેવવાં એ આકાશના તારા તોડવા જેવી વાત છે.''

હિતેન હસ્યો.

''તમે આ બાબતમાં ઓછાં અનુભવી છો. બી.એ.ની ડિગ્રી હોય, જૉબ ઑફર હોય. કોઈ સ્પોન્સર હોય પછી કશું અશક્ય નથી. તમારો નિર્ણય જણાવજો. પછી બીજું બધું મારા પર છોડી દેજો. ત્રણ વર્ષના ટેમ્પરરી એમ્પ્લૉયમેન્ટ વિઝાની વ્યવસ્થા કરી શકીશ.''

આસુ અને રુબી હિતેન સામે જોઈ રહ્યાં.

'કેવી મુલાકાત? કેવો પરિચય? પ્રથમ મુલાકાતે જ કેવી ઑફર? આ માણસમાં કંઇ તાકાત હશે કે બણગાં ફૂકતો હશે? ટાઇમ વિલ પ્રૂવ ઇટ.' એમ વિચારી રુબીએ કહ્યું, ''પરિણામ આવ્યા પછી નક્કી કરી તમને જણાવીશ.''

''બોલો, હવે ચા કોફી, ઠંડું, આઇસક્રીમ શું લેશો?''

''તમારો આગ્રહ છે તો આઇસક્રીમ લઈશું.''

હિતેને બૂમ પાડી, ''લીલા, ફ્રિજમાંથી ત્રણ આઇસક્રીમ આપી જા.''

આઇસક્રીમ ખાઈ આસુ અને રુબી ઘેર આવ્યાં. રુબીના મનમાં એક સવાલ રમી રહ્યો, ''કેવી જૉબ ઑફર? કેનેડા જ્વાશે?''

રુબી મનોમન હસી પડી.

* * *

# દસ

"હિતેનની કેનેડાની પ્રપોઝલ તને કેવી લાગી? એ સીરિયસ હતો કે બણગાં ફૂંકતો હતો?" રુબીએ ઘરમાં પ્રવેશી આસુને પૂછયું,

"બણગાં ફૂંકે એવો નથી. વિચાર ખોટો પણ નથી. પણ એ કહે છે એમ કેનેડા જવું કંઈ સહેલું છે?"

"એ આપણે કયાં જોવાનું છે. બધી વિધિ એણે કરવાની છે. એક રીતે મને લાગે છે કે જવાય તો જવામાં ખોટું નહિ. આમે તારે બે વર્ષ તો ભણવું છે. મને અહીં એકદમ નોકરી મળે એવી કોઇ આશા નથી. ટેમ્પરરી વર્ક પરમીટ મળતી હોય તો એ બહાને નવો દેશ જોવા મળશે. નવો અનુભવ થશે."

"એક વાર તું કેનેડા જઈશ પછી પાછી આવવાની વાત ભૂલી જજે."

"એમ કેમ વિચારે છે?"

"અમેરિકા કે કેનેડા જનારા બધા જ શરૂઆતમાં બે ત્રણ વર્ષ જવાની વાત કરે છે. પણ એ ડોલરિયા દેશની ભૂમિમાં એવું કંઈક આકર્ષણ છે કે ગયા પછી કોઈ પાછા આવવાનું નામ લેતું નથી."

"ન આવું તો પણ શું? અહીં મારું કોણ છે? તું મારી પરિસ્થિતિ તો જાણે છે. હાલના સંજોગોમાં અહીંથી દૂર ચાલી જાઉ એ વધારે સારું."

"તું કેટલી જલદી આપણો સંબંધ ભૂલી ગઈ?" જરા ઉશ્કેરાઇને આસુ બોલ્યો. સહેજ થંભીને ઉમેયું, "સાચી વાત છે, અમે તારાં શું સગાં થઈએ?"

"એવું ના વિચાર. માજી અને તારા સિવાય મારું હવે આ દુનિયામાં કોઈ નથી. અહીં આવ્યા પછી તારે માટે પ્રેમ અને લાગણી પ્રગટ્યાં છે. પણ તું તારા ભાવિ માટે કોઈ નિર્ણય લઈ શકતો નથી. એટલે મને જવાનો ચાન્સ મળશે તો હું ત્રણ વર્ષ નોકરી કરી પાછી આવીશ. મને પરદેશનો મોહ નથી કે બીજા કોઇ સાથે જીવન જોડવાની તલમાત્ર ઇચ્છા નથી. મને તારા જીવનમાં

સ્વીકારવાનું તું વચન આપતો હોય તો હું દિલ્હી છોડી કયાંય જ્વાનો વિચાર સરખો નહિ કરું.”

“ટૂ અર્લી ટુ ડિસાઇડ...”

“કેવો ઉડાઉ જ્વાબ છે! ચાલાકીથી તારી જાતને તું મુકત રાખવા માગે છે એ કયાંનો ન્યાય?”

“સવાલ એ નથી. સવાલ તારી જિંદગીનો છે. તારી આ ઉમર અજાણ્યા દેશમાં એકલા જ્વાની નથી.”

“આસુ, તું મને સારી રીતે ઓળખે છે તો પણ આવું કહીશ?”

“હું તને ઓળખું છું એ વાત સાચી. પણ સમય અને સંજોગો માનવીને એવા ફસાવી દે છે કે એ જાળમાંથી બહાર આવવું મુશ્કેલ બને છે.”

“ગમે તેવા સંજોગોને પહોંચી વળું એમ છું. તું નાહકની ચિંતા કરે છે!”

“મને જે કંઈ સૂઝ્યું તે મેં તને કહ્યું. અંતિમ નિર્ણય તારે લેવાનો છે. મનુભાઈ અને વસુબહેનની સલાહ લેજે.”

“સારુ, પહેલાં તો માજીને કાને વાત નાખીશ. મનુભાઈ, વસુબહેન, માજી, તારી, બધાની સલાહ લઈ અંતિમ નિર્ણય લઈશ. હિતેન હજુ એકાદ મહિનો રહેવાનો છે. ઉતાવળ શી છે? અત્યારે બહુ મોડુ થઈ ગયું છે. ચાલ, સૂઈ જઈએ.”

રુબી માજીની રૂમમાં ગઈ. માજી સૂતાં હતાં. એમને ડિસ્ટર્બ કર્યા વિના બેડમાં આડી પડી.

એક પછી એક એવા પ્રસંગો બનતા હતા કે એની ઊંઘ હરામ થઈ રહી હતી. આજનો સવાલ જુદો હતો. જીવનની તાસીર બદલી નાખે અને જેની કલ્પના પણ નહોતી કરી એવો સવાલ આંખ સામે આવીને ઊભો હતો. એકવીસ પૂરાં થયાં હતાં. કાયદેસર પોતે નિર્ણય લઇ શકે એ ઉમરે પહોંચી હતી. સવાલ એ નહોતો. સવાલ હતો બહુ વિચારીને નિર્ણય લેવાનો.

‘બધાની સલાહ તો લઈશ. પણ પહેલાં મારે નક્કી કરવું જોઈએ કે મારે શું કરવું છે.’

રુબીનું મન ચગડોળે ચઢ્યું. પોઝિટિવ નેગેટિવ વિચારો સામ સામે અફળાવા લાગ્યા.

'બેચાર વર્ષ તો એ પોતે પણ લગ્ન કરવા નહોતી ઈચ્છતી. ચાર વર્ષ કયાંક તો કાઢવાનાં હતાં. પછી કયાં પસાર થાય એ મહત્ત્વનું નથી, કેવી રીતે પસાર થાય એ મહત્ત્વનું હતું. સહારા વિનાની જિંદગી જીવવાનું સહેલું નહોતું. જિંદગીના અફાટ રણમાં ઝઝુમવાનું હતું. એ પણ એકલે હાથે. સદ્ભાગ્ય કહો કે આસુનું ઘર મળી ગયું હતું. મા જેવાં માજી મળી ગયાં હતાં. એટલે હવે બીજી કોઇ ચિંતા નહોતી.

સાત દિવસ પછી બી.એ.નું પરિણામ આવવાનું હતું. પરિણામ ગમે તે આવે આગળ ભણવાનો કોઇ સવાલ નહોતો. કદાચ નોકરી કરતાં કરતાં પાર્ટ ટાઇમ કોર્સીસ કરી એમ.એ. કરી શકાય. એ તો કેવી નોકરી મળે છે એ પર આધાર!

'કેનેડાની અજાણી ભોમકામાં તું એકલી રહી શકીશ?'

'હું કોઇ સામાન્ય કાચીપોચી છોકરી હોત તો એ દેશના વંટોળમાં ફસાઇ જાઉં. કોઇ કાતિલ નજરોનો ભોગ બની જાઉં. કોઈ ગુંડાઓનો શિકાર બની જાઉં. રુબી જુદી માટીની ઘડાઈ છે. જુદી જ પ્રતિભા છે. જુદી જ રીતે જીવવા ટેવાઈ છે. સામી વ્યકિતને આંખના પલકારામાં માપી લેવાની સૂઝ છે. એના મનનો તાગ સહેલાઈથી મેળવી લેવાની સમજ છે. છોકરાઓ એકલા જઈ શકે તો છોકરીઓ એકલી કેમ ન જઈ શકે? આ એકવીસમી સદી છે.'

'હિતેનનો કોઇ બદઇરાદો તો નહિ હોય? એની નજર મારા દેહ પર તો નહિ હોય? મને ફસાવવા તો નહિ માગતો હોય?'

'ના. ના. એની છાપ સારી છે. અને એવું કંઇ હોય તો પણ રુબી તને કોઇ ના પહોંચી વળે. તું જલદી ફસાઇ જાય એવી કયાં છે?'

'રુબી, કોઇ પણ નિર્ણય લેતાં પહેલાં... કોઇ અનુભવીને મળ. હિતેન વિષે વધુ માહિતી મેળવ. લાયબ્રેરીમાં જઇ એ દેશ વિષે જાણ. પછી યા હોમ કરીને પડ, ફતેહ છે આગે.'

કોઈ નિર્ણય લે એ પહેલાં રુબીની આંખો મીંચાઈ ગઈ. બેચાર દિવસના ઉજાગરા હતા એટલે ઊઠી ત્યારે સૂર્ય ઊગી ગયો હતો. માજી પણ ઊઠી ગયાં હતાં. આસુ સ્નાનાદિ પતાવી સામે ઊભો હતો.

"રુબી, કેનેડામાં પહોંચી ગઇ કે શું?"

"કેમ, એવી મજાક કરે છે?"

"મજાક નથી કરતો. આપણે ત્યાં અહીં ઊઠવાનો સમય થાય છે ત્યારે ત્યાં ઊંઘવાનો સમય થાય છે એ તને ખબર ન હોય તો કહી દઉં."

"સવારના પહોરમાં શું એવી મજાક કરે છે?"

"મજાક નથી કરતો. હું એને ભૂગોળની યાદ અપાવું છું."

"માજી, અમેરિકા પાસે કેનેડા એક દેશ છે. તમે જાણો છો?"

"મને ખબર છે. ટોરોન્ટો કેનેડામાં આવ્યું છે."

"માજી. તમે ટોરોન્ટો વિષે જાણો છો?"

"પેલી કહેવત છે ને કે પરણ્યા ના હોઈએ પણ જાનમાં તો ગયાં હોઈએ!"

"આસુને ટોરોન્ટો જવાનો ચાન્સ મળે તો તમે શી સલાહ આપો?"

"ડાહ્યો દીકરો દેશાવર ભોગવે. હું તો કહું કે જા. બેચાર વર્ષ ત્યાં જઈ ભણીને, સારી કેરિયર બનાવીને આ દેશમાં પાછો આવી જજે."

"અને મને જવાનો ચાન્સ મળે તો?"

"તને પણ એવી જ સલાહ આપું કે બેચાર વર્ષ કેરિયર બનાવીને પાછી આવજે."

"તમને ટોરોન્ટોનો શો અનુભવ છે?"

"મને તો કોઈ અનુભવ નથી. પણ અમે બંગાળથી દિલ્હી આવ્યાં એ પહેલાં આસુના ડેડીને કેનેડા જવાનો ચાન્સ હતો. એ વખતે કેનેડાનું નામ બહુ ઓછા લોકોએ સાંભળેલું. મેં પણ અમેરિકા વિષે સાંભળેલું. કેનેડા વિષે નહિ સાંભળેલું. એમના એક મિત્રે કેનેડામાં કયાંક અરજી કરેલી એમને જૉબ મળી હતી. એમની ઇચ્છા હતી કે અમે પણ કેનેડા જઈએ. એમણે જે બધી વાતો કરી એ સાંભળી અમારા બંનેનું મન પીગળી ગયું. અમને વિચાર પણ આવી ગયો. એ અરસામાં એમના એક શિક્ષક ભટકાઈ ગયા. એમણે એમના વિચારો પર પાણી ફેરવી દીધું. દેશનું ધન વેડફાઈ ન જવું જોઇએ એવી લાંબી ચોડી વાતો કરી એમને દિલ્હી જવા પ્રેરણા આપી. એમને ગળે વાત ઊતરી જતાં એમનો ઉત્સાહ ઓગળી ગયો. કેનેડાના બધા વિચારો ફગવી અમે દિલ્હી પહોંચી ગયાં."

"તમારી ઇચ્છા કેનેડા જવાની હતી, ખરું ને?"

"યુવાનીમાં કોને પરદેશ જવાનું મન ન થાય?"

"હું યૌવનને ઉંબરે ઊભી છું. તમારી સંમતિ હોય તો હું વિચારું."

"જરૂર વિચાર. હું તારાં અરમાનોની આડે નહિ આવું. કોઈએ તને..."

"પેલા હિતેને એને કોણીએ ગોળ લગાડ્યો છે." આસુએ કટાક્ષ કર્યો.

"હા માજી, એણે પ્રસ્તાવ મૂકયો છે. હા પાડું તો જરૂરી કાગળિયાં કરે એવું કહેતો હતો. હજુ તો મને પૂછયું છે. હું હા પાડું પછી વિઝા માટે અરજી કરે. મંજૂર થાય પણ ખરી અને ન પણ થાય. જો કે તમારો કેડો મૂકવો ગમશે નહિ. તમારા સાન્નિધ્યમાં રહેવાનું બહુ મન છે."

"તારી મમતા સમજી શકું છું. તારામાં એવા ગુણ છે કે જ્યાં જઈશ ત્યાં પાછી નહિ પડે. પરદેશમાં જનારનું ભાવિ બદલાઈ જાય છે. એ કાયમ માટે અરજી કરવાનો છે?"

"ના. કાયમ માટે તો કોઇ શક્યતા નથી. બે ત્રણ વર્ષના ટેમ્પરરી વર્ક વિઝા અપાવવાની વાત કરતો હતો."

"એક વાર ત્યાં ગયા પછી કોઈ પાછું નથી આવતું."

"હું પણ એને એ જ કહું છું. એક વાર ગયા પછી એ પાછી નથી આવવાની." આસુએ સૂર પુરાવ્યો.

"પાછી ન આવું તો પણ તારે શું?" અને માજી તરફ જોઈ ઉમેર્યું, "માજી, આસુના મનમાં શું છે એ સમજવું મુશ્કેલ છે."

"કેમ એમ કહે છે?" આસુએ સવાલ કર્યો.

રુબી ઘડીભર સ્તબ્ધ થઈ ગઈ. પણ એકદમ સવાલ કર્યો, "સ્પષ્ટ કહે તું મને પરણી જવા તૈયાર હોય તો હું ત્યાં જવા વિચારીશ પણ નહિ. બોલ, છે તૈયાર?"

રુબીનો સીધો સવાલ સાંભળી તરુબહેન પણ ચોંકી ઊઠ્યાં.

આસુ પણ શરમાઈ ગયો. એનું મોઢું ઘડીભર સીવાઈ ગયું. જે સવાલની કદી કલ્પના પણ નહોતી કરી એ જ સવાલ એણે મમ્મીની હાજરીમાં કર્યો.

ચારે બાજુ શાંતિ પથરાયેલી જોઈ તરુબહેને કહ્યું, "રુબી, તું જાણે છે કે આસુ હજુ એ બાબતમાં નિર્ણય લઇ શકે એમ નથી, ખરું ને આસુ?"

"હા, મમ્મી. મારો અભ્યાસ પૂરો ન થાય ત્યાં સુધી એ બાબત હું કોઈ જ

નિર્ણય લઈ શકું એમ નથી.”

“તો પછી તું એની પ્રગતિમાં આડો ન આવી શકે. તારે એને સામેથી પ્રોત્સાહન આપવું જોઈએ.”

મમ્મીના મનમાં રુબીના સીધા સવાલથી કોઈ ગેરસમજ ઊભી ન થાય એ હેતુથી એણે કહ્યું, “હું કયાં આડો આવું છું? એક રીતે એનો વિચાર સારો છે. મેં જ એને તારી અને મનુભાઈ તથા વસુબહેનની સલાહ લેવા સૂચવેલું. જો કે રુબીએ આપણી કે કોઈની સલાહ લેવી જરૂરી નથી. એ પોતે બહુ સમજુ છે. એનો નિર્ણય લઈ શકે એમ છે. અમદાવાદમાં હતા ત્યાં સુધી અમે માત્ર સહાધ્યાયી હતાં. આપણે ઘેર રહ્યા પછી એની સાથે લાગણીનો તંતુ બંધાયો છે. એના જીવનમાં આત્મીય કહી શકાય એવું કોઈ નથી ત્યારે એને સાચી સલાહ આપવી કે સાચો માર્ગ ચીંધવો એ સ્વજન તરીકે આપણી ફરજ બની રહે છે.”

”આપણા બંધાઈ રહેલા સંબંધના સ્વાર્થને બાજુપર મૂકી સાચી સલાહ આપવી જોઈએ. જમાનો બદલાઈ રહ્યો છે. હવે છોકરીઓ પણ એકલી દુનિયાના પડમાં પહોંચી જાય છે.”

“હા. પણ, રૂપાળી છોકરીઓ માટે એ માર્ગ સરળ નથી,” આસુએ ભયસ્થાન દર્શાવ્યું.

“રૂપાળી છોકરીઓએ શું ઘરની ચાર દીવાલો વચ્ચે ભરાઈ રહેવાનું?”

“એવું નથી. પણ એવી કોઈ તક ન ઊભી થાય એ માટે સજાગ રહેવું જોઈએ.”

“પુરુષોની દાનત બહુ ખરાબ થઈ ગઈ છે. ગુંડાઓ જાહેરમાં લોકોની હાજરીમાં ટ્રેઈનના ડબ્બામાં કે જાહેર ઑફિસમાં બળાત્કાર કરતા થઈ ગયા છે. એવા લોકોને સરકારે નહિ સ્ત્રીઓએ જ ધારદાર ચપ્પુ લઈ પેલી અમેરિકન સ્ત્રીની જેમ પાઠ ભણાવવા પડશે.”

“હવે એ દિવસો આવી ગયા છે. એમ કર, રુબી તારું પરિણામ આવી જાય ત્યાં સુધી વિચારતી રહે.”

“હા, માજી. દરમિયાન હિતેન પાસેથી વધુ વિગતો મેળવતા રહીશું. ચાલો હું સ્નાનાદિ પતાવી આવું.”

રુબી જતાં આસુ અને તરુ એકલાં પડ્યાં.

"બેટા, આસુ, સાચું કહે તું રુબીને ખરેખર પ્રેમ કરે છે?"

"ના મમ્મી, એવું કંઈ નથી."

"તો આજે રુબીએ પરણવાનો સીધો સવાલ કેમ કર્યો?"

"એની તો મને પણ કલ્પના નહોતી. એ અહીં મારી સાથે આવી તે પહેલાં અમારે કોઈ જાતનો સંબંધ નહોતો. કૉલેજમાં સાથે નાટકમાં ભાગ લીધો એટલે નજીક આવ્યાં. પણ એક બીજાને પ્રેમ કરતાં નહોતાં કે લાગણીના કોઈ તંતુએ બંધાયાં નહોતાં. હા, અહીં આવ્યા પછી એના પ્રત્યે થોડી ઘણી લાગણીનો ફણગો ફૂટ્યો એ વાત સાચી પણ એ સંબંધ લગ્ન સુધી પહોંચે એટલી હદે આગળ વધ્યો હોય એમ મને લાગતું નથી."

"તું કદાચ એને જુદી રીતે જોતો હોઈશ. પણ એ તને પ્રેમ કરતી લાગે છે. એટલે તો મારી સેવા કરવાને બહાને તારી સાથે આવી. છોકરી ઘણી રીતે સારી છે. થોડા પરિચયે પણ હું એનાથી પ્રભાવિત થઈ છું. મારી ઇચ્છા પણ એને વહુ બનાવવાની ખરી."

"એના બેકગ્રાઉન્ડ વિષે કંઈ પણ જાણ્યા વિના?"

"જેને માબાપ નથી, કોઇ સંબંધી નથી એના બેકગ્રાઉન્ડ વિષે શું જાણવાનું હોય? સ્ત્રીની આંખો એના ચારિત્ર્ય અને એના શીયળ વિષે ચાડી ખાતી હોય છે. રુબી નિર્દોષ, ભોળી અને દિલની બહુ સાફ છોકરી છે. તારે માટે અને મારે માટે ઊંડી લાગણી અને પ્રેમ છે એથી વિશેષ શું જાણવાની તારી ઇચ્છા છે?"

"ગમે તે હોય, પણ મેં તને કહ્યું છે કે એમ.એ. ન થાઉં ત્યાં સુધી મારે લગ્ન અંગે કંઇ જ વિચાર નથી કરવો."

રુબી આવી જતાં એની સામે જોઈ કહ્યું. "આપણે રુબીને હસતે વદને એ જે નિર્ણય લે એમાં સંમતિ આપવી જોઈએ."

"મમ્મી, હજુ હું કંઈ નિર્ણય લેવાની નથી. મારે એની કેટલીક સ્પીચ ટાઈપ કરવાની છે એટલે એની સાથે ચર્ચા કરવાનું બનશે. એના પરિચયમાં આવ્યા પછી અને કેનેડાના કામ વિષે જાણ્યા પછી એની સાથે કામ કરવું ફાવે એમ છે કે નહિ એ જોયા પછી નિર્ણય કરીશું."

"સારી વાત છે."

રુબી આસુ સાથે એની રૂમમાં ગઇ. હિતેનની સ્પીચની એક નકલ એ લાવી હતી. આસુ સામે આખી સ્પીચ વાંચી ગઈ.

"કેવી લાગે છે આ સ્પીચ?"

"આપણા વડીલો માટે ઓ.કે. પણ કોઇ પરદેશીની સ્પીચ હોય એવો પ્રભાવ નથી પડતો."

"મને પણ બહુ ગમી નથી. શ્રોતાઓ પર ઘેરી અસર કરે એવો જુસ્સો નથી લાગતો. પરદેશથી આવેલા વક્તાની સ્પીચ તાળીઓના ગડગડાટથી શ્રોતાઓ વધાવી લે એવી સ્પિરિટવાળી હોવી જોઈએ."

"મે બી. હિતેન સમજપૂર્વક એવી સ્પીચ લખતો હોય!"

"બની શકે પણ આસુ, હિતેનની સ્પીચમાં કંઈક ખૂટે છે. મને લાગે છે કે એને મારે મઠારવી પડશે."

"મઠારીને એને વાંચવા આપજે. એ શું કહે છે એ જોજે."

રુબીએ એની રીતે એની સ્પીચમાં સુધારા કર્યા.

બીજે દિવસે હિતેનને મળવા ગઈ. હિતેને એની સ્પીચમાં થોડા સુધારા કરી રાખેલા. રુબીને એ કરેક્શન માટે આપી.

"તમારી સ્પીચમાં મેં મારી રીતે સુધારા કર્યા છે. કદાચ તમને ન પણ ગમે. છતાં જરા એ જોઈ જશો?"

એણે હિતેનને વાંચવા સ્પીચ આપી. એમાં જુસ્સાભર્યા શબ્દો હતા. ભાષાની ભભક હતી. વાણીની મીઠાશ હતી. શબ્દોમાં લાલિત્ય અને રસિકતા હતાં. સ્પીચ વાંચી હિતેન હસ્યો.

"કેમ ન ગમી?"

"સરસ છે. હું આવી સ્પીચ લખી શકું એમ છું. પણ કાલે જો આ સ્પીચ હું આપું તો ભેંસ આગળ ભાગવત જેવું લાગે."

"કેમ?"

"હું જે જગ્યાએ સ્પીચ આપવાનો છું તે ઘરડાનું ઘર છે. સાઠ વટાવી ચૂકેલા, જીવનથી હારી ગયેલા, મરવાને વાંકે જીવી રહેલા, સંસારભગ્ન વડીલો અને હસવાનું સદંતર ભૂલી ગયેલા લોકોના આશ્રમમાં એક લાખ

રૂપિયાનું દાન આપતી વખતે પ્રોત્સાહનના બે શબ્દો કહેવાના છે."

રુબી ભોંઠી પડી ગઈ. પણ જરા સ્વસ્થ થઈને બોલી, "આઈ એગ્રી વિથ યુ. પણ એવા લોકોને જીવનની સારી બાજુની બેચાર વાતો કરી હસવાની પ્રેરણા આપો. તમારી વાતો સાંભળી એ લોકો જો હસશે તો એટલી પળ જીવનને ધન્ય માનશે અને જીવનને પોઝિટિવ દષ્ટિએ જોતા થશે એવું કેમ નથી વિચારતા?"

"હા, તમારી એ વાત સાથે હું સહમત છું. મેં એવો પૉઝિટિવ વિચાર કર્યો જ નહિ. તમારો એપ્રોચ મને ગમ્યો. ઘરડાના ઘરના લોકોને ધ્યાનમાં રાખી તમારી સ્પીચમાં ઘટતા ફેરફાર કરી તૈયાર કરી આપો. તમારી વાત મારે ગળે ઊતરી છે. મારે મારો દષ્ટિકોણ બદલવો જોઈએ."

"મને અર્ધો કલાક આપો."

"સારું તમે તમારી રીતે તૈયાર કરો. દરમિયાન મારે થોડું એકાઉન્ટ્સનું કામ કરવું છે તે હું પતાવી લઉં."

હિતેન એના કામમાં લીન બન્યો, રુબી એના કામમાં લીન બની.

અર્ધા કલાકમાં એણે કૉમ્પ્યુટર પર સ્પીચ તૈયાર કરી પ્રિન્ટ કાઢી.

હિતેન સ્પીચ વાંચી ખુશ થઇ ગયો.

"તમારી પાસે કલમ છે. ખૂબ સારું લખી શકો છો. ટૂંકમાં ઘણું કહેવાની તમારામાં શકિત છે. વાચક કે શ્રોતાઓનાં હૃદય સુધી પહોંચવાની કળા છે. મારા વ્યવસાયમાં તમારા જેવાની બહુ જરૂર છે."

"તમારો વ્યવસાય શાનો છે? કેનેડામાં નોકરી કરો છો કે બિઝનેસ?"

"તમને શું લાગે છે?"

"તમે કોઇ બિઝનેસ કરતા હશો એવું મારું અનુમાન છે."

"હા, મારો પોતાનો બિઝનેસ છે. જર્નાલિઝમ. "કેનગુર્જરી" પાક્ષિક ચલાવું છું."

"એટલા ગુજરાતી વાચકો કેનેડામાં મળી રહે છે?"

"આજે ટોરોન્ટોમાં સિત્તેર હજાર ગુજરાતીઓ વસે છે."

"એ લોકો ગુજરાતી છાપું ખરીદે છે?"

"ના, એ જ કમનસીબી છે. પૈસા ખર્ચીને છાપું ખરીદે એવા ગુજરાતીઓ

બહુ ઓછા છે. એક જમાનામાં અમદાવાદની પોળોમાં પણ એક જણ છાપું મંગાવે અને આસપાસના લોકો માગીને વાંચે એવો સમય હતો. જો કે આજે પણ ઘણી સોસાયટીઓ અને ગલીઓમાં એવા લોકો છે. કેનેડામાં દેશી છાપાં તો મફત જ વહેંચવાં પડે. પછી ગુજરાતી હોય કે પંજાબી કે હિંદી."

"તો પછી એ પોસાય કેવી રીતે?"

"જાહેરખબરોની આવક પર. એંસી ટકા જાહેરખબરોથી જ પાનાં ભરવાનાં. એ આવકમાંથી ધૂમ કમાણી થાય છે. એ દેશમાં કોઈ પણ વસ્તુના વેચાણ માટે જાહેર ખબર મારફતે પુશ કરવું પડે. લોકો પણ જાહેર ખબરો બહુ વાંચતા હોય છે. 'સેલ' હોય ત્યાં લોકો દોડી જાય. લોકોનું માનસ જ એવું થઈ ગયું છે કે 'સેલ' શબ્દ સાંભળી પાગલ બને છે."

"બચત થતી હોય તો કેમ પાગલ ન થાય? 'પેની સેવ્ડ ઇઝ પેની મેડ' જેવું છે."

"ત્યાં જ તમારી ભૂલ થાય છે. તમે એમ માનો છો કે વેપારીઓ મૂરખ છે? ખોટ ખાઈને ધંધો કરતા હોય છે? વાસ્તવમાં બેચાર આઇટેમ સેલમાં મૂકે. લોકો એ ખરીદવા દોડી જાય. એક વાર સ્ટોરમાં જાય એટલે સાથે બીજી બેચાર વસ્તુઓ પણ ખરીદે જ! એ વસ્તુઓના ભાવ વધારે હોય. દુકાનદારને સરવાળે ફાયદો થવાનો. ગ્રાહકને દેખીતી રીતે ફાયદો થયો એવો આભાસ થાય પણ સરવાળે એ વધુ ખર્ચીને આવે છે. આ બધું ગિમિક છે. વળી નજીકના સ્ટોર છોડી પૈસા બચાવવાની આશાએ દૂરના સ્ટોરમાં જાય એટલે પેટ્રોલ વધારે વપરાવાનું. એનો કોઈ વિચાર કરતું જ નથી."

"સાચી વાત છે. ગાડરિયો પ્રવાહ છે."

"હં, હવે તમે સમજ્યાં."

"એડિટિંગ, વગેરે બધું કામ તમે કરો છો?"

"ના. કેટલાક ગુજરાતીઓને જોબ આપી છે. બે જણ જાહેરખબરની જવાબદારી સંભાળે છે. જાહેરખબર લઈ આવવી, છપાયા પછી એના પૈસા લઈ આવવા વગેરે સંભાળે છે. બે જણ ઑફિસમાં કૉમ્પ્યુટર પર ટાઇપસેટિંગ કરે છે. એક બહેન સમાચારોનું સંકલન કરે છે. એક રિસેપ્શનિસ્ટ છે. હું જનરલ સુપરવિઝન કરું છું. આખું પેપર તૈયાર થઈ જાય એટલે સીડી એક

વેબ પ્રેસમાં મોકલી આપીએ છીએ. બીજે દિવસે પેપર આવી જતાં સ્ટાફના માણસો જુદા જુદા સ્ટોરમાં મૂકી આવે છે. લોકો સ્ટોરમાં ખરીદી માટે જાય ત્યારે પેપર લેતા જાય. પેપરની કોઈ કિંમત નહિ એટલે સ્ટોરવાળાને પણ કોઈ ઝંઝટ નહિ.”

“ફેરિયાઓની પણ જરૂર નહિ.”

“હા. પ્રોફિટેબલ બિઝનેસ છે. પગાર અને ખર્ચ કાઢતાં દર મહિને દસ પંદર હજાર ડોલર મળે છે. શાંતિ છે.”

“તમારી પાસે પૂરતો સ્ટાફ લાગે છે. મને શેની નોકરી આપવાનું વિચારી રહ્યા છો?”

“વસ્તુસ્થિતિ એવી છે કે ગુજરાતીઓ બહુ ટકતા નથી. જરાક વધારે પગારની નોકરી મળે કે તરત જ એક વિકની નોટિસ આપી ચાલતા થાય છે. મારે તાત્કાલિક કોઈને શોધવો પડે છે. આજકાલ ઘણા ગુજરાતીઓ નોકરીની શોધમાં ફરતા હોય છે એટલે મને સહેલાઈથી મળી રહે છે. પણ મોટા ભાગના લોકોનું ગુજરાતી બહુ કાચું હોય છે. જોડણીની અને ભાષાની બહુ ભૂલો કરે છે. મને એની પડી નથી. અખો કહેતો હતો કે ‘ભાષાને શું વળગે ભૂર, રણમાં જે જીતે તે શૂર’ એમ વિચારી ચલાવે રાખું છું. પણ આજકાલ પરિસ્થિતિ બદલાઈ રહી છે. છોકરાંઓને સાચવવા લોકો ઘરડા માબાપને સ્પોન્સર કરે છે. એટલે રિટાયર્ડ થયેલા બહુ ગુજરાતીઓ આવી રહ્યા છે. શિક્ષક, અધ્યાપક, કેળવણી કે માહિતી ખાતામાં કામ કરી ચૂકેલા નિવૃત્ત અધિકારીઓ, લેખકો, કવિઓ, બધા જ વર્ગના શિક્ષિત લોકોને કામધંધા ન હોય એટલે નવરાશમાં ગુજરાતી છાપાં વાંચે. એ અમારે માટે એક રીતે સારું છે. પણ ઘરમાં નવરા બેઠા રહેતા હોય એટલે વાંચીને લાંબાલાંબા ચર્ચાપત્રો લખી મોકલે છે. પત્રો ટીકાઓ અને એમના ડહાપણથી ભરપૂર હોય છે. શું ખોટું છે ને ક્યાં કઈ ભૂલ છે એના ઉલ્લેખ કરી પોતાની મહાનતા વ્યક્ત કરે છે. જો કે હું તો મોટા ભાગના કાગળો ગાર્બેજમાં પધરાવી દઉં છું. કેટલાક કાગળોમાંથી બેચાર વાકયો પ્રશંસાના હોય એ ‘વાચકો લખે છે’ એ કોલમમાં એમના નામ સરનામા સાથે છાપું છું એટલે પરદેશના છાપામાં નામ છપાયાનો એ લોકો આનંદ અનુભવી આક્રંદ ઓછો કરે છે.

દિવસે દિવસે પત્રોની સંખ્યા વધતી જાય છે. મને બીક છે કે હું કેરફૂલ નહિ રહું તો કો'ક મારો હરીફ જાગશે અને મને ફટકો પહોંચાડશે. એ વિચારે હું એક સારા સહતંત્રીની શોધમાં છું. છાપામાં ભૂલો ન આવે અને નવા વિભાગો તમે શરૂ કરો તો મારા પેપરની લોકપ્રિયતા વધે. મને લાગે છે કે તમે એ કરી શકો એમ છો."

"હું આવવા તૈયાર થાઉં પણ એ અંગેની બધી કાર્યવાહી તમારે કરવી પડે. મને એ બાબતનો કોઈ અનુભવ નથી અને હાલમાં મારી પાસે પૈસાની પણ સગવડ નથી. હા, એ અંગે જે કંઈ ખર્ચ થશે એ હું આપને મારા પગારમાંથી ધીરેધીરે જરૂર ચૂકવી દઈશ. "

"એક વાર તમે આવવા સહમત થાઓ પછી એ કશાની ચિંતા તમારે કરવાની નથી. વર્ક પરમિટ, એની અરજીની ફી, વિઝા, પાસપોર્ટ, ટિકિટ, ત્યાં ટેમ્પરરી રહેવા જમવાની વ્યવસ્થા એ બધું હું ફોડી લઈશ. તમારે મને વહેલામાં વહેલી તકે જવાબ આપવાનો છે. તમે ન જ આવવા માગતાં હો તો હું કોઈ બીજાને શોધીશ. તમે કોઈ સારા ગુજરાતીની જો ભલામણ કરશો તો એ પણ હું વિચારીશ."

"બી.એ.નું પરિણામ આવે ત્યાં સુધી રાહ જોવી પડે. મારું બી.એ.નું પરિણામ આવતા મંગળવારે આવશે. પછી નક્કી કરી જણાવીશ."

"નો પ્રોબ્લેમ. એમ તો હું અહીં હજુ એકાદ મહિનો રહેવાનો છું. તમારો પગાર, નોકરીનો એપૉઇન્ટમેન્ટ, નોકરીની ટર્મ્સ બધું અહીં જ ફાઇનલ કરીશું. તમારાં સ્વજનો સાથે વિચારી મને જણાવશો. નો બિગ રશ."

"થેંક્સ." કહી હિતેનની પ્રપોઝલ પર વિચાર કરતી રુબીએ વિદાય લીધી.

* * *

# અગિયાર

યુનિવર્સિટીનું પરિણામ આવી ગયું. આસુ બી.એ.માં હાયર ફર્સ્ટ ક્લાસમાં પાસ થયો. એણે તો ફર્સ્ટ ક્લાસ કલ્પ્યો હતો એટલે કંઈ નવાઈ નહોતી. પણ રુબીએ ફર્સ્ટ કલાસની કલ્પના નહોતી કરી. ફર્સ્ટ કલાસમાં પાસ થતાં રુબીના આનંદની કોઈ સીમા ન રહી. સમાચાર સાંભળતાં જ સૌથી પ્રથમ માજીના પગે પડી.

"આ ઘરમાં મેં પગલાં મૂકયાં અને આપની સેવા કરી એનું આ પરિણામ છે. માજી હવે મારી કેરિયર બદલાઈ જવાની. મારી લાઈફ સુધરી જવાની. મારો આનંદ વ્યક્ત કરવા તમે જ મારી મા છો. આજે મારી મા જીવતી હોત તો એના હરખની કોઈ સીમા ન હોત. માજી આશીર્વાદ આપો કે કાળકામા મારું જીવન સુખી અને ઉજ્જ્વળ બનાવે."

બોલતાંબોલતાં એની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

પાસે ઊભેલાં માજીને ભેટી અંતરના પ્રેમનો ઊભરો કાઢતી રહી. હૈયું જ્યારે ઊભરાઈ જાય છે, શબ્દો લૂલા બની જાય છે.

આસુનું મન પણ રુબીની આત્મીયતાથી પીગળી ગયું.

"ગોડ બ્લેસ યુ અ હેપી એન્ડ વન્ડરફુલ લાઈફ!"

"આસુ, ગોડ બ્લેસ યુ અ વેરી હેપી એન્ડ એકસેલન્ટ કેરિયર!" રુબી બોલી.

તરુબહેન મુગ્ધ બની બન્નેને બે બાહુમાં સમાવી મનોમન આશીર્વાદ વર્ષાવતાં રહ્યાં. એ જવખતે ઘરમાં પ્રવેશતાં વસુબહેન બોલ્યાં, "આજે કંઈ ખુશાલીનો દિવસ ઊગ્યો લાગે છે."

"હા, આવો વસુબહેન. બહુ સારા સમાચાર છે. બંને બી.એ.માં પાસ થઈ ગયાં છે! બંને પાછાં ફર્સ્ટ કલાસમાં."

"હવે આખી સોસાયટીમાં પેંડા વહેંચવા પડશે."

"તમે કહો તેમ. આનાથી વિશેષ આનંદ બીજો કયો હોઈ શકે?"

"આસુ તો આગળ ભણવાનો છે. રુબી તેં શું નક્કી કર્યું?"

"નોકરી. તમારી સલાહ લેવાની છે. તમે ઘેર નહોતાં એટલે તમારી રાહ જોતી હતી."

"અમારે એક સેમિનારમાં જવું પડે એમ હતું. મનુભાઈ અતિથિવિશેષ હતા. મારે એક વિષય પર બોલવાનું હતું. બોલો, શી સલાહ લેવાની છે?"

"મને કેનેડાની એક ઑફર આવી છે."

"કોઈ કેનેડિયનને પરણવાની ઑફર છે કે નોકરીની ઑફર છે?"

"તમે પણ શું મજાક કરો છો?" તરુ બોલી.

"મજાક નથી કરતી સિરીયસ છું. આજકાલ દેખાવડી છોકરીઓને અમેરિકા, કેનેડા, લંડનની બહુ ઑફરો આવે છે. કોઈ પણ પગલું ભરતાં પહેલાં વિચાર કરજો. પૂરી તપાસ કર્યા પછી એવી કોઈ ઑફર અંગે વિચારવું."

"ઑફર નોકરીની છે. બે કે ત્રણ વર્ષની વર્ક પરમિટ પર કેનેડા જવાનું બને એમ છે."

"નોકરી સારી હોય, તને ગમે એવી હોય તો જવાનું. એક નવી દુનિયાનો નવો અનુભવ થશે. એમાં કંઈ ખોટું નથી."

"હજુ એ અંગે વિગતવાર ચર્ચા નથી કરી કે પૂરી માહિતી નથી. મારા પરિણામની રાહ જોતાં હતાં. હવે મળીને એક બે દિવસમાં ફાઈનલ કરીશું. તમે આવી ગયાં છો એટલે તમારી અને ગુરુદેવની સલાહ પણ લેવાની છે."

"કોણે ઑફર મૂકી છે?"

"અમીચંદકાકાના હિતેને. એને એની કંપનીમાં કોઈ સારા ગુજરાતી સહતંત્રીની જરૂર છે."

"એ કેનેડામાં છાપું ચલાવે છે?"

"હા, બહુ સારું ચાલે છે અને બહુ સારું કમાય છે. નવા રૂપરંગ સાથે સારી છાપ પાડે એવું ક્ષતિરહિત બનાવવું છે."

"પરદેશમાં ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને ગુજરાતનું ગૌરવ વધે એવું કામ કરી રહ્યો હોય તો તારે સાથ અને સહકાર આપવાં જોઈએ."

"પરિણામ આવી ગયું છે. હવે મારે નક્કી કરી એને કહેવાનું છે."

"સાંજે ઘેર આવજો. અમારી સાથે જમજો અને મનુભાઈ સાથે વાત કરી નક્કી કરીશું."

"આજે તમે બધાં અહીં જમો. આજ અમારે ઘેર રૂડો અવસર છે," તરુબહેન કહ્યું.

સાંજેમળવાનું નક્કી કરી બધાં છૂટાં પડ્યાં.

* *

"બહેન, આજતમારી ખુશાલીનો દિવસ છે. તમને રસોડામાંથી મુક્તિ," પૂનમે કહ્યું.

"હા, રુબી, આજ તારો દિન છે. યુ આર ધ કવીન ઑફ ધ ડે. હું બાસુદી અને ફરસાણ બહારથી લઈ આવું છું. બાકીનું બધું પૂનમ બનાવી દેશે. તું મમ્મી સાથે વાતો કર." આસુએ રુબીને હુકમ કર્યો.

"જી સરકાર..." કહી રુબી તરુબહેન પાસે બેઠી.

આસુ બજારમાં મીઠાઈ અને ફરસાણ લેવા ગયો.

આસુ ઘર બહાર ગયો પછી રુબીએ ફોન કરી એક કેક મંગાવી. એની બેગમાંથી એણે એક કાર્ડ કાઢ્યું. લાલ પેનથી અંદર સરસ લખાણ લખ્યું. હૈયાના ભાવ વ્યકત કરતું એક કાવ્ય લખી કાર્ડ સંતાડી દીધું.

છ વાગ્યે રસોઈ તૈયાર થઈ ગઈ. મનુભાઈ અને વસુબહેન આવી ગયાં. બધાં ડ્રોઈંગરૂમમાં બેઠાંબેઠાં વાતો કરવા લાગ્યાં.

રુબીએ ડાઈનિંગ ટેબલ સરસ રીતે ગોઠવી દીધું. ટેબલ કલૉથ પાથરી એની વચ્ચે ફૂલદાની મૂકી ફૂલદાનીમાં ગુલાબનો ગુચ્છ મૂક્યો. ચારે બાજુ એર ફ્રેશનર છાંટી વાતાવરણને મઘમઘતું કર્યું.

"શું સરસ સુવાસ પથરાઈ ગઈ બહેન!"

"આજમારો નહિ, આસુનો ભવ્ય દિન છે. એ હાયર ફર્સ્ટ ક્લાસ પાસ થયો છે. એને સરપ્રાઈઝ કરવાનો છે."

"બહેન, પ્લેટો મૂકી દઉ?" પૂનમે પૂછયું.

"ના, હમણાં નહિ. હું કહું ત્યારે. અહીં આવ મને મદદ કર."

પૂનમે રુબીને ટેબલ ગોઠવવામાં મદદ કરી.

"બધા બેસી જાય પછી હું તને કહું ત્યારે પ્લેટો લાવવાની."

"સારું બહેન."

રુબી ડ્રોઈંગરૂમમાં ગઈ. સૌ વાતોમાં મશગૂલ હતાં.

"એકસ્ક્યુઝ મી...." સૌએ રુબી સામે જોયું.

"આપણે બધાં ડાઈનિંગ ટેબલ આસપાસ ગોઠવાઈ જઈએ?"

"જેવો તમારો હુકમ..." મનુભાઈ ઊભા થતાં બોલ્યા.

"હજુ પ્લેટો મૂકવાની છે?" તરુબહેને પૂછયું.

"મૂકીએ છીએ. પહેલાં તમે બધાં તમારું નામ હોય ત્યાં બેસી જાઓ."

સૌ અવાક બની બેસી ગયાં.

"આ છોકરીના મગજમાં કંઈક પ્લાન લાગે છે!" મનુભાઈ સમજી જતાં બોલ્યા.

બાજુના ટેબલ પરથી કેક લઈ ટેબલ પર મૂકતાં રુબીએ કહ્યું, "ગુરુદેવ, આજઆપના આશીર્વાદ ફળતાં આ ઘરમાં સોનાનો સૂરજઊગ્યો છે. સૌથી પહેલાં કેક કટિંગ સેરિમની કરી આસુને અભિનંદન આપીએ."

આસુ તો કેક જોઈ આશ્ચર્યમાં પડી ગયો. "તું કયારે કેક લઈ આવી?"

"કોઈ ડીલિવર કરી ગયું. હવે અહીં પણ હોમ ડીલિવરી થાય છે એની કદાચ તને ખબર નહિ હોય."

"તમે બંને સાથે કેક કાપો." વસુબહેને કહ્યું.

"હા, રુબી, તું પણ આવી જા. તું પણ આજના શુભ દિવસની સરખી ભાગીદાર છે," આસુએ કહ્યું.

રુબી આસુની પાસે ઊભી રહી ગઈ.

"ગુરુદેવ, એક મિનિટ હું કેમેરા લઈ આવું."

આસુ એની રૂમમાંથી દોડતો જઈને કેમેરા લઈ આવ્યો.

"તરુબહેન અને વસુબહેન તમે બંને બે બાજુ ઊભાં રહી જાઓ. હું ફોટો પાડી લઉ," મનુભાઈએ કહ્યું. મનુભાઈએ બે ફોટા પાડ્યા.

"પૂનમ, તું પણ આવી જા."

"ના. મારાં કપડાંમાં ઠેકાણું નથી."

"અરે આવી જા," કહેતાં આસુ એનો હાથ પકડી એને ઢસડી લાવ્યો.

શરમાતીશરમાતી પૂનમ ઊભી રહી ગઈ.

"હવે, ગુરુદેવ તમે આવી જાઓ. પૂનમ બેચાર ફોટા પાડશે."

"મને ના ફાવે. તમારા ફોટા બગડશે."

"હું ગોઠવી આપું છું. તારે માત્ર ચાંપ જ દબાવવાની."

આસુએ કેમેરા ગોઠવી પૂનમને આપ્યો. એ વચ્ચે આવીને ઊભો રહી ગયો. પૂનમે ત્રણ ફોટા પાડ્યા.

રુબીએ આસુને કૉંગ્રેચ્યુલેશન કાર્ડ આપ્યું. આસુએ મોટેથી વાંચ્યું.

"પ્રિય આસુને અભિનંદન.

આપના જીવનની આ ધન્ય ઘડી જીવનભરનું એક મોંઘેરું સંસ્મરણ બની રહો. આપનું ભાવિ જીવન અને આપની કારકિર્દી ઉજ્જ્વળ બની રહો.

આનંદ અને ઉલ્લાસભરી ક્ષણો જીવનને રમ્ય બનાવો.

આપનું જીવન સોહી ઊઠો.

આપના શુભેચ્છુ પરિવારનાં સૌ.

કાર્ડમાં નીચે ચાર પંકિતનું નાનું કાવ્ય હતું.

"આશની ઈમારત પર કદમ હવે આગે બઢાઓ,
સપનાંને સાકાર કરવા મંઝિલ સફળ બનાઓ.
સુખ, સંપત્તિ, સિધ્ધિથી સભર હો તમ જીવન
ગુલ જેમ મહેંકી રહો પળ પળ તમ તનમન."

સૌએ તાળીઓના ગડગડાટથી રુબીની ભાવનાને વધાવી લીધી.

"મોઢું મીઠું કરાવો." મનુભાઈ બોલ્યા.

"રુબી, તું આસુને કેક ખવડાવ, અને આસુ, તું રુબીને કેક ખવડાવ."

કેકનો ટૂકડો લઈ રુબી ઊભી રહી ગઈ.

"શરમ શાની? તમે યુવાન મિત્રો છો. એકબીજાને ખવડાવો. સહૃદયી મિત્રોના હૈયાનો પડઘો પાડવાની એ પ્રથા છે. કંઈ નવું નથી."

રુબીએ આસુને અને આસુએ રુબીને કેક ખવડાવી.

વસુબહેને બંનેના બરડામાં ધબ્બો મારી આશીર્વાદ આપ્યા.

"ગુડ લક ટુ બોથ ઑફ યુ. મે યોર કેરિયર બ્રાઇટન યૉર લાઇફ. ગૉડ બ્લેસ યુ."

"વી જોઈન વસુબહેન ઈન હર વિશીઝ... ગૉડ બ્લેસ યુ બોથ માર્વેલસ લાઈફ!"

તરુબહેન ભાવભીનાં બની ગયાં. મુગ્ધ બની બંનેને નીરખી રહ્યાં. આસુ અને રુબી મમ્મીને, ગુરુદેવને અને વસુબહેનને વારાફરતી પગે લાગ્યાં.

સૌના વદન પર હરખની છાયા પથરાઈ રહી.

"વાહ ભાઈ વાહ! રુબી, શું સરસ તારું પ્લાનિંગ છે! તેં થોડા દિવસમાં આ ઘરમાં જે સુવાસ પાથરી છે એ અવિસ્મરણીય બની રહેશે."

"એ જ્યાં જશે ત્યાં દીપી ઊઠશે અને દીપાવશે."

"દેશને આવા અનેક દીપકોની જરૂર છે."

"ચાલો, પહેલાં પેટની પૂજા કરી લઈએ. પછી વાતો કરીશું." તરુબહેને વ્યવહારુ વાત કરી.

"પૂનમ, હવે બધી પ્લેટો ગોઠવી દે."

પૂનમે પ્લેટો ગોઠવી અને રુબીએ બધી વાનગીઓ ટેબલ પર મૂકી. વાતો કરતાંકરતાં સૌએ જમી લીધું. જમીને સૌ ડ્રૉઈંગ રૂમમાં ગયાં.

"આસુનો પ્લાન અમે જાણીએ છીએ. રુબી તારો શો પ્લાન છે?"

"તમારી સલાહની જરૂર છે. એને એક ઑફર આવી છે."

"લગ્નની કે નોકરીની?"

"ગુરુદેવને મજાક કરવાની બહુ ટેવ છે."

"ઉંમર લાયક છોકરીને કાં તો નોકરીની કે કાં તો લગ્નની એમ બે જ ઑફર હોઈ શકે! મારી વાત કંઈ ખોટી છે?"

"ના.. વાત તો સાચી છે. પણ હાલ તો નોકરીની ઑફર છે." આસુએ વચ્ચે કહ્યું.

"કેવી નોકરી છે? ક્યાં છે?"

"આપણી સોસાયટીનો હિતેન ટોરોન્ટોથી આવ્યો છે."

"હા, ફરવા નીકળેલો ત્યારે એક દિવસ મને મળેલો. બહુ સારો ધંધો ચાલે છે એવી વાત કરતો હતો."

"એણે રુબી સમક્ષ નોકરીની ઑફર મૂકી છે."

"નોકરીની ઑફર?" અને હસીને ઉમેર્યું, "મને લાગે છે કે લગ્નની ઑફર

મૂકતાં અચકાતો લાગે છે એટલે નોકરીની ઑફર મૂકી હશે."

"કેમ એવું લાગે છે?"

"લવ એટ ફર્સ્ટ સાઇટ જેમ રુબી જેવી બ્યૂટિફુલ છોકરીના પ્રેમમાં એ પડી ગયો હશે. એની પણ હવે પરણવાની ઉંમર થઈ છે. એટલે નોકરીને બહાને એને કેનેડા લઈ જશે. બધું ધાર્યા પ્રમાણે પાર પડે તો એ લગ્નનો પ્રસ્તાવ મૂકવાનો."

સૌ મનુભાઈની વિચારસરણી પર વિચારતા થઈ ગયાં. એમનું અવલોકન કંઈ ખોટું નહોતું. સૌને ગળે એ વાત સહેલાઈથી ઊતરી ગઈ.

સૌને શાંત જોઈ એમણે રુબીને સવાલ કર્યો, "તું એના પરિચયમાં કેટલા દિવસથી આવી છે?"

"મેં એની બે ત્રણ સ્પીચ તૈયાર કરી. ભાષાશૈલી અને ભાષા પરનો મારો કાબૂ જોઈ એ મુગ્ધ થઈ ગયો. એના છાપા માટે એને મારા જેવી સહતંત્રીની જરૂર છે."

"તો તારી બ્યુટી પર નહિ, તારી ભાષા પર એ ખુશ થયો છે. તારા વિષે કંઇ જ કહ્યું નથી?"

"ના, એક શબ્દ પણ નહિ. મારી નોકરી પણ હાલ પૂરતી માત્ર ત્રણ વર્ષની ટેમ્પરરી છે. એનો આશય એના છાપાને બહુ સારું અને લોકોને ગમી જાય એવું નંબર વન બનાવવાનો છે. ટોરોન્ટોમાં ગુજરાતી વર્તમાનપત્ર ચલાવવા સારા ગુજરાતી મળી રહેતા નથી અને મળે છે તો ટકતા નથી."

"એનો આશય તો શુભ લાગે છે. એની એ વાતોમાં સચ્ચાઈ હોય તો એ ઑફર સ્વીકારી લેવી સારી. ત્રણ વર્ષ તો કાલ પસાર થઈ જશે. જોબ ઑફર, વિઝા બધાની વ્યવસ્થા એ કરવાનો છે?"

"હા."

"એ બધામાં તો એ પહોંચેલો છે. એના હાથ પણ એ બાબતમાં બહુ લાંબા છે. તારી પાસે ટિકિટના પૈસા ન હોય તો એ માટે અચકાતી નહિ."

"થેંક્સ ગુરુદેવ આપની ઑફર માટે. ટિકિટ પણ એ આપવાનો છે. ત્રણ મહિના લૉજિંગ બોર્ડિંગની વ્યવસ્થા પણ એ કરવાનો છે."

"તો પછી કોની રાહ જુએ છે? હા પાડી દે. છોકરો બહુ ભલો, વિશ્વાસુ

અને પરગજુ છે. છેલ્લાં પાંચ વર્ષમાં બહુ દાન કર્યાં છે. સેવાભાવી અને સંસ્કારી સજ્જન તરીકે સારી છાપ ઊભી કરી છે. કેનેડામાં એનું નામ કેવું છે કે એની છાપ કેવી છે એની અમને કોઈ ખબર નથી. એની ત્યાંની પ્રવૃત્તિ વિષે પણ ઘણાને ખબર નથી.”

“મારે મારી નોકરીનો વિચાર કરવાનો છે. એના અંગત જીવન સાથે શી નિસ્બત? અહીં આટલું બધું દાન કરે છે તો એનામાં કંઈક સારું જરૂર હશે.”

“ગુરુદેવ, તમારું અવલોકન બહુ સારું છે. હું પણ તમારી વાત સાથે સો ટકા સહમત છું. આપણે આપણા કામ સાથે નિસ્બત. આપ ભલા તો જગ ભલા. રુબી ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળે એવી છે એની તો મને સો ટકા ખાતરી છે.” મનુભાઈની વાતો શાંતિથી સાંભળી લીધા પછી આસુએ પોતાનો અભિપ્રાય આપ્યો.

“મારી પણ એ જ સલાહ છે રુબી. તારે એ ઑફર સ્વીકારી લેવી. કાલ કોણે દીઠી છે. ત્રણ વર્ષ પછી પાછા આવવાનું થાય તો વાંધો નથી. ત્યાં ગમી જાય અને કાયમી નોકરી મળે તો તારે નક્કી કરવાનું છે. ત્યાં હિતેનને કે કોઈને પરણી જવાનું નસીબમાં લખ્યું હશે તો કોઈ મિથ્યા કરવાનું નથી.”

“સંસારનું ચક્ર જે રીતે ઘડાયું હશે તે જ રીતે ચાલવાનું છે. ‘આપણો ચિંતવ્યો કોઈ અર્થ નવ સરે..”

“તો હું હિતેનને મારી સંમતિ આપી દઉં?”

“તારી જિંદગી છે. આખરી નિર્ણય તારે લેવાનો છે. તને શું લાગે છે?”

“મને લાગે છે કે કુદરતે મારે માટે આ જ માર્ગ નિરધારિત કર્યો લાગે છે. અમદાવાદથી આસુ સાથે મારું અહીં આવવું. માજીની સેવા કરવી, આપનું મળવું. હિતેનની આકસ્મિક મૂલાકાત થવી એ બધું નિર્માતાએ જ નિર્માણ કર્યું હશે એવું મને લાગે છે. મારું ભાવિ મને આ દિશામાં આગળ ઝંપલાવવા પ્રેરી રહ્યું છે. એક વાતનું મને હંમેશ દુઃખ રહેવાનું છે કે જિંદગીમાં જ્યારે સ્વજનોની હૂંફ મળી ત્યારે એ સુખ ભોગવવાનું મારે નસીબે સદ્ભાગ્ય ન રહ્યું. એમાં પણ નસીબનો કોઈ સંકેત હશે.”

રુબીનું હૈયું ભરાઈ આવ્યું. ટેબલ પર માથું ઢાળી એ રડી પડી.

તરુબહેને એને ઊભી કરી એનાં આંસુ લૂછતાં કહ્યું,”તારા નસીબનો

નહિ મારા નસીબનો વાંક છે. મને હતું કે આસુ જશે ત્યાર પછી બે વર્ષ મને તારો સાથ મળશે. પણ મારા નસીબમાં એ પણ નથી.”

“અમે તમારી પાસે છીએ જ તરુબહેન. સમયને વીતતાં કયાં વાર લાગે છે? કાલ બેત્રણ વર્ષ વીતી જશે અને આમ બધાં સાથે હળીમળીને બેઠાં હોઈશું.”

“રુબી તમારા નસીબમાં લખાઈ હશે તો એ અહીં પાછી આવવાની છે એ ચોક્કસ માનજો. ચાલો, એને વાજતેગાજતે વળાવવાની તૈયારી કરો. દીકરી તો સાસરે જ શોભે. કેનેડા એનું સાસરું છે એમ માનજો. કાલ પાછી આવી આસુને લઈ જાય એવું બનવા સંભવ છે. કશું જ અસંભવિત નથી.”

“હા, રુબી. આજનો દિવસ તમારા બંને માટે સારો છે. આજે જ તમારા પરિણામના સમાચાર અને તારી સંમતિના સમાચાર હિતેનને આપી આવો.” વસુબહેને સલાહ આપી.

“એની એક સ્પીચ માટે આજે સાત વાગે એને ઘેર જવાનું છે.”

“શિવાસ્તુ પંથાઃ. ચાલો અમે જઈએ.”

મનુભાઈ અને વસુબહેન બંનેને ભેટી આશીર્વાદ આપી એમને ઘેર ગયાં.

“રુબી, હિતેન માટે બાસુદી અને કેક લઈ લેવાં છે?”

“તને શું લાગે છે?”

“લઈ લે. ખુશાલીના સમાચાર લુખ્ખા ન અપાય. ના પાડશે તો પાછી લાવીશું.”

રુબી અને આસુ હિતેનને ઘેર ગયાં. હિતેન રાહ જોઈને જ બેઠો હતો.

“વેલકમ. આવો આવો.”

“તમને ગુડ ન્યુઝ આપવાના છે!”

“વેરી ગુડ. એમાં ઢીલ નહિ. બોલો શા સમાચાર છે?”

“આસુ, હાયર ફર્સ્ટ ક્લાસ પાસ થઈ ગયો.”

“કૉંગ્રેચ્યુલેશન્સ!” આસુ સાથે શેકહેન્ડ કરી એને ભેટ્યો.

“રુબી પણ ફર્સ્ટ ક્લાસમાં પાસ થઈ ગઈ.”

“કૉંગ્રચ્યુલેશન્સ!” કહેતાં રુબીને શેકહેન્ડ કર્યા.

રુબી ખુશ થઈ ગઈ. એને હતું કે હિતેન એને એ બહાને આલિંગનમાં

લેશે. જો એના મનમાં જરાકે બદઈરાદો હશે તો એ પરખાઈ જશે. પણ એવું કશું ન બન્યું.

"હવે તમે જો પૉઝિટિવ નિર્ણય લેશો તો બહુ જલદી બધું પતી જશે. સરકારના નવા નિયમો પ્રમાણે તમારી અરજી પર વધુ પ્રભાવ પડશે."

"મને લાગે છે કે ત્રણ વર્ષની તમારી ઑફર હું સ્વીકારીશ. મારે નોકરી તો કરવાની જ છે. પછી અહીં કરું કે ત્યાં કરું એમાં શો ફેર પડવાનો છે?"

"મોટો ફેર પડવાનો છે. તમારી ત્રણ વર્ષની અહીંની નોકરીની કોઈ વેલ્યૂ નથી. ટોરોન્ટોની નોકરી તમારી મહત્તા અને માગ વધારશે. અહીં પાછાં આવશો ત્યારે સારી નોકરી અને સારો છોકરો બંને તમારી રાહ જોઈ રહ્યાં હશે. એક નહિ, કદાચ એકથી પણ વધારે. વૉટ ડુ યુ થિંક આસુ?"

"યુ આર એબ્સોલ્યૂટલી રાઈટ, માય ફ્રેન્ડ! તમે દુનિયા જોઈ છે."

"મને એ જ વાતનું દુઃખ છે. આપણા દેશમાં માણસની કદર નથી. છોકરો હોય કે છોકરી હોય, એ પરદેશ જાય એટલે એની કિંમતમાં લાખ ગણો વધારો થઈ જાય છે. પછી ભલે એ પરદેશમાં જઈને ભોટ થઈ ગયો હોય. નોકરીની શોધમાં ચક્કરો મારી મારી, ગમે તે કારખાનામાં નોકરી કરી બુધ્ધિ પર કાટ ચડાવી દીધો હોય, જીવન પર નિરાશાના થર ચડાવી દીધા હોય, માનવતાવાદી મટી ભૌતિકવાદી બની ગયો હોય, આડંબરના અંચળા ઓઢી લીધા હોય. બેચાર મીઠા શબ્દો વાપરે અને થોડા શિષ્ટાચારનો દેખાવ કરે એટલે દેશના લોકો અંજાઈ જાય. એની વાહ વાહ કરે, એનાં ગુણગાન ગાય અને એનાથી ભોળવાઈ જાય!"

"તમે જર્નાલિઝમમાં છો એ તમારી વાતો પરથી તરત જ જણાઈ આવે છે." આસુએ હિતેનનાં વખાણ કર્યાં.

"રુબી, ત્યાં આવ્યા પછી તમારા જેવાં સંસ્કારી અને સારા કુટુંબમાંથી આવેલાને આ હકીકતનો તરત જ અણસાર આવી જશે."

"લોકોને અમેરિકા અને કેનેડાનો બહુ મોહ છે. એ દેશમાં જવાથી ભાવિ બદલાઈ જાય છે એવી એક છાપ છે."

"એ એક માન્યતા છે. એ દેશમાં જનારા બધાનું ભવિષ્ય બદલાઈ જતું નથી. આપણા ઘણા બધા લોકો જે રીતનું જીવન જીવી રહ્યા છે એનો

સાચો ચિતાર તમારી સમક્ષ રજૂ કરું તો તમે સાંભળીને છક થઈ જશો. ડુંગરા દૂરથી રળિયામણા લાગે એવું છે. કેટલાય ગુજરાતીઓ એવા છે જે પતિપત્ની બંને કમાતાં હોવા છતાં માંડ બે છેડા મેળવી શકે છે. સામાન્ય ગુજરાતીની વાત નથી કરતો. અહીં લાખો કમાતા અને એશઆરામનું જીવન જીવતા ત્યાં જઈ કાળી મજૂરી કરે છે. એમના ફીલ્ડની નોકરી મળે નહિ એટલે કારખાનામાં કે રેસ્ટોરાંમાં જેમળે તે કામ કરવું પડે છે. એમાં શિક્ષક, ડૉક્ટર, એન્જિનિયર, ડેન્ટિસ્ટ, વેપારી બધા આવી જાય છે. એક તો અહીંની કોઈ ડિગ્રી માન્ય નથી. ત્યાં સારી નોકરી મેળવવા ત્યાંની કોઈ ડિગ્રી કે તાલીમ મેળવવી પડે. એમાં ચારપાંચ વર્ષ જાય. એ વર્ષો દરમિયાન એક પ્રકારની હતાશા કે નિરાશા જીવનને ઘેરી લે છે. એક પ્રકારના ઈન્ફિરિયારિટી કૉમ્પ્લેક્ષથી ઘવાય છે અને જેમ તેમ કરીને દહાડા કાઢે છે. પાછા આવવાનું મન થતું નથી કારણકે લોકોને શો જવાબ આપવો એ સવાલ મૂંઝવે છે.”

“તો લોકો વીસ પચીસ લાખ ખર્ચીને ઈલિગલી જવા કેમ પ્રેરાય છે?”

“મોહ. પરદેશની જિંદગીનો મોહ. ડોલરનો મોહ. અહીં એક ડોલરના અમેરિકન હોય તો પચાસ જેટલા અને કેનેડિયન હોય તો ત્રીસ જેટલા મળે એ લોભ. ખરું કહું તો ડોલરની માયા છે. હા, કેટલાક નસીબદાર હોય છે. કાંતો ધંધામાં સફળતા મળે છે કે સારી પાયરી પર પહોંચી જાય છે. એ લોકો ખૂબ સુખી છે. એમની પાસે બંગલા છે, આંગણામાં મર્સિડિઝ કે ફરારી કાર છે, તિજોરીમાં કે બેંકમાં ધનના ઢગલા છે. પણ એવા કેટલા? આંગળીને વેઢે ગણી શકાય એટલા!.”

“કેટલાક અનીતિને માર્ગે પણ કમાતા હશે ને! વીસ વીસ લાખ ખર્ચીને લોકો પરદેશ જાય છે એ ધંધાવાળા પણ ધૂમ કમાતા હશે ને!”

“લોભિયા વસતા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે. એક રીતે એ અનીતિનો પૈસો ન કહેવાય. એ પણ એક વેપાર છે. વેપારમાં સફળતા મેળવવા અનેક પ્રકારના કાવાદાવા કરવા પડે છે.”

“નીતિ અને પ્રામાણિકતાથી પણ વેપાર થઈ શકે!” રુબીએ કહ્યું.

“મહાભારતમાં પ્રપંચ અને ઠગ વિધાના અગણિત દાખલા છે. છોડો એ બધી વાતો. આપણે જગને સુધારી શકવાના નથી. મારી પાસે કેનેડિયન

એમ્પલૉયમેન્ટ ઑફિસમાંથી એમ્પલૉયમેન્ટ ઑફર એપ્રુવલનો લેટર છે. તમે સ્યોર હો તો તમારે માટે અહીંની ઑફિસમાં અરજી કરી તમારા ટેમ્પરરી વિઝાની કાર્યવાહી કરી દઉં."

"આસુ, તારી શી સલાહ છે?"

"તારી ઇચ્છા હોય તેમ કર. તારી પ્રગતિનો અમને સૌને આનંદ થશે."

રુબીએ હિતેનને સંમતિ આપી દીધી.

"વેરી ગુડ, આઈ એમ હેપી ફૉર યૉર પૉઝિટિવ ડીસિઝન. આઈ એમ સ્યૉર યુ વિલ બી એ ગ્રેટ એસેટ ટુ માય કંપની."

"આઈ વિલ બી ગ્લેડ ટુ વર્ક વિથ યુ."

"થેંક્સ. લો આ ત્રણસો રૂપિયા તમારા મહેનતાણાના."

"મારી એપ્લિકેશન, વગેરેનો ખર્ચ મારે તમને આપવાનો રહેશે. તમે તમારી પાસે જમા રાખો."

"તમારે એ અંગે કોઇ ખર્ચની ચિંતા કરવાની જરૂર નથી. ટોરોન્ટો પહોંચો ત્યાં સુધીની બધી જવાબદારી મારી. હા, તમારે કંઈ ખરીદી માટે પૈસાની જરૂર હોય તો હું તમને લોન આપી શકીશ."

"મારે શું શું લેવું જોઈએ એ અંગે તમારે મને ગાઈડ કરવી પડશે."

"અત્યારે ત્યાં સમર છે એટલે હેવી કોટ, વગેરેની જરૂર નહિ પડે. તમારાં કપડાં અને રોજિંદી જીવન જરૂરિયાતની વસ્તુઓ લેજો. હવે ટોરોન્ટોમાં અહીં મળે છે એ બધું મળે છે એટલે ખોટું વજન ન ઉપાડશો. એકાદ સ્યુટ કેસ અને એક હેન્ડબેગમાં જે આવે તે લેજો. લોકો અહીંથી મસાલા અને બિનજરૂરી વસ્તુઓ ઉપાડી જતા હોય છે. જાણે ત્યાં કંઈ મળવાનું ન હોય!"

"નવા આવનારાને ઘરવખરીની થોડી ચીજો પણ લઈ જવી પડે. ત્યાં ડોલરમાં બધું મોઘું પડે અને શરૂમાં ડોલરની સગવડ પણ ન હોય! નવું ઘર વસાવવા શું ન જોઇએ?"

"હું તમને એક યાદી આપીશ એ પ્રમાણે ખરીદી કરજો. શરૂમાં પેઇંગ ગેસ્ટ તરીકે રહેવાની પણ તમારી વ્યવસ્થા કરી દઇશ. મારી મમ્મી એકલી છે. થોડા દિવસ એની સાથે રહેવાની ઇચ્છા હોય તો મને વાંધો નથી. ઇટ્સ અપ ટુ યુ. એકાદ વીક રહી જોજો પછી તમે નક્કી કરજો."

"તમે કેટલો ભાર ઉપાડશો?"

"તમે મારો ભાર ઉપાડી લો એ આશાએ તમને સ્પેશિયલ એમ્પ્લોયી તરીકે ટ્રીટ કરી રહ્યો છું. બાકી મારા એમ્પ્લોયી સાથે હંમેશાં ડિસ્ટન્સ રાખું છું. સારા બૉસે એમ્પ્લોયી સાથે હંમેશ અંતર રાખવું જોઈએ. બહુ ભળવાથી કયારેક ખોટી ગેરસમજૂતી ઊભી થાય છે. તમે દિલના સાફ હો પણ ઈર્ષાળુ કર્મચારીઓ ખરીખોટી વાતો કરી તમારું જીવવું નરક, આઇ મીન હેલ બનાવી દે છે."

"એવી પરિસ્થિતિ ઊભી ન થાય એ માટે હંમેશ સજાગ રહેવું સારું."

"તમારી સમજ માટે મને માન ઊપજે છે. ખરું કહું તો થોડા દિવસના તમારા પરિચયે મને તમારા કેટલાક ગુણોએ પ્રભાવિત કર્યો છે. એટલે જ મેં તમારા પર પસંદગી ઉતારી છે. બાકી, બે ચાર ઓળખીતા મારી પાછળ પડ્યા છે. એમની દીકરીને પરદેશ મોકલવાનો બહુ મોહ છે."

"કોને ન હોય? જો કે મારામાં પરદેશનો મોહ તમે ઊભો કર્યો છે. તમારા સ્વભાવથી પ્રભાવિત ન થઈ હોત તો હું કદાચ તૈયાર ન થાત."

"આપણે એક બીજાથી પ્રભાવિત થવાની બહુ વાતો ન કરીએ. મારે કેનેડિયન ઑફિસર પર એવી છાપ પાડવાની છે કે કેટલાક ઇન્ટરવ્યુ લઇ મેં તમારા પર પસંદગી ઉતારી છે. આપણે બિલકુલ અનનોન છીએ."

ઊભા થતાં રુબીએ કહ્યું, "તમારી મુલાકાત પહેલાં આપણે અનનોન જ હતાં."

"ધીરે ધીરે વધુ જાણીતા થઈશું,"

"આસુ, તમારી કંપની તૂટવાની."

"હું અમદાવાદ ચાલ્યો જ્વાનો છું એટલે કંપની તૂટવાનો કોઈ સવાલ જ નથી. રુબીનું ભવિષ્ય સુધરશે એનો આનંદ છે. થેંક્સ ફૉર યૉર કાઇન્ડનેસ઼"

"બાય નાઉ," કહી આસુ અને રુબીએ વિદાય લીધી.

રુબીના મનમાં એક સવાલ રમી રહ્યો, "મારું ભવિષ્ય સુધરશે કે હું ઊંડા કૂવામાં ઝંપલાવી રહી છું?"

* * *

# બાર

હિતેનની લાગવગ મોટી હોય કે એ પૂરો પહોંચેલો હોય, ગમે તે કારણ હોય પણ પાસપોર્ટ, વિઝા બધું પચીસ દિવસમાં પતી ગયું. ન તો પાસપોર્ટ અંગે કંઇ પૂછતાછ થઈ કે ન તો ઈન્ટરવ્યૂમાં ઝાઝા સવાલો પૂછવામાં આવ્યા.

રુબી અને આસુને જે ભીતિ હતી એવો કોઇ પ્રોબ્લેમ ઊભો ન થયો.

સદ્‌ભાગ્યે રુબી સમીર વીરાણી નામ બધા ડૉક્યુમેન્ટસમાં હતું. કયાંય હિંદુ કે મુસ્લિમ એવો ઉલ્લેખ નહોતો. કોઇ ફૉર્મમાં પણ એવું કોઈ કૉલમ નહોતું. એટલે કોઈને કંઇ ગંધ આવે એમ નહોતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી નામ અને અટકે સદ્‌ભાગ્યે એવો ટર્ન લીધો હતો કે નામ કે અટક પરથી કોઇનાં જાત કે ધર્મ જાણી શકાય એમ નહોતાં. સુધરેલા સમાજની એ એક મોટી દેણ હતી. નામ પાછળ કોઇ રહસ્ય હવે રહ્યું નહોતું. અર્થ વિનાનાં મિનિંગલેસ નામની પ્રથા બધે ફેલાઈ ગઈ હતી. ફેશનને નામે નામમાં બહુ નવીનતા આવી ગઈ હતી. અટકે પણ નવો વળાંક લીધો હતો. વતનની પાછળ કર મૂકવાથી નવી અટક થઈ જતી. રામોલના હોય તો રામોલકર, પેટલીના હોય તો પેટલીકર, વસઈના વસઈકર, બોપલના બોપલકર.

“રુબી, તું નસીબદાર કે કયાંય ધર્મ વિષે ઉલ્લેખ કરવાનું હતું જ નહિ. હવે કોઇ ધર્મ વિષે કંઇ પૂછતું નથી. યુ આર વેરી લકી.”

“બધું જ મારી ફેવરમાં છે.”

“જેનું લક સારું હોય એને કોઈ વિપત્તિ કદી આવતી નથી.”

“તારા પડછાયાની બલિહારી છે. ઘેરથી નીકળી ત્યારે કયાં જઈશ એની કલ્પના પણ નહોતી. આજે કયાંથી કયાં પહોંચ્યાં? કુદરતે મને તારો ભેટો કરાવ્યો. એક માની હૂંફ મળી. એક સારો મિત્ર મળી ગયો.”

“આ વાત તું કેટલી વાર કહીશ?”

"આસુ, આજે મારે હૈયે અકથ્ય આનંદ છે. સાથે છીએ ત્યાં સુધી આપણી મૈત્રીની મજા માણી લેવી જોઈએ. આજ પૂનમ છે. ચાલ, યમુનાને કિનારે બેસી ચંદ્રની શીતળતા માણીએ. પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્ર સાથે માણવાનું કદાચ નસીબમાં ન લખાયું હોય તો..."

"તો શું? કેમ અટકી ગઈ?"

"આસુ મને હંમેશ એક વાતની બીક રહી છે..."

"શેની બીક?"

"ચાંદ સૂરજના પડછાયા કદી મળતા નથી. આપણા પડછાયા એકમેકમાં ભળશે?"

આસુ રુબીના સવાલનો જ્વાબ ન આપી શકયો. કશું જ બોલ્યા વિના તૈયાર થઈ ગયો. રુબી સાથે યમુનાના તટે પહોંચી એકાંત શોધી બંને બેઠાં.

આસુ ખળખળ વહેતાં યમુનાનાં નીર જોઇ રહ્યો. કોઇ બંસરીના સૂર એના કાને અથડાઇ રહ્યા. કાનરાધાના પ્રેમનો સંદેશ જાણે સાંભળી રહ્યો.

"કેવા સરસ બંસરીના સૂર છે?"

"તને બંસરીના સૂર સંભળાય છે, આસુ?"

"તને નથી સંભળાતા?"

"મને યમુનાનાં ખળખળ વહેતા પાણીનો અવાજ સંભળાય છે."

"એ પાણીનો અવાજ નથી. કાનની બંસરી વાગી રહી છે. બંસરીના એ સૂરમાં રાધાનો વિલાપ મનને ડોલાવી રહ્યો છે."

"આસુ, તું બહુ લાગણીશીલ બનતો જાય છે."

"રુબી, આંધીની જેમ તું આવી અને આંધીની જેમ તું ચાલી જ્વાની દૂર દૂર... દરિયાપારના દેશમાં." નિઃશ્વાસ નાખતાં આસુએ રુબીનો હાથ પોતાના હાથમાં લઈ ભારે હૈયે કહ્યું.

"આંધીની જેમ આવી, આંધીની જેમ ચાલી જ્વાની પણ ઊછળતા સાગરની જેમ મીઠી લહરો લઈને તારી પાસે દોડી આવવાની છું. શાંત સરિતાનાં નિર્મળ નીરની જેમ તારા જીવનસાગરમાં ભળી જ્વા દોડી આવવાની. તારો પ્રેમસાગર મને આવકારશે અને મને એમાં સમાવી દેશે તો... તો હું ધન્ય થઈ જઇશ."

"પર્વતમાંથી નીકળી કાંઠાના લોકોને થોડી મીઠાશનો અનુભવ કરાવી સાગરને મળવા દોડી જતી સરિતા કદી પાછું વળીને જુએ છે? તું પણ મીઠાશનો અનુભવ કરાવી હવે ચાલી જ્વાની છે. તને લાગે છે કે તું પાછી આવીશ? અરે પાછી આવવાની વાત તો બાજુપર રહી. પણ અહીંથી ગયા પછી શરૂશરૂમાં બધાની જેમ તું હૈયાના પ્રેમના પડઘા પાડતા પત્રો લખીશ. નથી ગમતું. આઇ મિસ ધીસ.. આઇ મિસ ધેટ... એવું બધું લખી રોદણાં રડીશ. ધીરે ધીરે એમાં ઓટ આવતી જશે. યાદો વિલીન થતી જશે અને તું બધું ભૂલી જઈશ. આપણા સંબંધો એક સ્મૃતિ બનીને રહી જ્વાના. સપનાં બનીને કોક દિવસ ઊંઘમાં ડોકિયાં કરી જ્વાના. સંબંધો બંધાતાં સમય લાગે છે પણ સંબંધને તૂટતાં જરાકે વાર નથી લાગતી. ગમે તેવા ગાઢ સંબંધો હોય પણ સમયનું અંતર વધતાં એ કપાઇ જાય છે..."

"આસુ, બધા જ સંબંધો એવા નથી હોતા. હા સંબંધોની સિલસિલામાં ફેર પડે છે. સંજોગો પ્રમાણે સંબંધોમાં પરિવર્તન જરૂર આવે છે. સમજપૂર્વક બંધાયેલા સંબંધોમાં બે પક્ષે જો સાચો સ્નેહ હોય તો એ સંબંધોને વળાંક આપવો પડે છે, પણ એ તૂટી જતા નથી. કોઈ પણ આત્મીય સંબંધને એક ઝાટકે કાપી નાખવાની વાત કરવી એ તો નિષ્ઠુર મનની વાત છે."

"રુબી, અમદાવાદમાં માત્ર બે સહાધ્યાયી હતાં.બીજો કોઈ વિચાર કદી કલ્પ્યો પણ નહોતો. પણ અહીં જે સમજપૂર્વક સાથે રહ્યાં એને કારણે પરસ્પર માન અને પ્રેમ વધ્યાં. તને કદી મારી પત્નીના રૂપમાં કલ્પી નથી. એક બે વાર યૌવનના ઉન્માદમાં પ્રેમનો ઊભરો આવી ગયો હતો એ કબૂલ કરું છું. પણ ઊંડેઊંડે તારે માટે સદ્‌ભાવના હતી એટલે તને કલંકિત કરવાનો સપને પણ વિચાર નથી કર્યો. તું આજકાલના કૉલેજના જુવાનીઆઓને સારી રીતે ઓળખે છે. પ્રેમ શબ્દ તો એમના વ્યવહારમાં ઉપરછલ્લો દેખાવ છે. એક જ ધ્યેય એમના સમગ્ર વ્યવહારમાં હોય છે... સેકસ!"

"આસુ, મેં પણ તને ઓળખવામાં ભૂલ નથી કરી એનો મને બહુ ગર્વ છે. તું મને સારી રીતે ઓળખે છે. એવા લોકોને હું જીવતા સળગાવી મૂકું એવા રાક્ષસી સ્વભાવની છું. તું માનવહીરો છે. સાચો હીરો. બોદો કે નકલી નહિ. આપણ બંનેને નજીક લાવવા પાછળ કુદરતનો કંઇ સંકેત હશે! મારા

ડેડીના પેટમાં છરો હુલાવીને ઘર છોડીને નીકળી ત્યારે તો મને પોતાને પણ કલ્પના નહોતી કે હું તને ભટકાઈ પડીશ. તારો ભેટો ન થયો હોત તો જિંદગીમાં ખૂબખૂબ ઝઝૂમવું પડત. ખબર નહિ હું ક્યાં જઈને ફસડાત! આવા વળાંકની કલ્પના પણ નહોતી કરી. આસુ, જીવન ગમે તે વળાંક લે પણ તને હું કદી નહિ ભૂલું. એક આપ્તજન તરીકે મારે હૈયે તારી છબી સદાય જડાઈ રહેવાની. કોઈ કારણસર આપણે પતિપત્ની ન બની શકીએ તો પણ આપણે હૈયે મીઠી લાગણી વહેતી રહેવાની. ભલે આપણે એક બીજાથી હજારો માઈલ દૂર હોઈએ. આ યમુનાનાં પાણી હાથમાં લઇ ચાંદ સૂરજની સાક્ષીએ તને વચન આપું છું." રુબીએ યમુનાનાં જળ હાથમાં લઈ ડૂબતા સૂરજને ઓથે આવી રહેલા ચાંદનાં કિરણો ઝીલતાં કહ્યું.

આસુ પીગળી ગયો. રુબીનો હાથ પકડી ગદગદ કંઠે કહ્યું, "યમુનાનાં નીર કાનગોપીના મીઠા સંબંધોની સાખ પૂરતાં યુગોથી વહી રહ્યાં છે એમ આપણો સંબંધ પણ આમરણ મીઠો મધુરો બની રહે એ માટે આજીવન પ્રયત્નશીલ રહીશું. આપણા બંનેના ઊજ્જ્વળ ભાવિ માટે એકબીજાને હસતે વદનેપણ રડતા હૃદયે વિદાય આપીશું. આપણે દેહથી છૂટાં પડીશું, દિલથી નહિ. આપણે દેહથી પવિત્ર રહ્યાં છીએ, દિલથી પણ પવિત્ર રહીશું. જીવનના કોઈ પણ વળાંકે મારી જરૂર પડે તો સાદ પાડજે. મારું મન મને તારી મદદે ખેંચી લાવશે. હિંદુ પુરાણોમાં તો દિવ્ય પ્રેમની ઘણી વાતો આવે છે. એવું આ વિજ્ઞાનના યુગમાં બનશે કે કેમ એ હું કહી શકતો નથી."

"જે ભવ્ય હિંદુ સંસ્કૃતિની તું વાત કરે છે એ સંસ્કૃતિ જ આપણા મિલન વચ્ચે દીવાલ બનીને ઊભી રહી છે અને કદાચ ઊભી રહેશે એની મને સતત બીક છે. આસુ, ચાંદ સૂરજનાં કદી મિલન નથી થતાં. એક આવે છે અને એક જાય છે. ચાંદ સૂરજના પડછાયા કદી ભળતા નથી. પણ એક સત્ય છે કે સૂરજ પાસેથી તેજ ઝીલી ચાંદ ખીલે છે. હું તારી પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેજ મેળવી પૂર્ણ ખીલી રહેલા ચંદ્રની જેમ હંમેશ ખીલતી રહીશ. તારે માટે. બસ એક તારે માટે ઝુરતી રહીશ. તું મળીશ તો ધન્ય થઇશ. નહિ મળે તો તારી યાદમાં જિંદગી જીવતી રહીશ. એ જીવનમાં રસ નહિ હોય, સ્ફુર્તિ નહિ હોય, ઉષ્મા નહિ હોય, જીવવાની તમન્ના નહિ હોય. કેમ, ખબર છે?"

"કેમ?"

"આસુ, મને લાગે છે કે મારે તારાથી સચ્ચાઈ છૂપાવવી ન જોઈએ. અત્યાર સુધી હું તારી સાથે શબ્દોની રમત રમતી રહી. કારણકે મારે તને દુઃખી નહોતો કરવો. પણ મારે તને મારા દિલની સાચી વાત આજ કહી દેવી જોઈએ. મેં તને સાચા દિલથી ચાહ્યો છે. હું મુસ્લિમ છું એ વાત ભૂલી જઈને મેં તને મારે હૈયે જડી દીધો છે. તારી સહાનુભૂતિએ મને તારે માટે સદ્ભાવ જગવ્યો અને હું તારા તરફ આકર્ષાઈ એવું નથી. સાચું કહું તો તારી સાથે કૉલેજમાં પરિચયમાં આવી ત્યારથી મને તું ગમતો હતો. એ પરિચય ગાઢ બનતાં હું તને પ્રેમ કરવા લાગી. એ વાત તારાથી છુપાવતી રહી એનાં કારણો મેં તને જણાવ્યાં છે. પણ તારા હૈયાને હું પૂરેપૂરા અર્થમાં જાણી શકી નથી. હું જાણું છું કે તારી દશા હેમલેટ જેવી છે. વેલ, મારે તારું ગાંડપણ નથી જોવું. કદાચ તારી બહુ નજીક રહેવાથી હું પણ પાગલ થઈ જાઉ એવી મને બીક છે. ટોરેન્ટો જવાના મારા નિર્ણય પાછળ આ પણ એક કારણ છે. હું જો તારી સાચી શુભેચ્છક હોઉ તો મારે તારી પ્રગતિને આડે ન આવવું જોઈએ. સાચો પ્રેમ મિલનમાં નહિ, બલિદાનમાં છે. મારે મારાં સુખ અને સમણાંનો ભોગ આપવો જોઈએ. મારા સ્વાર્થનો વિચાર છોડી દેવો જોઈએ. તું મારા નસીબમાં હોઈશ તો કુદરત આપણને જરૂર ભેગાં કરશે. અને ન કરે તો મારી તને લાખલાખ શુભેચ્છાઓ..." કહેતાં એના બે હાથ એણે ચૂમી લીધા.

"રુબી, તારી વાત સાચી છે. હું પણ મારા હૃદય સાથે પ્રપંચ ખેલી રહ્યો છું. મારી જાતને છેતરી રહ્યો છું. બીજો કોઈ એકરાર નહિ કરું. પણ તને હસતે વદને આજ શુભેચ્છા પાઠવું છું. તારી યાત્રા મંગલમય બની રહો તારાં સપનાં સાકાર થાઓ. તારું નસીબ તને જ્યાં ખેંચી જાય ત્યાં ખૂબ ખૂબ સુખી થજે. શિવાસ્તુ પંથાઃ." બોલતાં બોલતાં નદીની રેતીમાં આંગળી વડે લખ્યું, "આઈ લવ યુ.."

એની નીચે રુબીએ લખ્યું, "આઈ લવ યુ, ટૂ."

બંને શાંત થઈ ગયાં. યમુનાનાં શાંત વહેતાં નીરની ગતિ સૂસવાટા કરતા પવને વધારી દીધી. નદીનાં નિમંળ નીર એમના પગને પલાળી ગયાં. જાણે પેલા શબ્દો પર જલાભિષેક કરી ગયાં.

"આપણા સંબંધને પણ યમુનાનાં નીર પવિત્ર કરી ગયાં." રુબીએ ધન્યતા અનુભવી કહ્યું.

"ચાલ, નદીનાં મોજાં સાગરના મોજાં જેવાં ઉચ્છૃંખલ નથી હોતાં. નહિતર એક ઝપાટે આવી આપણા આ શબ્દો ભૂસી નાખે..."

"રેતી પરના શબ્દો કોઈ પણ ભૂસી નાખે, પણ હેયા પર જડાઈ ગયેલા શબ્દો તો જીવનભર રહેવાના."

"આશા અમર છે." કહેતાં ભારે હૈયે બન્ને ઊભાં થયાં. એકાએક આસુને શું સૂઝ્યું કે યમુનાનાં નીર ખોબામાં લઈ રુબી પર છંટકાવ કર્યો.

"અમારી સંસ્કૃતિ પ્રમાણે હવે તું પવિત્ર થઇ ગઇ. તું મુસ્લિમ નથી, હું હિંદુ નથી, પૃથ્વી ઉછંગે ઊછરેલાં આપણે માનવ છીએ... માત્ર માનવ!"

"તારી મધુર વાણી સાંભળી હું ધન્ય થઈ ગઈ." કહેતાં નીચા નમી એના પગ ચૂમી લીધા.

"રુબી આ શું ગાંડાવેડા કરે છે?"

"ગાંડાવેડા નથી. પતિ એ પરમેશ્વર છે એમાં હજુ હું માનું છું, અને સદા માનતી રહીશ."

એના બે હાથ પકડી એને ઊભી કરતાં આસુએ કહ્યું, "સ્ત્રી એ દેવી છે. હું તારામાં એક દેવીનાં દર્શન કરી રહ્યો છું. જો નદીના નિર્મળ નીરમાં આપણાં પ્રતિબિંબ એકમેકમાં કેવાં સમાઈ ગયાં છે. એ દિવસની હું રાહ જોતો રહીશ."

ભારે હૈયે બંને ઘેર આવ્યાં.

* *

હિતેને એર કેનેડાની ઑફિસે જઈ એની ટિકિટ સાથે રુબીની ટિકિટ લેવા બહુ પ્રયાસ કર્યો. પણ ફ્લાઇટ એક મહિના સુધી ફુલ બુક હતી. બે ટિકિટ સાથે મળવી મુશ્કેલ હતી. સાત દિવસ પછીની રુબીને ટિકિટ મળી.

રુબીની ટિકિટ આપતાં કહ્યું, "આઇ એમ સોરી. બહુ પ્રયત્ન કર્યા પણ સાથે ટિકિટ મળે એમ નહોતી. ટુરિસ્ટ સિઝન છે એટલે રોજ ફ્લાઇટ બુક છે. એક મહિના સુધી શક્ય નથી. મારે મારા રીઝર્વેશન પ્રમાણે જવું પડશે. તારે એકલાએ આવવું પડશે, નો ચોઇસ."

"તમારી કંપની હોત તો મારી ટ્રિપ બહુ સરળ રહેત. પણ કંઇ ચિંતા

નહિ. એક નવો અનુભવ થશે. અનુભવોથી વ્યક્તિ ઘડાય છે. મારે ઘડાવું છે. તમે મને એરપોર્ટ પર લેવા આવજો. એવડા મોટા શહેરમાં તમને શોધવાનું મુશ્કેલ થઈ પડશે."

"અંગ્રેજીનો એક શબ્દ ન આવડતો હોય એવાં પાંચ વર્ષનું બાળક અને એંસી વર્ષનાં માજી દુનિયાને ગમે તે છેડે પહોંચી જાય છે તો તમે તો.."

"હું ટોરોન્ટો નહિ પહોંચું તો ન્યુ યોર્ક કે હેલિફેક્સ પહોંચી જઈશ."

"એવું બને છે. ક્યારેક ફૉગ એટલું બધું ગાઢ હોય છે કે પ્લેઇન ટોરોન્ટો એરપોર્ટ પર લેન્ડ જ ન થાય અને ન્યુ યોર્ક, હેલિફેક્સ કે મોન્ટ્રીયલ પહોંચી જાય છે. તમે કેનેડાનો સારો સ્ટડી કર્યો લાગે છે."

"શિયાળામાં એવું બને તે સમજી શકાય પણ સમરમાં પણ એવું બને?" આસુએ પૂછયું.

"એ દેશમાં કહેવત છે કે યુ કેન નોટ ટ્રસ્ટ વેધર એન્ડ વુમન."

"રુબી, બી કેરફૂલ. કોઈ તારા પર ટ્રસ્ટ મૂકવાનું નથી."

"આ દેશમાં પણ સ્ત્રી જ નહિ, પોતાની પત્ની પર પણ આંધળો વિશ્વાસ રાખવા જેવું રહ્યું નથી. કૉલેજમાં એવી કેટલીયે છોકરીઓ હોય છે જે એક નહિ અનેક છોકરાઓને નચાવે છે. સાચો પ્રેમ મેળવવા કોઈ સીતા મળે એ રામાયણકાળની વાત છે. આ તો જનરલ વાત છે. આસુ, રુબી, આ કોઈ પર અંગત આક્ષેપ નથી. સૉરી, માઠું ન લગાડશો. જો કે આ પૃથ્વી પર હજુ એવા કેટલાક લોકો છે કે જેની જોડી સારસ જેવી હોય છે. સારસ બેલડી જેમ જીવનભર કદી છૂટાં પડતાં નથી."

આસુએ પૂછયું, "કેનેડામાં એવું બને ખરું?"

"કેમ ન બને? માનવ સ્વભાવ તો બધે સરખો હોય છે. હા. એ દેશમાં એક બીજા પાછળ પાગલ બની કોઈ આપઘાત નથી કરતું. કદાચ વિલાપ કરી આજન્મ કુંવારા રહી જિંદગીને નવો વળાંક આપે. પાર્ટનરની સ્મૃતિમાં જિંદગી સેવા કે સમર્પણને માર્ગે દોરે. બાકી, લગ્ન પછી ન ફાવે તો તડને ફડ કરી દેતાં એક મિનિટે અચકાતાં નથી. છૂટા પડ્યા પછી બહુ ઓછા લોકો એકબીજાના દુશ્મન બને છે. સ્ત્રી સન્માનની ભાવના ઊંચી છે. વળી કોઈ સ્ત્રીપુરુષ સાથે હરે ફરે તો આપણી જેમ એમની ટીકા કોઈ કરતું નથી."

"એક પર્સનલ સવાલ પૂછું?"

"નિઃસંકોચ પૂછો!"

"લગ્ન અંગે તમારા શા વિચારો છે?"

"લગ્ન કરતાં પહેલાં બે વ્યક્તિઓએ એક બીજાના ગાઢ સંપર્કમાં આવવું જોઈએ. એક બીજાને સાચા અર્થમાં ઓળખવાં જોઈએ. બંનેનાં મન મળી જાય અને પરસ્પર પૂરો વિશ્વાસ બેસે પછી પ્રસ્તાવ મૂકવો જોઈએ અને બંનેની પૂરી સંમતિથી લગ્ન થાય તો એ સંબંધ લાંબો સમય ટકે છે. કોઇને પણ એકબીજા પર જરાકે શંકા હોય તો લગ્ન પહેલાં એની ચોખવટ કરી દેવી જોઈએ જેથી એ બાબત ભવિષ્યમાં વિઘ્નરૂપ ન બને. બેમાંથી એક પણ વ્યકિત કોઈ બીજાના પ્રેમમાં હોય તો એ છુપાવીને કોઇના દબાણથી પણ નવો સંબંધ બાંધવો એ મોટામાં મોટી મુર્ખામી અને છેતરપિંડી છે. છુપાવેલી વાત કો'ક દિવસ છતી થાય છે. એ વખતે એક બીજા પર રોષ આવે છે અને બંનેને પસ્તાવો થાય છે. પતિપત્નીના સંબંધમાં શંકા ઘાતક છે. એક વાર એ બીજ રોપાય પછી સુખી જીવન નષ્ટ થઈ જાય છે. પેલા કવિએ કહ્યું છે એમ 'લાગ્યા ઘાને વીસરી શકવા ન કોઇ સામર્થ્ય છે.' કવિઓએ માનવમનની ઘણી વાતો શબ્દોમાં મૂકી છે. મીરાં કે કલાપીનાં કાવ્યો દર્દભર્યાં એટલા માટે બન્યાં કે એમાં એમની પોતાની આરઝુ હતી.."

"દીપક ચોપરાની જેમ તમે માનવ સંબંધનાં પુસ્તકો લખો તો ખ્યાતનામ થઈ જાઓ. રુબીની ફિલોસોફી પણ બહુ ઊંચી છે. એ તમને તમારા પેપરની સફળતા માટે પૂરો સહકાર આપશે. એના ગુણો તમને પ્રભાવિત કરશે. પણ આખરે એક સ્ત્રી છે. કઠણ કાળજાવાળી સ્ત્રીનું હૈયું પણ પુષ્પ જેવું કોમળ હોય છે. એની પૂરી કેર લેજો. તમારા પર એણે પૂરો વિશ્વાસ મૂક્યો છે. એનું જીવન હંમેશ પ્રફુલ્લિત બની રહે એ જોજો. તમારા ઘરનાં સૌનાં દિલ જીતી લે એવી પ્રેમાળ છે. તમારાં બામાં એ એની પોતાની મમ્મી શોધવા અને માનો પ્રેમ મેળવવા મથશે. તમે એને પ્રોત્સાહન આપજો. તમે દિલ ખોલીને વાતો કરી એટલે મેં દિલ ખોલીને આ વાત કરી છે. કોઈ જાતની ગેરસમજ ઊભી ના કરશો."

"અરે આસુ, એ શું કહે છે? તારી વાત મને ગમી છે. મારી દૃષ્ટિ રુબી

પ્રત્યે મમતાની અને એક સ્વજનની જ રહેવાની છે.

"આસુને મારા પ્રત્યે ખૂબ લાગણી છે એટલે મારા વિષે તમને બે શબ્દો કહ્યા. અમે કૉલેજકાળથી ખાસ મિત્રો રહ્યાં છીએ. મમ્મીની બીમારીના સમાચાર સાંભળી એક નર્સ તરીકે એને ઘેર આવી એ પછી સારા કુટુંબ સાથે મમતા અને લાગણી બંધાયાં છે. મારે મન એ જ મારું કુટુંબ છે. એક દીકરીને જે પ્રેમ મળે એ પ્રેમ મને એની મમ્મી પાસેથી મળતો રહ્યો છે અને આજીવન મળતો રહેશે એ શ્રધ્ધા એમની તરફ જાગી છે. કાલે બહુ રડ્યાં. મારા સારા ભાવિ માટે આશીર્વાદ આપ્યા. મારી માનાં મને એમનામાં દર્શન થયાં. એમને છોડીને જવાના વિચારથી હું એક પ્રકારનું દુઃખ અનુભવું છું."

રુબીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

"કોઈની વિદાય વખતે દુઃખ અનુભવવું કે આંખમાં આંસુ આવી જવાં એ સાચા સ્નેહની સાબિતી છે. તમે અવારનવાર એમને ફોન કરતાં રહેજો."

"મારે ઘેર ફોન નથી. એવી કોઈ જરૂર ઊભી થઈ જ નથી."

"મારી પાસે બે ફોન છે. એક મારી ઑફિસમાં રહે છે. મારી ગેરહાજરીમાં કોઈ વાપરતું નથી. હું જતાં પહેલાં તમારે ત્યાં શિફ્ટ કરાવી દઈશ."

"એવી કંઇ જરૂર નથી. હું અમદાવાદ જઈશ પછી ફોનની શી જરૂર છે?"

"ત્યારે જરૂર છે. માજી એકલાં રહે છે. એટલે ઘરમાં ફોન તો જોઈએ."

"વી કેનનોટ એફૉર્ડ."

"તમારે પૈસા ભરવાના નથી. દર મહિને મારા ખાતામાંથી ડાયરેક્ટ પેમેન્ટ થાય છે. મારે ત્યાં એનો વપરાશ નથી."

"પ્લીઝ રહેવા દો. એ વધુ પડતું કહેવાય!" આસુએ કહ્યું.

"સારું. અત્યારે શિફ્ટ કરાવીશ અને હું આવું ત્યારે મારે ઘેર પાછો શિફ્ટ કરાવીશ. રુબીએ જોબ સ્વીકારી એના બોનસમાં એ છે એમ માનજો."

"આસુ એમની ઈચ્છા છે તો માની જા. હવે આપણા કૌટુંબિક સંબંધો બંધાઈ રહ્યા છે."

આસુ કંઇ દલીલ ન કરી શકયો.

"રુબીને ત્યાં ગમી જશે તો વિઝા એક્સ્ટેન્ડ કરવા પ્રયત્ન કરીશું. નસીબમાં હશે તો એ તને ત્યાં બોલાવી લેશે. કાલની કોને ખબર છે?"

"આસુ એવું બને તો આદર્શોની પાછળ ઘેલો ના બનતો."

"હા, આસુ, મનુભાઈની વાતોથી ભરમાઈ આવતી કાલની સુખની ઘડીને ઠોકરાવતો નહિ."

"તારા ડેડીની ભૂલ તું ના કરતો."

"એના ડેડીની શી ભૂલ હતી?"

"વર્ષો પહેલાં એમને કેનેડાનો ચાન્સ મળતો હતો. આદર્શોની ધૂનમાં એ ઑફરને ઠોકર મારી."

"એનો અફસોસ ન કરાય. નસીબ જેવું કંઈક છે. એમના નસીબમાં નહિ હોય એટલે મન મક્કમ ન રહી શક્યું. ખેર, હવે તૈયારી કરવા માંડો."

"થેંક્સ, હિતેન ફોર એવરીથિંગ. આજે બહુ સારી વાતો થઈ. અમે તમને એરપોર્ટ પર મૂકવા આવીશું."

"એવી જરૂર નથી. રાત્રે બે વાગ્યાની ફલાઇટ છે. તમને બધાંને ઘેર મળીને જઈશ."

આસુ અને રુબી ઘેર આવ્યાં. મમ્મીને હિતેનની ભલમનસાઈ અને મમતાની વાતો કરી ફોન અંગે કહ્યું.

"સારા માણસની એ એક દેણ છે. ફોનની મને જરૂર નથી જણાતી."

"મેં પણ ના પાડી. પણ રુબીને એ વિચાર ગમી ગયો. તને બહુ મિસ કરશે. એવું લાગશે ત્યારે તારી સાથે ફોન પર વાત કરી મનને શાંત કરશે. તારા સમાચાર જાણવા મને પણ કામ લાગશે."

"હા માજી. આસુની વાત સાચી છે. હવે આનાકાની ના કરશો. ફોનનો કોઈ ખર્ચ પણ નથી."

તરુબહેન ચૂપ થઈ ગયાં. રુબીની ભાવનાના વિચારમાં ડૂબી ગયાં.

* *

હિતેનને વિદાય આપી રુબીએ એના પેકિંગની તૈયારી કરવા માંડી.

જરૂરી ચીજવસ્તુઓ લાવી એક સૂટ કેસ અને પુલઑન બેગ તૈયાર કર્યાં. રાત્રે બે વાગ્યાની રુબીની ફલાઇટ હતી. સાંજે છ વાગે મનુભાઈને ત્યાં જમવાનું હતું. ગુરુદેવના આશીર્વાદ લઇ રુબી જાય એવી આસુની ઈચ્છા હતી. વસુબહેને પ્રસ્તાવ મૂકયો. આસુએ અને તરુબહેને તરત વધાવી લીધો.

છ વ્યકિતના ડાઈનિંગ ટેબલ પર જાતજાતની વાનગીઓ હતી. સૌ ટેબલ આસપાસ ગોઠવાયાં. વસુબહેને પ્રાર્થના કરી બે શબ્દો કહ્યા.

"આપણા સૌના રુબીને ખૂબ ખૂબ શુભાશિષ. ખૂબ જ ટૂંકા ગાળામાં આપણા સૌનાં દિલ જીતી લઈ પ્રેમની ખુશબો આપનાર રુબી આજઆપણા સૌથી દૂર જઈ રહી છે. વાસ્તવમાં દૂર હશે પણ આપણા હૃદયથી કદી દૂર નહિ હોય. એક સંસ્કારી, પ્રેમાળ અને લાગણીશીલ આપ્તજન તરીકે એ હંમેશ આપણી આસપાસ ઘૂમતી રહેશે. એ જ્યાં જાય ત્યાં પરમાત્મા એને ખૂબ સુખ, સમૃધ્ધિ અને ઉલ્લાસભર્યું જીવન બક્ષે એ જ આપણી પ્રાર્થના છે. રુબી, ગુડ લક."

રુબીની આંખો ભીની થઈ ગઈ. ગદગદ કંઠે એ બોલી, "વેન હાર્ટ ઇઝ ફુલ, વર્ડ્ઝ આર પૂઅર. મારાં વહાલાં સ્વજનો હું તમારાથી થોડા સમય માટે દૂર જાઉ છું. કાલ પાછી તમારી સૌની વચ્ચે હસતી કૂદતી આવી જઈશ. હું તમારા સૌનો પ્રેમ મારે હૈયે જાળવી રાખીશ. તમે સૌ પણ તમારો પ્રેમ મારે માટે જાળવી રાખજો. તમારા આશીર્વાદથી મારું જીવન મહેકી રહેશે. તમારી યાદ મારી પ્રેરણા બની રહેશે. આપણા સૌનાં જીવન મઘમઘી અને મહેકી રહો એવી આંતરભાવના સાથે આપ સૌનો આભાર માનું છું."

"ગૉડ બ્લેસ યુ, રુબી." મનુભાઈ બોલ્યા. ભારે હૈયે થોડી વાતો કરતાં સૌએ જમી લીધું. જમીને રુબી ગુરુદેવ અને વસુબહેનને પગે પડી.

બંનેએ ગિફ્ટનું પેકેજઆપ્યું. રુબીએ હર્ષથી સ્વીકારી લીધું.

પૂનમ પાસે જઈ એને ભેટી કાનમાં કહ્યું, "વસુબહેન એક છોકરો શોધી રહ્યાં છે. ના પાડતી નહિ. પરણી જાય તો મને લખજે. તને હું સરસ ભેટ મોકલીશ. લે આ એક મોતીની માળા તને આપું છું. મોતીના ચળકાટની જેમ તારા જીવનમાં પણ ચળકાટ ફેલાઈ રહે એ મારા આશીર્વાદ છે."

પૂનમ રડી પડી. રુબીએ એનાં આંસુ લૂછી કહ્યું, "હવે તારા હસવાના દિવસો બહુ નજીક આવી રહ્યા છે. ગુડ લક."

"અમે તને મૂકવા અમારી કારમાં એરપોર્ટ આવીશું."

"થેંક્સ, ગુરદેવ... થેંક્સ, માસી."

આસુ, રુબી અને મમ્મી ઘેર આવ્યાં.

ઘેર આવી રુબીએ ગિફ્ટ ખોલી.

રાધાકૃષ્ણની ચાંદીની મૂર્તિ જોઇ સૌ છક થઈ ગયાં. પ્યૉર ચાંદીની બહુ જ કીમતી એ મૂર્તિ હતી. એની પાછળની ભાવના સૌ સમજી ગયાં.

આસુ રુબીની સામે અનિમિષ નયને જોઇ રહ્યો.

તરુબહેન ચૂપકીથી સરકી ગયાં.

રુબી આસુને ભેટી પડી. આજુબાજુ જોયા વિના એને કિસ કરી.

આસુએ એને બાહુમાં જકડી લઈને કહ્યું, “આઈ લવ યુ… આઈ લવ યુ રુબી ફ્રૉમ ધ ડીપ ઑફ માય હાર્ટ…”

“આઈ લવ યુ ટૂ મચ. આઈ વિલ વેઈટ ફૉર યૉર કૉલ… એ કૉલ ફ્રૉમ યૉર હાર્ટ… કૉલ ટુ બી વન… ફૉર એવર…”

મમ્મીએ પાસે આવી બંનેને પોતાના બાહુમાં લઈ કહ્યું, “ગૉડ બ્લેસ યુ.. અ વન્ડરફુલ લાઇફ ટુગેધર, ફૉર એવર…”

‘મમ્મીના આશીર્વાદ ફળશે?’ વિચારતી રુબીએ મમ્મીના હાથ ચૂમી લીધા.

* * *

# તેર

રુબી ટોરોન્ટો એરપોર્ટ પર ઊતરી. હાથમાં એક પર્સ અને એક કેરી ઓન બેગ હતી. સેમસનની વ્હીલવાળી બેગ હિતેન એને માટે મૂકતો ગયો હતો. એને એ બહુ 'હેન્ડી' લાગી.

પ્લેઇનમાંથી બહાર આવી. ટર્મિનલ પર ચારે બાજુ દિશાસૂચક પાટિયાં હતાં. "ઇમિગ્રેશન"ની દિશા તરફ બધા પેસેન્જર જઈ રહ્યાં હતાં એ દિશામાં એ જ્વા લાગી. એક મોટા હૉલ પાસે પહોંચી. ત્યાં દસ બાર કાઉન્ટર હતાં. બે ચાર ફ્લાઇટો આવી હતી. આથી દરેક કાઉન્ટર પર ઇમિગ્રેશનની લાંબી લાઈન હતી. કેનેડિયન સિટીઝન માટેની લાઇન ઝડપથી ટૂંકી થતી હતી. દેશના નાગરિકો માટે કોઈ જાતની તકલીફ નહોતી. ઇમિગ્રેશન વિઝા લઈને આવનારને કેટલાંક ફૉર્મ ભરવાં પડતાં અને કેટલીક પૂછપરછ થતી એટલે દરેકની પાછળ ઠીક ઠીક સમય જતો. કોઇ શંકાસ્પદ પેસેન્જર હોય તો એને ઑફિસમાં લઇ જ્વામાં આવતો જેથી બીજા પેસેન્જરોને રોકાવું ન પડે.

રુબીના પગ થોડા ધ્રૂજતા હતા. એની પાસે કેનેડિયન એમ્બસીમાંથી ત્રણ વર્ષના વર્ક વિઝા હતા. છતાં નવુંનવું હતું એટલે સ્વાભાવિક જ થોડી ચિંતા થાય. એનો નંબર આવતાં એણે પાસપોર્ટ અને વિઝાના પેપર્સ કાઉન્ટર પર મૂકી કહ્યું, "ગુડ આફ્ટરનૂન સર."

"ગુડ આફ્ટરનૂન મેમ. વેલકમ ટુ કેનેડા," ઑફિસરે આછા સ્મિત સહ એક નજર એની સામે નાખી કહ્યું.

"થેંક્યુ સર." કહી એ ચૂપચાપ ઊભી રહી.

હિતેને એને સમજાવ્યું હતું કે પૂછે એનો જ જ્વાબ આપવો. કોઈ ઑફિસર સાથે લાંબીચોડી વાતો ન કરવી. એના સામે બે વાર જોઇ પાસપોર્ટનો ફોટો ચકાસી પૂછ્યું, "તમારા વિઝા ટેમ્પરરી છે, ખબર છે ને?"

"યસ સર."

"ત્રણ વર્ષ પછી પાછા જવું પડશે."

"મને વાંધો નથી."

"તમારું સ્ટેટસ તમે બદલી નહિ શકો."

"મને ખબર છે."

"અનમેરીડ છો?"

"યસ સર."

"મેરિટલ સ્ટેટસ બદલાય તો ડિપાર્ટમેન્ટને જાણ કરવી પડશે."

"કરીશ સર."

"કસ્ટમ ડિક્લેરેશન ફૉર્મમાં તમે 'નીલ' દર્શાવ્યું છે. કશું ડિક્લેર કરવાનું નથી?'

"નો સર."

"એનિથિંગ ટુ ફોલો?"

"નો સર."

ઑફિસરે વિઝા ફૉર્મ પર અને કસ્ટમ ફૉર્મ પર સિક્કા મારી કહ્યું, "એન્જોય યૉર સ્ટે ઇન ટોરોન્ટો. હોપ યુ વિલ લાઇક અવર કન્ટ્રી વેરી મચ."

"થેંક્સ અ લોટ. હેવ અ નાઇસ ડે."

રુબી મલકાતી મલકાતી ઇમિગ્રેશન એરિયામાંથી બહાર આવી. "બેગેજ"ની દિશા તરફ ચાલવા લાગી.

બેગેજ એરિયામાં આવી તો ત્યાં ઘણા બધા લોકો હતા. પોતપોતાનું લગેજ આવતાં લઈને ચાલતા થતા. ચારે બાજુ ઘણા બધા કાર્ટ હતા. એક કાર્ટ લઈ હેન્ડબેગ એમાં મૂકી એના લગેજની રાહ જોતી ઊભી રહી.

"ડુ યુ નીડ પોર્ટર, મેમ?"

"નો, પ્લીઝ. થેંક્સ."

એની ગ્રીન બેગ આસપાસ બ્રાઉન બેલ્ટ હતો. એના નામ અને સરનામાની રેડ કલરની ટેગ હતી. પાંચેક મિનિટ ઊભી હશે ત્યાં એની બેગ આવી. કાર્ટમાં બેગ મૂકી કસ્ટમ કાઉન્ટર તરફ ચાલી. ગેટ પાસે ઊભેલા

ઑફિસરને કસ્ટમ કાર્ડ આપ્યું.

કાર્ડ લઈ એ બોલ્યો, "યુ કેન ગો, મેમ!"

"નો કસ્ટમ?"

"નો. યુ આર ઓકે."

રુબીને નવાઈ લાગી. આટલી જલદી કસ્ટમ અને ઇમિગ્રેશનમાંથી એ બહાર આવશે એની તો એણે કલ્પના કરી નહોતી.

બહાર નીકળી તો સામે જ હિતેન ઊભો હતો.

એણે હાથ લંબાવી શેકહેન્ડ કરી કહ્યું, "ગુડ આફ્ટરનૂન, મિસ્ટર પારેખ."

"ગુડ આફ્ટરનૂન, રુબી. વેલકમ ટુ ટોરોન્ટો... એ સિટી ઓફ ડ્રીમ્સ.. મુસાફરીમાં ક્યાંય કંઈ મુશ્કેલી નહોતી પડી ને?"

"ના."

"ઇમિગ્રેશન અને કસ્ટમમાં?"

"બિલકુલ નહિ. બહુ સારા ઑફિસરો હતા."

"આપણા દેશ જેવી કોઈ હેરાનગતિ અહીં જોવા ન મળે. આપણે ત્યાં કસ્ટમ ખાતું લાંચિયું થઇ ગયું છે. પેપરવેઈટ વિના કશું કામ થતું નથી. મુશ્કેલી ન ભોગવવી હોય તો એ કહે એમ કરવું પડે છે. મિનિસ્ટરથી પટાવાળા સુધી દેશના બધા જ લોકો એને પોષે છે, પછી આપણે શું કરી શકીએ. ઇન રોમ લીવ એજ રોમન્સ લીવ."

"તમને બહુ તકલીફ આપી."

"માય ડ્યુટી. મારે ઘેર જઈએ. મારી મમ પાસે ચાર છ દિવસ રહી આરામ કરો. નેક્સ્ટ વીકથી કામ શરૂ કરજો. નવા દેશમાં એડજસ્ટ થતાં થોડી વાર લાગશે. પણ જરાકે સંકોચ રાખ્યા વિના કંઇ પણ મુશ્કેલી હોય તો મને કે મારી મમ્મીને નિઃસંકોચ જણાવજો."

"જરૂર."

"અહીં ઊભાં રહો. હું પાર્કિંગમાંથી કાર લઈને આવું છું."

રુબી બાર નંબરના પોસ્ટ પાસે ઊભી રહી. ચારે બાજુ નજર ફેરવતી રહી. વાહનોની અવરજવર ઘણી હતી. સૌ પોતપોતાની બેગો ઉપાડી કારના ટ્રંકમાં કે પાછલી સીટ પર મૂકતાં હતાં. ન કોઈ પોર્ટર કે ન કોઈ મજૂર આસપાસ

દેખાતા. મુંબઈ કે દિલ્હી એરપૉર્ટ પર કેટલા બધા મજૂરો ને ટેક્ષીવાળા તમારી આસપાસ વીંટળાઈ વળે. જાણે મધમાખીઓનું ઝુંડ! ન કોઈ નમ્રતા કે ન કોઈ જાતની શિસ્ત. મુસાફરને લૂંટવા સિવાય બીજો કોઈ આશય જ નહિ.

કસ્ટમ એરિયામાંથી બહાર આવી એ પછી રુબીને કોઈ મજૂર કંઈ પૂછવા ન આવ્યો. ન કોઈ ટેક્સીવાળો કંઈ પૂછવા આવ્યો. 'એક્ઝિટ ગેટ'ની સામે ટેક્સીની એક લાંબી લાઇન હતી. ટર્મિનલમાંથી પેસેન્જર બહાર આવે અને ટેક્સીની જરૂર હોય તો નંબર હોય એ ટેક્સી 'એક્ઝિટ' ગેટ પાસે આવે.

"વેલકમ સર," કહી મીટર ઑન કરે. ટ્રૂંક ખોલી સામાન ટ્રૂંકમાં મૂકે.

તમે બેસી જાઓ એટલે વિનય પૂર્વક પૂછે, "કયાં જવું છે?"

એ જાણી ટેક્સી ચાલુ કરી જ્યાં જવાનું હોય ત્યાં લઈ જાય. ન કોઈ ઝંઝટ, ન કોઈ કડાકૂટ. રુબી આ બધું જોઈ રહી હતી ત્યાં હિતેનની સિલ્વર કલરની મર્સિડિઝ કાર આવીને ઊભી રહી.

હિતેને ટ્રૂંકમાં સામાન મૂકી દીધો. પેસેન્જર સાઇડ આવી ડોર ખોલી કહ્યું, "રુબી, બેસો."

"થેંક્સ." કહેતાં રુબી બેસી ગઈ. હિતેને ડોર બંધ કરી ડ્રાઇવર સાઇડ આવી કારમાં બેસી કાર ચાલુ કરી. હિતેને નેવિગેટર મૂકયું.

'ધ રૂટ ઇઝ કેલ્કયુલેટેડ... ગો ટુ ધ નીઅરેસ્ટ રોડ..." સૂચના આવી.

"તમારી કારમાં કૉમ્પ્યુટર છે?"

"નેવિગેટર. સેટલાઇટ મારફત નેવિગેટર. ઘેર પહોંચવા ગાઇડ કરશે."

"નાઈસ સિસ્ટમ. નાઇસ કાર." આગળપાછળ નજર કરી રુબીએ કહ્યું.

"કાર સ્ટેટસ સિમ્બોલ છે. બિગ બૉસ, બિગ કાર. એક્સ્પેન્સિવ કારનો આનંદ પણ ઓર હોય છે. દર બે વર્ષે બિઝનેસમેન કાર બદલતા હોય છે."

"કાર જ કે બધું?" રુબીને પૂછવાનું મન થયું પણ એવું કંઇ પૂછયું નહિ. હજુ એટલી નિકટ નહોતી આવી. બૉસ સાથે મશ્કરી કરવી એને હિતાવહ ન લાગ્યું. બૉસથી થોડું અંતર રાખવું જોઈએ એવી એની માન્યતા હતી.

"બે વર્ષ પછી સારી ખોટ ખાવી પડતી હશે," એણે જુદી જ વાત કરી.

"બહુ નહિ. મર્સિડિઝ જેવી કારની રિસેલ વેલ્યુ સારી હોય છે. દસ પંદર હજારનો લોસ જાય. પણ ઇન્કમ ટેક્ષમાં એ તો મજરે મળી જાય."

એરપોર્ટથી બહાર નીકળી કાર હાઈવે ૪૦૧ પર આવી.

'ફૉલો ધ રોડ ફૉર ફોર કિલોમીટર...'

'ટેક રાઈટ... ટેક લેફ્ટ...' અવારનવાર સૂચનાઓ આવતી રહી.

"અજાણ્યા શહેરમાં કદી ભૂલા ન પડાય. દુનિયા કેટલી આગળ વધી રહી છે!"

"ટેકનોલૉજીની એ જ ખૂબી છે..."

બે બાજુ બમ્પર ટુ બમ્પર ટ્રાફિક જોઈ રુબીએ પૂછયું, "કેટલી બધી કાર બે બાજુ દોડી રહી છે! મુંબઈ કે દિલ્હી કરતાં પણ જબરો ટ્રાફિક લાગે છે."

"સવારે સાતથી દસ અને સાંજે ચારથી આઠ હાઈ વે જામ હોય છે. સવારે નોકરી જવાની અને સાંજે ઘેર જવાની તલપ હોય છે.બાકી આ રસ્તા પર એકસોને વીસ કિલોમીટરથી ઓછી ઝડપે કોઈ કાર ન ચલાવે."

"એક્સિડન્ટ બહુ થતા હશે."

"થાય. પણ હુ કેર્સ? મોટા શહેરોમાં જિંદગીની કોઈ કીંમત નથી. દરરોજ જિંદગીને હોડમાં મૂકવી પડે છે. સાંજે સુખરૂપ ઘેર પહોંચ્યા તો સદ્ભાગી."

"મને આવી ઝડપી જિંદગી વચ્ચે જીવવું ફાવશે કે કેમ એ સવાલ મૂંઝવી રહ્યો છે."

"દરિયામાં રહેવું અને મઘરથી બ્હીવું એ કેમ ચાલે? શરૂશરૂમાં જરા અતડું લાગે પછી આ જીવનથી ટેવાઈ જવાશે."

"તમે કયાં રહો છો?"

"મિસિસાગામાં લેકશોર રોડ પર છ બેડરૂમનો બંગલો છે. પાછળ લેક ઓન્ટારિયો છે. નોર્મલ ટ્રાફિકમાં એરપોર્ટથી સામાન્ય રીતે ત્રીસ મિનિટ થાય."

"અને ઑફિસ કયાં છે?

"ક્વીન સ્ટ્રીટ પર એક મોડર્ન શોપિંગ મૉલમાં મારી ઑફિસ છે. ઘરથી પંદરવીશ મિનિટનું ડ્રાઈવિંગ છે. પહેલાં મારી ઑફિસ ટોરોન્ટોમાં હતી. પણ ટ્રાફિકમાં બહુ સમય બગડતો એટલે ત્રણ વર્ષથી શેર વે મૉલમાં મૂવ કરી છે."

"આપણે ટોરોન્ટોમાં નથી?"

"તમે ધીરે ધીરે બધું સમજશો. ટોરોન્ટોની આસપાસના પરા

વિસ્તારને જુદાંજુદાં નામ છે. મિસિસાગા, બ્રેમ્પટન, ઓકવિલ, સ્કારબરો, મારખમ, વગેરે.”

“મેં ટોરોન્ટોના નકશામાં આ બધાં નામ વાંચેલાં. મુંબઈ જેમ પરા વિસ્તાર.”

“હવે તમે સમજ્યાં.”

“એક વસ્તુ મને ગમી. અહીં ટ્રાફિકની શિસ્ત બહુ સારી લાગે છે. સૌ પોતપોતાની લેનમાં ચલાવે છે.”

“વારે ઘડીએ લેન બદલો તો ઘેર પહોંચવાને બદલે ઉપર પહોંચી જાઓ. યુ હેવ ટુ બી વેરી કેરફુલ.”

રુબીને હિતેનની વાતોએ ઇમ્પ્રેશ કરી. એ બહુ હોંશિયાર હતો અને બધી રીતે પહોંચેલો હતો એ છાપ દ્રઢ બની.

વાતોમાં સમય ક્યાં પસાર થઇ ગયો એની ખબરે ન પડી.

‘યુ હેવ રીચ્ડ ટુ ધ ડેસ્ટિનેશન.’ કાર બોલી.

કાર ‘સુપર’ બંગલાના પાર્કિંગમાં આવીને ઊભી રહી.

હિતેને રુબી બાજુ જઈ ડોર ખોલ્યો.

“વેલકમ ટુ માય હોમ. તમારી પર્સ લઈ લો. સામાન પછી લઈ જઈશ.”

રુબી હિતેનની પાછળ પાછળ ગઈ. એની ચાવીથી એણે દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલતાં સામે એક બહેન આવ્યાં.

“આવી ગયો ભાઈ!”

“હા, મમ્મી. આ રુબી છે. રુબી, આ મારી મમ્મી છે.”

“આવો.”

“નમસ્તે માજી.” રુબીએ બે હાથ જોડી વંદન કર્યાં.

રુબી જોઇ શકી કે માજીના વદન પર આનંદ નહોતો. એનું આગમન ન ગમ્યું હોય એવો અણસાર એને આવ્યો. કશું જ બોલ્યા વિના પૂંઠ ફેરવી એ ખસી ગયાં.

“રુબી, કમ ઓન. હું તમને તમારી રૂમ બતાવું.”

ઉપર લઈ જઈ એક રૂમ ખોલી કહ્યું, “આ ગેસ્ટ રૂમ છે. તમારે અહીં રહેવાનું છે. રૂમમાં ટીવી છે, રેડિયો છે, ક્લોઝેટ છે, ડ્રેસિંગ ટેબલ છે. એટેચ્ડ

બાથરૂમ છે... બધું જ છે, ફાવશે?"

"આવી સરસ સગવડ હોય પછી કેમ ન ફાવે?"

"સારું. હું તમારો સામાન લઈ આવું છું."

"ચાલો, હું તમને મદદ કરું."

"તમે બેસો. હું લાવું છું." હિતેન સામાન લેવા ગયો.

રુબી લવસીટ પર બેઠી. બે વ્યક્તિ બેસી શકે એવા બેડરૂમના સોફાને લવસીટ કહેવાય એની રુબીને ખબર નહોતી.

હિતેને બારણે ટકોરા માર્યા. રુબીએ બારણું ખોલ્યું.

"અહીં કોઈની રૂમમાં જતાં પહેલાં બારણે ટકોરા મારવાનો રિવાજ છે."

"સારો રિવાજ છે."

"તમે સ્નાનાદિ પતાવી નીચે આવજો. જમીને સૂઇ જજો. પ્લેઇનનો થાક ઊતરી જાય પછી નિરાંતે વાતો કરીશું."

"હું બાથ લઈને આવું છું. મને ખાસ થાક લાગ્યો નથી."

"જેવી તમારી મરજી. યુ આર ફ્રી હીયર.."

"થેંક્સ અ લૉટ." કહી રુબીએ સ્મિત કર્યું.

"યુ આર વેલકમ. હવે બાથ લઈને જ નીચે આવજો." કહી હિતેન ચાલ્યો ગયો. રુબીને જરા નવાઇ લાગી. પોતે રૂમમાં એકલી હતી. એણે ધાર્યું હોત તો રૂમમાં રોકાઈ ગયો હોત. થોડી રોમેન્ટિક વાતો કરી હોત. એકાદ અડપલું કર્યું હોત. એક સજ્જન તરીકે છાપ પાડી એ ચાલ્યો ગયો.

રુબીએ રૂમમાં ચારે બાજુ નજર ફેરવી. ઇટાલિયન બેડ પર ફૂલવાળી ચાદર, બે ઓશિકાં, રજાઈ, બેડ પાસે બે બાજુ બે ટેબલ લેમ્પ, બાજુમાં ડ્રેસર, મિરર, આર્મોઇર, સામે ઇટાલિયન ડ્રૉઅર ચેસ્ટ, એક લવ સીટ, દીવાલ પર પ્રાકૃતિક સૌંદર્યનો મોટો ફોટો હતાં. બધું રૉમેન્ટિક હતું.

બારીઓ પર પરદા હતા. પરદો સહેજ ઊંચો કરી બહાર નજર કરી. સામે લેક ઓન્ટારિયોનાં ખળખળ વહેતાં પાણી પવનના સૂસવાટાને કારણે જાણે નૃત્ય કરી રહ્યાં હતાં. એ દૃશ્ય એને ગમ્યું. યમુનાનાં નીર યાદ આવી ગયાં. એમાં કાનની બંસરીના મધુર સૂર સંભળાતા હતા અહીં કોના સૂર સંભળાશે? એને આસુ યાદ આવી ગયો.

'રુબી, હર પળે મને યાદ કરવાની જરૂર નથી. આમ મારામાં મન રાખીશ તો તારું મન તારા કામમાં નહિ ચોટે. બી કેરફુલ.'

રુબી શરમાઈ ગઈ. બેગમાંથી એક ડ્રેસ કાઢી બાથરૂમમાં બાથ લેવા ગઈ. બાથરૂમ ખાસો મોટો હતો. એક બાજુ ટૉઈલેટ, એક બાજુ સિન્ક, સિંક પર મોટો અરીસો, એક બાજુ શાવર, એક બાજુ ઝકુજી. કોઈ મોડર્ન હોટેલના બાથરૂમ જેવો અધતન બાથરૂમ હતો. સિંકમાં ફૉસેટ પર એરોથી એચ અને સી અંગ્રેજીમાં હતું. એક બે વાર ટ્રાય કરતાં સમજાઈ ગયું કે ઠંડું ગરમ મિક્સ થઈને કેવી રીતે પાણી આવે. કોલગેટ ટ્યુબ અને નવો બ્રશ હતાં. બ્રશ કરી બાથ લેવા ગઈ. ઠંડાગરમ મિક્સ પાણીથી ટબ ભરી દીધો. કપડાં કાઢી ટબમાં ઝંપલાવ્યું. પાણીના સ્પર્શથી ગલીપચી થઈ. થોડોક રોમાંચ અનુભવ્યો. મજા આવી ગઈ. એકાદ કલાક ટબમાં પડી રહી પગ ઉછાળવાનું મન થયું. પણ કોઈને ઘેર પહેલો દિવસ હતો એમ વિચારી ઊભી થઈ ગઈ. અરીસામાં એનું પ્રતિબિંબ જોઈ એ પોતાના સૌંદર્ય પર મુગ્ધ બની જોઈ રહી. કેવી સરસ કાયા હતી! એને પોતાને પણ ખબર નહોતી કે પોતે આટલી બધી સુંદર હતી. કદી અરીસા સામે નાહવાનો પ્રસંગ જ નહોતો આવ્યો પછી કયાંથી ખબર પડે? એને અરીસા સામેથી ખસવાનું મન ન થયું. પોતાના પ્રતિબિંબને અનિમિષ નયને નીરખી રહી. અરીસામાં મોઢું ઘણી વાર જોયું હતું. એની એને નવાઈ નહોતી. પણ સ્ત્રીનું સૌંદર્ય એની છાતી છે. જે એના યૌવનની ચાડી ખાય છે. ખીલતા યૌવન પર નજર સ્થિર કરી. હૃદયના ધડકન સાથે બે દડા ઉછળી રહ્યા હતા. એકદમ સનસનાટી અનુભવી. કેવો રોમાંચક આંચકો! એણે ઝડપથી બે હાથ છાતી પર મૂકી બે સ્તન ઢાંકી દીધાં. આ ખજાનો મારા આસુ માટે અકબંધ રાખવાનો છે. એનો હકદાર એક આસુ જ છે. હું એનું જતન કરીશ. એ સૌંદર્યને ખીલવા દઈશ એવું ખીલવા દઈશ કે મારો આસુ એના સ્પર્શ સાથે જ પાગલ થઈ જાય. પાગલ થઈ મને છોડે નહિ. હું એને જકડી રાખીશ.'

'રુબી, તારાથી અલગ થવું ગમતું નથી.'

'તો મને જકડી રાખ ને... તેં મને તે દિવસે કેવી જકડી લીધી હતી! મને એ ગમ્યું હતું. હું પણ તને વધુ ને વધુ નજીક જકડતી જતી હતી. એ વખતે

તેં જો આ મસ્ત જુવાની જોઈ હોત તું પાગલ બની જાત. કદાચ મને કલાકો સુધી છોડત જ નહિ.'

'મને મારી જાત પર ભરોસો નહોતો. મને એક પ્રકારની બીક હતી.'

'અરે પાગલ, તેં મને કહ્યું હોત તો હું મારા બ્લાઉઝનાં બટન ખોલી નાખત. તું ક્યાં પારકો હતો? તું તો મારો દિલોજાન હતો. મારા અંતરનો ટુકડો હતો. સોરી, આસુ. મને એ વખતે એવું કંઈ સૂઝ્યું નહિ. પણ તું તો પુરુષ હતો. તારા હૈયે એવા ભાવ જાગવા જોઈએ. ખેર, તારા સંયમ માટે અભિનંદન. ત્રણ વર્ષ રાહ જોજે. હું આ તનમન તારે માટે અકબંધ રાખીશ..એક તારા માટે...' અરીસામાં એની પાસે આસુ ઊભેલો દેખાયો.

'હા રુબી, હું તારી રાહ જોઈશ. તું મારી રાહ જોજે. મારે તને મારી બનાવવી છે, હંમેશ માટે. તું ગઈ પછી જ મારી હિંમત આવી. અરે હા, સમણાંમાં તો મેં તારું સૌંદર્ય માણ્યું છે એ વાત મેં તને કરી જ નથી.'

એને સાક્ષાત્કાર થયો કે અરીસો કશું જ છુપાવતો નથી. સત્ય કહી દે છે. આજેએને એના સૌંદર્યની હકીકતનો અનુભવ થઈ ગયો. એ બબડી, 'હું મારા રૂપ પર મોહી જાઉં છું તો બિચારા પુરુષનો શો દોષ?'

એ વધુ વખત અરીસા સામે ન ઊભી રહી શકી. જલદીજલદી ટબમાંથી બહાર આવી કપડાં બદલી લીધાં. તૈયાર થઈ નીચે આવી રહી હતી. એના કાને શબ્દો પડતાં એના પગ થંભી ગયા.

"બેટા ક્યાં સુધી આમ મહેમાનો લાવતો રહીશ?"

"મા, આ બેચાર દહાડાના મહેમાન નથી."

"તો કોણ છે?"

"મારી ઑફિસ સંભાળવા એને લાવ્યો છું."

"એ બધાં ચારપાંચ દિવસ રહી જતાં રહેતાં. આ છોકરી બધાથી જુદી છે. આ ક્યાંય જતી રહેવાની નથી."

"તું એને કાયમ માટે ઘરમાં રાખવાનો છે?"

"ઘરમાં નહિ, ઑફિસમાં. હા બેચાર દિવસ ઘરમાં રહેશે. પછી તારે રાખવી હોય ત્યાં સુધી એને આપણે ઘેર રાખીશું. બંનેમાંથી એકને અનુકૂળ નહિ હોય ત્યારે હું અલગ વ્યવસ્થા કરીશ. તું ચિંતા ન કરતી."

"તું એને પરણવાનો છે?" મમ્મીએ સીધો સવાલ કર્યો.

"મમ્મી તું ગાંડા જેવી વાત ન કર. મારો એવો કોઈ ઇરાદો નથી. એ અહીં ત્રણ વર્ષ માટે જ આવી છે."

"ત્રણ વર્ષમાં તું ધારે તો એને તારી બનાવી શકે. મારે હવે ઘરમાં એક વહુ જોઇએ છે."

"તારો સ્વભાવ હું જાણું છું. જે દિવસે વહુ આવશે એ દિવસે કાંતો મારે આ ઘર ખાલી કરવું પડશે કાં તો તારે. તું કોઈને તારું બનાવી શકે એમ નથી. નહિતર મારા બાપને એકલા પડી રહેવાના દહાડા ન આવત."

"તારા બાપનું નામ પણ ન લઈશ." કહેતાં એ કિચનમાં ચાલ્યાં ગયાં.

રુબીએ પહેલે દિવસે જ મા-દીકરાની ચર્ચા સાંભળી એક આંચકો અનુભવ્યો. મા-દીકરાના સંબંધમાં જરૂર કંઈક વિચિત્રતા હતી એવો આભાસ થયો. એણે સાચી પરિસ્થિતિનો તાગ મેળવવા અને મા-દીકરા વચ્ચે જો કોઈ બાબતે તિરાડ હોય તો તે પૂરવાનો મનોમન સંકલ્પ કર્યો.

ધીમે પગલે નીચે આવી બોલી, "હલ્લો, હિતેન. આઇ એમ રેડી."

"કમ ઑન. હેવ અ સીટ."

"હું કિચનમાં મમ્મીને મદદ કરવા જાઉ." કહી રુબી કિચનમાં ગઈ.

"નમસ્તે મમ્મી. તમને મમ્મી કહું તો ગમશે ને?"

"મમ્મી કહે, સરોજ કહે. સરુ કહે, ડોશી કહે શો ફરક પડે છે?"

"તમે વડીલ છો. તમને સરોજ, સરુ કે ડોશી કહેવાતું હશે? એમાં તમારું અપમાન કહેવાય અને મારી નફટાઈ કહેવાય. કોઈ સાંભળે તો મારી કેવી ખરાબ છાપ પડે!"

"તને તારી છાપની પડી છે!"

"કોઈ પણ સંસ્કારી સ્ત્રીએ એની છાપનો પહેલો વિચાર કરવો જોઈએ. એણે વિનયથી બીજાનું દિલ જીતી લેતાં શીખવું જોઇએ. આખરે એક દિવસ એણે બીજાને ઘેર જવાનું છે. અજાણ્યો વર... અજાણી સાસુ... અજાણ્યા સસરા... નણંદ ... દિયર... બધાં અજાણ્યાંને પોતીકાં કરવાનાં હોય છે."

"પહેલે દિવસે તેં તો મને મોટું ભાષણ આપી દીધું. ટીચર હતી?"

"ટીચર તો તમારે મારાં બનવાનું છે. બોલો શું બનાવવું છે?"

"ઘરમાં મહેમાન આવે તે દિવસે કંઈક સ્વીટ બનાવવું પડે."

"સારું એ બધું મારા પર છોડી દો. હું માગું તે મને આપો. તમે પેલી ખુરસી પર બેસી જાઓ."

સરોજ કંઈ દલીલ કર્યા વિના બેસી ગઈ. એને આ નવી છોકરીના તાલ જોવા હતા. ફ્રિજ ખોલી રુબીએ દૂધ કાઢ્યું. રસમલાઈ બનાવવા લાગી. પુરી બનાવી. એક શાક બનાવ્યું. ભાત બનાવ્યો. ફ્રિજમાં દાળ અને એક શાક હતાં તે ગરમ કરી દીધાં. પોણા કલાકમાં બધું તૈયાર થઈ ગયું.

"છોકરી, તું તો ખરી નીકળી. આ બધું ક્યાંથી શીખી?"

"મારી મમ્મી રસોઈમાં નંબર વન હતી. હાથ પર વેલણ મારીમારી મને બધું શીખવી દીધું. રોજ કહેતી કે 'કોઈ સાસુ માથાની મળશે તો મને ગાળો ભાંડશે અને તને ઘરની બહાર તગેડી મુકશે' બોલો તમે મને ઘરની બહાર તગેડી મૂકશો?"

સરોજ રુબી સામે જોઈ રહી. એનો ગુસ્સો ઓગળવા લાગ્યો. રુબી એને જરા જુદી લાગી.

"મમ્મી , આ તો મને આવડ્યું તે મેં બનાવ્યું. હજુ મારે ઘણું શીખવાનું છે. મારે ઘેર જાઉં ત્યાં સુધી જે કંઈ શીખવશો એ પ્રેમપૂર્વક હું મારા ટીચર પાસેથી શીખવા માગું છું."

સરોજ કંઈ ન બોલી. એ ભોંઠી પડી ગઈ. પહેલે દિવસે કોઈ એને હરાવી રહ્યું હતું. સરોજને હાર જરાકે કબૂલ નહોતી. એ ભલભલાને ધ્રુજાવતી, પછી એ પુરુષ હોય કે સ્ત્રી હોય, પતિ હોય કે દીકરો હોય. બસ એનો કક્કો જ સાચો. એ કહે એ દેવ વાકય. ન કોઈની દલીલ ચાલે, ન કોઈનો હૂકમ ચાલે. એ ભાંડવા બેસે પછી કોઈ એને રોકી ન શકે. રોકવા જાય કે સામે જીભાજોડી કરે તો વધુ ઉશ્કેરાય. એની બોલતી બંધ ન કરી શકો. એકની એક વાત રિપીટ કરી ઊભરો ઠાલવ્યા કરે. સામે કોઈ ન રહે ત્યારે એની જીભ અટકે, ગુસ્સો ઊતરે. જેટલી જલદી ગુસ્સે થાય એટલી જલદી પાછી બધું ભૂલી જાય.

"જા, તું બેસ. હું પીરસું છું."

"કેમ? અમારા હાથપગ ભાંગી ગયા છે? તમે જાઓ હું બધું ટેબલ પર મૂકું છું. જેને જેટલું ખાવું હશે એટલું લેશે."

સરોજ ખડખડાટ હસી. "કેમ હસો છો?"

"હિતેન, શું એની મેળે ખાવાનું લેશે? તું એને ઓળખે છે?"

"એમાં શું ખોટું છે? તમે જાઓ બેસો. હું એમને કહીશ."

સરોજે કંઈ દલીલ ન કરી. તાલ જોવાની મજા પડશે એમ માની એક બાજુ ઊભી રહી ગઈ. રુબી પ્લેટો અને જમવાનું ટેબલ પર મૂકી આવી.

"ચાલો, હિતેન, જમવાનું તૈયાર છે."

હિતેન એની ખુરસી પર બેઠો. સામે રુબી બેઠી.

"મમ્મી તમે પણ સાથે જમવા બેસો, ચાલો."

સરોજ ચૂપચાપ રુબીની બાજુની ખુરસી પર બેઠી.

"જેને જે ભાવે તે લો," કહેતાં રુબીએ કવર લઈ લીધાં.

"મમ્મી બધાંને પીરસશે." હિતેને કહ્યું.

"સૌ સૌની જાતે લે એ વધારે સારું. એથી શરમથી કોઈ ભૂખ્યું ન રહે અને વધારે પડતું પીરસાતાં કંઈ બગાડ ન થાય."

"વાત તો સાચી છે." કહી હિતેને કંઈ દલીલ ન કરી. એણે ચાર પૂરી લીધી. બે શાક લીધાં અને બાઉલમાં રસમલાઈ લીધાં.

સરોજ અને રુબીએ પણ પોતપોતાની ઈચ્છા પ્રમાણે લીધું.

"મમ્મી. રસમલાઈ આજ સરસ બની છે. વેરી ટેસ્ટી."

"મેં નહિ તારા મહેમાને બનાવી છે."

"મને તો રસોઈ કરતાં બરાબર આવડતું નથી. આ તો મમ્મીએ કહ્યું એમ મેં બનાવી છે. મમ્મી પાસેથી મારે ઘણું શીખવાનું છે. મારાં ટીચર બનવાનાં છે."

"વેરી ગુડ."

સરોજ રુબીના જવાબથી જડાઈ ગઈ. જરાકે જશ લેવાનો પ્રયાસ નહિ કે જરાય મોટાઈની વાત નહિ. કેવી નમ્રતા!

"હિતેન, ઑફિસમાં તમારે મને ટ્રેઇન કરવાની છે. હું અહીં રહું ત્યાં સુધી મમ્મી મને ટ્રેઇન કરવાનાં છે."

"હિતેન, આ છોકરીને ટ્રેઇન કરતાં બહુ સમય નહિ લાગે. બધી રીતે હોંશિયાર લાગે છે."

"એટલે તો મેં એને મારી ઑફિસ માટે પસંદ કરી છે. મને લાગે છે કે મારો ઘણો ભાર ઓછો કરી દેશે અને આપણા છાપાની નામના વધારશે તો છાપાનો ફેલાવો વધશે."

"એને સારો પગાર આપજે નહિતર બધાની જેમ એ પણ એક દિવસ બધું છોડી ભાગી જશે."

"માજી, હું ભાગી જઈશ એવું તમને લાગે છે?"

"બીજે સારો પગાર મળે તો કોણ ઓછા પગારમાં પડી રહે? તું જ કહે."

"મમ્મી, હું પૈસા માટે અહીં નથી આવી. હિતેનનો સ્વભાવ મને ગમ્યો અને એમને અહીં સારા એડિટરની જરૂર છે. મારે નોકરીની જરૂર છે એટલે હું અહીં આવી છું. હું હિતેનને દ્રોહ નહિ દઉં."

"શરૂમાં બધા જ એવું કહેતા હોય છે. પણ આ ડોલરની દુનિયામાં ડોલરના મોહ આગળ બધા જ મોહ પામર બની જાય છે. સૌ કોઈ ડોલરનો વિચાર કરે છે. સ્નેહ, સંબંધ, નાના, મોટા, વડીલ.. કશાનો કોઈ વિચાર નથી કરતું. સ્વાર્થ સિવાય કોઈને કશી પડી જ નથી. સારું જા, આજ આરામ કર. પ્લેઇનની મુસાફરીનો થાક હશે."

"ગુડ નાઇટ ટુ બોથ ઑફ યુ," કહી રુબી એની બેડરૂમમાં ગઈ.

રુબીએ કપડાં કાઢી ગાઉન પહેરી લીધો.

બેડમાં આડી પડી. જગાફેરને કારણે તરત જ ઊંઘ આવે એમ નહોતી. સરોજબહેન વિષે વિચારવા લાગી. પહેલા દિવસે જ સરોજબહેનના સ્વભાવનો અણસાર આવી ગયો. એક બે વાક્યો એવાં કહ્યાં જેની એને સમજણ ન પડી. તુમાખી મિજાજનાં સરોજબહેન સાથે રહેવું હોય તો બહુ નમ્ર બની સિફતથી કામ લેવું પડશે એ એણે મન સાથે નક્કી કર્યું.

વધુ વિચારવાની શક્તિ નહોતી. મુસાફરીનો થાક અને ઉજાગરાને કારણે આંખો મીંચાઈ ગઈ.

ઘસઘસાટ ઊંઘતી હતી ત્યાં ટેલિફોનની ઘંટડીએ એને જગાડી.

"કોણ હશે?" વિચારતાં એણે રિસીવર ઉપાડ્યું.

* * *

# ચૌદ

“રુબી?”

“કોણ? આસુ? કેમ છે? ફોન ટ્રાન્સફર થઈ ગયો?”

“ના. બે દિવસ પછી થશે. તું સુખરૂપ પહોંચી ગઈ?”

“હા, આસુ. આજે હું વસુબહેનને ત્યાં ફોન કરવાની હતી. અહીં સવારના આઠ વાગ્યા છે. ત્યાં સાંજના સાડા પાંચ થયા હશે, ખરું ને?”

“હા. રુબી. કેનેડા કેવું લાગે છે?”

“હજુ તો પહેલો દિવસ છે એટલે શું કહી શકું? પણ ફાવશે. તું ચિંતા ન કરતો. રુબી તને કદી ભૂલવાની નથી. માજી કેમ છે?”

“એ તારા વિના ઝૂરે છે. મારી રુબી મારી રુબી કહીને વિલાપ કરે છે. વસુબહેન બહુ આશ્વાસન આપી એને સમજાવી રહ્યાં છે.”

“વસુબહેન અને ગુરુદેવને મારી યાદ આપજે.”

“વસુબહેનના ઘેરથી ફોન કરું છું. મમ્મી અહીં જ છે. લે વાત કર.”

“રુબી, ગમે છે?”

“મમ્મી તમને બહુ મિસ કરું છું.”

“અમે પણ તને બહુ મિસ કરીએ છીએ. ન ગમે તો પાછી આવતી રહેજે. આ ઘરના દરવાજા તારે માટે ખુલ્લા છે. શરીર સાચવજે અને પત્ર લખતી રહેજે. લે, વસુબહેન સાથે વાત કર.”

તરુબહેને વસુબહેનને ફોન આપ્યો.

“રુબી, મુસાફરીમાં કંઈ તકલીફ નહોતી પડીને ?”

“ના, માસી.આપના આશીર્વાદથી હેમખેમ પહોંચી ગઈ છું. હિતેનને ઘેર રહેવાની સારી સગવડ છે. એનાં મમ્મી બહુ માયાળુ અને પ્રેમાળ છે. તમને બધાંને બહુ યાદ કરે છે.”

"મુસાફરીનો થાક હજુ ઊતર્યો નહિ હોય. સારું, સરોજબહેનને અમારી યાદ આપજે. અહીંનું કંઈ પણ કામ હોય તો લખજે કે ફોન કરજે. લે, આસુને આપું છું."

"રુબી, અહીંના કોઇ પણ વિચારો કર્યા વિના તારી કેરિયર બનાવજે. તારી પ્રગતિના સમાચાર આપતી રહેજે. આવતા રવિવારે હું કૉલેજ જવા નીકળી જઈશ. મેં તને કહ્યું છે એ યાદ રાખજે. હૉસ્ટેલ પર કાગળ ના લખતી. અહીં લખજે. દર મહિને હું અહીં આવવાનો છું. બાય નાઉ."

"બાય." ફોન કપાઈ ગયો. રુબીની આંખમાં આંસુ આવી ગયાં.

બે મહિનાનો પરિચય. છતાં કેટલી આત્મીયતા! કેટલી મમતા! કેટલી ચિંતા! આવાં સ્વજન ક્યાં મળે? ઝડપથી આંસુ લૂછી તૈયાર થઈ નીચે ગઈ.

"થાક ઊતર્યો, મેમસા'બ?" સરોજે કરડાકીભરી નજરે જોઈ કહ્યું.

"માજી, ગુડ મોર્નિંગ." માજીના શબ્દો ઇગ્નોર કરી કહ્યું.

"તું બહુ મસકાબાજ લાગે છે. મારી પાસે તારી કોઈ ચાલ નહિ ચાલે."

"માજી, હું મસકો નથી મારતી. સાચી ભાવનાથી કહું છું."

"સારું. સારું. બોલ, નાસ્તો કરવો છે?"

"તમે નાસ્તો કર્યો?"

"મારી શું કરવા ચિંતા કરે છે? હું તને પૂછું છું."

"તો તમે મારી શું કરવા ચિંતા કરો છો?"

"લાટ સાહેબ કહીને ગયા છે કે તારી કેર લેવી. તને સારી રીતે ટ્રીટ કરવી. હું તો જાણે બધાની નોકરડી ન હોઉં?"

"માજી, હું અહીં હોઉં ત્યાં સુધી તમારે ઘરનું કંઈ જ કામ નહિ કરવાનું."

"તો કોણ તારો સગલો કામ કરવા આવવાનો છે?"

"હું કરીશ." રુબીએ નરમાશથી કહ્યું.

"તને તો કંપનીના એડિટર તરીકે લાવ્યો છે. તારી પાસે કંઈ કામ કરાવવાનું હોય? તમે તો બૉસ કહેવાઓ."

"એવું કોણે કહ્યું?"

"મોટા બૉસે. મને સવારના પહોરમાં હજાર સૂચનાઓ આપતો ગયો. 'એને આરામ કરવા દેજે. એને રસોડાનું કામ ના સોંપતી. એને વેક્યુમ

કરવાનું ના કહેતી. એને માઠું લાગે એવું કંઈ ના કહેતી. એ આપણા મહેમાન છે.' મહેમાન છે કે..." સરોજ અટકી. વાક્ય પૂરું ન કર્યું.

"માજી, હિતેને ભલે તમને ગમે તે કહ્યું. હું તમને કશું કામ નથી કરવા દેવાની. મને કહો શું શું કરવાનું છે?"

"ચબાવલાવેડા છોડી બોલ, નાસ્તો કરવો છે? તું મને શેઠાણી બનાવવા માગે છે અને પછી સાંજે તારો બૉસ મારો ઊધડો લે એ તમાસો જોવો છે, ખરું ને? આજકાલની છોકરીઓને હું ઓળખું છું. મીઠુંમીઠું બોલે, મસકા મારે, પીગળાવે અને લાગ આવે ત્યારે પેટમાં છરો ભોંકી દે! મારી સાસુ કહેતી હતી કે ઘરમાં નવું આવે એના પર પહેલે દિવસથી જો કબજો નહિ જમાવો તો તમારે માથે ચડી બેસશે અને તમને રસ્તે રઝળતા કરી દેશે."

"માજી, મારે તમારા પર રુઆબ નથી જમાવવો. મારે તમારો પ્રેમ જીતવો છે. હું તમારી સામે એક પણ શબ્દ કદી ઊંચા સાદે બોલવાની નથી."

"જોઉં છું કેટલા દહાડા તું તારું વચન પાળે છે તે."

"જેટલા દહાડા રહીશ એટલા દહાડા તો પાળીશ. તમે બેસો હું મારે માટે કૉફી અને ટોસ્ટ બનાવી દઈશ. તમારે માટે શું બનાવું?"

"એક કપ ચા બનાવજે. હમણાં જ પૂજા કરીને આવી એટલે ચા પીધી નથી." કરડાકીથી કહ્યું.

"તમે રોજ પૂજા કરો છો?"

"એના સિવાય આ દુનિયામાં મારું કોણ છે? દુઃખનો બેલી પેલો ડાકોરવાળો. આ સાહ્યબી, આ ધનદોલત, સગાંસંબંધી કશું સાથે નથી આવવાનું. એની ભકિત એ જ સાચી મૂડી છે. તું ભગવાનમાં માને છે ખરી?"

"એવું કેમ પૂછો છો?"

"આજકાલની વંઠેલી પ્રજા ભગવાનમાં માનતી નથી. હિતેનને રોજ કહું છું. રોજ સવારે ઑફિસે જતાં પહેલાં એક દીવો કરતો જા. પણ મારી વાત એને ગળે નથી ઊતરતી."

"એ દીવો નથી કરતા પણ એ દયાની મૂર્તિ છે. જન સેવા એ પ્રભુ સેવા. એનાથી મોટું કોઇ પૂન્ય નથી, માજી."

માજી હસ્યાં. "કેમ હસો છો?"

"હાથીને કેટલા દાંત હોય છે?"

"બે."

"બસ, એમાં સમજી જા. સવારના પહોરમાં મૂક એ બધી માથાકૂટ. જા, ચા બનાવી લાવ."

"કંઇ નાસ્તો નહિ કરો?

"કિચનમાંથી બે કેળાં લેતી આવજે."

રુબી કિચનમાં ગઈ. સરોજના ઉકળાટનું કારણ શોધવા મથી રહી. જેને ભગવાનમાં આસ્થા હોય એ ક્રૂર કે તુમાખી ન હોય, ચીડિયા સ્વભાવની ન હોય. કોઇ સાયકોલૉજિકલ કારણ લાગે છે. આવી વ્યક્તિનું હૃદય જીતવા એક જ અમોઘ સાધન છે કે સામે દલીલ ન કરવી. એમના ગુસ્સા સામે આંખ આડા કાન કરવા. જલદીજલદી ચા બનાવી એક પ્લેટમાં બે કેળાં કાપી ફોર્ક મૂકી એમને આપવા ગઈ.

"કેળાં કાપવાનું તને કોણે કહ્યું હતું? આ ફોર્કની શી જરૂર છે? નકામાં પ્લેટ અને ફોર્ક બગાડવાનો શો અર્થ?"

"એ તો હું ધોઈ નાખીશ. તમારા હાથ ન બગડે એ માટે!"

"મારા હાથ બગડે તો શું થઈ જવાનું હતું? મેં હાથમાં મેંદી નથી મૂકી."

રુબીને હસવું આવી ગયું પણ ડોસી ગુસ્સે થશે એવી બીક લાગતાં પૂંઠ ફેરવી કિચનમાં ચાલી ગઈ. કૉફી અને ટોસ્ટ લઇને આવી સરોજ સામે બેઠી.

સરોજ એને તાકી રહી. કોઈ ચતુર સાસુની જેમ એના મુખ પરની રેખાઓ માપી રહી હતી કે એના મુખ પરના ભાવ માપી રહી હતી. રુબી કશું કળી ન શકી. વદન નીચું ઢાળી ટોસ્ટ ખાવા લાગી.

"ઘેર રોજ ટોસ્ટ ખાતી હતી?"

"ના. પહેલાં કદી નાસ્તો કરતી નહોતી. આસુને ઘેર બે મહિનાથી નાસ્તાની ટેવ પડી છે. જો કે સાંજે રોટલી, ભાખરી કે ઢેબરાં વધ્યાં હોય એ જ નાસ્તામાં લઈ લેતાં"

"અમારા લાટ સાહેબને તો બધું ગરમાગરમ જોઈએ. સવારનું સાંજે પણ ન ખાય. શું કરવા ખાય? ઘરની નોકરાણી બધું તૈયાર રાખે છે. પછી શી જરૂર છે?"

"માજી, અહીં નોકરો મળે છે? હિતેન કહેતા હતા કે કેનેડામાં બધાં કામ હાથે જ કરવાં પડે છે. નોકરો મળે નહિ."

"ન કેમ મળે? પૈસા ખર્ચો તો બધું મળે. આ ડોસી નવરી છે પછી કામવાળીની શી જરૂર?"

"એવું ન હોય માજી. તમારું મન કામમાં રોકાયેલું રહે એટલે એ એવું કરતા હશે!"

"થોડા દિવસમાં તને બધું સમજાશે. તું ચારપાંચ દિવસમાં જતી રહશે?"

"તમને ભારરૂપ થતી હોઉ તો કાલે જ ક્યાંક બીજી જગા શોધી લઉ."

"જોજે એવું કંઈ બોલતી! હિતેન પાસે એવું ઉચ્ચારતી નહિ કે હું તને આવું પૂછતી હતી. મારી જીભ કાપી નાખશે. ગુસ્સે થઈને ઘર બહાર ચાલ્યો જશે. બે દિવસ મોઢું નહિ બતાવે. મિજાજનો ભારે છે. માફ કરજે, મારાથી ખોટો સવાલ પૂછાઈ ગયો."

"માજી, એક પ્રોમિસ આપું છું કે આપણી વચ્ચે થયેલી કોઈ વાત હું હિતેનને નહિ કહું. મારી મૃતમાના સોગંદ ખાઈને કહું છું."

"તારી મા નથી?"

"ના. નાની હતી ત્યારે મરી ગઈ. બાપ પણ આ દુનિયામાં નથી. મા ગણો કે બાપ ગણો હવે તો એક તમારી હૂંફ છે."

"માબાપ વિનાનું ઓશિયાળું જીવન ભગવાન કોઈને ન આપે! મા તે મા બીજા બધા વગડાના વા. બાપને તો કદી છોકરાંની પડી જ નથી હોતી. એમને તો છોકરાં જણવામાં રસ છે. કામ પતાવી પોતિયું ઊંચું કરી હાલતા થાય. નવ મહિના પેટમાં ભાર ઝીલવો, પ્રસૂતિની વેદના વેઠવી, એને મોટાં કરવાં, એમનું જીવન ઘડવું.. એ બધી જાણે માની જવાબદારી! પુરુષ જાત નફ્ફટ હોય છે. એને પત્ની માટે પ્રેમ નથી હોતો. એને તો માત્ર એક જબાબતમાં રસ હોય છે. રાત દિવસ જોયા વિના એક જ ઝંખના હોય છે. સ્ત્રીના શરીરની... હું શું કહેવા માગું છું એ સમજાય છે ને?" પુરુષજાત પ્રત્યે સરોજનો રોષ ઠલવાઈ રહ્યો હતો એમાં એનો કોપ તરી આવતો હતો.

"માજી, પુરુષપ્રધાન સમાજમાં આપણે નસીબે એની જોહુકમી સહેવાનું જ લખાયું છે."

"હું આમ તો કોઈની સાડાબારી નથી રાખતી. ગુસ્સે થઈને મારા વરને પણ મેં એના નસીબ પર છોડી દીધો. આજ સુધી પુરુષો એમની પત્નીને તજી દેતા હતા મેં મારા પતિને તજી દીધો. મનને મક્કમ બનાવવું સહેલું નથી. કાચાપોચાનું કામ નહિ. સ્ત્રીને ગુલામડી ગણનાર એ વળી કોણ?"

"પ્રેમથી પ્રેમ મળે છે. પથ્થર સામે પથ્થર ટકરાય તો શું પરિણામ આવે?"

"છોડ, પ્રેમ બ્રેમની વાત. એક દિવસ તને અનુભવ થશે ત્યારે સમજાશે કે પ્રેમ એ વેવલાવેડા છે."

રુબીને સરોજ સાથે દલીલ કરવાનું યોગ્ય ન લાગ્યું.

એણે ઝડપથી નાસ્તો પતાવી દીધો.

"માજી, હવે કહો કયાં કયાં કામ કરવાનાં છે? બપોરની રસોઈ કરવાની છે? હિતેન ઘેર જમવા આવે છે?"

"ના, બપોરના જમવાની ચિંતા નથી."

"તમે બપોરે શું જમો છો?"

"કાલનું ફ્રિજમાં પડ્યું હોય તે. કેમ તું મને ગરમ ખવડાવવાની છે?"

"તમને જે ભાવતું હોય તે કહો. હું બનાવી દઈશ."

"રસોઈની માથાકૂટ મૂક. કામ કરવું જ હોય તો વેક્યુમ કર. આખા ઘરમાં ઉપર નીચે બધે વેક્યુમ કરવાનું છે."

"તમારે મને બતાવવું પડશે. વેક્યુમ કેવી રીતે કરો છો?"

"ચાલ બતાવું. હા, પણ હિતેનને કહેતી નહિ કે તેં વેકયુમ કર્યું હતું."

"નહિ કહું બાપલા. તમે હિતેનથી બહુ બીતાં લાગો છો. એમનાથી કેમ બહુ દબાઈ ગયાં છો?"

"એની કમાણીના રોટલા ખાવાના છે." કહેતાં સરોજ જરા ઢીલી પડી. પળમાં જ સ્વસ્થ થઈ બોલી, "ચાલ, બેઝમેન્ટમાં."

રુબી એમની પાછળપાછળ બેઝમેન્ટમાં ગઈ. બેઝમેન્ટ બહુ મોટું હતું. એક બાજુ સૉફા, સૉફાચેર, લવસીટ અને વચ્ચે કાચના ટૉપવાળું રાઉન્ડ ટેબલ હતું. એના પર ફૂલદાનીમાં ગુલાબનાં ફૂલનો ગુચ્છ હતો. બીજી બાજુ નાનકડો બાર હતો. બારની પાછળ એક સિન્ક હતી. દીવાલ પર સીસમનું છ ખાનાંવાળું કબાટ હતું. એમાં વિવિધ કલરની, આકારની બાટલીઓ હતી.

રમ, વોડકા, જીન, વિવિધ પ્રકારના વાઇન્સ હતાં.

"આ બધાં ડ્રિંક્સ કોને માટે છે?"

"તારા બૉસ અને એના સાથીદારો માટે. આ નરકમાંથી એને બહાર કોણ લાવે?"

"તમે એમની મા છો. તમે ધારો તો રોકી શકો."

"હું રોકનાર કોણ? બે દહાડા પછી તું પણ એની સાથે પીતી થઈ જઈશ અને મને 'ડોકરી' કહી સામે થઈશ."

"મેં કદી દારૂ પીધો નથી અને કદી પીવાની નથી."

"અહીં આવનારા બધા જ શરૂશરૂમાં એવું કહે છે પણ પછી એના ગુલામ થઈ જાય છે. છોકરા હોય કે છોકરીઓ. બધા જ પી પીને ભાન ભૂલી મન ફાવે એમ બોલે છે, વર્તે છે. ખબર નહિ ચેનચાળા કરવા પીવે છે કે જાતને છૂપાવવા ઢોંગ કરે છે. એ લોકોની દુનિયા નિરાળી છે."

બોલતાંબોલતાં ખૂણામાં ક્લોઝેટમાંથી વેક્યુમ કાઢ્યું.

"જો, બિલ્ટ ઇન વેક્યુમ છે. દરેક જગ્યાએ દીવાલ પર વેક્યુમ પ્લગ છે. પ્લગ આમ અહીં ભરાવવાનો અને ઇલેક્ટ્રિક પિન આ સોકેટમાં ભરાવવાની. પગ વડે આ સ્વિચ દબાવે એટલે વેકયુમ ચાલુ. જ્યાં જ્યાં કાર્પેટ છે ત્યાં સાવરણીની જેમ આમ ફેરવતી રહીશ એટલે બધો કચરો ખેંચી લેશે."

રુબી વેક્યુમ હાથમાં લઇ ટ્રાય કરવા લાગી.

"વાહ, સરસ છે. કેટલું સરસ સાફ થઈ જાય છે. કચરો બધો અંદર ખેંચી લે છે. આ કચરો જાય છે કયાં?"

"ગરાજમાં એક મોટા કંટેઇનરમાં એક બેગમાં બધો કચરો ભેગો થાય. કોથળી ભરાઇ જાય પછી એને ગાર્બેજમાં ફેંકી દેવાની."

રુબી એક છેડેથી બીજા છેડે ફરતી રહી. સાવરણીથી સાફ કરે એમ ચારે બાજુ સાફ કરતી રહી. અર્ધા કલાકમાં બેઝમેન્ટ સાફ થઈ ગયું. પછી ગ્રાઉન્ડ ફ્લોર પર એ જ રીતે સાફ કરી ઉપરના પાંચે બેડરૂમ સાફ કરી દીધા. હિતેનનો રૂમ બંધ હતો. વેક્યુમ કરતાં દોઢ કલાક થયો. થોડી થાકી ગઈ.

"હવે વેક્યુમ બેઝમેન્ટમાં લૉન્ડ્રીરૂમમાં મૂકી આવ." રુબી મૂકી આવી.

"થાકી ગઇ?" સરોજે પૂછયું. દયાથી પ્રેરાઈને પૂછયું કે કડવાશમાં પૂછયું

એનું અનુમાન કરી શકાય એમ નહોતું.

"ના, માજી એ તો નવું નવું ને એટલે જરા વસમું લાગે. આ કામ તમે કરો છો?"

"નહિતર કોણ હિતેનનો બાપ આવવાનો હતો?" ગુસ્સામાં બોલી.

રુબીએ માનસિક રીતે નક્કી કર્યા પ્રમાણે કંઈ જવાબ ન આપ્યો. એણે પૂછયું, "તમને ખીચડી ભાવે છે?"

"તું બનાવવાની છે?"

"હા, હું બનાવી દઉં. આપણે જમીશું."

સરોજે કિચનમાં જઈ ચોખા અને દાળ કાઢ્યાં.

"શાક કાલનું પડ્યું છે. કંઈ બનાવવાની જરૂર નથી."

રુબીએ વઘારેલી ખીચડી બનાવી દીધી. ફ્રિજમાંથી દહીં કાઢી ડાઈનિંગ ટેબલ પર મૂકી જમવા બેઠાં.

"તું તો જબરી લાગે છે. આ ચરોતરી ખીચડી બનાવતાં ક્યાંથી શીખી?"

"કેમ સારી નથી થઈ?"

"સારી ખરાબની વાત હું નથી કરતી. હું તને એ પૂછું છું કે આવી ખીચડી બનાવતાં તું ક્યાંથી શીખી?"

"આસુની મમ્મી બિમાર હતાં એમને ત્યાં બેચાર વાર બનાવેલી એટલે પ્રેક્ટિસ થઇ. હું માજીની સેવા કરવા ગઈ હતી પણ મને એમણે એમના પ્રેમથી એવી પીગળાવી દીધી કે હું મારી માને ભૂલી ગઈ અને એમને મારી મા ગણવા લાગી. બે મહિના મને ખૂબ પ્રેમ અને લાગણીનો અનુભવ કરાવ્યો."

"અહીં હું તને નોકરની જેમ ટ્રીટ કરું છું એમ તારો કહેવાનો અર્થ છે?"

રુબી તો ચોંકી ઊઠી. જેની કલ્પના પણ નહોતી કરતી એવા અર્થ તારવી સરોજ વાતવાતમાં ગુસ્સે થઈ જતી.

"માજી, મારો કહેવાનો અર્થ એવો નહોતો. ખરું કહું તો હવે તમે મારાં માજી છો."

"પાછો મસકો મારવા માંડી?"

રુબીને લાગ્યું કે આ ડોસી કોઈની સારી વાત સહી શકતી નથી. એણે દુઃખી મને એક જૂઠાણું રજૂ કર્યું, "માજી, હવે તો એમને ભૂલી ગઈ છું. મેં

એમના હૈયાની લાગણીને સાચી લાગણી સમજી એમને નમતી રહી, એમની બહુ સેવા કરી, એમનો એક એક બોલ ઝીલતી રહી. પણ છેલ્લે અહીં આવવાની હતી ત્યારે મને એમનો સાચો પરિચય થઈ ગયો."

"શો પરિચય થયો?"

"મને શુકનનો એક રૂપિયો પણ હાથમાં ન આપ્યો. એક પ્રકારનો સ્વાર્થી ઉપરછલ્લો પ્રેમ હતો એ છતું થઇ ગયું."

"તું આસુની માની વાત કરે છે ને! એ બંગાળણના હાથમાંથી દમડી પણ ન છૂટે! વાણિયણથી પણ ભૂંડી છે. ચમડી તૂટે પણ દમડી ન તૂટે. હું એને સારી રીતે ઓળખું છું. અરે આખી સોસાયટી એને ઓળખે છે. એના વર સિવાય એને કશું દેખાતું નહોતું. બિચારો માસ્તર બહુ ભલો હતો. કોઈનું ખરાબ બોલે નહિ અને કોઈનું ખરાબ કરે નહિ. એ ભલો અને એનું કામ ભલું. હા જરા વેદિયો ખરો. પંતુજી બધા સરખા. એમાં પેલો મનુભાઈ પણ આવી ગયો. જાણે આખી દુનિયાને સુધારવાનો ઝંડો લઈને બેઠો છે."

રુબી એક શબ્દ પણ બોલ્યા વિના સરોજને સાંભળી રહી. કમને એણે માજી વિષે ખોટું બોલવું પડ્યું હતું. પણ એને લાગ્યું કે એણે સારું કર્યું.

ધીરેધીરે એને સરોજનું માનસ સમજાવા લાગ્યું. એ લઘુતાગ્રંથીથી પીડાતી હતી. કોઈની પ્રશંસા સહી ન શકતી. કોઈની ચઢતી સહી ન શકતી. કોઈની મોટાઈ સહી ન શકતી. કોઈનું ડહાપણ સહી ન શકતી. કોઈની સલાહ સહી ન શકતી. કોઈની દલીલ સહી ન શકતી. કોઈ એને નીચી પાડે એ સહી ન શકતી. કોઈ એને ઇગ્નોર કરે એ સહી ન શકતી. કોઈ એની સામે પડકાર ફેંકે એ સહી ન શકતી... બસ એની હામાં હા પુરાવે એ જ એની સાથે રહી શકે, એની સાથે ટકી શકે!

"માજી, મને એ બધા વેવલા અને વેદિયા લાગ્યા. બે દિવસ તમારી સાથે રહેવાથી જીવનનું સાચું રહસ્ય મને સમજાવા લાગ્યું છે. યુ આર ગ્રેટ."

"પાછો, મસકો મારવાનું શરૂ કર્યું?"

"માજી, મસકો નથી મારતી મારા હૈયાની સાચી વાત કરું છું. તમે જ કહો મારે કેવી રીતે મારા મનની વાત સ્પષ્ટપણે કહેવી?"

"હું પૂછું એના જવાબ આપવાના. આડી અવળી વાતો કરવાની નહિ.

સાચું કહે, આ ખીચડી બનાવતાં કોણે શીખવાડ્યું?”

“હૉસ્ટેલમાં મારી સાથે આણંદની છોકરી રહેતી હતી. રવિવારે સાંજે હૉસ્ટેલનું રસોડું બંધ રહેતું એટલે કો’ક વાર સાંજે ખીચડી બનાવી લેતાં.”

“ચરોતરની છોકરીઓ એમાં પહોંચેલી હોય છે. અહીંની છોકરીઓને તો બસ મેકડોનાલ્ડ, બર્ગર કિંગ કે ચાઇનીઝ કે ઇટાલિયન રેસ્ટૉરાં સિવાય કંઈ સૂઝતું નથી. ઘરનું ગુજરાતી ખાવાનું તો જાણે ગળે ઊતરતું જ નથી, હેટ કરે છે. રસોડાને તો ધિક્કારે છે. હરામહાડકાનાં થઈ ગયાં છે. માબાપે જ એમને વધારે પડતી છૂટછાટ આપી બગાડી મૂક્યાં છે.”

“તમારી વાત સાચી છે. હવે તો ઈન્ડિયામાં પણ એ પવન આવી રહ્યો છે. ખબર નહિ આ બધું ક્યાં જઈને અટકશે?”

“કોઈ અટકાવી શકવાનું નથી. એક મોટો ભૂકંપ થશે ત્યાર પછી નવી સૃષ્ટિનું નવું સર્જન થશે...”

“તમારું વાચન અને જ્ઞાન સારાં છે. કેટલું ભણેલાં?”

“વડોદરામાં ગાયકવાડી રાજ હતું. એ જમાનામાં મેટ્રિક પાસ થઈ હતી.”

“જૂના જમાનાનું ભણતર બહુ સારું હતું. આજનું શિક્ષણ દૂષિત થઈ ગયું છે. શિક્ષણમાં ઘણી બદબો ઘૂસી ગઈ છે. ગણિત તો જાણે ભુલાઈ જ ગયું છે. કેલ્કયુલેટર વિના બે આંકડાના સરવાળા પણ ન કરી શકે!”

“અમે ઊઠાં સુધીના આંક મોઢે બોલી જતા. એક ઊઠું ઉઠ, બે ઊઠાં સાત, ત્રણ ઊઠાં સાડા દશ, ચાર ઊઠાં ચૌદ.. તું કહે ત્યાં સુધી બોલી જાઉ..”

“મને ખબર છે તમારા જમાનાના શિક્ષણની...”

“અહીં તમને શરૂમાં અંગ્રેજીની મૂશ્કેલી નહોતી પડતી? હું બી.એ. પાસ છું તોપણ અંગ્રેજીમાં કયારેક ફાંફાં મારવા પડે છે.”

“સ્ટોરમાં મને કોઈ છેતરી ના શકે.”

“તમારું જ્ઞાન બહુ ઊંડું છે. માજી, ખાધા પછી શો કાર્યક્રમ હોય છે? બપોરે સૂઈ જાઓ છો?”

“એક બે સીરિયલ જોઉ છું. સોની, ઝી, બીફોર યુ, ટીવી એશિયા, વગેરે ઇન્ડિયન અને સો જેટલી અહીંની ચેનલો આવે છે. બધી જોવાનો ટાઇમ કયાંથી મળે? રસ પડે તે જોઉ અને ડોલું આવી જાય તો નેપ લઈ લઉ છું. અરે

હા, તારે કંઈ કપડાં ધોવાનાં છે?"

"તમારે કંઈ ધોવાનાં છે?"

"હું તો દર શુક્રવારે વૉશરમાં ધોઈ નાખું છું. પાછો ઇલેકિટ્રસિટીનો વિચાર કરવાનો ને? વીજળીનું બિલ બહુ આવી જાય એ કેમ પોસાય?"

રુબીને કહેવાનું મન થઈ ગયું, 'હિતેન ઘણું કમાય છે... પૈસા છૂટે હાથે વેરે છે અને તમે વીજળીના બિલની વાત કરો છો?'

પણ એવું કંઇ બોલવું એટલે માજીને ઉશ્કેરવાં.

"મારે બહુ કપડાં નથી. આપણે શુક્રવારે ધોઈશું."

"તું શુક્રવારે જતી રહેવાની છે ને?"

"હિતેનનો શો પ્લાન છે એની મને ખબર નથી."

"સારું, હું મારી રૂમમાં જાઉ છું. મારી પ્રિય સીરિયલ આવવી જોઈએ. તારે આરામ કરવો હોય તો કર. પાંચ વાગે સાંજની રસોઈ બનાવવી પડશે."

"સારું," કહી રુબી ડ્રોઈંગ રૂમમાં ગઈ. સોફા પર આડી પડી. ખૂબ થાકેલી હતી એટલે આંખો મીંચાઈ ગઈ. સાડા ચાર વાગ્યે સરોજે પાસે આવીને ઢંઢોળી, "એ છોકરી, આ સૂવાની જગ્યા છે?'

"આડી પડીને આ મેગેઝિન વાંચતી હતી. કયારે આંખ મીંચાઈ ગઈ એની ખબર ન પડી."

"માથામાં તેલ નાખે છે?"

"ના, કદી નહિ."

"સારું. તો વાંધો નહિ. નહિતર તેલના ડાઘા સોફા પરથી કાઢવા ભારે પડે! હવેથી આવી ભૂલ ના કરતી."

સરોજના શબ્દોથી હેબતાઈ ગયેલી રુબીને સરોજના શબ્દોમાં નરમાશ આવી એ ગમી. "સૉરી, માજી."

"વાત વાતમાં સૉરી કહેવાની જરૂર નથી. આપણે કંઇ કેનેડિયન નથી. અહીં આવ્યાં, પણ છીએ તો ઇન્ડિયન જ. બોલ રસોઈ કરવી છે?"

"હું કરી દઈશ. કહો, શું બનાવવું છે?"

"આજ પાસ્તાનો ટર્ન છે."

"તમારે મને શીખવવું પડશે. આ નામ આજે જ સાંભળું છું."

સરોજે પાસ્તાનું પેકેજ આપી કહ્યું, “પેકેજ પરની સૂચના વાંચી જા. અંગ્રેજીમાં ખબર પડશે ને?”

“વાંચવામાં જરાકે તકલીફ નહિ પડે.” રૂબીએ રેસિપી પ્રમાણે પાસ્તા બનાવી દીધા. સરોજે ચાખી જોયા. બધું બરાબર હતું.

“તમે અમારી સાથે જમશો?”

“ના, હિતેન સાથે તું જમજે. મારે આજે સોમવાર છે. બપોરે જમી લીધું એટલે એક ટાણું થઈ ગયું. પ્લેટ તૈયાર કરી દે. જોડે કોકની બૉટલ મૂકજે. તારે કોક પીવો હોય તો તું પણ પીજે... હું મારી રૂમમાં જઈ સોમવારની વાર્તા વાંચીશ. આજે તું પીરસજે.”

સરોજે વાક્ય પૂરું કર્યું એ જ વખતે હિતેન ઘરમાં પ્રવેશ્યો. ઘેર પણ ઑફિસ હતી. ઑફિસમાં બેગ મૂકી હિતેન ડાઈનિંગ ટેબલની ખુરસીમાં બેઠો.

“સપર તૈયાર છે?”

“હા.” સરોજે કિચનમાંથી કહ્યું.

“તારે તારી કથા વાંચવી હોય તો જા. રૂબી અને હું જમી લઈશું.”

સરોજ જતાં રૂબી સપર અને પ્લેટો ટેબલ પર મૂકી હિતેનની પાસેની ખુરસીમાં બેઠી. પાસ્તા પ્લેટમાં મૂકતાં પૂછ્યું, “સ્મેલ્સ ગુડ! તેં બનાવ્યાં?”

“હું તો આ નામ આજે સાંભળું છું પછી બનાવવાની વાત શી કરવી? માજી રસોઈમાં પાવરધાં લાગે છે! ઇન્ડિયન, મેકિસકન, ઇટાલિયન... બધું જ એમને આવડે છે.”

“ઘણાં વર્ષો અહીં થઈ ગયાં. ના છૂટકે શીખવું પડે. મમ્મીએ ગુસ્સે થઈ અપસેટ નહોતી કરીને?”

“ના. બહુ સારી રીતે મને રસોઈ વિષે, ઘરકામ વિષે, લંચમાં શું બનાવવાનું, સપરમાં શું બનાવવાનું, કહેતાં રહ્યાં અને હું સાંભળતી રહી. ગુડ ટીચર છે.”

“મને બહુ બીક હતી કે તને શાંતિથી સૂવા નહિ દે.”

“અરે એ તો મને નીચે આવવાની ના પાડતાં હતાં. કહેતાં કે મુસાફરીનો થાક એમ જલદી ન ઊતરે. પણ હું માનતી જ નહોતી. મારે માટે અહીં ઘણું બધું નવું છે. મારે જલદી જલદી શીખી જવું છે. એટલે હોંસે હોંસે મને

શીખવાડતાં રહ્યાં. મને માજી સાથે ફાવી જવાનું. તમારો દિવસ કેવો રહ્યો?"

"બિઝી એ જ યુઝવલ. જો કે પેપરની મને બહુ ચિંતા નથી."

"કેમ?"

"સ્ટાફ ફોડી લે છે. આવતા સોમવારથી આપણે આપણી રીતે નવા રૂપરંગ સાથે એક સ્પેશિયલ ઇસ્યૂની તૈયારી કરવાની છે."

"મારે સોમવાર સુધી ઑફિસ નથી આવવાનું?"

"તારે વચ્ચે આવવું હોય તો આવી શકે છે. ઑફિસિયલી કામ સોમવારથી જ શરૂ કરવાનું છે. મમ્મી સાથે બેચાર દિવસ પસાર કર. તને અનુભવ થશે. અહીં ન ફાવે તો મને કહેજે. તારે માટે જુદું એપાર્ટમેન્ટ શોધી કાઢીશું. ટેન્શનથી રહેવાનો કોઈ અર્થ નથી."

"શેનું ટેન્શન?"

"મમ્મીનું. એનો સ્વભાવ સહન કરવો એ સહેલું નથી. એની સાથે રહેવું એટલે તલવારની ધાર પર ચાલવું. મારા ડેડી ન રહી શક્યા તો બીજું કોઈ કેવી રીતે રહી શકે?"

"મને તો એવું કંઈ લાગ્યું નથી. મને લાગે છે કે અમે એકબીજાની સાથે સારી રીતે રહી શકીશું. ચારેક દિવસ પછી તમે એમને પૂછજો. એ મને રાખવા ન માગતાં હોય તો હું બીજે ક્યાંક ચાલી જઈશ."

"સારું." કહેતાં હિતેન જમીને ઊભો થયો.

"મારે એક મીટિંગ છે તે જાઉં છું. રાત્રે મોડો આવીશ. તમે સૂઈ જજો."

હિતેન ગયા પછી રુબીએ વાસણો ડિશવૉશરમાં મૂકી દીધાં. કિચનમાંથી બહાર આવતી હતી. સામે સરોજ આવી અને પૂછ્યું, "હિતેન, ગયો ?"

"હા, માજી. રાત્રે મોડા આવવાનું કહીને ગયા છે."

"એની કયાં નવાઈ છે!"

"માજી, સૂઈ જાઓ. થાકી ગયાં હશો. ગુડ નાઇટ."

"ગુડ નાઇટ." સરોજે કહ્યું. રુબીને એની નમ્રતાથી નવાઈ લાગી. એને થયું, 'માજીએ મારી અને હિતેનની વાતો સાંભળી હશે?"

* * *

# પંદર

સરોજે રુબી અને હિતેનની બધી વાતો સાંભળી હતી. દીકરો માની વિરુધ્ધ ઓકી રહ્યો હતો અને કાલ આવેલી એક અજાણી છોકરી બધું માની ફેવરમાં બોલી રહી હતી. છોકરી માટે થોડી મમતા જાગી. સરોજને પોતાના મોઢે સાંભળેલી વાત પર પણ પૂરો વિશ્વાસ નહોતો. મનનું સમાધાન કરવા એણે રુબીને પૂછ્યું, "કાલે ડાઇનિંગ ટેબલ પર કંઈ બહુ વાતો કરી."

"હા, હિતેન મને આ દેશની રીતરસમ વિષે સલાહ આપતા હતા."

"મારા વિષે કંઈ સલાહ ન આપી?"

"હિતેન કહેતા હતા કે મમ્મી સાથે જીભાજોડી ના કરવી. કંઈ કહે તો માઠું ન લગાડવું. મેં કહ્યું કે મારી સાથે એમની દીકરી જેવો વર્તાવ કરે છે. ગુસ્સે તો એક વાર પણ થયાં નથી."

સરોજ મનોમન હરખાઈ પણ મનની વાત છૂપાવી બોલી, "મારે તને કેટલી વાર કહેવાનું કે તું મને મસકા મારવાનું છોડી દે."

"મેં જે સત્ય હતું તે કહ્યું તો પણ તમને મારી વાત પર વિશ્વાસ નથી. ખબર નથી પડતી મારે સાચી વાત કેવી રીતે કહેવી. સાચું કહું તો મારે મન તમે મારી મા છો. મારે તમારી પાસેથી માનો પ્રેમ જોઈએ છે. હું ભૂલ કરું તો મને ધમકાવજો. કંઈ કામ હોય તો હુકમ કરજો. હું જરાય માઠું નહિ લગાડું કે કોઈને ફરિયાદ નહિ કરું. બોલો, બ્રેકફાસ્ટમાં શું લેશો?"

"કાલની જેમ ચા સાથે મને કેળાં કે કેરી આપજે. તને કેરી ભાવે છે?"

"કેરી કોને ન ભાવે?"

"એમ કર બે કેરી કાપ. એક તારે માટે અને એક મારે માટે."

રુબી સરોજનો પડતો બોલ ઝીલવા લાગી. કોઈ પણ રીતે સરોજનું હૃદય જીતવું હતું. બેત્રણ દિવસ ઘરનાં બધાં કામ કરતી રહી.

'તમે આરામ કરો. તમારી ઉંમર થઈ. આરામ કરવાનો સમય છે.' એમ કહેતી જાય અને પોતે બધાં કામ કરી દે. ઘરના તમામ કામોમાંથી એમને મુક્ત કરી દીધાં. એટલું જ નહિ. સરોજ ગુસ્સો કરે કે ધમકાવે તો ચૂપચાપ બધું સહી લે અને કહે, 'તમે ગુસ્સો કરો એમાં હું મારું ભલું જોઉં છું. મારે કો'ક દિવસ કો્કના ઘેર જવાનું છે. સાસુના મહેણાંથી હું બચી જઇશ. તમે મારાં ટીચર છો. અરે ટીચરથી પણ વધારે છો. મારી ભૂલ મોટી હોય તો વેલણ મારશો તોપણ હું તમારા પર ચીડાઇશ નહિ.'

રુબીની વાતો સાંભળી સરોજ જીભ પર લગામ રાખવા માંડી.

ત્રીજા દિવસે સવારે રુબીએ સરોજને પૂછયું, "આજે કપડાં ધોવાં છે? મને જરા વૉશર ડ્રાયર ચાલુ કરતાં શીખવી દો. પછી હું ફોડી લઇશ."

"આજે કેમ?"

"કદાચ, શુક્રવારે મારે અહીંથી જવાનું થાય!"

"સોમવાર સુધી તારે અહીં રહેવાનું છે. સોમવારથી તારી નોકરી શરૂ થાય છે ને?"

"હા, માજી. તમારી આજ્ઞા હું શિર ચઢાવું છું. પહેલા દિવસે આપને પગે લાગી આપના આશીર્વાદ લઈ નોકરી પર જવાની મારી ઇચ્છા છે."

"તો પછી શુક્રવારે જવાની કેમ વાત કરે છે?"

"હું તમને ભારે પડવા નથી માગતી. મારે નોકરી કરવી હોય તો મારે મારા રહેવા જમવાની વ્યવસ્થા કરી લેવી જોઈએ."

"મને ખબર છે બધા મને તિરસ્કારે છે. મારે માથે કોઈનો જસ છે નહિ."

"એવું ન વિચારો, માજી. મને તો આપને માટે ખૂબ લાગણી અને પ્રેમ છે. પણ હિતેને પહેલાં મને ચારપાંચ દિવસ સાથે રહેવાની વાત કરી હતી એટલે મને એમ કે એમણે મારે માટે એપાર્ટમેન્ટ શોધી કાઢ્યું હશે."

"તને અહીં મારી સાથે રહેવું નથી ગમતું?"

"માની મમતા મળે ત્યાં રહેવું કોને ન ગમે?"

"મારો સ્વભાવ ચીડિયો છે. તારાથી સહન થશે?"

"મા લઢે, મારે, ખિજાય પણ પ્રેમ કરતી હોય છે. જે 'મારતું તે પોષતું' એમ એક કવિએ કહ્યું છે."

"રુબી, હું તને ત્રણ દિવસમાં બહુ બોલી ગઈ પણ તું જરાય ગુસ્સે ન થઈ કે મને ગાળો ન ભાંડી. ભગવાને તને કેવી ઘડી છે?"

"વડીલોનું માન રાખવું એ નાનાઓની ફરજ છે. તમારામાં મારી મા જોઉં છું. હું કાળકામાની ભક્ત છું. દર રવિવારે દૂધેશ્વર મહાકાળીમાના મંદિરે જતી. મા કેવાં ગુસ્સાવાળાં હતાં પણ એના ભક્તોની લાજ રાખવા જરૂર પડે તલવાર લઈને દોડી આવતાં. મને ખબર છે કે જરૂર પડે તમે પણ મારી પડખે દોડી આવો એવાં છો. તમે જેને પોતાનાં ગણો છો એ લોકો તમને સમજવા પ્રયત્ન નથી કરતાં અને દલીલો કરી તમને ખોટી રીતે ઉશ્કેરે છે."

"અહીં આવ, રુબી. મારી પાસે સૉફા પર બેસ."

રુબીજોઈ શકી કે સરોજપીગળી રહી હતી. એમની પાસે જઈ બેઠી.

"તારી વાત સાંભળી મારું મન પીગળી ગયું છે. આજ બહુ વર્ષે મને સમજેએવું કોઈ આત્મીય મને મળી ગયું છે. બેટી, હું તડભડ બોલી નાખું છું પણ મારા દિલમાં જરાય પાપ નથી કે કોઈને ધિક્કારતી નથી. કોઈ મને સમજવા પ્રયત્ન નથી કરતું એનું દુઃખ છે. હું ગાંડી અને અર્ધપાગલ હોઉં એમ સૌ કોઈ મને ધુત્કારે છે. ગયા જનમમાં કોઈ પાપ કર્યાં હશે તે આજેએનાં ફળ ભોગવી રહી છું. મારું કોઈ જ નથી એ વિચારે હું અંદર અંદર બળી મરું છું અને એટલે જ મારો સ્વભાવ ચીડિયો થઈ ગયો છે અને બધાને સ્વાર્થી ગણી બધા પર ઊભરો કાઢું છું. "

"તમારો ઊભરો વ્યાજબી છે. આજકાલ બધા જ લોકો મનસ્વી થઈ ગયા છે. વડીલની આમન્યા જેવું રહ્યું જ નથી. એટલું જ નહિ ઘરના ઘરડાઓ તો જાણે ગમાર હોય એમ ટ્રીટ કરે છે. સાચી સમજ અને ડહાપણ જાણે એમનામાં જ છે. અખાનો એક છપ્પો હું ભણેલી, 'અમારાં હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા ક્યાંથી થયા?' જેવી વાત છે."

"સાચી વાત છે. મારો દીકરો પણ મને સમજતો નથી. હું બોલ્યા કરું તો સાંભળે ન સાંભળે એમ કરી ચાલ્યો જાય છે. હું એના ઘરમાં ટકી રહી છું એનું એક જ કારણ છે."

"શું કારણ છે?"

"એનામાં એક સારો ગુણ છે. કદી મારી પર ગુસ્સે નથી થતો કે સામે

દલીલ નથી કરતો. એટલે મારું અહમ ઘવાતું નથી અને મારો ગુસ્સો ઓગળી જાય છે. એનો બાપ મારી સામે વાઘની જેમ તડૂકતો. હું એની સામે સિંહણની જેમ ગર્જતી. પથ્થર સામે પથ્થર ટકરાય પછી શું થાય? બેચાર દિવસનું હોય તો ચલાવી લેવાય પણ આ તો રોજની રામાયણ હતી."

"સહનશીલ કહેવાઓ કે જિંદગીનાં સારાં વર્ષો એમની સાથે કાઢ્યાં."

"એમને સરકારમાં નોકરી હતી એટલે આઠ કલાક ઑફિસમાં જાય ત્યાં સુધી ઘરમાં શાંતિ રહેતી. ઘેર આવે એટલે હુકમ શરૂ થઇ જાય. પાણી આપ... ચા બનાવી લાવ... કેરી કાપી લાવ... સફરજન કાપી લાવ... આ લાવ ને તે લાવ. બસ હુકમો જ છોડ્યા કરે. હું સામે ઘૂરકું, 'હું કંઇ તમારી ઑફિસનો પટાવાળો નથી. જરા ઊભા થઈને હાથે લેતા હો તો. અને એ મિજાજ ગુમાવી મને ગાળો ભાંડે- મા સામે, બાપ સામે. મારો પિત્તો જાય એટલે હું પણ સામે ગુસ્સો ઠાલવું. પછી તો એ કેરીની રકાબી ફેંકે કે ચાનો કપ ફેંકે. કપ કે રકાબી તૂટી જાય એની મને પડી નહોતી. પણ પછી એ કાચ વીણવાના. એ બધું કામ તો મારે જ કરવાનું ને."

"ખોટું કહેવાય. કાકાએ સમજવું જોઈએ. નુકસાન એમના ઘરમાં થતું હતું ને. પાસે બેસી એમને સમજાવતાં હોત તો એ એમનું વર્તન સુધારત.."

"અરે શું સુધારે? માથાનો ફરેલ હતો. એક દિવસ એની પાસે બેસી મેં બેચાર ડહાપણની વાતો કરી. વર્તન સુધારવા સલાહ આપી. તો એમણે તો ઊભા થઈને મને ધક્કો મારી કહ્યું, 'તું મને સલાહ આપનારી કોણ? ભલ ભલા ઑફિસરોને હું સલાહ આપું છું. મારો પડતો બોલ એ લોકો ઝીલી લે છે. અને તું એક બૈરી... પગની પાની અને મને સલાહ આપવા બેઠી છે? ચાલ, ઊઠ અને જા તારું કામ કર. નહિતર..."

"નહિતર શું કરશો?" હું ઘૂરકી.

કંઈ બોલ્યા વિના હાથમાં રકાબી હતી તે મારા તરફ ફેંકી. મારા કપાળમાં મોટો ઘા પડ્યો. હું લોહીલુહાણ થઈ ગઈ પણ એ ડોકરાએ ઊભા થઈને મારી પાસે આવી આલ્કોહોલનો સ્વોબ મૂકી લોહી ન અટકાવ્યું. જો, આ રહી એની નિશાની." અને કપાળ આગળ ધરી રુબીને એ ઘા બતાવ્યો.

"આ તો ક્રૂરતા કહેવાય. પોલીસને ફરિયાદ કરી હોત તો સેકસ્યુઅલ

ઍબ્યુઝનો ગુનો દાખલ કરી સજા કરી હોત.”

“એમને કોઈની પડી નહોતી. પોલીસવાળા પણ એમનાથી દબાયેલા હતા. સરકારી હોમ મિનિસ્ટ્રીમાં હતા એટલે લાંચિયાખાતાના ઉપરી કહેવાય. જ્વા દે એ બધી વાતો. આ તો મારું હૃદય ભરાઈ આવ્યું હતું તે આજ કોણ જાણે કેમ તારી પાસે ઠલવાઈ ગયું.”

“સારું થયું કે તમે અહીં આવી ગયાં. રોજની કકળાટમાંથી તો છૂટ્યાં.”

“અહીં આવે પાંચ વર્ષ થયાં. અહીં આવી ત્યારે એમ લાગતું કે એમના કકળાટમાંથી છૂટી. પણ આખરે એક પતિની હિંદુ પત્ની છું. કયારેક એમની દયા આવે છે. એકલા એકલા શું કરતા હશે. કોની સાથે ઝઘડતા હશે. એમનો અહમ કયાં પોષતા હશે? એમની ખાવાપીવાની નિયમિતતા જળવાતી હશે? સાજામાંદા પડતા હશે ત્યારે કોણ ચાકરી કરતું હશે? રાત્રે પથારીમાં આળોટતા હશે ત્યારે પડખાં ફેરવી પોતાની જાતને ગાળો ભાંડતા હશે, વગેરે વગેરે વિચારો આવતાં એમના પ્રત્યે દયા પ્રગટે છે!”

“તો પછી એમની પાસે દોડી કેમ જતાં નથી?”

“દિલ હલકું કરવા બેઠી છું તો આજ દિલ ખોલીને કહી દઈશ. તારાથી કંઈ નહિ છુપાવું. એ વાત પણ કહી દઉં. સરકારી ઑફિસર એટલે ઑફિસમાં નવરો ધૂપ.. થોડા કાગળોમાં સહી કરવાની હોય કે એક બે ડ્રાફ્ટ લખવાના હોય એટલે કામનો થાક લાગે નહિ. સાંજે ઘેર આવીને પણ સાહ્યબી. રાત પડે એટલે બૈરી પર શૂરો. બેચાર મીઠા શબ્દો બોલી પાસે ખેંચે. હું થાકેલી હોઉં તો પણ એમના અબળખા પૂરા કરું. એક દિવસ મને બહુ તાવ આવેલો. માથું ફાટી જાય. મારા પગ તૂટે. મારાથી રહેવાય નહિ. મેં એમને મારા પગે દીવેલ ઘસવા અને માથામાં બામ ઘસવા આજીજી કરી. એ તો ઉકળીને ગાળો ભાંડવા લાગ્યા. ‘તારા બાપનો નોકર છું?’ કહી ટીવી અને વીસીઆર ચાલુ કરી એક બ્લ્યુ મુવી મૂક્યું. મુવી જોતા જોતા મારી છાતી પર હાથ ફેરવ્યા કરે. મેં ભાન ગુમાવ્યું અને એમને ધક્કો મારી પલંગમાંથી નીચે ફેંકી દીધા. એમણે ગુસ્સે થઈ મારા બે હાથ અને બે પગ બાંધી દીધા અને ખુરસીમાં બેસી એમનું મૂવી જોતા રહ્યા. મારી આંખ કયારે મીંચાઈ એની મને ખબર ન રહી. સવારે ઊઠી ત્યારે મારા હાથપગ બાંધેલા હતા. મેં મહામહેનતે મારા

હાથપગ છોડ્યા. એ દિવસે નક્કી કર્યું કે આવા ક્રૂર માણસની દયા ખાવાની ન હોય કે એની સાથે એક દિવસ પણ ન રહેવાય."

રુબી સામે જોયું તો એ રડી રહી હતી. "તું રડે છે?"

એકદમ સાવધ થઈ બોલી. "તમારી સહનશીલતાનો વિચાર કરતાં મારું હૈયું ભરાઈ આવ્યું. કેવા ખતરનાક પુરુષો હોય છે. સ્ત્રીની જરાય દયા નહિ ખાવાની. એ જાણે એક રમકડું હોય એમ એ નચાવે એમ નાચવાનું. એવા લોકોને પાઠ ભણાવવો જ જોઇએ. ખેર, માજી. જે થયું તે બહુ ખરાબ થયું. હવે એને ભૂલી જાઓ. આ ઉંમરે દરેક સ્ત્રી પુરુષને એકબીજાના સથવારાની હૂંફની જરૂર હોય છે ત્યારે બે જીવ હજારો માઈલ એક બીજાથી દૂર ઝૂર્યા કરે છે. કુદરતની પણ કેવી વિચિત્રતા! હિતેન, તમને અહીં લાવ્યા?"

"આ ઘટના પછી બીજા મહિને હિતેન આવ્યો. એને આવડું મોટું ઘર સંભાળવા કોઈની જરૂર હતી. એનો વિચાર અમને બંનેને લાવવાનો હતો પણ મેં જીદ કરી કે હું એકલી જ આવીશ. એના બાપે પણ કંઈ દલીલ ન કરી. અહીં આવ્યા પછી મેં એના બાપને એકે પત્ર નથી લખ્યો કે ન એણે મને પત્ર લખ્યો. કોક વાર ફોન પર વાત કરી લઈએ. પણ વાતમાં ન કોઈ ઉષ્મા, ન કોઈ લાગણી કે ન કોઈ વિરહની વેદના. 'કેમ છે? સારું છે. મજામાં છો?' એવા ઔપચારિક સવાલો. પણ ફોન મૂકીને હું ઘણી વાર એકલી એકલી રડી છું. એમની પાસે દોડી જવાનું મન થયું છે. પણ મારો અહમ મને રોકી લે છે."

"તમે એમને બરાબાર તડપાવ્યા લાગે છે. એકબે વાર તમારે ઘેર જવાનું થયેલું. કાકા બોલબોલ કરે છે. વાતોડિયા છે. પણ લાગે છે કે મનથી ભાંગી પડ્યા છે. વદન પર પસ્તાવાના ઓછાયા તરી આવે છે. કયારેક ઢીલા પડી સૂનમૂન બેસી રહે છે. તમારી ખોટ અનુભવતા હશે. ઊંડેઊંડે તમને ઝંખે છે. મને લાગ્યું છે કે એમને તમારા માટે પ્રેમ અને લાગણી છે."

"શા પરથી એવું કહે છે?"

"એમની વાતો પરથી, એમની આંખો પરથી. તમે એમની ચિંતા કરી એમને યાદ કરો છો. શું ખાધું હશે. શું કરતા હશે. એ બધા સવાલો તમારા મનમાં જાગે છે એમ એમના મનમાં પણ જાગતા હશે! એ કદાચ કોઈને કહી નહિ શકતા હોય. આજની તમારી વાતો બતાવે છે કે તમને એમને માટે

લાગણી જન્મી છે. કોઈ માટે લાગણી ઉદ્ભવવી એનું નામ જ પ્રેમ. કોઈના સુખદુઃખનો વિચાર કરવો, કોઈની પરવા કરવી, કોઈની ચિંતા કરવી એનું નામ પ્રેમ. અને એ જ સાચો પ્રેમ છે."

"તું જો મારો સ્વભાવ સહી શકે એમ હોય અને તારે અહીં રહેવું હોય તો તું રહી શકે છે. મને વાંધો નથી."

"મને તો આપની છાયામાં જરૂર ગમે. પણ મને લાગે છે કે હું આપને ભારરૂપ બની તમારી ચિંતામાં વધારો કરીશ. હું મારી રીતે રહું એ જ સારું."

"તું મને ભારરૂપ નહિ થાય. તારી વાતો પરથી લાગે છે કે તું કદાચ મારો સ્વભાવ સુધારવામાં નિમિત્ત બનીશ. મને એક સારી કંપની મળી રહેશે અને મારી એકલતા ટળશે. તું રહી જાય તો સારું."

"એમ કરું બેત્રણ મહિના રહું. બધાને અનુકૂળ પડશે તો પછી વિચારીશું."

"જેવી તારી મરજી.."

"આજ લંચમાં શું ખાઈશું?"

"શાક અને ભાખરી બનાવીશું?"

"સરસ. તમે બેસો હું બનાવી દઉં છું.'

"હું ભાખરી વણવામાં મદદ કરીશ. બધો ભાર તારા પર ન નાખી દેવાય."

બંનેએ રસોડામાં જઈ લંચ બનાવી જમી લીધું.

* *

સોમવારે સવારે હિતેન સાથે રુબી શેર વે ગાર્ડનમા ઑફિસે ગઈ. બે હજાર સ્ક્વેર ફુટની ઑફિસમાં પ્રવેશતાં મેઇન કાઉન્ટર પાછળ રિસેપ્શનિસ્ટ બેસતી. એની પાસેની ઑફિસ હિતેનની હતી. સામે બે ઑફિસ એડિટરની, વિશાળ ખુલ્લી જગામાં ચારેક ટેબલ ખુરસી અન્ય કાર્યકરો માટે હતાં

હિતેને બધા કાર્યકરોને એકઠા કરી રુબીનો પરિચય કરાવ્યો. સૌને એને સહકાર આપવા વિનંતી કરી કહ્યું, "આવતો અંક રાબેતા મુજબ પ્રગટ થશે. પણ એક ટીમ સ્પિરિટથી સરસ સ્પેશિયલ ઇસ્યુ પંદર ઑગસ્ટે બહાર પાડવાનો છે. એની તૈયારી આજથી કરવાની છે. રુબીને અહીંની ટેકનોલોજીનો ખાસ અનુભવ નથી. પણ ગુજરાતી અને અંગ્રેજી ભાષા પર સારો કાબુ છે. એટલે એના માર્ગદર્શન નીચે કામ થશે. એનાં સૂચનોને સમર્થન

આપવા મારી ભલામણ છે. મારી પાસેની રૂમમાં એ બેસશે પણ જરૂર પડે સૌ સાથે બેસી ચર્ચા કરતી રહેશે. કોઇ પણ બાબતમાં એનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે. કોઈ પણ સવાલ મનમાં ગૂંચવાય તો મારી ઑફિસમાં એઝ યુઝવલ આવી શકો છો. રુબી, તમારે કંઈ કહેવું છે?"

"નમસ્તે. હું આ દેશ માટે એક નવો નિશાળિયો છું. હિતેને મારા વિષે ઘણું બધું કહ્યું છે. ખબર નહિ, હું એને લાયક છું કે નહિ. પણ આપ સૌનાં પ્રેમ અને સહકારથી આપણે સંયુકત રીતે એક સરસ અંક બહાર પાડી શકીશું. આપ સૌની પાસેથી મારે ઘણું શીખવાનું છે એટલે હું આપ સૌ પાસેથી નમ્રભાવે શીખવા પ્રયત્ન કરીશ. થેંક્સ ઑલ."

સૌને રુબીની નમ્રતા ગમી. હિતેન રુબીને એની કેબિનમાં લઈ ગયો.

કેબિનમાં એલ શેપનું મોટું ઑફિસ ટેબલ હતું. ટેબલ પર એક ફોન હતો. લેટર પેડ હતા. થોડા બ્લેન્ક પેડ હતાં. સાઇડ ટેબલ પર એક લાર્જ સ્ક્રીનવાળું કૉમ્પ્યુટર હતું. લેધરની રૉકિંગ હાઈ ચેર હતી. ટેબલ સામે બે ખુરસીઓ હતી. અકે ખૂણામાં એક સૉફા ચેર હતી. સામેની દીવાલ પર એક ઘડિયાળ હતું. એક બાજુ કોઈ પ્રિન્ટિંગ કંપનીનું મોટું કેલેન્ડર હતું.

"આ તારી ઑફિસ. કંઈ ખૂટતું હોય કે કંઈ ફેરફાર કરવો હોય તો છૂટ છે. વૉટર કૂલર, નાનું ફ્રિજ અને કૉફી મેકર બહાર છે. કોલ્ડ ડ્રિંક્સ કે આઇસક્રીમ એમાં છે. ગુડ લક," કહી હિતેન એની ઑફિસમાં ગયો.

રુબી લેધર ચેર પર બેઠી. પર્સમાંથી કાળકામાતાનો ફોટો કાઢી ટેબલના ગ્લાસ નીચે મૂક્યો. બે હાથ જોડી કાળકા માતાને વંદન કરી મનોમન બોલી, "હે મહાકાળીમા તેં મને ક્યાંથી ક્યાં મોકલી દીધી! આજે જે કંઈ છું તે તારી કૃપાનું ફળ છે. હું તારી ભકત છું. તારા ભકતની રક્ષા કરજે. મને મારા કામમાં અને મારા ધ્યેયમાં હંમેશ સફળતા અપાવજે. આજેએજમારી માગણી છે. તારી સેવિકા છું અને સદા તારી સેવિકા બની રહીશ. જય મહાકાળી મા."

રુબી ટેબલ પર પડેલા "કેન ગુર્જરી'ના જૂના અંકોના પાનાં ફેરવવા લાગી. છાપકામ તો સારું હતું પણ ભાષાની અને વ્યાકરણની ભૂલો ઉપરાંત પ્રૂફ રીડિંગ પર જરાકે ધ્યાન નહોતું અપાતું.

એક પેડ પર એક પછી એક કેટલાક પોઇન્ટ્સ લખવા લાગી.

કૉમ્પ્યુટર ચાલુ કરી પેજમેકર પ્રોગ્રામ ખોલ્યો. હિતેને ફોનેટિક ફૉન્ટ વિષે સમજાવ્યું હતું. પેડ પર લખેલા પોઇન્ટ્સ કૉમ્પ્યુટર પર ટાઇપ કરવા લાગી. એને લાગ્યું કે પ્રેક્ટિસની જરૂર હતી. સાંજે ઘેર પ્રેક્ટિસ કરવી કે મોડા સુધી ઑફિસમાં રોકાઇ પ્રેક્ટિસ કરવા વિચાર્યું. હિતેન કહે તેમ કરવાનું નક્કી કર્યું.

એક બે વાર બહાર બધા કાર્યકરોને મળી આવી. બધાનાં નામ પૂછી આત્મીયતા કેળવી. રિસેપ્શનિસ્ટ કાજોલ ભાટિયા હતી. બીજા બે ભાઈઓ પથિક મરચન્ટ અને સંજય દેસાઈ હતા. સબ એડિટર મનીષા શાહ હતી.

સૌ એકબીજાને એમના નામથી બોલાવતાં. બંને ભાઈઓ મિલનસાર પ્રકૃતિના હતા. મનીષા જરા સીરિયસ લાગી. એના ડ્રેસ અને એના મેક અપ પરથી છાપ પડતી હતી કે કોઇ સારા કુટુંબની હશે.

એની પાસે જઇ રુબી બોલી, "તમારી પાસેથી મારે આ બિઝનેસ, આ દેશ અને આ શહેર વિષે ઘણું શીખવાનું છે. હોપ તમે મારાં ટીચર બનશો."

મનીષા હસીને બોલી, "તમે મારાં બૉસ છો. હું તમને શું શીખવી શકું?"

"પણ અનુભવે તો તમે મારાં બૉસ છો. મેં સાંભળેલું કે આ દેશમાં કોઈ નાનું નથી કોઈ મોટું નથી, કોઈ બૉસ નથી, કોઇ નોકર નથી."

"એ બધું તો કહેવા પૂરતું. વ્યવહારમાં તો બૉસના હુકમને આધીન રહેવું પડે છે. વેલ, એની ટાઇમ એની હેલ્પ, યુ કેન ડિપેન્ડ ઑન મી."

"કાલે સવારે આપણે સાથે બેસી સ્પેશિયલ ઇસ્યુનું પ્લાનિંગ કરીશું."

"ફાઇન વિથ મી." કહી એ એક પેડ પર પોઇન્ટ્સ લખવા લાગી.

રુબી ઊભી થઈને એની કેબિનમાં ગઇ. એણે એક વાત જોઈ કે આખા દિવસમાં એક વાર પણ હિતેન એની ઑફિસમાં ન આવ્યો. 'કદાચ કામમાં બિઝી હશે." એમ વિચારી બીજા દિવસની મીટિંગની તૈયારી કરવા લાગી.

પાંચ વાગ્યે બારણે ટકોરા પડ્યા. કાચમાંથી જોયું તો હિતેન હતો.

"પાંચ વાગ્યા છે. નીકળીશું?'

"જેવી તમારી મરજી." કહેતાં કૉમ્પ્યુટર બંધ કરી લાઈટ ઓફ કરી. બધા જ કાર્યકરો ચાલ્યા ગયા હતા. હિતેને ઑફિસ બંધ કરી. પાર્કિંગ લોટમાં જઇ કારમાં બેઠાં. કાર ચાલુ કરી હિતેને પૂછયું, "હાઉ વૉઝ યોર ફર્સ્ટ ડે?"

"ફાઇન. આઇ થિંક આઇ વિલ લવ માય વર્ક."

"કાર્યકરો સાથે ફાવે એમ છે ?"

"આપ ભલા તો જગ ભલા."

"મનીષા સીરિયસ છે. પણ સારા સ્વભાવની છે. જલદી મગજ ગુમાવી બેસે છે. પણ થોડીવાર પછી મનમાં કંઈ નહિ. જસ્ટ બી કેરફુલ વિથ હર."

"મને કંઇ વાંધો નહિ આવે. કાજોલ માઇલ્ડ લાગે છે."

"એ એકલીજ મોસ્ટ સીનિયર છે. ચાર વર્ષથી મારી સાથે કામ કરે છે. સદા હસતી રહે છે. બોલવામાં મીઠડી છે. હું ઘણી વાર એને સ્વીટી કહીને બોલાવું છું. રિસેપ્શનિસ્ટ તરીકે આઇડિયલ છે. પથિક અને સંજય બહુ માથાકૂટ કરતા નથી. એ ભલા એમનું કામ ભલું. કામમાં જરા ઢીલા છે પણ ડેડ લાઈન જાળવવાની હોય તો રોકાઈને કામ પૂરું કરે છે. ગુજરાતી ટાઇપિંગ બહુ સારું નથી. એ તો ચલાવી લેવાય. હવે એ બધી જવાબદારી તમારી."

"એકદમ બધો ભાર મારા પર ન નાખી દેતા. ફાઈનલ ઓ.કે. તમારી પાસે જ કરાવવાનું રાખજો."

"મારે માથે ઘણો ભાર છે."

"એકબે મહિના પછી હું તમને બધી રીતે મુકત કરી દઈશ. હમણાં તમારા માર્ગદર્શનની જરૂર રહેશે. સ્પેશિયલ અંકનો જસ મારે તમને આપવો છે."

"સારું, તું કહીશ એમ કરીશ, બસ."

"ઘેર ફાવે છે?"

"મને તો સરસ ફાવી ગયું છે. માજી સાથે મને વાંધો નહિ આવે. છતાં માજીની ઇચ્છા હોય તે પ્રમાણે કરીશું."

"તારે થોડા દિવસ તો અમારી સાથે જ રહેવાનું છે. એ ના પાડશે તો હું એની સાથે ફોડી લઈશ. તું જરાય ચિંતા ન કરતી."

"તમે વચ્ચે ના પડશો. હું માજીને પૂછીશ."

"અને ના પાડશે તો?"

"તો હું મારી રીતે સમજાવીશ. એમની ઇચ્છા પ્રમાણે કરીએ તો જ એમને રાજી રાખી શકાય."

"ઓ.કે. આઇ લીવ ઇટ ટુ યુ.."

"મને ઑફિસથી ઘેર જવાના બસ રૂટની માહિતી આપી દેજો."

"કેમ? મારી સાથે આવવું જવું નહિ ફાવે?"

"એવું નથી. કામના ભારણ નીચે મોડા સુધી રોકાવું પડે તો તમારે મારે માટે બેસી રહેવું ન પડે અને તમારે ક્યાંય જવાનું હોય તો વહેલા જઈ શકો !"

"મારી ચિંતા ના કર. તને મૂકીને જઈશ તો લેવા આવીશ. હા, પણ થોડા દિવસમાં ડ્રાઈવિંગ શીખી જાય તો સારું. આ દેશમાં બહુ જરૂરી છે."

"કોઈ ડ્રાઈવિંગ સ્કુલ છે?"

"ઘણી બધી છે. હું નક્કી કરીશ."

હિતેને કાર પિઝા હટ પાસે ઊભી રાખી. પિઝા હટમાંથી એક લાર્જ વેજી પિઝા લીધા. ઘરમાં પ્રવેશી બૂમ પાડી, "મમ્મી આજે સપરમાં પિઝા છે."

"કંઈ બનાવ્યું નથી. તારી રાહ જોતી'તી. સારું કર્યું રુબીને આરામ રહેશે."

રુબીનો વિચાર મમ્મીએ કર્યો એ જોઈ હિતેનને નવાઈ લાગી. પિઝા ટેબલ પર મૂકી એની રૂમમાં ફ્રેશ થવા ગયો. રુબી પણ ઝડપથી ફ્રેશ થઈને આવી પૂછયું, "મમ્મી તમે પિઝા ખાશો કે તમારે માટે કંઈ બનાવી દઉ? "

"કંઇ જરૂર નથી. બધા સાથે બે પીસ ખાઈશ."

હિતેન આવી જતાં રુબીએ ત્રણ પ્લેટ અને નાઈફ ફૉર્ક મૂકયાં. સરોજે કોકની બૉટલ અને ત્રણ ગ્લાસ મૂક્યા.

"પિઝા માટે નાઇફ ફોર્કની જરૂર નથી. ડાયરેકટ ખાવામાં મજા હોય છે. કેટલાક લોકો નાઈફ અને ફૉર્ક વાપરે છે."

હિતેન એક હાથમાં પીસ લઈને ખાવા લાગ્યો. રુબી એને અનુસરી.

"સ્વાદિષ્ટ છે..."

"જેજેઇનગ્રેડિયન્ટ નખાવો એના પર આધાર. મમ્મી ઘેર સરસ બનાવે છે. એની પાસેથી શીખી લેજે."

"એમાં શું શીખવાનું છે? બધું જ બૉક્સ પર લખેલું હોય છે."

"એ સારું છે. અહીં બધી રેસિપી બોકસ પર લખેલી હોય છે. એને અનુસરો તો હોંશિયાર થઈ જવાય. જો કે ટીચર હોય તો વધુ અનુકૂળતા રહે. માજી મારા ટીચર છે. શીખવશો ને માજી?" રુબીએ પૂછયું.

સરોજ એની સામે જોઈ રહી.

* * *

# સોળ

રુબી સવારે વહેલી ઊઠી નાહી ધોઈ બધાનો નાસ્તો તૈયાર કરી વાસણો ડિશવૉશરમાં મૂકી હિતેન સાથે ઑફિસે જતી. સાંજે આવી સપર તૈયાર કરતી. બધાં જમી લે એટલે વાસણો ડિશવૉશરમાં મૂકી દેતી. ડિશવૉશર ચાલુ કરી આખા દિવસના વાસણો ધોઈ નાખી, યથાવત મૂકી દેતી.

"રુબી, બધું કામ તારે કરવાની જરૂર નથી. રસોઈ અને વાસણોનું કામ મારા પર છોડી દે. ઑફિસમાં તારે ઘણું કામ રહેતું હશે. થાકી જઈશ."

"ઑફિસનું કામ તો બેઠાં બેઠાં કરવાનું હોય છે. મગજનું કામ છે એમાં શું થાકી જવાનું?'

"મગજનું કામ કરે એટલે થાક ન લાગે એવું કોણે કહ્યું?"

"માજી, હું જુવાન છું. મારો વિચાર તમારે કરવાનો હોય નહિ. મારે તમારો વિચાર કરવાનો છે. આખી જિંદગી તમે ઢસરડા તાણ્યા છે. આ ઉંમર તમારે આરામ કરવાની છે. હું છું ત્યાં સુધી તમારે કશું કામ કરવાનું નથી. શનિ રવિ વેક્યુમ અને કપડાં ધોઈ નાખીશ. તમે તમારે ભક્તિમાં મન પરોવો."

સરોજ રુબીની વાતોથી પીગળી જતી. એને ઊંડે ઊંડે રુબી માટે લાગણી જન્મતી રહી. જીવનમાં એનો વિચાર કરનાર પહેલ વહેલી છોકરી મળી એનો ગર્વ અનુભવવા લાગી. દશ દિવસ થયા પણ કદી ઊંચે સાદે એક શબ્દ બોલી નહોતી. એણે અનેકવાર આકરા શબ્દોમાં એનું અપમાન કર્યું હતું. બધું જ ઘોળીને પી જતી હતી. એને સાચા અર્થમાં સમજવા મથી રહી. એનામાં એક પણ દુર્ગુણ ન જોઈ શકી. વળી હિતેન આગળ એની પ્રશંસા કરતી હતી.

હિતેનને પણ આનું રહસ્ય ન સમજાતું. ઘરમાં બદલાઈ રહેલા વાતાવરણથી એ ખુશ હતો. એને પહેલાંના દિવસો બરાબર યાદ હતા. મમ્મી રોજ બહુ માથાકૂટ કરતી, "રાત્રે મોડા સુધી રોજ કયાં પડ્યો રહે છે?"

"મોડો હું આવું છું. ઉજાગરા હું કરું છું. તને કંઈ તકલીફ આપું છું?"

"પણ રોજ ઉજાગરા કરે તો લાંબે ગાળે શરીર પર એની અસર થાય એનો તો વિચાર કર!"

"મમ્મી તને મારા ડેડી સાથે બનતું નહોતું એટલે તારા સુખ માટે હું તને અહીં લાવ્યો છું. મારી સાથે કચકચ કરવાનું છોડી દે નહિતર તને ઈંડિયા ભેગી કરી દઈશ.." ઊંચા સાદે હિતેન કહેતો.

ઇન્ડિયાનું નામ આવતાં સરોજ ચૂપ થઈ જતી અને કંઈ માથાકૂટ ન કરતી. ખાવાપીવાની પણ શરૂમાં કચકચ રહેતી.

"રોજ બહારનું ખાય છે તે સારું નહિ. લાંબે ગાળે નુકસાનકર્તા જ છે."

"તો શું હું રોજ બપોરે વીશ કિલોમીટર ઘેર આવું?"

"તારી કંપની છે, તું બૉસ છે. કેમ ન આવી શકે?"

"પેટ્રોલનો વિચાર કરે છે?"

"દીકરા, પેટ માટે મજૂરી કરીએ છીએ. પેટ માટે દોડાદોડી કરીએ છીએ. જમવા માટે ખર્ચનો વિચાર ન કરાય. રેસ્ટૉરાંમાં ખાવાનું મફત મળે છે?"

"તને એટલી શાંતિ છે ને!"

"તું મારો વિચાર ક્યારે કેરે છે તે આજ આવી વાત કરે છે?"

"તારો વિચાર હું નહિ કરું તો કોણ કરશે?"

હિતેનના આ શબ્દો એને સ્પર્શી ગયા. દીકરો એનો વિચાર કરે છે એ જાણી એક પ્રકારનો આનંદ અનુભવ્યો. પણ સ્વભાવ પ્રમાણે આડું જ બોલી, "મારો વિચાર કરતો હોત તો ક્યારનોય ઘરમાં કામવાળી કે વહુ લાવ્યો હોત! બોલ, કોણ લાવે છે પહેલાં કામવાળી કે વહુ?"

"વહુ અને કામવાળી બે જુદાં લાવવાનાં છે?"

"કેમ એવું પૂછે છે?"

"વહુ આવશે તો એ જ કામવાળી નહિ હોય?"

"વહુને તો તું હથેળીમાં રાખીશ. એની પાસે તું કંઈ કામ કરાવતો હશે?"

હિતેનને આ અંગે મા સાથે કોઈ ચર્ચા કરવી યોગ્ય ન લાગતું. એ વાત ઉડાવી દઈ કહેતો, "હજુ કયાં મારી ઉમર વીતી ગઈ છે? મારી ઉમરના મારા બધા મિત્રો હજુ કુંવારા છે."

"આમને આમ લગન ઠેલે રાખીશ તો કોઈ કાણી કુબડીને પસંદ કરવી પડશે. સારી અને દેખાવડી છોકરીઓ બધી પરણી ગઈ હશે."

"આ તારું ઇન્ડિયા નથી કે સોળ સત્તર વર્ષે છોકરીને પરણાવી દે. ઇન્ડિયામાં માબાપને છોકરી સાપનો ભારો લાગે છે એટલે જેમ બને એમ જલદી પરણાવી દેવા અધીરાં હોય છે. પછી મનફાવે ત્યાં નાખે છે. લાકડે માંકડું વળગાડી દે છે. બિચારી છોકરીને તો કોઈ પૂછતું નથી કે છોકરો એને ગમે છે કે નથી ગમતો."

"આજકાલના જુવાનિયાઓ માબાપ સામે બેફામ બોલતા થઈ ગયા છે. માબાપની આમન્યા જેવું તો કંઈ શીખ્યા નથી."

"તમે ભણાવ્યા એનું આ ફળ છે. તમે લોકોએ માબાપે પરણાવ્યા ત્યાં પરણી જઈને જિંદગીનાં મહામૂલાં વર્ષો વેડફી નાખ્યાં. અમે જિંદગીનું મહત્ત્વ સમજીએ છીએ એટલે કંઈ પણ પગલું ભરતાં પહેલાં બહુ વિચારીએ છીએ."

"બહુ વિચારો છો એટલે તો છેવટે છુટાછેડા લેવા દોડો છો."

"તારી જ વાત કર. તેં કેમ છુટાછેડા લીધા?"

"તને શરમ નથી આવતી એક માને એવું કહેતાં?"

"શું ખોટું કહ્યું? તું મારા ડેડીથી અલગ નથી રહેતી? આને સેપરેશન કે છુટાછેડા નહિ તો બીજું શું કહેવાય?"

"એ તો રોજ ચણભણ થતી હતી અને..."

"અને શું?"

"મને કમને હું તારા બાપ સાથે પડી રહેત. પણ તારો વિચાર આવતાં મેં આ પગલું ભર્યું. તારી ચિંતા કરીને. 'મારો દીકરો એકલો શું ખાતો હશે? એકલો શું કરતો હશે? એનાં કપડાં કોણ ધોતું હશે? સાજો માંદો હોય તો એની કાળજી કોણ લેતું હશે? આ બધા વિચારે મેં ઘર છોડ્યું. એને તું છુટાછેડા કહે છે? જરાક તો માની મમતાનો વિચાર કર."

એ દિવસ સરોજ એની રૂમમાં જઈને ખૂબ રડી પડી હતી. એ પછી દીકરા સાથે કોઈ ચર્ચા કે માથાકૂટ કરવાનું છોડી દીધું. બસ ચૂપચાપ ઘરનાં બધાં કામ કરતી રહેતી. હિતેન પણ મમ્મી સાથે ઝાઝી રકઝક ન કરતો.

બેત્રણ મહિને કોઈને ઘરમાં લાવતો ત્યારે સરોજ એની વેઠ કરતાં

બેફામ બબડી મહેમાનને ભગાડી દેતી. હિતેન પર એની કોઈ અસર ન થતી.

આ વખતે રુબીને દસ દિવસ થઈ ગયા પણ એને ઘર બહાર કાઢી મૂકવા એક હરફે નહોતી ઉચ્ચારતી એથી હિતેનને નવાઈ લાગી.

રવિવારે રુબી બેઝમેન્ટમાં કપડાં ધોવા ગઈ હતી. એણે મમ્મી પાસે જઈને કહ્યું, "મમ્મી, ચિંતા ના કરતી. હું રુબી માટે એપાર્ટમેન્ટ શોધી રહ્યો છું. એકાદ અઠવાડિયામાં મળી જશે."

"કેમ? એને અહીં નથી ગમતું?"

"એના ગમવા ન ગમવાનો સવાલ નથી. આવડા મોટા ઘરમાં સાહ્યબીથી રહેવાનું કોને ન ગમે? આ તો તારો વિચાર કરું છું. તારું મન ઊંચું રહે અને મનમાં ને મનમાં મારા પર ખિજાયેલી રહે એની મને બીક છે."

"તેં એને પૂછ્યું છે?"

"ના. પહેલાં તને પૂછવું પડે. હું તો મોટે ભાગે ઘર બહાર રહું છું. ઘરમાં ચોવીસે કલાક તારે રહેવાનું છે."

"અત્યારે તો આ છોકરી સારી લાગે છે. મને ભારરૂપ નથી ત્યાં સુધી મને વાંધો નથી. એ અહીં રહેવા માગતી હોય તો મને વાંધો નથી."

હિતેન મનોમન હસ્યો. રુબીએ એનું મન બરાબર જીતી લીધું હતું. ખરેખર ચાલાક છોકરી છે. જેમા ઘરમાં કોઈને પણ ચાર દિવસ ન ટકવા દે એ એક અનજાન છોકરીને કાયમ સાથે રાખવા તૈયાર થઈ હતી.

એકાએક એને વિચાર તંદ્રામાંથી જગાડ્યો, "તારી શી ઇચ્છા છે?"

"આપણી સાથે રહે. કંઈ બોલાચાલી થાય અને વાસણો ખખડે તો સારું નહિ. ઘરમાં મૂડ બગડે તો ઑફિસમાં પણ મોઢું ચડાવીને ફરે.. એ વિચારે મને કંઈ સૂઝતું નથી."

"મને નથી લાગતું કે ઘેર કદી અમારાં મન ઊંચાં થાય. છોકરી નરમ સ્વભાવની અને દિલની સાફ છે. જરાય કામચોર નથી. દસ દિવસમાં મારો ઘણો ભાર ઉપાડી લીધો છે અને સગી મા જેમ મારી કાળજી લે છે."

"તો પછી બેચાર મહિના રાખી જોઈએ. તું જ એને અહીં રોકાઈ જવા કહેજે. હું કહું તે સારું નહિ."

"સારું, એ બધું મારા પર છોડી દેજે."

હિતેન મમરો મૂકી ગોલ્ફ રમવા ચાલ્યો ગયો.

સરોજ મનોમન ખુશ થઈ. હિતેને રુબીને ઘરમાં રાખવાનો આખરી નિર્ણય એના પર છોડ્યો હતો એનો એને આનંદ થયો.

ઝડપથી કિચનમાં ગઈ. એણે પરોઠાં બનાવી દીધાં.

રુબી કપડાં ધોઈ ઉપર આવતાં સરોજને કિચનમાં જોઈ એ કિચનમાં દોડી ગઈ અને પૂછયું, "આ શું બનાવ્યું?"

"તું નીચે કપડાં ધોતી હતી. હું નવરી હતી તોા આપણા બે માટે પરોઠાં બનાવી લીધાં એમાં શું ખોટું કર્યું?

"કેમ? હું ઉપર આવીને ન બનાવત? હજુ તો અગિયાર વાગ્યા છે. બાર વાગ્યા પહેલાં ક્યાં જમીએ છીએ?"

"તું ઘરનું બધું કામ કરે છે એટલે મારાથી ઘરનો બધો ભાર તારા પર ન નાખી દેવાય. મારે થોડી મદદ કરવી જોઈએ."

"હું ચાલી જઈશ પછી તમારે રોજ કામ કરવાનાં જ છે!"

"હું તને જવા દઉ તો તું જતી રહે ને!"

"એટલે હું કંઈ સમજી નહિ."

"તારે અહીં જ અમારી સાથે રહેવાનું છે. કોઈ એપાર્ટમેન્ટમાં જવાની જરૂર નથી.મેં હિતેનને વાત કરી દીધી છે. હવે તારે એને કંઈ પૂછવાની જરૂર નથી. ઘર મારું છે. ઘરનો વહીવટ હું કરું છું. એની ઑફિસમાં હું કટકટ નથી કરતી એમ એણે ઘરમાં કટકટ નહિ કરવાની.. મેં એને કહી દીધું."

"હિતેને કંઈ દલીલ કર્યા વિના સંમતિ આપી દીધી?"

"શું દલીલ કરે? એ તો ગોલ્ફ રમવા ચાલ્યો ગયો."

"માજી, ખરું કહું તો તમારી પ્રેમાળ છાયા છોડી જવાનો મારો પણ વિચાર નથી. પણ હું કેવી રીતે તમને કહી શકું?"

"કેમ ન કહી શકે? મનમાં કંઈ સવાલ જાગે તો તરત જ મને પૂછવાનું."

"તમે ગુસ્સો કરી મને તતડાવી મૂકો એની બ્હીક લાગે છે."

"હું ધીરેધીરે મારો સ્વભાવ બદલીશ. તું મને પ્રેમ આપીશ તો હું તને પ્રેમ આપીશ એવી મેં મનમાં ગાંઠ વાળી છે."

"માજી, મને તમારા માટે અનહદ પ્રેમ છે. તમે દિલનાં બહુ ભોળાં છો એ

હું પામી ગઈ છું.”

“સારું ચાલ, બહુ મસકા ન માર. લંચ લઈએ. પછી વાતો કરીશું.”

રુબી અને સરોજે લંચ લીધા પછી રુબીએ વાસણો ડિશવૉશરમાં મૂકી કિચનનું પ્લેટફૉર્મ સાફ કરી નાખ્યું.

“તારે આરામ કરવો છ?”

“ના. તમારે આરામ કરવો હોય તો તમારી રૂમમાં જઈ આરામ કરો.”

“તું આવી ત્યારથી રોજ આરામ કરું છું. આજ તું ઘેર છે તો મારી રૂમમાં બેસી વાતો કરીએ. ઘણે વર્ષે કોઈ સ્વજન મળી ગયું હોય એવું લાગે છે.”

રુબી સરોજની રૂમમાં ગઈ. એની રૂમ જેવી મોડર્ન સરોજની રૂમ હતી.

એની રૂમ કરતાં એનો બેડરૂમ મોટો હતો. ઇટાલિયન ડબલ બેડ, પાછળ હેડબોર્ડ, બાજુમાં ટેબલ પર લેમ્પ અને ફોન, સામે ડ્રેસર અને ઉપર મિરર, એક બાજુ લવસીટ, એની બાજુમાં કપડાંની અલમારી. એક કલોઝેટ, એક ખૂણામાં ભગવાનનું મંદિર, એક બાજુ મોટો બાથરૂમ. બાથરૂમમાં સિન્ક, ટૉઈલેટ, ઝકુજી, શાવર, મેગેઝિન રેક.

“આ મારી નાનકડી દુનિયા છે. ઘરકામ પછી મારો મોટા ભાગનો સમય અહીં જ જાય છે,” કહેતાં એની બેડમાં બેઠી.

“લાવો તમારા પગ દબાવી દઉં,” બાજુમાં બેસતાં રુબીએ કહ્યું.

“ના. ના. આરામથી બેસ.”

રુબી સમજી ગઈ કે સરોજના મનમાં કંઈ ગડમથલ ચાલી રહી હતી.

“રુબી, તને હિતેન સાથે કામ કરવું ફાવે છે?”

“હજુ તો એક વીકમાં શું ખબર પડે? પણ મને એમની સાથે કામ કરવું ફાવશે એવી શ્રધ્ધા છે. યંગ છે, પણ બહુ સ્માર્ટ છે.”

“એને સત્તાવીસ થયાં.”

“એ કંઈ બહુ મોટી ઉંમર ન કહેવાય! ભર જુવાની કહેવાય.”

“પણ મારી તો ઉંમર થઈ ને?”

“તમને કેટલાં થયાં?”

“બાસઠ થયાં. તને કેટલાં થયાં?”

“એકવીસ.”

"તું આસુ અને એની માને કેટલાં વર્ષથી ઓળખે છે?"

"આસુને ત્રણ વર્ષથી. એની મમ્મીને બે મહિનાથી."

"આસુ સારો છોકરો છે, ખરું ને?"

"બહુ હોંશિયાર અને વિનમ્ર છે. પરગજુ અને પ્રેમાળ છે."

"મારો હિતેન પણ બહુ હોંશિયાર અને પૂરો પહોંચેલો છે. યુનિવર્સિટીમાં એનું નામ હતું. ચારપાંચ વર્ષમાં લાખો કમાયો. આવડું મોટું ઘર પણ રોકડેથી ખરીદ્યું. દર વર્ષે એકબે વાર ઇન્ડિયા જાય છે. ત્યાં ખૂબ દાન કરે છે. ખબર નહિ પેપર સિવાય બીજો એનો શો ધંધો છે પણ લાખો કમાય છે. દિલનો પાછો ભોળો અને ઉદાર છે. મારે માટે બહુ લાગણી અને પ્રેમ છે. કયારેક તડફડ બોલી નાખે પણ દિલમાં કંઈ નહિ. એની મા છું ને? મારી પર ગુસ્સે ન થાય તો કોની પર થાય?"

"કેટલાક લોકો અંતરની વાત કહી શકતા નથી કે હૈયાના ભાવો દર્શાવી શકતા નથી."

"મારો હિતેન એવો જ છે. તારે એને સમજવાની જરૂર છે. મને લાગે છે કે તારે માટે એને માન પ્રેમ છે. એ તારી વાત જરૂર સાંભળશેઅને માનશે."

"શું પૂછવું છે?"

"એ મૂડમાં હોય ત્યારે લગ્ન વિષે શો વિચાર છે એ જાણી લેજે."

"તમારા ધ્યાનમાં એમને માટે કોઈ છોકરી છે?"

"અત્યાર સુધી એનાં ઘણાં માગાં આવી ગયાં પણ એ મોઢેથી કંઈ બોલતો જ નથી. હમણાં નહિ એમ કહી વાત ટાળે છે. મને લાગે છે કે બે યુવાન છોકરા છોકરી એક બીજા પાસે હૈયું ખોલતાં હોય છે. એટલે તને મારા હૈયાની આ વાત કરું છું. જોજે, મારું નામ ન દેતી."

રુબીને પ્રતીતિ થઈ રહી હતી કે સરોજ હિતેનથી બહુ ડરતાં હતાં. વાતવાતમાં એ ડર છતો થતો.

"એમને કોઇ ગર્લફ્રેન્ડ નથી?"

'મેં કોઈ જોઈ નથી. કદી કોઇ છોકરીને ઘેર નથી લાવ્યો. હા રાતે ઘણી વાર મોડો ઘેર આવે છે. કયાં જાય છે એની મને ખબર નથી. હું કદી પૂછતી નથી. હું તો મારો ટાઇમ થાય ત્યારે સૂઈ જાઉ છું. એની પાસે એની ચાવી છે.

આવીને એની રૂમમાં જઈ સૂઈ જાય છે. પાસે બેસી બે ઘડી મમ્મી સાથે વાત કરવાનો એની પાસે સમય નથી.”

“તમે એકલતા નથી અનુભવતાં?”

“મંગળવાર અને શુક્રવારે બપોરે બાજુમાં એક મોટો મૉલ છે ત્યાં જાઉં છું. ત્યાં બધી જ જાતના સ્ટોર છે. ફરતી આવું અને ખરીદી કરતી આવું. હિતેને જ મને કાર શીખવી છે. આટલામાં કાર ફેરવું છું. ડાઉનટાઉન નથી જતી. શનિ રવિ હું કહું તો મંદિરે લઈ જાય છે. લેકશોર સીનિયર ક્લબની મેમ્બર છું. એ લોકો બારે માસ કંઈને કંઈ પ્રવૃત્તિઓ રાખતા હોય છે. એ લોકો સાથે આનંદપ્રમોદમાં સમય પસાર થઈ જાય છે. સાતઆઠ ગુજરાતી કપલ છે. સમરમાં પિકનિક પણ ગોઠવે છે. તું પણ કાર શીખી લેજે.”

“હું ડ્રાઈવિંગ ક્લાસ જોઇન કરી ડ્રાઈવિંગ શીખવાની છું.”

“પછી આપણને શનિ રવિ સારી કંપની રહેશે. તારે મૉલમાં જવું છે?”

“તમે થાકી ન ગયાં હો તો એક આંટો મારી આવીએ.હિતેનની ઑફિસ એક મોટા મૉલમાં જ છે. પણ હું ઑફિસ સિવાય ક્યાંય ગઈ નથી. ચાલો જઈએ, તમે સાથે હો તો મને અહીંની રીતરસમનો થોડો અનુભવ થશે.”

“ચાલ તૈયાર થઈ જા.”

બંને તૈયાર થઈ શેરીડોન મૉલમાં ગયાં. સરોજ રુબીને એક પછી એક જુદા જુદા સ્ટોરમાં લઈ ગઈ. સૌથી વિશેષ કપડાંના સ્ટોર્સ હતા. બાળકો, છોકરા, છોકરીઓ, લેડીઝ, જેન્ટસનાં કપડાંમાં ઘણું વૈવિધ્ય હતું. લેડીઝ ફેશનના ઘણા સ્ટોર્સ હતા. બન્ને બધા સ્ટોર્સમાં ચક્કર મારી ગ્રોસરી સ્ટોરમાં ગયાં. સરોજે દરવાજા પાસેથી સ્લોટમાં એક ક્વાર્ટર નાખી એક શૉપિંગ કાર્ટ લીધું. પ્રાઇસ ચોપરના સ્ટોરમાં એક બાજુ શાકભાજી હતાં.

ચારે બાજુ એક નજર નાખી રુબી બોલી, “અહીં તો બધું મળતું લાગે છે. આપણા શાકબજાર જેવું જ છે.”

“અહીં બધું જ મળે પાછું ફ્રેશ અને સારું.”

લીંબુ, ટામેટા, કાકડી, લેટ્યૂસ, રીંગણ, પાપડી, ડુંગળી, બટાકા, દૂધી, ગાજર, જુદીજુદી પ્લાસ્ટિક બેગમાં મૂકી કાર્ટમાં મૂકતાં રહ્યાં. કોકની ચાર મોટી બૉટલ, જ્યૂસના બે કંટેઇનર, એક બ્રેડ, મફિન બૉક્સ, બાસમતી

ચોખાની એક બેગ, ચાર દૂધની બેગો, બે દહીં, કાર્ટમાં મૂકી કાઉન્ટર પાસે આવ્યાં. કાર્ટમાંથી બધું કેરિયર પર મૂક્યું. કેશિયરે વારાફરતી બધું સ્કેન કરી શૉપિંગ બેગમાં મૂક્યું. સરોજે બિલ ચૂકવી બધી બેગો કાર્ટમાં મૂકી. કાર્ટમાંથી બધું કારમાં મૂકી સરોજ કાર્ટ પાછું મૂકી આવી. ક્વાર્ટર પાછો આવ્યો.

"ડિપોઝિટની આ પ્રથા સારી કહેવાય."

"આવું ન રાખે તો લોકો કાર્ટ ગમે ત્યાં મૂકીને ચાલતા થાય. આખો પાર્કિંગ લોટ શૉપિંગ કાર્ટથી ઊભરાઈ જાય."

"ગુડ આઇડિયા."કારમાં બેસતાં રુબી બોલી.

પંદર મિનિટમાં બંને ઘેર આવ્યાં. કારમાંથી ઊતરતાં રુબીએ કહ્યું, "થેંક્સ, માજી. તમે સરસ ડ્રાઇવિંગ કરો છો."

"પ્રેક્ટિસથી પરફેક્ટ થવાય. હેવી ટ્રાફિકથી હજુ ડરું છું."

"લોકો પાછા બેફામ ચલાવતા હોય છે."

"સાચી વાત છે. ચાલો બધું ઘરમાં લઈ જઈએ."

ગ્રોસરી ઘરમાં લાવ્યાં. રુબીની નજર કિચનના ફોન પર પડી.

"કિચનનો ફોન બ્લિન્ક થયા કરે છે, માજી."

"કોઇનો સંદેશો હશે." કહી માજીએ ફોન ઉપાડી પાસવર્ડ એન્ટર કર્યો.

ફોન મૂકી કહ્યું, "હિતેનનો મેસેજ હતો."

"શો મેસેજ હતો?"

"સાંજે ખાવાનું બનાવવાનું નથી. છ વાગ્યે આવી જશે. આપણે તૈયાર રહેવાનું છે. આપણે ઇન્ડિયન રેસ્ટૉરન્ટમાં જમવા જવાનું છે."

"હું રસપૂરીનો પ્રોગ્રામ રાખવા વિચારતી હતી."

"ફરી કોઈ વાર. જા, રૂમમાં જઇ ફ્રેશ થઈ છ વાગ્યે નીચે આવી જજે."

હિતેન સાડા પાંચે આવી ગયો. રૂમમાં જઇ ગોલ્ફ જેકેટ કાઢી પેન્ટ અને શર્ટ બદલી નીચે આવી ગયો. ત્રણે સ્કવેર વન પાસે ઇન્ડિયન રેસ્ટૉરન્ટ હોસ્ટમાં ગયાં. ચારનું ટેબલ પસંદ કરી ત્રણે બેઠાં.

વેઇટરે ટેબલ પાસે આવી પૂછયું, "સર બફે કે મેન્યુ આપું?"

"મેન્યુ આપો."

વેઇટરે ત્રણ મેન્યુ આપી પૂછયું, "એની ડ્રિંક્સ?"

"બે કોક અને એક વૉટર."

વેઇટર જતાં હિતેને કહ્યું, "દરેકને જે પસંદ પડે એ મંગાવીએ."

હિતેન અને રુબીએ મેન્યુમાંથી પરસ્પર ચર્ચા કરી પસંદગીની વાનગીઓ નક્કી કરી. સરોજને પૂછી સરોજમાટે હિતેને નક્કી કર્યું.

વેઇટર આવતાં ઓર્ડર આપી દીધો. રુબી આસપાસ જોવા લાગી.

ચારે બાજુ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતાં અને તાજમહાલ, હિમાલયની તળેટી, મુંબઈનો દરિયો વગેરેનાં સરસ પેઇન્ટિંગ્ઝ હતાં.

"અહીં બેઠાં હોઈએ ત્યારે જાણે દિલ્હી કે અમદાવાદની રેસ્ટૉરાંમાં બેઠાં હોઈએ એવું લાગે છે," રુબીએ કહ્યું.

"અમદાવાદ કે દિલ્હીની રેસ્ટૉરાંમાં આવી ભવ્યતા મેં કદી જોઈ નથી. કલાનું એ લોકોને જ્ઞાન જ નથી. ખાલી બણગા ફૂંકી જાણે છે." કહેતાં હિતેન ખડખડાટ હસ્યો.

"એથી ખાવામાં શો ફેર પડે છે?" સરોજે વાતોમાં ભાગ લીધો.

"મમ્મી બહુ ફેર પડે છે. ખુશનુમા વાતાવરણમાં વધુ ખવાય છે એટલું જ નહિ ખાવાની ઑર મજા આવે છે."

"મમ્મી, હિતેનની વાત સાચી છે. અહીં લોકો માત્ર ખાવા જ નથી આવતા. રિલેક્સ થવા અને ઇવનિંગ એન્જૉય કરવા આવે છે."

વેઇટર બધી વાનગીઓ લઈને આવી ગયો. સૌ જમવામાં લીન બન્યાં.

"વેરી ગુડ ફૂડ." રુબીએ વખાણ કર્યાં.

"બધું છે તો સારું."

"એટલા માટે તો જો કેટલા બધા લોકો લાઈનમાં ઊભાં છે?"

"આજકાલના લોકોને બહારનું ખાવાના બહુ ભાચકા હોય છે. ઘેર રાંધવું ન પડેને!"

"સારું ને ઘરવાળીને રજા મળે!"

"બધા જ ઘરવાળીનો વિચાર કરતા થઈ ગયા છે. હવે તું ઘરવાળી ક્યારે લાવે છે?"

"મમ્મી, એક દિવસ તને એનો જવાબ મળી જશે. ચાલ જમી લે. બોલ, બીજું કંઈ મંગાવું?"

"મને નહિ, મહેમાનને પૂછ."

"હું હવે મહેમાન ન કહેવાઉ."

"મમ્મીને વાંધો ન હોય તો તું અમારા કુટુંબની એક સભ્ય બની શકે."

"એ માટે મારે શું કરવું પડે?"

"કશું જ નહિ. તારી અને મમ્મીની હા."

"મારી તો હા જ છે. મને શો વાંધો હોય? મને લાગે છે કે મને રુબીની કંપની ગમશે."

"તો હું એના માટે એપાર્ટમેન્ટ ન શોધું?" હિતેને પૂછયું.

"તને રુબી ભારે નહિ પડે ને?" સરોજે સામો સવાલ કર્યો.

"મને શું કામ ભારે પડે?"

"પણ મારે વિચાર કરવો પડે!" રુબી વચ્ચે બોલી.

"શો વિચાર કરવો પડે?"

"હું તમારે ત્યાં નોકરી કરું છું. મને પગાર મળે છે. મારે રહેવા જમવાના પૈસા આપવા પડે .. તમે એ લેવાના હો તો જ હું તમારી સાથે રહી શકું."

"તારા પૈસા લેવાતા હશે? ઘરમાં કેટલું બધું કામ કરે છે એનું શું?"

"માજીને મદદ કરવી એ મારી ફરજ છે."

"એમ ફરજ ફરજ કરે છે અને અમને પૈસા લેવાની વાત કરે છે, શરમ નથી આવતી?"

"સારું ચર્ચા મૂકો. એમ કરીએ ત્રણ મહિના તું રહે એ પછી પૈસા વગેરેની વાતો કરીશુ. ત્રણ મહિના તું અમારી ગેસ્ટ."

"એ બધું તું મારા પર છોડી દે. એ બાબતમાં હું આખરી નિર્ણય લઇશ."

"ઓ.કે. હવે એનો અંત. બોલો આઈસક્રીમ સિલેકટ કરો."

"કેશર ફૉર મી." રુબીએ કહ્યું.

"વેનીલા."

"હું પણ કેશર મંગાવીશ."

સરોજ હિતેનની પસંદગી પર મનોમન મલકાઈ. બાજુમાં બેઠેલી રુબીથી એ અજાણ્યું ન રહ્યું. આઈસક્રીમ ખાઈ રહ્યાં એટલે બિલ આવ્યું.

હિતેને ટોટલમાં દશ ડોલર ઉમેરી વિઝામાં ચાર્જ કર્યું. નીકળતાં કાઉન્ટર

પરથી વરિયાળી લીધી.

કારમાં રુબી અને સરોજને ઊતારી કહ્યું, "હું મોડો આવીશ."

સરોજે દરવાજો ખોલતાં કહ્યું, "રુબી, કાલે એક કી કટ કરાવી તને આપીશ. એક કી તારી પાસે રાખજે. વહેલુંમોડું થાય તો કામ આવે."

"તમે રોજ ઘેર જ હોવ છો. પછી મારે ચાવીની શી જરૂર છે?"

"તું અમારી સાથે ત્રણ મહિના રહેવાની છે. જતી રહે તો પાછી આપી દેજે." જરા કરડાકી ભાષામાં કહ્યું.

"કેમ એવું કહો છો?"

"તું રોજ જતા રહેવાની વાત કરે છે એટલે."

"તમારો આટલો બધો પ્રેમભાવ મળે તો હું ક્યાંય જતી નથી રહેવાની."

"તને હિતેન ત્રણ વર્ષ માટે જ લાવ્યો છે?"

"હા, ત્રણ વર્ષથી વધુ પરમિટ નથી આપતા."

"વધુ મળે તો રહેવાની તૈયારી છે?"

"અત્યારે કશું ન કહેવાય. એકબે વર્ષ અહીં રહ્યા પછી નક્કી કરીશ. કહે છે કે અહીંનો શિયાળો કપરો હોય છે. બહુ બરફ પડે છે અને બહુ ઠંડી પડે છે."

"શરૂઆતમાં કપરું લાગે પણ પછી ડોલરની ગરમીનો ગરમાવો રહે છે. તને પણ ગમી જશે. આ ડોસીને ફાવી ગયું છે તો તને કેમ ન ફાવે? મારી પેલી વાત યાદ રાખજે."

"કઈ?"

"તને હવે ખબર પડી ને? હિતેનને લગ્ન અંગે પૂછું છું તો મારી વાત કેવી ઉડાડી દે છે! તેં જોયુંને રેસ્ટૉરાંમાં મને કેવો જવાબ આપ્યો. તું એને લગ્ન વિષે પૂછી એનું મન જાણી લઈશ?"

"એવી તક મળતાં હું પૂછીશ અને તમને એના પ્રત્યાઘાતો જણાવીશ."

"બહુ ડાહી દીકરી છે."

દીકરી શબ્દ સાંભળી માજીની મમતા મળી રહી હતી એનો રુબીને આનંદ થયો. એના મનમાં માજીના સવાલના પડઘા પડતા રહ્યા, "હિતેનના લગ્ન અંગેના વિચારો જાણી શકાશે?"

* * *

# સત્તર

દિવસે દિવસે રુબી હિતેનની નજીક આવી રહી હતી. પણ હિતેનને સાચા અર્થમાં ઓળખી શકતી નહોતી. એ હસી હસીને વાતો કરતો. કલીન જોક્સ કરતો. એને ખુશ રાખતો. એકબે વાર એને કાર શીખવવા પણ ગયો. ઘણી વાર સાથે લંચ લેતાં. પણ કદી કોઈ અંગત સવાલ ન પૂછતો કે ન એની કોઈ અંગત વાત કરતો. યુવાન સ્ત્રીપુરુષ હતાં પણ કોઈ રોમેન્ટિક વાત કરતો નહિ. ક્યારેક શેકહેન્ડ કરતાં પણ કદી બદઈરાદાથી હાથ દબાવી રાખતો નહિ. હસતાં હસતાં ગાલ પર ટપલી મારી નહોતી કે અશ્લીલ જોક કહી નહોતી. શરમાળ હશે? કોઈ જાતનો ડર હશે? કે ખરેખર સજ્જન હશે? આ બધા સવાલો મનમાં ઘોળાઈ રહ્યા હતા ત્યાં માજીનો સવાલ કેવી રીતે પૂછવો?

એક સજ્જનની જેમ એની સાથે ભળતો, આત્મીયતા દાખવતો. પણ કદી એની સામે ખરાબ નજરે જોયું નહોતું કે અજાણતાં પણ કંઈ અડપલું કર્યું નહોતું. એને સમજવો મૂશ્કેલ હતું.

વ્યાવહારિક વાતો અને 'કેન ગુર્જરી'ના સ્પેશિયલ ઇસ્યુની વાતો સિવાય બીજી કોઈ વાત કરતો નહિ. પંદરમી ઑગસ્ટ નજીક આવી રહી હતી. રુબી અંકના કામમાં બહુ બિઝી રહેતી. સ્ટાફ પણ કામમાં અટવાયેલો હતો.

નવા રંગરૂપ સાથે સ્પેશિયલ અંકનું લેઆઉટ તૈયાર થઈ ગયું. પ્રેસમાં મોકલતાં પહેલાં હિતેનને પ્રૂફ કોપી બતાવવા હિતેનની ઑફિસમાં ગઈ.

"જરા નજર નાખો. કંઈ ફેરફાર કરવા જેવું લાગે તો ફેરફાર કરી દઈએ."

"તમે બધાંએ જે કંઈ કર્યું હશે તે બરાબર જ હશે. છતાં તમારી ઇચ્છા છે તો નજર નાખી લઉં. બેસો."

"હું તમારી પાસે ઊભી રહું. બંને સાથે પ્રત્યેક પાનાં જોઇએ."

હિતેને કવર પેજ ઝીણવટથી જોયું. "ટાઇટલ સરસ છે. લેફ્ટ સાઇડ

ગુજરાતનો મેપ મૂકીએ અને કેનેડિયન ફ્લેગને કોઇ ગુજરાતી સેલ્યુટ કરતો હોય એવું કંઈક મૂકીએ તો કેવું લાગે? જસ્ટ અ સજેશન."

"ગુડ આઇડિયા.' રુબીએ સજેશન લખી લીધું.

એક પછી એક બધાં પાનાં પર નજર નાખી બોલ્યો, "વંડરફૂલ. આઇ થિંક આ અંક બહાર પડતાં આપણી પ્રેસ્ટિજ વધી જશે. છાપાની માગ પણ વધી જશે. ક્રેડિટ ગોઝ ટુ યુ. યુ હેવ ગુડ ઇનસાઇટ."

"થેંકસ. મને લાગે છે તમને પસ્તાવો નહિ થાય.."

"શેનો પસ્તાવો?"

"મને અહીં લાવવાનો.."

"અરે પગલી, એવી કલ્પના પણ ના કરતી. ત્રણ વર્ષ માટે તો તું અહીં છે જ. કાયમ માટે કેવી રીતે રાખી લેવી એની ગડમથલ મારા મગજમાં ચાલે છે. એની વાત સમય આવે કરીશું."

ઈન્ટર કૉમ ફોનની ઘંટડી વાગી. "સર, કેન સાલવી મળવા માગે છે."

"સેન્ડ હિમ ઇન."

"હું જાઉ?"

"બેસ, એક નવી ઓળખાણ કરાવું." રુબી સામેની ખુરસીમાં બેઠી.

"હલ્લો, હિતેન! હાઉ આર યુ? લોંગ ટાઇમ નો સી."

"પંદર ઑગસ્ટના સ્પેશિયલ ઇસ્યુની તૈયારીમાં જરા બિઝી હતો. એક નવી ઓળખાણ કરાવું. આ રુબી મારી ન્યુ એડિટર છે."

"નાઇસ ટુ મીટ યુ," કહેતાં શેકહેન્ડ માટે હાથ લંબાવ્યો. રુબીએ હાથ લંબાવ્યો. કેને હાથ દબાવી રાખી કહ્યું, "તારી પસંદગી પર વારી જાઉ છું. વેરી ગુડ સિલેકશન," રુબીનો હાથ દબાવી ઉમેર્યું, "વેલકમ, હિતેન્સ હાર્ટ."

રુબીને એના શબ્દો ન ગમ્યા. કંઈ ગેરસમજ થાય એ પહેલાં હિતેને કહ્યું, "મારા છાપાને અને મારી ઑફિસને મારા મિત્રો મારું હાર્ટ કહે છે."

"યસ. યસ. આ ઑફિસ એનું ઘર, એનું મંદિર છે. એનું ઘર બહુ ઓછા લોકોને બતાવે છે. કદાચ ઘેર કોઈ સરસ કબૂતર હશે. એને કોઈ ઉપાડી જાય એની બીક લાગતી હશે."

રુબીને કેન જરા વિચિત્ર લાગ્યો.

“બે મિત્રો બહુ વખતે મળો છો તો ઘણી વાતો કરવાની હશે. હું જાઉ મારે આ કૉપી ફાઇનલ કરી પ્રેસમાં મોકલવાની છે.”

“બેસો બેસો, તમારી હાજરીથી રંગત જામશે. ઑફિસ ટાઇમમાં ડ્રિંક લેવાની મનાઈ છે. તમારી હાજરી હશે તો ઔર નશો જામશે.”

હિતેનને લાગ્યું કે બહુ બોલશે તો રુબી એનું અપમાન કરી બેસશે. એણે કહ્યું, “હા રુબી જા ચાર વાગ્યા પહેલાં કોરિયર મારફતે આજે જ પ્રેસમાં મોકલી આપજે.”

“નો પ્રોબ્લેમ. બાય, મિ. સાલવી.”

“એમ બાય કહે નહિ ચાલે. હજુ તો હું અહીં બેઠો છું. છ વાગ્યે રેસ્ટૉરાંમાં જમવા જઈશું.”

“આજે મમ્મીએ કોઇ ગેસ્ટને છ વાગે બોલાવ્યા છે. મારે ઘેર જવું પડે એમ છે.”

“ઓ.કે. સમ અધર ડે. મારું ઇન્વિટેશન રેઇન ચેક.”

“થેંક્સ.” કહી રુબી એની કેબિનમાં ચાલી ગઈ. કેન પર એને ગુસ્સો આવી ગયો. નામ અને અટક પરથી લાગતો હતો ગુજરાતી પણ જાણે કેનેડિયન હોય એ રીતે વર્તી રહ્યો હતો. એને ધિક્કારવા લાગી. એની નજર એના દેહ પર હતી એ કળી જતાં એને વાર ન લાગી.

કેવા નફ્ફટ માણસો હોય છે! ન કોઈ ઓળખાણ, ન કોઈ ઝાઝો પરિચય અને કેવી હલકી વાતો કરતા હોય છે! સ્ત્રી જાણે બજારમાંથી ખરીદી રમવાનું એક રમકડું! હિતેનને ફરિયાદ કરવાનો નિર્ણય કરી એણે મન કામમાં પરોવ્યું.

હિતેન સાથે ચર્ચા કર્યા પ્રમાણે ફેરફારો કરી એણે સૌ સહકાર્યકરોને બોલાવ્યા. સૌને કવર પેજ બતાવ્યું. “વેરી નાઇસ.”

“લુકસ પ્રેટી.”

“આ અંક નંબર વન બની રહેશે.” સૌએ અભિપ્રાય રજૂ કર્યા.

“આ ફેરફાર કોનું સજેશન હતું?” મનીષાએ પૂછ્યું.

“કોનું હોઇ શકે? બૉસનું.”

“બૉસમાં સૂઝ સારી છે. આર્ટવર્કના એક્સ્પર્ટ છે ..”

“કલાની નહિ, એમનામાં ઘણી બધી સૂઝ છે. એમને ઓળખે એને જ

એની ખબર પડે!"

રુબી પળમાં સમજી ગઈ કે સંજય કટાક્ષમાં બોલી રહ્યો હતો. એને વિશ્વાસમાં લેવાથી હિતેન વિષે વધુ જાણી શકાશે એવું એને લાગ્યું.

"થેંક યુ ઑલ ફોર યૉર કોમેન્ટ્સ. કાજોલ, આર્ટ વર્ક પેક કરી કોરિયરથી પ્રેસમાં મોકલી આપ. દસને બદલે પંદર હજાર કોપીનો ઓર્ડર આપજે. બધા જ મંદિરો અને ગ્રોસરી સ્ટોરમાં પૂરતી નકલો મૂકવાની છે."

સૌ ગુસપુસ કરતાં પોતપોતાના ટેબલ પર ચાલ્યાં ગયાં. મનીષાને રુબીના કામની ઈર્ષા આવી. એની નોકરી વિષે મનમાં ભય જાગ્યો. બૉસ પાસે રુબીને કેવી રીતે ઊતારી પાડવી એના વિચારો મનમાં ઝબકી ગયા.

પાંચ વાગે રુબીએ ઈન્ટર કૉમ પર હિતેનને પૂછયું, "તમારે કામ હોય તો હું બસમાં ચાલી જાઉ?"

"ના, એવી જરૂર નથી. અમે પાંચદસ મિનિટમાં છૂટા પડીએ છીએ."

રુબીને ખબર હતી કે પંદર મિનિટ સહેજે થશે. આસુને પત્ર લખવા બેઠી.

"પ્રિય.. પ્રિય.. પ્રિય..." પેન ચાલતી નહોતી. જાણે લખવાનું એ ભૂલી ગઈ હતી. આસુને કદી પત્ર લખ્યો નહોતો એટલે સંબોધન શું કરવું એની ગડમથલમાં અટવાઈ ગઈ.

કૉમ્પ્યુટર પર ટાઈપ કરવાનો વિચાર કરી ટાઇપ કરવા લાગી...

"પ્રિય...પ્રિય... પ્રિય...હૈયાના હાર,

આજેબહુ લાંબા સમય પછી આ પહેલો પત્ર તને લખી રહી છું. ત્રણચાર વાર ફોન પર વાત થઈ. પણ ફોન પર હૈયું ઠાલવી શકાતું નથી. હેયાની બધી વાત કહી શકાતી નથી. કોઈ સંભળી જશે એની બીક અને ટેલિફોનનું બિલ વધી જશે એની બીક. ખેર, એક જ વાક્યમાં કહું તો એક પણ દિવસ તને યાદ કર્યા વિના સૂતી નથી. તારે ઘેર પૂનમે પાડેલો આપણો ફોટો મારી એક માત્ર અમૂલ્ય મૂડી છે. હૈયામાં જેની છબી જડાઈ ગઈ હોય એના ફોટાની શી કિંમત? પણ હૈયાની છબી જોઈ શકાતી નથી. તારો હસતો ચહેરો જોઉ છું ને મારું હૈયું નાચી ઊઠે છે. કેવો મલકાટ તારા વદન પર છે. કેવો પ્રેમ તારાં નયનોમાં નીતરી રહ્યો છે. કયારેક તારા હોઠ પર મારા હોઠ મૂકી દઉ છું અને પાગલની જેમ કલાકો સુધી બેસી રહું છું. મારી પાસે કોઈ સખી નથી નહિતર

ઓખાની જેમ મને કહેત, 'બાઈ કાગળમાં શું દીઠું, કાગળ વળતાં ફાટી જાય.' આસુ તારી ને મારી વાત મેં હજુ કોઈને કહી નથી. કોઈને આત્મીય બનાવી શકી નથી પછી કોને કહું? કોઈથી નજીક આવવા માગતી નથી. ઊંડા ઊતરો તો કયારેક સામાવાળાના મનમાં ખોટો ભ્રમ ઊભો થાય અને પરિસ્થિતિ કથળે. એટલે એવી પરિસ્થિતિ સર્જાય નહિ એ માટે સાવધ રહું છું.

તું કદાચ નહિ માને. હિતેન સાથે પણ ખાસ ભળતી નથી. એમ્પ્લૉયર એમ્પ્લૉયી જેવા સંબંધ છે. એના ઘેર રહું છું પણ સાથે બેસી કોઈ આત્મીય વાતો કરવાનો સમય કદી મળતો નથી. રોજ સાંજે એ જમીને બહાર જતા રહે છે તે મોડી રાતે આવે છે. શનિરવિ પણ એમની પ્રવૃત્તિમાં મશગૂલ હોય છે. રવિવારે ગોલ્ફ રમવા જાય છે એટલી ખબર છે. બાકી ક્યાં જાય છે એની મને કે એની મમ્મીને ખબર નથી. એની મમ્મી કદી એમને પૂછતાં નથી એટલે મેં પણ પૂછવાની હિંમત નથી કરી. એક સજ્જન તરીકે મારા પર છાપ છે.

એની મમ્મીને કેમ અમીચંદકાકા પાસે ન ફાવ્યું એનું રહસ્ય મને મળી ગયું છે. હિતેનની મમ્મીનો સ્વભાવ તીખા મરચા જેવો છે. બંનેના અહ્‌મ ટકરાયા કરતા. પતિપત્ની વચ્ચે રોજ ઝઘડા થતા. એટલે હિતેને બંનેને જુદાં પાડ્યાં. એમની સાથે કોઈ એક કલાક પણ ન રહી શકે. તને થશે તો હું કેવી રીતે રહી શકું છું? મેં મારો સ્વભાવ બહુ વિનમ્ર બનાવ્યો છે. એ ગમે તે બોલે પણ હું એમની વાત હસી કાઢી એમનાં ખૂબ વખાણ કરું. માજી માજી કર્યા કરું અને વખાણ કરી એમને પીગળાવતી રહી. મને બેચાર દિવસમાં કાઢી મૂકવાનું પણ લઈને બેઠાં હશે પણ એ હારી ગયાં. મેં એક પણ દિવસ ઉશ્કેરાઈને એકાદ શબ્દ આજ સુધી ઉચ્ચાર્યો નથી. હિતેન પાસે પણ એમનાં વખાણ કરતી રહી છું. મારી વિનમ્રતાને કારણે એ હારી ગયાં. મને કાઢી મૂકવાનો એમનો વિચાર પીગળી ગયો. કોણ જાણે કેમ પણ મારી પર એમને વહાલ ઊપજવા લાગ્યું છે. હવે તો મને એમને ઘેર જ રહેવા આગ્રહ કરે છે.

તારો સ્ટડી કેવો ચાલે છે? એમ.એ.માં ફર્સ્ટ કલાસ લાવવાનો છે! મારો જરાકે વિચાર ન કરતો. મને ખબર છે તને મારે માટે લાગણી જન્મી છે. એને હું મારું સદ્‌ભાગ્ય ગણું છું. અહીં આવ્યા પછી લાગે છે કોઈ પણ રીતે આપણે એક બીજા માટે જ જીવવા સર્જાયાં છીએ. આપણને નજીક લાવવા પાછળ

કુદરતનો કોઈ સંકેત છે. લગ્નથી જ એકબીજાની સાથે રહી શકાય એવું કોણે કહ્યું? બીજી કઈ રીતે રહી શકાય એનો જ્વાબ મારી પાસે અત્યારે નથી. એનો જ્વાબ મળશે ત્યારે તને હું જરૂર લખીશ. તને દર મહિને નિયમિત પત્ર લખી તારી માનસિક અસ્વસ્થતા નથી વધારવા માગતી. એટલે હવે પછી તને પત્ર ન લખું તો કંઈ ઊંધું ન સમજતો. 'હું તને અંતરથી ચાહું છું. તું મારો છે અને હું તારી છું.' આ એક વાક્ય આપણા સંબંધનું સનાતન સત્ય છે એટલું હંમેશ યાદ રાખજે. આપણા પેલા કવિએ કહ્યું હતું ને કે 'આત્મા ઓળખે તે વર, બીજા બધા પર.' બસ એટલામાં સમજી જા.

માજીને મારી યાદ આપજે. કહેજે કે હું એમના નિસ્વાર્થ પ્રેમને કદી ભૂલવાની નથી. મારી જનમ આપનારી મા મરી ગઈ છે. પણ મારી સાચી મા હજુ જીવે છે અને બહુ લાંબું જીવવાની છે. કહેજે કે એક દિવસ એમને ટોરોન્ટો લાવવાની છું. મારા વંદન પાઠવજે. ગુરુદેવ અને માસીના આદર્શો અને મમતાએ મને જીવવાનું અનોખું બળ આપ્યું છે. એ બંનેને મારી યાદ અને સ્નેહવંદન પહોંચાડજે. કૉલેજના શા સમાચાર છે? મારી કંઈ વાતો થાય છે? થતી હોય તો એક અનજાન તરીકે તું એ લોકોની વાત પર જરાકે ધ્યાન ન આપતો. આ પત્ર સાથે ગુલાબની એક પાંખડી બીડું છું. મને ખબર છે તારા સુધી પહોંચતાં એ સુકાઈ જશે, પણ મારી યાદ એને ભીંજવી નાખશે અને કોઈ અનેરી સુવાસ તારા પ્રેમાળ હૈયા સુધી પહોંચાડશે. બાય નાઉ. ગુડ લક ઈન યૉર ફ્યુચર! એક્સેલન્ટ ફ્યુચર!

સદા તારી યાદમાં રાચતી પ્રિયાનામ, પ્રિય રુબી.

પત્ર ટાઈપ કરી સેવ કર્યો. હિતેન સામે ઊભો હતો એનો ખ્યાલ ન રહ્યો.

"ચાલ, જઈશું હવે?"

"ચાલો" કહેતાં કૉમ્પ્યુટર ઑફ કરી ઊભી થઈ.

ઑફિસ બંધ કરી પાર્કિંગ લોટમાં જઈ કારમાં બેઠાં. હિતેને કાર ઘર તરફ હંકારી. હિતેન ચૂપ હતો. રુબીએ મૌન તોડયું.

"તમારા મિત્ર ચાલ્યા ગયા?"

"જ્વા માગતો નહોતો. પણ મેં એને રાત્રે મળવાનું કહી વિદાય કર્યો."

"એ માણસ મને જરા વિચિત્ર લાગ્યો. તમારો મિત્ર ન હોત તો હું એનું

અપમાન કરી બેસત."

"કેટલાક માણસો વિચિત્ર હોય છે પણ કામના હોય છે. એનો સ્વભાવ જરા આખાબોલો છે. અમે મિત્રો વર્ષોથી એ સહેતા આવ્યા છીએ."

"કોઈ સ્ત્રીને પહેલી વાર મળો ત્યારે કેવી રીતે વર્તવું જોઇએ એટલી સભ્યતા તો આ દેશમાં આવ્યા પછી કેળવવી જોઈએ!"

"કેટલાક એમની ટેવને એમની ખાસિયત ગણે છે અને એમાંથી બહાર આવી શકતા નથી. કદાચ મનમાં કોઇ દુર્ભાવ ન હોય એવું બનવાજોગ છે!"

"દુર્ભાવ ન હોય?"

"તમે ઘણા વર્ષથી એની સાથે છો પણ એને સાચા અર્થમાં ઓળખી શક્યા નથી. હું તો પહેલી મૂલાકાતે જ એની લુચ્ચાઈ પારખી ગઈ છું. મનનો મેલો લાગે છે. એની નજર અને એના મનોભાવો ખરાબ લાગે છે. હું એની સાથે એક મિનિટિ પણ ના ઊભી રહી શકું."

"તારે કયાં એની સાથે પનારો પાડવાનો છે?"

"તમારો મિત્ર છે તો પછી આટલા દિવસ કયાં ગયો હતો?"

"એ ઇન્ડિયા ગયો હતો. કાલે જ આવ્યો."

"અહીં શું કરે છે?"

"હાઇ વે પર એક મૉટેલ છે. કામદારો ચલાવે છે. એ ફરતો ફરે છે. પૈસાની તૂટ નથી. એક યા બીજી રીતે ઘણા પૈસા આવે છે. પૂરો ગણતરીબાજ છે. એની લાંબી હિસ્ટ્રી છે કોઈક વાર તને કહીશ. પણ પ્લીઝ એનું ઇન્સલ્ટ ન કરતી. નકામા અમારા સંબંધો બગડશે."

"તમારા સંબંધો બગડવા નહિ દઉં. મારી સાથે ચેનચાળા કરશે તો સહી લઇશ. પણ મારા ચારિત્ર્ય પર ખેલ ખેલવા પ્રયત્ન કરશે તો એને પરચો બતાવીશ અને કાયમ માટે પાઠ શીખવીશ કે બધી જ સ્ત્રીઓ સરખી નથી હોતી. જંદગીભર કોઇ સ્ત્રી સામે નજર ન બગાડે એવો પાઠ ભણાવીશ."

"શાંત થા. રુબી, એવા લોકોને હસી કાઢવા જોઈએ."

"એ જ તમારી ભૂલ છે. એવા લોકોને હસી ન કાઢવા જોઈએ. એવા લોકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવા જોઈએ."

"તું એમ માને છે કે એથી એવા લોકો સુધરી જાય?"

"કદાચ ખો ભૂલી જાય. એવું ન બને તો એટલું તો વિચારતા જરૂર થાય કે સમાજમાં સ્ત્રીઓ પણ માથાની મળે છે." હિતેન ખડખડાટ હસ્યો.

"કેમ હસવું આવે છે?"

"એવા લોકો પર કશી અસર નથી થતી. અપમાન જેવું એમનામાં છે જ નહિ. એવું કંઈ બને તો એ લોકો હસી કાઢતા હોય છે. અને ફરી એ જ એમની રફતાર ચાલતી હોય છે. એક નહિ તો બીજી. બીજી નહિ તો ત્રીજી..."

"તમે તમારા મિત્રની કુટેવો જાણો છો." કહેતાં રુબી ખડખડાટ હસી.

"બહુ સારી રીતે. મિત્રમાં કેટલાક દુર્ગુણો હોય તો એની સામે આંખ આડા કાન કરો તો જ મૈત્રી ટકી શકે. મૂક એની લપ. પેપરની વાત કર. બીજા બધાને ફેરફારવાળું કવર કેવું લાગ્યુ?"

"બહુ સરસ. બધાને ખૂબ ગમ્યું. મેં કહ્યું બૉસનું સજેશન હતું."

"સાંભળ મારે તને એક વાત ક્યારની કહેવી હતી. પણ હું તકની રાહ જોતો હતો. તારે મને બૉસ કહેવાની જરૂર નથી."

"તો શું કહું?"

હિતેન વિચારમાં પડ્યો. કંઈ જવાબ શોધી રહ્યો. કંઈ જવાબ ન મળતાં એણે કહ્યું, "હિતેન જ કહે તો? આ દેશમાં નામથી બોલાવવાની પ્રથા છે."

"તમે જાણો છો કે ઘેર તો હું તમને હિતેન કહીને બોલાવું છું. પણ ઑફિસમાં મારે મન તમે મારા બૉસ છો. જો કે બીજાની સાથે વાત કરતાં મિ. હિતેન પારેખ તરીકે તમને સંબોધું છું. પણ એમ્પ્લોયી સામે બૉસ જ સારું લાગે."

"તને યોગ્ય લાગે તે કહેજે. ચર્ચામાં ઘર આવી ગયું. તું ઊતર. મારે પેલા કેન સાથે એની હૉટેલમાં જમવાનું છે. રાત્રે મોડું થશે. કાલ ઑફિસ પણ હું દશ વાગે આવીશ. યુ ટેક કેર."

હિતેન જતાં રુબી ઘરમાં આવતાં સરોજે પૂછયું, "હિતેન ના આવ્યો?"

"મને મૂકીને ગયા. એમના મિત્રની મૉટેલમાં જમવાના છે."

"કેન હશે. ઇન્ડિયાથી આવી ગયો લાગે છે. પાછો કોઇ લફરું લઈને આવ્યો હશે!"

સરોજને ભાન ન રહ્યું એ શું બોલી ગઈ. એ એકદમ ગભરાઈ ગઈ. એણે

વાતને વળાંક આપ્યો, "મૂક માથાકૂટ. એ છે જ એવો."

"તમે એને ઓળખો છો?"

"હિતેન સાથે મૉલમાં એકબે વાર એનો ભેટો થયો હતો. હિતેને મને ઓળખાણ કરાવી હતી. હિતેનને મોઢે એનું નામ ઘણી વાર સાંભળું છું. બેચાર દિવસ થોડું કામ વધવાનું. મૉટેલમાં જગા નહિ હોય તો એકાદ જણને અહીં ધકેલવાનો."

"આપણું ઘર કંઈ મૉટેલ છે?"

"હું હિતેનને એ જ કહું છું. પણ મને સમજાવે છે કે બિચારા ઇન્ડિયાથી આવે છે. મોટેલમાં શરૂશરૂમાં ન ફાવે એટલે હું આપણે ઘેર લાવું છું. બિચારાં ઘરને મિસ કરતા હોય છે. અહીં ઘર જેવું લાગે અને માની મમતા મળે એટલે લાવું છું. છોકરીઓને મૉટેલ કરતાં અહીં સેફ લાગે છે."

"એમના સેવાભાવી અને પરગજુ સ્વભાવનો લોકો લાભ લે છે."

"ખબર નહિ. તું કંઈ કહેતી નહિ. નાહકનો તારા પર ગુસ્સે થશે અને મારી પર ઊભરો કાઢશે. બોલ, સપરમાં શું બનાવીશું?"

"તમારી શું ખાવાની ઇચ્છા છે?"

"આજે ભાખરી અને રીંગણનું શાક બનાવીએ તો?"

"મને ગમશે. તમે બેસો હું બનાવી દઉં છું."

"હું શાક સમારીશ અને તારી સાથે વાતો કરતી રહીશ."

સરોજ રુબી સાથે કિચનમાં આવ્યાં.

વાતો કરતાં કરતાં ભાખરી અને શાક બનાવી બંનેએ જમી લીધું.

"આજ પેપરની ડેડ લાઇન હતી. બહુ કામ રહ્યું. જરા થાકી ગઈ છું. હું સૂઈ જાઉં છું માજી," અને યાદ આવતાં બોલી, "કાલે હિતેન ઑફિસ દસ વાગે જવાના છે."

"તું કેવી રીતે જઈશ?"

"હું બસમાં જતી રહીશ."

"શનિ રવિ ડ્રાઇવિંગના લેસન્સ લે એ ન ચાલે. ઑફિસમાંથી રોજ બે કલાક કાઢ. જલદી કાર શીખી જા. પછી હિતેન પર આધાર ન રાખવો પડે."

"હવે ઑફિસમાં ટાઇમ મળશે. હું કાલે હિતેનને વાત કરીશ."

"ગુડ નાઇટ." કહી રુબી એની બેડરૂમમાં ગઈ, સરોજએમની બેડરૂમમાં ગયાં. રુબી થાકી ગઈ હતી પણ એનું મન જરા અસ્વસ્થ હતું. કેનના વર્તને અને હિતેનની વાતોએ એના મનમાં અનેક સવાલો જગાવ્યા હતા. થાકેલી હતી એટલે બેડમાં આડી પડતાં આંખો મીંચાઈ ગઈ.

સવારે ઊઠી નાસ્તો બનાવી માજી સાથે નાસ્તો કર્યો. હિતેનનો નાસ્તો પ્લેટમાં ઢાંકવા જતી હતી ત્યાં હિતેન તૈયાર થઈને આવ્યો.

"કેમ મોડા ઊઠવાના હતા ને?"

"આંખ ખૂલી જતાં થયું કે તારી સાથે જ નીકળું."

"લો, નાસ્તો તૈયાર છે. કૉફી બનાવી દઉ?"

"બનાવી દે."

નાસ્તો કરી રુબી અને હિતેન ઑફિસે ગયાં. રસ્તામાં ખાસ વાત ન થઈ. રુબીએ સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું, "આજ તમે થાકેલા લાગો છો."

"રાત્રે મોડે સુધી વાતો કરી એટલે ઉજાગરાની થોડી અસર છે."

"તો પછી આજ ઘેર આરામ કરવો હતો ને!"

"મને ઑફિસ આવ્યા વિના ચેન ન પડે. આજ પાછો પેલો કેન આવવાનો છે. હું ન હોઉ અને તારી કેબિનમાં આવી કંઈ એલફેલ બોલે તો તારું મન અપસેટ થઈ જાય."

"એ બાબતની તમે જરાકે ચિંતા ન કરતા. હું તમારા મિત્રને અપસેટ કરી તમારો સંબંધ નહિ બગાડું. હું બધું સહી લઈશ."

"વેરી ગુડ. તારા સહકારની જરૂર છે. કેન, એક છોકરીને લઈને ચાર વાગ્યે આવવાનો છે. એની મૉટેલમાં જગા નથી એટલે બેત્રણ દિવસ આપણે ઘેર રહેવાની છે. બહારનું કોઈ ઘેર આવે છે તો મમ્મી બહુ ઊકળે છે. મહેમાનનું અપમાન કરી નાખે છે. તું જરા સંભાળી લે જે. સારા ઘરની છોકરી છે."

"કંઇ વાંધો નહિ. તમે મારા પર છોડી દો. હું મમ્મીને સમજાવી દઈશ. તમે મારા પર વિશ્વાસ રાખજો. તમારું કંઇ પણ કામ હોય તો મને કહેવાનો તમને હક્ક છે. મારા પર તમારો ઉપકાર છે."

"થૅંક્સ અ લૉટ.."

"આમાં તમારે મને થેંક્સ ન કહેવાના હોય. ઘરના એક સ્વજન તરીકે

અને આત્મીયજન તરીકે માય ડયુટી.”

રુબીના શબ્દોએ હિતેનના હૈયે લાગણી જન્માવી. ઑફિસે પહોંચી પોતપોતાની ઑફિસમાં ગયાં. રુબીને આ જ ખાસ કામ નહોતું. એણે કૉમ્પ્યુટર પર એનો પોતાનો લેટરહેડ ડિઝાઇન કર્યો. સરનામું અને ફોન નંબર ઑફિસનાં જવાપર્યાં. એ હિતેનને બતાવવા ગઈ. ૩

“જરા આ ડિઝાઇન જોઈ આપશો? ઑફિસનું સરનામું વાપરું તો તમને વાંધો નથી ને?”

“સરસ ડિઝાઇન છે. ઑફિસનું સરનામું વાપરવામાં વાંધો નથી. આઇ લાઇક યૉર ડિઝાઇન. તારામાં કલાની સૂઝ છે, જર્નાલિઝમની જાણકારી છે. પેપર બહાર પડે પછી જોજે લોકોના કેવા સરસ પ્રતિભાવ પડે છે.”

“તમારા જેવી સૂઝ કોઈમાં ન હોઈ શકે. તમે મનુષ્યના હીરાપારખુ છો. તમે મને અહીં ન લાવ્યા હોત તો હું ઇન્ડિયામાં કારકુની કરતી હોત. એ દેશમાં માનવીની શક્તિઓને પારખનાર અને એના કામની કદર કરનાર કોઈ નથી એ જ એ દેશનું દુર્ભાગ્ય છે.”

“એટલે તો લોકો લાખો રૂપિયા ખર્ચી યેન કેન પ્રકારે નોર્થ અમેરિકા આવવા તલપે છે. તમારું નસીબ કામ કરી ગયું. કુદરત તમને અહીં લાવી.”

“કુદરત નહિ. તમે. તમારી મુલાકાત થઈ. કારમાં લિફ્ટ આપી, જીવનમાં લિફ્ટ આપી. આપને હું હંમેશ વફાદાર રહીશ.”

હિતેને કહ્યું, “મને એક સારો સાથીદાર મળી ગયો છે એનો ગર્વ છે.”

“થેંક્સ ફોર ધ પરમિશન...” કહી રુબી એની કેબિનમાં ગઈ.

એનું લેટર હેડ જોઈ રહી. એને પણ એ ગમ્યું. એણે આસુનો લેટર પ્રિન્ટ કર્યો. એકબે વાર વાંચી ગઈ. કવર પર સરનામું ટાઈપ કરી પત્ર અંદર મૂકી મૉલમાં ગઈ. મૉલમાં અનેક દુકાનો હતી. પોસ્ટ ઑફિસ પણ હતી. ફ્લાવર શૉપમાંથી એક ગુલાબ ખરીદ્યું. એક પાંખડી તોડી કિસ કરી પત્રની વચ્ચે મૂકી પોસ્ટ ઑફિસમાં જઈ પોસ્ટ કર્યું.

કેબિનમાં જઇ કામે વળગી. પાંચ વાગ્યે બધાં ચાલ્યાં ગયા પછી કેન સાલવી ચોવીસપચીસ વર્ષની એક યુવાન છોકરી સાથે આવ્યો. હિતેનની કેબિનમાં જઈ કંઇ ગુસપુસ વાતો કરી ચાલ્યો ગયો.

એ જતાં એ છોકરી સાથે હિતેન બહાર આવ્યો. "રુબી, ચાલ જઈએ."

રુબી આવતાં એણે કહ્યું, "રુબી આ પિન્કી પટેલ છે. ઇન્ડિયાથી આવી છે. બેત્રણ દિવસ આપણે ત્યાં રહ્યા પછી અમેરિકા ચાલી જવાની છે."

પિન્કીએ આછું સ્મિત કરી શેકહેન્ડ કર્યા.

૩ રુબી એની સામે મલકાઈને શેકહેન્ડ કરતાં બોલી, "વેલકમ ટુ કેનેડા. ઇન્ડિયાથી કયારે આવ્યાં?"

"બે દિવસ પહેલાં"

"હજુ મુસાફરીનો થાક હશે.."

"સો. સો." બંને પાછલી સીટમાં બેસી ગયાં. કારમાં બહુ વાતો કરવી હિતાવહ ન લાગ્યું.

દરવાજો ખોલી ઘરમાં પ્રવેશતાં સામે ઊભેલાં માજીએ પ્રેમથી સત્કાર કરવાને બદલે બબડ્યાં, "પાછી નવી બલા આવી."

રુબી સાંભળી ગઈ પણ પાસે જઈ બધા સાંભળે એમ બોલી, "માજી, તમને મહેમાનો બહુ ગમે છે ને! લો એક નવા મહેમાન આવ્યા છે. અતિથિ દેવો ભવ!"

"શો જવાબ આપવો?" એના વિચારમાં સરોજ બાઘાની જેમ રુબી સામે અને પિન્કી સામે જોઈ રહી.

* * *

# અઢાર

"માજી, પિન્કી ઇન્ડિયાથી આવી છે. બેચાર દિવસની આપણી મહેમાન છે. એ મૉટેલમાં રહેવાની હતી. પણ હિતેન એને આગ્રહ કરીને લાવ્યા છે. સારું કર્યું. આપણને થોડા દિવસ કંપની મળશે. પિન્કી, હિતેનભાઇનાં આ મમ્મી છે. મહેમાનો એમને બહુ ગમે છે. મને દીકરી જેમ રાખે છે."

પિન્કીએ બે હાથ જોડી વંદન કર્યાં. સરોજે માથા પર હાથ મૂકી કહ્યું, "સુખી થા, બેટી. કયા ગામથી આવે છે?"

"આણંદથી..."

"અહીં કેનેડામાં રહેવાની છે?"

"ના. અમેરિકા જવાની છું. મારા પતિ બે વર્ષથી ન્યુ જર્સીમાં છે."

"શું કરે છે?"

"ગ્રોસરી સ્ટોરમાં કામ કરે છે."

"માજી, પિન્કી સાથે વાતો કરો. હું રસોઈની તૈયારી કરું."

"રસોઈ કરવાની જરૂર નથી. હું પિઝા ઑર્ડર કરું છું. પંદર મિનિટમાં ઘેર ડિલિવરી કરી જશે." હિતેને કહ્યું.

"સરસ. પિન્કી, તને પિઝા ફાવશે?"

"ફાવશે. મેં અમદાવાદમાં પિઝા હટમાં ખાધા છે."

"રુબી, પિન્કીને પેલી કોર્નરવાળી ગેસ્ટ રૂમ બતાવો."

"ચાલ પિન્કી, તારી બેગ લઇ લે. એક જ પૂલ ઑન બેગ છે?"

"હા.. અને આ એક પર્સ."

પિન્કી રુબીની પાછળ પાછળ ચાલી. રુબીએ એને ગેસ્ટરૂમ બતાવ્યો.

"એટેચ બાથરૂમ છે. ગેસ્ટરૂમમાં બધી સગવડ છે. ફાવશે ને?"

"મૉટેલ કરતાં સારી સગવડ છે. એના કરતાં પ્રેમાળ સ્વજનોનો સાથ

છે પછી કેમ ન ફાવે?"

"સારું ફ્રેશ થઈને નીચે આવ."

રુબી નીચે ગઈ. સરોજ કિચનમાં હતી. એની પાસે જઈ કહ્યું, "માજી. પિન્કીની તમે જરાકે ચિંતા ન કરશો. હું ફોડી લઈશ. મારે હિતેન પર તમારી સારી છાપ પાડવી છે. મેં એમને કહ્યું છે કે હવે માજીનો સ્વભાવ બહુ બદલાઈ ગયો છે. બેચાર દિવસ જરા સહી લેજો. કોઈ બાબતનો ગુસ્સો ના કરશો. હું હિતેનને મહેમાનો અહીં ઉપાડી ન લાવવા સમજાવીશ."

"તું કંઈ કહે કે ન કહે. મેં આ વખતે ચૂપ રહેવાનું નક્કી કર્યું છે."

પિઝા આવી જતાં ચારેએ જમી લીધું. સરોજ એની રૂમમાં ચાલ્યાં ગયાં. હિતેન, રુબી અને પિન્કી ડ્રૉઈંગ રૂમમાં જઈ બેઠાં. ટીવી જોતાં જોતાં થોડીક ઔપચારિક વાતો કરી. કેનેડાની જનરલ અને ભવ્યતાની મોડા સુધી વાતો કરી ત્રણે પોતપોતાની રૂમમાં ચાલ્યાં ગયાં.

સવારે ઊઠી રુબીએ નાસ્તો તૈયાર કર્યો. નાસ્તો કરતાં કરતાં હિતેને કહ્યું, "અરે હાં રુબી, તું આજ ઘેર રહે. પિન્કી સાથે વાતો કરજે. હું તને કહેવું ભૂલી ગયો. આજે પેપર આવવાનુ નથી. કહે છે કે પ્રેસમાં કંઈ પ્રોબ્લેમ છે. આજે ફિક્સ કરી સાંજના છાપશે. કાલે બપોરે ડિલિવરી કરશે."

"સારું. કંઈ કામ હોય તો ફોન કરજો."

હિતેન જતાં રુબીએ કહ્યું, "માજી, આજ ગ્રોસરી લેવા જવું છે? પિન્કીને પણ થોડું આઉટિંગ થશે."

"હા, જવું પડે એમ છે. દૂધ દહીં વગેરે લાવવાનાં છે."

ત્રણે શેરિડન મૉલમાં ગયાં. માજી ગ્રોસરી ખરીદતાં હતાં એ દરમિયાન રુબી અને પિન્કી મૉલમાં ચક્કર મારતાં રહ્યાં. બધે ફરી પિન્કીને જુદા જુદા સ્ટોર બતાવ્યા. થોડીક વાતો કરી એની સાથે આત્મીયતા કેળવતી રહી.

"તારે કંઈ ખરીદવું છે?"

"ના. મારી પાસે બહુ ડોલર નથી."

"એની ચિંતા ના કર. પૈસા હું આપીશ."

"ના, પણ હું કંઈ લઈ જઈ શકું એમ નથી. મારા પતિએ મારી બેગ પણ કાન્તિભાઈની મોટેલમાં મૂકીને જવાનું કહ્યું છે."

"કેમ?"

"ઘેર જઈને તમને બધી વાત કરીશ."

"હું આવતા મહિને ન્યુ યોર્ક આવવાની છું. તારી બેગ લેતી આવીશ. ચિંતા ન કરતી."

એકાદ કલાક ફરી ગ્રોસરી સ્ટોરમાં આવ્યાં. સરોજ હજુ ખરીદી કરી રહ્યાં હતાં. "આવી ગયાં?"

"હા, માજી. તમારી ખરીદી પતી ગઈ?"

"જો ને કાર્ટ ભર્યું છે!" કાઉન્ટર પર ચેક કરાવી પૈસા ચૂકવી ઘેર આવ્યાં.

"તમે આરામ કરો. હું અને પિન્કી ગ્રોસરી ગોઠવી દઈશું."

રુબી અને પિન્કીએ ગ્રોસરી ઘરમાં લાવી યથાવત ગોઠવી દીધી.

રુબીએ દાળ, ભાત, શાક અને રોટલી બનાવી દીધાં. જમીને માજી આરામ કરવા ગયાં. રુબી અને પિન્કી ડ્રોઈંગ રૂમમાંઆવ્યાં.

"બહેન, એક વાત પૂછું?"

"પૂછ. હિતેનભાઇ તમારા શા સગા થાય?"

"મારા બૉસ છે. હું એમને ત્યાં નોકરી કરું છું. મારા એક ખાસ મિત્ર છે. હું 'કેન ગુર્જરી' ગુજરાતી વર્તમાનપત્રની એડિટર છું."

"હિતેનભાઇ સારા લાગે છે."

"એમના ઘેર હું રહું છું પણ કદી આંખ પણ ઊંચી નથી કરી. પૂરા સજ્જન છે. પિન્કી તું કેટલું ભણી છે?"

"એમ.એસ. યુનિવર્સિટીમાંથી બી.એ. કર્યું છે. એમ.એ. કરવાની હતી પણ લગ્ન થઈ ગયાં એટલે સાસરે જવું પડ્યું.

"સાસરું કયાં છે?"

"આણંદમાં."

"તારો પતિ કયારે અમેરિકા આવ્યો?

"બે વર્ષ પહેલાં."

"તને સ્પોન્સર કરી છે?"

"ના રે ના. બે વર્ષ પહેલાં વીસ લાખ આપીને એ આવ્યા હતા આજે બાવીસ લાખ થઈ ગયા."

"બાવીશ લાખને કોણ રૂએ છે. પતિપત્ની સાથે તો રહી શકશો."

"હજુ ત્યાં પહોંચું ત્યારે પહોંચ્યા કહેવાઈએ."

"કેમ એવું કહે છે?"

"અહીં સુધી તો મિસિસ કેન સાલવી તરીકે આવી છું. હવે બે દિવસમાં એ મને બોર્ડર ક્રોસ કરાવી દેવાના છે."

"બાવીશ લાખ એટલે અમેરિકામાં પિસ્તાલીસ હજાર ડોલર થયા. તારો વર એક બે વર્ષમાં એટલા તો ઊભા કરી દેશે. પૈસાને ન રડીશ."

"કોઈને કહે નહિ તો એક વાત કહું."

"કોઈને નહિ કહું. કહો."

"હું અહીં ટેમ્પરરી નોકરી કરવા આવી છું. મારો વર ઇન્ડિયામાં છે. મારે મારા વરને બોલાવવો છે. મને સમજાવ કેવી રીતે એને અહીં લાવી શકું."

"તમે કોઈને કહો નહિ તો તમને કહેવામાં વાંધો નથી. તમારું કામ સરતું હોય તો મને એનો આનંદ થશે."

"હું કોઈને નહિ કહું. તું કહીશ તો તારો બહુ આભાર માનીશ."

પિન્કી રુબીની મીઠી મીઠી વાતોથી ભોળવાઇ ગઇ. એણે શું શું કર્યું હતું એ બધું કહેવા બેઠી.

"પહેલાં તો અમદાવાદમાં બેસ્ટ ટ્રાવેલ એજન્સીના બી.પી. પટેલને મળવાનું. એને અને કેન સાલવીને સીધો સંપર્ક છે. શરૂમાં એ દશ લાખ રૂપિયા લે છે. બ્લેકમાં એના ડોલર કરાવી એ કેનને મોકલે છે. કેન અહીંથી વિગતો મોકલે એ પ્રમાણે બી.પી. પાસપૉર્ટ તૈયાર કરાવે છે. એ વિઝિટર વિઝા મંગાવી લે છે. એ ટ્રાવેલ એજન્ટ છે એટલે પૂરો પહોંચેલો છે. પાસપૉર્ટ ઑફિસ, વિઝા ઑફિસ, એરપૉર્ટ બધે જ એના સાગરીતો છે. દરેકને એમનો હિસ્સો આપે છે. બધું ફાઇનલ થઈ જાય એટલે બાર લાખ આપવાના. બાર લાખ આપો તો જ પાસપૉર્ટ અને વિઝા આપે. કેન કે જેનું નામ પાસપોર્ટમાં પતિ તરીકે હોય એ આવે એટલે એની સાથે એની પત્ની બનીને આવવાનું."

" બહુ રિસ્ક કહેવાય!"

"છોકરી જાત માટે રિસ્ક કહેવાય. છોકરા માટે કોઇ રિસ્ક નહિ. જો રસ્તામાં કોઇ કારણસર હૉટેલમાં રહેવું પડે તો કામચલાઉ પતિ ગમે તે કરી

શકે. યુ નો વૉટ આઇ મીન. એ બધી તૈયારી રાખવી પડે. વિફરે તો તમને અર્ધે મૂકી ચાલતો થાય. પકડાઈ જવાની પણ ભીતિ ખરી. આ બધું અમને પહેલેથી કહેવામાં આવે છે. એમની જવાબદારી અમેરિકા સુધી પહોંચાડવાની છે. પણ વચ્ચે પકડાઈ જાઓ તો એ કશું ન કરી શકે.. એ લોકો પણ જાણે છે કે એવા કેસ બહુ ઓછા બને છે. આ તો એમનો રાતદિવસનો ધંધો છે. એક લિંક છે. મફતના પૈસા મળે એટલે ભાગ્યે જ કોઇ આડો ફાટે."

"બધાને ડોલરની દુનિયાનો મોહ છે. એટલે બાવીસ લાખ ખર્ચવા તૈયાર થાય છે."

"મને ડોલરની દુનિયાનો મોહ નથી. મારા પતિ સાથે રહેવાની ઝંખના છે એટલે મેં સાહસ કર્યું છે. મને ખબર છે અમેરિકામાં લોકો કેવી કારમી મજૂરી કરે છે. છુપાઇને ફરે છે. કેવી હાડમારી ભોગવે છે. એક કોટડીમાં ઘેટાંની જેમ પડી રહે છે. આ તો સુખમાં કે દુઃખમાં પતિપત્નીનો સથવારો મળી રહે એ આશાએ મેં સાહસ કર્યું છે. પળે પળે ભગવાનને પ્રાર્થના કરું છું કે મને હેમખેમ મારા પતિ પાસે પહોંચાડી દેજે."

"તારું સૌભાગ્ય સારું છે. તને વાંધો નહિ આવે. પહોંચીને ફોન કરજે."

"મે તમને વાત કરી તે કોઈને કહેશો નહિ, પ્લીઝ."

"તને પ્રોમિસ આપું છું કે કોઈને નહિ કહું. હિતેન કે માજીને પણ નહિ કહું. મને તારી વાત કરવા બદલ તારો ખૂબ ખૂબ આભાર. ગૉડ બ્લેસ યુ."

પિન્કીને રુબીમાં બહુ વિશ્વાસ બેઠો. રુબી પાસે હૈયું ખોલતી રહી. બે દિવસ દરમિયાન રુબીને એની પાસેથી ઘણી માહિતી મળી. અમદાવાદમાં બી.પી. પટેલ કેનેડામાં કેન સાલવી એ મુખ્ય સૂત્રધાર હતા એની પ્રતીતિ થઈ. એની બધી વાતોમાં હિતેનનું નામ ક્યાંય ન આવ્યું. એટલે હિતેન આખી ટીમમાં શો ભાગ ભજવતો તે અંગે કંઇ જાણી ન શકી કે કલ્પી ન શકી. એક વાત ચોકકસ હતી કે હિતેન અને કેનને કોઈ ગાઢ સંબંધ જરૂર હતો.

બીજે દિવસે સાંજના એણે પિન્કીને પૂછયું, "તારું ન્યુ જર્સી જવાનું નક્કી થયું?"

"ના, કેનનો કોઇ ફોન નથી."

"કેન તને ફોન કરવાનો છે?"

“મને નહિ હિતેનભાઇને.”

“તું અહીં આવી ગઇ છું એટલે કંઇ ચિંતા ના કરતી. મારી સાથે સેફ છે.”

“અહીં રહેવામાં વાંધો નથી. કેન સાથે તો એક દિવસ પણ ન રહી શકું.”

“કેમ?”

“લુચ્ચો છે. સેક્સ ભૂખ્યો છે. ઠીક છે. એ તો મારે ગરજ છે. ગરજે ગધેડાને બાપ કહેવો પડે. બાકી, એને ખબર પાડી દઉં.”

“મને તો એ બિલકુલ ગમતો નથી. એની આંખોમાં હવસ ભર્યો છે.”

“લંડનમાં દશ કલાક હૉટેલમાં એક જ રૂમમાં રહેવાનું બન્યું હતું. હું થાકી ગઇ હતી એટલે પલંગમાં આડી પડી. એ મારી પાસે આવી મારી બાજુમાં સૂતો. હું ગભરાઈ ગઈ. એણે મને કિસ કરી કહ્યું, ‘યુ આર લવલી લેડી. આઈ લાઇક યુ..’ અને મારા બ્લાઉઝનાં બટન ખોલી મારી છાતી પર જંગલીની જેમ હાથ ફેરવવા લાગ્યો. હું લાચાર હતી એટલે કંઇ બોલી નહિ. પણ પછી બધાં કપડાં કાઢી મારી પડખે આવ્યો. હું ચેતી ગઈ.

‘પ્લીઝ, હું પીરિયડમાં છું. બેડ અને ચાદર બધું બગડશે.’

“એ હેબતાઈ ગયો અને હું એના પંજામાંથી છૂટી. થેંક ગૉડ. બહેન. આ વાત કોઈને કહેશો નહિ. મારું દિલ ભરાઈ આવ્યું હતું તે તમારી પાસે ઠલવાઈ ગયું. મારો વર જાણે તો મને પીટી નાખે અને તગડી મૂકે. પટેલો માથાભારે હોય છે. એ લોકો હજાર જણ પાસે જાય અને પત્ની પર જાપ્તો રાખે.”

“પટેલ જ નહિ, બધા પુરુષો એવા હોય છે. તેં મને આ બધી વાત કહેતાં કહી દીધી પણ આ વાત કોઈને કરતી નહિ. તારી જિંદગી રોળાઈ જશે. કશું જ નથી બન્યું. તું પવિત્ર છે પણ તારી વાત કોણ માનવાનું છે?”

પિન્કી રડવા લાગી. “તમારી વાત સાચી છે. કેટલીક વાતો એવી હોય છે કે કોઈને ન કહેવાય, ન સહેવાય. હું ભોળી છું કયારેક પીગળી જાઉં છું.”

“એ એક સપનું હતું એમ માની કદી યાદ પણ ના કરતી. જા સ્વસ્થ થઇ જા. સાંજે શું ખાવું છે? ખીચડી અને દહીં ચાલશે?”

“મને તો તમે જે ખાશો તે અનુકૂળ છે. મારી ચિંતા ન કરશો.”

કિચનમાં જતાં હતાં ત્યાં સરોજ નીચે આવી રહ્યાં હતાં.

ફોનની ઘંટડી રણકતાં રુબીએ ફોન ઉપાડયો.

"રુબી, કેન સાથે બહાર જમી લઈશ. સાંજે મોડો આવીશ."

ફોન કપાઈ જતાં રુબી બોલી, "હિતેન, ઘેર જમવાના નથી."

સરોજ સમજી ગઈ. હોઠે આવેલા શબ્દો અટકી ગયા. 'મને ખબર જ હતી. એ પેલા કેન સાથે જમવા જવાનો હશે! પાછો કંઈક કોઠું કરવાનું હશે! મારા સીધા સાદા દીકરાને ખોટે માર્ગે વાળી રહ્યો છે.' પણ એ કશું ન બોલી.

"ચાલો આપણે જમી લઈએ." રુબીએ કહ્યું.

સરોજ શાંત રહી ન શકી. એણે જમતાંજમતાં પૂછયું, "પિન્કી, ઈન્ડિયાથી કોની સાથે આવી?"

"મારી મમ્મી મને એકલી મોકલવા માગતી નહોતી. મારા કાકા કાન્તિભાઈના કોઈ સંબંધીના પાડોશમાં રહે છે. ઘરનો સંગાથ હતો એટલે મને એમની સાથે મોકલી. હું અહીંથી પ્લેઇનમાં જતી રહેવાની હતી પણ કોઇ કામ માટે એક બે દિવસમાં એ અમેરિકા જવાના છે. મને લેતા જશે."

"સારું. ટિકિટનો ખર્ચ બચશે."

"કશું નહિ બચે. એ ગેસના પૈસા માગી લે એવો છે."

"આપણી ગરજ હોય એટલે બધું સહેવું પડે. માજી, તમારી બંનેની મમતા માટે આભારી છું. ન્યુ જર્સી આવો તો અમારે ઘેર આવજો."

"ત્યાં તારું કોણ છે?"

"મારો વર છે."

"સારું તું એકલી નહિ હોય. રુબી આવતાં મારી એકલતા ટળી છે."

"રુબીબેન બહુ સેવાભાવી અને લાગણીશીલ છે."

દરવાજો ખૂલતાં વાતો અટકી ગઈ.

"આવી ગયા? જમવાનું છે?" રુબીએ હિતેનને પૂછયું.

"ના. પિન્કીએ કાલે સવારે સાત વાગ્યે નીકળી જવાનું છે. એને હું સાડા છ વાગે કેનની મોટેલ પર મૂકી આવીશ. કેન કાલે બફેલો જવાનો છે. પિન્કીને બફેલો ઊતારી દેશે. ત્યાં એના હસબન્ડ લેવા આવવાના છે."

"બહુ જલદી એની ટ્રિપ ગોઠવાઈ ગઈ."

"બિઝનેસમાં બધું એકાએક જ ગોઠવાઈ જતું હોય છે. કાલે સવારે આપણું પેપર પણ ડિલિવર થશે. હું પિન્કીને મૂકી તને લેવા આવીશ."

"તમારે ધક્કો ન ખાવો હોય તો હું તમારી સાથે આવું?"

"જેવી તારી મરજી. એ બહાને એની મૉટેલ પણ જોવાશે."

બંને પિન્કીને કેનની મોટેલ પર લઈ ગયાં. કેન નીકળે ત્યાં સુધી બેસી રહ્યાં. કેન અને પિન્કીને બાય કહી બંને ઑફિસે પહોંચી ગયાં.

* *

પેપર આવી ગયું. રુબીએ પહેલેથી છેલ્લે સુધી ઝડપથી પાનાં ફેરવી નજર નાખી. એને પોતાને પણ ગમ્યું. હિતેન એની કેબિનમાં આવ્યો.

"કોંગ્રેચ્યુલેશન્સ રુબી. પેપરનાં રૂપરંગ બદલી નાખ્યાં છે. ખરેખર એક્સેલન્ટ ઇસ્યુ છે. આ વખતે બહુ સારા પ્રતિભાવો આવવાના. બધી જ નકલો બેચાર દિવસમાં ઊપડી જવાની. ક્રેડિટ ગોઝ ટુ યુ."

"મને એકલીને નહિ. આપને અને સ્ટાફના સૌને. ખુશાલીના માનમાં પાર્ટી આપો."

"પાર્ટી તું ગોઠવ. તું કહે ક્યાં ગોઠવીશું?"

"મને બહુ અનુભવ નથી."

"કેનની મૉટેલ પર બાર છે. રેસ્ટૉરન્ટ છે. એને ત્યાં જ રાખીએ."

"તમારી મરજી. તમારો મિત્ર છે એટલે સારું ડીલ પણ આપશે."

"ડીલની મને પડી નથી. એને બિઝનેસ મળે એ મહત્ત્વનું છે. આજકાલ સાર્સને કારણે એનો બિઝનેસ સ્લો છે."

"ક્યારે રાખીશું?"

"આજે ચાર વાગે કેન આવવાનો છે. એને પૂછી જોઈશ."

"એ બફેલો ગયા છે ને?"

"પિન્કીને મૂકીને બે કલાકમાં પાછો. એ કંઈ ઓછો ત્યાં રહેવાનો છે?"

"એને મૂકવા જ એણે ધક્કો ખાધો? સેવાભાવી લાગે છે."

"એમ તો અડધી રાતે કોઈનું કામ કરે એવો છે."

"છોકરીઓ માટે કૂણી લાગણી લાગે છે."

"એવું નથી. છોકરો હોય કે છોકરી બફેલો મૂકવા જવાનું કામ એનું છે."

હિતેનને એકદમ ભાન થયું કે એ શું બોલી ગયો. એણે વાતને ટર્ન આપ્યો. "આઇ મીન, એનો બિઝનેસ છે. બફેલો ટોરોન્ટો બસ શટલ ચલાવે છે.

પૂરતા પેસેન્જર થાય એટલે ટ્રિપ કરે છે. એમાં એ સારું કમાય છે.”

રુબી સમજી ગઈ કે હિતેને વાતનો ટર્ન લીધો હતો. પિન્કીની વાત એના મનમાં ઘોળાયા કરતી હતી. એને સમર્થન મળતું હતું. એક પછી એક કડીઓ મેળવવા એ ઇન્તેજાર હતી. કેનની મૉટેલમાં પાર્ટીનો વિચાર ગમી ગયો.

હિતેને સ્ટાફના બધાને એની કેબિનમાં બોલાવ્યા.

“કેવું લાગ્યું પેપર?” સીધો જ સવાલ સૌને પૂછયો.

“એકસેલન્ટ! ઇમ્પ્રેસિવ છે, કલાત્મક છે.” મનીષા બોલી.

“સારી વાત તો એ છે કે પેપરમાં કોઈ ભૂલ નથી. વાચકોના પત્રોનો ઢગ ઠલકાવાનો.” કાજોલ બોલી.

“જાહેરખબરોનો પણ સારો રિસ્પોન્સ મળશે.” સંજયે કહ્યું.

“પૂર્તિનાં આઠ પાનાંમાં વૈવિધ્ય જાળવવું પડશે.”

સૌએ પોતપોતાનો સૂર પુરાવ્યો.

“ક્રેડિટ ગોઝ ટુ ઑલ સ્ટાફ મેમ્બર્સ.”

“જસની અધિકારી રુબી છે. એના વિના આવો વિચાર કોઈને આવે નહિ,” મનીષાએ રુબી સામે જોઈ કહ્યું.

“સૌના સહકાર વિના આ કક્ષાએ પહોંચી ન શકાય.”

“થેંકસ ટુ ઑલ. ગુરુવાર કે શુક્રવારે સાંજે હું એક પાર્ટી ગોઠવું છું. બધાએ આવવાનું છે. સમય અને સ્થળ નક્કી કરી સાંજે કહીશ. કીપ ધ સ્પિરિટ.”

સૌ પોતપોતાના ટેબલ પર ગયાં. મનીષા રુબીની કેબિનમાં ગઈ.

“બહેન, બિઝી છો?”

“આવો. બિઝી હોઉ તોપણ તમારે માટે સમય ફાળવી શકું. મને મળવાની પરમિશન લેવાની ન હોય!”

“થેંક્સ.” સામેની ખુરસીમાં બેસતાં મનીષાએ કહ્યું.

“મને મારી જાત પર બહુ અભિમાન હતું. પણ આજે લાગ્યું કે તમારી પાસે જ્ઞાન છે, કૌશલ્ય છે, કલા છે, સૂઝ છે, દષ્ટિ છે. છતાં એનું જરાકે અભિમાન નથી. બલ્કે નમ્રતા છે, વિવેક છે, બીજાની કદર કરવાની ભાવના છે. સૌ સાથે સહેલાઇથી ભળો છો એટલા જ અલિપ્ત રહો છો... સાચું કહું તો અંદરખાને તમારી ઈર્ષા આવતી હતી. મારી નોકરી જશે એની મને સતત

ભીતિ રહેતી હતી. તમારી સદભાવના અને નમ્રતા સમક્ષ હું પીગળી ગઇ. ખરેખર, મને તમારા પર વિશ્વાસ બેઠો છે. એટલે મેં તમારી સમક્ષ હૈયું ખોલ્યું. હું આવી છું બીજા કામ માટે. બોસે પાર્ટીની વાત કરી એ વિચાર મને ગમ્યો છે. પણ કોઇ બીજા સ્થળે પાર્ટી રાખીએ તો સારું.”

“તો તમારે સજેસ્ટ કરવું હતું ને!”

“મારી વાત બોસ ન માનત. કારણ કે કેન એમનો જીગરી મિત્ર છે.”

“તમને સ્થળમાં શો વાંધો છે?”

“તમે નવાં નવાં છો એટલે એને ઓળખતાં નથી.”

“તમે મને હકીકત કહો. ટ્રસ્ટ મી. તમે જે કહેશો એ આપણી બે વચ્ચે જ રહેશે.”

“કેનની નજર ખરાબ છે. સારી છોકરીઓ એનાથી દૂર રહે છે. આપણા પેપરની ખરાબ છાપ ન પડે એટલે મારું સજેશન છે.”

“પાર્ટી બીજે રાખી શકીએ. પણ મને લાગે છે કે તમે મને જે વાત કરી છે એ પરથી હું ઇચ્છું કે આપણે એને ત્યાં જ પાર્ટી રાખીએ. મારે એની હિલચાલ જોવી છે. તમારા સહકારની મને બહુ જરૂર રહેશે. આપણે બે મળી એને એક દિવસ પરચો બતાવીશું.”

“એવા માથાભારે લોકોની સામે પડવાની મારી હિંમત નથી.”

“મનીષા, આ એકવીશમી સદી છે. આજની સ્ત્રી એ ગઇકાલની એક નિર્બળ અબળા નથી. કોઇ પણ પરિસ્થિતિ સામે ઝઝુમી શકે એવી પુરુષ સમોવડી છે.”

મનીષામાં હિંમત આવી.

“સારું હું તમને સહકાર આપીશ પણ મારી બદનામી ન થાય એ જોજો.” કહેતાં ઊભી થઇ.

રુબી પ્રત્યે એને માન વધ્યું. રિશેષમાં રુબી લંચમાં ગઇ. એ વખતે સૌને એકઠા કરી પાર્ટી વખતે રુબીનું સન્માન કરી એને સારી ગિફ્ટ આપવાની વાત સૌને કરી. સોએ એ પ્રસ્તાવ વધાવી લીધો. મનીષાને એની જવાબદારી સોંપી.

મનીષાએ હિતેનને વાત કરી. હિતેને ખુશ થઇ કહ્યું, “તમે એક પ્લેક

પણ કંપની તરફથી તૈયાર કરાવો. ગિફ્ટ અને પ્લેકનો ખર્ચ કંપની આપશે. હજાર બે હજાર જે થાય તેની ચિંતા ના કરશો. બધાને કહેજો ખાનગી રાખે. એને સરપ્રાઇઝ કરીશું."

મનીષા જતાં કેન આવ્યો. એને પાર્ટીની વાત કરી. કેન ખુશ થઇ ગયો. આ ગુરુ, શુક, શનિ કોઇ કન્વેન્સનને કારણે હૉલ રોકાયેલો હતો. પછીના શુક્ર વારે એણે હૉલ બુક કર્યો.

હિતેને રુબીને બોલાવી કહ્યું, "મારી કંપનીને પણ પાંચ વર્ષ થયાં છે.મને લાગે છે કે આ એક સરસ અવસર છે. આપણે ભવ્ય પાર્ટી રાખીએ."

"જેવી તમારી મરજી. બધાને સમાવી શકાય એટલો મોટો મોટેલનો હૉલ છે?"

"હા. દોઢસો બસો માણસો સહેલાઇથી ડીનર લઇ શકે એમ છે."

"નિમંત્રણ છપાવવાં પડશે."

"મનીષાને એ કામ સોંપી દો. એ એમાં હોંશિયાર છે."

"ઓ.કે."

તાત્કાલિક ઇન્વિટેશન કાર્ડ છપાવી કંપનીના હિતેચ્છુઓ, મિત્રો, જાહેર ખબર આપનારા અને પ્રતિષ્ઠિત નાગરિકોને નિમંત્રણ મોકલી દીધાં.

* *

શુક્રવારે છ વાગ્યે સૌ પેરેડાઇઝ મૉટેલ પર પહોંચી ગયાં. બસો જેટલા લોકો આવ્યા હતા. કેનેડિયન અને ઇન્ડિયન ઉપરાંત અન્ય દેશોના કેટલાક લોકો હતા. મોટા ભાગનાં કપલ્સ હતાં. સિંગલ લોકો પોતાની ગર્લફ્રેન્ડને લાવ્યાં હતાં, રુબી અને મનીષા એકલાં હતાં. હિતેન પણ એકલો હતો.

"હિતેનને કોઇ ગર્લફ્રેન્ડ નથી?"

"મને એમ હતું કે તમે એમનાં ગર્લફ્રેન્ડ છો."

"મી?" હસીને રુબી બોલી.

મનીષા એની સામે જોઈ રહી.

"નો. નો. હું તો જસ્ટ ફ્રેન્ડ છું."

"હજુ સુધી કોઇ સાથે અમે જોયા નથી. મારી સામે કદી આંખ પણ ઊંચી નથી કરી. હાર્ડ ટુ નો સમવન!"

હાથમાં રમનો ગ્લાસ લઈ કેન એમની પાસે આવ્યો અને પૂછયું, “કેન આઈ ગેટ સમ ડ્રિંક ફૉર યુ પીપલ?”

“નો થેંક્સ. નેવર ડ્રિંક.” રુબીએ કહ્યું.

“આ દેશમાં આવો અને ડ્રિંક ન લો તે ચાલતું હશે?”

“ડ્રિંક લેવું જોઈએ એવું કોણે કહ્યું?”

“અરે આ તો સોમરસ છે. એના વિના પાર્ટી અધૂરી છે.”

“તમે પૂરી કરો છો એ જ અમારું એન્જૉયમેન્ટ છે.”

“અમને પાગલ થતા જોવું તમને ગમે છે!”

“પાગલોની દુનિયામાં રહેવાનું છે એટલે એટ લિસ્ટ એમને જોઈને તો આનંદ માણીએ.”

“છોકરી તું બહુ ચાલાક લાગે છે. બધાના જ્વાબ હાજર છે! મનીષા, તારે માટે કંઈ લાવું?”

“આજમૂડ નથી.”

“પીશ તો મૂડ આવશે. આ છોકરી ઈન્ડિયાથી તાજી આવી છે એટલે હજુ ઈન્ડિયાનું ભૂત વળગેલું છે. કમ ઑન, માય ડીયર.” કહેતાં મનીષાનો હાથ પકડી બાર પાસે લઈ ગયો.

હિતેનની નજર પડતાં એણે મનીષા પાસે આવી કહ્યું, “મનીષા, તું એનાઉન્સ કર.”

“યસ સર.” કહેતાં મનીષાએ માઈક પાસે જઈ બધાને બેસી જવા એનાઉન્સમેન્ટ કરી. બધાં બેસી જતાં એણે ટૂંકા કાર્યક્રમની જાહેરાત કરી.

હિતેને બધાંને સત્કાર્યાં. પેપરની પ્રગતિ વિષે થોડી વાતો કરી બોલ્યો, “અમારા સ્પેશિયલ ઈસ્યુને નવાં રૂપરંગ આપનાર અમારા ચીફ એડિટર મિસ રુબી વીરાણી છે. એમનાં જ્ઞાન અને કૌશલ્યનું આ પરિણામ છે. આ તો શરૂઆત છે. અમારા હવે પછીના ‘કેન ગુર્જરી’ના અંકો એક કરતાં એક ચડિયાતા બનશે. આપ સૌનો સહકાર મળશે તો એક ઉત્તમ અને સર્વશ્રેષ્ઠ ગુજરાતી વર્તમાનપત્ર બની રહેશે. આ વર્ષના દ્વિવાળી અને નાતાલ અંક અમારા ઈતિહાસમાં એક અનોખી ઘટના બની રહેશે. અમારા પ્રકાશનને પાંચ વર્ષ પૂરાં થયાં એની ખુશાલીમાં અને અમારા નવા એડિટરને સન્માનવા

આ પાર્ટી રાખી છે. આજ કંપની તરફથી એમનું બહુમાન કરતાં મને આનંદ થાય છે. હું મિસ રુબીને અહીં આવવા વિનંતી કરું છું.”

રુબી આવતાં એને બેસ્ટ એડિટરનો એવૉર્ડ અને એક ગિફ્ટ આપ્યાં.

હિતેને ગાલ પર કિસ કરી રુબીનું બહુમાન કર્યું.

“ગિફ્ટ ઓપન પ્લીઝ.” ઑડિયન્સમાંથી કોઈ બોલ્યું.

રુબીએ પેકેજ ખોલ્યું. લેડીઝ રાડો ઘડિયાળ જોઈ એ છક થઈ ગઈ.

“સ્પીચ ... સ્પીચ...” કોઈ બોલ્યું.

રુબીએ માઇક હાથમાં લઈ કહ્યું, “સ્વજનો અને સન્નારીઓ, આજે હું જે કંઇ છું તે મિ. હિતેશને આભારી છે. મેં મારી ફરજથી વિશેષ કંઈ જ નથી કર્યું. સ્પેશિયલ ઇસ્યુની સફળતા માટે મનીષા પટેલ અને મારા સૌ સાથીદારો મારા કરતાં વધારે જસનાં અધિકારી છે. વ્હેરએવર યુ વર્ક, બી ફેઇથફૂલ ટુ યૉર વર્ક એન્ડ બૉસ એન્ડ રિવાર્ડ ફોલોઝ.

આ કીમતી ગિફ્ટ માટે મારા બૉસની હું ખૂબ ખૂબ આભારી છું. પ્રેમાળ અને કદરદાન હિતેનભાઇ સાથે કામ કરવું એ જિંદગીનો એક મહામૂલો લહાવો છે. આ ઘડિયાળનો કાંટો હૈયાના ધડકન જેમ ટક.. ટક.. કર્યા કરે છે એમ આપણે સૌ પ્રામાણિકપણે આપણાં કામો કરતાં રહીશું તો આવતી કાલ ઉજ્જ્વળ બની રહેશે. કર્મણ્યે વા અધિકારસ્તે, મા ફલેષુ કદાચનમ. ગૉડ બ્લેસ યુ ઑલ એન્ડ થેંક્યુ વરી મચ ટુ ઑલ ઑફ યુ. એન્જોય ધ ડિનર. એન્જૉય ધ પાર્ટી. હેવ અ વન્ડરફુલ ઇવનિંગ!”

તાળીઓના ગડગડાટથી હૉલ ગાજી ઊઠયો.

સૌને ડિનર સર્વ કરવામાં આવ્યું. ડિનર પછી પાર્ટી જામી. ફ્રી ડ્રિન્ક સર્વ કરવામાં આવતું હતું. મફતમાં ડ્રિન્ક હતું પણ કેટલાક સંયમમાં હતા, કેટલાકે માઝા મૂકી.

કેને બહુ પીધો. વાતાવરણ બગડે તે પહેલાં એક સ્ત્રી એનો હાથ પકડી એને હૉલની બહાર લઈ ગઈ.

“કોણ હતી એ સ્ત્રી?” રુબીના મનમાં એક સવાલ રમી રહ્યો.

* * *

# ઓગણીસ

પેલી સ્ત્રી કોણ હતી?” રુબીએ મનીષાને પૂછ્યું.

“ખબર નહિ. એની પત્ની તો હિતેનની મમ્મીની જેમ કોઈ પાર્ટીમાં આવતી નથી. પણ આ સ્ત્રીને પહેલાં પણ એકબે વાર એની સાથે જોઈ છે. બૉસને પૂછી જાણી લઈશું.” મનીષાએ વાત ઉડાવી દીધી.

“મનીષા, ગમે તે હોય. પણ એક વાત ચોક્કસ છે કે કેનથી આપણે બહુ સાવધ રહેવાની જરૂર છે. એના શિકારનો ભોગ ન બની જઈએ એની કાળજી રાખવી પડશે.”

“મેં કરાટીના ક્લાસ ભર્યા છે. હું પહોંચી વળું એમ છું. તમે બહુ બ્યૂટીફુલ છો. એની નજર તમારા પર લાગે છે. સુંદર છોકરીઓને ફસાવવામાં એ એક્સપર્ટ છે.”

“એ મને ફસાવે એ પહેલાં હું એને ફસાવું એવી છું.”

“એને ફસાવવો સહેલો છે.”

“કઇ રીતે?”

“એ હ્યુમન સ્મગ્લર છે.”

“હું કંઈ સમજી નહિ.”

“ઇન્ડિયાથી છોકરાછોકરીઓને અહીં લાવે છે અને અહીંથી બોર્ડર ક્રોસ કરાવી અમેરિકામાં ઘૂસાડે છે. સાઇડ ઇન્કમમાં બહુ કમાય છે.”

“આ બધું કરે છે કેવી રીતે?”

“એક ગેંગ છે. “

“તને કેવી રીતે ખબર?”

“એક દિવસ એને ત્યાં પાર્ટીમાં ગઈ હતી. બહુ પીને મારી પાસે આવી

કહ્યું,'મનીષા, યુ આર અ વન્ડરફૂલ ગર્લ. વૉટ અ ચાર્મિંગ ફેસ. તું અમને મદદ કરે તો પૈસાના ઢગ પર બેસાડું. તારી નોકરીને આંચ પણ નહિ આવે.'

'કેવી રીતે?'

'અમારી સાથે કામ કરવાનું. વર્ષમાં ચાર કે પાંચ વાર હું કહું તેમ કરવાનું.'

'કરવાનું શું?'

'પહેલાં તું હા પાડે પછી જ વાત કરી શકાય.'

'પણ કામ જાણ્યા વિના કેવી રીતે હા પાડી શકું?'

'થોડું અનીતિનું છે, થોડું ખોટું કરવાનું છે, થોડું રિસ્કી છે. હા, તારી બ્યૂટીને પડકારવાનું કે તારી ઇજ્જતને આંચ આવે એવું કામ નથી."

'તોપણ કંઈ જાણ્યા વિના હું હા ન પાડું.'

એનો નશો વધતો જતો હતો. એણે મારો એક હાથ પકડી કહ્યું, 'મને વચન આપ કે કોઈને કદી કહીશ નહિ તો હું તને કહું.. આઇ ટ્રસ્ટ યુ માય ડીયર. આઈ લાઇક યુ. તને પૈસા મળે એ મારે જોવું છે એટલે તને વાત કરું છું. બાકી મને જોઈએ એટલી છોકરીઓ મળે છે. હું માગું તે મને સમર્પી દે છે. મારે તારા જેવી એક વિશ્વાસુ છોકરી જોઈએ છે.'

મેં વચન આપ્યું એટલે મને એના સિક્રેટ બિઝનેસની વાત કરી. 'મનીષા, એક ગ્રુપ હ્યુમન સ્મગ્લંગનું કામ કરે છે.'

'હું કંઇ સમજી નહિ.'

'ઇન્ડિયાથી માણસોને લાવવાના. અહીં લાવી બોર્ડર ક્રોસ કરાવી અમેરિકા મોકલી દેવાના.'

'એમાં તો કોક દિવસ પકડાઈ જવાનો હંમેશ ભય રહે.'

'અમારા સાગરીતો પહોંચેલા છે. ઇમિગ્રેશન ડિપાર્ટમેન્ટ, પોલીસ ડિપાર્ટમેન્ટ, બોર્ડર સિક્યૉરિટી ઑફિસર્સ, બધા જ અમારી સાથે સંકળાયેલા છે. સૌને એમનો હિસ્સો મળતો રહે છે એટલે પૂરો સહકાર આપે છે. અમારી ટોળકીમાં હાલ બે છોકરીઓ છે. પણ એક વિશ્વાસુ છોકરી જોઈએ છે. ક્યારેક કોઈ સ્ત્રીને અહીં લાવીએ ત્યારે ચારપાંચ દિવસ એની કેર લેવા ટ્રસ્ટવર્ધી લેડી જોઈએ. વર્ષે તને પંદરવીસ હજાર ડોલર મળી રહેશે. ગારન્ટીડ.'

'ના, મારી હિંમત નથી. સોરી, મને માફ કરજો.'

'એમાં હિંમતની જરૂર નથી. જો ને ચાર વર્ષ થયાં અમને કંઈ થયું છે? તારો બોસ અમારી સાથે સીધો સંકળાયેલો નથી. એ અમારો એકાઉન્ટન્ટ છે. પૈસાની હેરફેર કરવામાં એ બહુ હોંશિયાર છે એટલે એને એના એ કામ માટે એનો હિસ્સો મળતો રહે છે. મારા સિવાય અમારી ટોળકીમાં એને બીજું કોઇ ઓળખતું નથી.'

'આવું કામ મને ન ફાવે.'

'ઓ.કે. પણ હજુ વિચારજે વૉટેવર ડિસીઝન યુ ટેક, ફેર વિથ મી. બટ ડોન્ટ ટેલ એની વન એબાઉટ ધિસ સિક્રેટ.'

'આઇ સ્વેર. સોરી મને રસ નથી. પ્લીઝ મને ન સંડોવો. મારા ડેડી જાણે તો મને આ નોકરીમાંથી પણ રાજીનામું આપવાની ફરજ પાડે.'

'વેલ, આપણે નીકટનાં મિત્રો બની રહીશું.'

'ઓ.કે.' કહી મેં હસીને એને કાઢ્યો.

"કેન બહુ પહોંચેલો છે! હવે મને ખબર પડી કે કેનને ત્યાં પાર્ટી રાખવાની તમે કેમ ના પાડતાં હતાં. મનીષા, થેંક્સ અ લૉટ. હવે હું સાવધાન રહેવાની. જો કે એની આંખોમાં હવસની ગંધ પહેલેથી પારખી ગઈ છું."

"એ કળામાં એ એક્સપર્ટ છે. મેં એની ટોળકીમાં જોડાવાની ના પાડી પછી એ મને બીજી રીતે ફસાવવા માગતો હતો. અવારનવાર એક્સ્પેન્સિવ ગિફ્ટ આપી જાય. મીઠી મીઠી વાતો કરી મારું દિલ જીતવા પ્રયત્ન કરે. મને મુવી જોવા આમંત્રણ આપે, ડિનર માટે આમંત્રણ આપે. હું ના પાડતી રહી પણ એ ગિફ્ટ આપી જતો. એને એમ હતું કે કો'ક દિવસ હું પીગળીશ. છેવટે એક દિવસ મેં એને ધમકી આપી કે મારો પીછો નહિ છોડે તો પોલીસને ફરિયાદ કરીશ. બસ, ત્યારથી મારી સામે આંખ ઊંચી કરતો નથી."

"એની નજર હવે મારા પર છે. એ મને સંડોવવા પ્રયત્ન કરશે. હું એને પહોંચી વળીશ. તેં બૉસની સલાહ લીધી હતી?"

"હા, બૉસે મને સલાહ આપી હતી કે એનાથી દૂર રહેવું. એ બહુ વિશ્વાસપાત્ર નથી. સમય આવે એ સરકી જશે અને તને ફસાવી દેશે અને તું નાહકની હેરાન થઇ જઈશ."

"તો પછી હિતેન એની સાથે કેમ સંબંધ રાખે છે?"

"એની મૉટેલના એકાઉન્ટ્સ સંભાળે છે. એની બીજી પ્રવૃત્તિ સાથે એ સીધા સંકળાયેલા નથી. પણ એના આડાં નાણાંનો વહીવટ એ કરતા લાગે છે. એ અંગે જે કંઈ કરે છે તે બારોબાર કરે છે. કયાંય એમનું નામ ન આવે એ રીતે. બીજું પણ એક કારણ છે." મનીષા અટકી ગઈ. કંઈ બોલી નહિ.

"શું કારણ છે?"

"મેં સાંભળેલી વાત છે એટલે એમાં કેટલી સચ્ચાઈ છે એની મને ખબર નથી. પણ એ તો વ્યકિતની અંગત વાત છે. આજ નહિ ફરી સમય આવે કહીશ. કદાચ એ પહેલાં તમને એની ખબર પડી જાય એવું પણ બને!"

"ઠીક છે. હું આગ્રહ નહિ કરું. આજથી આપણે બે ઇન્ટિમેટ ફ્રેન્ડ. યુ ટ્રસ્ટ મી, આઇ ટ્રસ્ટ યુ. પહેલાં તો પેલી સ્ત્રી કોણ છે એની તપાસ કરવી પડશે."

"સૉરી, એ વાત મેં તમારાથી છૂપાવી. હવે આત્મીયતા બંધાઈ છે તો તમને કહેવામાં વાંધો નથી. એનું નામ પેમ છે. જો કે અસલ નામ તો પેમોલા છે. કેનની ગર્લફ્રેન્ડ છે. નાયગરામાં રહે છે. ટોરોન્ટો બફેલો શટલ બસ સર્વિસ ચલાવે છે. કેન એનો માલિક છે. "

"શટલ બસનો કે પેમનો?" રુબીએ મજાક કરી.

"બંનેનો." હસીને મનીષા બોલી.

"એની પત્નીને એના આ આડસંબંધની ખબર છે?"

"એની પત્નીને બધી ખબર છે પણ કંઈ બોલી શકતી નથી. પતિ તરીકે કેન જંગલી અને બહુ ક્રૂર છે."

"મનીષા, અહીંની દુનિયા રંગીલી છે. મોડર્ન લાઇફને બહાને ઘણું બધું ચાલતું હોય છે. તું અહીં કેટલાં વર્ષથી છે?"

"હું ચાર વર્ષની હતી ત્યારે મારા ડેડી મમ્મી સાથે અહીં આવી હતી. અહીંના સમાજમાં ઉછરી છું. અહીં બી.એ. સુધી ભણી છું. બી.એ.માં મારે અંગ્રેજી અને જર્નાલિઝમ હતાં. નાનપણથી હું ગુજરાતીના ક્લાસ ભરતી હતી. લખતાં વાંચતાં આવડી ગયું. મમ્મી પપ્પાએ એમાં હોંશિયાર બનાવવામાં સારો ભાગ ભજવ્યો. પપ્પાને વાચનનો બહુ શોખ. ગુજરાતી વર્તમાનપત્રો, માસિકો અને પુસ્તકો પપ્પા લાવતા. મને વાચનનો શોખ કેળવ્યો. હાઈસ્કૂલમાં હતી ત્યારથી કેટલાક આર્ટિકલનું અંગ્રેજીમાંથી

ગુજરાતીમાં ભાષાંતર કરતી. પપ્પા પ્રોત્સાહન આપતા રહ્યા. બાકી અહીં જન્મેલાને ગુજરાતી લખતાંવાંચતાં આવડે એની કલ્પના પણ ન કરાય."

"ધગશ હોય તો આકાશના તારા પણ ગણી શકો. તને ખબર છે ગુજરાતી ભાષાનું વ્યાકરણ લખનાર એક અંગ્રેજ હતો."

"હા, રેવરન્ડ ટેલર."

"મને તારી ટેલન્ટ પર માન ઊપજે છે. કીપ ધ સ્પિરિટ."

"તમારા સમાગમથી મને ઘણું શીખવા મળશે."

"લગ્ન અંગે તારો શો વિચાર છે?"

"તમારો શો વિચાર છે?"

"હું પચીસ છવ્વીસ પહેલાં એ અંગે કલ્પના પણ કરવાની નથી."

"મને પચીસ થયાં. છવ્વીશ સુધી હું પણ કંઇ વિચારવાની નથી.""

"કોઇ બૉયફ્રેન્ડ છે?"

"બે ચાર ફ્રેન્ડ છે, પણ બૉયફ્રેન્ડ કોઈ નથી. તમારે કોઈ છે?"

'અહીં કોઇ નથી પણ દેશમાં મારું પ્રિય પાત્ર છે.' કહેવાનું મન થઈ ગયું પણ જુદું બોલી, "હજી એકવીશ વર્ષની જ છું. તને કોઈ ગમી જાય તો કહેજે. તારો સમય પાકી રહ્યો છે."

"થેંક્સ. ચાલો, અધૂરાં કામો પૂરાં કરવાનાં છે." મનીષા ઊઠીને ગઈ.

રુબીને મનીષા પાસેથી ઘણી માહિતી મળી. કેન વિષે એ ઘણું જાણતી હતી, હિતેનની કોઇ અંગત વાત જાણતી હતી. પણ કહેતાં ડરતી હતી. એને સંજયના કટાક્ષભર્યા શબ્દો યાદ આવ્યા. એની પાસેથી કંઈક માહિતી મળી રહેશે એમ વિચારતી હતી ત્યાં જ સામે હિતેન આવીને ઊભો રહ્યો.

"હાય, હું તમારી કેબિનમાં આવવાની હતી."

"કેમ?"

"ઑફિશિયલી તમારો આભાર માનવા."

"શાને માટે?"

" તમે મને બહુ કીમતી ગિફ્ટ આપી."

"યુ ડિઝર્વ ઇટ. મને લાગે છે કે પેપરને નંબર વન બનાવવું હોય તો પેપરની સંપૂર્ણ જ્વાબદારી તને સોંપી દેવી પડશે. તારા સિવાય આટલું

સરસ પેપર નીકળી ન શકે."

"તમારા સહકાર વિના કશું શક્ય નથી. અમે તમને જશ અપાવીશું. મનીષાનો અને સૌ કાર્યકરોનો મને સારો સાથ અને સહકાર છે."

"મનીષા હોંશિયાર છે. પ્રામાણિક છે. હાર્ડ વર્કર છે. ઊંડી સૂઝ અને કલાત્મક દૃષ્ટિ છે. પણ ભાષાની ભૂલો એના લખાણમાં બહુ હોય છે."

"મારી સાથે ધીરે ધીરે એ સુધરી જશે."

"સરસ, એને જરા માર્ગદર્શન આપતી રહેજે. હું તો તને ઑફિશિયલી થેંક્યુ કહેવા આવ્યો હતો."

"તમારે થેંકયુ કહેવાનું હોય નહિ. અમારે અમારી ફરજ બજાવવી રહી. આસુએ મને એક મંત્ર આપ્યો છે. જ્યાં નોકરી કરીએ ત્યાં ખંતથી કામ કરવું અને બોસને તથા કંપનીને બહુ વફાદાર રહેવું."

"વેરી ગુડ. આસુના વિચારો બહુ સારા છે. કીપ ધ સ્પિરિટ."

હિતેનના મનમાં એક સવાલ જાગ્યો હતો. 'આસુ આપણા પેપર માટે કેવો રહે?' પણ એ અંગે કંઈ જ ન બોલ્યો. સમય આવે એને વાત કરવાનું વિચારતો એની ઑફિસમાં ગયો.

* *

થોડા દિવસ પછી કેન મળવા આવ્યો. "શા સમાચાર છે?"

"સાલું તે દિવસ પાર્ટીમાં વધારે પડતો પીવાઈ ગયો."

"કેન, જાહેરમાં તારે કંટ્રોલ રાખવાની જરૂર છે. કયાંક કંઇ બકી નાખીશ તો તમે બધા મુશ્કેલીમાં મૂકાઈ જશો"

"સાચી વાત છે. આઇ વિલ ટ્રાય ટુ બી સોબર નાઉ. લે આ દસ હજાર તારા કામના." હિતેને દસ હજાર એની બ્રિફકેસમાં મૂકી દીધા.

"હિતેન બધાંના મોઢાં મોટાં થતાં જાય છે."

"કેમ શું થયું?"

"ઇન્ડિયાથી અહીં સુધી બધા વધારે માગી રહ્યા છે. ઇન્ડિયામાં વેઇટિંગ લિસ્ટ વધી રહ્યું છે. બધે ઑફિસરોની માગ વધી રહી છે. આ વખતે મારે ભાગ આઠ હજાર પણ આવ્યા નથી. આટલી દોડાડોડી પછી એ વ્યર્થ નથી."

"તો શું વિચારે છે?"

"ખબર નહિ. કંઈ સૂઝતું નથી."

"લે બે હજાર મારામાંથી આપી દઉં. મારું કામ તમારા હિસાબ રાખવાનું છે એટલે આઠ હજાર પૂરતા છે. તારું મન અપસેટ થાય એ ન ચાલે. વળી, મારું પેપર હવે સારું ચાલશે હું પેપર પર ધ્યાન કેન્દ્રિત કરવા માગું છું."

"કે રુબી પર?"

"તને તો ખબર છે. મને સ્ત્રીઓમાં બિલકુલ રસ નથી."

"ઓહ, સૉરી એ તો હું ભૂલી ગયો. મને એક વિચાર આવે છે. મને લાગે છે પેલી બે છોકરીઓ નાહકના પૈસા લઈ જાય છે. વર્ષે માંડ એકાદ બે છોકરીઓ આવે છે. એ બંનેને દૂર કરી એમનું કામ રુબીને સોંપીએ તો?"

"મને લાગતું નથી કે રુબી એ કામ કરવા તૈયાર થાય."

"તું મારા પર છોડી દે. ડોલરિયા દેશમાં ડોલરનો મોહ બધું કામ કરવા પ્રેરે છે. મને એ ગમી છે. ગમે તેમ કરી પટાવીશ. એ કળામાં હું હોંશિયાર છું."

"એને રીઝવવી એ સહેલું કામ નથી એટલું તને કહી દઉં."

"મારું નામ શું છે તને ખબર છે ને. તાકયું તીર મારનાર કેન. ઊડતાં પક્ષીઓને પાડી શકું એમ છું. બેચાર મહિના વધુ ઝુરવું પડે એટલું જ."

"મને વાંધો નથી. પણ એક વાત ધ્યાન રાખજે. મારું નામ કયાંય વાપરતો નહિ. તારા વર્તનથી મારી ઑફિસને આંચ ન આવવી જોઈએ. કશું મારી ઑફિસમાં ન થવું જોઈએ. મારા બિઝનેસને અને આપણી મૈત્રીને પણ આંચ ન આવી જોઈએ."

"આપણે મિત્રો કદી મટવાના નથી. તારા જેવો વિશ્વાસુ મિત્ર અને એકાઉન્ટન્ટ બીજે કયાં શોધવો?"

"ગુડ લક ઇન યૉર ગોલ."

"બાય નાઉ." કહી શેક હેન્ડ કરી કેન ઊભો થયો.

રુબીની કેબીનમાં ડોકિયું કર્યું, "હલો, મેમ. કાલની પાર્ટી કેવી રહી?"

"તમારી વાત કરો ને, તમારી સાંજ કેવી રહી?"

"સાલો બહુ પીવાઇ ગયો હતો. સૉરી, હવે હું પીવાનું ઓછું કરી દેવાનો છું." ખુરસી પર બેસતાં બોલ્યો.

"એવું વિચારી અમલમાં મૂકશો તો શરીરની ખુવારી બચાવી શકશો."

"તમારા જેવાં સુજ્ઞની સલાહ માનવી પડશે. તમારી મૈત્રી મને એ કુટેવમાંથી બહાર લાવી શકશે. તમારી મૈત્રીની અપેક્ષા રાખી શકું?"

"સજ્જન સાથેની મૈત્રી મને હંમેશ આવકાર્ય છે. દુર્જન સાથેની દુશમનાવટને પણ ધિક્કારું છું."

"તમારી છાયામાં જરૂર સજ્જન બની શકીશ."

"ટાઈમ વિલ પ્રુવ ઇટ."

"નેકસ્ટ વીક ડિનર માટેનું મારું આમંત્રણ સ્વીકારશો?"

"મને બે દિવસ પહેલાં ખબર આપજો."

"જરૂર. હેવ અ નાઇસ ડે." કહી હસીને શેકહેન્ડ કર્યા. સજ્જનની છાપ પાડવા રુબીનો હાથ બહુ દબાવી ન રાખ્યો. રુબી એને જતો જોઇ રહી.

'તમારી નજીક આવવાની તક તમે સામે પગલે આપી રહ્યા છો એનો મને આનંદ છે.' રુબી મનોમન હસી.

મનીષા પાસે જઈ કહ્યું, "હમણાં કેન મારી કેબિનમાંથી ગયો."

"મેં એને તમારી કેબિનમાં જતાં જોયો હતો."

"મારી પાસે મૈત્રીનો હાથ લંબાવ્યો. એની નજીક જઈ ખોટા ભ્રમમાં રાખી એની પાસે એની પ્રવૃત્તિઓની વાતો ઓકાવવાની સારી તક મળતી રહેશે. એને હાથે જ એની ઘોર ખોદાવીશ."

"ગુડ આઇડિયા. એથી બીજા કોઈને સંડોવવાનો કોઈ સવાલ ઊભો નહિ થાય. મારી મદદની જરૂર હોય તો મને કહેજો. એને પાઠ ભણાવવાની મને પણ તાલાવેલી છે. મને એણે બહુ હેરાન કરી છે."

"હવે એના દહાડા ભરાઈ ગયા છે. તું કોઇ ગેરસમજ ઊભી ના કરે એટલે તને મેં આ વાત કરી છે."

"તમારે વિષે મને કદી ગેરસમજ નહિ થાય. નાઉ આઇ નો યુ વેરી વેલ."

રુબી એની કેબિનમાં ગઈ. પાછળ પાછળ હિતેન આવ્યો.

"કેન મળવા આવ્યો હતો?"

"હા. હવે સોબર થવાની વાતો કરતો હતો." હિતેન હસ્યો.

"કેમ હસો છો?"

"પેલી કહેવત છે ને કે પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ."

"તમે કહેવતો સારી જાણો છો."

"મારી મમ્મી પાસેથી તને સાંભળવા નથી મળતી?"

"એ તો વાતવાતમાં કહેવતો વાપરે છે."

"બસ એની પાસેથી હું શીખ્યો છું. એ કેન કદી ન સુધરે. સુધરે તો સારું. બીજી કંઈ વાત કરી?"

"હા, એની સાથે ડિનર માટે નિમંત્રણ આપતો ગયો છે."

"કયારે જ્વાની છે?"

"હમણાં દિવાળી અંકની તૈયારીમાં બહુ બિઝી રહેવાની છું. બે ચાર વીક પછી જઈશું એમ કહીને કાઢ્યો."

"ડિનર માટે જ્વાનું થાય ત્યારે મને કહેજે."

"તમને કહ્યા વિના હું કયાંય જતી હોઈશ?"

"મારા પર વિશ્વાસ મૂકવા માટે થેંક્સ."

"તમારા પર જિંદગીભર વિશ્વાસ મૂકવાની છું. તમારા સિવાય અહીં મારું કોણ છે?"

"મમ્મી. એને તારા પર બહુ હેત અને લાગણી છે. એ તને ઘરમાંથી બહાર જ્વા દેવાનાં જ નથી. મારે તને એક કામ સોંપવું છે."

"સોંપો."

"રુબી, તું મમ્મીમાં મારા ડેડી માટે પ્રેમ અને લાગણી જ્ગાવ. એ બંને સાથે રહે એવી મારી બહુ ઈચ્છા છે. એ પછી અહીં રહે કે ઈન્ડિયામાં રહે મારે મન એ અગત્યનું નથી. મારી વાત તો એ કદી માનવાની નથી. મને લાગે છે કે તારી વાત જરૂર માનશે. બહુ ચાલાકીથી કામ કરજે."

"એનો પાયો નાખવાની મેં શરૂઆત કરી દીધી છે. તમારાં લાગણી અને ભાવનાની કદર કરું છું. આજ તમારા મુખે આ વાત સાંભળી તમારે માટેનું મારું માન ખૂબ વધ્યું છે. દરેક દીકરાએ મા-બાપની લાગણીને સમજ્વી જોઈએ. મા-બાપને અલગ નહિ, ભેગા કરવાનું કામ સારા દીકરાની એક ફરજ બની રહે છે. મા-બાપની આંતરડી કકળે એના શાપ દીકરાને જરૂર લાગે છે. દીકરો બહુ સુખી હોય કે ધનના ઢગ પર બેઠો હોય એ માબાપના પૂણ્યનું જ કારણ છે. ભલે એણે બધું પોતાની અક્કલ હોંશિયારીથી મેળવ્યું

હોય. પણ એની પાછળ માબાપના આશીર્વાદ હોય છે. માબાપને માનથી સારી રીતે ટ્રીટ કરનાર પર ભગવાન પણ એના ચાર હાથ રાખે છે.”

“રુબી, માબાપની જિંદગીનાં તોફાન જોઈ મારું હૈયું રડી ઊઠતું એટલે જ મેં બંનેને છૂટાં પાડ્યાં. એમના સુખ માટે મેં એ પગલું ભર્યું ખરું પણ એમને જુદા પાડવા બદલ મારું મન સતત ડંખી રહ્યું છે. તું કંઈક કરીશ તો હું જીવનભર તારો ઉપકાર નહિ ભૂલું.”

“તમે હવે નચિંત રહેજો. મને શ્રધ્ધા છે કે હું મારા કામમાં સફળ થઈશ.”

“આભાર, રુબી.” હિતેનને લાગ્યું કે એની આંખોમાં આંસુ ઊભરાઇ આવશે. એ જલદી જલદી એની ઑફિસમાં ચાલ્યો ગયો. એ દિવસથી રુબીએ સરોજનું માનસ પરિવર્તન કરવાનું શરૂ કરી દીધું.

* *

ઑફિસમાં પહોંચતાં કાજોલે કહ્યું, “બહેન, આપનો એક પત્ર છે.”

કેબિનમાં જઈ કવર ખોલી પત્ર વાંચવા લાગી.

પ્રિય રુબી,

મારા જિગરના ટૂકડા સમી તને હું ભૂલવા મથું તો પણ ભૂલી શકતો નથી. આપણે બે મહિના સાથે રહ્યાં, સાથે જીવ્યાં. એકબે વખત બંનેનાં મન ચકડોળે ચડ્યાં ખરાં. પણ સાચા અર્થમાં સજ્જન જ રહ્યાં. એકલતાનો ન લાભ લીધો, ન આપણા તનમનને દૂષિત કર્યાં. એજ આપણા સાચા પ્રેમની કસોટી અને સાચા મનની સાબિતી છે. રુબી તું કોણ હતી એ વાત મેં મનમાંથી ફગાવી દીધી છે. એટલું જ કહું છું કે તું મારી છે, હું તારો છું. આપણે એક બીજા માટે સર્જાયાં છીએ. નહિતર કુદરત આપણને આમ નજીક લાવત નહિ. તને થશે આ બધી વાત તું મારી સામે હતી ત્યારે કેમ ન કરી?

માનવી દૂર જાય છે ત્યારે જ એની કિંમત સમજાય છે. એની ખોટ સાલે છે અને મનના ભાવો ઉકેલવાની સમજ કેળવાય છે. તારા ગયા પછી આપણી વચ્ચેની એક એક વાત યાદ કરી એને વાગોળી છે. અને એમાંથી જન્મેલું સત્ય મને સમજાયું છે. મમ્મી પણ તારી ખોટ અનુભવે છે. દિવસમાં હજાર વાર તને યાદ કરે છે. એને એમ જ લાગે છે કે તું કદી પાછી નહિ આવે. રડતાં રડતાં મને કહે છે, ‘આસુ, એક સુપાત્ર તેં ગુમાવ્યું છે..’

હું એને કહું છું, 'મમ્મી મેં સુપાત્ર ગુમાવ્યું નથી. એને સુવર્ણપાત્ર બનાવવા દૂર મોકલ્યું છે.' મમ્મી હસે છે. સુવર્ણપાત્ર પાછું મળે એને માટે મહાકાળી માતાને પ્રાર્થના કરતી રહે છે. હું મહિનાઓ સુધી રાત દિવસ તારા વિચારોમાં ડૂબેલો રહેતો. એમ.એ.ના ગોલને જાણે ભૂલી રહ્યો હતો. માએ કદાચ મારું અંતર વાંચી લીધું હશે. માને એની ગંધ આવી ગઈ હોય કે ગમે એમ એણે મને યાદ અપાવ્યું, 'બેટા, તારા નસીબમાં એ સૂવર્ણપાત્ર હશે તો નવા ચળકાટ સાથે એક દિવસ તારી પાસે આવશે. તારો ગોલ ના ભૂલતો.'

એટલે મેં નક્કી કર્યું છે કે હવે હું દિલ્હી આવીશ ત્યારે જ તારા વિચારો કરીશ. અમદાવાદમાં તને સદંતર ભૂલી જઇશ. ઘરે ફોન આવી ગયા પછી બેત્રણ વાર ફોન પર તારી સાથે વાત કરી. પણ ફોન પર કેવી રીતે હૈયું ખોલી શકું? અહીંના ફોન પણ ઘણી વાર બીજાની લાઈન સાથે જોડાઈ જતા હોય છે. એસ.ટી.ડી. પરથી ફોન કરતાં પણ એ જ બીક રહે છે. કયાંક કોઈ કંઈ સાંભળી જાય અને આપણે મૂશ્કેલીમાં મૂકાઈ જઈએ એ ભીતિ સતત રહી છે. આજે દિલ્હીથી તને આ પત્ર લખું છું. અમદાવાદથી લખી શકું એમ નથી.

કૉલેજો ખૂલ્યા પછી એક સી.આઇ.ડી. ઇન્સ્પેક્ટર ક્લાસના અમને બધાને મળવા આવ્યો હતો. એક ફોટો બતાવી પૂછતો હતો, "આ છોકરી વિષે કંઈ માહિતી છે?"

"ના મને કંઈ ખબર નથી. વેકેશન પડતાં હું મારે ઘેર જતો રહ્યો હતો."

પછી મને ઝાઝા સવાલો ન પૂછયા. બધાએ અનજાન બની વાત ટાળી. મેં અજાણ બની પૂછયું. "કેમ કંઈ પ્રોબ્લેમ છે?"

"એક ખૂનના કેસની અમે તપાસ કરી રહ્યા છીએ. સત્ય જાણવા રુબીને શોધવા છાપામાં ખાતાએ જાહેર ખબર આપી છે."

વેલ, એ અંગે હવે કંઈ વિચારવું કે લખવું નહિ એજ હિતાવહ છે. આ કાગળ ફાડીને ફેંકી દેજે. આપણે બહુ પત્રવ્યવહાર ન કરવો એ હિતાવહ છે.

રુબી, ફોન કરતી રહેજે. દર મહિનાના છેલ્લા શનિ રવિ હું દિલ્હી આવતો રહું છું. મમ્મીને પણ ગમે છે. વસુબહેન અને ગુરુદેવ તને યાદ કરે છે. હિતેન સાથે કામ કરવું ફાવી ગયું હશે! એની મમ્મી સાથે કોઈ પ્રોબ્લેમ થતો નથી ને?

હું બે વર્ષ અભ્યાસમાં કાઢીશ. એક વર્ષ નવી નોકરીમાં સેટ થવામાં

જશે. પછી તારી સાથે સેટ થવામાં અને જિંદગી માણવામાં જશે. રુબી પ્લસ આસુ એટલે ચાંદ પ્લસ સૂરજ. પરિણામ. તું કલ્પી શકે છે. હું જોઈ શકું છું... એ જોવા તલપી રહ્યો છું... મારા વૉલેટમાં અને મારા હૈયામાં તને પૂરી દીધી છે. કોઈ તારું અપહરણ કરી શકે એમ નથી. સિવાય કે તું સામે ચાલીને કોઈની પાછળ પાછળ ચાલી નીકળે.

બાય નાઉ.. આઇ લવ યુ, ડાર્લિંગ.. આઇ લવ યુ..

*તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી*
*તારા રૂપની પૂનમનો પાગલ એકલો*
*તારા રૂપની પૂનમનો પાગલ એકલો*

આજે તારી યાદમાં આખી રાત પડખાં ફેરવતો રહીશ. આંખ મીંચાશે ત્યારે તું મારી પાસે દોડી આવવાની. દોડી આવીશ ને?

હિતેન અને બધાં સ્નેહીજનોને યાદ આપજે.

પત્ર પૂરો થતાં નીચે રેડ પેનથી ગુલાબની બે પાંખડીઓ દોરી હતી.

રુબી ફરી ફરી પત્ર વાંચી ગઈ. થોડી ગમગીન બની ગઈ. આસુ મન પર સવાર થઈ ગયો. સામે હિતેન આવીને ઊભો હતો એનો કંઇ ખ્યાલ ન રહ્યો.

"રુબી, કોનો પત્ર છે?"

"આસુનો. તમને સ્નેહવંદન પાઠવ્યા છે."

"મજાનો છોકરો છે."

"વેરી ઇન્ટેલિજન્ટ એન્ડ લવેબલ યંગ મેન."

"પત્ર લખે તો મારી યાદ લખજે."

"જરૂર."

"એને પૂછજે કે એમ.એ. પૂરું કર્યા પછી કેનેડા આવવું ગમશે?"

"તમે કંઈ કરી શકશો?"

"હા, તું અહીં છે એટલે એ બહુ સહેલું છે? એક વાર એના વિચાર જાણી લે પછી બધું મારા પર છોડી દેજે. ગુડ લક." હિતેને રુબીને વિચાર કરતી કરી દીધી. 'તું અહીં છે એટલે બહુ સહેલું છે.' એનો અર્થ શોધવા મથી રહી.

* * *

# વીસ

"હેલો." હિતેને રુબીની કેબિનમાં પ્રવેશી હસતાં હસતાં કહ્યું.

"આજ કંઈ બહુ મૂડમાં છો."

"આજ હું તને દિવાળીની ભેટ આપવા આવ્યો છું."

"પણ હજુ દિવાળી તો દૂર છે."

"દશેરાથી દિવાળીનો આરંભ ગણાય છે. દશેરાને દહાડે ઘોડું દોડે એ શુકન કહેવાય. આજથી તમે ઘોડું દોડાવશો."

હિતેન રુબી સાથે વાત કરે ત્યારે કોઈ એકસૂત્રતા નહોતી. કયારેક 'તું' કહે, કયારેક 'તમે' કહે. જો કે બીજાની હાજરીમાં એ સભાન હતો અને 'તમે' જ કહેતો. રુબી હિતેન સામે જોઈ હસીને બોલી, "આજે શી મજાક કરો છો?"

"મજાક નથી. લો આ ચાવી." હિતેને કારની ચાવી રુબીને આપી.

"શાને માટે?"

"એ તમારી કારની ચાવી છે."

"મારી? તમે વધુ પડતું કરી રહ્યા છો. આઈ ડોન્ટ ડિઝર્વ ધિસ."

"મમ્મીનું સજેશન છે તમને નવી કાર ભેટ આપવી. તમે મમ્મીનું દિલ જીતી લીધું છે. યુ આર ધ ફર્સ્ટ પરસન ટુ કોનકર હાર હાર્ટ. યુ હેવ મેડ ઇમ્પૉસિબલ, પૉસિબલ."

રુબીની આંખો ભીની થઈ ગઈ. એ હિતેનને ભેટી પડી. હિતેને એના બરડે હાથ ફેરવ્યો.

"રુબી, આ કારની ચાવી તો એક નિમિત્ત છે. તું અમારા કુટુંબના સુખની ચાવી છે. વિખૂટાં પડેલાં બે આપ્તજનને તું ભેગાં કરી શકીશ. મારે મન તારી એ એક મોટી સિધ્ધિ છે. સ્વજનો વચ્ચે તિરાડ પાડનાર તો અનેક જોયાં છે, પણ સ્વજનોને જોડનાર બહુ ઓછાં જોયાં છે."

હિતેને એના ગાલ પર કિસ કરી કહ્યું, "બેસ્ટ વિશિઝ".

રુબીએ એના જમણા ગાલ પર કિસ કરી કહ્યું,"તમારી આત્મીયતા માટે થેંક્સ અ લૉટ."

બંનેને એક બીજા પ્રત્યે આત્મીયતા જાગી. પણ બંને એક બીજાનાં મન જાણતાં હતાં એટલે માનસિક રીતે સ્વસ્થ હતાં. કોઈએ હોઠ પર કિસ ન કરી. એનો અર્થ બંને જાણતાં હતાં. છતાં રુબીના મનમાં સવાલ જાગ્યો, "હિતેન મારા પ્રેમમાં નહિ પડ્યો હોય? મનની વાત કહેતાં અચકાતો હશે?"

બહાર સ્ટાફ હતો એનું ભાન થતાં બંને સ્વસ્થ થઈ ગયાં.

"કાર તમારી છે. પણ હાલ પૂરતી કાર કંપનીને નામે રાખી છે. એનાં કેટલાંક કારણો છે. ગેસ, ઈન્સ્યૉરન્સ, મેઈન્ટેનન્સનો ભાર તમારા પર ન પડે એટલા માટે. તમારે નામે મૂકું તો તમારો ઈન્સ્યૉરન્સ ચાર ગણો આવે. લો આ વિઝા કાર્ડ. તમારી ખરીદી અને ગેસ બધું આ કાર્ડ પર ચાર્જ કરજો."

"મારી દિવાળી જ નહિ, જિંદગી સુધરી ગઈ."

"મારા પેપરની માગ ચાર ગણી કરનાર તમે છો. મને જે લાભ થયો છે એ મારાં સ્વજનો સાથે ન વહેંચું તો નગુણો કહેવાઉં." પોતાને સ્વજન કહેનાર હિતેનની આંખને પેલે પાર પહોંચવા એક નજરે એની સામે જોઈ રહી.

"તમને તમારી ભેટ ન ગમી?"

"ના, એવું કંઈ નથી. તમને એક સજેશન કરું?"

"પૂછવાનું ન હોય. બોલો."

"આ વર્ષે દરેક એમ્પ્લોયીને સારું બોનસ આપજો."

"મનીષાને ત્રણ હજાર અને દરેકને એક એક હજારનો ચેક."

"વેરી ગુડ. દિવાળીમાં આપશો?"

"ના આજે જ. દિવાળીમાં કંઈક ખરીદવું હોય તો કામ આવે."

"તમારી દીર્ઘદષ્ટિ માટે માન ઉપજે છે."

"રુબી, સાચા બિઝનેસમેને પોતાના કાર્યકરોના કામની કદર કરવી જોઈએ. કંપનીની પ્રગતિમાં એ સૌનો નાનોમોટો હિસ્સો છે એ ભૂલવું ન જોઈએ. કુટુંબના એ સભ્યો છે એવી ભાવના કેળવી એમના કામની પ્રશંસા કરતા રહેવું જોઈએ. કયારેક કોઈની ભૂલ થાય. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર. એ

ટાણે એના પર ગુસ્સો ઠાલવવાને બદલે ઑફિસમાં બોલાવી એમને સમજાવવાં જોઈએ. જાહેરમાં એમને ધમકાવી કે ઉતારી પાડવાથી એમનું સ્વમાન ઘવાય છે. સ્વમાનભંગ કોઈને નથી ગમતો. આ ફિલોસૉફી મેં મારી આ કંપની શરૂ કરી ત્યારથી અપનાવી છે અને અમલમાં મૂકી છે."

"હું એ જોઈ શકી છું. બધા જ તમારા એ ગુણની પ્રશંસા કરે છે."

"થેંક્સ. હું દસપંદર મિનિટમાં આવું છું પછી આપણે સાથે નીકળીએ." કહી હિતેન બીજા કર્મચારીઓ પાસે ગયો.

કારની કી સામે જોઈ રુબીના આનંદની સીમા ન રહી. એને આસુ યાદ આવી ગયો. આસુ પાસે હોત તો કેવું સરસ! આ કાર કી નવા નસીબની ચાવી બની રહેશે? આ સમાચાર જાણી આસુ ખુશખુશાલ થઈ જશે.'

સામે આસુ દેખાયો. ગુસ્સે થઈને બોલ્યો, 'તેં એ કાર લીધી જ કેમ?'

'કેમ એમ કહે છે? મારા કામ પર ખુશ થઈ બૉસે મને ગિફ્ટ આપી છે!'

'અરે પગલી કોઈ બૉસ ખુશ થાય તો પાંચ સાત હજાર આપે. કંઈ ત્રીસ હજારની કાર ન આપે.'

'પણ મેં એની કંપનીની આવક ચાર ગણી વધારી એની કદર કરી છે.'

'એ બધાં તો બહાનાં છે. એને તારું હૃદય જીતવું છે. એને તારી નજીક આવવું છે. એને તને એની બનાવવી છે. એક પુરુષની એક સ્ત્રી માટેની ઝંખનાની આ શરૂઆત છે. તું પાગલ છે. અણસમજુ છે.'

'ના, આસુ. હું હિતેનને હવે સારી રીતે ઓળખું છું. એવી એની દાનત હોત તો એ મારાથી દૂર ન ભાગતો રહે. એના ઘરમાં ઘણી વાર એકલી હોઉં છું. એણે આજ સુધી પળ માટે પણ નજર બગાડી નથી. હું કંઈ ભોટ નથી કે હું એને ઓળખી ન શકું. કોઈ પણ પુરુષ એના મનના ભાવો છુપાવવા ગમે તેટલા પ્રયત્નો કરે પણ કયારેક એ ભાવો પ્રગટ થઈ જતા હોય છે. આપણે બે મહિના સાથે રહ્યા, મનને મક્કમ રાખવા પ્રયત્નો કરતાં પણ કેટલીક વાર મનના ભાવોનો ઊભરો આવતો? તું એ બધું જાણે છે. તું જરાકે ચિંતા ના કરતો. આ રુબી એનું વચન પાળવાની છે. તું મને સ્વીકારવા તૈયાર નહિ થાય પછીની વાત પછી..'

'તો પછી મને તારી પાસે બોલાવી લે...' રુબીએ મનોમન નક્કી કર્યું કે

એને ગમે તેમ કરીને પાસે લાવવો જ પડશે. હિતેન એ માટે સાથ આપવાનો છે. એ કહે તે કરવું જોઈએ. કેનને ઘણી ઓળખાણ છે એનો લાભ લેવો જોઈએ. કેનને યાદ કર્યો ત્યાં કેનનો ફોન આવ્યો.

"કેમ છો? કેન બોલું છું."

"હા. બોલો. શા નવીન છે?"

"તમારું વચન યાદ આપવા ફોન કર્યો. ડિનર માટે કયારે જવું છે?"

"તમને અનુકૂળ હોય ત્યારે."

"મને તો ગમે ત્યારે અનુકૂળ છે. બિઝી તમે હો છો."

"કાલ બિઝી છું, પરમ દિવસે તમને ફોન કરીશ."

"થેંક્સ."

રુબી ફોન મૂકી હિતેનની રાહ જોવા લાગી. પાછો સવાલ જાગ્યો, 'મને કાર આપવા પાછળ હિતેનનો ખરેખર ખરાબ આશય હશે?'

'આસુની વાત સાચી હશે? હિતેન મને પ્રેમ કરવા લાગ્યો હશે?'

'મમ્મીએ કાર આપવાની વાત કરી હશે?' મમ્મીને પૂછવાનું નક્કી કર્યું.

બીજા એમ્પ્લૉયીને મળી હિતેને આવીને પૂછયું, "ચાલો. ખુશ છો ને? આજથી મારા પર આધાર નહિ રાખવો પડે."

"તમે છેલ્લા કેટલાક દિવસથી મને તમારી કાર ચલાવવા આપતા હતા એનું રહસ્ય હું આજે પામી ગઈ."

"મારે જોવું હતું કે તમે ડ્રાઈવિંગ ટેસ્ટમાં પાસ થયાં. મારી ટેસ્ટમાં પાસ થાઓ છો કે નહિ. યુ આર ગુડ ડ્રાઈવર. યુ આર ઑન યોર ઑન. ગુડ લક."

પાર્કિંગ લોટમાં કાર પાસે પહોંચી કહ્યું, "કલર પસંદ છે?"

"સિલ્વર કલર કોને પસંદ ન હોય? લુક્સ એક્સેલન્ટ કાર."

"ટોયોટા કેમરી છે. નંબર વન ઇન માર્કેટ."

"થેંક્સ અ લૉટ. ઘેર જઈ મમ્મીને લઈ પહેલાં મંદિર જઇએ."

"મને ખબર હતી એટલે બે નાળિયેર લાવ્યો છું. એક નાળિયેર તમે કાર ચાલુ કરો એ પહેલાં અહીં વધેરો. એનો પ્રસાદ ખાઈ કાર લઈ ઘેર જઈ મમ્મી સાથે મંદિર જજો. હું ફોન કરી દઉ છું કે એ દરવાજે તૈયાર રહે."

"કારની વાત ન કરતા. જસ્ટ બહાર જવાનું છે એમ કહેજો."

"ગુડ આઈડિયા. એને પણ આશ્ચર્યમાં મૂકીએ."

"કાર તમે લઈ આવ્યા?"

"બે દિવસ પહેલાં પસંદ કરી ઑડર આપી આવ્યો હતો. એ કંપનીનો સેલ્સમેન ડિલિવરી કરી ગયો."

રુબીએ જમણા વ્હીલ પાસે નાળિયેર વધેરી એનું પાણી કાર પર ચારે બાજુ છાંટી પ્રસાદ હિતેનને આપ્યો અને પોતે ખાધો. એક બે ધોળિયા જોઈ રહ્યા હતા. કારની પૂજા કે નવી કાર જોઈને એમનું ધ્યાન ખેંચાયું હશે!

રુબી મુસલમાન મટી હિંદુ ધર્મ અપનાવ્યો હોય એમ એક હિંદુ તરીકે વર્તતી હતી. શરૂશરૂમાં એ સાવધાનીથી વર્તતી પણ હવે જાણે એ બધું સ્વાભાવિક થઈ ગયું હતું. હિતેન કે સરોજને એક પળ પણ એના અસલ ધર્મની ગંધ સુધ્ધાં નહોતી આવવા દીધી. રુબીએ ફરીફરી હિતેનનો આભાર માની કારનો દરવાજો ખોલ્યો. પર્સમાંથી કાળકા માતાનો ફોટો કાઢી ડેશ પર મૂકી વંદન કરી બોલી, "જય મહાકાળી મા તમારા આ બાળકનું રક્ષણ કરજો, ભલું કરજો. તમારા આશીર્વાદ ફળજો."

"મારી માની જેમ ભગવાનમાં બહુ માનતાં લાગો છો. મહાકાળીમાની બહુ અસર લાગે છે. મહાકાળી જેમ મહાકાળીનું રૂપ ધારણ કરી શકો છો?"

"જરૂર પડે મહાકાળી બની શકું છું. સારા સાથે સારા, દુર્જન સાથે દુર્જન."

"તમારું આ સૂત્ર યાદ રાખવું પડશે. ચાલો, હવે સામે નજર સ્થિર કરી એકવાર બધું જોઈ લો. લાઈટ્સ, ગીયર, બ્રેક, સિગ્નલ, એમરજન્સી લાઈટ, ગેસ બટન, ટ્રંક બટન...." પેસેન્જર સીટ પર બેસતાં હિતેને કહ્યું.

રુબીએ ચારે બાજુ નજર ફેરવી પહેલાં તો કારનું ઈન્ટીરિયર જોયું. નવી કારમાં લેધર સીટ બેસવામાં બહુ કમ્ફોર્ટેબલ હતી. ઑટોમેટિક કારમાં ગીઅર ચેન્જનો કોઈ સવાલ નહોતો. લાઇટ્સ પણ ઑટોમેટિક હતી. ચાવી મૂકી કાર ચાલુ કરી. એની સગવડ પ્રમાણે સીટ આગળ પાછળ કરી એડ્જસ્ટ કરી દીધી. સાઇડ મિરર પણ એડ્જસ્ટ કર્યાં. હિતેને સેટ બટન દબાવ્યું એટલે બધું મેમરીમાં સ્ટોર થયું.

"હવે તમે જ્યારે જ્યારે કાર ચાલુ કરશો ત્યારે આ બધું ઑટોમેટિક સેટ થઈ જશે. તમારે હર વખત સેટ કરવાની જરૂર નહિ રહે."

"વેરી ગુડ. બીજી કંઈ ખાસ સૂચના?"

"કારનું રજિસ્ટ્રેશન અને ઇન્સ્યુરન્સની સ્લિપ ડેકીમાં છે. ઇન્સ્ટ્રક્શન બુક ડેકીમાં છે. ઘેર જઈ વાંચી જજો. ગુડ લક. ઘરનો રસ્તો તમને ખબર છે."

"નો પ્રોબ્લેમ. પણ આજ પહેલો દિવસ છે એટલે તમને ફોલો કરીશ."

"ના. તમે આગળ જાઓ હું તમને ફોલો કરીશ."

"ઓ.કે." હિતેન એની કારમાં ગયો. હિતેન ઘર સુધી એને ફોલો કરતો રહ્યો. ઘરે પાર્કિંગ લોટમાં પહોંચ્યાં તો સરોજ ઊભી હતી. રુબી કારમાંથી ઊતરી સરોજને પગે લાગી ભેટી પડી. "કેમ આજ શું છે?"

"આવો તમને બતાવું."

કાર પાસે લઈ જઈ કહ્યું, "આ તમારી મહામૂલી ભેટ માટે આપને મારા લાખ લાખ વંદન. માજી, હિતેનને ભલામણ કરવા અંતરનો આભાર."

"મારો નહિ, હિતેનનો આભાર માન."

"તમારી સલાહ વિના એ કંઈ મને કાર આપતા હશે? તમારી ભલામણ એમણે અમલમાં મૂકી છે હું જાણું છું. તમે દરિયાવ દિલ છો. માજી, તમારા બધાનો વધુ પડતો પ્રેમ કદાચ હું નહિ જીરવી શકું."

"કેમ ન જીરવી શકે? તારું હૃદય તો આભ જેવું અગાધ છે. તું હવે કોઈ નથી, મારી દીકરી છે."

હિતેન બંનેની વાતો સાંભળી રહ્યો હતો. "ચાલ, મંદિરે જવું છે ને?"

"હા, માજી ચાલો."

"હિતેન, તું પણ આજ સાથે ચાલ." કશી જ આનાકાની વિના એ આગળ રુબી પાસે પેસેન્જર સીટ પર બેસી ગયો.

"સીટ બેલ્ટ ના ભૂલતી. નહિતર પોલીસ સવાસોની ટિકિટ આપશે. સવાસોને કોઈ રડતું નથી. પણ પોઇન્ટ્સ મળે એની બીક છે. બાર પોઇન્ટ મળે પછી લાયસન્સ જપ્ત."

"એ બધું મારા ઇન્સ્ટ્રક્ટરે સમજાવ્યું છે. હું બહુ કેરફૂલ રહીશ. સ્પીડમાં જવાની મારી ટેવ નથી."

મમ્મી પાછલી સીટ પર બેસી ગયાં. "સીટો બહુ સારી છે."

"કોની કાર છે?" હિતેન બોલ્યો.

"મારી દીકરીની."

"પછી બધું જ સારું હોય ને? નહિતર તું મારો ઉધડો લે."

"તને કંઈ કહેવાનું મેં છોડી દીધું છે. તને કહેનાર ઘરમાં આવી ગઈ છે."

હિતેન અને રુબી હસ્યાં.

નવી કાર હતી એટલે જરા કૉન્શિયસ બની રુબી કાર ચલાવતી હતી.

"જરાકે કૉન્શિયસ ન બનો. એટ ઇઝ રહી કાર ચલાવો."

"નવી કાર હોય એટલે શરૂમાં કૉન્શિયસ બની જ્વાય એ નૉર્મલ છે. એકંદરે કાર કેવી ચલાવું છું?"

"બરાબર. કંઈ કહેવું પડે એમ નથી."

મિસિસાગામાં રામ મંદિરમાં પહોંચી, દર્શન કરી મહારાજને નવી કારની વિધિ કરવા વિનંતી કરી. મહારાજે કાર પાસે આવી થોડા મંત્રો બોલી નવા વાહનની પૂજા કરી. કારના બમ્પર પર પાંચ ચાંલ્લા કર્યા. ટાયર પાસે નાળિયેર વધેર્યું અને પેંડાનો પ્રસાદ ધરાવ્યો. બધાને પ્રસાદ આપી કારની ચાવી પર કંકુનો એક ચાંલ્લો કર્યો. રુબીને ચાવી આપતાં કહ્યું, "શિવાસ્તુ પંથાઃ"

કારમાં જઈ સ્ટીયરિંગ વ્હીલ પર પાંચ ચાંલ્લા કર્યા. બહાર આવી મહારાજે રુબીને આશીર્વાદ આપ્યા, "તમારી મનોકામના સફળ થાઓ."

રુબીએ મહારાજને વંદન કર્યા. માજીએ મહારાજને એકસો એક ડોલર દક્ષિણા આપી. મહારાજ ખુશ થઈ ગયા. સૌની સામે જોઈ બોલ્યા. "તમારા સૌનું કલ્યાણ થજો. બધા જ દેવોની કૃપા તમારા પર વર્ષો."

રુબી, માજી અને હિતેનને પગે લાગી કારમાં બેઠી. હરખભેર સૌ ઘેર આવ્યાં. માજીને રુબી માટે કંઈક કર્યાનો આનંદ થયો. પરસ્પર સ્નેહની ગાંઠ ગાઢ બની. ઘરમાં અનેરી ચમક આવી. માજીમાં નવી દૃષ્ટિ અને નવી વિચારધારા સ્ફુરવા લાગી. એમની જિંદગી નવો વળાંક લેવા લાગી.

રુબી માજીને કુટુંબ ભાવનાની વાતો કરતાંકરતાં પત્નીની ફરજ, પતિની ફરજ, દીકરાની ફરજ, દીકરીની ફરજ , વગેરે ખૂબ સરસ રીતે સમજાવતી રહી. સરોજના આંતરમનમાં નવો પ્રકાશ પથરાવા લાગ્યો. રુબીની વાતો પર ધ્યાનથી વિચાર કરતાં સરોજનો માંયલો સળવળવા લાગ્યો.

* *

નવા વર્ષની પ્રભાતે રુબી માજીને પગે લાગી.

"હેપી ન્યુ યર, માજી. લો. આ નાનકડી ભેટ મારા તરફથી."

"તારે મને ભેટ આપવાની ના હોય. મારે તને આપવાની હોય."

"એવું નથી. પ્રેમ હોય એને ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપવી પડે."

"શું લાવી છે?"

"ખોલીને જુઓ."

સરોજે પકેજ ખોલ્યું.

સાચા મોતીનો હાર અને સોનાનું પેંડલ જોઈ સરોજ બોલી, "આ ઉમરે આ ડોશીને આવી ભેટ ન હોય!"

"કેમ? કોણ કહે છે તમે ડોશી છો? જેનું દિલ મોટું હોય એના મુખ પર હંમેશ યુવાનીની ચમક હોય છે. તમારા વદન પર એક જુદી જ ચમક હું જોઈ શકું છું. જરા પેલું પેન્ડલ ખોલી જુઓ."

સરોજે પેન્ડલ ખોલ્યું. અમીચંદ અને સરોજનો ફોટો જોઈ એ ઝબકી. એકદમ આંખમાં પાણી આવી ગયાં. એને પતિ યાદ આવી ગયા.

"ચાલો, હું ફોન જોઈન કરી આપું છું. તમે કાકાને હેપી ન્યુ યર પાઠવો."

"જોડી આપ."

રુબીએ ફોન જોડી આપ્યો. "એલૉવ."

"કોણ?"

"હેપી ન્યુ યર."

"હું સપનું તો નથી જોતો ને?"

"સપનું નથી. તમારી વઢકણી વહુ છે."

"વઢકણી નહિ, વહાલી વહુ છે એમ કહો. આજે હું ફોન કરવાનો હતો. પણ જરા ડર લાગતો હતો. નવું વર્ષ મારું અને તમારું બગાડવું નહોતું એટલે અચકાતો હતો."

"ફોન કર્યો હોત તો આનંદ થાત. તબિયત કેવી છે? હું યાદ આવું છું?"

"કેમ યાદ ના આવો? તમારા વિના સંસાર સૂનો પડ્યો છે એટલું જ નહિ આ ઘરમાં સૂનકાર અનુભવું છું."

"અહીં આવવું છે?"

"એક વાર હિતેનને લખવાનું મન થયું હતું. પણ હાથ અચકાતા હતા. સાહસ કરવાની હિંમત ના ચાલી."

"તમે કહો તો હું આવી જાઉ."

"દરવાજા ખૂલ્લા છે."

"ઘરના કે દિલના?

"કેવો સવાલ પૂછો છો? આ ઘર તમારું જ છે. પોતાના ઘરમાં જ્વા કોઈને પૂછવાનું હોય? બોલો, કયારે આવો છો?"

"હું તારીખ નક્કી થયે તમને ફોન કરીશ."

"સારું. હિતેનને આપ."

"એ હજુ ઊંઘે છે. ઊઠે એટલે ફોન કરાવીશ. લો, એક બહેન મારી સાથે રહે છે. એમની સાથે વાત કરો." સરોજે ફોન રુબીને આપ્યો.

"હેપી ન્યુ યર, કાકા."

"હેપી ન્યુ યર, બહેન. ઓળખાણ ન પડી."

"તમારે ઘેર ઘણી વાર આવી ગઈ છું. રુબી."

"તું સરોજ સાથે રહે છે?"

"હા. માયાળુ માજીનો સાથ છોડવો ગમતો નથી એટલે અહીં રહું છું. માજી ભગવાનનું માણસ છે. હમણાંથી રોજ તમને યાદ કરીને આંસુ સારે છે. આજ ઊઠતાં જ તમને ફોન કરવા અધીરાં બન્યાં."

"સાચું કહું રુબી, છેલ્લા દોઢ મહિનાથી હું પણ એને યાદ કરીને આંસુ સારતો રહ્યો છું. દોઢ મહિના પહેલાં શ્રી નાથજીની યાત્રા કરવા ગયો હતો. મેં શ્રી નાથજીની બાધા રાખી કે અમારો મનમેળ થશે તો બંને સાથે શ્રીનાથજી આવી ચાંદીનું ઝુમ્મર ચડાવીશું. એ દિવસથી એમના નામની જાપમાળા જપતો રહ્યો છું. આ વાત સરોજને કરતી નહિ."

"કેમ?"

"એનું મન પૂરેપૂરું પીગળે એ ઘડીની રાહ જોઉ છું."

"સારું લો, એમની સાથે વાત કરો."

"બોલો. જિંદગી કેવી છે?"

"જેમ ગોળ વિના મોળો કંસાર, એમ પતિ વિના સૂનો સંસાર."

"તો આવી જાઓ ગોળનો આખો રવો હું તૈયાર રાખીશ."

"હું દિલનો દરિયો લઈને આવીશ. નવા વર્ષે ભગવાન શ્રી નાથજી તમારી બધી મનોકામના પૂરી કરો."

"આજ તમે ફોન કર્યો એટલે અડધી તો પૂરી થઈ. તમે આવશો ત્યારે પૂરી પૂરીથશે. આવજો. ભગવાન તમને સુખ અને લાંબું આયુષ્ય આપે."

"તમને પણ ખૂબખૂબ સુખ અને ખૂબ લાંબું આયુષ્ય આપે. આવજો ત્યારે. ફોન મૂકી દઉ છું."

"આવજો." કહી અમીચંદે ફોન મૂકી દીધો.

રુબી સામે જોઈ પૂછયું, "તું અહીં રહેવાની છે ને?"

"હા, માજી. કેમ એમ પૂછો છો?"

"તો પછી હું આ વર્ષે થોડા મહિના ઇન્ડિયા જઈ આવું?"

"તમને જવા જેવું લાગે છે? પતિપત્ની વચ્ચે ઝઘડા ઊભા થશેતો શાંત પડેલો જ્વાળામુખી ભભૂકી ઊઠશે. વેરની ભાવના પ્રબળ બનશે."

"ના એવું નહિ બને. આજ એમનો ટોન જુદો હતો. એ પણ કોણ જાણે કેમ બદલાઈ ગયા છે. હું એમના શબ્દો પરથી સમજી ગઈ છું. હું પણ પહોંચીને એમને પગે પડી સાચા દિલથી માફી માગીશ અને કદી સામે હરફ નહિ ઉચ્ચારવાની પ્રતિજ્ઞા લઈશ. હવે મન મક્કમ કરતાં આવડી ગયું છે. હું એમની સામે એક શબ્દ પણ નહિ બોલું. મારા બદલાયેલા સ્વભાવની તારીફ કરી એ નમી પડશે. હું એમને ઓળખું છું. દિલના ઉદાર છે."

"તમને પૂરો વિશ્વાસ છે? વાતાવરણ નહિ કથળે?"

"ના. આજ એમની વાણી સાંભળી મને પૂરી ખાત્રી થઈ છે. મારા હિતેનના સોગંદ ખાઉ તો તું માનીશ?"

"કોઇના સોગંદ ખાવાની જરૂર નથી. મને તમારામાં પૂરો વિશ્વાસ છે. હું તો મજાક કરતી હતી. એક વાત કહું?"

"કહે."

"અંકલ માની જાય અને તમને લાગે કે એ પૂરા બદલાઈ ગયા છે તો તમે એમને સાથે લેતા આવશો?"

થોડું વિચારી સરોજે કહ્યું, "એ માટે મારે હિતેનને પૂછવું પડે."

"એ મૂડમાં હોય ત્યારે પૂછી નાખજો."

"હું ઇન્ડિયા જવાની વાત કરીશ ત્યારે પૂછીશ."

"સરસ. હું તમારા સુભગ મિલનના એ દિવસની રાહ જોઇશ. મારા કાળકામાની બાધા રાખું?"

"તારે જે કરવું હોય એ કરજે. પણ આ સરોજ હવે બદલાઈ ગઈ છે. હિતેનના બાપને પણ ખબર પડશે અને એ પણ પીગળી જશે."

"પતિ પ્રત્યે પ્રેમ અને આદર ઘરને સ્વર્ગ બનાવી પરમેશ્વરનો સાક્ષાત્કાર કરાવે છે. ગુડ લક માજી. તમારી જિંદગી સોહી ઊઠો."

"હવે મારે તારી જિંદગી સોહી ઊઠે એનો વિચાર કરવાનો છે."

"મારો વિચાર તમે રોજ કરતાં રહો છો. તમારું સુખ એ મારું અને હિતેનનું સુખ, અમારો આનંદ."

"માજી, ઇન્ડિયા જાઓ ત્યારે સાડીમાં નહિ. જીન અને ટોપ પહેરીને જજો. કાકા નવાઈ પામશે!"

"તું પાછી મારી મજાક કરે છે?"

"હું તમારી મજાક કરતી હોઉ? મજાક નહિ. તમને કેનેડિયન બનાવી દેવાં છે," બે હાથ પકડી હાથ દબાવીને કહ્યું.

"દીકરી, દેશ બદલાય પણ વેશ ન બદલાય."

"એવો કોઈ નિયમ ન રખાય."

"સમય વર્તે સાવધાન. એ વાત ખરી છે ને?"

"હેપી ન્યુ યર, મમ્મી." હિતેન મમ્મીને પગે લાગી ભેટી પડ્યો.

"સુખી થા દીકરા. ભગવાન ખૂબ સુખ, સમૃધ્ધિ, તંદુરસ્તી અને લાંબું આયુષ્ય આપે." એને માથે હાથ મૂકી સરોજ બોલી.

"રુબી, હેપી ન્યુ યર. ગૉડ બ્લેસ યુ ઑલ કાઇન્ડ ઑફ હેપીનેસ ફૉર એવર."

"હેપી ન્યુ યર. તમને પણ ભગવાન અવિરત સુખ, સમૃધ્ધિ, આનંદ અને ઝિંદાદિલ જિંદગી બક્ષે. નાની છું એટલે આશીર્વાદ ન આપી શકું. પણ બેસ્ટ વિશિઝ તો પાઠવી શકું."

"હવે તારા ડેડીને ફોન કર. હમણાં તને યાદ કરતા હતા."

"તેં ફોન કર્યો હતો કે એમણે?"

"રુબીના કહેવાથી મેં કર્યો હતો. લાગે છે એ બહુ બદલાઈ ગયા છે."

હિતેને ફોન જોડી કહ્યું, "હેપી ન્યૂ યર, ડેડી. ગોડ બ્લેસ યુ હેપી, હેલ્ધી, લોંગ લાઇફ."

"હેપી ન્યૂ યર, બેટા. ભગવાન બધી રીતે સુખી રાખે. શા નવીન છે?"

"મજામાં. કામનો ભારણ રુબીએ ઓછો કરી દીધો છે."

"સારી છોકરી લાગે છે."

"વન્ડરફૂલ. મને લાખો ડોલર કમાવી આપશે. સારાં પગલાંની છે."

"કુદરત હંમેશ કોઇને નિમિત્ત બનાવે છે. એ પૂન્યશાળીની પૂરી કાળજી લેવી એ આપણી ફરજ બની રહે છે."

"ફરવા આવવાનું મન થાય છે?"

"વિચારીશું."

"વિચાર થાય તો કહેજો. તબિયત સાચવજો. કામ હોય તો કહેજો"

"તેં તારા પપ્પાને ફરવા આવવા કહ્યું તો એમણે શું કહ્યું?"

"વિચારીશું."

"હું થોડા મહિના જઈ આવું?"

"પાછું મહાભારત સર્જવું છે?"

"ના. એવું કંઈ નહિ બને. એ બહુ નરમ બની ગયા છે. ઉમર થાય એટલે પોતીકાની ખોટ સાલતાં માણસની મતિ બદલાય છે."

"ડેડીની મતિ ન બદલાય. મમ્મી, કહેવત છે ને કે સાઠે બુધ્ધિ નાઠે."

"એમની વાતો પરથી લાગે છે કે એમણે સ્વભાવ બદલી નાખ્યો છે."

હિતેન ખડખડાટ હસ્યો. શાંત ચિત્તે સાંભળી રહેલી રુબી બોલી, "એમને વિશ્વાસ બેઠો છે તો તમારે સહકાર આપવો જોઈએ. નહિ ફાવે તો બહુ લાંબું નહિ રહે. પાછાં આવી જશે. વણસેલા સંબંધનાં પારખાં લેવાં જોઈએ. કસોટીની એરણ પર ચઢાવ્યા વિના ખબર શી રીતે પડે?"

"વેલ, તમને બંનેને એમ લાગતું હોય તો મને કોઈ વાંધો નથી. બોલો, ક્યારે જવું છે?"

"ટિકિટ મળે ત્યારે."

"સારું તપાસ કરીશ." ફોનની ઘંટડી વાગતાં હિતેને ફોન ઉપાડ્યો.

"હેપી ન્યૂ યર."

"હેપી ન્યૂ યર, કેન. સૌને મારા હેપી ન્યૂ યર પાઠવજે."

"તારી મમ્મીને મારા હેપી ન્યૂ યર પાઠવજે. રુબી હોય તો ફોન આપ."

હિતેને રુબીને ફોન આપ્યો.

"હેપી ન્યૂ યર. રુબી. નવા વર્ષની મારી શુભેચ્છાઓ."

"હેપી ન્યુ યર. તમને પણ નવા વર્ષની બેસ્ટ વિશિઝ."

"આજે તો હિતેન સાથે નવું વર્ષ ઉજવ્યો. કાલે ટાઇમ છે? સાંજે ડિનર માટે જઈએ."

"ઓ.કે. કયાં?"

"મિસિસાગામાં બૉમ્બે પેલેસ પર સાંજે છ વાગે મળીએ."

"ઓ.કે."

ફોન મૂકી હિતેનને કહ્યું, "કાલે બૉમ્બે પેલેસમાં ડિનર માટે બોલાવે છે."

"પહેલાં કયાં ગયાં હતાં?

"આપણે વાત થઈ હતી. તાજમહલમાં."

"સૉરી ભૂલી ગયો. બૉમ્બે પેલેસમાં પણ ખાવાનું સારું હોય છે. આજે બપોરે આપણે બધાં હોસ્ટમાં જમીશું."

"સરસ."

હોસ્ટમાં જમીને આવ્યા પછી હિતેને મમ્મીની ટિકિટ માટે કેનને ફોન કર્યો. કેનને ઘણા એજન્ટો સાથે ઓળખાણ હતી.

બીજે દિવસે ઑફિસ ચાલુ હતી. પણ ખાસ કંઈ કામ નહોતું.

આખો દિવસ કેનના વિચારો કરતી રહી.

મનોમન બબડીઃ 'કેન તું ભોળવાઈ રહ્યો છે. માછલી જાળમાં ફસાઈ રહી છે. કેન તારા પાપનો ઘડો ભરાઈ ગયો છે. ગુડ લક ઇન યોર ન્યૂ લાઈફ.'

રુબી પાંચ વાગ્યે નીકળી ઘેર આવી પિન્ક કલરનો એટ્રેક્ટિવ ડ્રેસ પહેરી બૉમ્બે પેલેસ જવા નીકળી પડી.

* * *

# એકવીસ

બૉમ્બે પેલેસના પાર્કિંગ લોટમાં કેન રુબીની રાહ જોતો બેઠો હતો. રુબીની કાર જોતાં બહાર આવી શેકહેન્ડ કરી હેપી ન્યૂ યર કહ્યું. રુબીએ પણ હેપી ન્યૂ યર પાઠવ્યા.

એક ખૂણામાં એકાંત હોય એવું ટેબલ પસંદ કરી બંને બેઠાં.

"શું લેશો?"

"મારે માટે વેજ."

"હું તો નોન વેજ ખાઉ છું. ઓ.કે. આઇ નો યૉર ચોઈસ."

વેઇટરે પાણીના બે ગ્લાસ અને મેનૂ મૂકી પૂછયું, "એની ડ્રિન્ક?"

"નો. જસ્ટ ટુ કોક."

"તમે વ્હિસ્કી કે રમ મંગાવો તો મને વાંધો નથી."

"સારું. હું એકાદ પેગ વ્હિસ્કી લઈશ. પીવું છું તો ડિનર એન્જોય કરું છું."

કોક સાથે વ્હિસ્કીનો ઓર્ડર આપ્યો. વેઇટર વ્હિસ્કી અને કોક મૂકી ગયો.

"ચીયર્સ. હેપી ન્યૂ યર."

"ચીયર્સ. હેપી ન્યૂ યર." કહી રુબીએ ટોસ કર્યો.

"મિત્રો બની રહ્યાં છીએ તો મારી ફરજ છે કે તમને સહાયરૂપ થવું."

"કઈ રીતે?"

"તમારી આવક વધારવી અને તમને આ દેશમાં કાયમી કરી દેવાં."

"મજાક છોડી કામની વાત કરો."

"મજાક નથી. બે મહિનામાં તમારા હાથમાં પરમેનેન્ટ વિઝા મૂકી દઉ તો એક લવલી કિસ આપશો?"

રુબી અચંબો પામી. કેન કેવી માગણી કરી રહ્યો હતો?

"કેમ શાંત થઈ ગયાં? કોઈ મોટી ખર્ચાળ માગણી નથી કરી. મિલિયન

ડોલર માટે એક રાત માટે પત્ની સોંપનાર પતિની વાત યાદ છે ને? હું એવી માગણી નથી કરતો."

"મૈત્રી ભાવે ગાલ પર કિસ આપવામાં મને વાંધો નથી."

"કેમ હોઠ કોઈને સમર્પી દીધા છે?"

"એવું નથી. એનો અર્થ જુદો થાય છે. તમને જો પ્રેમ કરવા લાગીશ તો તમારો એ હક્ક બનશે."

"હું એ દિવસની રાહ જોઈશ." વેઇટર જુદી જુદી વાનગીઓ મૂકી ગયો.

જમતાં જમતાં એણે કહ્યું, "હું તમને વિઝા અપાવવાનું કામ તો કરીશ. મને સાથ આપવાની પ્રપોઝલ વિષે શું વિચાર્યું?"

"બે ત્રણ મહિના મને બધી બાતમી આપતા રહો. મને વિઝા મળી જાય પછી હું તમને સાથ આપીશ. એ પહેલાં ક્યાંક ઝડપાઈ જાઉં તો મારી કેરિયર ખલાસ થઈ જાય. સરકાર મને ડિપોર્ટ કરી દે એ બીક છે."

"સારું. ધીરે ધીરે હું તમને બધું સમજાવતો રહીશ."

"હમણાં કોઇ કેસ હાથ પર છે?"

"પેલી છોકરી પિન્કિ પટેલ પછી અમે ત્રણ છોકરા લાવ્યા."

"દર વખત તમે ઇન્ડિયા જાઓ છો?"

"ના. ચારપાંચ મહિને મારો વારો આવે. ટોળીમાં ચાર જણ છે. ઇન્ડિયાથી અહીં હેમખેમ લાવે એટલે એને પંદર હજાર ડોલર આપી દેવાના. એમાં એ બંનેની ટિકિટનો ખર્ચ આવી ગયો."

"એટલા ડોલર માટે લોકો આવું રિસ્કી કામ કરવા તૈયાર થાય છે?"

"એ તો બહુ કહેવાય. બીજી ગેંગવાળા તો માત્ર દશ હજાર ડોલર આપે છે. આવા માણસો અહીં ઘણા છે. ગુજરાતી, શીખ, ચાઇનિઝ, ઇટાલિયન, બધી જાતના લોકો છે."

"સાહસિક કહેવાય."

"એમાં કોઈ સાહસ નથી. બેફિકરી માણસોને કોઈની પડી નથી. પકડાઇ જાય તો બેચાર વર્ષની જેલ ભોગવી આવે. આમે નોકરી તો એવા લોકોને કરવી નથી. હરામના પૈસા ખાવા ટેવાઈ ગયા છે. ગુંડાગીરી અને ચોરી કરતાં આ ધંધો એમને સારો લાગે છે."

"કેવા કેવા લોકો દુનિયામાં જન્મે છે."

"જન્મે છે તો બધા જ સારા. પણ પરિસ્થિતિ એમને દુર્જન બનાવે છે."

"એકલી પરિસ્થિતિ નહિ, પૈસાની લાલચ. હરામના પૈસા ખાવાની આદત પડી જતાં કામ કરવાની એવા લોકોને દાનત નથી હોતી. નીતિ અને પ્રામાણિકતાથી જિંદગી જીવવાનું માણસ ભૂલતો જાય છે. ખબર નહિ, આ બધું કયાં જઈને અટકશે?"

"નીતિની વાતો એક આડંબર છે. આ દુનિયામાં કોઈ સજ્જન નથી. છેક રામાયણ મહાભારત કાળથી લોકો પ્રપંચ અને અનીતિના દાવપેચ ખેલતા રહ્યા છે."

"રામાયણ મહાભારતમાં છળકપટ અને અનીતિની અનેક વાતો આવે છે. આજે બધા બચાવ માટે એ ખરાબ પાસાંની વાતો કરે છે. એમાં કેટલું બધું સારું છે. કેટલી બધી ધર્મ અને સંસ્કારની વાતો આવે છે એને કોઈ યાદ કરે છે ખરું? અધર્મનો નાશ અને ધર્મની સંસ્થાપના માટે ભગવાન યુગે યુગે જન્મ ધારણ કરે છે એવું ગીતામાં કહ્યું છે."

"મને તો હજુ કોઈ એવો અવતાર દેખાયો નથી. છોડો એ બધા આદર્શોની વાતો. નીતિને માર્ગે ચાલીને પૈસાદાર થયો હોય એવો એક દાખલો મને આપી શકશો? પ્રપંચ વિના યુધ્ધ જિતાતું નથી કે પ્રપંચ વિના પૈસાદાર થવાતું નથી. અને પૈસો નથી તો સુખ શાંતિ નથી."

"સરકારમાં મોટી ઊણપ છે. બાકી એ ધારે તો દૂષણો અટકાવી શકે!"

"સરકાર કશું કરવા માગતી નથી. બલ્કે સરકાર ઈનડિરેકટલી આ બધી પ્રવૃત્તિ પોષે છે. એકલા ન્યુયોર્ક અને ન્યુ જર્સી સ્ટેટમાં બેથી ત્રણ લાખ લોકો ઈલીગલ છે. શું સરકાર જાણતી નથી? બધું જાણે છે. કોણ ક્યાં છે એની પૂરી માહિતી સરકાર પાસે છે. પણ સરકાર આંખ આડા કાન કરે છે. સરકારને એ લોકોની જરૂર છે. એમની હાજરી સરકારને ફાયદાકારક છે. બાકી, સરકાર ધારે તો એક એકને પકડી એમના દેશમાં પાછા ધકેલી દે. પણ એવું કરે તો અમેરિકાની ઇકોનોમીને એવો આંચકો લાગે કે દેશ ખળભળી ઊઠે."

"યુ મે બી રાઈટ. પણ તમે કરો છો એ કામ સારું નથી. કેટલાં વર્ષથી આ કામ કરો છો?"

"પાંચેક વર્ષથી. આજે મારી પાસે જે કંઈ છે. બે મિલિયનની મોટેલ, સાત લાખનો બંગલો, બે બીએમડબલ્યુ. એ બધું એ ધંધાને આભારી છે. બાકી મહેસાણા જિલ્લાનો મેટ્રિક પાસ એક કાન્તિલાલ સાલવી કેન સાલવી ન બન્યો હોત તો આમાંનું કશું જ ન હોત. હજારો ગુજરાતીઓની જેમ કો'ક કારખાનામાં મજૂરી કરતો હોત અને ગેસના પૈસા માટે તરફડતો હોત."

"આટલી બધી સિક્યોરિટી, આટલી બધી પોલીસ, આટલી બધી સખ્તાઇ અને બંદોબસ્ત વચ્ચે તમે આ બધું કેવી રીતે કરી શકો છો?"

"એક રીતે બહુ કપરું દેખાતું કામ સાવ સરળ છે. ઇન્ડિયા હોય, કેનેડા હોય કે અમેરિકા. માનવ સ્વાભાવ બધે સરખો જ હોય છે. સૌને પૈસા વહાલા હોય છે. દરેક ડિપાર્ટમેન્ટમાં બધા પ્રામાણિક નથી હોતા. પૈસાખાઉ લોકો પણ હોય છે. એવા લોકોને શોધી કાઢવાનું કામ જરા કપરું હોય છે. એકાદ જણ મળી જાય પછી એ લોકો જ મદદ કરે છે."

"તમારું એમ કહેવું છે કે અહીં પણ ઇન્ડિયાની જેમ લાંચિયા લોકો છે?"

"હા. પ્રમાણમાં બહુ ઓછા. ઇન્ડિયાની જેમ નાના મોટા બધા જ પૈસા ખાતા નથી. નાની રકમની કોઈને પડી નથી. મોટો દલ્લો હોય ત્યાં તમને એકાદ બે લાંચિયા અમલદારો મળી રહે. એમ કરો જમીને મારી મોટેલ પર જઈએ ત્યાં તમને વિગતવાર બધું સમજાવીશ."

"મારા પર વિશ્વાસ મૂકવા માટે આભાર. હું તમને હવે એક સ્વજન ગણીશ. પણ આજ નહિ. થોડા દિવસ પછી આપણે મળીશું."

"મને કંઈ ઉતાવળ નથી. હું સમજી શકું છું. હિતેનની મમ્મી ઇન્ડિયા જાય પછી સારું. ઓ.કે. આજે થોડી વાતો કરી જમીને છૂટાં પડીશું."

"તમને કયાંથી ખબર પડી?"

"એમની ટિકિટ બુક કરવા હિતેને મને કહ્યું છે."

"તમે બહુ પહોંચેલા છો. આઇ એમ ઇમ્પ્રેસ્ડ."

"મારાં કામો જોશો પછી તમે મારો સાથ નહિ છોડો."

"હું એ દિવસની રાહ જોઈશ." જમીને બિલ ચૂકવી બંને છૂટાં પડ્યાં.

* *

નાતાલની રજાઓ પછી માજીને ટિકિટ મળી ગઈ. માજી પાસે બહુ

સામાન નહોતો. રુબીએ આસુ માટે એક સૂટ, માજી, ગુરુદેવ અને વસુબહેન માટે એક એક સરસ સ્વેટર આપ્યાં. માજી અને આસુ માટે પાંચ હજાર ડોલરનો ડ્રાફ્ટ કવરમાં મૂકી સરોજને આપતાં કહ્યું, “આટલું મારું કામ કરશો?”

“તારે મને પૂછવાનું હોય? બીજું કંઈ લઈ જવાનું હોય તો આપ.”

“કાકાને તમારો પ્રેમ અને મારા તરફથી એક સ્વેટર કાકાને આપજો.”

“સારું. કાળકામાને પ્રાર્થના કરજે કે તારી મનોકામના ફળે અને મારી કામના સિધ્ધ થાય.” રુબી હાથ પકડી સરોજને પૂજા સ્થાને લઈ ગઈ.

બે હાથ જોડી બોલી, “આ ભગવાન પાસે માગો કે તમારી મનોકામના પાર પાડવા તમને સદ્‌બુધ્ધિ અને હિંમત આપે.”

સરોજે બે હાથ જોડી વંદન કર્યા.

રુબી અને હિતેન મમ્મીને એરપૉર્ટ પર મૂકી આવ્યાં. ઘેર આવી હિતેને કહ્યું, “રુબી. ભગવાનને પ્રાર્થના કરજેકે મારા બાબાપુ બધું ભૂલી એક થાય. મને શંકા છે કે કદાચ દસપંદર દિવસમાં મમ્મી પાછી આવી જશે.”

“નહિ આવે. કાકા સાથે વધુ રહેશે. મારી એ શ્રધ્ધા છે.”

“આઇ હોપ યુ આર રાઇટ. દોડાદોડીથી બહુ થાકી ગયો છું. ગુડ નાઇટ.”

“ગુડ નાઇટ” કહી બંને પોતપોતાની રૂમમાં ગયાં. રુબી કપડાં બદલી બેડમાં આડી પડી. એને આજ ઊંઘ નહોતી આવતી. આજે એને હિતેનનો ડર લાગતો હતો. આજ સુધી તો માજી ઘરમાં હતાં. વળી રોજ હિતેન બહાર ચાલ્યો જતો અને મોડો ઘેર આવતો. આજે થાકી ગયો છે એમ કહી સૂવા ગયો. આ બધી પરિસ્થિતિ વિષે વિચારતાં એનાં અંગેઅંગ ધ્રૂજી ઊઠ્યાં. જરાક અવાજ થાય અને બીક લાગે, ‘કદાચ હિતેન નહિ આવ્યો હોય?’

‘આવે અને બળાત્કાર કરે તો શું કરવું?’

‘શું એ વિશ્વાસઘાત કરશે?’

‘આજ સુધી સજ્જન રહેલો એ દુર્જન બને તો?’

‘પુરુષની જાત છે. મન પરનો કાબૂ ગુમાવી બેસે તો...’

‘આસુ કેટલીવાર મન પરનો કાબૂ ગુમાવી બેઠો હતો?’

‘મારું શીયળ આજ લૂટાઇ જવાનું?’

‘શું કરવું? પ્રતિકાર કરવો? કોઈ બહાનું કાઢી સરકી જવું?’

'બાપનું ખૂન કરવા તૈયાર થઈ તો આ વળી કોણ?'

'ના. ના. આ દેશમાં એટલી હદે ન જવાય.'

એણે અંદરથી ડોર લોક કરી દીધું હતું પણ ઊભી થઈને ફરી તપાસી આવી. બરાબર ચકાસીને આડી પડી. માંડમાંડ આંખ મીંચાઈ હશે ત્યાં ફોનની ઘંટડી રણકી. રુબી ચમકીને જાગી. રિસિવર ઉપાડ્યું.

"રુબી, સોરી ટુ ડિસ્ટર્બ યુ લેટ નાઇટ. જ્યૂસનું કેન ખોલવા જતાં મારી આંગળી કપાઈ ગઈ. બહુ લોહી વહી રહ્યું છે. તારે આવવાની જરૂર નથી. મને એટલું જ કહે કે મમ્મી સ્વૉબ અને બેન્ડેજ કયાં રાખે છે?"

"કિચનના છેલ્લા કબાટમાં પહેલા ખાનામાં."

"થેંક્સ." કહી ફોન મૂકી દીધો. રુબીને થયું એણે જવું જોઈએ. એક સ્વજનની આંગળી કપાઈ જાય અને એ રૂમમાં ભરાઈ રહે એ એને ન શોભે.

કશો જ ઊંડો વિચાર કર્યા વિના એ કિચનમાં દોડી ગઈ.

હિતેન સ્વૉબ અને બેન્ડેજ શોધતો હતો.

"એક મિનિટ." કહી એણે આલ્કોહોલ સ્વૉબ અને બેન્ડેજ કાઢી ઉમેર્યું, "ચેર પર બેસો."

"તમે શું કરવા તમારી ઊંઘ બગાડી?"

"તમને વાગે અને હું સૂતી રહું એ બનતું હશે?"

રુબીએ આલ્કોહોલ સ્વૉબથી લોહી સાફ કર્યું. થોડીવાર એકબે આલ્કોહોલ સ્વૉબ દબાવી રાખ્યા. લોહી ન અટકતાં ટિસ્યૂથી આંગળી સાફ કરી. એના મોઢામાં મૂકી દીધી. "અરે આ શું કરો છો?"

રુબીએ હાથના ઇશારાથી કહ્યું કે બોલશો નહિ. હિતેન એની આંખોના ભાવ જોઇ રહ્યો. રુબી એની જીભ ફેરવતી રહી. થોડી વારે લોહી બંધ થઈ ગયું. લોહી અટકી જતાં એણે બેન્ડેજ લગાવી પૂછયું, "બહુ દુઃખતું નથી ને?"

"તમારી મીઠી જીભનો સ્પર્શ થતાં ગમે તેવું દુઃખ પણ મટી જાય."

"બહુ ઊંડો ઘા હોત તો ઇમરજન્સીમાં જવું પડત."

"ઘેર આવી સરસ પ્રેમાળ નર્સ હોય પછી ઇમરજન્સીમાં જવાની શી જરૂર? આજનો આ પ્રસંગ કદી નહિ ભૂલાય. તમે તો મારી લોહિયાળ આંગળી તમારા મોઢામાં મૂકી દીધી. કમાલ કરી. તમે સ્ત્રી નહિ દયાની દેવી છો. દ્રૌપદીએ

સાડીનો છેડો ફાડ્યો હતો તમે તો આંગળી મોઢામાં મૂકી દીધી. આ પ્રસંગ જિંદગીભર યાદ રહી જશે. સૉરી, તમને તકલીફ આપી. જાઓ સૂઇ જાઓ."

"સૉરી કહેવાની જરૂર નથી. પેઇન બહુ રહે તો ઉઠાડજો. આપણે ઈમરજન્સીમાં જઈશું. જ્યૂસ પીવો હતો તો મને જગાડવી હતી ને? જગાડી હોત તો આ દુ:ખ સહેવાનો સમય ન આવત!"

"લાગ્યા ઘાને વીસરી શકવા ના કંઈ સામર્થ્ય છે..."

"સાવધ રહો તો ઘા જ ન પડે!"

"કયારેક ઘા એટલા ઊંડા હોય છે કે ન કહેવાય કે ન સહેવાય. વીતેલા ભૂતકાળને ભૂલી કયારેક હૈયા પર પથ્થર મૂકી વદનને હસતું રાખવું પડે છે. ભસ્મ કરી દીધેલા ભૂતકાળને ઉલેચો તો રાખ જ મળે. એ રાખને જોઇ દુઃખી જ થવાનું હોય છે! એ રાખ દરિયામાં પધરાવી દો તો એ રાખ જોવાનો કદી દિવસ ન આવે. રુબી, સૂઈ જા. તને મારી આ ફિલોસોફી નહિ ગમે."

"તમને દુઃખી જોઈ મને ઊંઘ આવતી હશે? તમારે આરામની જરૂર છે. તમે સૂઈ જાઓ પછી હું સૂવા જઈશ."

હિતેન ઊભો થઈને એની રૂમમાં ગયો. રુબી એની રૂમમાં ગઈ.

હિતેનના શબ્દોનો અર્થ પામવા મથી રહી. બહુ વિચારોને અંતે તારણ કાઢ્યું કે હિતેન પ્રેમમાં નિષ્ફળ થયો લાગે છે. એને સ્ત્રી પ્રત્યે અણગમો નથી. કુણી લાગણી છે. કંઇક અસામાન્ય એના જીવનમાં બન્યું લાગે છે.

'શું બન્યું હશે?' એનો તાગ મેળવવો રહ્યો, રુબીએ વિચાર્યું.

* *

બે દિવસથી હિતેન જરા ઉદાસ હતો. મમ્મીની ગેરહાજરીને કારણે કે તે રાત્રે જે કંઈ બોલી ગયો એનો કદાચ પસ્તાવો થયો હોય. રુબી કંઈ સમજી શકતી નહોતી. એને પૂછવાનું પણ હિતાવહ ન લાગ્યું. શનિવારે સવારે સુખરૂપ પહોંચી ગયાનો મમ્મીનો ફોન આવી ગયો. હિતેન અને રુબી સાથે બહુ લાંબી વાતો કરી. માત્ર પૂછયું, "બોલો આજે શું જમશો?"

"તારે કંઇ તકલીફ લેવાની જરૂર નથી. આજ બહાર જમી લઈશું."

"જેવી તમારી મરજી. તમે ખુશ એમાં હું ખુશ."

"હું તનમનથી ખૂબ ખુશ છું. જીવનમાં એવી ખુશી મળી છે કે હવે મને

કંઈ અફસોસ નથી," હિતેને હસીને કહ્યું.

"તમે ભલે ખુશીની વાત કરો. તમારા મુખ પર વિષાદ હું જોઈ શકું છું."

"તમને એવું લાગે છે?"

"આટલા દિવસમાં કદી એવું લાગ્યું નહોતું. પણ મમ્મી ગયાં એ રાત્રે તમારા હૈયે કંઇ વિષાદ છે એવું પહેલ વહેલાં લાગ્યું. તમે કંઇક છુપાવો છો. જો કે એ કંઈ જાણવાનો મને હક્ક નથી. પણ દુઃખ મનમાં રાખવાને બદલે જેને સ્નેહીજન માનો અને જેનામાં ગાઢ વિશ્વાસ હોય એને અંતરની વાત કહેવી જોઈએ. કદાચ હમદર્દી મનનો ભાર ઓછો કરવામાં નિમિત્ત બને."

"પહેલાં જમી આવીએ પછી એક વાર્તા વાંચવા આપીશ."

"મને વાંચવી ગમશે."

"સારું જમવા ચાલો."

બંને ડાઉન રેસ્ટૉરન્ટમાં પંજાબી સ્ટાઈલનું ભોજન જમી ઘેર આવ્યાં.

હિતેન એની રૂમમાંથી પ્લાસ્ટિકનું એક એન્વેલૉપ લઈને આવ્યો.

"લો. આ વાંચી સાચવીને તમારી રૂમમાં રાખજો. હું આવું ત્યારે મને આપજો. આજે સાંજે આઇસ હોકી જોવા આવવું છે?"

"મને ગમશે."

"હું બહાર જાઉ છું. સાંજના હું બે ટિકિટ લેતો આવીશ."

"બાય." કહી હિતેન જતાં રુબીએ એન્વેલૉપ ખોલ્યું.

એન્વેલૉપમાં લેમિનેટેડ એક ફોલ્ડર હતું. ફોલ્ડરમાં લેમિનેટેડ ચાર પાનાંમાં જે રીતે વાર્તા રાખી હતી એ પરથી રુબી એનું મહત્ત્વ સમજી ગઇ.

ફોલ્ડર પર હિતેન અને એક છોકરીનો ફોટો હતો. હિતેનના ખોળામાં છોકરી બેઠેલી હતી. બહુ રોમેન્ટિક ફોટો હતો. બંનેના વદન પર હાસ્ય હતું. છોકરીના ફોટોગ્રાફિક ફિચર બહુ સારા હતા. કોઈ એકટ્રેસ જેવી નમણી અને બ્યૂટિફૂલ હતી. માથાના વાળ બોબ કટ ખુલ્લા હતા. હોઠ પર ગુલાબી લિપસ્ટિક હતું. મોઢું લંબગોળ હતું. શરીર સપ્રમાણ હતું. મરકમરક હસતી હતી. ગાલ પર ખાડા પડતા હતા. પતલી કમર હતી.

હિતેન પણ બહુ હેન્ડસમ લાગતો હતો. બાવીસેક વર્ષનો યંગમેન હશે. બ્લેક પેન્ટ, લાઇટ બ્લ્યુ શર્ટ અને ડાર્ક બ્લ્યુ અને સફેદ ટપકાંવાળી ટાઈ પહેરેલાં

હતાં. હિતેનના હાથમાં છોકરીનો હાથ હતો. રુબીને ફોટો ગમી ગયો. બંનેની જોડી પણ ગમી ગઈ. વાર્તા વાંચવા અધીરી બની... શીર્ષક હતું... ભસ્મ

નાયગરા ફોલ્સના ચાર પાંચ ફોટા પાડી હિતેને પૂંઠ ફેરવી.

"ઈફ યુ ડોન્ટ માઈન્ડ... મારા એક બે ફોટા લેશો?"

"નો પ્રોબ્લેમ."

કેમેરા લેતાં મુલાયમ હાથનો સ્પર્શ થઈ ગયો. યુવાન હૈયે ઝણઝણાટી અનુભવી. કેમેરાની આંખમાં નમણી આંખો જોતાં મનમાં સળવળાટ થયો.

"જરા સ્માઇલ પ્લીઝ." એ હસી.

હિતેને ચારેક ફોટા જુદાજુદા એંગલથી ખેંચી લીધા. કેમેરા પાછો આપતાં કહ્યું, "યુ હેવ ગુડ ફોટોગ્રાફિક ફીચર. કૉંગ્રેચ્યુલેશન્સ."

"યુ આર હેન્ડસમ. ફૉલ્સના બેકગ્રાઉન્ડમાં તમારો ફોટો પાડવો છે?"

"ઓ.કે. લો કેમેરા."

"એકાદ બે મારા કેમેરામાં પાડું તો તમને વાંધો છે?"

"આઇ ડોન્ટ માઈન્ડ." અદાથી હિતેન ઊભો રહી ગયો.

એના કેમેરાથી બે ફોટા પાડી હિતેનના કેમેરાથી બે ફોટા પાડ્યા.

"થેંક્સ." કેમેરા આપતાં કહ્યું.

"આઉટ ઑફ ફોકસ હોય તો ગાળો ન દેતા."

"ગાળો દેવાનો મારો સ્વભાવ નથી."

"નાયગરા ફરવા આવ્યા છો?"

"વાંચવાનો કંટાળો આવ્યો એટલે નીકળી પડ્યો."

"શું ભણો છો?"

"એમ.કોમ. ."

"ક્યાં?"

"કિંગસ્ટન યુનિવર્સિટીમાં."

"તમે નહિ માનો. આને યોગાનુયોગ જ કહેવાય."

"કેમ?"

"હું પણ કિંગસ્ટનમાં બી.એ.ના છેલ્લા વર્ષમાં છું. ત્યાં કદી ન ભેટો થયો અને અહીં ભટકાઈ ગયાં."

"કુદરતનો કોઈ સંકેત હશે."

"ભગવાનમાં હું નથી માનતી."

"જીવનમાં બહુ ખત્તાં ખાધાં લાગે છે. જ્વા દો એ વાત. નામ શું છે?"

"રેખા. જસ્ટ સ્ટ્રેઇટ લાઇન. વાંકીચૂકી નહિ.. માત્ર સ્ટ્રેઇટ લાઇન."

"મને સ્ટ્રેઇટ લાઇન ગમે છે. હું હિતેન."

રેખા એની સામે જોઇ રહી. આંખોના પડળ પર કંઇ વાંચી રહી હતી.

"દોસ્તીનો હાથ લંબાવું? મારી મા કહેતી હતી કે સારા માણસોની આંખોમાં એનું સારાપણું દેખાય છે. મને તમારી આંખોમાં સારાપણું દેખાતાં મેં તમને ફોટો પાડવા કહ્યું. અને કેટલા જલદી નજીક આવી ગયાં?"

"નજીક આવ્યાં નથી. ઇશ્વરની મહેરબાની હશે તો નજીક આવીશું"

"મેં કહ્યુંને મને ઇશ્વર પર જરાય શ્રધ્ધા નથી."

"સૉરી. ચાલો ક્યાંક બેસી વાતો કરીએ. તમે કેવી રીતે આવ્યાં છો?"

"બસમાં."

"ચાલો. મારી કારમાં."

"સારું થયું મેં રિટર્ન ટિકિટ ના લીધી."

"આપણે મળવાના હતા."

"પોસિબલ."

હિતેન અને રેખા આમ અચાનક ભટકાઈ ગયાં. ધીરેધીરે સંબંધ ગાઢ થતો ગયો. હૉસ્ટેલમાં હિતેનની રૂમ પર રેખાના આંટાફેરા વધી ગયા. આત્મીયતા વધતી ગઈ.

"હિતેન, મને લાગે છે કે હું તને પ્રેમ કરવા લાગી છું."

"મને પણ એવું લાગે છે. ખોટું નહિ."

"બહુ ખોટું કહેવાય. આપણો સંબંધ હવે લાંબો નહિ ટકે."

"કેમ એમ કહે છે?"

"એક વાર કોઈને પ્રેમ કરતા થાઓ એટલે જીવનમાં અવરોધો આવતા થાય છે. પ્રેમ કદી સુખ નથી આપતો. દુઃખનો દરિયો ઠાલવે છે. પ્રેમ ઈર્ષાળુ હોય છે. ઈર્ષાનાં વાદળો જિંદગીને ઊંડા પાણીમાં ડુબાડી દે છે."

"હું ઈર્ષાથી પર છું."

"એ એક છેતરામણી ચાલ છે. મને એક પણ એવો કિસ્સો બતાવ જેમાં બે પાત્રો પ્રણયની આગમાં ખાક ન થયાં હોય. રોમિયો જુલિયટ, દેવદાસ પારો, આણલ દે ઢોલરો, સરસ્વતીચંદ્ર કુમુદ, અનેક દાખલા છે."

"તું અને હું એક નવો દાખલો બની રહીશું..."

"વચન આપે છે?"

"હા. વચને બંધાઉ છું."

બે વર્ષ સાથે જિંદગી માણી. ખૂબ હર્યા ફર્યા. પરસ્પર વિશ્વાસની ગાંઠ બંધાતાં રેખાએ તનમન સમર્પી દીધાં. પ્રેમમાં પાગલ બનતાં ગયાં.

એક દિવસ મસ્તીમાં આવી જતાં ભાન ભૂલ્યાં.

સ્વસ્થ થતાં રેખાએ પૂછયું, "તું મને ચોકકસ પરણીશ ને?"

"તને શંકા છે?"

"ના. પણ મારે આ બાળકને રાખવું છે. આપણા પ્રેમની તારી આ અમૂલ્ય ભેટ છે.."

"મારે પણ આપણા પ્રેમની એ નિશાની રાખવી છે."

"બે મહિના પછી ખાતરી થાય કે પ્રેગ્નન્ટ છું. તો હું કહું એમ કરવું પડશે."

"તું કહે તેમ કરવા તૈયાર છું. હવે તારા સિવાય મારા જીવનમાં કોઈ જ નહિ હોય, ક્યારેય નહિ. તું ભગવાનમાં માનતી નથી એટલે એમ નહિ કહું કે જનમો જનમ..."

"મારે આ જનમની વાત કરવી છે. બીજા જનમમાં શું થવાનું છે એ તો કોઈ જાણતું નથી. આ જનમમાં જ પુરુષો નફ્ફટ નીકળે છે. એકને છોડી બીજીને આવકારતાં કદી પાછું વળીને જોતા નથી. મારે એ દિવસ નથી જોવો કે મારે બીજું બાળક નથી જોઈતું. તારા પ્રેમમાં અને આવનાર બાળકના પ્રેમમાં આપણે મધુર જિંદગી જીવી કાઢીશું."

"હિતેન તારી ભાવનાને સમજે છે, તારા પ્રેમને સમજે છે, તારા અંતરને ઓળખે છે, બે વર્ષ રેખા તારા સાથમાં સારી જિંદગીનું સુખ માણ્યું છે, સારા જીવનનું ભાથું બાંધ્યું છે. બોલ, તારે શું કહેવું છે?"

"ચોક્કસ વચન પાળીશ?"

"હા, બાપા હા. બોલ તો ખરી!"

"જો હું ખરેખર પ્રેગ્નન્ટ હોઉં તો બાળકના જન્મદિનના સાત દિવસ પહેલાં તારે નસાબંધી કરાવી દેવાની. કોઈ સ્ત્રી સામે કદી આંખ ઊંચી નહિ કરવાની. હું પણ તને વચન આપું છું કે બાળક આવ્યા પછી ગર્ભાશય કઢાવી નાખીશ. આપણા ત્રણના સંસારમાં લીન બની એક બીજાને જિંદગીભર પ્રેમ કરતાં રહીશું."

"કબૂલ. યુવાનીના ઉન્માદમાં નથી કહેતો. મારા શ્રી નાથજીને સાક્ષી રાખી કહું છું."

બીજે દિવસે હિતેને હૉસ્ટેલ છોડી દીધી. બંને કિંગસ્ટનમાં એક એપાર્ટમેન્ટમાં રહેવા ગયાં. હિતેનને બેંકમાં પાર્ટ ટાઇમ સારા પગારની જોબ મળી ગઈ. બંને ધન્ય બની દિવસો ગણતાં રહ્યાં.

ત્રીજા મહિને ડૉક્ટરે નિદાન કર્યું કે છોકરો આકાર લઇ રહ્યો છે.

બંને એટલાં બધાં ખુશ થયાં કે બંનેને બીક લાગી કે બંને એ ખુશી જીરવી નહિ શકે. બંનેએ જિંદગી માણવામાં જરાકે કસર ન રાખી.

સાતમા મહિને રેખાના પેટ પર હાથ ફેરવી હિતેને પૂછયું, "બોલ, મારા જેવો હશે કે તારા જેવો?"

"તારા જેવો હશે તો વેપારી અને મારા જેવો હશે તો ડૉક્ટર થવાનો."

"કેમ ડૉક્ટર થશે એવી વાત કરે છે?"

"ડૉક્ટર થશે તો એને શીખવીશ કે પ્રેમનો ઢોંગ કરનાર સ્ત્રી કે પુરુષને ઘેનનું ઇન્જેક્શન આપી સદાને માટે સૂવાડી દે જે. તારો સગો બાપ હોય તો પણ અચકાતો નહિ."

"રેખા, મેં તને વચન આપ્યું છે તો પણ તને હજુ શંકા આવે છે?"

"ના. તારા પર જરાકે શંકા નથી. તારા જેવો વિશ્વાસુ ઝિંદાદિલ પુરુષ આ ધરતી પર શોધ્યો ન જડે. હું તને ચાહું છું એમ તું પણ મને ખૂબ ચાહે છે. મારો હિતેન મને દ્રોહ ન દે... કદી ન દે.."

હિતેન એના અંગેઅંગ પર કિસ કરી પાગલ જેમ વર્તવા લાગ્યો. બંને પરિણામની રાહ જોતાં હતાં. એક મહિના પછી હિતેનના એમ.કોમનું પરિણામ આવવાનું હતું, એક મહિના પછી રેખાનું પરિણામ આવવાનું હતું.

નસીબની કેવી બલિહારી? રેખાનું પરિણામ આવે એ પહેલાં...

એક સાંજે રેખા વૉક કરવા નીકળી હતી. ફૂલ સ્પીડે આવતી એક ટ્રક ફૂટપાથ પર ચડી ગઈ. લાઇટના થાંભલા અને ટ્રક વચ્ચે રેખા ફસાઈ ગઈ. ડ્રાઈવર, રેખા અને આવનાર બાળક ઑન ધ સ્પોટ મરણ પામ્યાં.

હિતેન ખૂબ રડ્યો. આખી જિંદગીમાં નહિ રડ્યો એટલું બધું એ રડ્યો. જીવનથી હારી ગયો. જીવન નકામું લાગ્યું. જીવવાનો કોઈ અર્થ નથી એવો નિર્ણય કરી લેક ઑન્ટારિયોમાં ડૂબી આપઘાત કરવા નીકળી પડ્યો. સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. અંધકારના ઓછાયાની રાહ જોતો એક પથ્થર પર બેઠો. સફેદ કપડાંમાં સજ્જ એક દાઢીવાળો હિતેનની પાસે આવી બોલ્યો, "પત્ની મરી જતાં નિરાશ થઈને આપઘાત કરવા આવ્યા છો?'

હિતેન એની સામે જોઈ રહ્યો. કંઈ બોલ્યો નહિ.

"પત્ની સાથે સાથ જીવવાના કૉલ લીધા હતા. અકસ્માતમાં પત્ની અને આવનાર બળક ગુમાવ્યું. એની નિરાશામાં જીવનનું મહત્ત્વ નથી એવી ભાવના જાગી. એટલે ઈશ્વરની બક્ષિસ સમા આ અણમોલ જીવનનો એના નિશ્ચિત સમય પહેલાં અંત લાવવા આવ્યા છો. પામર છો પામર. પત્નીનું વચન મરીને પાળો એ તો પામરતા છે. જીવીને મનને મક્કમ કરી વચન પાળો તો જ તમારી પત્નીના આત્માને શાંતિ મળશે. થોડાં વર્ષ જીવી તો જુઓ. વચન પાળવામાં કેવા પ્રામાણિક છો એનો તમને ખ્યાલ આવશે. એ જ તમારી પ્રેમાળ પત્નીનું સાચું તર્પણ છે. દુનિયાને એક દાખલો આપજો કે સાચો પ્રેમ કોને કહેવાય? જે દિવસે વચન તૂટશે એ દિવસે કે વચન પાળશો તો કો'ક દિવસે તમને તમારી પત્ની સપનામાં મળશે અને જે સંદેશ આપે એ પ્રમાણે વર્તજો. મુર્ખામી છોડી જીવન જીવતાં શીખો."

હિતેન ઊભો થયો. સફેદ વસ્ત્રધારી સાધુને નમવા ગયો. ન કોઇ સાધુ હતો, ન કોઇ છાયા હતી. હિતેન દરિયાનાં પાણી માથે ચઢાવી પૂંઠ ફેરવી ધીમે પગલે ઘર તરફ ચાલવા લાગ્યો. ચાલતો રહ્યો. કોઇ નવો મંત્ર લઈને નવા જીવનની શોધમાં...

ફોલ્ડર બંધ કરતાં રુબીની આંખમાંથી આંસુનાં બૂંદ ટપકી રહ્યાં.

* * *

# બાવીસ

હિતેન ઘેર આવતાં એને ભેટી રુબી બોલી, “કેટકેટલી વેદના હૈયામાં ભરી તમે જીવી રહ્યા છો. લોકો તમને કેવી રીતે જોતા હશે એની પણ તમે પરવા નથી કરી. તમે મહાન છો. હિતેન દુનિયાને કેમ સત્ય કહેતા નથી?”

“કોઈને કહેવાનો શો અર્થ? પુણ્ય કરો તો એનો ઢંઢેરો પીટવાનો ન હોય. સત્કાર્ય કરો તો બીજાને કહેવાનું ન હોય. હૈયાનું દર્દ લોકો પાસે ઠાલવવાનું ન હોય. રુબી, આ વાત મારા કુટુંબમાં પણ કોઈ જાણતું નથી. તમે એકલાં જ આ સત્ય જાણો છો. તમારી સાથે આત્મીયતા બંધાઈ એટલે આ વાત નથી કરી. તમે મારે ઘેર નચિંત બનીને રહી શકો. તમને મારી એકલતાની બીક ન રહે.. એ માટે મેં મારા ભૂતકાળની ભસ્મનો તમને અણસાર આપ્યો. આ તો અમારા પ્રેમની જસ્ટ સમરી છે. આદિથી અંત સુધી બધું લખવા બેસું તો ચોવીસ મહિનાની અમારી પ્રેમકથાનાં ચોવીસ પ્રકરણ ઓછાં પડે.”

આ સાંભળી રુબીની આંખો ભીની થઈ ગઈ.

“રડ નહિ રુબી. મેં જીવનનો રાહ નક્કી કરી દીધો છે. જિંદગી, પ્રેમ, સેક્સ બધું ખૂબ ખૂબ માણ્યું છે. ભર યુવાનીમાં આજે પણ મને કશાનો વસવસોનથી કે કશાની ખોટ નથી લાગતી. આઇ એમ હેપી, વેરી વેરી હેપી. પેલા સાધુના શબ્દોએ મને નવજીવન આપ્યું. લોકો મારી પાછળ શી વાતો કરે છે એ મને ખબર છે. હું સ્ત્રીઓમાં રસ નથી લેતો એટલે લોકો મને ગે માને છે. મને એનું દુઃખ નથી. મારા વચનને હું વળગી રહ્યો છું એનો આનંદ છે. આઇ એમ રીઅલી વેરી હેપી. તું જરાકે અફસોસ ના કરતી. આ વાત તું જાણતી નથી એમ જિંદગીભર વર્તજે અને ‘તુમ ભી કિસીસે પ્યાર કરો તો ગુલો બુલબુલ સા કરના!’ રુબી પાસે આવી હસીને કહ્યું.

“તમારો ત્યાગ મહાન છે. ભસ્મ થઈ ગયેલા ભૂતકાળમાં એવી કેટલીય

વાતો હશે જે ઘણાને પ્રેરણાદાયી બની રહે. કયારેક સમય મળે તો નામ ઠામ બદલીને એક નવલકથા લખજો. આઇ પ્રોમિસ ઇટ વિલ બી બેસ્ટ વન.”

“ભૂતકાળની કેડી પર વર્તમાનની ઇમારત બાંધી રહ્યો છું. જોઈએ જીવન કેવો આકાર લે છે. આ એક નવું જીવન છે. પેલા સંતના શબ્દોએ બક્ષેલું જીવન. રુબી, જીવનને સમજ્યું, જીવનનો ઉદ્દેશ સમજ્યો, પ્રેમને સમજ્યો, પ્રેમને ઓળખવો, એ કોઈ અલૌકિક ઘટના છે. ‘કેન ગુર્જરી’ શરૂ કરવા પાછળ દુનિયાને કોઈ નવો સંદેશ આપવાનો મારો ઉદ્દેશ છે. કેને મને એની ટોળીમાં સાથીદાર થવા ઘણીવાર કહ્યું છે. પણ હું ના જ પાડતો રહ્યો છું. એકાઉન્ટન્ટ છું એટલે એકાઉન્ટ રાખવાની મારી ફરજ છે. એના પૈસા કયાંથી આવે છે અને કયાં જાય છે ઇટિઝ નોટ માય બિઝનેસ. જેવી કરણી એવી ભરણી. એવા લોકોને સલાહ આપવાનો કોઈ અર્થ નથી. હું એકાઉન્ટસ નહિ રાખું તો એ કોઇ બીજાને આપશે. એનો અનીતિનો બિઝનેસ કંઈ અટકી જવાનો નથી. એના બધા જ પૈસાનું હું દાન કરી દઉં છું.”

“તમે ઇન્વૉલ નથી એ આનંદની વાત છે. મને ઇન્વૉલ કરવા માગે છે. મને રસ નથી. એવા લોકોને આકરામાં આકરી સજા થાય એવું હું ઇચ્છું છું.”

“કોઇ ઉતાવળ ન કરતી. ગૉડ વિલ પનિશ હિમ! ચાલ નવ વાગ્યે સ્ટેડિયમ પર પહોંચવાનું છે.”

હિતેન અને રુબી હોકી જોવા ગયાં.

* *

કેનના મનમાંથી રુબી ખસતી નહોતી. એણે હિતેન પાસેથી રુબીની કાયમી નોકરીનું સર્ટિફિકેટ મેળવ્યું. છેલ્લા કેટલાક મહિનાના ‘કેન ગુર્જરી’ના વિકાસના આંકડા મેળવ્યા. આવક વધારા અંગે બેંકનાં સર્ટિફિકેટ્સ, વગેરે મેળવી ઇમિગ્રેશન ડિપાર્ટમેન્ટમાં રજૂ કરી રુબી કેનેડાના અર્થતંત્રમાં બહુ ઉપયોગી બની રહેશે એવી છાપ ઊભી કરી. ઇમિગ્રેશન ઑફિસરને ગળે વાત ઊતરી જતાં એનું વચન પાળવામાં સફળ થયો. સરકારી નિયમ પ્રમાણે હિતેન એને એક દિવસ માટે બોર્ડર ક્રોસ કરાવી બફેલો લઇ ગયો.

રુબીને ઇમિગ્રેશન મળી જતાં રુબી અંતરથી કેનનો આભાર માનવા એની મોટેલ પર ગઈ.

"આવ. મારી ઑફિસમાં બેસીએ." રુબી એની ઑફિસમાં ગઈ.

"બેસો. નાઉ હેપી?"

"વેરી હેપી. હું આપની બહુ રુણી છું."

"મને ખુશ રાખશો તો તમને ખુશીની ટોચે બેસાડી દઈશ."

"તમે કહેશો તે કરવા તૈયાર છું. મને તમારે માટે માન છે."

"પહેલાં તો તમારે તમારી શરત પાળવાની છે."

ઊભા થઇ રુબીએ ગાલ ધર્યો. કેને પાસે આવી બે હાથ એની કેડ આસપાસ વીંટાળી એના ગાલ પર કિસ કરી. એ કિસમાં એને એટલી બધી ઉષ્મા લાગી કે એણે રુબીને ઉપાડી લીધી.

"નો. નો. નો મોર, પ્લીઝ. શરત પૂરી થઈ."

કેન બહુ સમજુ હતો. એને રુબીની બીક લાગી.

"ઓ.કે. સમ અધર ડે." કહી રુબીને છોડી દીધી.

"યુ આર એ ગુડ મેન."

રુબીને એક વાર ભોગવવાની આશા સાથે પોતાની પ્રિય મિત્ર બનાવવા ઝંખી રહ્યો.

"રુબી સમાજની દષ્ટિએ બધા ગુડમેન હોય છે. પણ કોઈએ સાચું કહ્યું છે કે ધોતિયા નીચે બધા જ નાગા હોય છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ કિલન્ટનનો દાખલો મોજૂદ છે."

"બધી જ મોનિકા નથી હોતી."

"ધીરેધીરે બધી જ મોનિકા બને છે. ઇટ ટેકસ ટાઇમ."

કેન હસીને બોલ્યો, "હવે કામની વાત. બે વીક પછી એક છોકરી આવી રહી છે. એને તમે સંભાળી લેશો?"

"મારે શું કરવાનું?"

"હું એરપૉર્ટ પરથી એને લઈ આવીશ. એક દિવસ મારી મૉટેલ પર રાખીશ. પછી બોર્ડર પર અમારી ટોળકીના ઑફિસરની ડ્યુટી આવે ત્યાં સુધી તમારી સાથે બે ત્રણ દિવસ એને રાખવાની."

"મારે હિતેનને પૂછવું પડે."

"પૂછજો. એ ના નહિ પાડે. ભલે અમારી ટોળી સાથે એ ન સંકળાયો

હોય પણ છોકરીને સેફ રાખવાનું ભલું કામ એ કરે છે."

"તમારી મૉટેલ પર સેફ ન રહી શકે?"

"મૉટેલ પર એક દિવસ રાખવામાં મને વાંધો નથી. બેચાર દિવસ અહીં રાખું તો ટોળકીના બીજા લોકોની દાનત બગડે. હું ના પાડું તો અમારા સંબંધો બગડે એટલે હું રિસ્ક નથી લેતો."

"તમારી પાસે સેફ હોય છે?"

"જેવી છોકરી. તક મળે તો કયારેક હું એકલતાનો લાભ લઈ લઉ છું. અમેરિકા જ્વાની લાલચમાં તન સમર્પી દેતાં અચકાતાં નથી. તમારા જેવી કોઈક ચાલાકીથી છટકી જાય છે."

"તમે આટલા પ્રામાણિક છો. મારી પાસે દિલ ખોલીને વાત કરો છો."

"તમે હવે કયાં પારકાં છો? તમે મારું બુલબુલ છો. હિતેન ભલે તમને એક દેવી તરીકે ટ્રીટ કરતો. હું તો તમને મારી બુલબુલ જમાનીશ."

રુબી હસી. એ મલકાટ જોઈ કેન બોલ્યો, "આમ મલકાટ પાથરી મને તમારો આત્મીય ગણજો. હિતેન નહિ, કોક દિવસ હું જ તમારા કામમાં આવીશ. કયારેક એકલતા અનુભવો તો દોડી આવજો. આ કેન તમારી પર બળાત્કાર નહિ કરે. પણ તમે રાજીખુશીથી દોડી આવો એ દિવસની રાહ જોશે. મારે પ્રેમથી તમને જીતવાં છે, બળજબરીથી નહિ."

"આઇ લાઈક યૉર એટિટ્યુડ. પેલી છોકરીને અહીં કેવી રીતે લાવશો?"

કેને કૉમ્પ્યુટર પર કિલક કરી કોડ નંબર પંચ કરી એક સાઇટ ખોલી.

"જુઓ. આ સિક્રેટ પ્લાન. કોઈને કંઈ કહેશો નહિ."

અમદાવાદથી કેનેડા સુધીની લિંક દર્શાવતો મેપ હતો. જ્યાં જ્યાં કસ્ટમ, ઈમિગ્રેશન, પોલીસ, કે એજન્ટને કોન્ટેકટ કરવાના હતા ત્યાં એસ્ટ્રિક કરી નંબર આપી નીચે નંબર પ્રમાણે એમનાં નામ, સરનામાં, ફોન નંબર વગેરે વિગતો હતી. કેન એક પછી એક કયા સ્ટેપ લેવાનાં એ સમજાવી રહ્યો હતો.

એકાએક ફોનની ઘંટડી રણકી.

"સર, મિ. વિલ્સન આવ્યા છે."

"વિઝિટર રૂમમાં બેસાડો. હું આવું છું."

"રુબી, હું દસેક મિનિટમાં આવું છું. તમે સ્ટડી કરો."

કેન જતાં બે ચાર મિનિટ રાહ જોઈ રુબીએ આખા પ્લાનની જલદીજલદી પ્રિન્ટ કાઢી, પેપરની ગડી વાળી બ્રા નીચે સરકાવી દીધા. બહુ ઉત્સુક બની પ્લાન જોતી રહી. કેન આવતાં પૂછયું, "દેશમાં તો બધા લાંચિયા છે એટલે સમજી. પણ અહીં ટોરોન્ટોમાં કેવી રીતે હલ કરો છો?"

"એકબે ઑફિસરોને સાધેલા છે. એમની ડ્યુટી હોય ત્યારે જ પેસેન્જર આવે એવું ગોઠવીએ છીએ."

"પ્લેઇન મોડું આવે કે રસ્તામાં લંડન કે પેરિસ અટવાઇ જાય તો?"

"અહીં કોઇ મુશ્કેલી પડવાની શકયતા બહુ ઓછી હોય છે. સાચો પાસપોર્ટ અને સાચા વિઝા દિલ્હીથી કઢાવીએ છીએ. ખરી તકેદારી ત્યાં રાખવાની હોય છે. કેનેડિયન ઇમિગ્રેશન ઑફિસમાં બે ઇન્ડિયન ઑફિસર અમારા એજન્ટ છે. બે પંજાબી છોકરીઓનો પૂરો સાથ છે."

"એમ્બસીમાં કોઇને ગંધ ન આવે?"

"બે પંજાબી છોકરીઓ બહુ પહોંચેલી છે. કેનેડિયન ઑફિસરોને સેક્સ આપી ખુશ કરી પોતાના હાથમાં રાખે છે. એ કહે ત્યાં બહુ ચકાસ્યા વિના પેલા લોકો સહી કરી દેતા હોય છે."

"અને પકડાઈ જાય તો?"

"બંને છોકરીઓ ચાલાક છે. 'સોરી, સર. ભૂલ થઇ ગઇ.' કહી એમને લોભામણા હાસ્યથી પીગળાવી દે છે. સેક્સ ભલભલા ઑફિસરને પામર બનાવી દે છે."

"તમે બહુ પહોંચેલા છો. યુ આર વેરી ઇન્ટેલિજન્ટ, મિ. કેન સાલવી!"

"આ ઇન્ટેલિજન્ટ માળામાં તમારા જેવી મોહક બુલબુલની જરૂર છે."

રુબી હસી. "તમારા ખાસ સાથીદારો કોણ છે?"

"રાજ જાદવ, બી.જે. ચંદારાણા, કાસમ અલી, બચન ગિલ અને હું. વર્ષે વીસપચીસ જણ લાવીએ છીએ. ત્રણ ચાર મહિને ઇન્ડિયા જવાનો અમારો ટર્ન આવે છે."

"હિતેનનો કંઇ ફાળો નથી?"

" એ બીકણ છે. 'અનીતિનું કામ' કહી દૂર રહે છે. છોકરીથી તો બહુ દૂર ભાગે છે. એ...."

"કેમ અટકી ગયા?"

"કોઈને કદી કહે નહિ તો તને કહું."

"તમારી બધી વાત મારા પેટમાં જ રહેશે. ટ્રસ્ટ મી."

"એ ગે છે... દેખાવમાં નથી લાગતો. પણ વાસ્તવિકતામાં છે."

"ઓહ માય ગોડ!" આશ્ચર્ય પામી રુબીએ ડોળ કર્યો.

"ફરગેટ હિમ. તારે એને પૂછવું હોય તો પેલી છોકરી વિષે પૂછજે. બીજી કોઈ વાત ના કરતી."

"સારું. જાઉં હવે?"

"ટચમાં રહેજે."

રુબી ઘેર ગઈ. હિતેન હજુ આવ્યો નહોતો. એકાએક યાદ આવતાં એણે આસુને ફોન કર્યો.

"હમણાં જ તને યાદ કરી અને તારો ફોન આવ્યો."

"એનું નામ ટેલિપથી. બોલ શા નવીન છે?"

"મિડ ટર્મ એકઝામમાં બિઝી હતો. કાલે જ અહીં આવ્યો. તારી મોકલેલી ગિફ્ટ હિતેનની મમ્મી મને આપી ગયાં હતાં. બહુ ગમી. કાલે ફરી મળવા આવેલાં. તારાં વખાણ કરતાં થાકતાં નહોતાં."

"એ મારાથી બહુ ખુશ છે. મને આગ્રહ કરી એમને ઘેર રાખી છે. હિતેન ભગવાનનો માણસ છે. તું મનમાં જરાય ખોટો વિચાર ન કરતો. હી ઇઝ અ પરફેક્ટ જેન્ટલમેન... વેરી પરફેક્ટ."

"મને તારા પર પૂરો ભરોસો છે. પછી શેની ચિંતા હોય?"

"એક ખાસ સમાચાર. મને પરમેનેન્ટ ઇમિગ્રેશન મળી ગયું. હવે તારે માટે તૈયારી કરું? તું આવી જાય પછી મમ્મીને બોલાવી લઈશું."

"મારે હજુ મારો ગોલ પૂરો કરવાનો છે."

"હિતેન તને જોબ આપવાનો છે."

"એમ.એ.ના પરિણામ પછી વિચારીશ."

"વિચારવાનું નહિ. તારે આવવાનું જ છે. આપણે આપણું સ્વર્ગ બનાવવાનું છે."

"સારું લે, મમ્મી સાથે વાત કર."

"નમસ્તે મમ્મી. તબિયત સારી છે ને?"

"ઘોડા જેવી."

"તો હવે ઘોડાની લગામ ખેંચવા તૈયાર રહો. વર્ષો પહેલાંનું તમારું સપનું ફળવાનું છે?"

"શું બોલે છે?"

"મને કાયમી ઇમિગ્રેશન મળી ગયું. આસુને અને તમને વહેલાં વહેલાં અહીં બોલાવી લેવાં છે. આસુને સમજાવજો, ના ન પાડે."

"એના બાપે ભૂલ કરી, એવી ભૂલ એને નહિ કરવા દઉં. તું કુશળ છે ને?"

"હા. માજી."

"સરોજ તારાં બહુ વખાણ કરે છે. અમીચંદ પણ બદલાઈ ગયા છે. કહે છે એમના જીવનમાં સુખનો સૂરજ ઉગાડનાર તું છે. શો જાદુ કર્યો દીકરી?"

"પ્રેમની જાળ પાથરી આત્મીયતાનો અનુભવ કરાવ્યો."

"શરીર સાચવજે દીકરી. લે આસુને આપું છું."

"રુબી, તારી જોબ કેવી છે?"

"મજાની. તને બહુ ગમશે. તું આવે તો નંબર વન છાપું બનાવી શકીશું."

"આઈ વિલ થિંક. ગુડ લક. આઈ લવ યુ."

"આઈ લવ યુ વેરી મચ.. વેરી મચ... આવજે. એમ.એ.માં ફર્સ્ટ ક્લાસ લાવવાનો છે એ ન ભૂલતો. એ પહેલું રુબી પછી. ગુડ લક, માય ડીઅર."

ફોન મૂકી દીધો.

* *

હિતેન ઘેર આવતાં એને કેન સાથે થયેલી બધી વાત કરી.

"તું એમાં ન સંડોવાય એવી મારી ઇચ્છા છે."

"હું સંડોવાવાની નથી. પણ મારે એના ગેરકાયદે વ્યવસાયની ડિટેઇલ એના મુખે જાણવી છે. તમે ના કહેતા હો તો હું રસ ન લઉં."

હિતેન થોડી વાર વિચાર કરી બોલ્યો, "એનો વ્યવસાય મને પણ પસંદ નથી. પણ એક મિત્રને દ્રોહ ન દેવાય. હા, એને એ વ્યવસાય છોડી દેવા સલાહ અપાય. સલાહ ન માને તો એને એના નસીબ પર છોડી દેવો જોઈએ. એક દિવસ પાપનો ઘડો ફૂટી જવાનો છે. અનીતિનો ધંધો લાંબો ચાલતો

નથી. સમય પાકે એનો અંત આવે છે.”

“મને લાગે છે કે સમય પાકી ગયો છે.”

“આવા લોકો પકડાઈ જાય તો જેલમાં જતાં શરમાતા નથી. પણ જેલમાંથી બહાર આવી તારી જિંદગી હેલ કરી દેશે. આજે પોલીસ તને સહકાર આપશે. કાલ તારી સામે પણ નહિ જુએ. જિંદગી વહાલી હોય તો મારી સલાહ છે કે આંખ આડા કાન કર.”

“મને જિંદગીની કોઈ પરવા નથી. હું સત્ય માટે ઝઝુમી શકું છું.”

“તને તારી જિંદગીની પરવા ન હોય. પણ કાલ આસુ આવે, એની મમ્મી આવે. તારું ખૂબ વહાલું સ્વજન હોય એને એ લોકો ટારગેટ બનાવી તને ઊંચાનીચા કરી દેશે. એ લોકોને તને કે તારા સ્વજનને મારવામાં રસ નથી. તારી જિંદગીને નરક બનાવવામાં અને તને રડાવવામાં રસ હોય છે. આવા નફ્ફટ લોકો નિર્દય અને કાતિલ હોય છે. મારી સલાહ છે કે તું એનાથી દૂર રહો તો સારું.”

“ખરેખર, તમને એવું લાગે છે?”

“બીજી પણ એક વાત છે. એણે તને ઈમિગ્રેશન અપાવ્યું છે. ડિપાર્ટમેન્ટને એક કાગળ લખી તને હેરાન કરી શકે. તને ડિપોર્ટ કરવા સુધીની તાકાત એ ધરાવે છે. તારું કોઈ જ સાંભળશે નહિ. અહીં પણ પૈસા ખાનારા ઘણા છે. રુબી, કોને સુધારી શકીશ? તારા આદર્શો, તારી ભાવના, તારા ઉચ્ચ વિચારો હું સમજી શકું છું અને એની કદર કરું છું. અહીં પણ ભ્રષ્ટાચાર મોટા પાયા પર વિસ્તરી રહ્યો છે. એક વાર તમે છાપે ચડો તો મારા પેપરને પણ આંચ આવે. એટલે કંઈ પણ પગલું ભરો તે પહેલાં બહુ વિચારજો.”

રુબી સ્તબ્ધ થઈ ગઈ. એણે નમ્રતાથી કહ્યું, “આપણા પેપરને આંચ આવે એવું મારે કશું ન કરવું જોઇએ.”

“થેંક્સ ફોર યૉર અન્ડરસ્ટેન્ડિંગ. રુબી, એક સલાહ આપું?”

“આપો.”

“આ દુનિયામાં કોઈની સામે બાથ ભીડી લડવાનો કોઇ અર્થ નથી. ભારત પાકિસ્તાનનો જદાખલો લે. કંઇ પરિણામ આવે છે? વર્ષો સુધી યુધ્ધ ચાલતું રહે છે, ખાનાખરાબી થાય છે, ખૂનામરકી થાય છે. એ રોકવું સહેલું

નથી. વર્તમાનપત્રો, માસિકો, ટીવી પર સંસ્કારપોષક ઘણી વાતો આવે છે. એ વાંચી કે જોઈ કંઈ બધા પર અસર થતી નથી. હા, દસ ટકા લોકો કંઈક સારું ગ્રહણ કરે અને સારું કરવા પ્રેરાય તો ઘણું છે. તું સરસ પ્રેરણાદાયક વાતો, પ્રસંગો, વાર્તાઓ લખતી રહેજે એ જ તારા માટે સાચો રાહ છે.”

“કેન, એક છોકરીને આપણે ઘેર રાખવાની વાત કરતો હતો.” રુબીએ વાતને વળાંક આપ્યો.

“રાખજે. મને વાંધો નથી. એક રીતે એ એક ભલાઈનું કામ છે. વાઘના પંજામાંથી સસલાને બચાવી લેવા જેવું પુણ્યનું કામ છે. એ એ રીતે રાક્ષસ છે. છોકરીઓને ફસાવવામાં પાવરધો છે. તું જરા સાવધ રહેજે.”

“મારી ચિંતા ન કરશો. મારી સામે આખ ઊંચી કરશે તો એવો પાઠ ભણાવીશ કે કોઈ સ્ત્રી સામે આંખ ઊંચી કરવાનું જિંદગીભર ભૂલી જશે.”

“એને ખુશ રાખીશ તો આસુને અહીં લાવવામાં એ સારી મદદ કરશે. તેં મને બધી વાત કરી તે સારું કર્યું. આઇ એમ પ્રાઉડ ઑફ યુ, રુબી.”

“તમારી વિચારસરણી પર મને માન છે. તમને પૂછયા વિના હું કશું કરવાની નથી.”

“કંપનીમાં તને મેળવી હું ધન્ય થયો છું. હું મિલિયનર બનીશ તો તને પણ મિલિયનર બનાવીશ. આપણે બે જીવનભર જિગરી મિત્રો બની રહીશું.”

“આઇ ઑલસો વિશ સો.”

* *

કેનનો ફોન આવતાં રુબી મૉટેલ પર ગઈ. કેને નવી આવેલ છોકરીનો પરિચય કરાવતાં કહ્યું, “આ વિકી છે. બેત્રણ દિવસ તમારી સાથે રહેશે. વિકી, આ રુબી છે. બહુ સજ્જન સન્નારી છે. એ તારી કેર લેશે.”

“હાય, વિકી. વેલકમ ટુ કેનેડા.”

“હલો. નાઇસ ટુ મીટ યુ.”

“ઓ.કે. હું જાઉં છું. મારે ઘણાં કામ છે. હું તમને યુ.એસ.એ. જવાનું નક્કી થશે ત્યારે ફોન કરીશ. આવજો.”

કેન ગયો. વિકી રુબી સાથે કારમાં બેઠી. મુસાફરીની, ઇન્ડિયાની અને કેનેડાની રસ્તામાં વાતો થતી રહી. વિકીને રુબી ખુલ્લા દિલની લાગી.

ઘેર પહોંચી કહ્યું, "વિકી, ચાલ તારો રૂમ બતાવું."

વિકી ગેસ્ટરૂમમાં સામાન મૂકી નીચે આવી.

"ચા પીશો?"

"હા, બપોરે ચાની મને ટેવ છે. હું બનાવી લઉ?"

"તમે બેસો. હું બનાવીશ. તમે મહેમાન કહેવાઓ.

"તમારી આંખોમાં પ્રેમ અને લાગણી ભર્યાં છે. મને તમે ગમી ગયાં છો. બહુ મળતાવડો સ્વભાવ લાગે છે. તમારી મૈત્રી ગમે એવી છે."

"ગમે કે ન ગમે તમે બેત્રણ દિવસના અમારા મહેમાન છો. અહીં તમે નચિંત રહી શકો છો. મારે લાયક કંઈ પણ કામ હોય તો મને કહેજો."

રુબીએ એને મહેમાન જેમ ટ્રીટ કરી સારી છાપ ઊભી કરી. એકાદ કલાક પ્લેઇનની સફર અને લાંબી મુસાફરીની વાતો કરી. જરા આત્મીયતા બંધાતાં વિકીએ પૂછયું, "આવડા મોટા બંગલામાં તમે એકલાં રહો છો?"

"ના. બંગલાના માલિક હિતેન છે. એમની કંપનીમાં હું એમના પેપરની એડિટર છું."

"ઓહ. એમને પત્ની નથી?"

"ના. એ સિંગલ છે."

"તમે?"

"એક મિત્ર અને એક એમ્પ્લૉયી."

"તમારા જેવી બ્યૂટિફુલ ગર્લફ્રેન્ડ હોય એને લગ્નની બેડીની શી જરૂર?"

"હું એકલી નથી રહેતી. એમનાં બા અહીં રહે છે."

"બપોરે સૂઇ જાય છે?"

"ના. થોડા વખત માટે ઇન્ડિયા ગયાં છે."

"સારું કર્યું. દૂધપાકના તપેલામાં....."

"તમે વિચારો છો એવું કંઇ નથી."

"હોય તોય શું? સેક્સ એક પ્રકારનો આનંદ છે. સ્ત્રીની એ મોટામાં મોટી મૂડી છે. આનંદ મળતો હોય, પૈસા મળતા હોય કે આપણું કામ સરતું હોય તો એ લૂંટાવવામાં કશું ખોટું નથી."

"સંસ્કારી સ્ત્રી કોઈ સંજોગમાં ચારિત્ર્યને હોડમાં નથી મૂકતી."

વિકી ખડખડાટ હસી.

"માફ કરજો મારા વિચારો કદાચ તમને નહિ ગમે. શું એકલી સ્ત્રીએ જ ચારિત્ર્યનો ઝંડો લઈને ફરવાનું છે? પુરુષો પરણેલા હોય કે કુંવારા, જુવાન હોય કે વૃધ્ધ હોય ગમે તે સ્ત્રી સાથે ગમે ત્યારે, ગમે ત્યાં સેક્સ માટે દોડી જઈ શકે છે. અને સ્ત્રી? જ્વાદો એ સમાજની એકપક્ષી વાતો."

"એક રીતે તમારી વાતોમાં તથ્ય છે. એ વાતો સમજવા જેવી છે. બોલો, જમવાનું છે ને?"

"તમે જમશો તે મને ગમશે. મને તો વેજ કે નોન વેજ બધું ચાલશે."

"અમે વેજિટેરિયન છીએ. હિતેન અહીં વર્ષોથી છે એટલે બધું ખાય છે."

"મને એમની કંપની ગમશે."

"થોડીવારમાં આવવા જોઈએ. તમે ક્યાંના છો એ પૂછવું જ ભૂલી ગઇ."

"હું ગોવાની છું. સત્તાવીસ થયાં પણ સિંગલ છું. પતિની ખોટ હજુ સાલતી નથી."

એજ વખતે હિતેન ઘેર આવ્યો. "હાય. હું હિતેન. તમે?"

"હાય હેન્ડસમ. મી વિકી ફર્નાન્ડિઝ. ગોવાથી આવું છું. યુ હેવ અ વેરી નાઇસ ફ્રેન્ડ. બ્યૂટિફુલ, પૉલાઇટ, સ્માર્ટ, આઇડિયલ વુમન."

"રુબીમાં ઘણી ક્વૉલિટી છે."

"તમારા જેવા હેન્ડસમની ચૉઇસ નંબર વન જ હોઈ શકે."

હિતેનને રુબીએ ચા આપી.

"હિતેન આજ જમવાનું શું કરવું છે?"

""ઘેર બનાવવાની જરૂર નથી. વિકીને બહારનું વધુ અનુકૂળ પડશે."

"સ્માર્ટ. વેરી સ્માર્ટ. હાઉ ડીડ યુ નો માય ચૉઈસ?"

"તમારી વાતો કરવાની છટા પરથી."

"અમેરિકામાં રહેવાનું છે. સોગિયા બને ન ચાલે. જે સમયે જે મળે એ માણવાનું છે. પૈસા કમાવાના છે. અર્થતંત્ર પુરુષોના હાથમાં છે. પુરુષોને ખુશ રાખવાની કળા સિધ્ધ કરી છે. મસ્તીભરી જિંદગી જીવી રહી છું."

"હિતેન, વિકી પાસેથી ઘણું શીખવા જેવું છે. ચાલો, પહેલાં જમી

આવીએ. પછી એણે મુસાફરીનો થાક ઊતારવાનો હશે."

"થાક શેનો? રાતની રાણી છું. આખી રાત તમારી સાથે ગાળી શકું એમ છું."

બધાં હસ્યાં. રેસ્ટૉરન્ટમાં ગયાં. વેઇટર પાણી અને મેનુ મૂકી ગયો.

પાણીનો ઘૂંટ પીતાં એણે વેઇટરને કહ્યું, "તમારે ત્યાં આઇસ નથી? આ તો પાણી છે કે ચા?"

"સૉરી મેમ." કહેતાં વેઇટર ત્રણ ગ્લાસ પાણીમાં બરફ નાખીને લાવ્યો.

"થેંક્સ. નાઉ પરફેક્ટ." કહેતાં હસી.

રુબી અને હિતેને વેજ મગાવ્યું. વિકીએ ફિશ અને ચિપ્સ મંગાવ્યાં.

"તમે વાઈન લો છો?"

"વાઈન, રમ, વ્હિસ્કી...તમને શું ગમશે?"

"જમતી વખતે વાઈન."

"મારે માટે પણ વાઈન ચાલશે."

હિતેને બે વાઈન અને એક કોકનો ઓર્ડર આપ્યો.

"સોરી. માઠું ન લગાડશો. મને બોલવાની અને બધા સાથે ઘરનાં હોય એવી રીતે વર્તવાની ટેવ છે. સાત વર્ષ ગોવાની હૉટેલમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કર્યું છે. દેશ પરદેશના ટુરિસ્ટો સાથે પનારો પડ્યો છે. ટુરિસ્ટોને ખુશ રાખવા બધું જ કરવું પડે. યુ નો વૉટ આઇ મીન."

"જેવો વ્યવસાય." હિતેને હસીને કહ્યું.

"યુ વેલ અન્ડરસ્ટેન્ડ. બિઝનેસમેન છો ને! રુબી સીમ્સ ટુ બી વેરી આઇડિયલ હિન્દુ વુમન. વેરી ફ્રેન્ડલી. ગુડ સ્માઇલ."

"તમે અમેરિકામાં પાછાં નહિ પડો. યુ વિલ વિન મેની હાર્ટસ."

"એ તો મારો ગોલ છે. બાવીસ લાખ ખર્ચીને આવી છું. કમાઈને મને ખવડાવે એવો વર મળી જાય તો જુદી વાત છે."

વેઇટર ઓર્ડર પ્રમાણેની વાનગીઓ મૂકી ગયો.

"સર્વ બેટર ફોર ગુડ ટિપ," મલકાઇને વેઇટરને કહ્યું.

"જસ્ટ આસ્ક મી..." વેઇટર બાજુમાં ઊભો રહી ગયો.

જમીને ઘેર આવ્યાં.

રુબી અને વિકીને ઉતારી હિતેને કહ્યું, “તમે જાઓ. હું કદાચ રાતે મોડો આવીશ.”

“કેમ અમારી કંપની નહિ ગમે?”

“આજે મારે કામ છે. હજુ બેત્રણ દિવસ તમે છો ને? કાલે રજા છે.”

“યસ. યસ. ગુડ નાઇટ મિ. હેન્ડસમ..”

“ગુડ નાઇટ,” કહી હિતેન ગયો.

ઘરમાં પ્રવેશી રુબીએ પૂછયું, “થાકી ગયાં છો? સૂઈ જવું છે?”

“મને આટલી વહેલી ઊંઘ ન આવે. તમે મારાથી બોર થાઓ છો?”

“એવું નથી મને દિલ ખોલીને વાતો કરનાર બહુ ગમે છે. તમે બહુ ભોળાં અને સ્પષ્ટવક્તા છો એટલે તમારી કંપની મને ગમે એવી છે.”

“બેસો. ટીવી જોતા રહીશું અને એકબીજાને ઓળખવા પ્રયત્ન કરીશું.”

બંને ડ્રોઇંગ રૂમમાં ગયાં.

“તમને રુબી કહું તો વાંધો નથી ને?”

“ના. બલ્કે મને એ ગમે છે.”

“રુબી, હું નાની હતી ત્યારે બહુ શરમાળ અને ઓછાબોલી હતી. સંજોગોએ મને નફ્ફટ બનાવી દીધી.”

વિકી ઢીલી પડી ગઈ. ધીમા સાદે ઉમેર્યું, “જીવનમાં કયારેક એવું બને છે કે આખી જિંદગી પલટાઈ જાય છે. કોઈક જીવનથી કંટાળી આપઘાત કરે છે, કોઈ જિંદગી સાથે લડે છે અને નવું જીવન બનાવે છે.”

“મારું એવું જ છે. નાની ઉંમરે બહુ યાતનાઓ વેઠી હતી. સમજણી થઈ ત્યારથી મારામાં ઝઝુમવાની હિંમત આવી. તમારી હિંમતની વાતો સાંભળવી ગમશે.”

“એક ઝિંદાદિલ છોકરીની ઝિંદાદિલ કહાણી તમારે સાંભળવી છે?”

“ઓફકોર્સ! તમને વાંધો ન હોય તો સાંભળવી ગમશે.” રુબીએ રસ બતાવ્યો.

* * *

# ત્રેવીસ

"મારાં માબાપ કોણ હતાં એની તો મને ખબર નથી. હું મુંબઈમાં એક અનાથાશ્રમમાં મોટી થઈ. એ લોકોએ મને આશરો આપ્યો, ઉછેરી અને ભણાવી એ માટે એમની ખૂબ આભારી છું. પણ તેર ચૌદ વર્ષની થઇ ત્યારે એ સંચાલકોના મેલા આશયની ધીરેધીરે ખબર પડવા લાગી. ચૌદ વર્ષની હતી ત્યારે અમારાં સંચાલિકાબહેને મને એક ટ્રસ્ટીને ત્યાં કામ કરવા જવાનો આદેશ આપ્યો. જતાં પહેલાં કહ્યું, 'એ છોકરી, તને અમે હૂંફ આપી મોટી કરી છે. એ લોકો આ સંસ્થાના ટ્રસ્ટી છે. જે કહે તે ચૂપચાપ કરજે. એમની અવગણના કરીશ કે એમને નારાજ કરીશ તો રસ્તા પર રઝળતી કરી દેશે. એમને ખુશ રાખીશ તો સુખી થઈશ. જે કહે તે મૂગે મૂગે કરતી રહેજે.' હું લચાર હતી. એમની આજ્ઞા અનુસરી.

મારે એક પછી એક સંસ્થાના કેટલાક ટ્રસ્ટીઓને ઘેર જવું પડતું. એ લોકો વહાલથી મારા માથે હાથ મૂકી આદર્શ અને સેવાની વાતો કરતા. ધીરેધીરે હાથ આગળ વધતા. કપડાં કાઢી એમના પગ દબાવવાનું કહેતા. હજુ આગળ હજુ આગળ એમ કહ્યે જતા. ગભરુ બાળા હતી. કમને પણ આજ્ઞાનું પાલન કરતી રહેતી. એક નહિ એવા સાત આઠ ટ્રસ્ટીઓને ઘેર જવું પડતું. મારી એકલીની નહિ, બીજી છોકરીઓની પણ આ જ દશા હતી. ખેર, નરકમાં અમે મોટાં થતાં રહ્યાં. એક વાર વટલાયા પછી વટલાયાનો ભય ભાંગી જાય છે. એમ પરિસ્થિતિને સ્વીકારી કમને પણ એમને ગમતું કરતાં રહ્યાં. બીએ સુધી ભણવું હતું. મજબૂરી હતી એટલે મૂંગી મૂંગી એ લોકો કહે એમ કરે જતી. ડિગ્રી આવી એટલે હિંમત આવી. ભાગીને ગોવા ચાલી ગઇ. બ્યૂટિફુલ અને બોલચાલમાં કુશળ હતી એટલે એક ફાઇવ સ્ટાર હૉટેલમાં રિસેપ્શનિસ્ટ તરીકે જોબ મળી ગઈ. થોડા દિવસમાં ખબર પડી કે

હૉટેલમાં પણ ટુરિસ્ટને રૂમ સાથે સેક્સ પૂરી પાડવાનો ગુપ્ત વ્યવસાય ચાલતો હતો. ચારેક મહિના પછી મેનેજરે કહ્યું, 'આખી જિંદગી કામ કરીશ તપણ નહિ કમાય એટલું એક મહિનામાં કમાવા માટે આ એક રસ્તો છે. સારા ઘરની છોકરીઓ, વહુઓ, ટીવી સ્ટાર- બધા અહીં પૈસા માટે આવે છે. બે કલાકમાં હજારો રૂપિયા કમાવાનો આ જ એક સુલભ માર્ગ છે. વિચારજે. તું દેખાવડી છે તો તને તો સારા પૈસા મળશે.'

મારું મન ડંખતું હતું એટલે જાણી જોઈને વ્યભિચાર કરવો નહોતો. મારી આવકમાં સુખ માની બે ત્રણ વર્ષ મન મક્કમ રાખ્યું. એવામાં કેન સાલવી અમારી હૉટેલમાં ઊતર્યો. રોજ કાઉન્ટર પર આવી મારી સાથે વાતો કરે. એક દિવસ પૂછયું, 'અમેરિકા આવવું છે?'

'આઇ વુડ લવ.'

'આજે રાત્રે મારી રૂમમાં આવજે. તને સમજાવીશ.'

અમેરિકાની લાલચે એની રૂમમાં ગઈ. એણે કહ્યું , 'હું વર્ષમાં બેત્રણ વાર અહીં આવું છું. લોકોને બાવીસ લાખમાં અમેરિકા લઈ જાઉં છું. મને ખુશ કરે તો તને વીસ લાખમાં લઈ જઈશ. હું આવું ત્યારે તારે મારું તનરંજન કરવાનું.' મને એના પર વિશ્વાસ બેસી ગયો. એને તન સમર્પી દીધું. એ પછી વીસ લાખ લાવવા કયાંથી એ સવાલ મૂંઝવી રહ્યો?

ટુરિસ્ટો અને ધનવાનોને લૂંટવાના માર્ગની મને ખબર હતી. બેત્રણ વર્ષ તનરંજન કરી પચીસ લાખ ઊભા કર્યા. બે મહિના પહેલાં કેન હૉટેલ પર આવેલો. મેં એને વીસ લાખ આપવાનું નક્કી કર્યું. અને હું અહીં આવી ગઇ. છે ને શોર્ટ એન્ડ સ્વીટ સ્ટોરી."

એક ચિત્તે સાંભળી રહેલી રુબીએ કહ્યું, "નરકમાંથી છૂટવા તમે નરકની બદબોનો ઉપયોગ કર્યો. હવે એ ભૂતકાળ ભૂલી, ભૂતકાળને દફનાવી સારું જીવન જીવવા મનને વળાંક આપશો તો સુખી થશો. તમારો ઉછેર પાપીઓના હાથે થયો. સમાજના સારા કહેવાતા એ દુર્જનોએ તમારા સૌંદર્યનો લાભ લીધો. તમે જે કંઇ કર્યું તે મજબૂરી હતી. હવે તમે ધારો તો એ બધામાંથી બહાર આવી શકો. ડોલરના મોહમાં ફસાઈ જશો તો અહીં પણ શરીર વેચી લાખો કમાઈ શકશો. પણ જો એઇડ્ઝના ભોગ બનશો તો

જિંદગી ખાખ થઈ જશે. એવા દિવસોમાં કોઈ તમારી પાસે નહિ ઊભું રહે. કાગડા કૂતરાને મોતે મરશો. અહીં એક જુદી દુનિયા છે. કોઇ તમારો ભૂતકાળ શોધી કાઢવાનું નથી. કોઇ સારો યુવાન મળી જાય તો પરણીને શાંતિભર્યું જીવન જીવવાનો સંકલ્પ કરશો તો સુખી થશો. પૈસા આજ છે ને કાલ ન પણ રહે. શરીરની તંદુરસ્તી એ મોટામાં મોટી મૂડી છે."

રુબીના શબ્દોએ વિકીને વિચાર કરતી કરી દીધી. સત્ય સમજાતાં બોલી, "એનું તો મને ભાન છે. સમજણી થઈ ત્યારથી કોન્ડોમ વાપરું છું."

"વિકી, ગઈકાલ ભૂલી જા. આજથી એક સમજુ નારી બન."

"બહેન, તમને મેં શંકાથી જોયાં હતાં. મને એમ કે કેનની ટોળીમાં તમે પણ મારા જેવી એક સ્ત્રી હશો. મને માફ કરજો."

"હું કે હિતેન કેનની ટોળીમાં નથી. એની પાસે તને સંતાડવાનું કોઈ સ્થાન નહોતું એટલે ભલાભોળા હિતેનને એણે વિનંતી કરી. હિતેનને એની પ્રવૃત્તિ ગમતી નથી. એના સાગરીતો તારા પર બળાત્કાર ન કરે એ માટે અમારે ઘેર રાખવા અમે તૈયાર થયાં."

"કેન સારો માણસ નથી. કાલ આખી રાત એ સેક્સભૂખ્યાનો હું ભોગ બની. બહુ જંગલી છે. બહેન, તમારી વાતો મારે ગળે ઊતરે છે."

"તો એ ગંદવાડમાંથી કાયમ માટે બહાર આવવાનો નિર્ણય લે."

"હા, બહેન. મારા દિલની વાત કરું? કાલનો પરપુરુષ મારા જીવનનો છેલ્લો પરપુરુષ હશે. બહેન મેં અનુભવ્યું છે કે પુરુષો ભૂખ્યા વરુ જેવા છે. એમને સ્ત્રીના દેહમાં જ રસ છે. નગ્ન શરીર જુએ છે ને વાઘની જેમ તરાપ મારે છે. પ્રેમની બેચાર વાતો કરવામાં પણ રસ નથી. એક જ ગોલ હોય છે. સારા ઘરના સારા કહેવાતા લોકો બે ઘડીના આનંદ માટે હજારો રૂપિયા ખર્ચતાં અચકાતા નથી. આવા લોકોને મારા જેવી લાલચુ સ્ત્રીઓ પણ સહેલાઈથી મળી રહે છે. એક વાર લોહી ચાખ્યા પછી અને રૂપિયાના ઢગ આવતા જોઈ એ એક આદત બની જાય છે. એક રીતે વિચારો તો આ પણ એક ધંધો છે. કોઇ સારા માર્ગે કમાતું નથી. ખોટા માર્ગે જ પૈસો આવે છે. નીતિ જેવું રહ્યું જ નથી. સમાજને સુધારવાનો ઝંડો લઈને ફરતા લોકો જ

સમાજને અધોગતિને માર્ગે લઈ જાય છે. મારા જેવાનો એમાં હિસ્સો છે. પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો સમય પાકી ગયો છે. તમારો ખૂબ આભાર. આજથી મારું જીવન જુદું બની રહેશે.” પીગળી ગયેલી વિકીની આંખમાં આંસુ આવી ગયાં. રુબીએ એ આંસુ લૂછી એને હિંમત આપી.

* *

વિકીને મૂકીને કેન ઑફિસમાં રુબીને મળવા આવ્યો. એણે રુબીને દશ હજાર ડોલર આપ્યા. હિતેનની સલાહ પ્રમાણે એણે એ લઈ લીધા. પર્સમાં મૂકી કહ્યું, “સૉરી, મને આમાં રસ નથી. મારી પાસે સમય પણ નથી. મારે મારા પેપરમાં ધ્યાન આપવાનું છે.”

“સારું પણ આપણી મૈત્રી ચાલુ રાખશો ને?”

“સજ્જન મિત્ર તરીકે મંજૂર. બાકી મારી પાસે કોઇ અપેક્ષા ન રાખશો.”

“તું બ્યૂટી છે, તારી બ્યૂટીનો આનંદ આપતી રહીશ તો મારી જાંગ પર જ નહિ, ધનના ઢગ પર બેસાડીશ.”

રુબીને ગુસ્સો આવી ગયો, પણ શાંતિથી કહ્યું, “પૈસાનો મને લોભ નથી. મને તમારી ટોળીમાં ન સંડોવતા, પ્લીઝ.”

“ઓ.કે. આવતા શનિવારે મારી હૉટેલ પર મળવા આવશો?”

“એકબે મહિના સમય જ નથી. ઘેર પણ હિતેનની મમ્મી નથી.”

“એટલે તો કહું છું. યૌવન માણો. હિતેન પાસેથી તમને કશું નહિ મળે. એની આશાએ ન બેસી રહેતાં.”

“મને કશામાં રસ નથી.”

“સેક્સ યૌવનની મોટામાં મોટી ઝંખના છે. એને ઇગ્નોર કરશો તો જિંદગીની સાચી મજા ગુમાવશો. તમારા એક સહૃદયી મિત્ર તરીકે મને એનું દુ:ખ થાય છે.”

“મારું ભલું ઇચ્છતા હો તો પ્લીઝ મારી પાસે એવી વાતો ન કરો.”

કહેવાનું મન તો થઈ ગયું કે ‘તમે એક નફ્ફટ માણસ છો. તમને તો જેલના સળિયા પાછળ ધકેલી દેવા જોઈએ.’ પણ હિતેનની સલાહ યાદ આવતાં એવું કશું ન બોલી. સિફતથી એનો છુટકારો મેળવ્યો.

કેન નિરાશ થઈને મોટેલ પર ગયો. મહિનાઓ સુધી એના મનમાં એક

જ વિચાર રમતો રહ્યો, 'રુબીને કેવી રીતે પટાવીને માણવી?'

છસાત મહિના એક પછી અનેક યોજનાઓ ઘડતો રહ્યો. એકબે વાર એને ભોળવી એની જાળમાં ફસાવવાના પ્લાન કર્યા. પણ કોઈ રીતે સફળ ન થયો. રુબીને કોઈ પણ રીતે એના સકંજામાંથી છૂટવું હતું પણ આસુ માટે એની મારફત કામ કઢાવવું હતું એટલે હિતેનની સલાહ પ્રમાણે ચાલાકીથી એને ખુશ રાખતી. એકબે વાર એનું માન રાખવા બહાર રેસ્ટૉરન્ટમાં જમવા ગઈ. પણ એની મૉટેલ પર ન ગઈ. 'આજ નહિ' કહી ચાલાકીથી છટકી જતી.

એક દિવસ મનીષા એની કેબિનમાં બેઠી હતી અને કેનનો ફોન આવ્યો.

"રુબી આ શનિવારે તમારે મારી મૉટેલ પર આવવું પડશે."

"સૉરી, બહુ બિઝી છું. મને ટાઈમ નથી."

"તમારે મળવું જ પડશે. નહિતર પરિણામ ખરાબ આવશે. તમે જિંદગીભર પસ્તાશો."

"એવું શું છે?"

"તમે આવો પછી કહીશ."

કેન ફોન પર ધમકી આપતો રહ્યો. રુબીએ છેવટે હા પાડી.

"એની પાસે કોઈ એવી કડી આવી હશે કે તમને બ્લેકમેઈલ કરશે."

"મને એની પડી નથી. હું એના સકંજામાં આવું એવી નથી."

"છતાં સાવધ થઈને જજો. પુરુષો કેટલી હદે નફ્ફટ થઈ શકે છે એનો કદાચ તમને ખ્યાલ નહિ હોય. ઘેર પત્ની છે. એક ગર્લફ્રેન્ડ છે તો પછી બહાર કેમ ફાંફા મારતો હશે?"

"કેટલાક લોકોને આદત પડી ગઈ હોય છે. એવા લોકો કોઈને વફાદાર રહેતા નથી. એવા લોકોને કાયદો પણ કંઈ કરી શકતો નથી. સ્ત્રીઓ પણ બદનામીની બીકે કંઈ કરતી નથી."

"એવા લોકો પેન્ટ કાઢે એ જ વખતે એસિડ છાંટી એમને ઊંચાનીચા કરી દેવા જોઈએ."

"હું એવું કરું?"

"તમારામાં હિંમત છે?"

"હા."

"બદનામીનો ભય નથી?"

"કોણ જાણવાનું છે? ગુનેગાર તો ફરિયાદ કરી ના શકે. તૈયારી રાખીશ. એક વાર જોઉં તો ખરી કે એ શું ઇચ્છે છે?"

"સેક્સ.." કહેતાં મનીષા હસીને ઊભી થઈ. યાદ આવતાં એણે પૂછયું, "ડિસ્ક ઓ.કે છે ને? પ્રેસમાં મોકલી દઉં?"

"હા. મોકલી દે."

મનીષા ગઈ પણ રુબીને વિચાર કરતી કરી દીધી. મનીષા પહોંચેલી લાગી. પણ જરા ડરપોક હતી. બે દિવસ પછી કેનને મળવા ગઈ.

"બહુ દિવસે મહેબૂબા આવ્યાં?"

"મિસ્ટર કેન, જીભ પર લગામ રાખો. નહિતર..."

"સોરી, જસ્ટ મજાક કરતો હતો. મજાક કરવાની મને ટેવ છે. તમને એક ખાનગી વાત કરવાની છે."

"કહો."

"અહીં નહિ. મારી રૂમ પર ચાલો."

રુબીએ કંઇ દલીલ ન કરી. એની પાછળ પાછળ ગઈ. એક રૂમમાં બંને ગયાં. પરદો સહેજ ખોલ્યો, દૂરદૂર લેક ઓન્ટારિયોનાં પાણી પથરાયેલાં હતાં

રૂમ જોઈ રુબીએ પૂછયું, "મૉટેલની બધી રૂમ આવી અપટુડેટ છે?"

"ના. ચાર લક્ઝરિયસ રૂમ છે. આ મારી સ્પેશિયલ રૂમ છે. આ રૂમ કોઈને આપવામાં આવતી નથી."

રુબી સોફા પર બેઠી.કેન આડીઅવળી વાતો કરી મૂળ વાત પર આવ્યો.

"રુબી, તમે મને બહુ ગમો છો. એક વાર... માત્ર એક વાર.. મને શયનસુખ આપો."

"હું કોઇ સંજોગોમાં મારો દેહ કોઈને સમર્પવાની નથી."

"ચારિત્ર્યનું પૂંછડું પકડીને કયાં સુધી બેસી રહેશો? આઇ ડેસ્પરેટલી નીડ યુ. પ્લીઝ.. ટ્રાય ટુ કોઓપરેટ વિલિંગલી.. નહિતર..."

"નહિતર શું કરશો?"

"તમને મજબૂર બનાવવાં પડશે." કહેતાં છાપાના ન્યુઝના કટિંગની એક ઝિરોકસ કોપી આપતાં કહ્યું, "આ વાંચો."

રુબી એનો ફોટો જોઈ ગભરાઈ ગઈ. ન્યુઝ પેપર સડસડાટ વાંચી ગઈ.

વાંચીને ખડખડાટ હસીને બોલી, "કોઈ ભળતી રુબી લાગે છે. લાકડે માંકડું વળગાડી દેવાની તમને ટેવ લાગે છે." કહેતાં કેનને કોપી પાછી આપી. ઘડીભર ફાડી નાખવાનું મન થયું. પણ એને લાગ્યું કે ઓરિજિનલ કટિંગ એની પાસે જરૂર હશે. ફાડી નાખવાથી શંકા દઢ બનશે.

"તમે ખોટું હસો છો. મને બનાવો નહિ. આ વાત તમારી છે. મારો મિત્ર કાલે અમદાવાદથી મારે માટે શર્ટ લાવ્યો. શર્ટ જૂના ન્યુજપેપરમાં વીંટાળેલું હતું. ખોલીને ગાર્બેજમાં નાખવા જતો હતો ત્યાં તમારા ફોટા પર નજર પડી એટલે મેં વાંચ્યું. આ વાત ખાનગી રાખવી હોય તો હું કહું એમ કરવું પડશે."

"આઇ કેન પ્રૂવ ઇટ્સ નોટ મી. હું એ વિસ્તારમાં કદી રહી નથી. મારું ઘર શાહીબાગમાં હતું. મારા જીવનમાં આવું કંઈ બન્યું નથી. મારાં માબાપ વર્ષો પહેલાં અકસ્માતમાં ગુજરી ગયાં હતાં. આ વાત મુસ્લિમની છે. હું હિંદુ છું."

"મે બી. પણ એ પ્રૂવ કરવા કોર્ટ સુધી જવું પડશે. બદનામી વહોરવી પડશે. કેનેડિયન સરકાર ડિપોર્ટ કરશે. એ બધી ઝંઝટમાં ન પડવું હોય તો ચૂપચાપ મારી માગણીને માન આપી દો."

"સૉરી, હું એ નથી પછી મારે શા માટે ડરવું જોઈએ? છતાં તમારે જે કરવું હોય એ કરજો. પણ એક વાત તમે ધ્યાન રાખજો. મને ખોટી રીતે જો બદનામ કરશો તો તમારી આખી ટોળકી અને તમારો ધંધો ભયમાં મૂકાશે અને તમે બધા જેલના સળિયા પાછળ ધકેલાઈ જશો. એટલે જે કંઈ પગલું ભરો તે બહુ વિચારીને ભરજો." રુબીની વાત સાંભળી કેન ગભરાઈ ગયો. રુબીને ફસાવવા જતાં પોતે જેલના સળિયા પાછળ જાય એમાં તથ્ય લાગ્યું. રુબી પાસે એના વ્યવસાયનો પ્લાન ચર્ચવા માટે એને પસ્તાવો થયો.

"મેં તમને જે વાત કરી હતી તે તમારા પર પૂરા વિશ્વાસથી કરી હતી. તમે આમ દગો દેશો?"

"હું તમને દગો દેવા માગતી નથી. તમે મને બ્લેક મેઇલ કરી હેરાન કરશો તો જ તમને હેરાન કરીશ. આઇ પ્રોમિસ!"

"આ વાત તમારી હોય કે ન હોય એની મને પડી નથી. પણ જો તમે મને દગો દેશો તો હું તમને નહિ છોડું."

"હું વચનની પાકી છું. કદી મારે મોઢેથી તમારી વાત કોઈ પાસે નહિ જાય. તમે જો મારો પીછો નહિ છોડો તો હું વિફરીને તમારા એવા હાલ કરીશ કે તમે જિંદગીભર પસ્તાશો. મારી પરવા કર્યા વિના તમને પોલીસને હવાલે પહોંચાડી દઈશ. પિન્કી અને વિકી પર તમે બળાત્કાર કર્યો હતો એની જુબાની આપવા એ બંને તૈયાર છે. મારી પાસે તમારા ધંધાના સચોટ પૂરાવા છે. તમારું આ કટિંગ કૉમ્પ્યુટરની કરામત છે એમ સાબીત કરી શકું એમ છું. કૉમ્પ્યુટરમાં એકસ્પર્ટ છું. તમે વિકી પર બળાત્કાર કરતા હોવ એવો ફોટો અને સમાચાર કાલ તમારી પાસે રજૂ કરી શકું."

"સૉરી. આજથી આપણે મિત્રો. ખરાબ દષ્ટિએ વિચારીશ પણ નહિ. હિતેનને આજની કોઈ વાત ના કરતાં."

"થેંક્યુ," કહી રુબી ઘેર આવી. રૂમમાં જઈ પલંગમાં આડી પડી રડવા લાગી. જે વાત અમદાવાદમાં કાયમ માટે દબાઈ જવાની ખાતરી હતી એ વાત કેનેડા સુધી એક પરિચિત ગુંડાના હાથમાં પહોંચી જશે એની તો એણે કલ્પના પણ નહોતી કરી. કાળકામાના ફોટા સામે ઊભા રહી બે હાથ જોડી વંદન કરી બોલી, "હે માડી મને બચાવી લેજે. સારું થયું કે હું એનો બધો ઇતિહાસ જાણું છું નહિતર બ્લેક મેઇલ કરી મારી જિંદગી રોળી નાખત. તું જે કરે છે તે સારા માટે જ કરે છે. માડી, બધું તારા પર છોડું છું. જય મહાકળીમા."

એ બાથરૂમમાં બાથ લેવા ગઇ. ફ્રેશ થઇ ફ્રિજમાંથી ઑરેન્જ જ્યૂસ લઈ આવી. હિતેન હજુ આવ્યો નહોતો. બેડમાં આડી પડતાં વિચારો આવ્યા.

'આજની આખી ઘટનાની વાત હિતેનને કહેવી ન કહેવી?' એ ગડમથલમાં આંખ મીંચાઈ ગઈ. રુબી સવારે ઊઠી ત્યારે ખુશમિજાજ હતી. એને એક વાતનો આનંદ થયો કે કેન હવે હંમેશ માટે એનો પીછો છોડી દેશે.

"રુબીને ફસાવવાને બદલે એ ફસાઇ ગયો." રુબી બબડી. એ પછી કેન રુબીથી ડરવા લાગ્યો. કોઈ પાસે એના નામનો ઉલ્લેખ પણ ન કરતો.

હિતેને એક દિવસ પૂછયું, "તેં કેનને કોઈ ડર પેસાડી દીધો લાગે છે. એ તારા નામનો ઉલ્લેખ જ નથી કરતો. શો મેજિક કર્યો?"

"જેલના સળિયા પાછળ ધકેલી દેવાની બીક પેસાડી છે."

"સારું કર્યું. ફૂંફાડો રાખજે. કોઇ પગલું ના ભરતી."

"તમને કંઈ કહેતો હતો?"

"હા. રુબી સામે આંખ ઊંચી કરવી એટલે વાઘની બોડમાં માથું નાખવું. રુબી  વાઘણ જેવી છે. વિફરે તો ફાડી ખાય."

રુબી ખડખડાટ હસી. "થેંક ગૉડ. હું એના પંજામાંથી છૂટી."

"તું ભગવાનમાં બહુ માનતી લાગે છે."

"મહાકાળીમા મને હર પળે સહાય કરે છે. હવે તમારે માટે પ્રાર્થું છું."

"મનીષા બહુ બદલાઇ ગઈ છે. વિનમ્ર અને શાંત બની રહી છે."

"યુવાનીને ઉંમરે છે. એના ભાવિ જીવનની ગડમથલમાં પડી લાગે છે."

"એ ભારતીય છોકરો ઝંખે છે. કોઈ ધ્યાનમાં હોય તો બતાવજે."

"એણે મને ઇન્ડિયામાં કોઈ સારો છોકરો હોય તો મદદ કરવાનું કહ્યું છે. આસુ એમ.એ.માં પાસ થાય એ અરસામાં હું ઇન્ડિયા એક આંટો મારી આવવા ઇચ્છું છું."

"સરસ વિચાર છે."

"મમ્મીડેડી વિષે તમને કેવું લાગે છે?"

"મમ્મીની વાતો પરથી સંબંધ સુધરી ગયો છે. બંને ઘણાં વર્ષો પછી સાથે લાંબું રહ્યાં એટલે એકબીજા માટે પ્રેમ અને લાગણી વધ્યાં છે. મમ્મીના કહેવાથી ડેડીની ફાઇલ મૂકી હતી. ફેમિલી રિયુનિયનના નવા કાયદા પ્રમાણે થોડા દિવસમાં વિઝા મળવા જોઈએ. બંને આવે પછી તું જવાનું રાખજે."

"મમ્મી ફોન કરે છે ત્યારે બહુ ગળગળાં થઈ જાય છે."

"બે વિખૂટાં પડેલાં પંખી વર્ષો પછી ભેગાં થાય ત્યારે અનોખો આનંદ અનુભવે છે."

"એ બંને આવતા મહિને આવી જશે. એ આવે પછી આપણે આસુ માટે અરજી કરીશું. એને વિઝા મળી જાય તો તારી સાથે લઈને આવજે."

"એમ.એ.માં પાસ થાય પછી તમે એપૉઇન્ટમેન્ટ આપજો. કેનેડિયન ઇમિગ્રેશન સ્કિલ વર્કર માટે બહુ લિબરલ છે."

"તમારા યુનિયન માટે તને પૂરી મદદ કરીશ. આસુને જરૂર અહીં લાવીશું. સમયને વીતતાં કયાં વાર લાગે છે? ટાઇમ એન્ડ ટાઇડ વેઇટ ફૉર નો બડી."

* *

સરોજ અને અમીચંદ આવી જતાં થોડા દિવસ પછી રુબીએ માજીને પૂછયું, "માજી, હવે હું કયાંક મારું એપાર્ટમેન્ટ શોધી કાઢું?"

"કેમ દીકરી, તને અમારી સાથે નહિ ફાવે?"

"એવું નથી. તમને છોડવાનું મન થતું નથી. પણ તમારે અને કાકાએ સાથે જિંદગી માણવાની છે."

"તું કંઇ અમને ભારરૂપ નહિ થાય કે અમારા સુખમાં આડી નથી આવવાની. તું હોય છે તો મને કામમાં બહુ રાહત રહે છે અને સારી કંપની મળે છે. હિતેન તો ઘરમાં ભાગ્યે જ રહે છે."

"સારું. પણ જે દિવસે હું તમને ભારરૂપ લાગું તે દિવસે નિઃસંકોચ મને કહેજો. મને જરાકે માઠું નહિ લાગે."

"તારું ભલું થજો. તેં અમને ભેગાં કર્યાં. હવે તારે એક કામ કરવાનું છે."

"બોલો."

"હિતેનને ઠેકાણે પાડવો છે. તને એ ગમે છે?"

"બહુ સરસ અને પ્રેમાળ છે. કોને ન ગમે?"

"તું એની સાથે પરણવા તૈયાર છે?"

રુબીને આંચકો લાગ્યો. એ માજી સામે જોઈ રહી. સત્ય એ જાણતાં નહોતાં એટલે કેવી રીતે આ સવાલનો જવાબ ટાળવો? થોડી વાર વિચાર કરી બોલી, "હું તો પરણવા તૈયાર થાઉ. આવો સરસ પતિ તો કોઇ પુણ્યશાળીને જ મળે. મેં એક વાર એમનું મન જાણવા પ્રયાસ કરેલો. એમણે સાફ ના ન પાડી. કહ્યું કે ઘરમાં સાથે રહેતી છોકરી સાથે લગ્ન કરવાથી મારી છાપ ખરાબ પડે. કોઈ સારી છોકરી શોધવાનું કામ મને સોંપ્યું છે."

"એને હું સમજાવું?"

"ના. તમે એવી કોઈ વાત ના કરશો. નાહક તમારા પર ગુસ્સે થશે. હું એમને માટે સારી છોકરી શોધીશ. તમારે એમાં સહકાર આપવો પડશે."

"એક મા છું. એને સુખી કરવા મારી જિંદગી હોડમાં મૂકવા તૈયાર છું."

"તમારું જીવન કેવું છે?"

"સુખી છું. બહુ સુખી છું. એ બિલકુલ બદલાઈ ગયા છે. મને દેવી જેમ પૂજે છે. ક્યારેક વાત કરતાં રડી પડે છે. એકલા રહેતા એ દિવસો યાદ કરી

બહુ પસ્તાય છે. હું એમને ભૂતકાળ ભૂલી જવા સમજાવું છું. એ મને પૂછે છે, ‘મારું પરિવર્તન કેવી રીતે થયું?’ એ વખતે તારી વાત કરું છું ત્યારે મને કહે છે કે ‘રુબીને આપણી વહુ બનાવીએ તો કેવું સારું?’ એક દિવસ એ તારી સાથે વાત કરવાના છે. હજુ તારી સાથે વાત કરતાં અચકાય છે.”

“કેમ?”

“એક પુરુષ છે! એમની ભૂલ મારી પાસે કબૂલ કરતાં અચકાતા નથી. પણ તારી સામે ઊભા રહેતાં ઓગળી ગયેલો અહમ્ સજીવન થાય છે.”

“હું એમનું એ અંતર દૂર કરીશ. આજથી સવારે નાસ્તો અને સાંજે જમવાનું હું એમને આપીશ.”

“આવતા લાગે છે. તું વાત કરજે. હું ચાલાકીથી સરકી જાઉં છું.”

અમીચંદ આવતાં સરોજને બૂમ પાડી, “સરુ, જરા નાસ્તો આપજો.”

“કાકા, માજીને માથું દુઃખે છે. સોફા પર આડાં પડ્યાં છે. હું નાસ્તો બનાવી આપું છું.”

“તમારે તસ્દી લેવાની જરૂર નથી. રોજ કામ કરીને થાકી જતાં હશો. શનિ રવિ આરામથી ઊઠતાં હો તો.”

“વડીલોની સેવા કરતાં થાક ન લાગે. જે કામ કરતાં આનંદ થાય એ કામનો કદી થાક ન લાગે.”

અમીચંદ દલીલ કર્યા વિના ડાઇનિંગ ટેબલની ખુરસી ખેંચી બેઠા.

રુબી ચા મૂકી ગઈ. બટાટા પૌંઆ બનાવી લાવી.

“ટોસ્ટ ચાલતે. આવી ધમાલ કરવાની કયાં જરૂર હતી?”

“તમને ન ભાવતા હોય તો રહેવા દો. હું ટોસ્ટ બનાવી લાવું.”

“એવું નથી. તમને તસ્દી આપવી ગમતું નથી.”

“કેમ? મને પારકી ગણો છો? તમને આવે દોઢ મહિનો થયો. મારી સાથે વાત નથી કરતા. મારા પર ગુસ્સો છે? અહીં રહું એ તમને પસંદ નથી? પસંદ ના હોય તો ચાલી જાઉં. મને ઘર મળી રહેશે.” એકધારું રુબી બોલી ગઈ.

અમીચંદ પાસે આવી માથે હાથ મૂકી બોલ્યા, “આ શું બોલી, દીકરી?”

“સરુને પૂછજે કે મને તારા માટે કેટલી બધી લાગણી છે! રોજ તારાં વખાણ કરું છું. તેં કેમ માની લીધું કે તું મને ગમતી નથી!’

"તમારા વ્યવહાર પરથી. કેવા અતડા અતડા રહો છો? હું જાણે ડાકણ હોઉં એમ મારાથી દૂર ભાગો છો."

"એવું નથી. તમારી આમન્યા રાખું છું. આપણી ઉંમર વચ્ચે ફેર છે."

"તમારી દીકરી હોત તો આવું કરત? હમણાં તમે મને દીકરી ન કહી?"

"હા, જેવું હૈયે એવું હોઠે. મારા અંતરનો એ પડઘો હતો. આજથી હું તને મારી દીકરી ગણીશ. તને દીકરી બનાવવાના બહુ કોડ છે."

"મને આપની દીકરી બનવાનો આનંદ થશે. ચાલો હવે બટાટાપૌંઆ ખાઈ લો," રુબી હસતાં હસતાં બોલી.

"તને ક્યાંથી ખબર. બટાટાપૌંઆ મને બહુ ભાવે છે. આવા સરસ તો આજે જ ખાઈ રહ્યો છું," એક ચમચી ખાતાં બોલ્યા.

"બટાટાપૌંઆ બનાવ્યા છે, રુબી?" કિચન તરફ આવતાં સરોજે પૂછયું.

"હા, માજી. તમારે ખાવા છે?"

"મને એક ડિશ આપ."

"માથું દુઃખતું હતું? ભાવતું ભોજન ખાવા માટે માથાનું દર્દ જતું રહ્યું."

"તમારી સાથે બેસીને ખાવાનું મળે પછી ગમે તેવું દર્દ ચાલ્યું જાય."

સરોજ અમીચંદની પાસેની ખુરસીમાં બેઠી.

"સરસ બનાવ્યા છે. એમને બીજી ડિશ આપજે. ખાઈ જશે. આ તો એમનું ભાવતું ભોજન છે." સરોજે એક ચમચી ખાઈને કહ્યું.

"બહુ બનાવ્યા છે. તમે પણ પેટ ભરીને ખાજો."

"તું પણ એક ડિશ લઈને આવ. અમારી સાથે ખા."

"તમે ખાઓ પછી ખાઈશ. કાકાને સંકોચ થશે તો બીજી ડિશ નહિ માગે."

"આવ. રુબી. તું અમારી પાસે બેસ."

"કાકા કહે છે તો બેસીશ." ડિશ લઈને આવી.

"વાહ, કેવો મંગલ ત્રિકોણ આજે બની રહ્યો છે!" અમીચંદ બોલ્યા.

"હિતેન સાથે હોત તો મંગલ ચતુષ્કોણ બની રહેત. દીકરા અને વહુના સાન્નિધ્યમાં હસતા વદને જમવાનો માબાપને લહાવો મળે એ કલિયુગમાં મોટામાં મોટું સુખ છે. ઘરડાં માબાપ એ જોઈ ધન્ય થઈ જાય છે."

"તમે શું બોલો છો એનું ભાન છે? રુબી આપણી વહુ નથી."

"હું જાણું છું. આવી ગુણિયલ કન્યાને આપણા ઘરની વહુ બનાવવા હું ઝંખું છું. આજે જહિતેનને કહીશ. ઘરમાં આવી સરસ છોકરી છે પછી દીવો લઈને બહાર શોધવા જ્વાની જરૂર નથી. હું મારું ધાર્યું કરીને રહીશ."

"ધીરા પડો. આમ એકદમ મનનો ઊભરો ન ઠાલવો. જુવાન છોકરાં પર દબાણ ન થાય. રુબીને મેં વાત કરી છે. એ આપણો કોયડો ઉકેલશે."

અમીચંદ શાંત થયા. "દીકરી, મને તારી પર આશા છે. એ રૂડો દિવસ જોઈને અમારી આંખો ઠરશે, તારી સફળતા માટે અમારા આશીર્વાદ છે."

રુબી એક બાપના હૈયાને માપવા એમની સામે જોઈ રહી. પિતૃવાત્સલ્યથી ઊભરાતા હૃદયમાં ઊર્મિઓનો ધોધ વરસતો હતો.

* * *

# ચોવીસ

રુબી હિતેનના વિચારોમાં મગ્ન રહેતી. એના દઢ નિશ્ચયને તોડવા એ નહોતી માગતી. એના દ્વિવ્ય પ્રેમની એ પ્રશંસક હતી. પણ એ માટે જિંદગીને ખાખ કરી દેવી એ કોઈ ધર્મ નહોતો. વિધવા સ્ત્રી પુનર્લગ્ન કરે એની એ હિમાયતી હતી. પ્રેમની મહત્તા સારી રીતે જાણતી હતી. આસુને એણે વચન આપેલું, 'તું મારા જીવનમાં પહેલો. તું ના પાડીશ કે બીજે પરણી જઈશ તો મારી જિંદગીને નવો વળાંક આપીશ.'

એની માન્યતા વ્યવહારુ હતી. 'પ્રેમ એ અતૂટ બંધન છે. પ્રેમ પાછળ પાગલ થવાય. પ્રેમ માટે જીવન હોડમાં મૂકાય. પણ જેને ખૂબ પ્રેમ કરતા હોઈએ એ પ્રિય પાત્ર કોઈ કારણસર જીવનથી દૂર ચાલ્યું જાય તો એની સ્મૃતિ હૈયે કંડારી જીવનને નવો વળાંક આપવો એ જ સાચી જીવનદષ્ટિ છે. પ્રિય પાત્ર મૃત્યુ પામે તો એની યાદમાં જીવનને હોમી દેવાને બદલે કોઇ સારું પાત્ર મળી જાય તો એની સાથે દિલ ખોલી વાત કરી સમજપૂર્વક જો સંબંધ બંધાતો હોય તો નવું જીવન શરૂ કરવું એજ સાચું તર્પણ છે.'

આ બધી વાત હિતેનને કોણ સમજાવે?

રુબીને લાગ્યું કે મનીષા આ વાત સમજાવી શકે એમ છે. બધી રીતે એ હિતેનને યોગ્ય પણ છે. થોડી ઘમંડી છે. પણ થોડી વારમાં એનો ઘમંડ ઊતરી જાય છે અને પ્રેમાળ બની જાય છે. બ્યૂટિફુલ છે, ભણેલી છે, સંસ્કારી છે, સમજુ છે. એક આદર્શ પત્ની બની શકે એમ છે. હિતેન એને ગમે છે. કોઈએ એના વિરુધ્ધ એને કંઈ વાત કરી લાગે છે. એટલે એના માટે થોડો પૂર્વગ્રહ લાગે છે. એ સત્ય જાણે તો હિતેનને અપનાવી ખૂબ પ્રેમ આપે એવી છે. વર્ષોથી કેનેડામાં છે પણ બીજી છોકરીઓ જેવી ઉધ્ધત કે કલબોમાં ફરતી થઈ ગઈ નથી. સારું જીવન જીવવા સારા સાથીની શોધમાં છે. હિતેન

વિષે એના પ્રત્યાઘાતો જાણવા અધીરી બની.

એક દ્વિવસ હિતેન કોઇ લંચન મીટિંગમાં ગયો હતો. મનીષાએ રુબીની કેબિનમાં ડોકિયું કરી પૂછયું, “કેન આઇ જોઈન યુ?”

“ઓફકોર્સ. કમ ઈન.”

વાતવાતમાં પૂછયું, “તમે કયારે ઇન્ડિયા જ્વાનાં છો?”

“જુનમાં જ્વાની છું.”

“કોઈ સારો છોકરો હોય તો વિચારજો.”

“મારે માટે કે તારે માટે?”

“આપણા બન્ને માટે. તમે શોધતા હો અને કોઈ સારો મારે લાયક હોય તો એનો ફોટો અને બાયોડેટા લેતા આવજો.”

“તારે કેવો છોકરો જોઈએ છે?”

“સારું ભણેલો હોય, સારું કમાતો હોય, હેન્ડસમ, પ્રેમાળ, ઠરેલ હોય, મારી સાથે ઊભો રહી શકે એવો ઊંચો, પ્રતિભાશાળી અને સ્માર્ટ હોય.”

“સમજી. તારો માપદંડ સમજી ગઈ. કોની છાપ છે એ હું સમજી ગઈ.”

“શું સમજી ગયાં?”

“આ બધા ગુણો તો એક જ વ્યકિતમાં છે. તારી મનોભૂમિમાં એક જ યુવાન રમતો લાગે છે.”

“કોની વાત કરો છો?”

“સાચું કહેજે. હિતેન તને ગમે છે?” રુબીએ સીધો જ સવાલ કર્યો.

થોડીવાર વિચાર કરી બોલી, “ખરું કહું તો અહીં નોકરીમાં જોડાઈ અને એમના પરિચયમાં આવી ત્યારથી મને એ ગમી ગયા છે. એમના જેવો પતિ જેણે સોળ સોમવાર કર્યા હોય કે ગોરમાનાં વ્રત કર્યા હોય એને જ મળે.”

“તેં કદી એમની સમક્ષ તારા મનના ભાવ વ્યકત કર્યા છે?”

“એમણે કદી મારામાં રસ નથી દાખવ્યો. એમના વિષે જેવાત સાંભળી છે એ પછી મને કંઈ પૂછવા જેવું નથી લાગ્યું.”

“શી વાત સાંભળી છે?”

“તમે કંઈ જાણતાં નથી?”

“ના.”

"એ ગે છે."

"કોણે કહ્યું?"

"કેન અને બીજા એમના મિત્રોએ."

"તું માને છે?"

"એમને કોઈ છોકરી સાથે ભળતા જોયા નથી. કોઇ ગર્લફ્રેન્ડ નથી એટલે શંકા જાય છે."

"શંકાને કોઇ વજૂદ ન હોય ત્યાં સુધી કશું માની લેવું ન જોઇએ."

"તમે કંઈ જાણો છો?"

"ના. કંઈ જાણીશ તો તને કહીશ. તારી જન્મપત્રિકા છે?"

"ડેડીએ કઢાવેલી. એકબે વર્ષમાં લગ્ન થશે એવું જન્મકુંડળીમાં છે."

"મને એની ઝેરોકસ આપજે. આજકાલ બધાજ કુંડળી મેળવીને લગ્ન કરે છે."

"તમે માનો છો?"

"ના. પણ કુંડળી ના મળે તો અહીંના ભણેલા છોકરાઓ પણ લગ્ન કરવા તૈયાર નથી થતા."

"માબાપનો એવો આગ્રહ હોય છે. ઘણા બધા લગ્નો ડિવોર્સમાં પરિણમે છે એટલે. હું કાલ લેતી આવીશ. એક વાત પૂછું?"

"પૂછ!"

"તમારે કોઇ બૉયફ્રેન્ડ છે?"

"કેમ એમ પૂછે છે?"

"જો કોઈને પ્રેમ ન કરતાં હો તો હિતન સાથે મેળ બેસાડી શકો."

"મને એ બધી રીતે ગમે છે. પણ મારે ઇન્ડિયામાં બૉયફ્રેન્ડ છે. હું એને અહીં બોલાવવા પ્રૉમિસ આપીને આવી છું. આ વાત કોઈને કહેતી નહિ."

"નહિ કહું." કહેતાં મનીષા ગઈ.

મનીષા જતાં રુબી હિતેનની જન્મપત્રિકા મેળવવા અધીરી બની.

ઘેર આવી સરોજને પૂછયું, "માજી હિતેનની જન્મપત્રિકા છે?"

"હા મારી પાસે છે. એના ડેડી જ્યોતિષમાં બહુ માને છે.

"મને આપશો?"

"અત્યારે જોઈએ છે?"

"તમને સમય હોય ત્યારે કાઢી રાખજો. હિતેન આ બધામાં માને છે?"

"ના. એને જ્યોતિષમાં બિલકુલ શ્રધ્ધા નથી. હું પણ બહુ માનતી નથી. કદાચ મારા ગુણ એનામાં આવ્યા હશે. મેં કદી એની કુંડળી જોવડાવવાનું વિચાર્યું નથી. એના ડેડી કહેતા કે એને પરદેશનો યોગ છે, બહુ સારી છોકરી મળશે પણ મોડી ઉંમરે. બંગલો, કાર, પૈસો બધું હશે."

"કાલે ઑફિસ જતી વખતે મને આપજો."

રુબીને આનંદ થયો કે માજી પાસે હિતેનની જન્મપત્રિકા હતી. લગ્ન યોગ છે. એટલે લગ્ન જરૂર થવાનાં. હિતેનને કન્વીન્સ કરવો પડશે.

બીજે દિવસે ઑફિસ જતી વખતે માજીએ એને જન્મપત્રિકા આપતાં કહ્યું, "જરા સાચવીને રાખજે. કયાંય આડીઅવળી મૂકાઈ ન જાય."

"હું એની ઝેરોકસ કાઢી આ તમને સાંજે પાછી આપીશ."

ઑફિસે પહોંચી એની ઝેરોકસ કાઢી ઓરિજિનલ અને કોપી એની પર્સમાં મૂક્યાં. મનીષા એની જન્મપત્રિકાની નકલ આપી ગઈ.

બંને જન્મપત્રિકામાં વિસ્તારથી વર્ષફલ લખેલું હતું. રુબી વાંચી ગઈ. હિતેનની જન્મપત્રિકામાં સ્પષ્ટ લખ્યું હતું કે સિંહ રાશિ એટલે કે મ ટ સાથે એનાં લગ્ન થશે. મનીષાની કુંડળીમાં પણ નિર્દેશ હતો કે કર્ક રાશિ એટલે કે ડ હ સાથે અનાં લગ્ન થશે. બંનેનાં ફલાદેશ વાંચી રુબીને આશા બંધાઈ.

'કેન ગુર્જરી'માં એક જ્યોતિષીની જાહેર ખબર આવતી હતી. પેપરમાં એનો ફોન નંબર જોઈ એને ફોન કરી સાડા પાંચ વાગે એપૉઇન્ટમેન્ટ લીધી.

પાંચ વાગે પંડિત રાધેશ્યામ શર્માને મળવા ગઈ.

રુબી ચાલાક હતી. જન્મપત્રિકાના પહેલા પાને નામ બદલી હિતેષ પરીખ લખ્યું. જન્મ સમય, તારીખ, સ્થળ અને બધા ચાર્ટ એમને એમ રાખ્યા હતા. કુંડળીઓ અને વર્ષફળનાં અને અન્ય પાનાં એની પાસે રાખ્યાં હતાં.

"પંડિતજી, આ જન્મપત્રિકાનો બરાબર સ્ટડી કરી મને સચોટ જે હોય તે કહેશો?"

"કોની કુંડળી છે?"

"મારા ખાસ સંબંધીની."

પંડિતજીએ ચશ્મા ચઢાવી ગ્રહોની પોઝિશન જોઈ. સ્લેટમાં કંઈ આંકડા લખી જ્યોતિષનાં ગ્રંથોમાં જોઈ કહ્યું,”બહેન, આ કુંડળી બહુ ભાગ્યશાળી વ્યક્તિની છે. બહુ સુખી રહેશે. કાર હશે, બંગલો હશે, સારો ધંધો હશે, બધું હશે પણ...”

“પણ શું? કેમ અટકી ગયા?”

“એકવીસ વર્ષની ઉંમરે એવી ઘટના બની ગઇ હશે જે એમના લગ્નજીવનમાં બાધક બની રહે.”

“કેવી ઘટના?”

“એ ઉંમરે કોઈના પ્રેમમાં પડ્યા હોય. બંને એકબીજાને બહુ પ્રેમ કરતાં હોય. પતિપત્ની તરીકે જીવન જીવવા છતાં લગ્નયોગ નહિ હોવાથી લગ્ન ન થયાં હોય. પ્રેમિકા પાછળ ઘેલા બની સાથે જીવવાનાં સપનાં સેવવા છતાં ભગવાનને એ માન્ય નહિ હોવાથી પ્રેમિકા કોઈ અકસ્માતમાં મૃત્યુ પામી હોય. એની યાદમાં અથવા પરસ્પર કોઈ વચને બંધાયા હોય એ કારણે મન લગ્ન કરવા તૈયાર ન થાય. મનની મનોકાંક્ષાઓને કચડી નાખી એક સાચા પ્રેમીનું જીવન જીવવા માટે પ્રયત્ન કરી રહ્યા હોય.”

“એટલે લગ્નયોગ નથી?”

“લગ્નયોગ છે. એમણે મંદિરમાં કે ભગવાન સામે લગ્ન કર્યાં હોય તો એ લગ્ન કહેવાય. હિંદુ વિધિ કે ભગવાનની સાક્ષીએ લગ્ન ન કર્યાં હોય તો એ લગ્ન ન કહેવાય. મેં જે કહ્યું એ સાચું હોય તો જરૂર ત્રીસ વર્ષની આસપાસ લગ્ન યોગ છે. એ લગ્નથી બહુ સુખી થશે. સંસાર સુખ કેવું ભોગવશે એ જાણવા એમના લગ્ન અંગે જ્યારે કોઇ પ્રસ્તાવ આવે તો એ બહેનની જન્મકુંડળી લઈને આવજો. હું તમને સચોટ કહીશ. આ વ્યક્તિ ભાગ્યવાન અને બહુ લાંબું સુખી જીવન જીવશે.”

“આ બધું તમે એક જન્મપત્રિકા બનાવી એમાં મને લખી આપી શકો?”

“તમને ટાઇમ હોય તો હું એક જન્મપત્રિકા તૈયાર કરી વિગતવાર ફલાદેશ લખી આપું.”

“મારી પાસે પૂરતો સમય છે. હવે આ બહેનની કુંડળી જોઈ જરા કહેશો કે બંનેના ગ્રહો મળે છે?”

પંડિતજીએ જન્મપત્રિકા લઈ ફરી સ્લેટમાં કંઈક લખી બંને કુંડળી મેળવી. કેટલાંક થોથાં ફંફોળી બોલ્યા, "આ બંને કુંડળીઓ મળે છે. ત્રીસ ગુણાંક આવે છે. આ સ્ત્રીના ગ્રહો બળવાન છે. પુરુષના જીવનમાં એક બે વિઘ્નો છે તે આ સ્ત્રીના ગ્રહોને કારણે દૂર થશે. બંનેના બહુ જ સારા ગ્રહો છે. બંને બહુ સુખી થશે, લાંબું આયુષ્ય ભોગવશે. બે બાળકો થશે. સ્ત્રીએ મરૂન કલરના નંગની વિંટી પહેરવી પડશે જેથી પ્રસુતિમાં કોઈ આંચ ન આવે. બે બાળકોના જન્મ પછી એ પહેરવાની જરૂર નથી. બંનેને એકબીજાનો ભરપૂર પ્રેમ મળી રહેશે. પુરુષ મક્કમ મનના છે એટલે કોઈ વાંધો નથી પણ જો રુબીના નંગની વિંટી પહેરે તો કોઈ વિઘ્ન નહિ આવે, ધંધામાં, પતિપત્નીના સંબંધમાં અને માતપિતા અને બાળકોના સુખમાં વધારો થશે."

"બંને વિષે વિગતવાર બધું લખી આપો. હું અહીં બેઠી છું. બેત્રણ કલાક થાય તો પણ ચિંતા ન કરશો. બધું જ શાંતિથી સ્પષ્ટ લખજો."

રુબી વેઈટિંગ રૂમમાં જઈ મેગેઝિન વાંચવા લાગી.

રાધેશ્યામ શર્માએ એમના નામ સરનામાવાળી જન્મપત્રિકામાં હિતેન અને મનીષાના ભવિષ્ય વિષે વિગતવાર લખી બે જન્મપત્રિકા રુબીને આપી.

"થેંક્યુ, પંડિતજી. આશા રાખું કે તમારી ભવિષ્યવાણી સચોટ હોય."

"જન્મ સમય, તારીખ અને સ્થળ જો એક્યુરેટ હોય તો હું તમને એક સોને એક ટકા ગારન્ટી આપું છું. હું બીજા લોકોની જેમ પૈસા માટે અગડમ્ બગડમ્ ભવિષ્ય નથી ભાખતો. ત્રણ પેઢીથી અમારો આ વ્યવસાય છે. સારું ખરાબ જે હોય તે સત્ય અમારે આંગણે આવનારને કહીએ છીએ. આજકાલ લેભાગુ લોકો બહુ છે એટલે જ્યોતિષમાંથી નવી પેઢીને શ્રધ્ધા ઊઠી ગઈ છે. તમને શ્રધ્ધા છે એનો મને આનંદ છે."

"તમારી ફી?"

"જે આપશો તે લઈ લઈશ. આ મારો વ્યવસાય પૈસા કમાવા નથી. આઠથી ચાર નોકરી કરું છું. સારું કમાઉ છું. આ તો એક શોખનો વિષય છે. જે મળે તેના પચાસ ટકા જરૂરિયાતવાળા લોકોને દાનમાં આપી દઉં છું."

રુબીએ ત્રણસો ડોલર આપ્યા. પંડિતજીએ ખુશ થઈને લીધા અને બોલ્યા, "તમે જેને માટે કરી રહ્યા છો એમનું મંગલ થાઓ. આવજો."

રુબી ઘેર આવી. હિતેન ડ્રોઈંગ રૂમમાં બેઠો હતો.

"કયાં ગઇ'તી રુબી?"

"મનીષા સાથે રેસ્ટૉરાંમાં જમવા ગઈ હતી. એને ઘેર જવા આગ્રહ કરતી હતી. પણ ફરી કોઈક વાર એમ કહી ઘેર આવી."

"સારી છોકરી છે. એના માબાપ પણ બહુ ભલાં અને પ્રેમાળ છે."

"તમે એમને ઓળખો છો?"

"એકબે વાર મનીષા સાથે સ્ટોરમાં મળી ગયાં હતાં. એના ડેડી એન્જિનીયર છે. ભલા માણસ છે. એમને ઘેર જવા બહુ આગ્રહ કરતા હતા. એક દિવસ આપણે સાથે જઈશું."

"આજ બહાર નથી જવાના?"

"ના. તારી સાથે દિલ ખોલી વાત કરવી હતી. સૂવાની ઉતાવળ નથી?"

"ના. કહો."

"કાલ રાત્રે મને એક સપનું આવેલું."

"કેવું?"

"સપનામાં રેખા આવી હતી. મારી સાથે બેસી ખૂબ વાતો કરી. હું હજુ એનું વચન પાળી રહ્યો છું એ માટે મને શાબાશી આપી. વાત કરતાંકરતાં એ રડી પડી. મેં એને માંડમાંડ છાની રાખી. મારા બે હાથ પકડી બોલી, 'તમે મારા દેવ હતા અને દેવ રહ્યા છો. પાંચેક વર્ષ તમે જે રીતે જીવ્યા એ જ તમારી મોટી કુરબાની છે. હું આપણા પ્રેમમાં પાગલ બની હતી. કોઈ ત્રીજી વ્યકિત આપણા પ્રેમમાં આવે એ હું સહી શકું એમ નહોતી એટલે મેં તને ખોટા વચને બાંધી દીધો હતો. આજે મને લાગે છે કે હું સ્વાર્થી હતી. મારું એક્ટ ઇનહ્યુમેન હતું. મારો જીવ તારી ચોકી કરવા ઘૂમી રહ્યો છે. ડાકણ બનીને તારી આસપાસ ફરતી રહી છું. તારા જીવનમાં કોઈ આવે તો એને હેરાન કરવા, એના જીવનને નરક બનાવવા એ પળની રાહ જોઈ રહી હતી. યમદૂતે મને મારા દુષ્ટ વિચાર માટે બહુ ફટકારી. તને મળી મારા વચનમાંથી મુક્ત કરવા આદેશ આપ્યો. હું એમ ન હિ કરું તો નરકમાં સબડ્યા કરીશ. હું સમજીને તને વચન અને બંધનમાંધી મુકત કરીશ તો હું નરકમાંધી છૂટી સ્વર્ગમાં જઇશ.'

મેં એને પૂછયું, 'હું કેવી રીતે તને મુકિત અપાવી શકું?'

મારો હાથ એના હાથમાં લઈ મને કહ્યું, 'સારી છોકરી શોધી પરણી જા. આ જિંદગીમાં તું સુખી થા. પ્રેમથી જિંદગી જીવ અને નસીબમાં હશે તો આવતે ભવ ફરી મળીશું.'

'તું મને પરણી જ્વાની સલાહ આપે છે, રેખા?'

'હા. પરણી જ્વાની. મને સાચો પ્રેમ કર્યો હોય અને મારી મુક્તિ ઇચ્છતો જોય તો જેમ બને એમ જલદી પરણી જા.'

'હું તારી મુક્તિ ઝંખું છું. પણ લગ્ન અંગે મને વિચારવાની તક આપ.'

'કશો વિચાર કરવાનો નથી. બોલ મને મુક્તિ આપવા ઇચ્છે છે કે નહિ?'

એ ફરી ચોધાર આંસુએ રડવા લાગી.

હું એનું રુદન અને કરુણ ચહેરો વધુ ન જોઈ શક્યો. મેં કહી દીધું, 'તું કહે છે તો હું પરણી જઇશ. સારી છોકરી શોધીને પરણી જઇશ.'

'તારે શોધવા નહિ જ્વું પડે. સામેથી કોઈ આવશે. એને તું સ્વીકારીશ તો આકાશમાંથી હું ફૂલો વર્ષાવી તમને બંનેને આશીર્વાદ આપીશ.'

એ ચાલી ગઈ. મારી આંખો ખુલી ગઈ.

"આ સપનાનો શો અર્થ હશે એ હું કંઈ કળી શકતો નથી."

"સપનું કેટલા વાગ્યે આવેલું?"

"લગભગ પરોઢના પાંચ વાગ્યા હશે."

"એમ કહેવાય છે કે પરોઢનાં સપનાં સાચાં હોય છે. મને આ સપનામાં જરૂર કંઈ સંકેત લાગે છે."

"તું પણ એમ કહીશ?"

"હા. હિતેન તમે રેખા સાથે કોઈ મંદિરમાં જઈ કે હિંદુ વિધિ પ્રમાણે સાત ફેરા ફરી લગ્ન કરેલાં?"

"ના. બેબીના જન્મના થોડા દિવસ પહેલાં મંદિરમાં જઈ પંડિતની સાક્ષીમાં લગ્ન કરવાનું અમે નક્કી કરેલું."

"એટલે તમે હજુ કુંવારા જ છો."

"આપણા શાસ્ત્રોની દષ્ટિએ હું કુંવારો છું."

"કેવો યોગાનુયોગ? કોણ કહે છે કે નસીબ જેવું નથી. કોણ કહે છે નિર્મિતિ જેવું નથી. કોણ કહે છે ભગવાન નથી. હું તો મારાં મહાકાળીમામાં માનું છું.

ક્યારેક એનો પરચો નજર સામે જોયો છે. આટલી નાની જિંદગીમાં પણ મારાં મહાકાળી ઘણીવાર મારી પાસે આવીને ઊભાં રહ્યાં છે. આજે હું માનવા લાગી છું કે ગ્રહો જેવું કંઇક છે. જ્યોતિષ સાચું હોય છે જો એના ભાખનાર સાચા હોય તો.”

“રુબી મારા સપનાની જેમ તું જે કંઈ બોલી ગઈ એનો કોઈ અર્થ મને સમજાતો નથી. આજ મને તું જુદી લાગે છે. તારા મનમાં શું છે?”

“આનંદ. અકે પ્રકારનો આનંદ. મારા આનંદને કોઇ સીમા નથી. આજ હું ખૂબ ખુશ છું. ખૂબ ખુશ છું.”

“કંઈક સમજાય એવું બોલ.”

“તમારું જીવન સુધરી જશે એનો મને અત્યાનંદ છે.”

હિતેનની ધીરજ ખૂટી રહી હતી એ જોતાં બંને જન્મપત્રિકાઓ એના હાથમાં મૂકી, રુબી એની રૂમમાં ચાલી ગઈ.

* *

શનિવાર હતો. સરોજ અને અમીચંદ હિંદુ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠામાં ગયાં હતાં. દસ વાગવા આવ્યા પણ હિતેન ઊઠ્યો નહોતો. રુબીને ચિંતા થઈ. એણે કેનની બેડરૂમના બારણે ટકોરા માર્યા.

“નાસ્તો તૈયાર કરું?”

“બાથ લઈને આવું છું.”

રુબી નીચે આવી કોફી અને નાસ્તો બનાવવા લાગી. હિતેન આવતાં એની સામે જોઈ કહ્યું, “ગુડ મોર્નિંગ. હજુ આંખોમાં ઘેન લાગે છે!”

“હા, રુબી. આખી રાત ઊંઘ ન આવી. વિચારો બહુ આવ્યા.”

“કેવા વિચારો?”

“રેખા આંખ સામેથી ખસતી નહોતી. હું વારંવાર એને એક જ સવાલ પૂછતો, ‘ખરેખર તું મને પરણવાનું કહે છે?’ અને એ હસીને ‘હા... હા...’ એમ જ કહ્યા કરતી. એટલે મેં લગ્ન કરવાનો નિર્ણય કર્યો. તને મારી અને મનીષાની કુંડળી લઈને પંડિત શર્મા પાસે જવાનું કેમ સૂઝ્યું?’

‘બે દિવસ પહેલાં મનીષા સાથે લંચ લેતી હતી એ વખતે વાતવાતમાં એણે કહ્યું કે એને હિતેન જેવો છોકરો ગમે. એ તમને બહુ પ્રેમ કરતી લાગે છે.

તમને એ કેવી લાગે છે?”

“સાચું કહું તો એ જ્યારે ઇન્ટરવ્યુમાં આવી ત્યારે મને ગમી ગઈ હતી. મને એનામાં રેખા દેખાઈ હતી. ક્યારેક એને પૂછવાનું મન થતું. પણ રેખાનું વચન યાદ આવતાં હું અચકાતો. જોકે આજે હૃદયની વાત કરું તો પત્ની તરીકે મનીષાને બદલે તું વધારે ગમે છે.”

રુબી એકદમ ચોંકી ઊઠી. ‘કેવી રીતે હિતેનને ના પાડવી? આસુની વાત કહી દેવી? પોતાનો ભૂતકાળ કહી દેવો?’

“શા વિચારમાં પડી ગઈ?”

“તમારે એક ભૂતકાળ હતો એમ મારો પણ એક ભૂતકાળ છે.”

“તારો ભૂતકાળ મારે જાણવો નથી. પણ તું જો કોઈને પ્રેમ કરતી હોય તો હું વિલન બનવા નથી માગતો.”

“હું આસુને બહુ પ્રેમ કરું છું. મારી પહેલી પસંદગી એના પર છે. એ ના પાડે તો જ હું બીજું કંઈ વિચારી શકું. પણ હું તમારે લાયક નથી.”

“તું આસુને પ્રેમ કરતી હોય તો હું તને આસુ સાથે પરણાવવામાં મદદ કરીશ. તું મારે લાયક નથી એવું કેમ કહે છે? તારો બીજો કોઈ ભૂતકાળ છે?”

“હા, હિતેન. મને તમે ગમો છો. પણ મારો ભૂતકાળ જાણશો તો મારા પર ગુસ્સે થશો અને મને ધિક્કારશો. કદાચ આ ઘરમાંથી પણ કાઢી મૂકશો.” કહેતાં રુબીની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

હિતેને ઊભા થઈ પાસે આવી ટિસ્યુથી એનાં આંસુ લૂછતાં કહ્યું, “શું વાત કરે છે? આટલો બધો સમય સાથે રહ્યાં પણ તું મને ઓળખી શકી લાગતી નથી! હિતેન જુદી માટીથી ઘડાયો છે. મને તારો ભૂતકાળ ન કહેવો હોય તો ના કહીશ. પણ આમ અપસેટ ન થા.”

રુબી પીગળી ગઈ. હિતેનને આસુના કુટુંબની અને એના પિતા વિષેની બધી જ વાત ભારે હૈયે કહી. હિતેન એક ચિત્તે એને સાંભળી રહ્યો. વાત પૂરી કરી હિતેનના બે હાથ પકડી બોલી, “આ ખૂનીએ તમારા જેવા પ્રેમાળ અને સજ્જન પાસે એક મોટી છેતરપિંડી કરી છે. મને માફ કરો.”

હિતેનને એક આંચકો લાગ્યો. એ સ્તબ્ધ બની રુબી સામે જોઈ રહ્યો. એની આંખોમાં સચ્ચાઈનો રણકો દેખાતાં બોલ્યો, “રુબી. તેં જે કર્યું એ

ખોટું નહોતું કર્યું. નરાધમને એ જ સજા હોઈ શકે. પછી એ બાપ હોય કે ભાઈ હોય. સેક્સ માટે હુમલો કરનારને જ નહિ. ખરાબ નજરથી જોનારને પણ એ જ સજા થવી જોઈએ. સ્ત્રી એ રમકડું નથી કે મનફાવે એમ એને રમાડી શકો. તું મુસલમાન છે એની મને ચિંતા નથી. આ દેશમાં આપણે બધા કેનેડિયન છીએ. નાતજાતન વાડા ઇન્ડિયામાં છે. હિંદુ મુસલમાનના વાડા ઊભા કરી ખૂનની નદીઓ એ દેશમાં વહે છે જે દેશે દુનિયા આખીને 'વસુધૈવ કુટુમ્બકમ્'નો માનવતાનો મહામૂલો મંત્ર આપ્યો. હું આસુની સમજ અને દિવ્યતાને વધાવીશ. તને અપનાવવા એને સમાજવીશ. એ તને અપનાવશે તો એને એક દેવાંશી પુરુષ ગણીશ તમને બંનેને એક કરીને જ હું જંપીશ."

રુબીએ હિતેનના બે હાથ ચૂમી લીધા.

"દેવાંશી પુરુષ તો તમે છો. કેટકેટલી લોભામણી ક્ષણોએ તમે મનને મક્કમ રાખ્યું છે. રોજ તમારી સામે છું. તમારી પાસે છું. ઘણીવાર આમ એકલાં રહ્યાં છીએ. મહિનાઓ સુધી એક જ બંગલામાં સાથે રહ્યાં પણ કોઈ દિવસ મારા પર હુમલો કરવાનો કે મારું મન ડગાવવાનો વિચાર સરખો ન કર્યો એ પુરુષને માટે મારે કયો શબ્દ વાપરવો એ મને સૂઝતું નથી."

"મને એટલો મહાન ન બનાવ. તું મારા સુખનો વિચાર કરતી રહી છે એ જ તારી મોટી દેણ છે. તને સુખી કરવી છે. મારે સુખી થવું છે."

"તો મનીષાને વાત કરું? તમારી ઇચ્છા એને જીવનસાથી બનાવવાની છે? જ્યોતિષીનું પણ કહેવું છે કે એક આદર્શ જોડી બની રહેશે."

"વાત કરજે."

"પણ એક ગેરસમજૂતી છે."

"શી?"

"મનીષા તમારો ભૂતકાળ જાણતી નથી. તમારા મિત્રો અને ઈર્ષાળુ લોકોએ એના મનમાં ખોટી વાત ઠસાવી દીધી છે. એમાં તમારું વર્તન જવાબદાર છે."

"હું સમજી ગયો. સ્ત્રીઓથી દૂર રહું છું એટલે કેટલાક લોકો મને ગે માને છે." હિતેન હસ્યો.

થોડી વાર અટકી બોલ્યો, "તમે એને મારા મનની વાત કહેજો. મારો

ભૂતકાળ હું જ એને કહીશ."

"સારું. સોમવારે હું એને તમારા મનના ભાવોની વાત કરીશ. તમે એને ડિનર પર લઈ જઈ જે વાત કરવી હોય એ કરજો."

"સોમવારે એક નવો સૂરજ ઊગશે. મારા પેપર, મારી સમૃધ્ધિ અને હવે મારા જીવનમાં નવો વળાંક લાવનાર રુબી તારાં પૂન્ય પગલાં તને હિંદુ નહિ, મુસલમાન નહિ પણ એક સાચી માનવ બનાવે છે," કહી એને ભેટ્યો.

રુબી એના બે હાથ એની કેડ આસપાસ વીંટાળી વળગી રહી. હિતેન કોઇ દુર્ભાવ વિના એક સ્વજનની જેમ એને બરડે હાથ ફેરવતો રહ્યો. આત્મીયતાનું બંધન ગાઢ બનતું રહ્યું.

* *

મનીષા એની કુંડળી વિષે જાણવા આતુર હતી. કૉફી બ્રેકમાં એ રુબીની કેબિનમાં ગઈ. "ગુડ મોર્નિંગ બહેન, શા સમાચાર છે?"

"વેરી ગુડ ન્યુઝ. લે તારી અને હિતેનની કુંડળીનાં ફલાદેશ વાંચી જા."

મનીષા ઝડપથી બંનેનાં ફલાદેશ વાંચી અચંબો પામી, "આઈ કાન્ટ બિલિવ.. રીયલી આઈ કાન્ટ બિલિવ. હું અને હિતેન?"

"હા. મનીષા. તારાં નસીબ ખૂલી ગયાં લાગે છે."

"નો. નો. ધીસ ઇઝ ઇમ્પોસિબલ. હિતેન સાથે ઇમ્પોસિબલ. એ..."

"ઇટ ઇઝ પોસિબલ. આપણી માન્યતા બિલકુલ ખોટી છે. આ બંને કુંડળી એમને બતાવી એટલે મને કસમ ખાઈને સત્ય કહ્યું કે એ એક ભ્રમણા છે. એમની અંગત વાત તને કહેવા માગે છે. સ્ત્રીઓથી દૂર રહેવા પાછળ કદાચ કોઈ જુદું વજૂદ હોઈ શકે! તને જે સત્ય હશે તે કહેશે. એ જાણ્યા પછી કદાચ તારો ભ્રમ ભાંગી જશે. આજે તને ડિનર માટે કહે તો ના ન પાડતી."

"હું જરૂર જઇશ. હિતેન જેવો પતિ મળવો એટલે સ્વર્ગ મળવું. તમારો ખૂબ આભાર. હું આગળ વધું તે પહેલાં તમને ફરી એક વાત પૂછી લઉ?".

"પૂછ."

"ખરેખર, તમારા મનમાં હિતેન નથી ને? તમે એમને પ્રેમ કરતાં હો તો હું વચ્ચે આવવા નથી માગતી. કોઈનું પાત્ર ઝૂંટવી લેવું એને હું પાપ ગણું છું. મારે આ ભવ કોઈ પાપ નથી કરવું."

"એવું કંઈ નથી. અમે બંને સહૃદયી મિત્રો છીએ. તું એમના જીવનમાં આવીશ તો આપણે ત્રણ સારાં મિત્રો બની રહીશું."

મનીષાના વદન પર ખુશીની ચમક પ્રસરી રહી. એની કેબિનમાં જઈ હિતેનના કૉલની રાહ જોવા લાગી. ઈન્ટરકોમની ઘંટડી રણકે અને ચમકે. એક ફોન કોમલનો અને એક ફોન બહારનો આવ્યો. જલદી જલદી વાત ટૂંકાવી દીધી.

"મનીષા?" હિતેનનો અવાજ સાંભળી મન નાચી ઊઠ્યું.

"યસ, સર."

"મને જરા મળી જશો?"

"આવું છું."

ફોનમૂકી પર્સમાંથી મિરર કાઢી પોતાની મુખાકૃતિ જોઈ. લિપસ્ટિક લગાવી વાળ સરખા કર્યા. પગ ધ્રૂજતા હતા. વદન પર શરમના શેરડા પ્રસરી રહ્યા. હિતેનને મળવા જતાં આવા ભાવ કદી અનુભવ્યા નહોતા.

* * *

# પચીસ

"આવું સર," કહેતી મનીષા હિતેનની ઑફિસમાં પ્રવેશી.

"આવો. આવો. બેસો." મનીષા હિતેનની સામે ખુરસી પર બેઠી.

"પેપર જામતું જાય છે?"

"અકલ્પિત. પેપર હવે એવી કક્ષાએ છે કે કશી જ ચિંતા કરવા જેવી નથી. રુબીબેનનો મોટો ફાળો છે."

"રુબી કહે છે કે તમારો મોટો ફાળો છે."

"એ તો એમની મહાનતા છે. એમના વિના કંઈ શક્ય નથી."

"આજ સાંજે આપનો શો પ્રોગ્રામ છે?"

"કંઈ નહિ. કેમ કંઈ કામ હતું?" મનીષાએ અજાણ્યા બની પૂછ્યું.

"તમને અનુકૂળ હોય તો આપણે સાથે ડિનર લઇએ?"

"મને ગમશે."

"ક્યાં જઈશું?" અને સહેજ વિચારી બોલ્યો, "સ્ક્વેર વન પાસે 'મિલન' નવી રેસ્ટૉરન્ટ ખૂલી છે.

"મેં જોઈ છે."

"સાંજે છ વાગ્યે ત્યાં મળીએ?"

'જરૂર. હું આવી જઈશ."

મનીષાનું કામમાં દિલ ન ચોટ્યું. પાંચછ કલાક પાંચછ યુગ જેવા લાગ્યા.

'સવારે કોના શુકન જોઇને આવી હતી?' મનમાં સવાલ જાગ્યો. શુકનનો તો કોઈ વિચાર સરખો નહોતો આવ્યો. હા, આજે મમ્મીએ નીકળતી વખતે પ્રસાદ આપતાં કહ્યું હતું કે 'આજે મહાશિવરાત્રી છે. લે, આ પ્રસાદ.'

એ મનોમન બબડી, 'હે, શંકર પાર્વતી, તમારી કૃપા વરસાવજો. બધું હેમખેમ પાર પડે તો હું સાત સોમવાર કરીશ.' મનીષા પોતાના નિર્ણય પર

હસી. માનવી કેવો સ્વાર્થી છે? સ્વાર્થ માટે ભગવાનને યાદ કરે છે!

એકદમ કંઈ યાદ આવતાં એનું મન ચકરાવે ચઢ્યું. 'હિતેન ગે હશે તો?'

'મારી સાથે એ છુપાવીને લગ્ન કરવા તૈયાર થશે તો?'

વિચારોમાં સમય કપાઇ ગયો. છ વાગ્યે 'મિલન'માં પહોંચી ગઈ.

હિતેન બહાર રાહ જોઈને ઊભો હતો. સ્મિત સહ એને આવકારી.

છ વાગ્યે બહુ ગિરદી નહોતી. એક બાજુ ટેબલ પસંદ કરી બંને બેઠાં.

હિતેને કોકનો ઓર્ડર આપ્યો. વેઇટર બે કોક અને મેનુ મૂકી ગયો.

"ચાર વર્ષમાં આજે પહેલવહેલાં તમને એકલાંને ડિનર પર લાવ્યો છું. કદાચ આશ્ચર્ય થતું હશે."

"તમે હંમેશ દૂર જ રહ્યા છો એટલે નવાઇ જરૂર લાગે."

"ખેર, સીધો જ સવાલ કરું. લગ્ન અંગે તમારો શો વિચાર છે?"

"ક્યારેક લગ્ન તો કરવાનાં છે. કોઈ સારું પાત્ર મળે એની રાહ જોઉં છું." વદન નીચું રાખી બોલી

"અંગત સવાલ પૂછવા બદલ માફ કરજો. કોઈને પ્રેમ કરો છો?"

"હજુ સુધી કોઈ ગમી ગયું નથી. એટલે એ સવાલ ઊભો થતો નથી."

"હું ગમું છું?"

"તમારા જેવા કોઈ યુવાનની કલ્પના મારા મનમાં જડાઈ ગઈ છે. તમને હું ગમું છું?"

"સાચી વાત કહું તો તમે પહેલે દિવસે ઇન્ટરવ્યુમાં આવ્યાં ત્યારથી જ તમે મને ગમી ગયાં છો. તમારામાં મને મારી રેખાનાં દર્શન થતાં રહ્યાં છે."

"રેખા? રેખા કોણ છે?"

"રેખા હવે આ દુનિયામાં નથી. કૉલેજમાં અમે સાથે હતાં. એકબીજાને ખૂબ પ્રેમ કરતાં. અમે અમારા પ્રેમને લગ્નમાં ફેરવવા માગતાં હતાં એટલે 'સાથ જીના, સાથ મરના' એવાં પણ લીધાં હતાં. પણ કુદરતને એ માન્ય નહિ હોય. રેખા એક અકસ્માતમાં મને છોડીને ચાલી ગઈ. એની છાયા મારા મનમાં ખૂબ છવાઈ ગઈ હતી. 'સાથ જીના સાથ મરના' એવાં પણ લીધાં હતાં એટલે કોઈમાં મન ચોટતું નહોતું. તમે કદાચ મારી વાત નહિ માનો. પણ પરમ દિવસે રાત્રે એણે સપનામાં આવી મને લગ્ન કરી જિંદગી માણવા

અનુરોધ કર્યો. હું તમને સારી રીતે ઓળખું છું. રેખા પછી મારા દિલમાં તમારું સ્થાન છે. મેં રુબીને આપણી મૂલાકાત ગોઠવવા વાત કરી. એણે મને તમારી કૂણી લાગણીની વાત કરી એટલે તમને આજેઅહીં બોલાવ્યાં છે."

"સૉરી. મારી સમજ ખોટી હતી. મેં તો મની લીધેલું કે તમે..."

"ગે છું, ખરુંને?" મનીષા 'હા' કે 'ના' ન બોલી શકી.

"સત્ય જાણવું છે?"

મનીષાએ કશો પ્રતિભાવ ન આપતાં, એ બોલ્યો, "સત્ય એ છે કે રેખાના પ્રેમને ભૂલી શકતો નહોતો એટલે સ્ત્રીઓમાં મન ચોંટતું નહોતું. પરિણામે ઘણા બધામાં એ ભ્રમ ઊભો થયો છે. પણ મારે ઢંઢેરો પીટી એ લોકોને મારી સચ્ચાઇની પ્રતીતિ નહોતી કરાવવી. એ લોકો મારી વાત માને નહિ. પણ આ સત્ય છે. તમે મારી વાત માનો છો?"

"મને તમારામાં પૂરી શ્રધ્ધા છે. તમે ખૂબ ગમો છો. કદાચ બીજેપરણી જાત પણ તમારી મૂર્તિ મારા માનસપટ પરથી ખસત નહિ. આઇ લવ યુ સર, ફ્રોમ ધ ડીપ ઑફ માય હાર્ટ. વિલ યુ એક્સેપ્ટ મી ઇન યૉર લાઇફ?"

"સર નહિ, હિતેન. હું પણ તમને મારા જીવનમાં સ્વીકારવા ઝંખું છું. પ્રેમથી, હંમેશ માટે. રેખાનો અધૂરો રહી ગયેલો પ્રેમ તમે મને પૂરો પાડશો તો હું ધન્ય થઈ જઈશ."

"પ્રેમ તો ખૂબ આપીશ. પણ રેખાની ખોટ પૂરી પાડી શકીશ કે નહિ એની ખબર નથી."

"તમારો પ્રેમ મળી રહેશે એ જ મારી મોટી મૂડી બની રહેશે. હું તમને કદી દ્રોહ નહિ દઉ."

વેઇટર આોર્ડર પ્રમાણે વાનગીઓ મૂકી ગયો. હિતેને સ્વીટમાંથી એક ટુકડો લઇ મનીષાના મોઢામાં મૂકતાં કહ્યું, "આપણા મીઠા સંબંધની આ પહેલી મીઠાશ. ગુડ લક."

મનીષાએ એક ટુકડો હિતેનના મોઢામાં મૂકતાં કહ્યું, "આ મીઠાઈની મીઠાશ જેમ આપણું જીવન મહેકી રહો. બેસ્ટ વિશિઝ."

જમતાં જમતાં અંતરમાં સંઘરી રાખેલી ઘણી બધી વાતો કરી પરસ્પરનાં હૈયાંનો એકરાર કર્યો. ભોજન લઈ છૂટા પડતાં હિતેને કહ્યું,

"બેચાર મહિના આપણા આ સંબંધની વાતનો રુબી સિવાય કોઈને અણસાર પણ ન આવવા દઈએ એવું હું ઇચ્છું છું."

"હું પણ એવું ઇચ્છું છું. મારા ડેડી-મમ્મીને અને તમારા ડેડી-મમ્મીને વાત કર્યા પછી એમના આશીર્વાદ લઈ જાહેર કરીશું."

મનમાં આનંદના ઊછળતા સાગર સાથે બંને છૂટાં પડ્યાં.

ઘેર આવી રુબીને એમની મૂલાકાતની વાત કરી.

રુબી સુખદ સમાચાર સાંભળી આનંદવિભોર બની ગઈ.

"આઇ એમ વેરી વેરી હેપી. કોંગ્રેચ્યુલેશન્સ. મે ગૉડ શાવર અપન યુ ઑલ કાઇન્ડ ઑફ હેપિનેસ ફોર એવર."

"રુબી, રેખાનો પડછાયો અમારા બંનેના પ્રેમ વચ્ચે કડીરૂપ બની રહેશે કે આડખીલી?"

"મનીષા એજ રેખા છે એમ માનીને જીવશો તો જીવન સોહી ઊઠશે. હવે બીજો કોઈ વિચાર સરખો ન કરશો."

"કોઈને હમણાં આ વાત કરવી નથી."

"ગુડ આઈડિયા. હું પણ એ જ સલાહ આપવાની હતી."

"હવે તારી તૈયારી કર. જૂનમાં આસુનું પરિણામ આવે એ અરસામાં તું ઇન્ડિયાની મૂલાકાત લઈ આવ. કાલે ઑફિસમાં જઈ તને હું આસુનો એપૉઇન્ટમેન્ટ અને સ્પોન્સર લેટર આપીશ. તું કેનને એના વિઝા માટે બધા પેપર્સ આપી આવજે. એ બધું ફોડી લેશે. એમ.એ.નું પરિણામ આવે ત્યારે કેનેડિયન એમ્બસીમાં એની જાણ કરજે. આજથી વિધિ શરૂ કરીએ તો આસુ જલદી આવી શકે. આપણે આપણાં લગ્ન સાથે ગોઠવીશું. તેં મને મદદ કરી છે. તને મદદ કરવાની મારી ફરજ છે."

"હાઉ સ્વીટ યુ આર! આજ કંઈ સ્વીટ લેશો?"

"મનીષાએ સ્વીટ ખવડાવી. હવે તું ખવડાવ. આઇ એમ વેરી હેપી."

રુબી પેંડાનું પેકેજ લઈ આવી. "તું પેંડા કયાંથી લાવી?"

"રસ્તામાંથી. મને પંડિતજીના શબ્દોમાં પૂરો વિશ્વાસ હતો.

એ જ વખતે સરોજ અને અમીચંદ ઘરમાં પ્રવેશ્યાં.

"મમ્મી સપ્તાહ હજુ ચાલે છે?"

"હા, લો આ પ્રસાદ!" સરોજે પ્રસાદ ટેબલ પર મૂક્યો.

"આ પેંડા કોણ લાવ્યું છે?"

"તમે મંદિરમાં રોજ પેંડા, બરફી, જલેબી ખાઓ તો અમને એવું ખાવાનું મન ન થાય?"

"મને એમ કે તમે લોકો નહિ ખાઓ એટલે હું ઘેર નહોતી લાવતી. આજ મને થયું કે તમારે માટે લઈ જાઉં."

"સારું કર્યું. ભગવાનની કૃપા અમારા પર વરસે એવી પ્રાર્થના કરજો."

"હું રોજ તમારે માટે પ્રાર્થના કરું છું."

"કરતાં રહેજો કો'ક દિવસ જરૂર ફળશે. તમારે જમવું છે?"

"ના. અમે જમી લીધું છે. તમે જમી લો."

સરોજ અને અમીચંદ એમની રૂમમાં ગયાં.

રુબી અને હિતેન ડ્રૉઈંગરૂમમાં વાતો કરતાં રહ્યાં.

* *

બરાબર બે વર્ષ પછી રુબી દિલ્હી એરપોર્ટ પર ઊતરી. આસુ એને લેવા એરપોર્ટ પર ગુલાબનો ગુચ્છ લઈ ઊભો હતો. પરોઢના સાડા ચાર વાગ્યા હતા. મમ્મી, વસુબહેન અને ગુરુદેવને એરપોર્ટ પર લાવ્યો નહોતો. એ સૌનો આગ્રહ હતો પણ સામાન સાથે ટેક્સીમાં આવતાં મુશ્કેલી પડે એમ કહી આસુ એકલો આવ્યો હતો. રુબીને સામેથી આવતી જોતાં એના હૈયાની ધડકન વધી ગઈ. આનંદ અને ઉમંગથી એનું મન થનગની ઊઠ્યું.

કુલી પાસે સામાન હતો. એના હાથમાં એક પર્સ હતી.

"માય ડીયર, યુ લુક ગુડ. એમ.એ.માં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આવવા બદલ મારા ખૂબખૂબ અભિનંદન." કહેતાં એને હોઠ પર કિસ કરી.

આસુએ એને બાહુમાં ઝકડી દીધી.

"રુબી, તું જરાકે બદલાઈ નથી. તારા વદન પર એ જ મલકાટ, એ જ ચળકાટ, એ જ સ્ફૂર્તિ છે. હા, તું ગઈ ત્યારે હતાં એના કરતાં થોડી વધુ ચમક અને તાજગી આવ્યાં છે. આજે તને જોઈને મારું હૈયું નાચી ઊઠે છે."

"તને ભેટીને અભિનંદન આપવા દોડી આવી છું."

"મારી રુબી મારા આનંદની ભાગીદાર ન બને એવું બને ખરું? તને ફોન

કર્યો અને તું દોડી આવી. એ જ આત્મીયતાની નિશાની છે."

"બધાં મજામાં છે?"

"હા, તને બહુ યાદ કરે છે. અમે તો તારી વાત મજાક માનતાં હતાં. મને અભિનંદન આપવા તું કેનેડાથી દોડી આવે એ વાત કોઈ માનવા તૈયાર નહોતું. કાલ હિતેને ફોન કરીને કહ્યું કે તું પ્લેઇનમાં બેસી ગઈ છે ત્યારે સૌને ખાતરી થઈ. આનું નામ પ્રેમ. સુખદુઃખમાં સાથી બની રહે એ જ સ્વજન."

"હવે તને મારી આત્મીયતાની પ્રતીતિ થઈ ને?

"પહેલાં ઘેર ચાલ. વાતો કરવાનો ઘણો સમય છે."

ઘેર પહોંચી રુબી માજીને ભેટી પડી. બંને ક્યાંય સુધી એકબીજાને વળગી રહ્યાં. એ જ વખતે ગુરુદેવ અને વસુબહેન આવ્યાં. વસુબહેને એને ભેટી પોતાની ખુશી વ્યક્ત કરી, "વેલકમ ટુ ઇન્ડિયા."

મનુભાઈએ શેકહેન્ડ કરી માથે હાથ ફેરવી કહ્યું, "સુખી થાઓ."

હિંચકે બેસી બધાંએ સુખદુઃખની લાંબી વાતો કરી.

"સરોજ, તારાં ખૂબ વખાણ કરતી હતી. તેં તો એમનાં જીવન દીપાવી દીધાં. હવે આસુ અને તરુનાં જીવન દિપાવજે."

"આપના આશીર્વાદ ફળો."

"અમારા આશીર્વાદ હંમેશ માટે છે. જા, આરામ કર પછી નિરાંતે મળીશું."

"હું જ આપને મળવા આવીશ."

મનુભાઇ અને વસુબહેન જતાં તરુએ રુબી પાસે આવી પૂછ્યું, "દીકરી, બે વર્ષ કયાં વીતી ગયાં એની ખબરે ન પડી. કેવી છે કેનેડામાં તારી લાઇફ?"

"માજી, બહુ સરસ. સારી નોકરી છે, સારું ઘર છે, હિતેન અને એનાં ડેડીમમ્મી બહુ પ્રેમાળ છે. પણ તમારી ખોટ પળેપળે લાગતી હતી. તમે બહુ યાદ આવતાં હતાં. હવે તબિયત કેવી રહે છે?"

"તું જ કહે તને કેવું લાગે છે?" રુબી ઊભી થઈને સામે ઊભી રહી. હડપચી ઊંચી કરી બોલી, "વીસ વર્ષ નાનાં થઈ ગયાં લાગો છો."

"કેમ, ખબર છે?" આસુ વચ્ચે બોલ્યો.

"હા. આસુ ફર્સ્ટકલાસ ફર્સ્ટ આવ્યો એની ખુશીના પડઘા છે."

"તું મારું મન જાણી ગઈ."

"માજી ખુશી પ્રગટ કરવા મોટી પાર્ટી રાખવી જોઈએ."

"એવો ખોટો ખર્ચ કરવાની શી જરૂર છે?"

"ખર્ચ તમારે નહિ મારે કરવાનો છે. આવા ખુશીના દિવસો ક્યાં વારંવાર આવવાના છે?"

"એને યોગ્ય લાગે તે કરવા દો મમ્મી. એની પાસે હવે ડોલરની ખાણ છે. જા થોડી વાર સૂઈ જા. લાંબી મુસાફરીનો થાક હશે. પછી વાતો કરીશું."

"હા, રુબી આરામ કર. તારી રૂમ તારે માટે તૈયાર કરી છે."

"એવી ધમાલ કેમ કરી?"

"કેનેડામાં મખમલની બેડમાં સૂનારીને અમારું ઘર ગમશે કે નહિ એની મને સતત ચિંતા હતી."

"માજી કેમ ન ગમે? તમે જ કહો, ઘર કોને કહેવાય? જ્યાં પ્રેમ હોય, આત્મીયતા હોય, માનસિક શાંતિ હોય અને નિર્ભયતા હોય એ ઘર. અહીં એ બધું જ છે."

"હા, બેટી. પણ એક વાર ભૌતિક સુખ જોયા પછી..."

"ભૌતિક સુખ જોયા પછી પણ ભૂતકાળને ભૂલી ન જવાય. એ પણ એક જીવન હતું અને સુખ જોઈ છકી ન જવું જોઈએ. સાચું કહું તો પ્રેમ વિનાનો મહેલ હોય તો એ પણ નકામો છે. આ ઘરમાં મને જે પ્રેમ મળે છે એની સામે આખી દુનિયાની સાહ્યબી નકામી છે. સાચું સુખ મખમલના પલંગમાં કે ધનના ઢગલામાં નથી. પોતિકા સ્વજનોના પ્રેમની હૂંફમાં છે."

"પરદેશ જઈને પણ તારા વિચાર બદલાયા નથી. જાણે એ જ રુબી."

"તમારે માટે એજ રુબી આજીવન બની રહેવાની છે."

"ભગવાન તારા શબ્દો સાચા પાડે. વાતોનો અંત નહિ આવે. જા થોડો આરામ કર."

રુબી રૂમમાં જઇ પલંગમાં આડી પડી. આંખ મીંચાઈ ગઈ.

એક વાગ્યે આંખ ખૂલી ગઈ. બાથ લઈ ફ્રેશ થઈ ગઈ. માજી વસુબહેનને ઘેર ગયાં હતાં. એ આસુની રૂમમાં ગઈ. એ કોઇ પુસ્તક વાંચતો હતો.

"પુસ્તકના કીડા, શું વાંચે છે?" કહેતાં પુસ્તક બાજુ પર મૂકી દીધું.

એની સામે તાકીને કહ્યું, "લે વાંચ. મારા મનના ભાવો વાંચ."

આસુ એને તાકી રહ્યો.

"તું પરદેશ ગઈ પણ હજુ એવી જ રમતિયાળ રહી છે."

"તું પણ ક્યાં બદલાયો છે? બોલ, કોઈ છોકરી પસંદ કરી છે?"

"હા, અમદાવાદની છે. બ્યૂટિફુલ છે. પૈસાદાર છે. મારી પર મરે છે. અચાનક જ કૉલેજમાં ભટકાઈ ગઈ. સામે ચાલીને એક દિવસ કહે છે, 'આસુ, આઇ લવ યુ.' હું તો અચંબો પામ્યો. મેં એને સમજાવવા બહુ પ્રયત્ન કર્યો પણ એ ગુસ્સે થઈને બોલી, 'હેલ વિથ હર. પરદેશ ગયેલી છોકરી તારે માટે પાછી આવવાની નથી. એને ભૂલી જઈશ તો જ સુખી થઇશ. પરદેશ જવાના હવાઈ કિલ્લા બાંધવાનું છોડી વાસ્તવની ધરતી પર જીવતાં શીખ.' તારા ફોન અને પત્રો ઓછા આવવા લાગ્યા એટલે મને એની વાતમાં વિશ્વાસ બેઠો અને હું એને દિલ દઈ બેઠો."

"શું નામ છે એનું? દેખાવમાં કેવી છે? તને ગમે છે?"

"નામ છે મધુરી. દેખાવમાં વેરી બ્યૂટિફુલ. કોઈને પણ ગમી જાય એવી છે. એનામાં મને તારું પ્રતિબિંબ દેખાતાં હું એની વાત માની ગયો. આમે આપણાં લગ્ન શક્ય જ નથી. હું હિંદુ અને તું..."

"બસ. બસ. હું કોણ છું એ મને કહેવાની જરૂર નથી. આવું હતું તો પછી એરપોર્ટ મને લેવા કેમ આવ્યો? ફોન પર સત્ય કેમ બતાવી ન દીધું?"

"આપણે સહૃદયી મિત્રો નથી મટી જવાના. જિંદગીભર મિત્ર બની રહેવાના આપણે શપથ લીધેલા એ કેમ ભૂલી ગઈ? વળી આ દેશમાં અમારા સિવાય તારું કોણ છે?"

"દિલ્હીમાં હૉટેલો ઘણી છે. હું કેવાં સપનાં લઈને આવી હતી?"

"કેવાં સપનાં?"

"જે સપનાં ખાખ થઇ ગયાં એને યાદ કરવાનો શો અર્થ? આઇ વિશ યુ ગુડ લક ઇન યૉર ન્યુ લાઇફ..." કહેતાં એની રૂમમાં ચાલી ગઇ. બેડમાં આડી પડી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

આસુ એની પાછળપાછળ ગયો. એને બેઠી કરી બોલ્યો, "આ શું ધતિંગ કરી રહી છે? જાણે માથે આભ પડ્યું! જાણે તારો આસુ મરી ગયો!"

"એવું અશુભ ન બોલ," કહેતાં એના મોઢા પર હાથ મૂકી દીધો.

આસુએ એ હાથ ચૂમી લેતાં કહ્યું, "અરે પગલી! હું તો તારી મજાક કરતો હતો. તું સાચું માની બેઠી? મારી આંખોમાં આંખો પરોવી જો. તને સાચો જવાબ મળી જશે."

રુબીએ વ્યગ્ર બની આસુની આંખોમાં આંખો પરોવી. કીકી પર આસુ અને રુબીની છબી જોઈ એ નાચી ઊઠી.

"ચાલ સ્વસ્થ થા. હું તારા વિના જીવી ન શકું. તું મારી છે અને મારી જ રહેવાની છે. તારી પાછળપાછળ એક દિવસ કેનેડા આવીશ. એક નવી જિંદગી જીવીશું."

રુબી આસુને ભેટીને બોલી, "આવી મજાક કદી ના કરતો. મારું હાર્ટ ફેઇલ થઇ જાત એટલા જોરથી ધબકતું હતું."

" એને ધબકતું રાખવાની કળા મારી પાસે છે."

"તું ખરેખર મને હજુય પ્રેમ કરે છે?"

"હા, રુબી પરણીશ તો એક તને જ."

દરવાજો ખોલવાનો અવાજ આવતાં રુબીએ વાત બદલી, "રવિવારે મારે તને પાર્ટી આપવાની જ છે. તારે પાર્ટીની વ્યવસ્થા કરવાની છે. ચાલ આજથી તૈયારી કરવા માંડ."

"હા, આસુ. વસુબહેન પણ કહેતાં હતાં. અવસર સારો છે. બધાંને પાર્ટી આપો."

રુબી અને આસુએ પાર્ટીની તૈયારી કરવા માંડી. કોને કોને બોલાવવા એનું એક લિસ્ટ બનાવ્યું. ગુરુદેવની પણ એમાં સલાહ લીધી. સોસાયટીના સૌને અને થોડા જૂનાનવા મિત્રોને આમંત્રણ રૂબરૂ જઈને આપી આવ્યાં.

રવિવારે સોસાયટીના ઓપન પ્લૉટમાં પાર્ટી ગોઠવી. રસોઇયા પાસે રસોઈ કરાવી. રસમલાઈ. બે મીઠાઈ, બે શાક, કઠોળ, પુરી, શાક, ભાત, કઢી, ફરસાણ, અને સલાડ. જાણે કોઈનાં લગ્ન હોય એવા ભોજનની વ્યવસ્થા કરી. ન કોઇ વ્યાખ્યાનો, ન કોઇ ફોર્માલિટી. કુટુંબમેળો હોય એમ સૌ ભેગાં થયાં. મહેમાનો આસુ અને રુબીને અભિનંદન આપતાં રહ્યાં. આસુને ઓળખનારા અંદર અંદર ગુસપુસ કરતાં રહ્યાં. "રુબી કોણ છે?"

વસુબહેનને લોકોની શંકાની ગંધ આવી જતાં એમણે બધાં જમતાં હતાં ત્યારે એક ટૂંકી જાહેરાત કરી.

"સ્વજનો, આપણા સૌ વતી આસુને અમે.એ.માં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ આપવા અભિનંદન આપીએ. સાથોસાથ કેનેડાથી વેકેશનમાં આવનાર મારી ભાણી રુબીને આપણે સૌ ઇન્ડિયામાં સત્કારીએ અને બંનેના શુભ ભાવિ માટે પ્રભુને પ્રાર્થીએ."

સૌએ તાળીઓના ગડગડાટથી બંનેને વધાવી લીધાં. જમણવાર બહુ સારો રહ્યો. જમીને બધાંએ આસુ પાસે આવી અભિનંદન પાઠવ્યા અને રુબીની પ્રગતિનાં વખાણ કર્યાં. દસેક વાગે સૌ વિખરાયાં. કેટરિંગવાળા એમની વસ્તુઓ લઈ વિદાય થયા.

આસુએ મમ્મી પાસે જઈ કહ્યું, "મમ્મી, ચાંદની રાત છે. ફૂલહાર ઘેર મૂકી અમે થોડું ફરવા જઈએ છીએ."

"સારું. બહુ મોડું ન કરશો."

આસુ અને રુબી ઘેર આવી રહ્યાં હતાં. આંગણામાં એક એમ્બેસેડરને જોઈ બંનેને આશ્ચર્ય થયું. એક વ્યકિત બહાર આવી.

રુબી પાસે આવી પૂછયું, "તમે રુબી વીરાણી છો?"

"હા."

આઇ.ડી. બતાવતાં કહ્યું, "ઇબ્રાહિમ સુલતાન, ક્રાઈમ ઇન્વેસ્ટિગેશન ઇન્સ્પેક્ટર. તમને થોડા સવાલો પૂછવા છે. અમારી સાથે મારી ઑફિસે આવવું પડશે."

"અત્યારે?"

"હા."

"ઇન્સ્પેક્ટર કંઇ કારણ?"

"ઑફિસે આવશો એટલે કારણ સમજાઈ જશે."

"ચાલ રુબી. હું સાથે આવું છું."

ફૂલહાર બહાર હિંચકા પર મૂકી આસુ અને રુબી એમ્બેસેડરમાં પાછલી સીટ પર બેસી ગયાં. પૂર વેગે ચાલતી કારની ઝડપે રુબીનો ગભરાટ વધતો જતો હતો. પોલીસ ઇન્સ્પેક્ટરની ઑફિસે કાર ઊભી રહેતાં બધાં કારમાંથી

ઊતર્યાં. એક ઑફિસમાં બંનેને ઇન્સ્પેક્ટર લઈ ગયા.

ઇન્સ્પેક્ટરે શરૂઆત કરી. "સોરી ટુ ડિસ્ટર્બ યુ સચ લેટ નાઇટ."

"ઇટસ ઑલ રાઇટ. યુ હેવ ટુ ડુ યૉર ડ્યુટી." આસુએ કહ્યું.

"તમે રુબીનાના...?"

"ખાસ મિત્ર. સાથે ભણેલાં.." આસુએ વાત કાપી જ્વાબ આપ્યો.

"તમને એમની હાજરીનો વાંધો નથી ને?" ઇન્સ્પેકટરે રુબીને પૂછયું.

"ના."

"જુઓ વાત એમ છે કે બે વર્ષથી એક ખૂનના ખટલાનું રહસ્ય ઉકેલવા અમદાવાદની પોલીસ તમને શોધી રહી છે. બે વર્ષ પહેલાં સમીર વીરાણીનું ખૂન કરવાનો પ્રયાસ થયેલો. આસપાસના લોકોની જુબાની પરથી પોલીસ એ વખતે એ નતીજા પર આવી હતી કે તમે સમીરના પેટમાં છરો ભોંકી એનું ખૂન કરી ભાગી ગયાં. પોલીસે છાપામાં તમને ખૂની ઠેરવી એ મતલબના સમાચાર પણ આપ્યા હતા. પણ પાછળથી પરિસ્થિતિ બદલાઈ ગઈ. સાત દિવસ પછી સમીર ભાનમાં આવતાં એણે પોલીસને કહ્યું, 'એક દીકરી બાપનું ખૂન કરતી હશે?'

'તો પછી ખૂન કોણે કર્યું?' પોલીસે પૂછયું.

કંઈ જવાબ આપવાને બદલે એ બેભાન થઈ ગયા,

બે દિવસ પછી પોલીસ ગઈ તો ખાટલો ખાલી હતો. પોલીસે સમીર અને ખૂનીની શોધ આદરી. કદાચ મારી નાખવાની ધમકીને કારણે સમીરે કોઈનું નામ ન આપ્યું હોય અને હોસ્પિટલમાંથી અદશ્ય થઈ ગયા હોય. પોલીસે ઊંડી તપાસ કરી કડીઓ મેળવી બે વ્યકિતને પકડી છે. એમના પર બે વર્ષથી 'એટેમ્પટેડ મર્ડર'નો કેસ ચાલી રહ્યો છે. સમીરને શોધવા બહુ પ્રયત્ન કર્યા પણ કંઈ પત્તો નથી. પોલીસનું એમ માનવું છે કે સમીરને હોસ્પિટલમાંથી ઉપાડી જઈ આ લોકોએ એમને મારી નાખી એમની લાસ રફેદફે કરી દીધી હોય. કોર્ટ પાસે કોઈ નક્કર પૂરાવા વિના કેસ લૂલો પડી જાય છે. પાડોશીઓનું કહેવું છે કે એ વખતે તમે ઘેર હતાં. ખૂનીઓના ભયથી કે કોઈ કારણસર તમે ઘેરથી નાસી ગયાં હોવ. સત્ય જાણવા પોલીસ તમને શોધી રહી હતી. કોઈએ તમારા સમાચાર અને સરનામું આપતાં અમે તમારી

તપાસ કરવા આવ્યા છીએ."

રુબી એક ચિત્તે ઈન્સ્પેકટરની વાત સાંભળી રહી હતી. શો જ્વાબ આપવો એ સૂઝતું નહોતું. રુબી કંઈ બોલી નહિ એટલે ઈન્સ્પેક્ટરે કહ્યું, "અમે સત્ય શોધવા મથી રહ્યા છીએ. તમે સહકાર આપશો તો તમને આંચ પણ નહિ આવવા દઈએ અને સાચા અપરાધીને સજા કરાવીશું."

"કોર્ટમાં કેસ કયારે છે?"

"આવતા સોમવારે. તમે સેલ્ફ ડિફેન્સ માટે ઘટના સ્થળેથી કેમ ભાગી ગયાં એ માટે શું કહેવું એ પોલીસ પ્રોસિક્યુટર તમને સમજાવશે."

"હું રવિવારે અમદાવાદ પહોંચી જઈશ."

"સાક્ષી તરીકે કોર્ટ તમને ભથ્થાં આપશે."

"નો નીડ. સાચા અપરાધીને સજા થવી જ જોઈએ."

"કોઈ ધાકધમકી આપી જુબાની બદલવા કંઈ કહે કે કરે તો મને આ નંબર પર ખબર આપજો. હું અમદાવાદ તમારી સાથે આવીશ."

"જરૂર છે?"

"તમારી જિંદગી ભયમાં ન મૂકાય એ માટેસાવચેતીના પગલા રૂપે તમારું રક્ષણ કરવું જરૂરી છે. એક સી.આઇ.ડી. બહેન આપની સાથે રાખું?"

"કોઈ જ જરૂર નથી. મને કોઈ જ ઓળખતું નથી."

"તમારી મરજી."

"થેંક્સ. ચાલો તમને મૂકી જાઉ."

આસુ અને રુબી ઘેર આવ્યાં.

"રુબી, આખો મામલો બદલાઈ ગયો છે. થેંક ગૉડ! તારા ડેડી કદાચ જીવતા હોય."

"કદાચ ગુંડાઓની ટોળીના કોઈએ એમને ખલાસ કરી નાખ્યા હોય એમ પણ બનવા જોગ છે."

"ગમે તે હોય. આવતા સોમવારે સત્ય બહાર આવશે."

"કદાચ કદી કોઈ સત્ય બહાર ન આવે એવું પણ બને."

"તું કેવી જુબાની આપીશ."

"વિચારીશ. નિર્દોષ ફાંસીને માંચડે ચડે એ મારો આત્મા સહી ન લે."

"તો શું તેં ખૂન કરવા પ્રયત્ન કરેલો એમ કબૂલ કરી દઈશ?"

"ખબર નહિ. સાત દિવસ છે કોઈ જવાબ જડી જશે. મારા ડેડી મારાથી મરી નથી ગયા એ સત્ય છે. સાત દિવસ હૉસ્પિટલમાં રહ્યા એ એનું પ્રૂફ છે. એ પછી કંઈક બન્યું લાગે છે. મારા કાળકામા પર મને બહુ શ્રધ્ધા છે એટલે તો મેં રવિવારે અમદાવાદ જવાનું નક્કીકર્યું. આમે મારે કાળકામાના દર્શને જવું જ હતું. સૂઈ જા હવે. વિચારવા માટે છસાત દિવસ પૂરતા છે."

"મારી કોઈ સાક્ષી કામમાં આવે તો જરાકે સંકોચ ના રાખતી. હું કહી શકું કે તું મારી સાથે દિલ્હીમાં હતી."

"એ તો અસત્યનો આશરો લીધો કહેવાય."

"કોર્ટમાં કોઈ જ સાચું બોલતું નથી."

"એટલે આપણે પણ ખોટું બોલવું? મારું મન માનતું નથી. થવાનું હોય એ થાય મારે સત્ય કહી દેવું જોઈએ."

"શાંતિથી બરાબર વિચારજે. સવાલ એકનો નહિ, બેનો છે. આપણી બંનેની આખી કેરિયરનો સવાલ છે એ ન ભૂલતી."

"તારી વાત સાચી છે. 'નરો વા કુંજરો વા' જેવો કોઈ માર્ગ શોધવો પડશે જેથી બધું હેમખેમ પાર ઊતરે. મારા ડેડી તો કદી પાછા આવવાના નથી. જા સૂઈ જા."

આસુ એની રૂમમાં જતાં રુબીનું મન ચકડોળે ચડ્યું... સાત દિવસ પછી શું થશે?

* * *

# છવ્વીસ

રવિવારે સવારે રુબી અને આસુ પ્લેઇનમાં બિઝનેસ કલાસમાં બેઠાં. પ્લેઇનમાં બેસતાં આસુએ કહ્યું, "તારીસાથે આજ પહેલવહેલાં પ્લેઇનમાં અને તે પણ બિઝનેસ કલાસમાં બેસવાનું નસીબમાં લખાયું છે. શું જિંદગીની લાંબી મુસાફરી પણ લખાઈ હશે?"

"યસ બૉસ." કહેતાં રુબી હસી. બ્રેકફાસ્ટ અને વાતોમાં સમય ક્યાં કપાઇ ગયો એની ખબર ન પડી. અમદાવાદ એરપોર્ટ પર બંને બહાર આવ્યાં ત્યારે ઇન્સ્પેક્ટર સુલતાન સાથે પોલીસ પ્રોસિક્યૂટર ઊભા હતા.

રુબી પોલીસ પ્રોસિક્યૂટર સામે જોઈ રહી. ચહેરો જાણીતો લાગ્યો.

ઈન્સ્પેક્ટર સુલતાને પરિચય કરાવ્યો.

"આ છે પોલીસ પ્રોસિક્યૂટર પરીખ. અહીંથી એમની ડ્યુટી શરૂ થાય છે. પરીખ સાહેબ, હવે બધું તમારા હાથમાં."

"અમદાવાદ છોડે તમને વર્ષો થઇ ગયાં. અમદાવાદની બદલાયેલી તાસીર જોવા જેવી છે. રોકાઈ જાઓ તો મારા મહેમાન બનજો."

"જરૂર. એકબે જૂના મિત્રોને મળી સાંજે ફોન કરીશ."

ઈન્સ્પેક્ટર સુલતાન જતાં રુબી સામે જોઈ મિ. પરીખે પૂછયું, "કંઈ યાદ આવે છે?"

રુબી વિચારતી હતી ત્યાં પરીખે કહ્યું, "તમારા પૈસા પહોંચાડી શક્યો નથી. તમે લખેલું એ કોઈ સરનામું અમદાવાદમાં છે જ નહિ. એવી કોઈ સરિતા પણ નથી. હું સમજી ગયેલો કે મને મદદ કરવા તમે ખોટું સરનામું આપી પાંચ હજાર રૂપિયા આપેલા ખરુંને?"

"હા, તમે રિક્ષા ચલાવતા અને આજે?"

'દિવસે રિક્ષા ચલાવતો સાંજના લૉ કરતો. લૉમાં ફર્સ્ટકલાસ ફર્સ્ટ

આવતાં મને આ નોકરી મળી. તમારા પાંચ હજાર મારી પાસે જમા છે."

"દાન કરી દેજો. કુદરતનો પણ કેવો સંકેત હોય છે! અમદાવાદની મારી એ છેલ્લી મુલાકાત આમ ફરી અમદાવાદની મુલાકાત બની રહેશે અને તમે જ મને મળશો એની કલ્પના પણ કયાંથી આવે? કોંગ્રેચ્યુલેશન્સ! તમારા પપ્પામમ્મી કેમ છે?"

"બંને મજામાં છે. એમના આશીર્વાદ ફળતાં બંને ખૂબ રાજી છે."

"આ મારા ખાસ મિત્ર મિ. આસુ ચેટરજી."

"નામ જાણીતું લાગે છે."

કંઈક યાદ કરી બોલ્યા, "આ વર્ષે એમ.એ.માં તમે ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવેલા?"

"વર્તમાનપત્રો સારી રીતે વાંચતા લાગો છો."

"અમારો વ્યવસાય છે. જુઓ આજના છાપામાં તમારા કાલના કેસના હેડલાઈનમાં સમાચાર છે."

"તમે પોલીસવાળા કાગનો વાઘ કરો છો," રુબીએ મજાક કરી.

"ગુનાની કડીઓ મેળવવા ઘણું બધું કરવું પડે છે. તમે કયાં ઊતરવાનાં છો?"

"હોલિડે ઈનમાં."

"ચાલો હૉટેલ પર વાતો કરીશું. સરકારી જીપમાં ફાવશે કે ટેક્સીમાં?"

"અમે ટેક્સીમાં જઈએ છીએ. તમે અડધા કલાક પછી હૉટેલ પર મળજો."

"ગુડ આઈડિયા. હું જીપ ઑફિસે મૂકી રિક્ષામાં આવીશ."

હોલિડે ઈનમાં પહોંચી આસુ અને રુબી સ્વસ્થ થયાં. મિ. પરીખે રૂમ નંબર બસો એકત્રીસના બારણે ટકોરા માર્યા. આસુએ બારણું ખોલ્યું.

"વેલકમ. બેસો. રુબી પાસેથી તમારી પ્રામાણિકતા અને ઉદાત્ત વિચારો વિષે જાણી બહુ આનંદ થયો. સારા માણસો સામે ભગવાન જુએ છે. એને ઘેર દેર છે, અંધેર નથી."

"તમારી હોંશિયારીના સમાચાર વાંચી બહુ પ્રભાવિત થયો છું. આપણે સારા મિત્રો બની રહીશું. હવે મૂળ વાત પર આવીએ. રુબી તમારા સહકારની

બહુ જરૂર છે. બે સખ્સોને પોલીસે પકડ્યા છે. હું ચાર મહિનાથી આ કેસ સંભાળું છું. પોલીસ પ્રોસિક્યૂટર ઝાલાના ચાર્જમાં આ કેસ હતો. એ રિટાયર્ડ થતાં મારે આ ફાઈલ સંભાળવાની છે. મેં બંને આરોપીઓ સાથે વાત કરી છે. મને બંને નિર્દોષ લાગે છે. એમની આંખોમાં મને એમની નિર્દોષતા અને ઉદાસીનતા દેખાય છે. જો કે હું માનસશાસ્ત્રી નથી. પણ ગુનેગાર અને નિર્દોષની આંખો સત્યની ચાડી ખાતી હોય છે. આપની માહિતી મળતાં મને કેસનું સત્ય બહાર આવવાની પૂરી શ્રધ્ધા બેઠી છે."

"ઇફ યુ ડોન્ટ માઈન્ડ. મારી માહિતી કોણે આપી?"

"એ હકીકત સરકારી ખાનગી બાબત છે. હું કહી ન શકું. છાપાના જૂના સમાચારને આધારે તમારા કોઈ દુશ્મને એક નનામી કાગળ લખીને અમને માહિતી પહોંચાડી છે. હવે, એ મહત્ત્વનું નથી. એમાં તમારા પર ખૂનનો આરોપ હતો. સમીર વીરાણી સાત દિવસ હૉસ્પિટલમાં હતા એ હકીકતને કારણે તમે ખૂન કર્યું હતું એ સવાલ રહેતો નથી. કોર્ટમાં કાલે બે શકમંદ આરોપીઓને તમારી સામે લાવવામાં આવશે. મિ. વીરાણી પર હુમલો કરતાં તમે એમને જોયેલા? તમે એમને ઓળખી શકશો?"

"મેં જોયા જ નથી એવી જુબાની આપું તો?"

"તો એ બંને નિર્દોષ છૂટી જશે. તમને પણ કોઈ સજા નહિ થાય."

"હું કેમ ભાગી ગઈ એ સવાલ ઊભો થતાં મારી પર 'એટેમ્પ્ટેડ મર્ડરનો કેસ ચાલે?"

"ના. એ શક્ય નથી. તમારા ડેડીએ તમારા વિષે જુબાની આપી છે. પણ તમે હુમલાના સમાચાર પોલીસને કેમ ન આપ્યા અને સ્થળ છોડી ભાગી કેમ ગયાં એવો સવાલ ઊભો થાય ખરો."

"મને કંઈ ખબર નથી એમ કહું તો?"

"તો મેજિસ્ટ્રેટ પર આધાર રહે. પેલા શકમંદને બેનિફિટ ઑફ ડાઉટ કહી પૂરાવાને અભાવે છોડી દે."

"મેં રિક્ષામાં કહેલા મારા કોઈ શબ્દો તમને યાદ છે?

"એ એક મજાક હતી. એ સવાલ અહીં લાવશો નહિ. મારે નિર્દોષને સજા ન થાય અને તમને કંઈ આંચ ન આવે એ જોવાનું છે. આપણી

મુલાકાતની કોઈ બાબત કોર્ટમાં લાવશો નહિ. નહિતર હું પણ ખોટો સંડોવાઈ જઈશ. ભૂતકાળ ભૂલી જજો."

"થેંક્સ ફૉર યૉર કાઈન્ડ એડ્વાઈસ."

"મારી ફરજ છે. હવે ઑફિસિયલ વાત છોડી થોડી પર્સનલ વાત. આપણી હવે પછીની વાતોને આ કેસ સાથે કંઈ જ લેવા દેવા નથી. અને એ આપણી પર્સનલ જ રહેશે. ટ્રસ્ટ મી. હાલ શું કરો છો?"

"ટોરોન્ટો, કેનેડામાં એક ન્યુઝપેપરની એડિટર છું. નસીબ મને પરદેશ લઈ ગયું. આસુ અને હું ચાર વર્ષ અહીં કૉલેજમાં સાથે હતાં. સાથે ભણ્યાં, સાથે નાટકો કર્યાં અને હવે સાથે જીવવાનાં સપનાં સેવીએ છીએ. આજ કાળકામાના મંદિરે જઈ મા પાસે આશીર્વાદ માગવાની છું. માએ જ જીવનના દરેક વળાંકે મને સહાય કરી છે. એમના પર મને બહુ શ્રધ્ધા છે."

"તમારી મૂલાકાત પછી મને ભદ્રકાળીમામાં શ્રધ્ધા બેઠી. આજની મારી નોકરી અને આજનું જીવન એમને જ આભારી છે."

"ભદ્રકાળી અને મહાકાળી બંને એક જ છે. એનાં બે સ્વરૂપ છે. અન્યાય સામે લડવા મહાકાળી પર આસ્થા રાખવી પડે, સારું જીવન જીવતાં સુખ મેળવવા ભદ્રકાળી પર આસ્થા રાખવી પડે. બંને જુદા રૂપે એક જ છે. અરે હા, હજુ એકલા જ છો કે પરણી ગયા?"

"હજુ એટલું કમાતો નથી. ઉંમર પણ કયાં થઈ છે?"

"અમારી મદદની જરૂર હોય તો કહેજો. જૂની ઓળખાણની રુએ એક મિત્ર તરીકે મારી ફરજ બની રહે છે."

"થેંક્સ. કાલની તમારી જુબાની પર ઘણો આધાર છે. આ મારો પહેલો ક્રિમિનલ કેસ છે. પેલા બે નિર્દોષ છૂટશે તો ડિપાર્ટમેન્ટને મારા તારણ પર પૂરો વિશ્વાસ બેસશે. તમારી જાતને જોખમમાં મૂકી કંઈ ન કરતાં. ચાલો ત્યારે કાલે દસ વાગે કોર્ટમાં આવી જજો. તમને લેવા પોલીસ વાન આવશે. કડક સિક્યોરિટી નીચે તમને લઈ જવાનાં છે. અહીં કોઈને ખબર નથી. આસુએ એનું નામ રજિસ્ટરમાં લખાવ્યું છે એ બહુ ડહાપણનું કામ કર્યું છે. ગુડ લક. આવજો."

મિ. પરીખ જતાં આસુ અને રુબીએ સમગ્ર કેસની આંટીઘૂંટીની ચર્ચા

કરી. બંને રિક્ષામાં મહાકાળીના મંદિરે ગયાં. દર્શન કરી, નાળિયેર અને પ્રસાદ ધરાવી હૉટેલ પર આવી ગયાં. લોકોની નજરે ન આવી જવું હિતાવહ લાગતાં બંને રૂમ પર જ રહ્યાં. જમવાનું પણ રૂમ પર જ મંગાવ્યું.

બીજે દિવસે કોર્ટમાં પહોંચ્યાં. કોર્ટ ચિક્કાર હતી. હિંદુ અને મુસલમાનોનાં ધાડેધાડાં કોર્ટમાં હતાં.

મેજિસ્ટ્રેટ આવતાં સાક્ષીના પાંજરામાં આવવા રુબીને હુકમ કર્યો.

સામેના પાંજરામાં બે શકમંદો સાથે બીજા સાત જણ ઊભા હતા.

કોર્ટ કલાર્કે હાથમાં કુરાન આપી કહ્યું, “કુરાનના સોગંદ ખાઈને કહો. ‘હું જે કહીશ તે સત્ય કહીશ. સત્ય સિવાય બીજું કંઈ નહિ કહું.’

રુબીએ કુરાન હાથમાં લઈ એ શબ્દો રિપીટ કર્યા.

મેજિસ્ટ્રેટે પૂછ્યું, “મિસ રુબી, સમીર વીરાણી પર હુમલો થયો ત્યારે તમે હાજર હતાં?”

“હા જી.”

“આ વ્યકિતઓમાંથી બે વ્યક્તિઓ પર ખૂનનો આરોપ છે. તમે એ બે વ્યક્તિને ઓળખી શકશો?”

રુબીએ એક પછી એક બધા સામે નજર સ્થિર કરી. કઈ બે વ્યક્તિ પર આરોપ છે એ સમજતાં એને વાર ન લાગી. એમની આંખોમાં દેહાંત દંડનો ભય દેખાતો હતો. એમની આંખોને પેલે પાર નિર્દોષતા ડોકિયાં કરતી હતી.

એણે મેજિસ્ટ્રેટ સામે જોઈ કહ્યું, “આમાંનું કોઈ જ નહોતું.”

“બરાબર ફરી જુઓ.. બી કેરફુલ.. પૂરા વિશ્વાસ સાથે કહો છો?”

“યસ માય ઑનર.. આઇ ટેલ યુ ધ ટ્રુથ.. નથિંગ બટ ટ્રુથ..”

“હાઉ કમ સો સ્યોર?”

“બિકોઝ આઇ નો ધ ટ્રુથ...”

રુબી આગળ કંઈ બોલે એ પહેલાં કોર્ટરૂમમાંથી અવાજ આવ્યો, “સત્ય હું જાણું છું.”

“કોણ છે? જે કંઈ કહેવું હોય તે અહીં પાંજરામાં આવીને કહો.”

એક પુરુષ પાંજરામાં આવી ઊભો રહ્યો.

“તમે કોણ છો?”

"હું સમીર વીરાણી છું."

કોર્ટ આખી સ્તબ્ધ બની એ માણસની સામે જોઈ રહી. કોર્ટમાં હાહાકાર મચી ગયો.

"ઓર્ડર.. ઓર્ડર..." કહી મેજિસ્ટ્રેટે બેત્રણ વાર ગ્રેવલ ટેબલ પર પછાડ્યો.

રુબી કંઈજવિચાર્યા વિના દોડી જઈને એના પિતાને ભેટી પડી. એમના હાથ પકડી ગળગળી થઈ ગઈ.

"દીકરી એમ ઓછું ન લાવ.મારે આજે સત્ય કહેવું છે."

"કલાર્ક, કુરાન આપી એમની સોગંદવિધિ કરાવો." મેજિસ્ટ્રેટે કહ્યું.

સોગંદવિધિ પૂરી થતાં મેજિસ્ટ્રેટે પૂછયું, "હવે કહો, સત્ય શું છે?"

કોર્ટમાં સન્નાટો છવાઈ ગયો.

સમીરે મેજિસ્ટ્રેટ સામે જોઈ કહ્યું," સાહેબ, એ રાત્રે હું બહુ દારૂ પીને આવ્યો હતો. મોડી રાત્રે ઘેર આવ્યો ત્યારે બહુ નશામાં હતો. મારી દીકરી અંદરના ખંડમાં સૂતી હતી. મેં એને બૂમ પાડી જગાડી. એ હાંફળીહાંફળી મારી પાસે દોડી આવી. મેં એને બાથમાં લીધી. હું ભાન ભૂલ્યો. મારી મતિ બગડી. એના પર બળાત્કાર કરવા મારી દાનત બગડી. એણે મને ધક્કો માર્યો. હું જમીન પર પછડાયો. પીધેલો હતો એટલે કંઈ સમજાયું નહિ. ભાનમાં આવ્યો ત્યારે મને ખબર પડી કે મારી દીકરી ભાગી ગઇ હતી. હું મારા કુવિચાર માટે પસ્તાયો. મારું મોઢું કોઈને ન બતાવી શકું એવું માનસિક પાપ મેં કર્યુ હતું. ખુદા પણ મને માફ ન કરે એમ વિચારી મેં મારા પેટમાં છરો ઘૂસાડી દીધો. હું બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો.

પછી શું થયું એની મને ખબર નથી. સાતમા દિવસે હૉસ્પિટલમાં હું ભાનમાં આવ્યો ત્યારે હું જીવી ગયો હતો એનું મને બહુ દુઃખ થયું. મારા જેવા અધમને જીવવાનો હક નહોતો. ઝેર પીને મરી જવાનો વિચાર આવ્યો. પણ ખુદાએ જાણે નવો સંદેશ આપ્યો. ખુદાએ મને બચાવી લીધો હતો એટલે એની પાછળ જરૂર કોઇ સંકેત હશે એમ વિચારી હું હૉસ્પિટલમાંથી ભાગી ગયો. હું કોઈને મારું કાળું મોઢું બતાવવા નહોતો માગતો. દૂર જયપુર પહોંચી ગયો. ત્યાં ગરીબોને માટે એક મદરેસા હતી એમાં સેવા આપવા માંડ્યો.

મારી જિંદગી બગડી હતી. કોઈની જિંદગી સુધરશે એમ માની આજ સુધી સેવા કરતો રહ્યો છું. અહીંનું છાપું હું રોજ ખરીદતો. મારી દીકરીના કંઈ વાવડ મેળવવા તલસી રહ્યો હતો. રુબી મારા કેસના અંતિમ ચૂકાદા સમયે આવવાની છે એ સમાચાર વાંચી હું અહીં આવ્યો. કોર્ટમાં જે કંઈ જોયું તે જોઈ મારું મન કાબૂમાં ન રહ્યું. સાહેબ, કોઈ ખૂની નથી. તમે જેને પકડ્યા છે એ લોકો નિર્દોષ છે. મારી રુબી પણ નિર્દોષ છે. એ દયાની દેવી છે. નિર્દોષની જિંદગી બચાવી લેવા એ ખૂનનો ખટલો પોતાના માથે લઈ લે એવી છે. એના જેવી પરગજુ છોકરી મેં જોઈ નથી. હું મુરખ કે મારી દીકરીને ઓળખી ન શક્યો. હું હાજર છું. મને જે સજા કરવી હોય એ કરો." કહેતાં મેજિસ્ટ્રેટ સામે બે હાથ લાંબા કર્યા.

મેજિસ્ટ્રેટે વદન ઊંચું કરી કહ્યું, "મિ. સમીર વીરાણી. કોર્ટ સમક્ષ સત્ય રજૂ કરી તમે ઘણાની જિંદગી બચાવી છે. તમારી હિંમતની તારીફ કરું છું. ક્રિમિનલ કોડ પ્રમાણે આપઘાત કરવાના પ્રયાસ માટે તમે ગુનેગાર છો. હૉસ્પિટલમાંથી ભાગી ગયા એ પણ ગુનો છે. તમે સમાજસેવા કરી થોડી સજા ભોગવી છે. હવે તમને બીજાં બે વર્ષ સમાજસેવા કરવાની સજા ફરમાવું છું. જયપુરમાં જઈ તમે તમારી અધૂરી સજા પૂરી કરી શકશો. બે વર્ષ સુધી તમે જયપુર છોડી નહિ શકો. બે શકમંદને છોડી મૂકવાનો હુકમ કરું છું અને રુબી વીરાણીનાં હિંમત અને ભાવનાની કદર કરું છું. કોર્ટ એડજર્ન્સ."

રુબી પાસે આવી એના માથે હાથ મૂકી સમીર રડતાં રડતાં બોલ્યો, "દીકરી, મને માફ કરજે. હું તારા બાપ કહેવડાવવાને કે તને મારું મોઢું બતાવવાને લાયક નથી. હું તને કદી મળત જ નહિ. કોર્ટમાં તું સત્ય કહેવા જતી હતી. હું એ સત્ય સમાજ સમક્ષ લાવવા માગતો નહોતો. સાત દિવસ હૉસ્પિટલમાં બેભાન અવસ્થામાં પડી રહ્યા પછી ભાનમાં આવ્યો ત્યારે મને મારાં કુકર્મો માટે બહુ પસ્તાવો થયો હતો. મારી રુબીની શોધમાં શહેરની ગલીગલી ઘૂમ્યો. ઘેર જવાની હિંમત નહોતી. શહેર છોડી જયપુર ગયો. ત્યાં એક મદરેસામાં અનાથ અને નિરાધાર બાળકોને મુલ્લા મહમદ જીવન જીવવાની પ્રેરણા આપતા હતા. હિંદુ મુસ્લિમ બંધુત્વની વાતો કરતા હતા. એ સાંભળી મારું હૈયું પીગળી ગયું અને હું ત્યાં જ રહી ગયો. મને ખબર હતી

પોલીસ મને શોધી રહી હતી. હું અમદાવાદનું એક છાપું મંગાવતો. તારા સમાચાર જાણવા બહુ આતુર હતો. ગઈકાલના છાપામાં તારી જુબાનીના સમાચાર વાંચી દોડી આવ્યો. દૂરથી તને જોઈ ધન્ય થયો હતો. એક દેવીને બે હાથ જોડી વંદન કર્યા હતા. દીકરી, બધાં જ વ્યસનોમાંથી મને મુકત કરનાર અને જહન્નમમાંથી બહાર લાવી નવજીવન બક્ષનાર તું જ છે. મારાં કુકર્મો માટે મને બહુ પસ્તાવો થયો છે. એટલે જ જીવન સેવાર્થે સમર્પી દીધું છે."

રુબી સમીરને ભેટી રડી પડી.

"અબ્બાજન, પસ્તાવાના વિપુલ ઝરણામાં બધાં જ પાપ ધોવાઈ જાય છે. ભૂતકાળને ભૂલી જે નવું જીવન જીવી રહ્યા છો એ જ તમારું ધ્યેય રાખજો. વ્યસનોની ચૂડેલમાં તમે ફસાઈ ગયા હતા એટલે જ તમારી મતિ ભ્રષ્ટ થઈ ગઈ હતી. આજે તમને નવા સ્વરૂપમાં મળીને મને ખૂબ આનંદ થયો છે. બે વર્ષ અહીં સેવા કરો. પછી તમને મારી પાસે બોલાવી લઈશ."

"કયાં?"

"કેનેડામાં"

"બેટી, તું ત્યાં સુખી થજે. મારી જિંદગી મેં જયપુરની મદરેસાને હંમેશ માટે સમર્પી દીધી છે. હું જીવીશ પણ ત્યાં અને મરીશ પણ ત્યાં. મારી જન્મભૂમિ મારી કર્મભૂમિ બની રહેશે. પરદેશ મારા માટે નહિ, તમારા જેવા યુવાન યુવતીઓ માટે છે."

"જેવી તમારી ઇચ્છા, અબ્બાજાન. અમે તમને જયપુર મૂકવા આવીશું."

"અમે કોણ?"

"હું અને આસુ."

"આસુ કોણ છે?"

"મારો ખાસ મિત્ર છે. અમે કૉલેજમાં સાથે ભણતાં હતાં. આજે હું જે કંઈ છું તે એને આભારી છે. તમારા પેટમાં છરો ભોંકી હું નાસી છૂટી. આસુ મને સ્ટેશન પર મળી જતાં એને ઘેર લઈ ગયો હતો. મને પ્રેમાળ મા મળી ગયાં. એમણે મને અપનાવી લીધી."

આસુ અબ્બાજાનને ભેટ્યો.

"સુખી થાઓ. તમે કયાં રહો છો?"

"હૉટેલમાં. અમારી સાથે ચાલો."

"પહેલાં આપણા ઘરની મુલાકાત લઈએ."

"હું ટેક્સી બોલાવું છું."

"નમસ્તે, સમીરભાઇ. તમે સત્ય બહાર લાવી આખા કેસનો સારો પલટો લાવ્યા. મેં અમારા કૉન્સ્ટેબલને મોકલી તમારા ઘરની ચાવી મંગાવી છે. ઘરને સરકારી લોક મારી કબજો લીધો હતો," વિરલે પાસે આવી કહ્યું.

"નમસ્તે ભાઇ. તમે કોણ?"

"હું પોલીસ પ્રોસિક્યૂટર છું. સાચી ઓળખાણ તો રુબીબહેનની છે. બે વર્ષ પહેલાં હું રુબીબહેનને સ્ટેશન પર મૂકી આવ્યો હતો અને ભાવભીની વિદાય આપી હતી. બે વર્ષથી હું એમને શોધી રહ્યો હતો, સરકારી કામ માટે નહિ. એમના પૈસા પાછા આપવા."

"ચાલો બહેન, મારે ઘેર. મારાં બાબાપુને આપની બહુ વાતો કરી છે. તમને મળી ધન્ય થઈ જશે."

કૉન્સ્ટેબલ ચાવી આપી ગયો.

"મારી જીપ છે. ટેક્સી મંગાવવાની જરૂર નથી."

બધાં જીપમાં બેસી રુબીના ઘેર આવ્યાં. ઘરમાં બધું જ એમને એમ હતું. બે વર્ષનો કચરો જામી ગયો હતો.

"અબ્બાજાન આ ઘર વેચી એના પૈસા તમે ખેરાતમાં વાપરજો."

"હા દીકરી મને પણ એ જ વિચાર આવ્યો છે."

ઘર ખૂલ્લું જોઈ બેચાર પાડોશીઓ દોડી આવ્યાં. રુબીને મોટી કરનાર હમીદાબીબી રુબીને અને સમીરને જોઈ નવાઈ પામ્યાં.

"ઓળખે છે, બહેન?"

રુબી એમને ભેટીને બોલી, "કેવી વાત કરો છો? તમને તો હું જિંદગીભર નહિ ભૂલું. તમે અહીં ક્યાંથી?"

"હિંદુ મુસલમાનનાં તોફાનોમાં કેટલાક કાફરોએ મારા મોટાભાઈનો ભોગ લીધો. એનું ઘર બાળી મૂક્યું. નિરાધાર બની જતાં અકાદ મહિનાથી અહીં આવી. તમારી વાત સાંભળી બહુ દુઃખ થયું હતું. અબ્દુલચાચા સાથે રહું છું. એમના દીકરાને અમે હવે બહુ ભારે પડીએ છીએ. ખબર નહિ કંઈ

કબ્રસ્તાનમાં જઈ રહીશું!" હમીદા રડી પડી.

"અમ્માજાન, તમારે કયાંય જ્વાની જરૂર નથી. આ ઘરમાં આવીને રહો. તમારું જ ઘર છે એમ માનજો."

"હા, બહેન. રુબીની વાત સાચી છે"

"સમીર, તું પણ આવ્યો છે? સુધરી ગયો કે એવો ને એવો છે?"

"એ અબ્બાજાનને તો મેં મારી નાખ્યા હતા. આ તો મારા અબ્બાજાનનો નવો અવતાર છે."

રુબીના શબ્દો સાંભળી બધાં હસી પડ્યાં.

વિરલ રુબીની મહાનતા જોઈ છક થઈ ગયો.

"તમારે માથે ઘણું કામ છે. બહુ સાફસૂફી કરવી પડે એમ છે."

"આ ઘરમાં એ તો મારું કામ હતું."

"કામ જ નહિ. તમારી પ્યારી રુબીનાને સ્નેહ અને સંસ્કાર આપવાનું મોટું કામ હતું."

ઘરમાં એક આંટો મારી સમીરે એની બીબીનો ફોટો લીધો. એક બેગમાં મૂકી બોલ્યો, "આટલું હું આ ઘરમાંથી લઈ જઈ શકું?"

"જે લેવું હોય તે બધું લઈ જઈ શકો છો."

"બીજું બધું તમારું છે. મારી ખોવાયેલી જિંદગીનું સંભારણું લેવું છે."

"શું છે, અબ્બાજાન?" કહેતાં બેગ લઈ એણે જોયું. એની માનો ફોટો જોઈ બોલી, "આમાં મારો પણ ભાગ છે. બેચાર કોપી કઢાવી તમને આપીશ. મારી માની યાદ મારે પણ રાખવી છે. ઊભા રહો તમારો ફોટો પાડી લઉં."

"આવાં કપડાંમાં?"

"શું ખોટાં છે? મૌલવી જેવા લાગો છો. કપડાં ગમે તેવાં હોય પણ દિલ તો ચોખ્ખું છે ને!"

'દીકરી તને નહિ પહોંચાય. ચાલ પાડી લે."

રુબીએ ચાર ફોટા પાડ્યા.

"હવે આસુ અને તું ઊભાં રહો."

"તમે આવો. આપણા ત્રણેનો ફોટો મિ. પરીખ પાડશે."

મિ. પરીખે ચારપાંચ ફોટા પાડ્યા. અબદુલચાચા અને હમીદાના ફોટા

અને વિરલ તથા સૌનો સમૂહ ફોટો એક પાડોસીએ પાડ્યો.

ભૂતકાળની સ્મૃતિઓને કેમેરાની આંખમાં કંડારી વિરલનાં બાબાપુજીને મળી વિરલ એમને હોલિ ડે પર ઊતારવા આવ્યો. રસ્તામાં વન અવર સ્ટુડિયોમાં રોલ આપી યુનિવર્સિટીમાંથી આસુની એમ.એ.ની માર્કશિટ અને ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટનું સર્ટિફિકેટ લઈ આવ્યાં.

"આજ અમારી સાથે જમો."

"સોરી, કોઈ જોઈ જાય તો મામલો ખોટો વળાંક લે. આ છાપાવાળાને તમે ઓળખતાં નથી. ફરી કોઈક વાર આવો તો યાદ કરજો."

"હું પણ છાપાવળી છું. લો મારું કાર્ડ રાખો."

વિરલ જતાં ત્રણે ડાઈનિંગ રૂમમાં ગયાં.

વેઇટર એક કવર લઈને આવ્યો, "સાહેબ, આ ફોટા સ્ટુડિયોવાળા કોઈ ભાઈ આપી ગયા છે."

રુબીએ કવર ખોલી એનો અને સમીરનો ફોટો આપતાં કહ્યું, "ડેડી લો આ તમારી લાડકીની યાદ."

ફોટો હાથમાં લેતાં સમીરની આંખમાં આંસુ ઉમટી આવ્યાં.

* *

પ્લેઇનમાં ચડતાં સમીરે કહ્યું, "પ્લેઇનનાં પગથિયાં ચડતાં જાણે જિન્નતની સીડી ચઢી રહ્યો હોઉ એવું અનુભવું છું,"

"અબ્બાજાન, તમારાં હવેનાં કૃત્યો તમારાં પહેલાંનાં બધાં જ પાપ ધોઈ નાખશે અને તમને મારી અમ્માજાન સાથે સ્વર્ગ મળવાનું છે."

"જયપુરમાં અમારી મદરેસામાં અમારાં કામ જોઈ તું ખુશ થઈ જઈશ."

"તમને મળીને ધન્ય થઈ છું. તમારામાં મને પૂરી શ્રધ્ધા જાગી છે. તમારી વાત હું માનું છું."

સમીર ચૂપ થઈ ગયો. પોણો કલાકમાં જયપુર આવી ગયું.

ટેક્સી કરી મદરેસા પહોંચ્યાં. મદરેસામાં ટેક્સી જોતાં બાળકો દોડી આવ્યાં. ટેક્સી જોઇ સૌને આશ્ચર્ય થયું. ટેક્સીમાંથી સમીરને ઊતરતો જોઈ મહમદચાચાએ સમીરને કહ્યું, "આવી ગયો ભાઈ?"

"હા જી. સાથે મારી ખોવાયેલી દીકરીને લાવ્યો છું,"

"ખુદા હાફિઝ," રુબીએ માથું નમાવી કહ્યું.

"ખુદા હાફિઝ. સુખી થાઓ."

સમીરે મુલ્લાને બધી વાત કરી. એ સાંભળી મુલ્લા ખુશ થઈ ગયા.

"ભલું થજો તારું બેટી. સમીર, રુબીનાને આપણી મદરેસા બતાવ."

સમીર રુબીના અને આસુને મદરેસા બતાવવા લઈ ગયો.

એક ભાઇ ચાલીસેક છોકરા છોકરીઓના ક્લાસમાં ભણાવી રહ્યા હતા. રુબી દરવાજા પાસે થોભી સાંભળી રહી.

'હિંદુ મુસલમાન ભાઈ ભાઈ છે. રામ રહીમ જુદા નથી એક જ છે. બધા જ ધર્મ એક જ વાત શીખવે છે. માનવ ધર્મ. ધર્મના વાડા તો નાપાક લોકોએ ઊભા કર્યા છે. 'જીવો અને જીવવા દો' એ મંત્ર અપનાવી જીવવાનું છે. વેરઝેરને ફગાવી પ્રેમનો પથ સ્વીકારવાનો છે.'

રુબી આ સાંભળી ખુશ થઇ ગઇ.

"અબ્બાજાન, તમે બહુ સારા માણસો વચ્ચે છો. સુખી થાઓ."

"દીકરી, હું સ્કૂલના સમય પહેલાં અને પછી આ નિરાધાર બાળકોની સંભાળ લઉ છું. સવાર સાંજ કુરાન વાંચું છું. ધર્મ પ્રત્યે આસ્થા કેળવું છું. બધાં જ બાળકો માબાપ કે ઘર વિનાનાં છે. સમાજની બદબોનો એ ભોગ ન બને એ હેતુથી મહમદ મુલ્લા આ મદરેસા અને હૉસ્ટેલ ચલાવે છે."

"આ માટે ખર્ચના પૈસા કયાંથી આવે છે?"

"હિંદુ મસલમાન જે ખેરાત કરે એમાંથી ચાલે છે."

"સમીર વીરાણી તરફથી એક લાખનું દાન લખાવો. પૈસા હું આપું છું."

"બેટી, મારું નહિ, તારું નામ લખાવ."

"તમારું જ નામ શોભે."

"ચાલ મુલ્લાને મળી વાત કરીએ."

મુલ્લાને સમીરે રુબીની ઇચ્છાની વાત કરી.

મુલ્લા રુબીની ભાવના પર ખુશ થયા.

"બહેન, કુરાનમાં જ નહિ દુનિયાના બધા જ ધાર્મિક ગ્રંથોમાં દાનની વાત કરી છે. વધુ નહિ તો કમાણીના દશ ટકા લોકકલ્યાણાર્થે ખર્ચવા જોઈએ. જનસેવા એ પ્રભુસેવા છે. અંગ્રેજીમાં પણ કહ્યું છે કે સર્વિસ ટુ મેન, ઈઝ

સર્વિસ ટુ ગૉડ. એમાંય નિરાધાર બાળકોના કલ્યાણ માટે જે કંઈ ખર્ચો એ મોટામાં મોટું પુણ્ય છે. તમારો વિચાર બહુ સારો અને આવકાર્ય છે. તમારું કલ્યાણ થજો. અલ્લાહ તમારી રક્ષા કરે. હિંદુ મુસ્લિમના ભેદભાવોથી દૂર રહેજો. જન્મદાતાના દરબારમાં બધાં જ સરખાં છે, માત્ર માનવ છે. ચાલ બેટા, નમાજનો સમય થયો છે."

રુબી અને આસુ પણ નમાજ પઢવા સાથે ગયાં. રુબીને નમાજ પઢવાનો અનુભવ હતો. આસુ સમીર અને મુલ્લાને અનુસર્યો.

મુલ્લાએ મોરના પીંછાનો એક ગુચ્છ બંનેના માથે ફેરવી કહ્યું, "અલ્લાહ તમારી જોડી દીપાવે અને સુખની છાયામાં સારું જીવન બક્ષે. જયપુર આવ્યાં છે તો સમીર, બંનેને ખ્વાજા દરગાહમાં લઈ જજે."

બંને મુલ્લાને વંદન કરી બહાર આવ્યાં. મુલ્લાના 'જોડી' શબ્દે બંનેને ચકિત કર્યાં, પણ કોઈ ઘટસ્ફોટ ન કર્યો.

"અબ્બાજાન, આજ દરગાહની મુલાકાત લઈશું. જયપુર અને એની આસપાસનાં સ્થળોની ભવ્યતા વિષે બહુ વાંચ્યું છે. ફરી કયારેક જરૂર આવીશું."

જયપુરમાં જોવાલાયક સ્થળો જોવાનો સમય નહોતો. જેમ બને તેમ જલદી દિલ્હી પહોંચી આસુની ઇમિગ્રેશન વિધિ પતાવવાની હતી.

ટેક્સીમાં દરગાહની મુલાકાત લઈ બહાર આવતાં રુબીને પૂછયું, "બેટા, તેં આસુના ઘરે કે કોઈને મારી વાત કરી છે?"

"ના, અબ્બાજાન કોઈને કશી જ વાત નથી કરી. બધા મને માબાપ વિનાની એક નિરાધાર હિંદુ છોકરી તરીકે જ ઓળખે છે."

"બેટા. મારી વિનંતી છે કે તું કોઈ સમક્ષ ભૂતકાળ સજીવન ન કરીશ. મને ભૂલી જજે. તારા આ પાપી બાપના અસ્તિત્વની વાત કોઈને કરતી નહિ. એમાં આપણા બધાનું ભલું છે. કો'ક વાર દેશમાં આવે તો મળજે. હું ધન્ય થઇશ. હું તને કદી દ્રોહ નહિ દઉ. હિંદુ મુસ્લિમની અગનજ્વાળામાં તું હોમાઇ ન જાય એ માટે એ જ ઉત્તમ માર્ગ છે. આજે દરગાહમાંથી મને જે પ્રેરણા મળી તેના આ પડઘા છે. મારું અસ્તિત્વ છે એ વાત હંમેશ માટે ભૂલી જજો. દીકરી, બેટા આસુ, મારી દુઆઓ તમારીસાથે જ છે, સાથે જ રહેશે.

ખુશ થાઓ. તમારું કલ્યાણ થાઓ." ગળગળા સાદે સમીરે કહ્યું.

"અબ્બાજાન, જરાકે ઓછું ન લાવો. જે કરી રહ્યા છો એ પુણ્યનું કામ છે. જિંદગીભર એ કરતા રહેજો. નિરાધાર બાળકોની દુઆ મહાન છે. બાળકો પ્રભુના પયગંબર છે. હવે અમને હસીને વિદાય આપો. તમારી સલાહ અમે અલ્લાહનો અવાજ માનીશું," કહેતાં રુબીનું હૈયું ભરાઈ આવ્યું.

"તમે મહાન છો, ડેડી. તમે હંમેશ અમારા હૈયામાં રહેશો. તમારા આજના વિચારો અમારા કોઈ મહર્ષિની આર્ષવાણી જેવા છે. પ્રભો તમને લાંબું અને સુખી જીવન બક્ષો. અમે તમને મળતાં રહીશું," કહેતાં આસુ સમીરને ભેટી પડ્યો. રુબી આસુના શબ્દો સાંભળી ખુશ થઈ ગઈ. એણે એના બે હાથ બંનેની કેડ આસપાસ વીંટાળી દીધા.

ભારે હૈયે ત્રણે એરપાર્ટ આવ્યાં. સમીરે હસીને બંનેને વિદાય આપી.

દિલ્હી પહોંચી પાસપાર્ટ ઑફિસમાંથી પાસપોર્ટ લઈ આવ્યાં. કેનનો એક પત્ર કેવું કામ કરતો હતો એની પ્રતીતિ થઈ.

હિતેનના સ્પોન્સર લેટર્સ, પાસપોર્ટ, કેને આપેલા પેપર્સ અને યુનિવર્સિટીના પત્રો લઈને કેનેડિયન ઇમિગ્રેશન ઑફિસમાં ગયાં. મિ. પુરીને મળી બધી વાત કરી. પેપર્સ જોઈ એમણે ત્રણ વર્ષની વર્ક પરમિટ આપી.

ઑફિસરનો આભાર માની બંને ઘેર આવ્યાં. માજીને પગે લાગી બંનેએ એક સાથે શુભ સમાચાર આપ્યા.

માજી અવાક બની બબડ્યાં, "પરદેશી પંખી કાલ ઊડી જવાનાં."

* * *

# સત્તાવીસ

રુબી અને આસુને લેવા એરપૉર્ટ પર હિતેન અને મનીષા આવ્યાં હતાં. હિતેને બંનેને વેલકમ કર્યાં.

"હાય મનીષા, નાઇસ ટુ સી યુ વિથ હિતેન," કહેતાં એને ભેટી પડી.

"અમારાં મન મળી ગયાં છે. અમે લગ્ન કરવાનો નિર્ણય લઇ લીધો છે," મનીષાએ કાનમાં કહ્યું.

"મનીષા, શી ગુસપુસ છે? જો ઓળખાણ કરાવું. આ આસુ. એમ.એ. ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ છે. અને તે પણ ગુજરાતીમાં. હવે રુબીની જરૂર નહિ પડે."

"કેમ મને રુખસદ આપવાના છો?"

"આપવી જ પડે ને! આસુ આપણું પેપર સંભાળશે. તું આસુનું ઘર સંભાળજે. પતિ દેવો ભવની વાત તો તું કરતી રહી છે."

હિતેને થોડી વાર અટકી ઉમેર્યું, "આઇ એમ જસ્ટ કિડિંગ. સૉરી, આસુ આ મનીષા રુબીની સાથે મારી ઑફિસમાં કામ કરે છે. હવે તારે એમની અને રુબીની સાથે કામ કરવાનું છે. રુબી સાથે ફાવશે ને?"

કામ સાથે મારે નિસ્બત છે. કોની સાથે કરવાનું છે એ મહત્ત્વનું નથી."

"વેરી ગુડ. તમારો જવાબ ગમ્યો. ચાલો ઘેર જઇએ."

ચારે હિતેનને ઘેર આવ્યાં.

"ઘર ઘણું મોટું લાગે છે," કારમાંથી ઊતરતાં આસુએ કહ્યું.

"ઘર મોટું છે એટલું જ નહિ, ઘરમાં રહેનારા સૌનાં દિલ પણ મોટાં છે."

"એમાં તું આવી ગઈ"

"ઘર તમારું છે."

"તેં ઘરમાં રહેનારાનો ઉલ્લેખ કર્યો."

"શબ્દોની રમત છોડી બાબાપુજીની ઓળખ કરાવો," મનીષા બોલી.

"તને કે આસુને?" હિતેને પૂછ્યું.

"બંનેને."

"આસુ તો બંનેને ઓળખે છે. પાડોશી હતાં."

"વેરી ગુડ. તો હું જ એક અજાણી વ્યકિત છું!"

"આજ પછી નહિ."

સૌ ઘરમાં આવ્યાં. સરોજ અને અમીચંદે આસુને આવકાર્યો.

"આવ ભાઈ. મુસાફરીમાં મુશ્કેલી નહોતી પડી ને?"

"સાથે બૉડી ગાર્ડ હોય પછી મુશ્કેલી શાની પડે!"

આસુ અમીચંદ અને સરોજને પગે પડ્યો.

"સુખી થાઓ. ભાઈ." બંને એક સાથે બોલ્યાં.

રુબી પણ બંનેને પગે લાગી. "આવી ગઈ દીકરી?"

"હા. તમારી ખોટ પળેપળે સાલતી હતી. તમે કેમ છો?"

"મજામાં જ હોય ને. કેનેડાની કવીન છે." અમીચંદે મજાક કરી.

"તમે બહેન?" મનીષા પાસે આવી સરોજે પૂછ્યું.

"નમસ્તે. માજી. હું મનીષા. હિતેનની ઑફિસમાં કામ કરું છું. રુબીની ખાસ બહેનપણી. રુબીના મુખે તમારી ઘણી સારી વાતો સાંભળી છે. માયાળુ છો, પ્રેમાળ છો, લાગણીશીલ છો. બધાની બહુ કેર લો છો."

"તું આજની સરોજની વાત કરતી લાગે છે."

"કેમ? હું સમજી નહિ."

"રુબીએ મને બદલી નાખી. પહેલાંની સરોજ હોત તો આ કાફલો ઘરમાં જોઈ મહાકાળીનું સ્વરૂપ જોવા મળત."

"અમને તો ભદ્રકાળી માતાનું સ્વરૂપ જોવું ગમે. કયારેક મહાકાળીનું સ્વરૂપ જોવા મળે એ જુદી વાત છે," રુબીએ પાસે આવી ઉમેર્યું, "મનીષા, આ અમીચંદકાકા. હિતેનના પિતાજી. બહુ મજાના માણસ છે. વાતો એવી સરસ કરે છે કે એમની પાસેથી ઊઠવાનું મન ન થાય."

"આવ દીકરી. અહીં જ રહે છે તો કોક દિવસ આવતી રહેતી હોય તો!"

"સાહેબ લાવે તો ને?"

"હિતેન, મનીષાને કેમ કદી ઘેર નથી લાવતો?"

"તમને બધાને ગમશે પછી ઘેર લાવવાનો વિચાર કરીશ."

"એટલે હું કંઈ સમજી નહિ," સરોજે પૂછયું,

કોઈએ કશો જ્વાબ ન આપ્યો. સરોજ મનીષા સામે જોઈ રહી.

હિતેન અને આસુ સામાન કાઢવા બહાર ગયા. સરોજે પાસે આવી વહાલથી પૂછયું, "બેટી, તારાં લગ્ન થયાં છે?"

"ના. મારે લાયક કોઈ સારો છોકરો ઈન્ડિયામાં મળી જાય તો મારે માટે જોવા મેં રુબીને કહેલું. એટલે પૂછવા આવી છું કે કોઈ સારો છોકરો ધ્યાનમાં આવ્યો છે?"

"રુબીની પસંદગીને મહોર મારજે. એ જે શોધશે એ નંબર વન હશે."

"મનીષા, છોકરા તો બહુ જોયા. પણ એકે તારે લાયક નથી. તને હિતેન કેવા લાગે છે?"

"હિતેન?" મનીષા શરમાઈ ગઈ. એના બે હાથ પકડી એણે પૂછયું, "તમે શું બોલ્યાં એનું ભાન છે?"

સરોજેમનીષા સામે ફરી એક નજર માંડી. નખશીખ માપી લીધી. એને મનીષા ગમી ગઈ.

"એમાં એણે ખોટું શું કહ્યું છે? બોલ, ઘર સંભાળતાં આવડે છે?"

"બહુ સરસ."

"પતિને ઓળખતાં અને એમની જરૂરિયાત પૂરી પાડતાં આવડે છે?"

"ઘણુંબધું આવડે છે. નહિ આવડે તો તમારી પાસેથી શીખી લઈશ."

"મારી પરીક્ષામાં તું પાસ. તમારે કોઈ સવાલ કરવો છે?"

"મારે શું સવાલ કરવાનો હોય? રાજાને ગમે તે રાણી. બોલ હિતેન તને પસંદ કરે છે?" અમીચંદે પૂછયું.

"એ તો તમે એમને પૂછજો."

"હિતેન કયાં ગયો?"

"એ અને આસુ બહાર સામાન લેવા ગયા છે."

"મનીષા, સહનશકિત છે? હિતેન ગમે તેમ બોલે તો એ સહી લઈશ કે એની સામે વાઘની જેમ તરાપ મારીશ?"

"એવો દિવસ જ ન આવે એ માટે હું સાવધ રહીશ."

"અને આવે તો?"

"પતિને કેમ મનાવી લેવો એ કળામાં હું પારંગત છું."

"પહેલાં મળી હોત તો તારી એ કળા સરોજને શીખવવા હું તારું ટયુશન રાખત. પણ હવે તો એ તારી શિક્ષિકા બની શકે એમ છે."

"આ ઘર નસીબમાં હશે તો હું માજીને બધી રીતે શિક્ષિકા બનાવીશ."

"એની ટ્યુશન ફી ભારે પડશે તો?"

"વડીલોને પ્રેમ અને લાગણી મળી રહે તો કોઇ ટ્યુશન ફી એની વિસાતમાં નથી. પૈસા તો આજ હોય ને કાલ ન હોય. પ્રેમ અને લાગણી એવી ચીજ છે જે જાળવતાં આવડે અને જાળવી રાખો તો સારી જિંદગી સુખના સાગરમાં મહાલો." મનીષા બોલી.

"શું મહાલવાની વાત કરો છો?" ઘરમાં પ્રવેશતાં હિતેને પુછયું.

"આવ. આ મનીષા તને કેવી લાગે છે?" અમીચંદે હિતેનને પૂછયું.

"એક સારી કાર્યકર છે. મારું છાપું સંભાળે છે. મને પૈસા બનાવી આપે છે. હું એને સારો પગાર આપું છું. બીજું શું જોઈએ?"

"કાલ નોકરી છોડીને ચાલી જશે તો?"

"હું એને રોકી ના શકું. મારે બીજી છોકરી શોધવી પડે. આ દેશમાં કોઈને ફોર્સ ન કરાય."

"એને કાયમી કરી દઈએ તો?"

"હું સમજ્યો નહિ."

"તેં કદી એને એના મનની વાત પૂછી છે?"

"સાથે કામ કરતી છોકરીને એના અંગત જીવનના કોઈ સવાલો ન પૂછાય. લેબર ડિપાર્ટમેન્ટમાં જઈ સેક્સ્યુઅલ હેરેસમેન્ટનો કેસ કરે તો હું હેરાન થઇ જાઉં. ડેડી અહીંની છોકરીઓથી સાવધ રહેવું પડે છે. કદાચ એ કોઇને પ્રેમ કરતી હોય! રુબીનો જ દાખલો લો આટલો સમય સાથે રહી પણ કોઈ દિવસ આપણને આસુની વાત કરી?"

"સૉરી, હિતેન." વચ્ચે રુબી બોલી.

"અમારી હાજરીમાં અહીં તો તું પૂછી શકે ને!"

"મનીષા, તું કોઈને પ્રેમ કરે છે?" મનીષા શરમાઈ ગઈ. નીચું જોઈ રહી.

"જોયું ને? આજકાલની છોકરીઓ એમ જલદી દિલ ખોલતી નથી."

"તારી પૂછવાની રીત ખોટી છે. એમ પૂછ કે તું એને ગમે છે?" સરોજે વળાંક આપ્યો.

"મમ્મી, એવું પૂછું તો હા જ પાડે. એને મારી સાથે કામ કરવાનું છે."

"તમે એમ પૂછો કે તમારી સાથે જીવન જોડવું ગમે? તો કદાચ એ દિલની વાત કહેશે. પહેલાં તમે કહો, તમને મનીષા તમારી જીવનસાથી તરીકે ગમે છે?" રુબીએ વચ્ચેનો માર્ગ કાઢ્યો.

હિતેન વિચારમાં પડી ગયો. ઘરમાં શાંતિ પ્રસરી ગઈ.

"હા, મનીષા હા પાડે તો હું એને મારી જીવનસાથી બનાવવા વિચારું. મેં એને હાયર કરી ત્યારથી એ ગમી છે. પણ હું એને ન ગમતો હોઉં તો નોકરી છોડીને ચાલી જાય એ ભયે હું એને મારા દિલની વાત કરતો નહોતો. આજ તક મળી છે તો હૈયું ખોલ્યું. મનીષા હા પાડે તો તમને બંનેને કંઈ વાંધો છે?"

"વર્તનમાં, બોલવાચાલવામાં, દેખાવમાં- બધી રીતે અમને ગમી છે."

"બોલ, મનીષા. તને મારી સાથે જીવન જોડવું ગમે?"

"હા, બૉસ!"

"તારાં બા-બાપુજી વિરોધ કરશે તો?"

"એમને હું મનાવી લઈશ. હિતેનને જોઈ એ લોકો ખુશ થઈ જશે."

"કરો કંકુના. આજની ઘડી રળિયામણી છે. ઊભા રહો મીઠાઈ લઈ આવું."

સરોજ કિચનમાં જઈ પેંડાનું પડીકું લઈ આવ્યાં.

"તેં તો બધું તૈયાર રાખ્યું છે."

"રુબી અને આસુને સત્કારવા મંદિરે પેંડા ધરાવતી આવી છું. આજે બે સારા સમાચાર મળશે એની તો મેં કલ્પના પણ નહોતી કરી."

સરોજે એક આખો પેંડો મનીષાના મુખમાં મૂકી બધાના મુખમાં એક એક પેંડો મૂકયો.

"સૌનું કલ્યાણ થાઓ," બોલી એક પેંડો પોતાના મુખમાં મૂકી દીધો.

"મમ્મી, હવે રુબી મનીષાને આપણું ઘર બતાવે? આસુને પણ..."

"એક મિનિટ, આસુ માટે રુબીની બાજુનો રૂમ મેં તૈયાર કર્યો છે. લગ્ન ન કરે ત્યાં સુધી એક રૂમમાં ન રહી શકે!"

"મેં કયાં એવું કહ્યું? હું તને એ જ કહેવા જતો હતો. આજે તારી ધીરજ ખૂટી ગઈ લાગે છે."

"હું સમજી શકું છું. તેં વાત બદલી છે. આજકાલનાં જુવાનિયાંને હું સારી રીતે ઓળખું છું." બધાં હસી પડયાં. રુબી મનીષાને ઘર બતાવવા લઈ ગઈ. આસુ અને હિતેન સામાન ઉપર બેડરૂમમાં લઇ ગયા.

સરોજ અને અમીચંદ ડ્રોઈંગ રૂમમાં ગુસપુસ વાતો કરતાં રહ્યાં.

"આજનો દિવસ બહુ શુભ લાગે છે. આપણાં ભાગ્ય ફરી ગયાં."

"આજે સવારે મંદિરમાં જતાં મને આવો જ કોઈ આભાસ થયો હતો. જાણે હિતેન આજ કંઈ શુભ સમાચાર આપવાનો છે. એટલે તો મેં મંદિરમાં પેંડા ધરાવ્યા. મેં કોઈને મનની વાત કહી નહિ."

"આપણને ભગવાનમાં શ્રધ્ધા છે એટલે ભગવાનની આપણા પર બહુ મહેરબાની છે. આપણને આપણા એ ભગવાને જ ભેગાં કર્યાં છે. મેં તો ઇન્ડિયામાં શ્રી નાથજીના દર્શને ગયો ત્યારે તમારે અને એને માટે બાધા રાખી હતી. તમારી આશા ફળી એટલે ખાતરી હતી કે એને માટેની આશા ફળશે. એટલે તો એક અજાણી છોકરીને સવાલો પૂછવાની મને મારા શ્રી નાથજીએ પ્રેરણા આપી. બાકી હું જાણું છું કે પારકી છોકરીને આવા સવાલો ન પુછાય. મને હતું કે ઉધ્ધત એલફેલ જવાબો આપી દેશે તો?"

"જે થયું એ સારું થયું. હવે લગ્નની તૈયારીઓ કરવી પડશે. બહુ મોડું કરશો તો હાથમાં આવેલું સુપાત્ર સરકી જશે."

"એક નહિ, બે લગ્ન કરવાં પડશે."

"મારા દિલની વાત કરી. રુબીને પરણાવવાની આપણી ફરજ છે."

"દશેરા વણજોયું મુહૂર્ત કહેવાય છે."

"બેચાર દિવસ પછી મનીષાનાં પપ્પા-મમ્મીને મળી આપણે ઘેર જમવા બોલાવી ડાઇનિંગ ટેબલ પર એનાઉન્સ કરીશું."

"સરસ."

રુબી અને મનીષા ઘર જોતાંજોતાં આસુની રૂમમાં ગયાં.

"રુબી તેં તો કમાલ કરી. અમારો કોયડો બહુ સરળ રીતે ઉકેલી દીધો."

"ચૂપ," હોઠ પર આંગળી મૂકી હિતેનને બોલતો બંધ કરી દીધો.

"સાચી વાત છે. જે થયું તે સારું થયું, હમણાં એની કોઇ ચર્ચા ન કરો." ધીમેથી મનીષા બોલી.

"ચાલો, હવે નીચે જઈએ."

નીચે આવતાં સરોજે પૂછયું, "હવે જમવાનું શું કરવું છે?"

"આજે ઘેર નહિ. આપણી પ્રિય રેસ્ટૉરન્ટ 'હોસ્ટ'માં જઈએ."

"મને વાંધો નથી. પણ આજે ઘેર થોડો કંસાર બનાવી દઉં. કંસાર ખાઈને જઈએ." હિતેન હસ્યો.

"તું શુકનમાં ન માને પણ આ તારી મા હજુ એ બધામાં માને છે."

"સારું માજી હું બનાવી દઉં છું. તમે બેસો, વાતો કરો."

"હું મદદ કરું?" મનીષા બોલી.

"ના. તને પહેલે દિવસથી મારે કિચનમાં નથી ઘુસાડવી."

"મનીષા તું બધાં સાથે પરિચિત થા. હું દસ પંદર મિનિટમાં આવું છું. મને બહુ વાર નહિ લાગે."

બધાં વાતો કરતાં રહ્યાં. પંદર મિનિટમાં પ્લેટમાં કંસાર, છ બાઉલ અને ચમચીઓ ડાઈનિંગ ટેબલ પર મૂકી બૂમ પાડી, "ચાલો. કંસાર તૈયાર છે."

બધાં આવી જતાં બોલી, "ચોઘડિયું પણ શુભ છે. ચાલો, નવા સગપણની શુભ શરૂઆત કરો."

ઊભાઊભા જ બાઉલમાં કંસાર લઈ સૌ ખાવા લાગ્યાં.

"શું સ્વાદિસ્ટ બન્યો છે! આપણા સંબંધો પણ સ્વાદિસ્ટ અને સારા બની રહો." સરોજે મનની વાત કહી.

"ચાલો હવે જઈએ. બે કાર લેવી પડશે."

"એક કારમાં તું અને મનીષા જાઓ. રુબીની કારમાં આસુ અને અમે બંને આવીએ છીએ."

"જેવી તમારી મરજી."

મનીષા હિતેનની કારમાં બેસી ગઈ. આસુ, સરોજ અને અમીચંદ રુબીની કારમાં બેસી ગયાં. "રુબીએ કમાલ કરી. તમારે કંઈ કહેવાપણું પણ ન રહ્યું."

"તમે નહિ, હવે તું કહે."

"હજુ વાર છે. તમારા ઘેર આવું પછી આપોઆપ મોઢે આવી જશે."

"તમારાં બા-બાપુજીને હું ગમી ગઇ એનો મને આનંદ છે."

"તારાં બા-બાપુજીને હું ગમીશ?"

"તમે એમને ગમો છો. મેં તમારી વાત કરી તો એ લોકો તો ખુશ થઈ ગયાં. એમણે તમને એકબે વાર જોયા છે."

"ચાલો જે થાય છે તે સારા માટે થાય છે. મનીષા મેં કલ્પના પણ નહોતી કરી કે મારી જિંદગી આમ આવો વળાંક લેશે."

"નસીબ જેવું કંઈક છે. રુબી અને આસુની જોડી પણ સારી જામશે."

"બંનેના મનમેળ થઈ ગયા છે અને એક બીજાને સારી રીતે ઓળખે છે. એક બીજાને બહુ પ્રેમ કરે છે."

"હિતેન, હું ચાર વર્ષથી તમને મનોમન પ્રેમ કરું છું એટલે મને કોઈ છોકરો ગમતો નહોતો. આવી કોઇ તકની રાહ જોતી હતી."

"હું પણ તમારામાં રેખા જોતો હતો એટલે મારું દિલ પણ તમારા તરફ ઢળેલું હતું."

"ક્યારેક મનની વાત કોઈને કહી શકતાં નથી એ કેવી કમનસીબી છે!"

"રુબી અને મને એકબીજામાં વિશ્વાસ બેસી જતાં એકબીજા પાસે હૈયું ખોલ્યું અને નસીબ આડેનું પાંદડું ફરી ગયું."

"લો આવી ગયાં," રુબીએ એની બાજુમાં કાર પાર્ક કરી કહ્યું.

હિતેને પાસે આવી પૂછયું, "આસુ. કેવું લાગે છે ટોરોન્ટો?"

"નવું નવું. રુબી બોલે જતી હતી હું સાંભળતો હતો. થોડું સમજાતું."

"આ બધું સમજતાં એને વાર લાગશે. પુસ્તકો સિવાય એણે બીજામાં બહુ રસ લીધો નથી."

"આપણા પેપર માટે એનાં જ્ઞાન અને સમજ મોટી એસેટ બની રહેશે."

"એમાં એને કોઈ ન પહોંચે."

"હવે પહેલાં જમવા ચાલો, વાતો કરવાના ઘણા દિવસો છે."

"મમ્મીને બહુ ભૂખ લાગી લાગે છે."

"હું મારી વાત નથી કરતી. તમારા લોકોની મને ચિંતા છે."

રેસ્ટૉરાંમાં સારું ટેબલ શોધી બધાં બેઠાં. બફે ડિનર હતું. વેઇટર ડ્રિન્કનું પૂછી ગયો. હિતેને સૌ માટે કોક મંગાવ્યા.જમતાંજમતાં મુસાફરીની,

ઇન્ડિયાની, પેપરની વાતો થતી રહી. ઊભા થતાં સરોજેઆશીર્વાદ આપ્યા, "આવા જમવાના ઘણા દિવસો આવતા રહે એવું ઇચ્છિએ."

* *

ઑફિસે જઇ આસુને પેપર અંગે માહિતી આપી. ડેસ્ક ટોપ સિસ્ટમ અંગે સમજાવ્યું. આસુ અપટુડેટ સિસ્ટમ જોઇ ખુશ થઈ ગયો. એ બધું શીખી લેવા ઇન્તેજારી થઈ.

"આ બધું દેખાય છે એટલું કોમ્પ્લિકેટેડ નથી. થોડા દિવસમાં જઆવડી જશે. આજેતું પેપરના પાછલા અંકો પર નજર નાખી લે એટલે તને પેપરનો ગોલ સમજાશે." આસુ જૂના અંકો વાંચવા લાગ્યો.

ચાર વાગ્યે ઑફિસથી વહેલા નીકળી ફોન કરી કેનને મળવા ગયાં.

"ગુડ ઇવનિંગ, મિ. કેન સાલવી."

"ગુડ ઇવનિંગ, રુબી. ટ્રિપ કેવી રહી?"

"ફર્સ્ટ ક્લાસ. બહુ સારી રહી. આ આસુ."

"વેલકમ ટુ ટોરોન્ટો, આસુ."

"થેન્ક્સ. તમારી સિફારત બહુ કામમાં આવી. તમારો ખૂબ આભાર. રુબી તમારી બહુ સારી વાતો કરતી હતી. તમને મળીને બહુ આનંદ થયો."

"હા, અમે તમારો આભાર માનવા આવ્યાં છીએ."

"આભાર શાનો? મિત્રમિત્રને મદદ ન કરે તો કોણ કરે? શું લેશો?"

"કશું જ નહિ. ફરી ટાઇમ લઈને મળવા આવીશું."

"ક્યાંય કોઈ તકલીફ નહોતી પડી ને?"

"બધું હેમખેમ પાર પડ્યું."

"જોયું ને? ઓળખાણ કેવી કામ આવે છે! એક દિવસ અમારી સાથે જમવાનું રાખજો."

"બધાં સાથે જમીશું. હિતેનને કહીશ એ એરેન્જ કરે. તમે અને ભાભી આવો એવું હું ઇચ્છું છું. અરે, ભાભીનું નામ તો મેં તમને કદી પૂછયું નથી."

"કોકિલા. કોકિલાને હૉટેલમાં ખાવાનું પસંદ નથી."

"હું એમની સાથે વાત કરીશ. હિતેન વાત કરશે તો જરૂર આવશે."

"આવે તો મને વાંધો નથી."

"બાય નાઉ." રુબીએ કહ્યું.

"બાય મિ. સાલવી. થેંક્સ અગેઇન."

"હેવ અ નાઇસ સ્ટે ઇન ટોરોન્ટો. બાય."

ઘેર આવી રુબીએ હિતેનને કંપનીના સ્ટાફ સાથે કેન અને કોકિલાના ડિનરની વાત કરી. હિતેન હસવા લાગ્યો. હસવું રોકી ન શક્યો.

"કેમ આમ હસો છો?"

"કોકિલા અને હૉટેલમાં જમવાનું... ઇમ્પોસિબલ."

"કદી ટ્રાય કર્યો છે?"

"અસંભવિત હોય એનો વિચાર કરવાનો કોઇ અર્થ નથી."

"હું એમને લાવીને રહીશ."

"આ મહિનામાં 'કેન ગુર્જરી'ની ફિફ્થ એનિવર્સરી છે. સ્ટાફને ડિનર આપવા વિચારતો હતો. કેનને ઇન્વાઇટ કરીશું. કોકિલાની જવાબદારી તારી."

"આ મહિનાના છેલ્લા શનિવારે છ વાગે 'હોસ્ટ'માં રાખીશું?"

"મને વાંધો નથી."

"મને કેનના ઘરનો નંબર આપો."

હિતેને નંબર આપ્યો. રુબીએ ફોન કર્યો. "એલાવ?"

"કોણ, કોકિલાબહેન?"

"હા. તમે કોણ?"

"હું હિતેનભાઇને ત્યાંથી રુબી બોલું છું."

"બોલો બહેન, શું કામ હતું?"

"તમારે અમારી સાથે ડિનરમાં આવવાનું છે."

"કેમ? શો પ્રસંગ છે?"

"હિતેનભાઇની કંપનીની એનિવર્સરી છે. સ્ટાફ અને મિત્રો માટે ડિનર ગોઠવ્યું છે. તમારે આવવાનું છે."

"હું રેસ્ટૉરન્ટમાં નથી જમતી."

"કેમ સાધ્વી છો? કોઇ વ્રત છે?"

"એવું નથી. તમને શું કહું?" રુબી શબ્દોની કડવાશ પારખી ગઈ. સામાને પીગળાવવાની કળા એ જાણતી હતી. એણે નમ્ર બની કહ્યું, "મનમાં જે હોય

તે કહી દો. હું કોઈને નહિ કહું.”

“હું એમની ઘરવાળી છું. એમની બહારવાળીને બોલાવજો.”

“બહારવાળી? કોણ બહારવાળી?”

“એ તમે એમને જ પૂછજો.”

“તમારા વિષે કેનભાઈને મેં પૂછયું છે. એમને વાંધો નથી.”

“એમણે એવું કહ્યું?”

“હા.”

“અનહોની હોની ન બની શકે!”

“તમે ફિલ્મ બહુ જોતાં લાગો છો.”

“ટીવીમાં ઘણી બધી ચેનલો આવે છે એ જોયા કરીએ.”

“ક્યાંય બહાર જતાં નથી?”

“એમ તો ન કહી શકાય. સગાં સંબંધી, મિત્રોને ત્યાં પહેલાં બહુ જતાં. આખું ટોરોન્ટો જોયું છે. બે બાળકો આવ્યા પછી મને બાળકોને સારા સંસ્કાર આપવાનું કામ સોંપ્યું અને એમણે અસંસ્કારી પ્રવૃત્તિ શરૂ કરી. હું ચૂપચાપ બધું સહી લઉં છું. સંસ્કારી છું, અસંસ્કારી નથી બનવું. બહેન, દિલ ઉભરાઈ ગયું તે બોલી નાખ્યું. એમને કંઈ કહેતાં નહિ.”

“તમારી વાતોમાં એક નારીની ઉદાત્ત ભાવનાનાં દર્શન થાય છે. હું તમને એક દિવસ મળવા આવીશ.”

“દરવાજા ખુલ્લા છે. અમારું ઘર જોયું છે?”

“હિતેનને પૂછી લઈશ. કદાચ ડિનર પહેલાં ન મળીએ તો પણ ડિનર પર જરૂર આવજો. સમય અને સ્થળ નક્કી કરી તમને ફોન કરીશ.”

“હજુ તો બેત્રણ વિક છે ને? કાલ કોણે દીઠી છે?” ફોન મૂકી દીધો.

“તારે માટે મોટી ચેલેન્જ છે! ગુડ લક,” કહી હિતેન એની રૂમમાં ગયો.

રુબી આસુને સ્કવેર વનમાં લઈ ગઈ. ચારે બાજુ ફરી જુદી જુદી દુકાનો બતાવી. ‘વૉલ માર્ટ’માં ગયાં. બે માળના સ્ટોરમાં ઘણા બધા વિભાગો હતાં. ટાંકણીથી માંડી કારપેટ સુધી બધું જ મળતું હતું.

“કેનેડાનો આ મોટામાં મોટો ચેઈન સ્ટોર છે. ઓછી કિંમતે સારી વસ્તુઓ અહીં મળી રહે છે. એમ તો ઝેલર્સ, હડસન બે, સીયર્સ, જેવા

બીજા ચેઇન સ્ટોર્સ છે. દરેક મોટા શહેરમાં આ ચાર સ્ટોર્સ તો હોય જ.”

“કેટલા બધા લોકોને નોકરી પૂરી પાડતા હશે!”

“ઇકોનોમી સધ્ધર રાખવા આ સ્ટોર્સનો મોટો ફાળો છે. એમ તો રેડિયો શેક, ફ્યુચર શોપ, બેસ્ટ બાય, કેનેડિયન ટાયર, બિઝનેસ ડિપો, ઑફિસ પ્લેસ, હોમ ડિપો, પ્રાઇસ કલબ, ઘણા ગ્રોસરી સ્ટોર્સના ચેઇન સ્ટોર્સ છે.”

“આપણે ત્યાં ચેઇન સ્ટોર્સની પ્રથા નથી.”

“એક ચેઇન સ્ટોરમાંથી ખરીદો પછી ગમે તે ચેઇન સ્ટોરમાં પાછું આપી શકો. કોઇ પ્રકારની આનાકાની કે કનડગત વિના એ લોકો લઈ લે છે.”

“ધંધાની ખેલદિલી કહેવાય. લોકો એનો દુરુપયોગ પણ કરતા હશે.”

“કરે છે. એ લોકો જાણે છે. પણ સ્ટોરની પ્રતિષ્ઠા માટે એ લોકો આંખ આડા કાન કરે છે.”

“ઑનેસ્ટી ઇઝ ધ બેસ્ટ પોલિસીનો અહીં સાક્ષાત્કાર થાય છે.”

આસુ ટોરોન્ટોથી પ્રભાવિત થઈ રહ્યો હતો. રુબીએ એક ભોમિયા તરીકે સારું કામ કર્યું. ત્રણ વીકમાં આસુ ઑફિસના કામથી પરિચિત થઈ ગયો એટલે રુબીએ કાર શીખવાડવાનું શરૂ કરી દીધું.

એનિવર્સરી ડિનરનાં સ્થળ અને સમય નક્કી કરી રુબી કેનની મૉટેલ પર ગઈ. થોડી ઔપચારિક વાતો કરી આસુની મમ્મીના વિઝિટર વિઝા માટે મદદ કરવા વિનંતી કરી. કેને તરત જ ઇમિગ્રેશન ઑફિસમાં એક મિત્ર પર ભલામણ પત્ર લખી આપ્યો.

“વિઝિટર વિઝા માટે વાંધો નહિ આવે. બહેન ઉમર લાયક છે એટલે મળી જશે. અરજી સાથે કંકોત્રી અને તમારા ટેક્ષ રિટર્નની કોપી બીડજો. હિતેનનો ભલામણ પત્ર પણ બીડજો.”

“હવે મુખ્ય વાત. કોકિલાએ ડિનર માં આવવા હા પણ નથી પાડી અને ના પણ નથી પાડી. હું એને મળું?”

“એવી કોઇ જરૂર નથી. હું એને લાવીશ. બીજું કંઈ?” કેન છૂટકારો મેળવવા માગતો હોય એવું લાગ્યું.ખાસ વધુ વાતો કરવાના મૂડમાં નહોતો.

કોઈ ટેન્શનમાં હોય એવું લાગતાં રુબીએ પૂછયું, “તમારી તબિયત સારી છે ને?”

"હા. કેમ એવું પૂછો છો?"

"આજે તમે કોઈ ટેન્શનમાં હોવ એવું લાગે છે."

"રુબી, અમારા ધંધામાં કાયમ ટેન્શન હોય છે. ઇટ્સ નોર્મલ."

"કેન આઇ હેલ્પ યુ?"

"એ તો હું ફોડી લઈશ. ડોન્ટ વરી. આવજો. આસુને યાદ આપજો."

"જરૂર. બાય. મારી મદદની જરૂર હોય તો ફોન કરજો."

"ઓ..કે." કારમાં આસુ એની રાહ જોતો બેઠો હતો. "કામ પતી ગયું?"

"હા. લે આ ભલામણ પત્ર."

"કેનભાઈ સારા લાગે છે."

"કોઈનું કામ કરવા માટે હંમેશ તૈયાર હોય છે." આસુને આનંદ થયો.

ઘેર આવી હિતેનને એ શુભ સમાચાર આપી કહ્યું, "કેન આજે કોઈ ટેન્શનમાં હોય એવું મને લાગ્યું."

"એ ઘણી વાર ટેન્શનમાં હોય છે. એની કંઈ નવાઈ નથી. એનું મૂળ પૈસો છે."

સરોજ વચ્ચે બોલી, "રુબી, તેં શું આખી દુનિયાને સુધારવાનો ઇજારો લીધો છે?"

"આખી દુનિયાને નહિ. પણ જેના પરિચયમાં આવું એનું દુઃખ ઓછું કરી શકતી હોઉં તો મને આનંદ થાય છે."

"એક દિવસ મધર ટેરેસા બનવું છે? સમાજમાંથી બદબો દૂર કરી માનવતા પ્રસરાવવી છે?"

"એવી કોઇ મહેચ્છા નથી પણ ચેરિટી બિગિન્સ એટ હોમ." રુબીએ વાતને વળાંક આપી પૂછયું, "મમ્મી, મનીષાના ઘેર કયારે જવાનાં છો?"

"મેં મનીષાને કાલે ફોન કર્યો હતો. એનાં મમ્મીપપ્પા કોઈના લગ્નમાં ન્યુ જર્સી ગયાં છે. એ પાછાં આવે પછી ગોઠવીશું."

"મમ્મી છૂપાં રુસ્તમ છે. બારોબાર મનીષા સાથે વાત કરતાં થઈ ગયાં."

"તમે લોકો તમારા કામમાંથી કયાં ઊંચાં આવો છો? લોકોના કામ કરવા સમય મળે છે. ઘરના કામ માટે કોઈને સમય નથી."

"એવું નથી, માજી. અમને તમારા જેટલી જ ચિંતા છે. પણ ઘરમાં

વડીલ હોય ત્યાં અમારે માથું ના મારવું જોઈએ. તમે અમને જે કામ સોંપો એ અમારે કરવાનાં."

"રુબીની વાત સાચી છે. એ બધાં કામ આપણે કરવાં જોઈએ. મેં મહારાજને ફોન કરી મુહૂર્ત માટે પૂછેલું. એમણે પણ કહ્યું કે દશેરાને દિવસે સારો લગ્નયોગ છે. દશેરા નક્કી. મનીષાના ડેડીને મળી કન્ફર્મ કરી કંકોત્રી છપાવીશું. તમને એ તારીખ યોગ્ય લાગે છે ને, આસુ." કાકા વચ્ચે બોલ્યા.

"હા. અમે મારાં મમ્મી માટે વિઝિટર વિઝાની તજવીજ કરીએ છીએ."

"તરુબહેન આવશે તો સોનામાં સુગંધ ભળશે."

"રુબી, એનિવર્સરીની તૈયારીઓ થઈ ગઈ?"

"હા, આ યાદી જોઈ લો."

હિતેન યાદી જોતો હતો ત્યાં ફોનની ઘંટડી રણકતાં ફોન ઉપાડ્યો.

"હિતેનભાઈ, કેનભાઈને ઈમરજન્સીમાં લઈ ગયા છે. માથામાંથી બહુ લોહી વહેતું હતું. બહુ સીરિયસ છે."

"કઈ હૉસ્પિટલમાં લઈ ગયા છે?"

"મિસિસાગા હોસ્પિટલમાં."

"હું ત્યાં પહોંચું છું."

"કેનને કોઈએ ઘાયલ કર્યો છે. ઈમરજન્સીમાં લઈ ગયા છે."

"હોય નહિ? સાંજના તો અમે વાતો કરતા હતા. કોઈ ટેન્શનમાં લાગતા હતા. ચાલો હું તમારી સાથે આવું છું."

"હું પણ આવું છું." આસુએ કહ્યું. ત્રણે હોસ્પિટલમાં પહોંચ્યાં.

કોકિલા ઓપરેશન થિયેટરની બહાર ઊભી હતી. "શું થયું, ભાભી?"

"કોઈ સાથે માથાકૂટ થતાં ઝપાઝપી થઈ. પિલર સાથે માથું અફળાતાં માથામાં વાગ્યું હોય એમ લાગે છે. એમની સાથે જે હતો એ ભાગી ગયો.

"ભાગી કેમ ગયો?"

"એ ભાનમાં આવે ત્યારે કારણ જાણવા મળે," કહેતાં કોકિલા રડવા લાગી. રુબી આશ્વાસન આપતી રહી. હિતેન કારણ જાણવા અધીરો બન્યો.

* * *

# અઠ્ઠાવીસ

ઓપરેશન થિએટરની બહાર કોકિલા રડતી હતી. હિતેનને જોઈ બોલી, "તાત્કાલિક બ્લડની જરૂર છે. મારું મેચ થતું નથી."

"હું આપીશ. ચિંતા ન કરો."

"હું પણ તૈયાર છું." રુબી બોલી.

"તમે?"

"હા, મારું બ્લડ મેચ થતું હશે તો હું આપીશ. ગભરાશો નહિ."

ડૉક્ટર હિતેન અને રુબીને લેબમાં લઈ ગયા. હિતેનનું બ્લડ મેચ ન થયું. રુબીનું બ્લડ મેચ થતાં એનું બ્લડ લીધું. રુબીને બે કલાક આરામ કરવા બેડમાં રાખી.

આસુએ પાસે જઈ કહ્યું, "રુબી, તેં આજે માનવતાનું કામ કર્યું."

"હા રુબી આસુ સાચું કહે છે. આજ સમજાય છે કે માનવીનું લોહી જ માનવીને કામ આવે છે. હિંદુ હોય કે મુસલમાન. શા માટે લોકો ધર્મને નામે લોહીની નદીઓ વહેવડાવે છે?"

આસુને હિતેનના શબ્દોનો મર્મ સમજાતાં બોલ્યો, "વેરઝેર માનવીના દિમાગમાં હોય છે. બાકી બધાની નસોમાં વહેતા લોહીનો રંગ લાલ જ હોય છે. માનવી આ સત્ય સમજશે તો ધરતી પર સ્વર્ગ ઊતરશે."

"હી ઇઝ નાઉ આઉટ ઑફ ડેન્જર, થેંક ધિસ ગર્લ. ટાઇમલી બ્લડ વર્કસ." ડોકટરે પાસે આવી કહ્યું.

"થેંક્સ ડૉક્ટર," હિતેને કહ્યું.

કોકિલાએ રુબીના બે હાથ પકડી કહ્યું, "બહેન, તમે મારા સૌભાગ્યને બચાવી લીધું. તમારા પગ પૂજવા લાયક છે. ભગવાન તમારું ભલું કરે."

"કાળકામાની મારી પ્રાર્થના હંમેશ ફળે છે."

"તમે મારા વર માટે પ્રાર્થના કરેલી?"

"તમારા સૌભાગ્યનો સવાલ હતો. તમારો ચાંદલો અખંડ રાખવા."

"મેં પણ પ્રાર્થના કરેલી. ગમે તેવા પણ મારા પતિ છે. રોજ ભલે મનમાં ગાળો દેતી, ધિક્કારતી, શાપ આપતી. પણ એમ્બ્યુલન્સમાં એમની હાલત જોઈ હું પીગળી ગઈ. સંસ્કારી હિંદુ પત્ની એના પતિનું ખરાબ ન ઇચ્છે. મારું સૌભાગ્ય ખંડાય અને બે ભૂલકાં બાપનો સહારો ગુમાવે એ હું કલ્પી ન શકી. રુબીબહેન, તમે અમને ભેગા કરવાનું સપનું સેવ્યું હતું. કુદરત પણ કેવી છે! કેવી જગ્યાએ આપણને ભેગાં કર્યાં?"

"યુ કેન સી હિમ નાઉ," નર્સે પાસે આવી કહ્યું.

હિતેન અને કોકિલા એની રૂમમાં ગયાં.કેન સૂતો હતો. હજુ એનેસ્થેશિયાની અસર હતી. ભાનમાં નહોતો. બેડમાં સૂનમૂન પડેલા કેનની લાચારી કોકિલા જોઈ રહી. ઘરની બેડમાં ધમપછાડા કરતો પુરુષ હૉસ્પિટલની બેડમાં કેવો લાચાર અને દયામણો બની જાય છે! જાણે બધાં જ પાપોને ઓગાળી એક સજ્જન બની જાય છે.

હિતેન વિચારી રહ્યો. 'કેન સજ્જન બની શકશે?'

'રુબીનો આભાર માનશે?'

'કોકિલાને નવું જીવન બક્ષશે?"

કોકિલા પતિનો હાથ પોતાના હાથમાં લઈ રડતી હતી.

"કેન બચી ગયો છે. હવે ભગવાનને પ્રાર્થના કરો કે તમને તમારો પતિ અને બાળકોને એના પિતા પાછા મળે!"

"હું એ જ પ્રાર્થતી રહી છું."

રુબી સ્વસ્થ થતાં રૂમમાં આવી એક નજર કેન તરફ નાખી.

હિતેને પાસે આવી કહ્યું, "યુ ગો હોમ એન્ડ ટેક રેસ્ટ. કાલે આવજે."

"તમે અને આસુ ઘેર જાઓ. હું અને કોકિલા અહીં બેસીશું."

"તમે રુબીને ઘેર લઈ જાઓ. એને આરામની જરૂર છે."

"મને ડૉક્ટરે કહ્યું કે 'આઇ એમ ઓ.કે નાઉ.' તમે જાઓ."

હિતેન અને આસુ ઘેર ગયા. કોકિલા કેનનો હાથ એના હાથમાં લઈ એની પાસે બેઠી. રુબી પલંગ પાસેના સ્ટુલ પર બેઠી. બંને આખી રાત એક

મટકું પણ માર્યા વિના બેસી રહ્યાં. સવારે કેન અને આસુ આવ્યા.

"ડૉક્ટર તપાસીને ગયા. હી ઈઝ ફાઈન નાઉ. હવે બોલવા જોઈએ. ઘેન ઓછું થઈ રહ્યું છે."

"હું ક્યાં છું?" કેને આંખો ખોલતાં પૂછ્યું.

"સેફ પ્લેસ. એક ઘાત ગઈ." કોકિલા આગળ ન બોલી શકી."

" ઢીલાં ન થાઓ. તમારા હસબન્ડ માટેની તમારી પ્રાર્થના ફળી છે."

"કોકિલા મારા માટે પ્રાર્થના કરતી હતી?"

"હા એમ્બ્યુલન્સમાં તમારી સાથે હતાં ત્યારથી ઓપરેશન પૂરું થયું ત્યાં સુધી તમારા માટે પ્રાર્થના કરતાં રહ્યાં."

કેન કોકિલાની સામે જોઈ રહ્યો. પહેલ વહેલાં એને એની આંખોમાં પ્રેમનો ધોધ દેખાયો. કોકિલાએ એમના હાથ ચૂમી લીધા.

"ગૉડ બ્લેસ યુ લોંગ લાઇફ."

કેનની આંખોમાં આંસુ આવી ગયાં. પથ્થરહૃદયીની આંખમાં આંસુ જોઈ કોકિલાનું હૈયું ઉભરાઈ આવ્યું.

"રુબીબેનનો આભાર માનો. એમણે તમને જીવતદાન આપ્યું."

"જીવતદાન?"

"હા, એ ન હોત તો કોણ જાણે શું થાત? હૉસ્પિટલમાં બ્લડ બેન્કમાં મેચિંગ બ્લડ નહોતું. કોઈનું બ્લડ કામ આવે એમ નહોતું. એમનું બ્લડ કામ આવ્યું. હસતે વદને તમારી જિંદગી બચાવવા એમણે બ્લડ આપ્યું અને તમને બચાવી લીધા."

"એક સંસ્કારી છોકરીનું બ્લડ મારી નસોમાં આવ્યું છે. મારે નવો અવતાર લેવો પડશે. જેને હું મારાં ગણતો એ લોકો મારા દુશ્મન બન્યા. રાજ મારી પાસે ડબલ પૈસા માગતો હતો. એમાંથી રકઝક થઈ. ઊભા થઈને એણે મારી ફેંટ પકડી. મારું માથું મારી ઑફિસના સપોર્ટ પિલર સાથે બેચાર વાર અફળાવી ભાગી ગયો હશે. હું કેટલી વાર બેભાન રહ્યો એની ખબર નથી."

કોકિલાએ આગળની વાત કરી. "કલાર્ક રોહિતે મને કહ્યું કે તમારો ફોન હતો. ક્યાંય સુધી રિંગ વાગતી રહી. તમે ફોન ઉપાડ્યો નહિ. એને ખબર હતી કે તમે રૂમમાં હતા. પોણો કલાક પહેલાં તમને મળવા કોઈ આવ્યું હતું.

એ દસ પંદર મિનિટમાં જતા રહ્યા હતા. શંકાપડતાં એ તમારી ઑફિસમાં ગયા. તમારા માથામાંથી બહુ લોહી વહેતું હતું. બેભાન અવસ્થામાં કારપેટ પર પડ્યા હતા. એ જોઈ મને ફોન કર્યો. હું દોડી આવી. એમ્બ્યુલન્સમાં તમને અહીં લાવ્યા.”

“પોલીસને ખબર આપી છે?”

“ના. અમને કંઈ ખબર નહોતી. ખેર, જે થઈ ગયું એ ભૂલી જાઓ. પોલીસને સંડોવશો તો ઘણા પર પણ છાંટા ઊડશે,” હિતેને કહ્યું.

“સાચી વાત છે. હવે સુધરી જવું પડશે,” કેન ગળગળા સાદે બોલ્યો.

“કોકિલા અને બાળકો સાથે સારું જીવન જીવવાનું પણ લે, કેન.”

“ભગવાને આખરે મારી વાત સાંભળી.” કોકિલાની આંખો ભીની થઈ.

“બહેન, હવે રડવાનું ન હોય. તમારા હસવાના દિવસો આવ્યા છે.” રુબીએ કહ્યું.

“સારા થયા પછી એ સાલાને હું ઠાર કરીશ.” કેન બબડ્યો.

“બધું જ ભૂલી જાઓ. તમારી મૉટેલ પર ધ્યાન આપશો તો બહુ કમાશો. કોકિલાને ખુશ રાખશો તો સુખી થશો. ચારે બાજુ વલખાં મારનારનું જીવન કૂતરાં બિલાડાં જેવું છે. એક દિવસ એવો આવે છે કે ધોબીનો કૂતરો નહિ, ઘરનો કે નહિ ઘાટનો. તમારાં વિશાળ જ્ઞાન અને અનુભવને નવો વળાંક આપો.” રુબીએ કહ્યું. એક ચિત્તે સાંભળી રહેલ કેન રુબી સામે જોઇ રહ્યો.

“તમારી વાત મારે પહેલેથી સાંભળવાની જરૂર હતી.”

“હજુ કંઈ મોડું થયું નથી. જાગ્યા ત્યારથી સવાર. જિંદગીનો રાહ બહુ લાંબો છે. તમે જિંદગીની મધ્યાન્હે પણ પહોંચ્યા નથી. એક ઘાત ગઈ એમ માનજો. ધીરેધીરે ટોળકીમાંથી બહાર નીકળી જજો. એકદમ બધું છોડી દેશો તો તમારી ટોળકીના લોકો તમને જીવવા નહિ દે.”

“તમારી વાત સાચી છે. એ લોકોની આવક બંધ થતાં એ લોકો વીફરવાના. બહુ સિફતથી નીકળી જવું પડશે. તમારી સ્પોન્સરની વિધિ જલદી શરૂ કરી દેજો.”

“અમારી ચિંતા છોડી આરામ કરો.”

“હવે છૂટકો જ નથી,” કહેતાં કેન હસ્યો.

ત્રણ વીક હૉસ્પિટલમાં રહી કેન ઘેર ગયો. કેનની માંદગીને કારણે હિતેને એનિવર્સરી ડિનર લગ્નના રિસેપ્સન સાથે રાખવાનું નક્કી કર્યું.

રુબી અને આસુ પેપરમાં લીન બનતાં ગયાં. પૂર્તિનાં પાનાં આઠનાં સોળ કર્યાં. બેચાર નવા વિભાગો શરૂ કર્યા. આસુ આમસમાજને લક્ષમાં રાખી બહુ સરળ અને ભાવવાહી શૈલીમાં જુદા જુદા વિષયો પર લેખો અને વાર્તાઓ લખવા માંડ્યો. લોકોના બહુ સારા પ્રતિભાવ મળતા રહ્યા. પેપર બહાર પડતાં બેચાર દિવસમાં જ સ્ટોરમાંથી નકલો ઉપડી જતી.

નકલો ખલાસ થઈ જવા અંગે લોકોના ફોન પર ફોન આવવા લાગ્યા. હિતેને પચીસ હજાર નકલો છપાવવાનું શરૂ કર્યું. જાહેરખબર પણ બમણી થતાં આવક બમણી થઈ ગઈ. સૌના મુખ પર આનંદના પડઘા પડતા રહ્યા. લગ્નની અને એનિવર્સરીની તૈયારીમાં એથી ઉમંગ વધતો રહ્યો.

* *

હિતેનની સામે ચાર બેડરૂમના ઘરમાં એક ઇટાલિયન કપલ ટોની અને મરિયા રહેતાં હતાં. હિતેન સાથે બોલચાલનો વ્યવહાર હતો. ટોનીની રિટાયર્ડ પાર્ટીમાં હિતેન ગયો હતો પછી મૈત્રી ગાઢ બની હતી. એક રવિવારે હિતેન અને રુબી બેકયાર્ડમાં બેઠાં હતાં. એમને જોઈ ટોની આવ્યો.

"ચારેક વીક પછી અમે એકાદ વર્ષ માટે સિસિલી જવાનાં છીએ. કોઈ સારું ફેમિલી મળશે તો ઘર ભાડે આપીશું. નહિતર બંધ કરીને જઈશું. તમે ઘર પર નજર રાખજો. સિક્યોરિટી છે એટલે વાંધો નથી. છતાં તમને અમારો સિસલીનો ફોન નંબર, સિક્યોરિટી કોડ અને આઇ.ડી. કાર્ડ આપતાં જઈશું."

"નો પ્રોબ્લેમ. તમે નચિંત રહેજો. વી વિલ મિસ યુ ઇન અવર મેરેજ."

"સોરી. અમારા બેસ્ટ વિશિઝ."

રુબીએ હિતેનને કહ્યું, "પૂછો તો ભાડું કેટલું છે?"

"તારે જાણીને શું કરવું છે?"

"આસુનાં મમ્મી આવશે ત્યારે અમારે ઘર રાખવું પડશે. તમારી સામે મળે તો કેવું સારું?"

હિતેને સહેજ વિચારી પૂછયું, "ટોની, કેટલા ભાડાની અપેક્ષા છે?"

"ભાડું મહત્ત્વનું નથી. કોઈ સારું કુટુંબ મળે તો ઘર સચવાય અને

યુટિલિટીનો ખર્ચ નીકળે."

"અમને એકાદ વર્ષ તમારું ઘર ભાડે આપશો? મહિને બે હજાર ડોલર ભાડું આપીશું અને ઘર સાચવીશું."

"તમે વાપરજો અને યુટિલિટીની કેર લેજો. તમારી પાસેથી ભાડું ન લેવાય!"

"ટોની, એવું ન ચાલે. વેપારમાં મૈત્રી અને સંબંધ આડાં ન આવવાં જોઈએ."

"તમારે કેમ જરૂર છે?"

"અમારે ત્યાં બે લગ્ન છે. આસુનાં મમ્મી ઇન્ડિયાથી આવવાનાં છે. રુબીને બધાં સાથે અમારે ઘેર ન ફાવે. આમ તો એ અમારી સાથે રહે છે. બહુ સીધી સાદી છોકરી છે. તમે ઘર એને નહિ, મને આપ્યું છે એમ માનજો. તમે કહેશો ત્યારે ખાલી કરી આપીશું."

"સરસ. આનાથી રૂડું બીજું શું હોઇ શકે?"

ટોની ખુશ થઈને એને ઘેર ગયો.

રુબી ખુશ થઇ બોલી, "અમે બધાં તમારા ઘરમાં સાથે રહીએ એ સારું નહિ. ખોટું ન લગાડશો. તમારો કેડો મૂકવો નહોતો એટલે આવી સરસ તક જવા દેવી નહોતી."

"એમાં ખોટું શું લાગવાનું! હું તને પરફેક્ટલી સમજું છું. ગુડ આઇડિયા. મને આ એરેન્જમેન્ટ ગમી. આ ઘર પણ તારું છે એમ માનજે."

"નો ડાઉટ. હિતેનમનીષા અને આસુરુબી આદર્શ જોડી બની રહેશે."

"લેટ અસ હોપ."

ટોની ઇટલી જતાં રુબીને ઘર મળી ગયું. હિતેનના ઘર કરતાં નાનું હતું પણ સગવડ સારી હતી. ટોની રિટાયર્ડ બિઝનેસમેન હતો એટલે ઘરમાં બધું કિંમતી અને સારી ક્વોલિટીનું હતું. આસુ અને રુબીને બધી રીતે તૈયાર ઘર ગમી ગયું. પંદર દિવસ પછી તરુબહેન આવ્યાં. આસુએ કહ્યું, "મમ્મી તું આવવાની હતી એટલે અમે આ ઘર ભાડે રાખ્યું. હિતેનની બરાબર સામે. તને સરોજબહેનની કંપની મળી રહેશે એટલે એકલતા નહિ લાગે."

તરુને ઘર ગમી ગયું. "આટલું મોટું ઘર રાખવાની શી જરૂર હતી?"

"કેનેડામાં તને લકઝરિયસ જિંદગીનો અનુભવ થવો જોઈએ."

"તું અને રુબી જુદી રૂમમાં રહો છો?"

"લગ્ન થાય ત્યાં સુધી તો ખરાં. એ પછી જો પારણું બંધાય તો નવા આવનાર માટે જુદી રૂમ ન જોઇએ? એડવાન્સ પ્લાનિંગ. તું જ કહેતી હતી."

ત્રણે હસી પડ્યાં.

એ વખતે હિતેન, મનીષા, સરોજ અને અમીચંદ આવ્યાં.

"રુબી, હવે બબ્બે મમ્મીની કાળજી લેવી પડશે."

"મને ગમશે. આ ઘર પણ તમારું જ છે, ખરુંને કાકા?"

"હા બેટા! તારા ડેડીમમ્મી હોત તો તારું સુખ જોઈ ધન્ય થઈ જાત!"

"જેહના ભાગ્યમાં જે લખ્યું...એ તમે રોજ ગાઓ છો."

રુબી ઢીલી પડી ગઈ. પણ અંતરનું દુઃખ છતું ન થાય એ માટે સાવધ બની. આસુ અને હિતેન સિવાય સત્ય કોઈ જાણતું નહોતું.

આસુએ જાણી જોઈ વાત બદલી. "મમ્મી, બધાંને તું ઓળખે છે. આ મનીષા. મારાં ભાભી બનીને આવવાનાં છે."

"નમસ્તે બહેન. સુખી થાઓ," તરુએ આશીર્વાદ આપ્યા.

"મમ્મી, ગુરુદેવ અને વસુબહેન, પૂનમ બધાં મજામાં છે?"

"હા, વસુબહેને પત્ર આપ્યો છે. એક સારા સમાચાર છે."

"શા સારા સમાચાર છે?"

"આવતી પચીસમીએપૂનમનાં લગ્ન છે."

"સરસ. છોકરો કેવો છે? તમે જોયો છે?"

"બહુ સરસ. બી.એ. પાસ છે. કોઈ ઑફિસમાં નોકરી કરે છે. બંને એક બીજા પર વારી ગયાં છે. બિચારી સુખી થશે. મારા ખભે માથું મૂકી બહુ રડી. તને યાદ આપી છે. તને જિંદગીભર નહિ ભૂલવાની વાત કરતી હતી. એણે તમને શુભાશિષ પાઠવી છે."

રુબી ગળગળી થઈ બોલી, "ફોન કરીશ ત્યારે એની સાથે વાત કરીશ."

"હિતેન તમે કેમ ચૂપ છો?" તરુબહેને પૂછયું.

"આ છોકરીની કરામત પર વિચારી રહ્યો છું. કેટલા બધા પર કેવા કેવા જાદુ કર્યા છે . અમીચંદ... સરોજ... આસુ... તરુબહેન... પૂનમ... કેન...

કોકિલા...હિતેન.... મનીષા... સમીર...પિન્કી... વિકી...જાણે ફરિસ્તો બનીને અવતરી છે.... એ હિંદુ નથી, મુસલમાન નથી. કાળકામાનો અવતાર છે. કોઈએ એને કદી એની જાત નથી પૂછી. એનું કૂળ નથી પૂછયું. એનો ઈતિહાસ નથી પૂછયો. કારણકે એ પ્રેમની મૂર્તિ છે. માનવતાનો દીવડો છે. સંબંધોના સ્નેહનો ધોધ છે. એને મહાકાળી જેમ ગુસ્સે થતાં આવડે છે. ગુસ્સાને ઓગાળી પ્રેમની જાળમાં નાનાં મોટાં સોને જકડી લેતાં આવડે છે. જકડી રાખી જીવનમાં નવો પ્રકાશ પાથરે છે. રુબી, તું ગમે તે હો અમારા સૌના હૈયાનો ટુકડો છે, હૈયાનો હાર છે એટલે તો આજે ચમકે છે, કાલે ચમકતો હતો, સદા ચમકતો રહેશે."

"તમારા શબ્દોમાં કોઈ આર્ષવાણીનો ચમત્કાર છે." આસુએ કહ્યું.

હિતેનના શબ્દોએ સૌને વિચાર કરતા કરી દીધા.

"હું કોઈ મહાન વ્યકિત નથી. એક જ સમજ સાથે જીવું છું. અન્યાય સામે ઝઝૂમવું. અનીતિ અને અમાનુષી પ્રવૃત્તિનો સામનો કરવો. જીવનમાં કોઈનું સારું ન કરી શકીએ તો કંઇ નહિ, અનાયાસે પણ કોઈનું ખરાબ ન થાય એની તકેદારી રાખીશું તો જીવન સાર્થક થશે."

"બધા જ તારા વિચારો પ્રમાણે જીવે તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરે. રુબી તારો મોટામાં મોટો ગુણ સહનશીલતા છે. મારા આકરા શબ્દોનો સામનો કરવાને બદલે બધું જ ઘોળીને પી ગઈ. સામી વ્યકિતને પીગળાવવાનું એ અણમોલ શસ્ત્ર છે," સરોજે કહ્યું.

"મારાં ગુણગાન ગાવાને બદલે બધાને માટે જમવાની વ્યવસ્થા કરીએ. બોલો શું બનાવીશું?"

"અમે કંસાર બનાવ્યો છે. આજે અમારે ઘેર જમવાનું છે."

"ચાલો. માજીને આરામ કરવાનો હશે."

"મારી ચિંતા ના કરશો. હું હજુ ખડતલ છું. રિટાયર્ડ થવાની ઉંમરે પહોંચી નથી."

"મનથી ભાંગી ના પડે એ કદી વૃધ્ધ થતું નથી. તમે તમારી ઉંમરનો અણસાર આપી દીધો." હિતેને કહ્યું.

"ચાલો. અધૂરી વાતો ત્યાં કરજો." અમીચંદે બૂમ પાડી.

બધાં સામે ઘેર પહોંચી ગયાં. રુબી, મનીષા, સરોજ અને તરુબહેને ભેગાં થઇ અડધા કલાકમાં રસોઈ બનાવી દીધી. જમતાંજમતાં અમીચંદે કહ્યું, "આમ સૌ સ્વજનો સાથે જમવાની મજા ઓર હોય છે."

સરોજે કહ્યું, "હા. સાચી વાત છે. રુબી, આપણે રસોડું એક જ રાખીએ તો? નાહવા, ધોવાનું, સૂવાનું તમારે ઘેર રાખજો."

"હા, રુબી, બપોરે તો આપણે ત્રણ ઘેર હોઈશું નહિ. સવાલ ત્રણ વડીલોનો છે. એમને આખો દિવસ એક બીજાની કંપની મળી રહેશે."

"મમ્મી ડ્રાઇવ કરે છે એટલે બધાને બહાર પણ લઈ જશે."

જમીને બધાં વિખરાયાં. સૌના હૈયે નવા સંબંધોના સિલસિલાનો આનંદ હતો. આસુ અને તરુ ઘરમાં પ્રવેશ્યાં.

રુબી હિતેન સાથે કંઈક વાત કરવા ઊભી રહી,

"ઇન્ડિયાથી આવી તમને મેં મારા ડેડીના વિચારો કહ્યા છે. મારા ડેડીની એ વાત કદી ઉકેલશો નહિ."

"તારા ડેડી મહાન છે. તારા જીવન પર છાંટા ન ઉડે એટલે હૈયા પર પથ્થર મૂકી એમણે સારો નિર્ણય લીધો છે. તું, આસુ અને મારા સિવાય એ વાત કોઈ જાણતું નથી અને જાણવાનું નથી. એટલે એ અતીત કદી ખૂલવાનું નથી. તું તારું મન મક્કમ રાખજે. ભૂલે ચૂકે કદી પીગળી ન જતી."

રુબી મન મક્કમ કરી ઘરમાં પ્રવેશી.

* *

લગ્નના સાત દિવસ પહેલાં મનુભાઈ અને વસુબહેન આવી ગયાં. હિતેન, એના પપ્પામમ્મી અને રુબી તથા આસુનાં પ્રેમ જોઈ બંને ખુશ થઈ ગયાં. એમની હાજરીએ એક આપ્તજનનની ખોટ પૂરી પાડી.

દશેરાને દિવસે પાયલ બેન્કવેટ હૉલમા હિંદુ વિધિ પ્રમાણે હિતેન, મનીષા અને આસુ, રુબીનાં લગ્ન સાદાઈથી થયાં. બધાંને સાદાઈમાં ભવ્યતાનાં દર્શન થયાં.પંડિત રામપ્રસાદે લગ્નવિધિ સરસ કરી.

જમણવાર અને ડાન્સની જવાબદારી કેને ઉપાડી લીધી. એ અનુભવી હતો એટલે એમાં કોઈ કમી ન રહી. હિતેનનો મિત્ર વર્ગ બહોળો હતો એટલે સારી એવી ગિફ્ટસ આવી. રુબીનો સંપર્ક ઘણા સાથે થયો હતો. એને પણ

સારી ગિફ્ટસ આવી. બંને કપલ્સને ગુડ વિશિઝ કહી સૌએ વિદાય લીધી.

બધું હેમખેમ પતી ગયાનો આનંદ વ્યક્ત કરતાં બંને કપલ્સે અમીચંદ, સરોજ, તરુબહેન, વસુબહેન, મનુભાઈને વંદન કરી આશીર્વાદ લીધા.

રુબીને અફસોસ હતો કે એના ડેડીના આશીર્વાદ લેવાનું નસીબમાં નહોતું લખાયું. એની આંખો ભીની થઈ ગઈ. આસુ સમજી ગયો. હિતેનને પણ એનું કારણ સમજાતાં વાર ન લાગી. એણે બંનેની પાસે આવી ધીરે રહીને કહ્યું, "ખબર છે, હનીમૂન માટે કયાં જઈએ છે?"

"કયાં જઈએ છીએ?"

"પેલેસમાં..."

"પેલેસમાં?"

"હા, પેલેસ ઓન ધ વ્હિલ્સમાં, જયપુર."

"શું કહો છો?"

"હા, હનીમૂન પહેલાં ડેડીના આશીર્વાદ ન લેવા જોઈએ?" રુબી અને આસુને કાનમાં કહી રુબીના હાથમાં ઈન્ડિયા અને જયપુરની ટિકિટ મૂકી.

રુબી અનિમિષ નયને ચાર ટિકિટ સામે જોઈ રહી. હિતેનને ભેટી બોલી, "ઓહ? હિતેન હાઉ નાઇસ ઇઝ યૉર થિંકિંગ! ગૉડ બ્લેસ યુ."

"તમે ખરેખર છૂપા રુસ્તમ છો. આઇ એપ્રિશિયેટ યૉર અન્ડરસ્ટેન્ડિગ એન્ડ ફિલિંગ્ઝ. યુ આર ગ્રેટ. તમે મારા દિલની વાત કરી. ડેડીના આશીર્વાદનો વિચાર મારા મનને ગમગીન બનાવી રહ્યો હતો. પણ એ મારા ગજા બહારનું હતું."

"કાલે સાંજના જવાનું છે. કોઈને હમણાં કહેશો નહિ."

"થેંક્સ અ લોટ," કહી રુબી અને આસુ કપડાં બદલવા ગયાં.

રૂમમાં પ્રવેશતાં આસુ રુબીને ભેટી બોલ્યો, "આઇ લવ યુ માય ડીઅર. આઇ એમ ઓવરજોય્ડ ટુ ડે. કદી કલ્પના પણ નહોતી કરી કે આમ આ ભૂમિ પર આપણે એક થઈશું. ડેડી હાજર હોત તો આજ તને બહુ આનંદ થાત. રુબી, એ અલ્લાહનો અવતાર છે. એમના આશીર્વાદ એ મોટી મૂડી છે. આપણે એ મેળવીશું."

"આસુ, મારા ડેડીને આપણી મૂંઝવણનો અંદેશો આવી ગયો હશે.

એમણે એક દીકરીના ભલા માટે હૃદય પર પથ્થર મૂકીને મોટી કુરબાની આપી. માય ડીઅર. તને મારી જિંદગીમાં અપનાવી ધન્ય થઈ ગઈ છું. આજે મારા હૈયે અકથ્ય આનંદ છે. તેં મને એક નવી જિંદગી આપી છે. બધા ભલે, મને માન આપતાં હોય કે મેં જે કર્યું છે એની પ્રશંસા કરતાં હોય પણ એ બધા માટે અને આજે હું જે કંઈ છું એ માટે હું તારી, બસ તારી જ આભારી છું. જીવનભર હું તારી બની રહીશ. દુનિયાની કોઈ તાકાત હવે આપણને જુદાં નહિ પાડી શકે. તું એક બ્રાહ્મણ અને હું એક મુસલમાન! કુદરતે આપણને કેવા સંજોગોમાં ભેગાં કર્યાં અને આજ કયાં લાવીને બેસાડી દીધાં? જે ધરતી પર નાતજાતના વાડા નથી, ઊંચનીચના કોઈ ભેદભાવ નથી, માત્ર પ્રેમના પાયા પર સંબંધો બંધાય છે અને પ્રેમ ટકે ત્યાં સુધી એ સંબંધો મીઠા બની રહે છે. પ્રેમમાં વિઘ્ન આવે તો એક ક્ષણમાં એ સંબંધો પર પાણી ફરી વળે છે. પ્રેમનો મોટામાં મોટો પાયો વિશ્વાસ છે, અને મોટામાં મોટો દુશ્મન ઈર્ષા છે. વિશ્વાસને અખંડિત રાખવા માટે ઈર્ષા પર વિજય મેળવવો જોઈએ. માનવી કાચા કાનનો હોય છે. એ ભૂલી જાય છે કે આંખ સામે જોયેલું પણ કયારેક ભ્રમ હોય છે. એ ભ્રમની જાળમાં ફસાઈ ન જવું હોય તો મન પર વિજય મેળવવો પડે છે. પ્રેમ અને વિશ્વાસ આખરે તો મનની ઉત્પત્તિ છે."

"રુબી, તારી ફિલોસોફી તારા સૌંદર્યને ટાંપી જાય એવી છે. હવે તારે મહાકાળી માતાને પ્રાર્થના કરતા રહેવાનું છે કે આપણાં લગ્ન આપણને ખૂબ સુખ અને આનંદથી સભર સારી જિંદગી બક્ષે."

હિતેન અને મનીષા કપડાં બદલી એમની રૂમમાં આવ્યાં. ચારે જણ આખી રાત વાતો કરતાં રહ્યાં. સવારે તૈયાર થઈ પેક કરી નીચે આવ્યાં. ડાઇનિંગ ટેબલ આસપાસ બેસી તરુ, સરોજ, અમીચંદ, મનુભાઈ, વસુબહેન, મનીષાનાં બાબાપુ, કેન અને કોકિલા ચા પીતાં પીતાં વાતો કરતાં હતાં.

"ગુડ મોર્નિંગ ટુ ઑલ." રુબીએ કહ્યું.

"બધાં જ આજે એકઠાં થયાં છે... કેવો સરસ સુમેળ છે!" એમ કહી હિતેને હનીમૂનના પ્લાનની વાત કરી. સૌ ખુશ થઈ ગયાં.

સરોજે કહ્યું, "મારો દીકરો કેનેડામાં રહે છે પણ વતનને ભૂલ્યો નથી એ જ એની મહાનતા છે."

"વતનની મહેક અનેરી હોય છે. જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. હિતેનનું એ વાક્ય મને બરાબર યાદ છે."

"બહુ સરસ વિચાર છે. શ્રી નાથજી પણ જતાં આવજો."

"અમદાવાદ મહાકાળીના દર્શને પણ જવું પડશે. મનીષા, તું કેમ ચૂપ છે? આ ઘરમાં બધાના વિચારોને એકસરખું મહત્ત્વ અપાય છે," રુબી બોલી.

"મારા મનના ભાવો વ્યક્ત થતા હોય અને મને ગમતું થતું હોય પછી મૌનમ્ પરમ ભૂષણમ્."

"જોયુંને માજી, તમારી વહુ કેવી શાણી છે?"

"કોઈએ એને કહ્યું હશે કે સાસુમા સામે બોલીશ તો જીવવા નહિ દે."

"બેટી, તારા સસરાની વાત સાચી છે. પણ એ સરોજ રહી નથી. રુબીએ એનું નવઘડતર કર્યુ છે."

"તમે પહેલેથી કોમળ કાળજાનાં હતાં. એના પર અહમ્‌નું પડ બાઝી ગયું હતું તે મેં સંકેલી દીધું. એમાં કંઈ મહાન કામ નથી કર્યુ. માજી માટે મને બહુ પ્રેમ હતો એટલે એમના અસલ માનસને જાગ્રત કરવા મેં પ્રયત્ન કર્યો."

"રુબીની આ નમ્રતા છે. જે બની ગયું એ એક અતીત હતો એમ માની ભૂતકાળને યાદ કરવાનો કોઈ અર્થ નથી. અતીતના ઓછાયા જીવનને ક્યારેક સ્વર્ગ બનાવે છે, તો ક્યારેક નર્ક બનાવે છે. આજે માનવી સુખી હોય કે દુઃખી હોય, એણે એના અતીતને ભૂલી જવો એ જ સાચા સુખની ચાવી છે. વારંવાર અતીતને યાદ કરી એના વમળમાં અટવાયેલો રહેતો માનવી આજના સુખની ક્ષણ માણી શકતો નથી અને માનસિક ચકરાવામાં અટવાઈ ગમગીન બની જાય છે. સમય અને સ્થળમાંથી ઉદ્‌ભવતા માનસિક આનંદને પામવાને બદલે અતીતના ઓછાયાને વાગોળી જીવનની નિરર્થક તુલના કરવા બેસી જાય છે. માનસિક સમતુલા ગુમાવી બેઠેલ માનવી સારું નરસું પારખવાની શકિત પણ ગુમાવી બેસે છે. અતીત એક સપનું હતું એમ એને સદંતર ભૂલી આવતી કાલની શુભ આશામાં પગલાં માંડશો તો આવતી કાલ ઉજ્જ્વળ બની રહેશે. રુબી, દરેકના જીવનમાં એક અતીત હોય છે. તારા જીવનમાં છે, મારા જીવનમાં છે, આસુના જીવનમાં છે, મનીષાના જીવનમાં છે, બા બાપુજી, નાનામોટા, સૌના જીવનમાં એક અતીત છે.

અતીત વિના વર્તમાન બનતો નથી અને ભવિષ્ય બનવાનું નથી. એટલે અતીતને અભેરાઈ પર મૂકી સદંતર ભૂલી જઈશું તો જ કાલ રમણીય અને મોજીલી બનાવી શકીશું. લેટ અસ એન્જોય લાઈફ ઑલ ટુગેધર..."

"હવે સ્પષ્ટ સમજાય છે કે તમે એક છાપાના તંત્રી જ નહિ, એક સાચા ફિલોસૉફર છો. આવી સમજ હોય એ પોતાનું અને બીજાનું જીવન ધન્ય બનાવે છે," આસુ બોલ્યો.

"ફિલોસૉફીની વાતો જ કરવાના છો કે પેટનો વિચાર કરવાના છો? વાતોમાં બાર વાગી ગયા!" રુબીએ વાતને વળાંક આપ્યો.

"એની ચિંતા ન કરશો. કેટરિંગવાળા આવવા જોઈએ. હનીમુન પર ન જાઓ ત્યાં સુધી સૌના જમવાની વ્યવસ્થા મારે માથે છે. હિતેન અને રુબી માટે જે કંઈ કરીએ એ ઓછું છે. "

"કેન, તમે મનુભાઈ, વસુબેન અને ઘરનાં બધાંને નાયગરા લઈ જશો?"

"તમે અહીંની કશી ચિંતા કર્યા વિના હનીમૂન માણજો. હું બધાંને નાયગરા જ નહિ. ટોરોન્ટો આસપાસ બધે ફેરવીશ."

કેટરિંગવાળા આવી જતાં સૌ બેકયાર્ડમાં ગયાં. બસો મહેમાન સહેલાઈથી જમી શકે એવો વિશાળ બેકયાર્ડ હતો.

અલકમલકની વાતો કરતાં કરતાં સૌ ભોજન સાથે નવા સંબંધોની મહેક માણતાં રહ્યાં. સૌના વદન પર ખુશાલીની અનેરી ચમક હતી.

"આજે આપણું એક વિશાળ કુટુંબ ભેગું થયું છે. આવાં મિલન અનેકવાર થતાં રહે અને સંબંધની મહેક વધતી રહે એવું ઇચ્છીએ. કુટુંબમેળાની મજા ઓર હોય છે. ખરુંને આસુ?"

"આસુ પાસે વાતો અને કહેવતોનો ભંડાર છે. ગુરુદેવની આમન્યા રાખે છે એટલે ચૂપ છે."

"ગઈ કાલ સુધી આસુ અને હિતેન બોલતા, હવે એમણે ચૂપચાપ રુબી અને મનીષાને સાંભળતા રહેવું પડશે," ગુરુદેવે કહ્યું.

"અમે ઇક્વલ રાઇટસના હિમાયતી છીએ. જોહુકમી અમારી નસમાં નથી," રુબીએ બચાવ કર્યો.

બધાં હસી પડયાં.

"નાનામોટાના કોઈ ભેદભાવ રાખવાની જરૂર નથી. તમે જુવાનિયાં તમારી રીતે હસામશ્કરી કરો એ અમને ગમે છે. અમારા યૌવનના દિવસો અમને યાદ આવી જાય છે." ગુરુદેવે કહ્યું.

"કેવા હતા એ દિવસો? એ જમાનામાં રુબી કે મનીષા આમ બેસી શકત? લાજ કાઢીને મોઢું છુપાવી એમના વરને તડપાવતાં હોત.." વસુબહેન બોલ્યાં.

"એની પણ એક ઓર મજા હતી. તડપ પછીની પ્રાપ્તિનો અનેરો આનંદ રહેતો." અમીચંદ બોલ્યા.

"એમાં કયારેક માબાપ કાણી કુબડી સાથે પરણાવી લાકડે માંકડું પણ વળગાડી દેતા ને!" સરોજ બોલી.

"હવે જમાનો બદલાઈ ગયો છે. રાજાને ગમે તે રાણી."

"રાજા રાણીને પૂછો કે એમણે તૈયારી કરવાની છે?"

"અમે સવારે બધી તૈયારી કરી લીધી છે. ચાર વાગવા આવ્યા છે. હવે એરપોર્ટ જવા નીકળીએ."

ચાર વાગ્યે બધાં એરપોર્ટ પર હિતેન, મનીષા, આસુ અને રુબીને મૂકવા ગયાં. બિઝનેસ ક્લાસની ટિકિટ હતી એટલે કોઈ ઝંઝટ નહોતી.

"બાય... બાય...."

"હેવ અ નાઈસ એન્ડ સેફ જર્ની... ગુડ લક..."

સૌના આશીર્વાદ લઇ ચાર પ્રેમી પંખીડાં નવાં સમણાં સેવતાં નવી જિંદગીની વાટે નીલા ગગનમાં ઊડી રહ્યાં.

* * *

# ટોરોન્ટોમાં ‘વર્ડ ઓન ધ સ્ટ્રીટ મહોત્સવ’માં ગુજરાતી લેખક જય ગજ્જરનું વાચન




ટોરોન્ટોમાં યોજાયેલ સોળમા ‘વર્ડ ઓન ધ સ્ટ્રીટ ફેસ્ટિવલ” ને આયોજકોના મતે ઘણી સારી સફળતા મળી. સોળ વર્ષથી યોજાતા આ ફેસ્ટિવલમાં આ વર્ષે બીજી વાર ગુજરાતી ભાષાને સ્થાન આપવામાં આવ્યું હતું. કેનેડામાં ગુજારાતીઓની વધતી સંખ્યા અને ગુજરાતીઓ અને ગુજરાતી સંસ્થાઓ, મંદિરો અને વર્તમાનપત્રોના પ્રભાવને કારણે ગુજરાતી સમાજ અને ગુજરાતી ભાષા એક આગવું સ્થાન મેળવી રહી છે એની પ્રતિતી અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાના હિમાયતીઓને થઇ છે. આ મહોત્સવમાં ગુજરાતી ભાષાના જાણીતા વાર્તાકાર અને નવલકથાકાર અને પાંત્રીસ વર્ષથી કેનેડામાં વસતા શ્રી જય ગજ્જરને આ વર્ષે ફરી આમંત્રણ મળતાં ગુજરાતી ભાષાનું ગૌરવ અને માન વધ્યું છે. ટોરોન્ટોમાં વસતા સીત્તેર હજારથી પણ વધુ ગુજરાતીઓ માટે આ આનંદ અને ગૌરવની ઘટના હતી.

આરંભમાં ‘વર્ડ ઓન ધ સ્ટ્રીટ’ના આયોજકોના પ્રતિનિધિએ જય ગજ્જરનો પરિચય આપતાં કહ્યું કે “આંતરરાષ્ટ્રીય ભાષાના આ મલ્ટી લેન્ગવેજ સ્ટેજ પર ગુજરાતી ભાષાના નામાંકિત સર્જક વાર્તાકાર અને નવલકથાકાર જય ગજ્જરને આવકારતાં આનંદ અનુભવું છું. સાહિત્ય અને સામાજિક ક્ષેત્રે એમનું પ્રદાન અનન્ય અને નોંધપાત્ર રહ્યું છે. કેનેડાની સરકારે અનેક વિશિષ્ટ એવૉર્ડ ઉપરાંત ‘ઓર્ડર ઓફ કેનેડા’ અર્પણ કરી એમની સમાજસેવાની કદર કરી છે. આજે તેઓ એમની સાતમી નવલકથાનું એક પ્રકરણ વાંચી આપ સૌને રસાસ્વાદ કરાવશે.”

એ પછી શ્રી જય ગજ્જરે મલ્ટી લેંગવેજ બુથમાં પોતાની નવી નવલકથા “તિમિરનાં તેજ”નું એક પ્રકરણ ખૂબ જ ભાવવાહી અને રસપ્રદ શૈલીમાં વાંચી શ્રોતાઓને રસાસ્વાદ કરાવ્યો હતો.

'તિમિરના તેજ' નવલકથા સામાજિક વિટંબણા અને રાજકીય પ્રપંચની હૃદયસ્પર્શી રોમાંચક કથા છે. નવલકથાના નાયક વિવેકનાં લગ્ન વડીલો આયોજિત ગામડાની સ્ત્રી વંદના સાથે થાય છે. લગ્ન પછી પત્ની એને ગમતી નથી. શહેરની મેડિકલ કોલેજમાં હતો એ દરમિયાન યુનિવર્સિટી લાયબ્રેરીમાં આરતીના પરિચયમાં આવે છે. પરિચય પ્રેમમાં પરિણમે છે. એની પત્ની વંદનાને એમના પ્રણય સંબંધની જાણ થતાં ગામડાના એમના ઘરને આગ ચાંપી એની દીકરી ઉર્જાને લઈને પૂના બાજુ જતી રહે છે. પૂનામાં એક નારી આશ્રમમાં પોતાનું નામ અર્ચના અને પુત્રીનું નામ ઉષ્મા બદલી નવા જીવનની શરૂઆત કરે છે. ત્યાં એક વાવાઝોડામાં આશ્રમનું છાપરું તૂટી પડતાં એની દીકરી ઉર્જાનું મોત થાય છે. દુઃખી અર્ચનાને આશ્રમની બહેનો નવું બળ આપે છે અને જીવનનો રાહ બદલવા પ્રેરે છે. અર્ચના રિસેપ્સનીસ્ટનો કોર્સ કરી એક ઈન્ટરનેશનલ કંપનીમાં નોકરી મેળવે છે.એના સુપરવાઈઝરને એ ગમી જતાં સમય જતાં બંને પરણી જાય છે. પતિની અમેરિકામાં બદલી થતાં બંને અમેરિકા જાય છે.

બીજી બાજુ વિવેક આરતીનો સંબંધ ગાઢ બનતાં બંને પરણી જાય છે. આરતીના પિતા વિમળભાઈને આરતી રાજકારણમાં ઝંપલાવવા પ્રેરે છે. ચૂંટણીમાં જીતી જતાં એ ગૃહપ્રધાન બને છે. આદર્શવાદી અને પ્રામાણિક નેતા હોવાથી ખટપટિયા રાજકારણનો ભોગ બને છે. પોતાની સંડોવણી છૂપાવવા ચિફ મિનિસ્ટિર આરતીને એથિક સમિતિના ચેર પરસન બનાવે છે. આદર્શવાદી પિતાને પગલે ચાલતી આરતીનું પણ ખૂન થાય છે. હતાશ થયેલા વિવેકના જીવનમાં બિના આવે છે. બિના આત્મીય બની વિવેકનું દુઃખ દૂર કરે છે અને એનું દિલ જીતી લે છે. બંને પરણી જાય છે. પત્નીને ભૂલવા વિવેક દેશ છોડી અમેરિકા આવે છે. અહીં અર્ચના અને રોહિતના કુટુંબને અચાનક મળી જતાં બે કુટુંબ વચ્ચે મૈત્રી ગાઢ બને છે. વિવેકને અકસ્માત થતાં એક મિત્ર તરીકે અર્ચના ખડેપગે સેવા કરે છે. એ વખતે અર્ચના એ વંદના હોવાનું ગૂઢ રહસ્ય ખૂલે છે અને નવલકથાનો અંત આવે છે. પ્રો. ભૂપેન્દ્ર મિસ્ત્રી આ નવલ વિષે લખે છેઃ

"નવલકથામાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સુભગ સમન્વય થયેલો છે. બન્ને સંસ્કૃતિ અને બન્ને સમાજમાં કંઈક સારું છે તો કંઈક ખરાબ પણ છે એનું દર્શન લેખકે વસ્તુ અને પાત્રો થકી કલાત્મક રીતે કરાવ્યું છે. ભાષા અને સંવિધાનની ચોટદાર લાઘવયુકત રીતિ પણ આખી નવલકથાની ઇમારતને રમણીય રીતે કંડારે છે...અહીં આસ્વાદ્ય કથારસની નિષ્પત્તિમાં કેટલીક

ઉકિતઓ કાર્યક્ષમ અને કયારેક સુવર્ણસૂત્ર બને છે જેનાં દષ્ટાન્તો ઠેર ઠેર પથરાયેલાં છે. જીવનની કરુણતા અને લાચારી માર્મિક શબ્દોમાં લેખક આલેખે છે. લેખક સાચે જ એક સારા સર્જક છે એટલે પાત્રો તથા પરિસ્થિતિનું સરસ નિરૂપણ કરે છે. સમગ્રતાએ જોતાં, જીવનસૃષ્ટિના આલંબને આ સર્જક જીવનનું, સમાજનું, રાજકીય વાતાવરણનું અને પ્રકૃતિનું અર્થઘટન કે આદર્શીકરણ કરવા મથે છે અને એમાં પાત્રો અને પરિસ્થિતિના સમન્વય મારફત સિધ્ધિ મેળવે છે એ જ આ કૃતિની સફળતા છે.”

શ્રી ગજ્જરનું પ્રદાન ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર રહ્યું છે. નવલકથા ક્ષેત્રે ‘ફૂલડે ફૂલડે ફોરમ’ નવલકથાથી પ્રારંભ કરી ‘અંતસ્તલ’, ‘સ્નેહ શૂન્ય સરવાળા, ‘પથ્થર થર થર ધ્રૂજે’ જેવી નામાંકિત નવલકથાઓ અને ‘તુલસીનો છોડ’ વાર્તા સંગ્રહ આપેલ છે. લગભગ ત્રણસો જેટલી એમની નવલિકાઓ ગુજરાતી ભાષાનાં નામાંકિત સામયિકો અને વર્તમાનપત્રોમાં પ્રગટ થઈ છે તો કેટલીક વાર્તાઓ આકાશવાણી પર પ્રસારિત થયેલ છે. એમની નવલકથા ‘પથ્થર થર થર ધ્રૂજે’ પરથી એ જ નામની ટીવી સીરિયલ બની છે, જે ટૂંક સમયમાં ટીવી પર રજૂ થશે. એમની નવી નવલકથા ‘આંધીનો ઉજાસ’ અને વાર્તા સંગ્રહ ‘પ્રેમદીવાની’ ટૂંક સમયમાં પ્રાકાશિત થશે.

તેઓ પાંત્રીસ વર્ષથી કેનેડામાં છે. અહીં આવ્યા પહેલાં તેઓ પ્રોફેસર હતા. અહીં આવી વેપાર ક્ષેત્રે ઝંપલાવતાં સફળ થતાં સંસ્કારી અને સફળ સજ્જન તરીકે કેનેડિયન સમાજમાં ભારે પ્રતિષ્ઠા પામ્યા. ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિરૂપે સમાજ, રાજ્ય અને દેશે સ્વીકારી એમની નિસ્વાર્થ સેવાઓની કદર કરી રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના અનેક એવોર્ડ અર્પણ કર્યા. જેમાં ‘ધ સાઈટેશન ફોર સિટિઝિનશિપ’ અને ‘ધ કેનેડા વોલન્ટિયર એવોર્ડ’ એ બે રાષ્ટ્રિય એવોર્ડ ઉપરાંત ભારતના પદ્મશ્રી સમકક્ષ કેનેડાનો ઉત્તમ રાષ્ટ્રિય ચન્દ્રક ‘ઓર્ડર ઓફ કેનેડા’ ગવર્નર જનરલે અર્પણ કર્યો હતો. વળી તાજેતરમાં ‘ધ કવીન્સ ગોલ્ડન જ્યુબિલી મેડલ’ પણ ગવર્નર જનરલે અર્પણ કર્યો હતો.

ગુજરાતી ભાષાનું ગૌરવ વધારતા એમના વકતવ્યને માણીને શ્રોતાઓએ ખરેખર પ્રસન્નતા અનુભવી હતી. આ વિશિષ્ટ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાને સ્થાન આપવા અને પોતાને નિમંત્રણ આપવા બદલ જય ગજ્જરે આયોજકોનો અને શ્રોતાઓનો આભાર માન્યો હતો.

૨૫-૯-૨૦૦૫ (‘ઓળખ’ના સૌજન્યથી)